

(પરમકૃપાળુદેવને સાક્ષાત્ મળેલા મુમુક્ષુઓએ જણાવેલ)

શ્રીમદ્ રાજચંદ્ર

# પ્રેરક પ્રસંગો

(સચિત્ર)


સંયોજક

**પારસભાઈ જૈન**



પ્રકાશક

**શ્રીમદ્ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણિયા**

## આ ગ્રંથ પ્રકાશનમાં ભાગ લેનાર દાતાઓની યાદી

''તત્ત્વાર્થની પ્રરૂપણા કરનાર શાસ્ત્રોનો પોતે અભ્યાસ કરો, કરાવો અને આત્મ-કલ્યાણને અર્થે તેવાં શાસ્ત્રોનું દાન કરો. પોતાના સંતાનોને જ્ઞાનદાન દો. અન્ય ધર્મબુદ્ધિવાળા, રુચિવાળા, શુભેચ્છા સંપન્ન હોય તેમને શાસ્ત્રનું દાન કરો. જ્ઞાન પ્રત્યે પ્રેમ જેમને જાગ્યો છે તે સજ્જનો જ્ઞાનદાન માટે પાઠશાળાઓ સ્થાપે છે. કારણ કે ધર્મનો સ્તંભ જ્ઞાન છે. જ્યાં જ્ઞાન હશે ત્યાં ધર્મ રહેશે; તેથી જ્ઞાનદાનમાં પ્રવૃત્તિ કરો. જ્ઞાનદાનના પ્રભાવથી નિર્મળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.''

—સમાધિસોપાન (પૃ.૩૦૨)

| | | |
|---|---|---|
| ૧,૨૫,૦૦૦/- | શ્રી રમણભાઈ ભુલાભાઈ અને શ્રી મંજુબેન રમણભાઈ તથા શ્રી પ્રમોદભાઈ રમણભાઈ અને શ્રી રોશનીબેન પ્રમોદભાઈ તથા જીનાલી અને આજ્ઞા | આસ્તા |
| ૫૧,૦૦૦/- | શ્રી પ્રભાબેન અને શ્રી અરવિંદભાઈ મોહનભાઈ પટેલ | પૂણા |
| ૫૦,૦૦૦/- | શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળ | સેનફ્રાન્સિસકો, યુ.એસ.એ. |
| ૨૫,૦૦૧/- | શ્રી ભીખાભાઈ ગોકળભાઈ પટેલ | વછરવાડ |
| ૨૧,૦૪૨/- | શ્રી લતાબેન અને શ્રી ઈશ્વરભાઈ લલ્લુભાઈ પટેલ હસ્તે શ્રી અમીષાબેન કમલેશભાઈ પટેલ | ગોજી |
| ૧૨,૬૪૨/- | શ્રી જાગૃતિબેન અને શ્રી દિલેશભાઈ નગીનભાઈ પટેલ | કોઠમડી |
| ૫,૦૦૧/- | શ્રી ભાવનાબેન પારસભાઈ જૈન | અગાસ આશ્રમ |
| ૫,૦૦૧/- | શ્રી કોકીલાબેન પ્રવીણભાઈ મોદી | અગાસ આશ્રમ |
| ૪,૨૪૨/- | શ્રી રુખીબેન અને શ્રી રામભાઈ પટેલ | આફવા |
| ૪,૨૪૨/- | શ્રી તારાબેન અને શ્રી બાબુભાઈ મકનભાઈ પટેલ | ધામણ |
| ૪,૨૪૨/- | શ્રી કુણાલભાઈ દિપકભાઈ શાહ | અમદાવાદ |
| ૨,૧૪૨/- | શ્રી ગોકળભાઈ કાળાભાઈ પટેલ | આસ્તા |
| ૨,૧૪૨/- | શ્રી ઉષાબેન અને શ્રી હસુભાઈ માધવભાઈ પટેલ | બારડોલી |


પ્રાપ્તિસ્થાન

| | | |
|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>શ્રીમદ્ રાજચંદ્ર માર્ગ<br>આર.બી.મેતા રોડ,<br>ઘાટકોપર (ઈસ્ટ)<br>મુંબઈ—૪૦૦ ૦૭૭ | : પ્રકાશક :<br>પ્રમુખ, શ્રી ભરતભાઈ મ. મોદી<br>શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન<br>વવાણિયા-૩૬૩ ૬૬૦<br>તાલુકા-માળીયા મિંયાણા,<br>જિલ્લો-રાજકોટ | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>આકાશવાણી રોડ,<br>રાજકોટ<br>(ગુજરાત)<br>પીનકોડ ૩૬૦ ૦૦૧ |

દ્વિતીયાવૃત્તિ, પ્રત ૩૦૦૦, ઇસ્વી સન્ ૨૦૦૮



કૉપીરાઈટ રિઝર્વ્ડ



વેચાણ કિંમત રૂા. ૨૦/-

## પ્રથમાવૃત્તિનું નિવેદન

આ ગ્રંથમાં શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના બોધદાયક પ્રેરક પ્રસંગો છે.

આ પ્રસંગો પરમકૃપાળુદેવને સાક્ષાત્ મળેલા મુમુક્ષુ ભાઈઓ દ્વારા લખાવેલ કે સ્વયં લખેલ ઘટનાઓની નોંધ છે. આ વાસ્તવિક ઘટનાઓ હોવાથી પરમકૃપાળુદેવની અદ્ભુત અંતર આત્મદશાની ઓળખાણ કરાવે છે. એ અંતર આત્મદશા પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ ઉપજાવે છે અને તેમના પ્રત્યે શ્રદ્ધાનું બળવાન કારણ બને છે.

પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી કહે છે કે—આ ભવમાં એક પરમકૃપાળુદેવની શ્રદ્ધા કરી લો. ગમે તેમ કરીને પણ શ્રદ્ધા કરી લો, શ્રદ્ધા એ સમકિત છે. એ વ્યવહાર સમકિત તે નિશ્ચય સમકિત એટલે આત્મ-અનુભવનું કારણ થાય છે. અને આત્મઅનુભવ જીવને કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે. માટે આ ભવમાં સૌથી પ્રથમ સમકિત કરવા યોગ્ય છે.

**''સમકિત નવી લહ્યું રે, એ તો રુલ્યો ચતુર્ગતિ માંહે.''**

સમકિત એટલે શ્રદ્ધા વગરનું ગમે તેટલું જ્ઞાન કે ચારિત્ર જીવને મોક્ષ આપનાર નથી. માટે પરમકૃપાળુદેવના સર્વ પ્રેરક પ્રસંગોને એકત્રિત કરી અત્રે આપવામાં આવ્યા છે. જેથી પરમકૃપાળુદેવની સમગ્ર આત્મચર્યાનો સંપૂર્ણ ખ્યાલ મુમુક્ષુને આવી શકે અને તેમના પ્રત્યે ભક્તિ પ્રગટે.

**''ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાનશૂન્ય જ છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૬૩)

માટે આ ગ્રંથમાં ઈડરથી મળેલા પરમકૃપાળુદેવના પ્રસંગો, વવાણિયાથી પ્રકાશિત 'આપ્તપુરુષોની જીવનરેખા'ના પ્રસંગો, બ્ર.શ્રી મોહનભાઈની નોટમાં લખેલા પ્રસંગો, શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી તથા શતાબ્દી સ્મારક ગ્રંથમાંના પ્રસંગો, જીવનકળામાંના પ્રસંગો અને 'સત્સંગ સંજીવની'માંના પ્રસંગો; એ સર્વને એકત્રિત કરી અત્રે આપવામાં આવ્યા છે.

આ સર્વ પ્રસંગોના ફકરાઓનો આશય સરળતાથી સમજાય અને નવીન નવીન ભાવ જાણવાની ઉત્સુકતા બની રહે, તે માટે દરેક ફકરાની ઉપર તેના મથાળારૂપે શીર્ષક આપવામાં આવેલ છે. તથા આ ગ્રંથમાં કુલ ૫૬ રંગીન અને શેપીયા કલરના ચિત્રો છે. જેમાં પરમકૃપાળુદેવની સર્વ મુદ્રાઓ, પ્રસંગને અનુરૂપ રંગીન ચિત્રો તથા પરમકૃપાળુદેવને મળેલા મુમુક્ષુઓના રંગીન તથા શેપીયા કલરના ફોટાઓ પણ આમાં મુકવામાં આવેલ છે.

આ સર્વ પ્રસંગોનો યથાવત્ ભાવ છપાવવા પ્રયત્ન કર્યો છે. છતાં ક્યાંય ભાવ જાણવામાં મુમુક્ષુને મુશ્કેલી પડે ત્યાં તે ભાવને સુધારીને મૂકવામાં આવેલ છે. પરમકૃપાળુદેવના આ સર્વ પ્રસંગો મુમુક્ષુઓને અદ્ભુત પ્રેરણા આપી શ્રદ્ધાનું પ્રબળ કારણ બનો તથા પરમકૃપાળુદેવ પ્રત્યે પરમપ્રેમ પ્રગટો એવી શુભેચ્છા સહ વિરમું છું.

—આત્માર્થ ઇચ્છક પારસભાઈ જૈન

# અનુક્રમણિકા


| નંબર | પ્રસંગ | ગામ | પૃ.નં. | નંબર | પ્રસંગ | ગામ | પૃ.નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રત્નકુક્ષી - મા દેવબાઈ | વવાણિયા | ૧ | ૪૭ | શ્રી વ્રજભાઈ ગંગાદાસ પટેલ | કાવિઠા | ૨૫૬ |
| ૨ | શ્રી પ્રાણજીવન જસરાજ દોશી | વવાણિયા | ૪ | ૪૮ | શ્રી કલ્યાણજીભાઈ મૂળજીભાઈ પટેલ | કાવિઠા | ૨૫૯ |
| ૩ | શ્રી પોપટભાઈ મનજીભાઈ દેસાઈ | વવાણિયા | ૯ | ૪૯ | શ્રી ઝવેરભાઈ શંભુદાસ | કાવિઠા | ૨૬૦ |
| ૪ | શ્રી જવલબાનાં સંસ્મરણો | વવાણિયા | ૧૯ | ૫૦ | શ્રી ઝવેરભાઈ ભગવાનભાઈ | કાવિઠા | ૨૬૧ |
| ૫ | શ્રી જગુભાઈ વ્હોરા | વવાણિયા | ૩૦ | ૫૧ | શ્રી રતનચંદભાઈ લાધાજી | કાવિઠા | ૨૬૫ |
| ૬ | શ્રી નકુભાઈ દોશી | વવાણિયા | ૩૦ | ૫૨ | શ્રી ધોરીભાઈ બાપુજીભાઈ | ભાદરણ | ૨૬૬ |
| ૭ | શ્રી મનસુખભાઈ રવજીભાઈ મેહતા | વવાણિયા | ૩૧ | ૫૩ | શ્રી માણેકબેન | કાવિઠા | ૨૬૯ |
| ૮ | શ્રી છગનભાઈ રાજચંદ્ર મેહતા | વવાણિયા | ૩૨ | ૫૪ | શ્રી જેઠાલાલ જમનાદાસ ભાવસાર | વસો | ૨૬૯ |
| ૯ | શ્રી દામજીભાઈ | વવાણિયા | ૩૪ | ૫૫ | શ્રી ભાઈલાલ જગજીવનદાસ | વસો | ૨૭૭ |
| ૧૦ | શ્રી ચત્રભુજ બેચર | જેતપુર | ૩૫ | ૫૬ | શ્રી મોતીલાલ ભાવસાર | નડિયાદ | ૨૮૧ |
| ૧૧ | શ્રી ધારશીભાઈ કુશલચંદ | મોરબી | ૪૧ | ૫૭ | શ્રી મંગૂબેન | નડિયાદ | ૨૯૧ |
| ૧૨ | શ્રી વિનયચંદ પોપટભાઈ દફતરી | મોરબી | ૫૧ | ૫૮ | શ્રી સુખલાલભાઈ જયમલ | સાણંદ | ૨૯૩ |
| ૧૩ | શ્રી મનસુખભાઈ કિરતચંદ મેહતા | મોરબી | ૫૫ | ૫૯ | શ્રી હીરાલાલ નરોત્તમદાસ | અમદાવાદ | ૨૯૭ |
| ૧૪ | શ્રી રેવાશંકરભાઈ જગજીવનદાસ | મોરબી | ૭૩ | ૬૦ | શ્રી પોપટભાઈ મહોકમચંદ | અમદાવાદ | ૩૦૩ |
| ૧૫ | શ્રી છોટાલાલ રેવાશંકર અંજારીયા | મોરબી | ૭૬ | ૬૧ | શ્રી સોમચંદ મહાસુખરામ | અમદાવાદ | ૩૧૨ |
| ૧૬ | શ્રી જગજીવનદાસ | મોરબી | ૭૭ | ૬૨ | શ્રી જેસંગભાઈ ઉજમસીભાઈ | અમદાવાદ | ૩૨૨ |
| ૧૭ | શ્રી મલુકચંદભાઈ | મોરબી | ૭૯ | ૬૩ | શ્રી ગોપાલદાસ તથા નગીનભાઈ | અમદાવાદ | ૩૨૮ |
| ૧૮ | શ્રી જૂઠાભાઈ ઉજમશીભાઈ | અમદાવાદ | ૮૦ | ૬૪ | શ્રી નગીનદાસ ધર્મચંદ | અમદાવાદ | ૩૩૦ |
| ૧૯ | શ્રી સોભાગભાઈ લલ્લુભાઈ | સાયલા | ૮૨ | ૬૫ | શ્રી હરકોરબેન | અમદાવાદ | ૩૩૧ |
| ૨૦ | શ્રી અંબાલાલભાઈ લાલચંદ | ખંભાત | ૮૬ | ૬૬ | શ્રી ઠાકરશીભાઈ લહેરચંદ | લીંબડી | ૩૩૧ |
| ૨૧ | શ્રીમદ્ અને લઘુરાજ સ્વામી | આશ્રમ | ૮૯ | ૬૭ | શ્રી છગનભાઈ નાનજીભાઈ | લીંબડી | ૩૩૯ |
| ૨૨ | શ્રી શ્રીમદ્ અને ગાંધીજી | પોરબંદર | ૧૩૫ | ૬૮ | શ્રી મનસુખભાઈ દેવસીભાઈ | લીંબડી | ૩૫૭ |
| ૨૩ | શ્રી પદમસીભાઈ ઠાકરશીભાઈ | બેરાજા | ૧૪૪ | ૬૯ | શ્રી ખીમચંદભાઈ લખમીચંદ | લીંબડી | ૩૬૨ |
| ૨૪ | શ્રી નાનચંદભાઈ ભગવાનભાઈ | પૂના | ૧૬૦ | ૭૦ | શ્રી હિમ્મતભાઈ ધ્રુવ | લીંબડી | ૩૬૪ |
| ૨૫ | શ્રી મણિલાલ સોભાગભાઈ | સાયલા | ૧૬૩ | ૭૧ | શ્રી મણિલાલ રાયચંદ ગાંધી | બોટાદ | ૩૬૫ |
| ૨૬ | શ્રી મોતીચંદ ગિરધરભાઈ કાપડિયા | મુબંઈ | ૧૬૬ | ૭૨ | શ્રી રાયચંદ રતનચંદ ગાંધી | બોટાદ | ૩૭૨ |
| ૨૭ | શ્રી પંડિત લાલન | મુંબઈ | ૧૬૭ | ૭૩ | શ્રી હેમચંદભાઈ છગનલાલ માસ્તર | ઈડર | ૩૭૪ |
| ૨૮ | શ્રી મુંબઈમાં બનેલ પ્રસંગો | મુંબઈ | ૧૭૩ | ૭૪ | શ્રી ભગુભાઈ | ગોધાવી | ૩૮૫ |
| ૨૯ | શ્રી રણછોડભાઈ ધારશીભાઈ | ધરમપુર | ૧૭૭ | ૭૫ | શ્રી પૂંજાભાઈ સોમેશ્વર ભટ્ટ | ખેડા | ૩૮૯ |
| ૩૦ | શ્રી વડવાના સંસ્મરણો | વડવા | ૧૮૧ | ૭૬ | શ્રી મંગળદાસભાઈ | ભરૂચ | ૩૯૧ |
| ૩૧ | શ્રી ત્રિભુવનભાઈ માણેકચંદ | ખંભાત | ૧૮૨ | ૭૭ | શ્રી સુખલાલ છગનલાલ સંઘવી | વીરમગામ | ૩૯૧ |
| ૩૨ | શ્રી છોટાલાલ માણેકચંદ | ખંભાત | ૧૯૬ | ૭૮ | શ્રી ભગવાનભાઈ રણછોડભાઈ | ધરમપુર | ૩૯૨ |
| ૩૩ | શ્રી કીલાભાઈ ગુલાબચંદ | ખંભાત | ૨૦૧ | ૭૯ | શ્રી આત્મારામજી મહારાજ | | ૩૯૩ |
| ૩૪ | શ્રી પોપટલાલ ગુલાબચંદ | ખંભાત | ૨૦૬ | ૮૦ | શ્રી ડૉ. કાપડીયા સાહેબ | | ૩૯૪ |
| ૩૫ | શ્રી નગીનભાઈ ગુલાબચંદ | ખંભાત | ૨૧૦ | ૮૧ | શ્રી મફાભાઈ | કલ્લોલ | ૩૯૪ |
| ૩૬ | શ્રી ગાંડાભાઈ ભાઈજીભાઈ | ખંભાત | ૨૧૩ | ૮૨ | શ્રી દિવાળીબેન | ધનારા | ૩૯૫ |
| ૩૭ | શ્રી ગાંડાભાઈ ભાઈચંદ | ખંભાત | ૨૨૬ | ૮૩ | શ્રી જલુબેન કીલાભાઈ | ખંભાત | ૩૯૫ |
| ૩૮ | શ્રી છોટાલાલ છગનલાલ | ખંભાત | ૨૨૮ | ૮૪ | શ્રી અનુપચંદભાઈ મલુકચંદ | ભરૂચ | ૩૯૬ |
| ૩૯ | શ્રી છોટાલાલ કુશળચંદ | ખંભાત | ૨૩૧ | ૮૫ | છૂટક પ્રસંગો | | ૩૯૬ |
| ૪૦ | શ્રી છોટાલાલ વર્ધમાન શાહ | ખંભાત | ૨૩૩ | ૮૬ | શ્રી લઘુરાજસ્વામી કૃત પ્રશસ્તિ | | ૩૯૯ |
| ૪૧ | શ્રી લલ્લુભાઈ ઝવેરચંદ | ખંભાત | ૨૩૩ | ૮૭ | શ્રી યાચના (કાવ્ય) | | ૪૦૦ |
| ૪૨ | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ખંભાત | ૨૩૭ | ૮૮ | શ્રી વવાણિયા જન્મભૂમિ મહિમા | | ૪૦૧ |
| ૪૩ | શ્રી મુનદાસ પ્રભુદાસ | સુણાવ | ૨૩૭ | ૮૯ | શ્રી જાતિસ્મરણજ્ઞાનની ઉત્પત્તિ | | ૪૦૨ |
| ૪૪ | શ્રી કાવિઠાના સંસ્મરણો | કાવિઠા | ૨૩૯ | ૯૦ | શ્રી અંતર્લાપિકા સસક (કાવ્ય) | | ૪૦૩ |
| ૪૫ | શ્રી કસ્તુરચંદ મણિલાલ શાહ | કાવિઠા | ૨૪૨ | ૯૧ | શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું અંતિમ કાવ્ય | | ૪૦૪ |
| ૪૬ | શ્રી શંકરભાઈ અજુભાઈ ભગત | કાવિઠા | ૨૪૭ | | | | |



## ધર્મમૂર્તિ

# શ્રીમદ્ રાજચંદ્ર

"જીવ્યા જીવન રાજચંદ્ર ભગવાન જો,
અશરીરી ભાવે દુષમ આ કળિકાળમાંઝરે લો;
રહે ન જેને દેહધારી રૂપ ભાન જો,
અવિષમ ઉપયોગી એ ગુરુ રહો ખ્યાલમાંઝરે લો."

આ કાળમાં સર્વ દર્શનનું સ્વરૂપ તલસ્પર્શીપણે વિચારી સત્ય ધર્મ જેણે પ્રગટ કર્યો, યથાર્થ આત્મભાવે જીવ્યા એવા પ્રાતઃસ્મરણીય ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રનું ટૂંકું જીવન અત્રે આપીએ છીએ.

### જન્મ

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સંવત ૧૯૨૪ની દેવદિવાળીને દિવસે કાર્તિક સુદ ૧૫, રવિવારે કાઠિયાવાડના વવાણિયા ગામમાં થયો હતો. કોઈ સંતે તેમના પિતાને આગળથી જણાવેલું કે જગત વિખ્યાત પુત્રનો જન્મ તમારે ત્યાં થશે. તેમના પિતાનું નામ શ્રી રવજીભાઈ પંચાણભાઈ મહેતા અને માતાનું નામ શ્રી દેવબાઈ હતું. તેમના નાના ભાઈનું નામ મનસુખભાઈ હતું. તેમને ચાર બહેનો હતી. તેમનું બાળપણનું નામ લક્ષ્મીચંદ કે અભેચંદ હતું. પરંતુ પોતે જ ત્રણ ચાર વર્ષના થયા ત્યારથી પોતાનું નામ રાયચંદ રખાવ્યું હતું.

### મરણ એટલે શું?

શ્રીમદ્ જ્યારે સાત વર્ષના હતા ત્યારે તેમની સાથે પ્રેમથી વર્તતા અમીચંદ નામે પાડોશીનું સર્પ કરડવાથી મરણ થયું. મરણની વાત પહેલવહેલી સાંભળી તેથી તે દાદાને પૂછવા લાગ્યા કે મરણ એટલે શું? તત્ત્વજ્ઞાનની ટોચે પહોંચનારનો તત્ત્વ વિષે આ પ્રથમ પ્રશ્ન છે. તેમના દાદાએ તો બાળકને સમજાય એવો સરળ ઉત્તર આપ્યો કે હવે તે ખાશે નહીં, પીશે નહીં, બોલશે નહીં. પણ તેટલાથી તેમને સંતોષ ન થયો અને તેમણે પૂછ્યું કે હવે તેમને શું કરશો? વૃદ્ધે કહ્યું કે બાળી મૂકશું. આ સાંભળી શ્રીમદ્‌ને એટલી નાની ઉંમરમાં પણ માનવામાં ન આવ્યું અને વિચારવા લાગ્યા કે માણસને તે બાળી મુકાય? છોકરાને પટાવવા કહેતા હશે એમ લાગ્યું. પણ કુતૂહલવૃત્તિ જાગી કે આપણે જોવું કે અમીચંદનું શું કરે છે? તેને કોઈ કાઢી ન મૂકે માટે બધાની પાછળ રહી સ્મશાન સુધી ગયા અને એક નાના બાવળના ઝાડ પર ચઢીને જોવા લાગ્યા. ચિતા ખડકી શબ મૂકી અગ્નિસંસ્કાર કર્યો. તે જોઈ તેમને અત્યંત ખેદ અને આશ્ચર્ય પ્રગટ્યાં કે જેમ કહેતા હતા તેમ અમીચંદને બાળી જ મૂક્યા.



## જાતિસ્મરણજ્ઞાન

સાત વર્ષની વયે તે ત્યાં જ અંતર્મુખ વૃત્તિ થતાં *જાતિ-સ્મરણજ્ઞાન પામ્યા અને પોતાના પૂર્વભવોના અનેક જન્મમરણ સ્પષ્ટ જોઈ શાંત થઈ ગયા. સ્મૃતિ પરનું આવરણ ટળતાં પૂર્વભવના તત્ત્વવિચારો તાજા થયા. તેથી બાળરમતોને બદલે હવે કાવ્યો રચવા લાગ્યા. કયો ધર્મ સર્વોત્તમ છે તેના વિચાર કરવા લાગ્યા. કયાં પ્રમાણોથી આત્માનું, જગતનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે વગેરેના મહાન વિચારોમાં લઘુવયથી લીન રહેવા લાગ્યા.

બે ચાર વર્ષમાં ગામની નિશાળે ગુજરાતી અભ્યાસ પૂર્ણ કરી તે વખતના માસિકપત્રોમાં તેમના કાવ્યો છપાતાં. બુદ્ધિપ્રકાશ, ધર્મદર્પણ આદિ પત્રોમાં શૌર્ય, સુધારો, ધર્મ વગેરે વિષયો ઉપર તેમના કાવ્યો છપાયેલાં છે.

## ધર્મમંથનકાળ

તેરમાં વર્ષથી શ્રીમદ્‌ને, કયો ધર્મ પૂર્ણ સત્ય હશે એવો ધર્મમંથનકાળ પ્રાપ્ત થયો. તેથી એકાદ વર્ષમાં તેઓ મુખ્ય મુખ્ય ધર્મને તપાસી લઈ સર્વજ્ઞ-પ્રણીત વીતરાગ શાસન પૂર્ણ સત્ય છે, એવા નિર્ણય પર આવ્યા. તેઓ જે પુસ્તકનાં પાના ફેરવી જાય તે વાંચ્યા તુલ્ય થઈ જતું અને જે પુસ્તક વાંચી જાય તે કંઠસ્થ થઈ જતું. એકાદ વર્ષમાં જૈન આગમો તે જોઈ ગયેલા, પણ સાંભળ્યું છે કે સૂત્રકૃતાંગનું પારાયણ તો તેમણે બે હજાર વખત કરેલું.

## અવધાનની આશ્ચર્યકારક શક્તિ

મોરબી શહેરમાં તેમના સગાંને ત્યાં ગયેલા ત્યારે શાસ્ત્રી શંકરલાલે કરેલો અષ્ટાવધાનનો એક પ્રસંગ તેમના જોવામાં આવ્યો. બીજા બધા તે જોઈને માત્ર નવાઈ પામ્યા, પણ શ્રીમદ્‌ને લાગ્યું કે એ મોટી વાત નથી. તેમના મિત્રમંડળમાં તેમણે આઠ, બાર અને બાવન અવધાન કરી બતાવ્યા. તેથી બોટાદ આદિ બીજા શહેરોમાંથી તેમને તે અર્થે આમંત્રણ આવવા માંડ્યાં.

## મોક્ષમાળા સર્જન

સંવત ૧૯૪૧માં, ૧૬ વર્ષ અને ૫ માસની ઉંમરે તેમણે 'મોક્ષમાળા' માત્ર ત્રણ દિવસમાં રચી ત્યારે તેઓ અપૂર્વ વૈરાગ્યમાં ઝીલતા હતા.

એક વખતે વાતચીતમાં શ્રીમદે જણાવેલું કે 'મોક્ષમાળા' રચી તે વખતે અમારો વૈરાગ્ય, 'યોગવાસિષ્ઠ'ના વૈરાગ્ય પ્રકરણમાં શ્રી રામચંદ્રજીનો વૈરાગ્ય વર્ણવેલો છે તેવો હતો અને તમામ જૈન-આગમો સવા વર્ષની અંદર અમે અવલોકન કર્યાં હતા. તે વખતે અદ્‌ભુત વૈરાગ્ય વર્તતો હતો. તે એટલા સુધી કે અમે ખાધું છે કે નહીં તેની અમને સ્મૃતિ રહેતી નહીં.

## જ્યોતિષજ્ઞાન

લોકોમાં પ્રસિદ્ધ થયા છતાં તેમના પિતાને તો કમાય નહીં ત્યાં સુધી એકલી કીર્તિનું શું કામ છે એમ

* કોઈ પ્રસંગે કલ્યાણજીભાઈને કહેલું કે, અમને નવસો ભવનું જાતિ સ્મરણજ્ઞાન હતું.



લાગતું. તે જાણી મુંબઈ જવાનો વિચાર કર્યો. મુંબઈ જતાં પહેલાં જેતપુરના પંચોળી નામના પ્રખ્યાત જોષીને મળ્યા. તેમણે મુંબઈમાં કીર્તિ થશે, ધન મળશે આદિ બાબતોનું ભવિષ્ય ભાખ્યું. તેમાંથી એક સિવાય બધું ખરું પડ્યું.

તેથી તેની ભૂલ જાણવા ટૂંક સમયમાં મુંબઈમાં જ્યોતિષનો અભ્યાસ કર્યો અને હિંદુસ્તાનના જોષીઓમાં જે દુર્ગમ્ય વિષય ગણાતો હતો તે પણ તેમણે સાધ્ય કર્યો. જન્મતિથિ જાણ્યા વિના પણ તે જન્મકુંડળી કરતા. માત્ર કોઈનું કપાળ દેખીને તેનો જન્મદિવસ જાણી જતા. દિવસે દિવસે આત્માની નિર્મળતા વધતી ગઈ તેમ તેમ શક્તિઓનો વિકાસ થવા લાગ્યો.

મુંબઈમાં હાઈકોર્ટના જજના પ્રમુખપણા નીચે ગંજાવર સભા ભરાઈ હતી. ત્યાં સો અવધાનનો પ્રયોગ કરી બધા પ્રેક્ષકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. બધાં હિંદના છાપાંમાં વિવિધ ભાષામાં તેનાં વર્ણન અને પ્રશંસા પ્રગટ થયાં. જજે તેમને વિલાયત જઈ, આવા પ્રયોગો દર્શાવવાથી ધન અને કીર્તિનો લાભ થશે એમ જણાવ્યું, પણ ધર્મને બાધ કરનાર અનાર્ય વાતાવરણમાં જવાની તેમણે ના પાડી.

## ગૃહસ્થાશ્રમ પ્રવેશ

વિ. સં. ૧૯૪૪ મહા સુદ ૧૨ના રોજ ૨૦ વર્ષની વયે શ્રીમદ્‌ના શુભ વિવાહ ઝવેરી રેવાશંકર જગજીવનદાસ મહેતાના મોટાભાઈ પોપટલાલની મહાભાગ્યશાળી પુત્રી ઝબકબાઈ સાથે થયા. તેમને છગનલાલ અને રતિલાલ નામે બે પુત્રો અને જવલબહેન અને કાશીબહેન નામે બે પુત્રીઓ હતી. શ્રીમદ્ જી ગૃહવાસમાં રહેવા છતાં પણ અત્યંત ઉદાસીન હતા.

સંવત ૧૯૪૭ કારતક સુદ ૧૨ના પત્રમાં સ્વયં લખે છે- **''નિઃસંદેહસ્વરૂપ જ્ઞાનાવતાર છે અને વ્યવહારમાં બેઠા છતાં વીતરાગ છે.''** (પત્રાંક ૧૬૭)

## વ્યવસાયમાં પણ આત્મલક્ષ જાગૃત

શ્રીમદ્‌જી ૨૧ વર્ષની વયે વવાણિયાથી મુંબઈ આવ્યા અને શેઠ રેવાશંકર જગજીવનદાસની દુકાનમાં ભાગીદારીમાં ઝવેરાતનો વેપાર કરવા લાગ્યાં. વેપાર કરતાં છતાં પણ તેઓ આત્માનો લક્ષ ચૂકતા નહીં. વેપારમાં જેવો અવકાશ મળે કે તેઓ આત્મવિચારમાં લીન થઈ જતા અને વર્ષમાં બે-ચાર મહિના ઈડર, કાવિઠા, ખંભાત, વડવા, રાળજ, વસો, નડિયાદ કે ઉત્તરસંડા જેવા ક્ષેત્રમાં નિવૃત્તિ અર્થે જતા. તેમનામાં જ્ઞાનયોગ અને કર્મયોગ બન્નેનો યથાર્થ સમન્વય હતો.

સંવત ૧૯૪૭ના ફાગણ સુદ ૫ના પત્રમાં તેઓ લખે છે :—

**''આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીનભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે.''** (પત્રાંક ૨૧૪) સંવત ૧૯૪૯માં મુંબઈમાં શ્રી દેવકરણજી મુનિને કહે છે :—

**''અમે હીરામાણેકને કાળકૂટ વિષ દેખીએ છીએ.''**

## શ્રીમદ્ વિષે મહાત્મા ગાંધીજીના ઉદ્‌ગાર

મહાત્મા ગાંધીજી તેમના સંબંધમાં 'આત્મકથા'માં લખે છે :-

''જે વૈરાગ્ય એ 'અપૂર્વ અવસર'ની કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ



પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો....

ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું....

આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી....

ઘણી વાર કહીને લખી ગયો છું કે મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે. પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી (શ્રીમદ્)ના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું.....ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું તેમની પાસેથી મેં કૂંડા ભરીને પાન કર્યું છે.....

તેમના લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું.....

તેમના લખાણોમાં સત્ નીતરી રહ્યું છે એવો મને હંમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારુ એક અક્ષર પણ લખ્યો નથી. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે, તેને શ્રીમદ્‌ના લખાણોમાંથી બહુ મળી રહેશે એવો મને વિશ્વાસ છે. પછી ભલે તે હિન્દુ હો કે અન્યધર્મી.''

-(રાયચંદભાઈના કેટલાક સંસ્મરણો)

## આત્મસિદ્ધિશાસ્ત્ર સર્જન

સંવત ૧૯૫૨ના ચૈત્ર સુદ ૧૩ના અંગત પત્રમાં તેઓ લખે છે :-

**''વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.''** (પત્રાંક ૬૮૦)

સંવત ૧૯૫૨ના આસો વદ એકમના દિવસે તેઓએ આ કાળના જીવો પર નિષ્કારણ કરુણા કરી ચૌદ પૂર્વના સાર રૂપ આત્મસિદ્ધિ રચી. પૂ.શ્રી બ્રહ્મચારીજી ચૈત્ર સુદ ૧૩ના અંગત પત્ર અને આત્મસિદ્ધિ અંગે લખે છે કે,

''આ પત્ર ચૈત્ર મહિને લખ્યો, પછી આસો મહિને આત્મસિદ્ધિ લખી છે. કેવી દશા પામીને આત્મસિદ્ધિ લખી છે તે આ પત્ર પરથી જણાય છે. અખંડ સ્વરૂપમાં રમણતા એટલી બધી થયા પછી આત્મસિદ્ધિ લખી છે. એથી એમાં મહાવીરનાં જ વચન છે. સહજ સ્વભાવે આત્મસિદ્ધિમાં કહેલું છે. ઠેઠ સુધી કામ આવે એવી છે. બધાથી મુકાવી આત્મા પર લાવી મૂકે એવી આત્મસિદ્ધિ છે. આ પત્ર સાથે આત્મસિદ્ધિને સંબંધ છે.''

''આત્મસિદ્ધિમાં બધા શાસ્ત્રોનો સાર છે. અપૂર્વ ગ્રંથ છે. આ કાળમાં પરમાત્મદશા પામીને કૃપાળુદેવે આ ગ્રંથ રચ્યો છે એમાં છ દર્શનનો સમાવેશ છે.''



## સ્વયં પ્રકાશેલ અંતર્આત્મદશા

સં. ૧૯૫૪માં ખેડા સ્થિતિ દરમ્યાન કૃપાનાથ પોતે પોતાને કહે છે :- ''અડતાલીસની સાલમાં (સંવત ૧૯૪૮) રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્ભુત યોગીંદ્ર પરમ સમાધિમાં રહેતા હતા અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્ભુત યોગીંદ્ર પરમ શાંત બિરાજે છે. એવું પોતે પોતાની નગ્નભાવી, અલિંગી, નિઃસંગ દશા વર્ણવતા હતા.'' એમ શ્રી દેવકરણજી મુનિ શ્રી લઘુરાજ સ્વામીને પત્રમાં જણાવે છે.

સંવત ૧૯૫૭માં અમદાવાદમાં શ્રીમદે શ્રી દેવકરણજીને કહ્યું : **''સભામાં અમે સ્ત્રી અને લક્ષ્મી બન્ને ત્યાગ્યાં છે; અને સર્વસંગ-પરિત્યાગની આજ્ઞા માતુશ્રી આપશે એમ લાગે છે.''**

શ્રી દેવકરણજીએ પછી માતુશ્રીને કહ્યું, ''માતુશ્રી, હવે આપ આજ્ઞા આપો, જેથી કૃપાળુદેવ (શ્રીમદ્) સર્વવિરતિ ગ્રહણ કરે અને ઘણા જીવોનો ઉદ્ધાર કરે.''

માતુશ્રી બોલ્યા : ''મને બહુ મોહ છે, તેમના ઉપરનો મોહ મને છૂટતો નથી. તેમનું શરીર સારું થયા પછી હું સર્વવિરતિ ગ્રહણ કરવા રજા દઈશ.''

એક વાર શ્રી દેવકરણજીએ શ્રીમદ્‌ને પૂછ્યું : આ શરીર આવું એકદમ કેમ કૃશ થઈ ગયું?

શ્રીમદે ઉત્તર આપ્યો : ''અમે શરીરની સામે પડ્યા છીએ.''

કૃપાળુદેવને કોઈએ પૂછ્યુંતમારો દેહ કેમ સુકાઈ ગયો? કૃપાળુદેવે કહ્યું કે, અમારે બે બાગ છે. તેમાંથી એકમાં પાણી વધારે ગયું તેથી બીજો બાગ સુકાઈ ગયો.

આગાખાનને બંગલે શ્રી લલ્લુજી અને શ્રી દેવકરણજીને બોલાવી શ્રીમદે છેલ્લી સૂચના આપતાં જણાવ્યું : **''અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહીં.''**

અમદાવાદથી શ્રીમદ્‌નું વઢવાણ જવાનું થયું, ત્યાં ખંભાતના ભાઈ લલ્લુભાઈ તથા નગીનભાઈ દર્શને ગયેલાં. ત્યાંથી પાછા ખંભાત જતી વખતે સમાગમમાં શ્રીમદે કહ્યું કે, ''ફરી મળીએ કે ન મળીએ, સમાગમ થાય કે ન થાય, પણ અમારા પ્રત્યે અખંડ વિશ્વાસ રાખજો. અમારામાં ને શ્રી મહાવીરદેવમાં કંઈ પણ ફેર નથી. ફક્ત આ પહેરણનો ફેર છે.''

## 'પરમશ્રુત પ્રભાવક મંડળ'ની યોજના

વઢવાણ શ્રીમદ્ રહ્યા તે દરમ્યાન ''પરમશ્રુત પ્રભાવક મંડળ''ની યોજના શ્રીમદે શરૂ કરી હતી. સંવત ૧૯૫૬ના ભાદરવામાં એક પત્રમાં તેનો ઉલ્લેખ પોતે કર્યો છે : ''પરમ સત્શ્રુતના પ્રચારરૂપ એક યોજના ધારી છે તે પ્રચાર થઈ પરમાર્થમાર્ગ પ્રકાશ પામે તેમ થશે. 'પ્રજ્ઞાવબોધ' ભાગ 'મોક્ષમાળા'ના ૧૦૮ મણકા અત્રે લખાવશું.'' એક સારી રકમની ટીપ કરી તેમાંથી મહાન આચાર્યોના અપ્રસિદ્ધ ગ્રંથો પ્રસિદ્ધ કરાવી તત્ત્વવિચારણા માટે જનસમૂહને અનુકૂળતા મળે તેવા હેતુથી તે સંસ્થા સ્થપાઈ હતી.

હવાફેર માટે દરિયાકિનારે મુંબઈમાં માટુંગા, શિવ અને વલસાડ પાસે તિથલ વગેરે સ્થળોએ રહેવું થયું હતું. પછી વઢવાણ કેમ્પમાં લીંબડીના ઉતારામાં થોડો વખત રહેવાનું બન્યું હતું. ત્યાં વઢવાણમાં છેલ્લા પદ્માસન અને કાઉસગ્ગ મુદ્રાનાં બન્ને ચિત્રપટ (ફોટા) ભાઈ સુખલાલની માગણીથી પડાવ્યા હતા. પછીથી રાજકોટ રહેવાનું રાખ્યું હતું. ત્યાં ઘણા ખરા મુમુક્ષુઓ આવતા, પણ શરીર ઘણું અશક્ત હોવાને કારણે



દાક્તરોએ વાતચીત વિશેષ ન થાય તેવી તજવીજ રખાવી હતી. પત્રો લખાવવા પડે તો એક-બે લીટીના જ લખાવતા. રાજકોટના છેલ્લા પત્રો અત્રે આપ્યા છે :-

સંવત ૧૯૫૭, ફાગણ વદ ૧૩, સોમ

''ૐ શરીર સંબંધમાં બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો. જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.''

સંવત ૧૯૫૭, ચૈત્ર સુદ ૨, શુક્ર

**''ૐ અનંત શાંતિમૂર્તિ એવા ચંદ્રપ્રભ સ્વામીને નમોનમઃ''**

વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષ શોક શો? ૐ શાંતિઃ''

## 'હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું'

ભાઈ મનસુખભાઈએ શ્રીમદ્‌ની આખર સુધીની સ્થિતિ ટૂંકામાં એક પત્રમાં લખી છે તે આ પ્રમાણે છે :-

''મનદુઃખ! હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્રાત્માએ આડકતરી રીતે ચેતવ્યું, તથાપિ રાગને લઈને સમજી શક્યો નહીં. હવે સ્મરણ થાય છે કે તેઓએ મને અનેક વાર ચેતવણી આપી હતી. હું અજ્ઞાન, અંધ અને મૂર્ખ તેઓશ્રીની વાણી સમજી શકવાને અસમર્થ હતો. દેહ ત્યાગના આગલા દિવસે સાયંકાળે રેવાશંકરભાઈ, નરભેરામ, હું વગેરે ભાઈઓને કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો, આ આત્મા શાશ્વત છે, અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંત અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારાએ કહી શકવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરુષાર્થ કરશો.'

આવી સ્પષ્ટ ચેતવણી છતાં અમે રાગના કારણથી ચેતી શક્યા નહીં. અમે તો એમ બફમમાં રહ્યા કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે નિશ્ચિંત રહેજો, ભાઈનું સમાધિમૃત્યુ છે. ઉપાયો કરતાં શરદી ઓછી થઈ ગઈ. પોણા આઠ વાગ્યે સવારે દૂધ આપ્યું, તે તેઓએ લીધું.

તદ્દન સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા રહ્યાં હતાં. પોણા નવે કહ્યું : **'મનસુખ, દુઃખ ન પામતો; માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'** સાડા સાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ ઉપર ફેરવવા મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જણાય છે માટે ફેરફાર ન કરવો, ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર, એટલે મેં સમાધિસ્થભાવે સૂઈ શકાય એવી કોચ ઉપર વ્યવસ્થા કરી, જે ઉપર તે પવિત્ર દેહ અને આત્મા સમાધિસ્થ ભાવે છૂટા પડ્યા; લેશ માત્ર આત્મા છૂટો થયાનાં ચિહ્ન ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કૅમ્પમાં જે સ્થિતિમાં ઊભાં ઊભાં ચિત્રપટ પડાવેલ તે જ સ્થિતિમાં કૉચ ઉપર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી પ્રાણ છૂટા પડ્યા તો પણ કશું જણાયું નહોતું. એક કલાકે દૂધ પીધા પછી હંમેશાં દિશાએ જવું પડતું તેને બદલે આજે કાંઈ પણ નહીં. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ. આવા સમાધિસ્વભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો.....

પાંચ-છ દિવસ અગાઉ તેઓશ્રીએ કેટલાંક પદ લખાવેલાં તે પૂ. ધારશીભાઈ અને નવલચંદભાઈની



પાસે છે. પોતે તદ્દન વીતરાગ ભાવે પ્રવૃત્તિ કરેલી એટલે કોઈ પણ પ્રકારે તેઓશ્રીએ પોતાનું માની પ્રવૃત્તિ કરેલી નહીં, ઉદાસીનપણું જ યોગ્ય ધાર્યું હતું.

હવે આપણે કોનું અવલંબન રહ્યું? માત્ર તેઓશ્રીના વચનામૃતોનું અને તેમનાં સદ્ વર્તનનું અનુકરણ કરવું એ જ મહાન અવલંબન હું માનું છું.''

## અંતિમ સમયનું અદ્ભુત સ્વરૂપ

શ્રીમદ્‌ના દેહત્યાગ અવસરે ભાઈ નવલચંદભાઈ પણ હાજર હતા. શ્રી અંબાલાલભાઈ પરના પત્રમાં તેઓ જણાવે છે કે, ''નિર્વાણસમયની મૂર્તિ અનુપમ, ચૈતન્યવ્યાપી, શાંત, મનોહર ને જોતાં તૃપ્તિ ન થાય એવી શોભતી હતી. એમ આપણને ગુણાનુરાગીને તો લાગે, પણ જેઓ બીજા સંબંધે હાજર હતાં તેઓને પણ આશ્ચર્ય પમાડતી ને પૂજ્યભાવ ઉત્પન્ન કરતી જણાતી હતી. આ વખતના અદ્‌ભૂત સ્વરૂપનું વર્ણન કરવાને આત્મામાં જે ભાવ થાય છે તે લખી શકાતો નથી.''

સંવત ૧૯૫૭નાં ચૈત્ર વદ પાંચમને મંગળવારે બપોરે બે વાગતાં શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા ૩૩ વર્ષને ૫ માસની ઉંમરે આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિ પામ્યા. જે જે પુરુષોને જેટલા પ્રમાણમાં તે મહાત્માનું ઓળખાણ થયું હતું તેટલા પ્રમાણમાં તેમનો વિયોગ તેમને લાગ્યો હતો.

## અનેક શક્તિઓના ધારક જન્મજાત યોગી

શ્રીમદ્ રાજચંદ્ર જન્મયોગી હતા. બાલ્યવયથી તેમને અદ્‌ભૂત શક્તિઓ પ્રગટી હતી. તેમ છતાં શ્રીમદ્ માં એવો અદ્‌ભૂત સંયમ હતો કે તેઓ પોતાની શક્તિઓને સંપૂર્ણપણે અંતરમાં શમાવી શકતા. તેમનો પ્રતાપ એટલો બધો પડતો કે કોઈ તેમને તે વિષે પૂછવાની ભાગ્યે જ હિંમત કરી શકતું. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી તેમણે સર્વ ચમત્કારિક શક્તિઓને મૌનપણે શમાવી, આત્માનુભવને જ મહત્ત્વ આપ્યું. તેમાં તેઓ રાતદિવસ જાગૃત રહી પુરુષાર્થ કરતા. કુટુંબીઓ વગેરેને ઐહિક રીતે સંતોષી જગતનું ઋણ અદા કરતા.

તેમની મહત્તાને ઓળખી ન શકે તેને તેઓ સાદા ભલા માણસ તરીકે જણાતા. જેઓ તેમની મહત્તાને ઓળખતા તેઓ તેમની આગળ નમી પડતા, અને સ્વાત્માના ઉદ્ધાર માટે તેમનું શરણ સ્વીકારતા.

શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થ વેષે યોગી હતા, જ્ઞાની હતા, ભૂતભાવિને જાણી શકે એવી તેમની વિશાળ પ્રજ્ઞા હતી. દેહના પર્યાયની પાર એક આત્મા જોવાની તેમની જ્ઞાનદૃષ્ટિ હતી. તેમની બાહ્ય પ્રવૃત્તિ અને આભ્યંતર દશાનો ખ્યાલ મુખ્યપણે તેઓશ્રીએ શ્રી સોભાગભાઈ પર લખેલા પત્રોમાંથી મળી આવે છે.

## જ્ઞાનાવતાર યુગપ્રધાન પુરુષના કૃપાપાત્ર

આ જ્ઞાનાવતાર યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની કૃપાપ્રસાદીને પામી તેમણે દર્શાવેલ સનાતન વીતરાગ મોક્ષમાર્ગની ઉપાસના કરનાર અનેકાનેક સત્સાધકોમાંથી અત્યંત કૃતાર્થરૂપ બનેલા શ્રીમદ્ લઘુરાજ સ્વામી, શ્રી સોભાગભાઈ, શ્રી અંબાલાલભાઈ, શ્રી જૂઠાભાઈ એ ચાર મુમુક્ષુવર્ય મહાભાગ્ય સજ્જનો આત્મજ્ઞાનરૂપ અમોલો જ્ઞાનવારસો શ્રીમદ્ પાસેથી પામવા ભાગ્યવંત બન્યા હતા; તેમાં શ્રીમદ્ લઘુરાજ સ્વામી ૮૨ વર્ષ જેટલું લાંબુ આયુષ્ય ગાળવા ભાગ્યશાળી બન્યા તે મુમુક્ષુઓનાં અહોભાગ્ય!



શ્રીમદે લઘુરાજ સ્વામીને કહેલું—તમારે કોઈની પાસે જવું નહીં. બીજા તમારી પાસે આવશે. બહાર જોવા જશો તો વિક્ષેપનો પાર નથી; અંતરંગમાં જોશો તો પરમ શાંતિ અનુભવશો. દુષમ કાળ છે, માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ સિદ્ધિ પ્રગટશે, તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડા જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી. તેથી લઘુતા ધારી કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું કલ્યાણ તમારા દ્વારા થશે.

શ્રી લઘુરાજ સ્વામી અંગે શ્રીમદે ડૉકટર પ્રાણજીવનદાસને કહેલું કે, ''આ મુનિ ચોથા આરાના મુનિ સમાન છે. ચોથા આરાની વાનગી છે.''

પૂ.શ્રી બ્રહ્મચારીજી લખે છે—''મહાપુરુષનું જીવન આપણને નિર્મળ બનાવે છે. કૃપાળુદેવનું જીવન તો ઘણા જીવન ચરિત્રો જેવું છે. એક ભવમાં ઘણા ભવોનો સરવાળો થયેલો છે. ખરું જીવન તો એમના પત્રો છે. આ કાળમાં એવા ગંભીર ભાવો કોઈ લખી શક્યા નથી. એક એક પત્રમાં આખો મોક્ષમાર્ગ મૂકી દીધો છે. એ સમજાય તો આપણું જીવન ઉત્તમ થાય.''

''જેની પાસે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ છે તેને ઘેર સમજણનો ભંડાર છે.''

## પરમકૃપાળુદેવની ભક્તિથી જીવોનું કલ્યાણ

કૃપાળુદેવ સ્વાત્મવૃત્તાંત કાવ્યમાં લખે છે :-

**''યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે,**
**થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે.**
**ધન્ય રે દિવસ આ અહો !''**

તેમજ શ્રાવણ વદ ૧૪ ,સંવત ૧૯૪૮ના પત્રમાં લખે છે—

'' **'ઈશ્વરેચ્છા'**થી જે કોઈ પણ જીવનું કલ્યાણ **વર્તમાનમાં પણ થવું સર્જિત** હશે તે તો તેમ થશે અને તે બીજેથી નહીં પણ **અમથકી** એમ પણ અત્ર માનીએ છીએ.''

તેનો અર્થ પૂ.શ્રી બ્રહ્મચારીજી નીચે પ્રમાણે કરે છેઃ-

**''વર્તમાનમાં પણ સર્જિત**=દુષમકાળમાં પણ જ્ઞાનીની આજ્ઞા પામનાર ભાગ્યશાળી હશે તેનું કલ્યાણ **'અમ થકી'= પરમકૃપાળુદેવની ભક્તિ**થી થશે. કારણ કે આ કાળમાં તેટલી ઊંચી દશાવાળો પુરુષ તેમના જેવો પ્રાપ્ત થવો અસંભવ છેજી. પરમકૃપાળુદેવ આ કાળમાં અપવાદરૂપ છે. હજારો વર્ષે તેવા પુરુષો દેખાવ દે છે. ઘણાખરા મહાત્માઓ ગણાતાં પરમકૃપાળુદેવનાં જ્ઞાન અને વીતરાગપણાની સરખામણીમાં આવી શકે તેવા નથી.'' (પત્રસુધા પત્રાંક ૯૯૨)

પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

**''સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાન મહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.''**


(ઉપરનું ટૂંકું જીવનચરિત્ર પ્રવેશિકા, અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ અને જીવનકળા ઉપરથી સંકલન કરવામાં આવ્યું છે.)



શ્રીમદ્ રાજચંદ્ર



શ્રીમદ્ રાજચંદના પૂજ્ય માતુશ્રી દેવબાઈ



# રત્નકુક્ષી - મા દેવબાઈ

**વવાણિયા**

શ્રી પરમકૃપાળુદેવના માતુશ્રી દેવબાઈ શ્રી વવાણિયાથી સંવત્ ૧૯૭૦ના કારતક સુદ તેરશના મંગળવારે સાંજની ગાડીમાં અત્રે શ્રી ખંભાત પધાર્યા હતા. તેઓશ્રીના મુખથી શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું ચરિત્ર સાંભળ્યું તે નીચે મુજબ છે :–

**તમને મહાન ધર્મિષ્ઠ અને પ્રતાપી પુત્ર થશે**

શ્રી પરમકૃપાળુદેવ ગર્ભમાં આવ્યા પછી મને એક યોગી મળેલ. તેમણે એવું કહ્યું કે તમોને એક પુત્ર થશે. તે મહાન ધર્મિષ્ઠ અને પ્રતાપી થશે. તે તમારી એકોતેર પેઢી તારશે.

તે ફકીર તળાવની પાળ ઉપર રહેતા હતા. તેમની મનસુખભાઈના પિતાએ સેવાભક્તિ બહુ કરી હતી.

**તેઓ ગર્ભમાં આવ્યા પછી ઉત્તમ ભાવના**

શ્રી પરમકૃપાળુદેવ ગર્ભમાં આવ્યા બાદ કોઈપણ માઠી વાસના મને થઈ નથી. સં.૧૯૨૪ના કારતક સુદ પુનમના દિવસે જન્મ હોવાથી આખા ગામમાં દેવ દિવાળીને લઈને ઉત્સવ ઘણો હતો.

નવ માસની ઉંમરે તેઓ ચાલવા માંડ્યા હતા. બાર-તેર મહિનાની ઉંમરે બોલતા શીખ્યા હતા.

**પૂર્વભવના ધાર્મિક સંસ્કાર**

બાળપણમાં બે વર્ષની વયમાં નાના છોકરાઓ સાથે માટીના દેહરા કરી પછી છોકરાઓને કહે કે : આ મહાદેવનું દહેરું છે. આ રામનું દહેરું છે, એમ દેહરાના આકાર કરી બતાવતા હતા.

**ભગવાનની પ્રતિમાની જેમ બેસી રહે**

શ્રી પરમકૃપાળુદેવ ત્રણ વર્ષના હતા ત્યારે તેડીને હું નકુ દોશીને ત્યાં જતી. ત્યાં હું જ્યાં બેસાડું ત્યાં સ્થિર બેસી રહેતા. એક કલાક જાણે ભગવાનની પ્રતિમાની જેમ બેસી રહેતા, શાંત યોગી જેવા લાગતા.

પાંચ વર્ષની ઉંમરે પોતાની બહેનને તેડવા સારું કચ્છમાં પિતાશ્રીની સાથે અંજાર ગયા હતા.

શ્રી પરમકૃપાળુદેવને જમણી આંખે ભમર ઉપર તરવારનું મૂઠ સાથે ચિન્હ હતું અને પગના અંગૂઠે ‘લાલ રેખા’ હતી.



## મા તમે મોક્ષે આવશો?

મને વારંવાર કહેતા મા! તમે મોક્ષે આવશો? મેં કહ્યું—ભાઈ મોક્ષ કેવો હોય? ત્યારે કહેતા—હું તમને મોક્ષ બતલાવનારો છું.

શ્રી પરમકૃપાળુદેવની ઉંમર બહુ નાની હતી ત્યારે તેમની દાદીએ કહેલું કે તું મને ચેહ મૂકજે. (મડદાની ચિતા સળગાવવી તે ચેહ કહેવાય છે) દાદી ગુજરી ગયા. પોતે સ્મશાનમાં ગયા. ત્યારે ડાઘુઓએ કહ્યું - તમે ખસી જાવ, નાના બાળક છો. એટલે તેમણે કહ્યું કે મારી દાદીએ ચેહ મૂકવા મને ભલામણ કરી છે માટે હું ચેહ મૂકીશ. પછી અગ્નિ સંસ્કાર પોતે કર્યો હતો.

મારા સસરા ગુજરી ગયા ત્યારે પણ રાયચંદભાઈ ૧૦ વર્ષની ઉંમરના આશરે હશે.

## યાત્રા કરવા કરતાં સાસુ સસરાની ભક્તિથી વધારે પુણ્ય

કૃપાળુદેવની ઉંમર ૧૦ વર્ષની હતી તે વખતે મેં કહ્યું કે ભાઈ, તમે આટલું બધું જાણો ને મને કાંઈ આવડે નહીં. ત્યારે કૃપાળુદેવે કહ્યું કે તમોને કાંઈ ન આવડે તો સાસુની ભક્તિ કર્યા કરો; એ જ વધારે છે. જાત્રા કરવા કરતાં સાસુ સસરાની ભક્તિ કરશો એ વધારે પુણ્ય છે. કારણ કે ઘરમાં તેઓ સો વર્ષની ઉંમરના અને અશક્ત છે તો તેની ભક્તિ કરવાથી વધારે ફળ છે. પરમકૃપાળુદેવે મને સ્મરણમાં પ્રભુના નામની માળા ફેરવવા કહ્યું હતું.

## ઘરમાં ઘાત

પરમકૃપાળુદેવને મેં કહ્યું કે તમારે સાસરેથી લગન જોવડાવવાનું છે. ત્યારે પોતે કહ્યું કે—'આજે ઘરમાં ઘાત છે, તેથી શી રીતે લગન જોવડાવાય?' તે જ દિવસે મનસુખભાઈ ગ્યાસતેલનો દીવો સળગતો હતો તેનાથી ઘણુ જ છાતીએ દાઝ્યા હતા. એમ મનસુખભાઈની ઘાત અગાઉથી જાણીને કહ્યું હતું. તે વખતે પરમકૃપાળુદેવની ઉંમર ૧૯ વર્ષની હતી. આ કારણથી બાર માસ પછી તેમના લગ્ન થયા હતા.

## પરમકૃપાળુદેવની અલિપ્ત દશા

સંવત્ ૧૯૫૬ની સાલમાં પરમકૃપાળુદેવ વઢવાણ કેમ્પમાં હતા. ત્યારે માતુશ્રીને પોતે કહ્યું કે - ''સંસારી જીવો સ્ત્રી સાથે એક દિવસમાં જેટલો મોહ કરે છે તેટલો આખી ઉંમરમાં અમે કર્યો નથી.'' અને મને (માતુશ્રીને) કહ્યું કે—આપની આજ્ઞા હોય તો હું આજથી સર્વ પ્રકારે વ્રતનો નિયમ ધારણ કરું.

પછી બાર વ્રત સંક્ષેપમાં લખી આપી મુનિઓ પાસે અંબાલાલભાઈની સાથે મોકલ્યા હતા અને જ્ઞાનાર્ણવમાંથી બ્રહ્મચર્યનો અધિકાર સંભળાવવા મુનિઓને કહ્યું હતું. તે પ્રમાણે વહુ ઝબકને મુનિએ સંભળાવ્યું હતું.

## રજા આપો તો વનવાસ લઈએ

સંવત્ ૧૯૫૬ની સાલમાં પરમકૃપાળુદેવે વનવાસ જવાની આજ્ઞા માંગી. 'મા, અમને રજા આપો તો અમે વનવાસ જઈએ.' મેં કીધું - હું રજા આપું નહીં. અને જો તમે વનમાં જાઓ તો મારા પ્રાણ ત્યાગ થાય. ભાઈએ કહ્યું - મા, તમે અમને વનવાસની રજા આપો તો અમને સુવાણ થઈ જાય. તેથી ભાઈને જો સુવાણ થતું હોય તો ભલે વનવાસ જાય એમ સમજી મેં રજા આપી હતી.

ડૉ. પ્રાણજીવને શ્રી પરમકૃપાળુદેવને રંગૂન લઈ જવા માટે મને કહ્યું. ત્યારે મેં કહ્યું કે હવે મંદવાડ



ગયો છે અને રંગૂન મોકલું તો કહેશે કે નાણા માટે રંગૂન મોકલ્યા છે. માટે રંગૂન મોકલવા મારે વિચાર નથી.

## મારાથી પરમકૃપાળુદેવનો મોહ મૂકાતો નથી

હું પરમકૃપાળુદેવને જેટલી આજ્ઞા કરું તેટલી ઉઠાવે. કોઈપણ દિવસ આખી ઉંમરમાં પોતે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. જેટલું કહ્યું તેટલું પોતે કરતા.

મને મુનિશ્રી લઘુરાજસ્વામીએ કહ્યું કે તમોને મા, પરમકૃપાળુદેવ ઉપર મોહ ઘણો છે, ખરૂં? ત્યારે બીજા મુનિએ કહ્યું કે લલ્લુજી મહારાજે તો સાહ્યેબી હતી તે છોડી દીધી. ત્યારે મેં કહ્યું કે મારાથી પરમકૃપાળુનો મોહ નથી મૂકાતો.

## મૂક જીવોની દયા પાળવાથી જીવનું ઉર્ધ્વગમન

વઢવાણ કેમ્પમાં પરમકૃપાળુદેવે મને કહ્યું કે ગાડીની અંદર બેઠા હોઈએ તો તેને જલ્દીથી હાંક એમ ગાડીવાળાને ન કહેવું. તળાવમાં ન્હાવું નહીં, ધોવું નહીં, વાસણ લઈને પાણી ગાળીને ન્હાવું. લીલોતરીમાં ચાર લીલોતરી મોકળી રાખીને બીજીનો સર્વથા ત્યાગ કરાવ્યા પછી મધ, માખણ વિગેરે સર્વ અભક્ષ્યનો ત્યાગ કરાવ્યો હતો.

## જૂઠ બોલ્યા વિના જેવું હોય તેવું કહેવું

ઘરમાં કોઈથી જૂઠું તો બોલાય જ નહીં. કૃપાળુદેવ કહે કે જેવું હોય તેવું જ કહી દેવું. જેનાથી જે વાંક થયો હોય તે તરત કહી દેવું. નોકરને પૈસા વાપરવા આપે અને તે પૈસા પોતાના માટે વાપરે તો તરત કહી દે કે ફલાણામાં પૈસા વાપર્યા છે. અમારા સહુ કુટુંબમાં કોઈ પ્રકારનો અવિશ્વાસ જેવું નહોતું. ચોરીની તો વાત જ નહીં. નોકરો પણ તેવા કે જે લીધું હોય તે તરત કહી દે.

## વાસી ખાવું નહીં

પરમકૃપાળુદેવ ઘરમાં સર્વેને કહેતા કે વાસી ખાવું નહીં. તેમના કહ્યા બાદ કોઈ વાસી ખાતું નહીં.

ભાઈ (કૃપાળુદેવ) નડિયાદ હતા ત્યારે મને મંદવાડ વિશેષ રહેતો હતો. તેથી તાર કરાવી મેં તેમને બોલાવેલ. ભાઈ આવ્યા. ખાટલે બેસી ધર્મની વાતો કરી શાંતિ પમાડતા અને સેવા ઘણી સારી કરી હતી.

## જ્ઞાનદાનથી મહાપુણ્ય

સંવત્ ૧૯૫૬માં, જો કે મને તો બરાબર સમજણ નહી પણ ભાઈએ (પરમકૃપાળુદેવે) સમજણ પાડી કે આ સૂત્ર (નામ ખબર નથી) તમારા ખર્ચથી મંગાવેલ છે. તે તમે મને વહોરાવો. તે ઉપરથી મેં તે સૂત્ર ભાઈને વહોરાવ્યું. તે વખતે શ્રી માંકુભાઈ વિગેરે હાજર હતા. પછી પરમશ્રુત ખાતામાં રૂપિયા મંડાવાનું ભાઈએ મને પૂછ્યું ત્યારે મેં રૂા.૨૫/- મંડાવ્યા અને વહુએ રૂા.૫૦/- મંડાવ્યા હતા.

## પરમકૃપાળુદેવની સ્વસ્વરૂપમાં લીનતા

પરમકૃપાળુદેવને મંદવાડમાં હું પૂછતી કે ભાઈ કેમ છે? ત્યારે કહેતા કે – 'અમને સુખે નથી અને દુઃખે નથી.' સંવત ૧૯૫૬ની સાલમાં જે છેલ્લી અવસ્થાનો ફોટોગ્રાફ પડાવેલો તે સર્વેને કહેલું કે માતુશ્રીને તે ફોટો બતાવશો નહીં. કારણ કે શરીર ક્ષીણ થઈ ગયેલું છે.

વઢવાણ કેમ્પમાં ભાઈની (પરમકૃપાળુદેવની) તબિયત નરમ હતી ત્યારે લીંબડી દરબારના ઉતારામાં



અમે (દેવમાં વગેરે) હતા. એક વખત રાતે પરોઢિયાને વખતે મને એવું સ્વપ્ન આવ્યું કે – ખોળામાં એક પુત્ર છે અને ધાવણ છૂટ્યું છે. મેં (દેવમાએ) સ્વપ્નમાં 'વહુ વહુ' એમ હાકલ કરી અને પછી હું જાગી. ખોળામાં પુત્ર હતો તે અલોપ થઈ ગયો. ત્યાર પછી મેં જોયું તો ધાવણ છૂટ્યું અને ભીનું જણાતું હતું. આ સ્વપ્ન લાધ્યું ત્યારે જાગૃતિ વિશેષ હતી અને ઊંઘ ઓછી હતી. દિવસ ઉગ્યા પછી આ વાત મેં ભાઈને (પ.કૃ.દેવને) કરી હતી. અમુક મહિના પછી પરમકૃપાળુનો દેહ છૂટ્યો હતો.

વઢવાણ અમે મહિનો સવા મહિનો રહ્યા. પછી અમે ઘેર ગયા અને ભાઈ અમદાવાદ તરફ ગયા હતા.

સંવત્ ૧૯૭૦ના કારતક વદી એકમના રોજ સ્થળ ખંભાતમાં શ્રી છોટાલાલ માણેકચંદની મેડી ઉપર સવારના પ્રથમ પહોરમાં પરમકૃપાળુદેવના સંબંધી તેમના માતુશ્રીને હકીકત પૂછતાં દેવામાતાએ મુખથી જે જે વાત કરી હતી તે અહીં લખવામાં આવી છે.

---

## શ્રી પ્રાણજીવન જસરાજ દોશી

### વવાણિયા

(જન્મભૂમિ વવાણિયાથી મળેલી વિગતો)

### પરમકૃપાળુદેવના પિતામહ પંચાણભાઈ

શ્રીમદ્ રાજચંદ્રના પિતામહ પંચાણ મહેતા મૂળ માણેકવાડા (મોરબી પાસે) ના રહીશ હતા. ત્યાંથી ભાઈઓથી જુદા થઈ સં. ૧૯૮૨માં વવાણિયા રહેવા આવ્યા હતા. તેમના બીજા ભાઈઓ તો હજી માણેકવાડામાં છે. છૂટા થયા ત્યારે તેમની સારી સ્થિતિ હતી. ભાઈઓની મિલકતની વહેંચણી વખતે રોકડ રકમ જે હતી તેના કાંસાની તાંસળી (કાંસાના મોટા પહોળા વાટકા) થી કોરીના ભાગ પાડ્યા હતા. તે વખતે કોરીનું ચલણ હતું. કોરી એટલે અર્ધાથી જરા નાના ચાંદીના ગોળ સિક્કા.

### પંચાણભાઈનો વ્યવસાય

વવાણિયા આવ્યા પછી મકાન અમુક કોરીમાં ખરીદ કર્યું હતું. જે મકાન પરમકૃપાળુદેવની જન્મભૂમિ છે તે. વવાણિયા આવી પંચાણદાદા વહાણ બંધાવી વહાણવટાનો ધંધો કરતા તથા વ્યાજવટાવનો ધંધો પણ સારા પ્રમાણમાં કરતા હતા.

### પરમકૃપાળુદેવના પિતાશ્રી રવજીભાઈ

પંચાણદાદાની મોટી ઉંમર થતાં એકે દીકરા જીવ્યા નહીં. ત્યારે કોઈના કહેવાથી રવીચીમાતાની આસ્થા રાખી. પછી રવજીભાઈનો જન્મ સં.૧૯૦૨ના માહ માસમાં થયો. રવીચીદેવીના નામ ઉપરથી રવજીભાઈ નામ પાડ્યું હતું. આ રવીચીદેવીનું સ્થાન વવાણિયાથી આશરે એક માઈલ છેટું છે.

રવજીભાઈ ૧૪ વર્ષના થયા ત્યારથી વવાણિયામાં તથા ચમનપર આદિ આજુબાજુના ગામોમાં કરકાવરનો ધંધો એટલે વ્યાજવટાવનું કામ કરતા. તેથી હર વખતે રવજીભાઈને ગામડે જવાનું થતું. તેમને ઘેર ગાયભેંસના દુઝાણાં કાયમ હતાં.

રવજીભાઈ વવાણિયાના ઠાકોરના દેવમંદિરના ચોરામાં હરવખત તેમની ઉંમરવાળા સાથે બેસતા.



ત્યાંના રાવળભાટ વાર્તાઓ કરે ત્યારે બધા ભેગા થતા, તેને ડાયરો કહેતા. ડાયરામાં રવજીભાઈ જતા. ગરાશિયાની ડેલીએ પણ ડાયરો થાય. તેમાં રવજીભાઈ જાય. ત્યાં પણ ભાટચારણ, વાર્તાઓ - દંતકથાઓ કહેતા.

### શ્રી રવજીભાઈમાં સાધુસંતો તથા ગરીબોની સેવાનો ભાવ

રવજીભાઈ સાધુસંતની સેવા બહુ કરતા. ગરીબોને અનાજ કપડાં પણ આપતા. સાધુ ફકીરો ઉપર તેમની બહુ આસ્થા હતી. વવાણિયામાં એક ઓલિયા ફકીર હતા. રવજીભાઈ તેમની સેવા બહુ કરતા. તેમની પાસે દરરોજ જમવાનું તથા ગાંજો લઈ જતા. ગાંજાની ચલમ ભરીને રવજીભાઈ તે ફકીરને આપતા. આમ ઘણા વખત સુધી જતા આવતા. ઘણી વખત સારી વસ્તુ જમવાની કરીને ફકીરબાવાને માટે લઈ જતા.

### ફકીરબાવાની ભવિષ્યવાણી

એક વખત ફકીરબાવાએ રવજીભાઈને કહ્યું કે રવજી, કલ સવારમેં તુમ જલદી આના. રવજીભાઈએ કહ્યું કે, બાપુ, જલદી-વહેલો આવીશ. પણ બીજે દિવસે રવજીભાઈને ત્યાં મહેમાન આવ્યા. રવજીભાઈ ખૂબ મૂંઝાણા. મહેમાનને જમાડ્યા વિના કેમ જવાય? જમાડીને જઈશ તો બહુ મોડું થઈ જશે. મહેમાનને જેમ તેમ જમાડીને રવજીભાઈ ફકીર પાસે ગયા. મહેમાન માટે ચૂરમું કરેલ હતું તે ફકીરબાવા માટે સાથે લઈ ગયા. ફકીરબાવા પાસે જતાં તેમણે કહ્યું કે, ''રવજી, તુમ બહોત મોડા આયા. અચ્છા રવજી, તેરેકું દો લડકા હોગા. એક બડા નામ નીકાલેગા એસા હોગા. દુસરા ભી ઠીક હોગા. દોનું લડકા તુમારા ઔર ઈનકા બોત અચ્છા નામ નીકાલેગા. પણ રવજી! તુમ બહોત મોડા આયા. વખત ચલા ગયા. ઈનકા આયુષ્યમેં ફેર પડેગા. ઐસા માલુમ હોતા હૈ. રવજી, હમ અબ ઈસ દુનિયાસે ચલે જાતા હું. તુમ અબ તુમારા ઘર પર જાવ. તેરા ભલા હોગા.'' પછી રવજીભાઈ ઘેર આવ્યા. બીજે દિવસે તપાસ કરતાં ફકીરદાદા હતા નહીં. રવજીભાઈને બહુ અફસોસ થયો હતો કે હું બહુ મોડો ગયો. ૭૫ વરસનું આયુષ્ય કહ્યું હતું હવે કેટલા વર્ષનું થશે? તેનો અફસોસ બહુ કરતા હતા. પછી રવજીભાઈને ત્યાં ઉપરની હકીકત પ્રમાણે પુત્રોના જન્મ થયા હતા.

આ બધી હકીકત રવજીભાઈ ઘણાને કહેતા. રવજીભાઈના ખૂબ જૂના અનુભવી વવાણિયાના વોરા અભેચંદ તારાચંદ જે કૃપાળુદેવના મામા સસરા થતા તે ઘણા વખત પહેલાં વાત કરતા અને ગામમાં પણ કહેતા. તે વખતે મારી આટલી સમજણ હતી નહિં. પણ મારા માતુશ્રી ઝબકબાઈ તે શ્રીમદ્‌ના બહેન થાય તેઓ આ વાત થોડી થોડી કરતા. બીજી ઘણી હકીકત ગામના માણસો પાસેથી મળેલ છે.

## બીજા સંસ્મરણો

### દેવમાતાની સેવાથી મળેલ આશીર્વાદ

રવજીભાઈને ત્યાં એક આડતિયા વૃદ્ધ ઉંમરના આવતા. એક વખત તે બહુ બિમાર પડ્યા. ત્યારે દેવમાતાએ તેમની સેવા ચાકરી બહુ કરી હતી. તેમને માટે શીરો બનાવી દેવમાતાજી પોતાના હાથે તેમને શીરો ખવરાવતાં હતાં. તે બહુ અશક્ત હતા. તેમણે દેવમાને કહ્યું કે તમે મારી ચાકરી બહુ કરો છો, પ્રભુ! તમારે ત્યાં મહાભાગ્યશાળી દીકરાનો જન્મ થાવ. આ મારો, બેટા દેવ! તને આશીર્વાદ છે. આ વાત મારા માતુશ્રી કહેતાં હતાં.



## તમારે છ મહિના સુધી પરણવું નહીં

વવાણિયામાં દેસાઈ વીરજી રામજી કરીને હતા. એક વખત તે વીરજી દેસાઈ અને કૃપાળુદેવ સાથે ફરવા ગયા ત્યારે વીરજી દેસાઈને કૃપાળુદેવે પૂછ્યું કે, વીરજીકાકા મારી કાકીને કાંઈ થાય તો તમે બીજીવાર પરણો ખરા? વીરજીભાઈએ કાંઈ જવાબ આપ્યો ન હતો. થોડા દિવસ થયા ત્યાં વીરજી દેસાઈના વહુ ગુજરી ગયાં. બીજી વખત કૃપાળુદેવને વીરજી દેસાઈની સાથે ફરવા જવાનો જોગ મળ્યો. ત્યારે કૃપાળુદેવે પૂછ્યું કે, વીરજીકાકા તમે હવે પરણશો? તેઓ બોલ્યા નહિ પણ મોઢું મસક્યું. તેથી કૃપાળુદેવે કહ્યું કે તમારે છ મહિના પછી પરણવું. છ મહિના થયા. શ્રાવણ વદ ૬ રાંધણછઠના દિવસે વીરજીભાઈ ઉપાશ્રયથી રાત્રે દસ વાગતાના સુમારે ઘરે આવતાં ખાળમાંથી સર્પ નીકળ્યો અને કરડ્યો. ઉતારવાની ઘણી મહેનત કરી. ત્યારે વીરજી દેસાઈએ કહ્યું કે મારો ચોવિહાર ભંગાવશો નહીં, મને કહેનારે કહી દીધું છે.

## શૂળની પીડા કેમ ખમાણી?


પંચાણદાદા સં.૧૮૩૬માં જન્મ્યાં હતા. અને સં.૧૯૩૪માં એટલે ૯૮ વરસની ઉંમરે ગુજરી ગયા. કૃપાળુદેવના દાદીમાં પણ ૯૦ વર્ષની ઉંમરે ગુજરી ગયા હતા. પંચાણદાદા ગુજરી ગયા ત્યારે કૃપાળુદેવ ૧૦ વરસના હતા. સ્મશાને જતાં કૃપાળુદેવે નનામીના મોઢા આગળ ચાલીને છાણી (અગ્નિ) ઉપાડી હતી. તે લઈને ચાલતા હતા. પગમાં કંઈ પહેર્યું ન હતું. તે વખતે રિવાજ પગમાં પહેરવાનો ન હતો. રસ્તામાં જતાં કૃપાળુદેવને પગમાં લાંબી શૂળ વાગી. નનામીને-શબને ફરતા ચાર ફેરા દઈ અગ્નિદાહ પ્રથમ કૃપાળુદેવે આપ્યો. પછી બીજા ભાઈઓએ અગ્નિદાહ દીધો. જ્યાં સુધી મડદું બળી રહ્યું ત્યાં સુધી બધા બેઠા હતા. પછી તળાવે જઈ નાહીને બધા ઘેર આવ્યા. ત્યાં સુધી પણ પગમાં શૂળ હતી. કૃપાળુદેવના માતુશ્રી ઓશરીમાં બેઠા હતાં. ત્યાં કૃપાળુદેવને અચકાતા અચકાતા આવતા જોઈ ઊઠીને પૂછ્યું કે ભાઈ, પગમાં શું વાગ્યું છે? કેમ આમ પગ અચકાય છે? પછી માતુશ્રીએ પગની પાની જોઈ તો તેમાં લાંબી શૂળ હતી. તેને પગમાંથી કાઢી પછી પૂછ્યું, ''ભાઈ ક્યાંથી શૂળ લાગી?'' ''મા, અહીંથી સ્મશાને જતાં રસ્તામાં લાગી?'' ''ત્યાં કોઈને કેમ વાત કરી નહિ ને શૂળ કઢાવી નહિ? ત્યાં સુધી આ પીડા કેમ ખમાણી?'' આ વાત કૃપાળુદેવના બેન ઝબકબેનને માતુશ્રીએ કરી હતી કે ત્યારે પણ ભાઈને દેહ પ્રત્યે મમતા નહોતી. એ વાત તેમની પાસેથી અમે સાંભળી હતી.

## નહીં બનવાનું નહીં બને, બનવું વ્યર્થ ન થાય

એક વખત રવજીભાઈ ચમનપર જતા હતા. ત્યારે કૃપાળુદેવે કહ્યું, ''બાપા તમે આજે ચમનપર ન જાવ તો?'' છતાં રવજીભાઈ ગયા. સાંજે બત્તીને સમયે મનસુખભાઈને રસોડમાં જતાં દીવાની ઝાળ લાગી ને પહેરણ બળવા માંડ્યું. ત્યારે ઝબકબેન હાજર હતાં. તેમણે એકદમ છાશનું દોણું મનસુખભાઈના શરીર ઉપર રેડ્યું. મનસુખભાઈની છાતી દાઝી ગઈ. પછી રવજીભાઈને ચમનપર તેડવા મોકલ્યા હતા.

## ચેતાવ્યા છતાં ન માનવાનું ફળ મૃત્યુ

વવાણિયામાં એક ગરાશિયા એક શિવુભા બાપુ છે. તેમણે મને એકવાર વાત કરેલી તે આ મુજબ હતી. મોમીયાજી હરદાસજીના લગ્ન હતા. તેમના ભાઈ શ્રી ભૂપતસિંહ લખમણજી ગરાસિયા અવાર



નવાર પ્રભુ પાસે આવતા હતા. ભૂપત બાપુને પ્રભુએ કહ્યું—બાપુ, તમે આજે સામૈયામાં જશો નહીં. અને જાઓ તો ઘોડે ચડશો નહીં. તેમણે કહ્યું કે નહીં જાઉં. પણ પછીથી તેઓ ઘોડે ચઢી સામૈયામાં ગયા. ઘોડો દોડાવતાં તે ભડક્યો અને વરરાજાના ગાડા સાથે અથડાતાં ભૂપતસિંહ બાપૂને કપાળમાં ગાડાનું ડાગળું વાગ્યું અને જ્ઞાનમંદિરે જતાં મિયાણાવાસ પાસે અત્યારે જે ઝાંપો છે ત્યાં પડ્યા અને થોડીવારમાં મરણ પણ પામી ગયા.

## બધા પુસ્તકો હૈયામાં છે

મેઘજીભાઈ સ્વામીનારાયણનો ધર્મ માનતા હતા. એક વખત મેઘજી પટેલ અને બીજા ચમનપરના પટેલ, રવજીભાઈને ઘેર આવ્યા હતા. રાયચંદભાઈ બેઠકમાં હતા. ત્યાં બધા જઈને તેમની સામે બેઠા. પછી મેઘજીભાઈ પટેલે કહ્યું કે, રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) સ્વામીનારાયણની વચનાવલીમાં વચનામૃત ૨૬૨ છે. ત્યારે રાયચંદભાઈએ કહ્યું કે ના ૨૭૨ છે. પછી મેઘજી પટેલે કહ્યું આટલા બધાં ધર્મના પુસ્તકો તમે વાંચી લીધાં હશે? ત્યારે રાયચંદભાઈએ કહ્યું કે બધા અમારા હૈયામાં છે. રાયચંદભાઈ જ્યારે બોલે ત્યારે એની વાણી મીઠી એટલી બધી કે એવી મીઠી વાણી હજી સાંભળી નથી. હજી બોલે તેવું મને બહું થતું, એમ મેઘજીભાઈ કહેતા હતા.

## માતાજીને સુખ ઊપજે તેમ પ્રવર્તન

માતાજી અને કૃપાળુદેવ એક વખત ફળિયામાં ખાટલા ઉપર બેઠાં હતાં. કૃપાળુદેવે માતાજીને કહ્યું, ''માતાજી અમને તમો રજા આપો તો જંગલમાં જઈને સાધુ થવું છે.'' માતાજીએ કહ્યું, ''ભાઈ અમે તમને રજા કેમ આપીએ? કાંઈ સાધુ થઈ જવાય? ભાઈ તું એવું કેમ કરે છે?'' માતાજીની આંખમાંથી આંસુ પડ્યાં. પછી કૃપાળુદેવે કહ્યું કે, મા જીવતો જોગી.......કોઈ દિવસ તેનું મોઢું જોવા મળશે ને તમારા બારણે આવશે. પછી કોઈ રાજાનું કૃપાળુદેવે દૃષ્ટાંત આપ્યું. શું આપ્યું તે મળ્યું નથી. માતાજીની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. પછી કૃપાળુદેવે કહ્યું કે, મા તમને જેમ ઠીક લાગે તેમ. હવે હું બોલીશ નહીં. તમારે દુઃખ ન લગાડવું. માતાજી કૃપાળુદેવના દેહત્યાગ પછી અમુક વખતે કહેતાં હતાં કે મેં ભાઈને સાધુ થવાની રજા આપી હોત તો ભાઈની ઉંમર વધારે હતી, એમ ભાઈ કોઈક વખત કહેતા. ઘરમાં વાત કરી હશે. પણ આ વાત કૃપાળુદેવનાં બેનના મોઢે માતુશ્રીએ કરી હતી.

## આત્માર્થે એકાંત સેવન

વવાણિયામાં કૃપાળુદેવ ફરવા જતા. ત્યારે દેસાઈ પોપટ મનજી, રાયચંદ મનજી તથા ભાટિયા કાકુભાઈ, કોઈક વખત કાળીદાસ મનજી, વીરજી રામજી - આ ભાઈઓ તેમની સાથે સાંજના ફરવા જતા ત્યારે બજારમાંથી બે પૈસાના ચણા (દાળિયા) કૃપાળુદેવ લેવાનું કહેતા. પછી ગામ બહાર જઈને બધાને એક ઠેકાણે બેસાડતા ને કહેતા કે, દાળિયા રેતીમાં નાખો ને એક એક બધા વીણીને ખાતા રહેશો ત્યાં સુધી હું આવી જઈશ. આમ કૃપાળુદેવ બધાને બેસાડી પોતે એકલા તેમનાથી આઘે જતા. જ્યારે દાળિયાના દાણા પૂરા થાય ત્યાં કૃપાળુદેવ આવી જતા હતા.

## એકાંતમાં ધ્યાન

વવાણિયામાં આજુબાજુ અઢાર તલાવડી છે. કૃપાળુદેવ દરરોજ એક એક તલાવડીએ ફરવા જતા અને ધ્યાન કરતા.



તલાવડીનાં નામ : ૧. ગંગાય, ૨. વીરાસરી, ૩. ધવલાસરી, ૪. ચાંપાસરી, ૫. ખોજાસરી, ૬. કાળી તલાવડી, ૭. સોનાસરી, ૮. દેવલાસરી, ૯. રૂપાસરી, ૧૦. સુતારસરી, ૧૧. વડવાઈ, ૧૨. સોહનસરી, ૧૩. જોગરણસરી, ૧૪. રેંટિયાસરી એમ ચૌદ તલાવડીનાં નામ મળ્યાં છે. બે તળાવ ૧. વાણિયાસર, ૨. માંડાસર. આ બધા વવાણિયાથી પા, અર્ધો, એક કે દોઢ માઈલને આશરે ગામની ચારે બાજુ આવેલાં છે.

### વવાણિયામાં સાધ્વીજીને સમજાવેલ મોક્ષમાળા

વવાણિયામાં એક વખત કચ્છમાંથી સ્થાનકવાસીનાં મહાસતીજી ઠાણાં ૩ કૃપાળુદેવનું નામ સાંભળીને આવ્યાં હતાં. તેમણે કૃપાળુદેવને ત્યાં બીજા શ્રાવકની સાથે કહેવરાવ્યું કે ''અમે રાયચંદ કવિને મળવા માટે આવ્યાં છીએ, અહીંયા ઉપાશ્રયે આવશે?'' પછી સાધ્વીજી રવજીભાઈને ઘેર વહોરવા ગયાં ત્યાં કૃપાળુદેવને જોયા. તેમને ઉપાશ્રયે આવવાનું કહ્યું. કૃપાળુદેવ ત્યાં ગયા. મહાસતીજીની સામે નીચે જમીન ઉપર બેઠા. મહાસતીજી પાટ ઉપર બેઠાં હતા. પછી કૃપાળુદેવે કાંઈ વાત કરી ત્યાં તો સાધ્વીજી મહારાજ એકદમ પાટ ઉપરથી નીચે ઊતરી હાથ જોડીને કૃપાળુદેવની સામે નીચે બેસી ગયા. કૃપાળુદેવે જે વાત કરી તેથી તેમને એકદમ બહુ જ આનંદ થયો. પછી કૃપાળુદેવને સાધ્વીજી કહે - કવિરાજ અમને તો કાંઈ ખબર પડતી નથી. અમે દીક્ષા લીધી પણ જૈનનાં સૂત્રો માગધી ને સંસ્કૃત ભાષામાં છે. અને અમે એટલું ભણ્યાં નથી. ગુજરાતી ભણ્યાં છીએ. સામાયિક વગેરેના પાઠમાં કાંઈ સમજણ પડતી નથી. અમને સમજ પડે એવું કાંઈ કરો. ત્યારે કૃપાળુદેવે કહ્યું કે, તમને લખીને મોકલશું. પછી કૃપાળુદેવે મોરબીમાં જે મોક્ષમાળા ત્રણ દિવસમાં રચેલ તેના પાઠ દરરોજ મોકલતા. બીજે દિવસે તે પાઠ સમજાવતા અને પાછા લઈ આવતા. આમ અહીંના શેઠ દલીચંદભાઈ વ્રજલાલભાઈ કહેતા હતા.

### આયુષ્યનો અંત જાણી ફરી લગ્નની મનાઈ

દલીચંદભાઈના પિતાશ્રીને એક વખત કૃપાળુદેવે કહ્યું કે તમારે ફરી લગ્ન કરવાં નહીં, ત્યારે દલીચંદભાઈનાં માતુશ્રી ગુજરી ગયાં હતાં. પછી તુરતમાં દલીચંદભાઈના પિતાશ્રી વ્રજલાલભાઈ પણ ગુજરી ગયા. આ હકીકત દલીચંદભાઈ પાસેથી સાંભળી હતી.

### ધ્યાનમાં કે શયન સમયે મોઢા પર તેજ

કૃપાળુદેવના મોટાબેન શિવકુંવરબેન માતાજીના કહેવાથી કૃપાળુદેવને જમવા બોલાવવા કે જોવા જતા ત્યારે ઘણીવાર કૃપાળુદેવ ધ્યાનમાં હોય કે સૂતા હોય અને તેમના મોઢા પર તેજ દેખાતું. તે જોઈ માને કહેતા કે, ભાઈના મોઢા પર જાણે વિજળી જેવું ગોળ તેજ પ્રકાશે છે. માતાજી કહે, ઘણીવાર ભાઈ સૂતા હોય ત્યારે એવું તેજ હોય છે.

### બુદ્ધિપ્રકાશનું લવાજમ જવલબેનના નામે

કૃપાળુદેવે તેમનાં પુત્રી જવલબેનના નામથી 'બુદ્ધિપ્રકાશ'નું લવાજમ ભર્યું હતું. 'બુદ્ધિપ્રકાશ'નું લવાજમ એક વખત ભરે તો જ્યાં સુધી હયાતી હોય ત્યાં સુધી તેનો માસિક અંક મળે. એ ઉપરથી કૃપાળુદેવે પોતાના કુટુંબના કોઈના નામનું લવાજમ કેમ ભર્યું નહીં અને જવલબેનના નામનું જ ભર્યું! જવલબહેનનું આયુષ્ય તેમના કુટુંબી બીજા બધા કરતાં વધારે છે એમ તેમણે જાણ્યું હશે. જવલબહેનને



ત્યાં હજુ સુધી એટલે કરાંચી હતા ત્યાં સુધી તો 'બુદ્ધિપ્રકાશ'ના અંકો તથા તેના ભેટના પુસ્તકો આવતા અને હાલમાં પણ મુંબઈ આવતા હશે.

કૃપાળુદેવે જવલબહેનના સગપણ બાબત રવજીબાપાને કહ્યું હતું કે રણછોડભાઈના બે દીકરા છે. આટલી વાત કરી હતી. આ વાત મારાં માતુશ્રી ઝબકબાઈ કરતા હતા.

---

## શ્રી પોપટભાઈ મનજીભાઈ દેસાઈ

### વવાણિયા બંદર

શ્રી વવાણિયા બંદર નિવાસી ભાઈશ્રી પોપટભાઈ મનજીભાઈ દેસાઈ, ઉંમર વર્ષ ૪૨ની આશરે, તે શ્રી પરમકૃપાળુદેવ 'શ્રીમાન્ राजचंद्र देव'ના સમાગમમાં આવેલા. તે પ્રસંગે જે કાંઈ વાતચીત થયેલ તથા જે કાંઈ સાંભળવામાં આવેલું તે સંબંધી તેમને સ્મૃતિમાં રહેલ તે સર્વ હકીકત અત્રે જણાવે છે :—

### પરમકૃપાળુદેવ પાસે શંકા સમાધાન અર્થે અનેક વિદ્વાનોનું આગમન

પરમકૃપાળુદેવ સાથે મારે બાળપણથી જ સંબંધ જોડાયો હતો તથા તેઓ અમારા સગાં-સંબંધી પણ હતા. તેઓશ્રી બાળપણથી જ ગામ આખામાં હોશિયાર, તીવ્ર બુદ્ધિશાળી અને ડાહ્યા ગણાતા હતા. જેથી તેઓશ્રી પ્રત્યે સઘળા લોકોને સહેજે ઘણો જ પ્રેમ આવતો હતો. કેટલાક તેઓશ્રી પ્રત્યે ઘણા જ પ્રેમમાં આવી જવાથી મીઠડાં (વાયણાં) લેતા હતા અને ચુંબન કરતા હતા. બાળપણથી જ મહાશાંત હતા. લઘુવયમાં પણ તેઓશ્રીનું નામ સાંભળી ઘણા ઘણા વિદ્વાન પુરુષો શંકાઓનું સમાધાન કરવાર્થે, પ્રશ્નોત્તર કરવા અર્થે, વિદ્વતા જોવા અર્થે તેમજ વાદવિવાદ કરવા અર્થે તેઓશ્રીની પાસે આવતા હતા; અને આવેલા પુરુષો પોતાના મનનું સમાધાન થવાથી શાંતિ પામતા હતા અને સાહેબજીને દંડવત્ પ્રણામ કરતા હતા.

### સ્કૂલમાં પ્રથમ દિવસે ચોપડીનું વાંચન

સાહેબજી જે સ્કૂલમાં ભણવા માટે જતા હતા તે સ્કૂલના માસ્તર એક મુમુક્ષુભાઈને મળ્યા હતા. તેઓ સાહેબજીના સંબંધમાં અલૌકિક ચમત્કારિક બાળપણની વાતો જણાવતા હતા. તે હકીકત સાંભળવામાં આવવાથી નીચે પ્રમાણે જણાવું છું :—

સાહેબજીની અલૌકિક દશાનો અનુભવ આજે મને સ્મરણ કરાવે છે કે, જ્યારે તેમને મારી ક્લાસમાં ભણવા માટે પ્રથમ બેસાડ્યા ત્યારે મેં તેમને એકડે એક લખીને શીખવા માટે આપ્યા, પછી એકથી દસ સુધી અને ત્યારબાદ જેમજેમ હું આગળ બતાવતો ગયો તેમ તેમ તેઓ જણાવતા કે આ તો મને આવડે છે. પછી ચોપડીમાંથી પાઠ વાંચવા માટે જણાવ્યું ત્યારે તે પાઠ એકદમ વાંચી સંભળાવ્યો. પછી બીજા આગળ-પાછળના કેટલાક પદો વંચાવ્યા. ચોપડી મૂકી દીધા બાદ અનુક્રમે જેટલા પાઠ વાંચી ગયા હતા તે સઘળા પાઠ એકપણ ભૂલ વિના મુખપાઠે બોલી સંભળાવ્યા હતા. આ હકીકતથી મને ચમત્કાર ભાસ્યો કે આજરોજથી ભણવા માટે આવ્યા છે અને આ શું? આ છોકરાને શું ભણાવું?

### તમારો છોકરો દેવપુરુષ જણાય છે

ભણાવવામાં મારી એક ભૂલ થઈ હતી. તે ભૂલ સાહેબજીએ જણાવી કે આ ઠેકાણે આ પ્રમાણે હોવું જોઈએ, અને તમો આ પ્રમાણે કેમ કહો છો? તેની મેં તપાસ કરી તો તેમના કહેવા પ્રમાણે મારી ભૂલ



નીકળી. તેથી મને ચમત્કાર લાગ્યો કે આ છોકરો મહાઉત્તમ પુરુષ જણાય છે. તેથી હું તેમના પૂજ્ય પિતાશ્રી રવજીભાઈ પાસે ગયો અને સઘળી હકીકત વિદિત કરી જણાવ્યું કે તમારા છોકરાને હું શું ભણાવું? જે જે કહું છું તે સઘળું કહે કે મને આવડે છે, ચોપડીના પાઠ વંચાવ્યા તો તે મુખપાઠ થઈ ગયા. માટે મને તો એમ જ ખાતરી થઈ છે કે આ છોકરો દેવપુરુષ હોય એમ જણાય છે. વગેરે જણાવ્યું હતું.

## સર્વ છોકરાઓનું લેશન લેતાં બાળ મહાત્મા

સ્કૂલમાં ભણતી વખતે તમામ છોકરાઓનું લેશન સાહેબજી એકલા લેતા અને દેતા. માસ્તર તો ફક્ત બેસી જ રહેતા. સાહેબજી જ્યારે સ્કૂલમાં ભણવા માટે જતા ત્યારે એક વખતે સ્કૂલના માસ્તરે સાહેબજીને સહજ ઠપકો આપ્યો હતો. જેથી બીજે દિવસે સ્કૂલે ગયા નહીં. તેમના ક્લાસમાં આશરે સાઠ વિદ્યાર્થીઓ હતા. સાહેબજી (રાયચંદભાઈ) આજ રોજ સ્કૂલે આવ્યા નથી તેવું જાણવાથી સ્કૂલના તમામ છોકરાઓ સાહેબજી પાસે આવ્યા. સાહેબજી બધા છોકરાઓને સાથે લઈ ખેતરોમાં કેટલેક દૂર ગયા. ત્યાં સાહેબજી પાસે બોર હતા. તે તમામ છોકરાઓને વહેંચી આપ્યા, બાદ પોતે ખાધા હતા.

## થયેલી ભૂલની ક્ષમા

સ્કૂલમાં માસ્તરે વિચાર કર્યો કે આજ રોજ કોઈપણ છોકરાઓ કેમ આવ્યા નથી? પછી વિચાર કરતાં જણાયું કે ગઈ કાલે રાયચંદભાઈને મેં ઠપકો આપ્યો હતો. તેથી તે નહીં આવવાથી કોઈપણ છોકરાઓ આવ્યા નથી. પછી માસ્તર, સાહેબજી પાસે આવ્યા અને નમસ્કાર કરી જણાવ્યું કે હવેથી હું કોઈપણ દિવસે કાંઈપણ કહીશ નહીં. તેમ થયેલી ભૂલને માટે ક્ષમા માગી હતી.

તેઓ જન્મથી જ કવિ હતા. ઘણી નાની ઉંમરે તેઓશ્રી કવિતાઓ બનાવીને છોકરાઓને આપતા અને તે મોઢે કરાવતા હતા.

## મહાવીર પ્રભુને તમારી દૃષ્ટિમાં ઉતારો

સાહેબજી નાના બાળકોને પોતાની પાસે બોલાવી કહેતા કે તમો ધ્યાનમુદ્રા પ્રમાણે આમ હાથ નીચે હાથ રાખી શ્રી મહાવીરને તમારી દૃષ્ટિમાં ઉતારો. ત્યારે કેટલાકોએ તેમ કર્યું અને કેટલાક પલાંઠી વાળી ન શક્યા તેમને ભીંત ના ઓઠે ઊભા રાખ્યા હતા અને સાહેબજી પોતે ગાથાઓ બોલતા જાય.

## ઠાકોર સાહેબના પ્રશ્નનો ઉત્તર કેવળ શ્રીમદ્ જ આપી શક્યા

શ્રી મોરબી સ્વસ્થાનમાં ઠાકોર સાહેબ સર વાઘજી એક વખત શ્રી વવાણિયાની નિશાળની મુલાકાતે આવેલ, તે વખતે તેઓશ્રી ગુજરાતી છઠ્ઠા ધોરણમાં હતા. એક પ્રશ્ન ઠાકોર સાહેબ તરફથી નિશાળીયાઓને પૂછવામાં આવ્યો. કોઈ નિશાળીયો ઉત્તર આપી શક્યો નહીં, મોટા માસ્તર તેમજ તેની નીચેના માસ્તરો પણ જવાબ આપી શક્યા નહીં. ત્યારે શ્રીમદે આજ્ઞા માગી કે મને રજા આપો તો તેનો જવાબ હું આપી શકીશ. ઠાકોર સાહેબે રજા આપી એટલે તેઓશ્રીએ ઘણા જ સંતોષપૂર્વક તે પ્રશ્નનો ખુલાસો કર્યો. તેથી ઠાકોરસાહેબ ઘણા ખુશી થયા અને તે દિવસે પોતાની મુલાકાત માટે હાથ-અક્ષરની રાખવામાં આવેલ ચોપડીની અંદર ઘણો જ સારો શેરો (લખાણ) કર્યો હતો.



## શ્રીમદ્‌ની નિસ્પૃહતા

કચ્છ દેશના તે વખતના દીવાનસાહેબ મણિભાઈ જશભાઈ જ્યારે જ્યારે ગુજરાતમાંથી કચ્છમાં જતા અને કચ્છમાંથી ગુજરાતમાં આવતા ત્યારે ત્યારે વવાણિયા મુકામે કચ્છના ઉતારામાં શ્રીમદ્‌ને બોલાવતા અને પ્રસંગોપાત વાતચીત કરતા તેમજ ચર્ચા પણ કરતા અને શ્રીમદ્‌ની બુદ્ધિથી ઘણા ખુશી થતા હતા. અને માંગણી કરતા હતા કે તમો કચ્છમાં આવો તો હું તમને વર્ષાસન કચ્છ દરબાર તરફથી બંધાવી આપીશ, પણ શ્રીમદ્‌ની ઇચ્છા નહીં હોવાથી તે બંધ રહેલ.

## બાળવયમાં ધર્મસંબંધી માર્મિક વ્યાખ્યાન

એક વખતે મણિભાઈ જશભાઈ સાહેબજી પાસે આવ્યા હતા. કચ્છ દેશ તરફ પધારવા માટે ઘણા આગ્રહપૂર્વક સાહેબજીને વિનંતી કરી. જેથી સાહેબજી કચ્છ તરફ તેમની સાથે પધાર્યા હતા. ત્યાં સાહેબજીએ ઘણા લોકો મધ્યે ધર્મસંબંધી વ્યાખ્યા કરી ભાષણ આપ્યું હતું. જેથી કચ્છના લોકો ઘણા આશ્ચર્યચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા કે આ છોકરો બાળવયમાં આવા કાર્યો કરે છે તો આગળ પર મહાપ્રતાપી તેમજ યશવાન નીવડશે.

## બાળવયમાં રામાયણ અને મહાભારતની સમજાવટ

રામાયણ અને મહાભારત વાંચવાનો તેઓશ્રીને બાળવયથી જ શોખ હતો. તે કારણને લીધે તેઓશ્રી વજાભગતની મઢીમાં જતા અને તે ભગત પાસેથી રામાયણ અને મહાભારતની ચોપડી લઈને વાંચતા અને ભગતને તેનો અર્થ સમજાવતા હતા. ઉંમર આશરે ૧૧-૧૨ વર્ષની હતી.

## તમારો દીકરો દૈવી પુરુષ

એક વખતે મારા પિતાશ્રી મનજીભાઈ મોરબી ગયા હતા. સાહેબજી પણ ત્યાં હતા. તે સમય તેમની ઉંમર નાની હતી. ત્યાંના કેટલાક લોકોએ ઘણા જ આગ્રહપૂર્વક વિનંતી કરી કે અમોને અવધાન કરી બતાવો, જેથી સાહેબજીએ અષ્ટાવધાન કરી બતાવ્યા હતા. આ ચમત્કૃતિ જોઈને મારા પિતાશ્રી તો તાજ્જુબ બની ગયા હતા. રાત્રે જ્યારે શ્રી વવાણિયા બંદરે આવ્યા કે તુરત જ પરમકૃપાળુદેવના પિતાશ્રી પાસે ગયા. મકાન બંધ હતું, જેથી સાંકળ ખખડાવી બારણું ઉઘડાવ્યું અને તેમને કહ્યું કે તમારો દિકરો તો કોઈ એક દેવપુરુષ જાગ્યો, મોરબીમાં ગજબ કરી નાખ્યો વગેરે અનેક વાતચીતો કરી હતી.

## અવધાનની જોયેલ અદ્‌ભુત ચમત્કૃતિ

સાહેબજી જ્યારે લઘુવયના હતા ત્યારે એક વખતે મોરબીથી અવધાન કરીને શ્રી વવાણિયા બંદરે પધાર્યા ત્યારે મેં સાહેબજીને કીધું કે તમો બીજે ઠેકાણે ચમત્કૃતિ બતાવો છો અને મને તો કાંઈપણ બતાવતા નથી, માટે આજે તો જોવા ઇચ્છા છે. ત્યારે સાહેબજી સહજ હસમુખે બોલ્યા કે તેમાં શું આશ્ચર્ય છે? તમે તમારા મનમાં ગમે તેટલા આંકડા ધારો અને તેના તમામ આંકડાઓ ગમે તે પ્રકારે ત્રુટક ત્રુટક બોલી જાઓ. જેથી હું એક વખત સત્તાવીસમો અને એકવખત સત્તરમો, બીજી વખત પિસ્તાલીસમો તો ત્રીજી વખત આઠમો એવી રીતે દરેક આંકડાઓ બોલી ગયો. સાહેબજી તુરત જ તમામ આંકડાઓ અનુક્રમે ગોઠવણીથી બોલી ગયા જેથી મને ઘણું જ આશ્ચર્ય લાગ્યું અને સાહેબજીમાં અદ્‌ભુત ચમત્કૃતિ છે એમ થયું, પણ સાહેબજી જ્ઞાનીપુરુષ છે તેવી ઓળખાણ મને ત્યારે થઈ નહોતી.



## શ્રીમદ્‌ની આગાહી

શ્રી પાનાચંદભાઈની પત્ની ગુજરી જવાથી ફરી લગ્ન કરવાનો તેમનો વિચાર હતો. તેથી સાહેબજીને પૂછવા માટે અવારનવાર આવતા. એકવાર તેઓના વગર પૂછ્યે સાહેબજીએ જણાવ્યું કે તમે જે હકીકત પૂછવા ધારો છો, તે સંબંધી હવે અમો તેવા કામ કરતા નથી. પછી પાનાચંદભાઈ શ્રી રવજીભાઈના મિત્ર હોવાથી પિતાશ્રીના આગ્રહથી સાહેબજીએ પાનાચંદભાઈને જણાવ્યું કે હાલ તમો બે મહિના સુધી લગ્ન કરશો નહીં અને તમારા છોકરા સંબંધી જે પૂછવાનું ધારો છો તે બધી વાતે પૂરો થશે. બે મહિના બાદ શ્રી પાનાચંદભાઈ ગુજરી ગયા હતા અને તેમનો છોકરો બધી વાતે પૂરો નીવડ્યો હતો.

## શ્રીમદે કરેલ માતુશ્રીની સેવા

એક વખત પરમપૂજ્ય માતુશ્રી દેવબાઈને ઘણો જ સખત મંદવાડ હતો, અને આખર સ્થિતિ જેવું હતું. બધાએ આશા મૂકી દીધી હતી. તે વખતે રાત્રિના અગિયાર વાગતાના સુમારે મને હાક પાડી બોલાવરાવ્યો. સાહેબજી પોતે ઓશીકે ખાટલા પર માતુશ્રીની પાસે બેઠા હતા. અને મને પાંગોઠીએ બેસવાનું કહ્યું હતું. સાહેબજી ગાથાઓ બોલતા જાય અને માતુશ્રીના ડીલ પર હાથ ફેરવતા જાય. લગભગ બે કલાક પછી માતુશ્રીને ભાન આવ્યું અને બોલ્યા કે કોણ ભાઈ? ત્યારે સાહેબજીએ કીધું કે હાજી, મા કેમ છે? ઠીક છે ને? ત્યાર પછી લગભગ બે કલાક સુધી ફરી તેમ કર્યું અને સાહેબજીએ જણાવ્યું કે, મા સારું થઈ જશે. પછીથી સવારે સારી પેઠે આરામ થઈ ગયો હતો.

## પરમકૃપાળુદેવના પ્રતાપે કાર્ય સિદ્ધિ

સાહેબજી એકવાર મોરબીમાં રેવાશંકરભાઈને ત્યાં ઊતર્યા હતા. ત્યાં રાત્રે દશ-અગિયાર વાગે મુંબઈથી તાર આવ્યો કે સાઠ હજાર રૂપિયા બેંકમાં આવતી કાલે ચાર વાગતા દરમીયાન ભરવા જોઈએ, પણ દુકાનની સિલકમાં તેટલા રૂપિયા ન હોવાથી ભાઈ શ્રી રેવાશંકરભાઈ મુંઝાયા. તે સમયે સાહેબજીએ તુરત જ ભાઈશ્રી રેવાશંકરભાઈને જણાવ્યું કે લો, આ તારનું ફોર્મ અને અમુક ઠેકાણે તાર કરો. ત્યારે ભાઈશ્રી રેવાશંકરભાઈ કહે કે આમ તે કંઈ ઘણી આપતા હશે? પણ બીજે જ દિવસે જવાબ આવ્યો કે રૂપિયા ભરાઈ ગયા છે.

## પરમકૃપાળુદેવની કૃપાએ વ્યાધિનો વિનાશ

એક વખત મને મહિનાથી લાગુ પડેલ તાવ ૧૦૨-૧૦૩ ડીગ્રી રહેતો હતો. તેવામાં સાહેબજી મુંબઈથી પધાર્યા અને તુરત જ મને જોવા માટે આવ્યા. સાહેબજી ખાટલા પર બેઠા અને મારા શરીર પર હાથ ફેરવ્યો અને પૂછ્યું કે કેમ છે? મેં કીધું કે તાવ વિશેષ રહ્યા કરે છે. સાહેબજીએ જણાવ્યું કે, કેમ, કંઈ ખાવું છે? ત્યારે મેં કહ્યું કે જો આપ દાડમ લાવ્યા હો તો તે ખાવા ઇચ્છા છે. ત્યારે સાહેબજીએ દાડમ મંગાવ્યું અને ભાંગીને દાણા કાઢી મને આપ્યા તે મેં ખાધા. સાહેબજી મારા શરીર પર ફરી હાથ ફેરવતા જાય અને મને પૂછ્યું કે કેમ છે? મેં કીધું કે સારું છે. તે વખતે સાહેબજીએ જણાવ્યું કે ફરવા ચાલો. મેં કહ્યું હજુ બરાબર શક્તિ નથી. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે ચાલો, આવી શકાશે. પછી હું સાહેબજી સાથે ફરવા માટે ગયો હતો. ત્યાં મને કાંઈપણ વ્યાધિ કે દુઃખ થયું નહોતું, પણ ઘણો જ આનંદ થયો હતો.



પરમકૃપાળુદેવની કૃપાએ પોપટભાઈ મનજીના વ્યાધિનો વિનાશ



સાહેબજીએ મને જણાવ્યું કે મોરબી ચાલો. મેં કીધું; હજુ બરાબર શક્તિ આવી નથી. ત્યારે સાહેબજીએ મને જણાવ્યું કે કાંઈ હરકત નહીં આવે, ચાલો. પછી હું સાહેબજીની સાથે મોરબી ગયો હતો. અને સારી પેઠે મને આરામ થયો હતો.

## શ્રીમદ્‌ના ખુલાસાથી શાંતિ

એક પ્રસંગે એમના વહીવટદાર શ્રી લક્ષ્મીચંદ લવજી સાથે મારે બોલાચાલી થતાં તેણે મારી પાસે લેણી થતી બંદરની જકાતની રકમ રૂ.૭૦૦/-ના આશરે ચોવીશ કલાકમાં ભરી દેવા હુકમ કર્યો. અથવા ન ભરું તો કાયદા પ્રમાણે મારી સામે પગલાં ભરવા જણાવ્યું. મારી પાસે તે વખતે તેટલી રકમ હાજર નહોતી. તેમજ પરગામથી મંગાવીને ભરી દેવા જેટલો વખત નહોતો. તેથી ભયભીત થઈ હું શ્રીમદ્ પાસે ખુલાસો કરવાની અભિલાષાએ ગયો. શ્રીમદે મારા બોલવા અગાઉ જ મને જણાવી દીધું કે આજે તમોને અવેજની (રકમની) ઘણી જરૂર જણાય છે. તેથી મને તેઓશ્રીની જ્ઞાનશક્તિનો અચંબો થયો. અને ત્યારબાદ જે બનેલ હકીકત હતી તે તેઓશ્રી પાસે વિદિત કરી. તેઓશ્રીએ જણાવ્યું કે રાજકોટ તિજોરી ઉપરની હુંડી અથવા ચેક આપવાથી તે કાર્ય પતવું જ જોઈએ, છતાં તે વહીવટદાર ન માને તો પછી ડરવા જેવું નથી. મેં વહીવટદારને હુંડી લેવા કહ્યું તેણે હા પાડી, જેથી શ્રીમદ્ પાસેથી રાજકોટવાળા શેઠ કરસનજી મૂલચંદની હુંડી લખાવી મેં વહીવટદારને આપી. જે તેણે કબૂલ રાખી.

## સત્ય હશે તે જ કહેવાશે

એક વખતે મુંબઈ તથા મોરબીવાળા ઢુંઢકપંથના શેઠીયા લોકોએ સાહેબજી સાથે ખાનગીમાં વાતચીત કરી જણાવ્યું હતું કે તમો અમારો માર્ગ દીપાવો; તમે કહો તે પ્રમાણે અમો તમને સારી રીતે માનપાન આપીએ વગેરે ઘણા પ્રકારથી લાલચ બતાવી વાત કરી ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે જે સત્ય હશે તે જ કહેવાશે; અમોને કંઈ મતભેદ કે કોઈપર રાગદ્વેષ નથી. તમે જે લાલસાઓ બતાવી તેને અમે તુચ્છ ગણીએ છીએ.

## આ પુરુષ ધર્મને દીપાવી શકે

મોરબીમાં જેઠમલજી નામના ઢુંઢીયાપંથના એક સાધુ હતા. તેઓ વિદ્વાન ગણાતા હતા. તેમણે એકવાર સાહેબજીને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તે પ્રશ્નોના સાહેબજીએ એવા ખુલાસા કર્યા કે જેથી તેઓ ઘણો જ આનંદ પામ્યા અને વિચારવા લાગ્યા કે આ પુરુષ આપણી સાથે રહે તો ઘણો જ આનંદ થાય, અને ધર્મને દીપાવી શકે. તેથી થોડા દિવસ પછી ફરીથી સાહેબજી પાસે આવ્યા અને જણાવ્યું કે તમો આ ઢુંઢકપંથને દીપાવો. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે સત્ય વસ્તુ હશે એ જ અમારાથી કહેવાશે.

## અજ્ઞાનના કારણે જીવ ભયભીત

એક વખતે સાહેબજી તથા મૂલજીભાઈ ભાટીયા ફરવા માટે ગયા હતા. સ્મશાન ભૂમિકાથી કેટલેક દૂર ઊભા રહ્યા હતા. ત્યાં સ્મશાન તરફ એક માણસ હાથમાં સળગતી મશાલ લઈને જતો હતો, તે જોવામાં આવ્યું. થોડીવાર પછી બે દેખાયા, ચાર દેખાયા, છ દેખાયા, દશ દેખાયા, વીશ દેખાયા અનુક્રમે એમ જતાં જોવામાં આવ્યા. એ જોઈ ભાઈ મૂલજીભાઈ ભય પામ્યા. ત્યારે સાહેબજીએ મૂલજીભાઈને જણાવ્યું કે ચાલો, આપણે તેની તપાસ કરીએ. અમારા જાણવામાં છે પણ તમારું ચિત્ત ભયાકુલ છે, જેથી



પ્રત્યક્ષ જોવામાં આવે તો સમાધાન સહેજે થાય અને ભય ટળે. સાહેબજીએ કીધું કે ચાલો, કંઈપણ તમોને બાધ આવે તો તેનો વીમો અમે ઉતારીએ છીએ. આ પ્રમાણે સાહેબજીએ ધીરજ આપી છતાં ભયાકુલ ચિત્તે સાહેબજી સાથે ગયા. તે લોકોથી થોડે દૂર ઊભા રહ્યા. ત્યાં થઈને એક માણસ જતો હતો તેને પૂછ્યું કે આ શું છે? ત્યારે તે માણસે કહ્યું કે એક મુસલમાન ગુજરી ગયો છે. તેને કબ્રસ્તાનમાં લાવેલા છે. તેની સાથે અંધારું હોવાથી આ બધા મશાલચીઓ છે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કેમ, જોયુંને? નહિ તો આમને આમ ભય પામત.

## શ્રીમદ્‌નું અદ્‌ભુત જ્યોતિષજ્ઞાન

એક વખતે મારા કાકાને ત્યાં દીકરાનો જન્મ થયો. ઘડિયાળ ન હોવાથી કયા ટાઈમે જન્મ થયો તે ખબર નહોતી. છતાં મેં સાહેબજીને જન્મકુંડળી કરી આપવા જણાવ્યું. ત્યારે સાહેબજીએ આકાશના તારાઓ તરફ દૃષ્ટિ કરી મને જણાવ્યું કે તમો જોઈ આવો કે તે ગર્ભિત બાઈ પાસે અમુક અમુક આટલી બાઈઓ બેઠેલી છે? તે ગર્ભિતબાઈનો ખાટલો અમૂક દિશા તરફ છે? તે સ્થાનકે દીવો અમુક જગા પર છે? જન્મ થયેલ દિકરાનું મસ્તક અમૂક દિશા તરફ છે? આટલી તપાસ કરીને આવો. તેથી હું તપાસ કરવા માટે ગયો અને ઉપર જણાવેલ સઘળી બાબતો પૂછી તો બધું એ જ પ્રમાણે હતું. સાહેબજીને મેં આવીને કહ્યું કે બધું એમ જ છે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે ઠીક તમો સવારે આવજો. સવારે હું સાહેબજીની પાસે ગયો ત્યારે મને કુંડળી કરી આપી હતી.

## શ્રીમદ્‌ના ઉત્તરથી ઊતરી ગયેલ જોગીનો મદ

એક દિવસ રામદાસજી નામના જોગી ગામના અખાડામાં ઊતર્યા હતા. તેઓએ વાત સાંભળી હશે કે આ ગામમાં 'રાયચંદભાઈ'નામના મહાત્મા છે અને ઘણા જ ચમત્કારિક છે. તેથી મારી દુકાન પર આવ્યા અને પૂછ્યું કે અત્રે 'રાયચંદભાઈ' નામના પુરુષ છે કે? મારે મળવાની ઇચ્છા છે. મેં કીધું કે ચાલો. તે જોગીને હું સાહેબજી પાસે લઈ ગયો. સાહેબજી પોતે ગાદી પર બિરાજ્યા હતા. તે પરથી તુરત ઊભા થઈ વિનયપૂર્વક હાથ જોડી નમસ્કાર કરી તે જોગીને ગાદી પર બેસાડ્યા અને પોતે એક પડખા પર બેઠા. તે જોગીએ સાહેબજીને કહ્યું કે મારે કેટલાક પ્રશ્નો પૂછવા ઇચ્છા છે. આપકૂં સબ લોક મહાત્મા તરીકે માને છે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે ''કાંઈ નહીં, ફરમાવો. યોગ્યતા પ્રમાણે ખુલાસો કરીશ.'' પછી તે જોગીએ સાહેબજીને અમુક દર્શનવાલે જીવને કર્મનો કર્તા કહતે હૈ ઔર વેદ દર્શનવાલે આ પ્રમાણે કહતે હૈ. વગેરે પ્રશ્નો પૂછ્યા હતા. સાહેબજીએ સર્વ હકીકત સાંભળી જણાવ્યું કે ''હવે બીજું કાંઈપણ પૂછવાનું બાકી રહ્યું છે? હોય તો જણાવો. ત્યારે તે જોગીએ જણાવ્યું કે બીજું નથી. પછી સાહેબજીએ તેમના પ્રથમ પ્રશ્નનો એવો ખુલાસો કર્યો હતો કે જેથી તેમનો તમામ મદ ગળી ગયો. એ પ્રમાણે અનુક્રમે સર્વે પ્રશ્નોનો ખુલાસો કર્યો. જેથી તેઓ ઘણો જ આનંદ પામ્યા અને જોગીજી તુરત જ ગાદી પરથી ઊભા થઈ સાહેબજીના સન્મુખે બેઠા અને સાહેબજીને જણાવ્યું કે હું તો આપકા દાસ છું. આપકે સન્મુખ બેસવા લાયક છું. મારી ઘણી જ ભૂલ થઈ છે, મારાથી આપશ્રીકી અશાતના થઈ છે જેથી હું ક્ષમા માગું છું. એમ કહી એકદમ સાહેબજીના સન્મુખે ઊભા રહી વારંવાર સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. ત્યારે સાહેબજીએ તેમ કરતાં અટકવા જણાવ્યું. પરંતુ જોગીજી ઘણા જ ઉત્સાહમાં અટક્યા નહીં. લગભગ ત્રણ કલાક બેઠા હતા. બાદ ફરીથી આવ્યા હતા ત્યારે એક કલાક સુધી બેઠા હતા.



## શ્રીમદ્નો ઉત્તર શેઠના જન્માક્ષર સાથે મળતો આવ્યો

કચ્છ માંડવીના રહીશ શેઠ પુરુષોત્તમ ઉમરશી અને કલીકોટ બંદરના મોટા વેપારી એક વખત કચ્છ જતા વવાણિયા આવેલ અને શ્રીમદ્નું નામ અને ખ્યાતિ સાંભળી એક પ્રશ્ન નીચે મુજબ પૂછ્યો હતોઃ—

''મારો કઈ સાલ, કયો મહિનો, કયા દિવસ અને કેટલા કલાકે, કેટલી પળે જન્મ થયેલ? તે જણાવો.'' જેનો ઉત્તર શ્રીમદે આકાશમંડળ તરફ ધ્યાન આપી કાગળ પર લખી આપ્યો કે જે તે શેઠના જન્મ વખતે લીધેલા જન્માક્ષરની સાથે બરાબર મળતો આવ્યો હતો.

## આરજાજીને શ્રીમદ્ પાસે સૂયગડાંગ સૂત્ર સાંભળવાની ઇચ્છા


એક વખત ત્રણ આરજાજી મોંઘીબાઈ, જડાવબાઈ વિગેરે વવાણિયા આવ્યા હતા અને ઉપાશ્રયમાં ઊતર્યા હતા. આરજાજી પાસે હું એક વખત ગયો હતો ત્યારે તેમણે મને કીધું કે અમોએ એવી વાત સાંભળી છે કે 'રાયચંદભાઈ' મહાજ્ઞાની પુરુષ છે. તેઓની પાસે અમારે સાંભળવાની ઇચ્છા છે. માટે જ્યાં સુધી અત્રે છીએ ત્યાં સુધી હમેશાં અત્રે આવે તો ઘણું સારું. તે વાત મેં સાહેબજીને વિદિત કરી. સાહેબજીએ જણાવ્યું કે સૂત્ર સાંભળવું છે? ત્યારે હું આરજાજીને પૂછવા ગયો. આરજાજીએ જણાવ્યું કે સૂયગડાંગ સૂત્ર સાંભળવા ઇચ્છા છે. તે વાત મેં સાહેબજીને વિદિત કરી. ત્યારે સાહેબજીએ કબાટમાંથી તે પુસ્તક કાઢીને મને આપ્યું અને જણાવ્યું કે લ્યો, આપી આવો.ત્યારે મેં સાહેબજીને કીધું કે આપ પધારો તો ઠીક. આપની પાસે સાંભળવા ઇચ્છા છે. સાહેબજીએ જણાવ્યું કે આવતીકાલે બપોરે બે વાગે જઈશું, તમો પણ આવજો.

હું બીજે દિવસે બપોરે એક વાગે સાહેબજી પાસે ગયો. સાહેબજીએ જણાવ્યું કે કેમ, ગઈ કાલે જણાવ્યું હતું તે લક્ષમાં છે કે બે વાગે જવાનું છે. મેં કીધું હાજી. સાહેબજી જ્યારે જવા માટે તૈયાર થયા ત્યારે બે વાગ્યા. તેઓશ્રી આગળ ચાલતા હતા અને હું તેમની પાછળ ચાલતો હતો. ઉપાશ્રય નજીકમાં હતો. સાહેબજી ઉપાશ્રયમાં પધાર્યા. હું પણ સાથે જ હતો. આરજાજી પાટ પર બેઠા હતા. અને સાહેબજી નીચે બિરાજ્યા. સાહેબજીએ સૂયગડાંગ સૂત્રમાંથી બે ગાથાઓ વાંચીને તે ગાથાઓનું સવિસ્તર વર્ણન એવું તો સ્પષ્ટ રીતે કર્યું કે જે સાંભળી આરજાજી તો ચકિત થઈ ગયા, સ્તબ્ધ બની ગયા. અને સાહેબજી પ્રત્યે બોલવા લાગ્યા કે અહો! અમોએ તો આ પ્રમાણે કોઈ સ્થાને સાંભળ્યું નથી. તેમજ કોઈપણ સાધુ મહારાજ કે સાધ્વીજીએ સમજાવ્યું નથી. આપે અમારા ઉપર મહંત ઉપકાર કર્યો છે. એમ કહી બધા આરજાજીઓ પાટ પરથી ઊભા થઈ ગયા. ત્યારે સાહેબજી બોલ્યા કે આમ કાં કરો છો? ત્યારે આરજાજી બોલ્યા કે અમો પાટ ઉપર બેસવા લાયક નથી, અમારી ઘણી જ ભૂલ થઈ છે, તેથી આપની આશાતના થઈ છે.

## એક માસ આપેલ લાભ

ત્યારપછી આરજાઓએ મને કીધું કે હાલમાં લગભગ એક માસ સુધી અમારી સ્થિરતા થવાની છે. ત્યાં સુધી હમેશાં એકાદ કલાક પધારે તો ઘણો જ લાભ મળી શકશે. આ હકીકતને મેં સાહેબજીને વિદિત કરી ત્યારે તેમણે જણાવ્યું કે ભલે, તેમ કરીશું. તમો હમેશાં હાજર રહેજો.

આ પ્રમાણે સાહેબજી હમેશાં ઉપાશ્રયે પધારતા અને સાથે હું પણ જતો હતો. સાહેબજી જ્યારે ઉપાશ્રયમાં પ્રવેશ કરતા કે તુરત જ આરજાઓ પાટ પરથી ઊભા થઈ જતા અને નીચે બેસતા હતા.



(આવી રીતે મોક્ષમાળાના પાઠો પણ આરજાજીઓને સમજાવ્યા હતા.)

**ગ્રંથોના પાના ફેરવી જણાવેલ સહજાનંદસ્વામીનો અભિપ્રાય**

એક વખત સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓ સાહેબજી પાસે આવ્યા. તે સાધુઓ પાસે તેમના ધર્મસંબંધી ગ્રંથો હતા. તે ગ્રંથો તેઓએ સાહેબજી પાસે મૂક્યા. તે ગ્રંથો હાથમાં લઈ ફક્ત પાનાઓ ફેરવી સાહેબજીએ જણાવ્યું કે સહજાનંદસ્વામીએ જે નિરૂપણ કર્યું છે તે આ પ્રમાણે છે. તેમણે મત ચલાવ્યો તેનો હેતુ આ પ્રમાણેનો હતો; પરંતુ તમે તો આ પ્રમાણે વર્તો છો. તેનો કાંઈપણ જવાબ તેઓ આપી શક્યા નહીં અને થોડો વખત બેસી ચાલ્યા ગયા.

**અમારે ભગવાન મહાવીરથી વિરુદ્ધ કંઈ કહેવું નથી** —ચિત્ર નંબર ૧

કેટલાક લોકો અજાણપણામાં તેમજ સાહેબજીના સમાગમમાં નહીં આવેલ હોવાથી એમ ધારતા હતા કે એ તો કંઈ બધાથી જુદી જ વાત કરે છે. એકવાર તે લોકો સાહેબજી પાસે આવ્યા હતા. ત્યારે સાહેબજીએ તેઓના વગર કીધે જણાવ્યું કે તમારું અમારા માટે જે ધારવું છે, તે ભૂલ ભરેલું છે. શ્રી મહાવીરે જે માર્ગ દર્શાવેલ છે એજ પ્રમાણે ચાલવાનું છે. તે સિવાય બીજા કોઈ પ્રકારે માર્ગ મળી શકવાનો નથી. અમારે કાંઈ શ્રી મહાવીરે દર્શાવેલ માર્ગથી વિરુદ્ધ દર્શાવી અનંતો સંસાર વધારવો નથી, વિરુદ્ધતાથી કહેવાનું કાંઈ પ્રયોજન નથી.

**શ્રીમદ્ સોળે ભાષા બોલી, વાંચી અને લખી શકતા હતા** —ચિત્ર નંબર ૨


સાહેબજી પોતે સવારમાં હંમેશ નાહીને લગભગ બે ત્રણ કલાક સુધી સૂત્રજીના પાના વાંચતા હતા. તે એવી રીતે વાંચતા હતા કે એક પાનું લીધું કે બીજું ફેરવ્યું, એમ અનુક્રમે પાના ફેરવી જતા. સાહેબજીએ ફક્ત ગુજરાતીનો જ અભ્યાસ કર્યો હતો; પરંતુ તમામ ભાષામાં-સોળે ભાષામાં બોલી શકતા, વાંચી શકતા અને લખી શકતા હતા. તે તે ભાષાઓનો જેઓએ અભ્યાસ કરેલો હોય તેઓની થતી ભૂલો પણ સુધારી આપતા કે આ ઠેકાણે તમારી આટલી ભૂલ થાય છે. તે જાણી મને ઘણું આશ્ચર્ય લાગતું હતું.

**સત્પુરુષ પાસે ઋદ્ધિ સિદ્ધિ માટે આવવાથી સંસાર વૃદ્ધિ** —ચિત્ર નંબર ૩

કેટલાક લોકો સાહેબજી પાસેથી ઋદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત થશે, તેવા હેતુથી આવતા હતા. તેઓ તરફ સાહેબજી બિલકુલ લક્ષ આપતા નહોતા. એક વખતે સાહેબજીએ જણાવ્યું કે તમો અમારી પાસે જે ઇચ્છાએ આવો છો તેવી ઇચ્છાએ અમારી પાસેથી તમોને પરમાર્થલાભ નહીં થાય, તેવી ઇચ્છાઓ ભવવૃદ્ધિના હેતુ છે, માટે તેવી ઇચ્છાએ આવશો નહીં.

**મુસલમાનોને જણાવેલ મહંમદ પેગંબરનો આશય** —ચિત્ર નંબર ૪

એક વખત મુસલમાન ખોજા મેમન વગેરે સાહેબજી પાસે આવ્યા હતા. તેઓની સાથે સાહેબજી મસ્જીદમાં પધાર્યા હતા. હું પણ સાથે હતો. ત્યાં સાહેબજીએ તેઓને જણાવ્યું કે તમારા મહંમદ પેગંબરે આ પ્રમાણે કહ્યું હતું, અને તમો આ પ્રમાણે વર્તો છો તે ભૂલ છે. તેઓનો હેતુ આ પ્રમાણેનો હતો, નમાજનો અર્થ આ પ્રમાણે છે વગેરે કેટલીક વાતચીત કરી હતી. પછી તે લોકો માંહેથી એક જણ બોલ્યો કે - આપકા કહના સબ સચ્ચા હી હૈ, પરંતુ અનસમજ કે કારણ બરાબર સમજમેં નહીં આયા ઈસલિયે ફેરફાર વર્તતે હૈ વગેરે બોલ્યા હતા. ત્યારબાદ સાહેબજી મુકામે પધાર્યા હતા.


(૧) અમારે ભગવાન
મહાવીરથી વિરુદ્ધ
કંઈ કહેવું નથી
(૨) શ્રીમદ્ સોળે ભાષા બોલી, વાંચી અને લખી શકતા હતા
(૩) સત્પુરુષ પાસે ઋદ્ધિ સિદ્ધિ માટે
આવવાથી સંસાર વૃદ્ધિ
(૪) મુસલમાનોને જણાવેલ મહમદ પયગંબરનો આશય



શ્રીમદ્ કહેતા—માર્ગની ખોટી પ્રરૂપણા કરશો તો અનંત સંસારની વૃદ્ધિ થશે



## આત્મલાભ મેળવવો જોઈએ તે લીધો નહીં

સાહેબજી જ્યારે વવાણિયા બંદરેથી બીજે સ્થાને પધારવાના હતા ત્યારે છેલ્લી વખતે મને જણાવ્યું કે ભાઈ પોપટ, તું અમારી પાસેથી જોઈએ તેવો પરમાર્થલાભ મેળવી શક્યો નહીં. ત્યારે મેં કીધું કે – મેં આપની સેવા બજાવી છે એટલે હું માનું છું કે મને લાભ મળી શક્યો છે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે જે લાભ મેળવવો જોઈતો હતો તે લાભ બિલકુલ મેળવી શક્યો નથી. બીજાઓ સમાગમમાં આવી તે તે પ્રમાણમાં લાભ મેળવી શક્યા છે, પણ તેં લીધો નહીં. ત્યારબાદ સાહેબજીએ જણાવ્યું કે અમો આવતીકાલે આ ક્ષેત્ર છોડી બીજા ક્ષેત્રે જવાના છીએ માટે ટ્રંકપેટી તૈયાર કરી રાખજે. તે પ્રમાણે મેં ટ્રંકપેટીમાં સાહેબજીનાં કપડાં મૂક્યાં અને બે પુસ્તકો મૂક્યાં. પછી મેં સાહેબજીને જણાવ્યું કે ટ્રંકપેટી તૈયાર છે.

ટ્રેન રાત્રિના બે વાગતાના સુમારે વવાણિયાથી ઊપડતી હતી. સાહેબજી અગિયાર વાગે તૈયાર થઈ બહાર પધાર્યા અને મારા મોટાભાઈ પાસે ગયા અને તેમને ઉઠાડ્યા. મારા મોટાભાઈએ સાહેબજીને કીધું કે પોપટને ઉઠાડું? સાહેબજીએ ના પાડી અને જણાવ્યું કે રાત્રે અમોને મળ્યો છે. પછી સાહેબજી અમારી દુકાન પાસે કંદોઈના દુકાનની પાટ ઉપર બિરાજ્યા. ત્યાં ટપાલ વાંચી, બાદ ગાડી આવી. મારા ભાઈ વળાવીને આવ્યા. ઉપર જણાવેલી હકીકત મારા ભાઈ રાયચંદભાઈએ જણાવી હતી.

## શ્રીમદ્‌નું કારણ વગર મૌન, બોલે તો પણ ટૂંકામાં

સાહેબજીનું આતાપબળ ઘણું હતું. તેમની પાસે કોઈ દશ વાત પૂછવા ધારીને આવ્યા હોય અથવા હું દશ વાતો પૂછવા ધારીને ગયો હોઉં તો માંડ માંડ બે વાતો પૂછી શકતો. પરંતુ સાહેબજી ગમે તેટલા પ્રશ્નો હોય તે સઘળાનું સમાધાન એકી સાથે જ કરી લેતા. સાહેબજી પોતે કારણ સિવાય બોલતા નહોતા અને બોલતા ત્યારે પણ ટૂંકમાં બોલતા હતા.

## પુત્રના લક્ષણ પારણામાં

રાઘવજીભાઈ નામના એક ગૃહસ્થ હતા. તેઓ સાહેબજીની જ્યારે બાળવય હતી ત્યારે તેમને સારું ખવરાવીને આનંદ પામતા. એક વખતે તે રાઘવજીભાઈએ રવજીભાઈને કીધું કે રવજીભાઈ, તમારો દીકરો તો તમારું દલદર કાઢી નાખશે, ઘણો જ હોશિયાર નિવડશે. અત્યારથી જ તેના લક્ષણો જણાય છે.

ચિત્ર નંબર ૧

## માર્ગની ખોટી પ્રરૂપણાથી અનંત સંસારની વૃદ્ધિ

સાહેબજીને ત્યાં કોઈ સાધુઓ વહોરવા જાય ત્યારે સાહેબજી પોતે પાસે ઊભા રહીને વહોરાવતા. તેમને જણાવતા કે ખોટી રીતે પ્રરૂપણા કરશો તો અનંત સંસારની વૃદ્ધિ થશે, માટે સત્ય પ્રરૂપણા કરજો.

## શ્રીમદ્‌ના ધ્યાન કે વિચાર સમયે બીજા પણ મૌન

સાહેબજી જ્યારે ધ્યાનમાં કે વિચારમાં હોય ત્યારે કોઈથી કાંઈપણ બોલી શકાય નહીં. જ્યારે નીચી દૃષ્ટિથી ઊંચી નજર કરતા ત્યારે જે કાંઈ કહેવું હોય તે કહી દેતો. મને સાહેબજી 'વવાણિયા સમાચાર' કહેતા હતા.

## જેવી જોઈએ તેવી સારી સ્થિતિ થશે

સાહેબજી જ્યારે નાની ઉંમરના હતા ત્યારે પણ એકલા જ બેસી વાંચતા. તે વખતે માતુશ્રીએ તથા



પિતાશ્રીએ કીધું કે ભાઈ, આપણી સ્થિતિ જોઈએ તેવી નથી માટે કાંઈક ઉદ્યમ કરો તો ઠીક પડે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે જેવી જોઈએ તેવી સારી સ્થિતિ થશે, તે વિષે કાંઈ પણ ઉચાટ રાખશો નહીં, સારી રીતે નિભાવ થઈ શકે તેમ થશે.

### અસભ્ય વર્તનનો પશ્ચાત્તાપ

એક સમયે એક સંન્યાસી વવાણિયા બંદરમાં આવેલ અને રામબાઈની જગ્યામાં ઊતરેલ. તેણે શ્રીમદ્‌ની ખ્યાતિ સાંભળી પ્રશ્નો પૂછવાનો ઈરાદો રાખેલ અને અનાયાસે મારી (પોપટલાલ) પાસે આવી ચઢ્યો અને તેથી હું તે સંન્યાસીને શ્રીમદ્ પાસે લઈ ગયો. શ્રીમદે યથાયોગ્ય સત્કાર આપ્યો અને આવવાનું કારણ પૂછ્યું ત્યારે સંન્યાસીએ તેમને લગભગ ૧૩ પ્રશ્નો પૂછ્યા.

પ્રથમ તેનું વર્તન શ્રીમદ્ પ્રત્યે ઉન્માદવાળું અને અસભ્ય હતું. પણ શ્રીમદે ૪-૫ પ્રશ્નનો ખુલાસો કરતાંની સાથે જ તે સંન્યાસી ઊભા થઈ ત્રણ વખત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બોલ્યા કે મારો જે ખોટો મદ હતો તે આજે ઊતરી ગયો. પછી થયેલ દોષોની શ્રીમદ્ પ્રત્યે માફી માંગી.

તે સંન્યાસી ત્રણ-ચાર દિવસ વવાણિયામાં રહેલ. હમેશાં શ્રીમદ્‌ના દર્શનાર્થે આવતા અને ચર્ચા કરી પોતાના દોષ સુધારતા હતા.

### જિજ્ઞાસુઓનું રોજ આગમન

તેઓશ્રી વવાણિયામાં હોય ત્યાં સુધી તેમની પાસે રોજ લગભગ ૧૫-૨૦ માણસો જિજ્ઞાસુ તરીકે આવ જાવ કરતા.

### કલાક દોઢ કલાક એકાંતમાં વાસ

તેઓશ્રીની સાથે હું ફરવા જતો ત્યારે મને અને બીજા સોબતીઓને નિર્ભય રહેવા જણાવતા તથા મને અને બીજા સોબતીઓને ગામથી થોડે દૂર બેસાડી પોતે જંગલમાં દૂર જતા અને ત્યાં કલાક-દોઢ કલાક શાંતિમાં ગાળી પાછા ફરતા. તેઓશ્રી જ્યારે દૂર ચાલ્યા જતા ત્યારે એક પ્રશ્ન અમારી પાસે ખુલાસો કરવા મૂકી જતા. પ્રશ્ન એવો હોય કે અમો તેનો અર્થ ભાગ્યે જ કરી શકીએ.

દૂરથી આવ્યા બાદ તેઓશ્રી પ્રશ્નનો ખુલાસો કરતા અને અમારી સાથે કલાક-અર્ધો કલાક ગાળી, બધા મોડી રાત્રીએ ઘેર પાછા ફરતા હતા.

### બીજા કોઈને પોતાના દોષ કહેવાય એવો પુરુષ નથી

પરમકૃપાળુદેવે છેલ્લે રાજકોટ જતી વખતે મને કહેલું કે - 'પોપટ, કંઈ ન મળે તો કાળી જારના રોટલા ખાજો પણ અનીતિ કરશો નહીં.' વળી એક વખત કહેલ કે કોઈ દોષ મોટો થઈ જાય અને ખેદ થયા કરતો હોય તો એકાંતમાં જઈ મારી અજ્ઞાનતાથી આ દોષ થયો છે તેની હે પ્રભુ! આપની સાક્ષીએ માફી માંગુ છું. આપ દયા કરીને મને ક્ષમા આપો. બાકી બીજા કોઈને દોષ કહેવાય એવો પુરુષ નથી.

- શ્રી વવાણિયા બંદર, તા. ૩-૬-૧૯૧૫ને ઉતારો કરેલ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે મારી સ્મૃતિમાં રહેલ તે લખેલ છે. ભૂલ થઈ હોય તેની ક્ષમા માંગુ છું.



# પૂજ્ય જવલબાનાં સંસ્મરણો

## વવાણિયા

શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની કુળપરંપરા અને જીવન વિષે જાણવાની સૌની ઇચ્છાથી પૂ.શ્રી જવલબાએ તેમના પૂ.દાદીમા અને વડીલો પાસેથી સાંભળેલી અને પ્રત્યક્ષ જોયેલી હકીકતો નીચે પ્રમાણે જણાવી છે :—

### મહાપુરુષના જન્મથી વવાણિયા તીર્થધામ બન્યું

સૌરાષ્ટ્રમાં આવેલું વવાણિયા બંદર, પૂર્વે તેની જાહોજલાલી અને વેપાર-રોજગાર માટે સુવિખ્યાત હતું. વસ્તી અને વસ્તુ બન્ને દૃષ્ટિએ જે આજે છે તેના કરતાં અનેકગણું સમૃદ્ધ હતું. સમયના વહેણ સાથે આજે આ સ્થળ પૂર્વે હતું તેવું રહ્યું નથી. પણ એ મહાપુરુષનો જન્મ આ નાનકડા ગોકુળિયા જેવા ગામમાં હોઈને આજે એ પવિત્ર તીર્થધામ બન્યું છે.

### દેવમાની સેવાથી સાસુ સસરા પ્રસન્ન


આ મહાપુરુષનો જન્મ શા. દામજી પીતાંબરના કુટુંબમાં થયો હતો. એમના પિતામહનું નામ પંચાણભાઈ હતું. તેઓ મોરબી પાસે આવેલા માણેકવાડા ગામના મૂળ રહીશ હતા. તેઓ પાંચ ભાઈઓ હતા. તેમની સંપત્તિ એટલી વિપુલ હતી કે તેના ભાગ ગણતરીએ નહીં પાડતાં તાંસળીએ (મોટા વાડકા) પાડ્યા હતા. પંચાણભાઈને દીકરો નહીં હોવાથી તેમને ઓછો ભાગ આપ્યો તેથી માઠું લાગતાં પોતાનું વતન છોડી તેઓ વવાણિયા આવીને રહ્યા. (સંવત્ ૧૮૯૨માં વવાણિયા આવ્યા પછી દાદાજીએ એક મકાન વેચાતું લીધું હતું અને એ જ મકાનમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો.) અને વહાણવટાનો ધંધો શરૂ કર્યો. રવીચી માતાની તેમણે માનતા રાખી. ત્યારબાદ પુત્રનો જન્મ થયો. તેથી તેમનું નામ રવજીભાઈ પાડ્યું. ઉંમરલાયક થતાં માળિયામાં રાઘવજી શાહની દીકરી શ્રી દેવબાઈ સાથે શ્રી રવજીભાઈનાં લગ્ન થયાં. દેવબાઈ સ્વભાવે સરળ દેવી સમાન હતા. તેમના પૂ.સાસુજી ભાણુબાઈને તથા સસરાજી પૂ.પંચાણભાઈને આંખની તકલીફ હોવાથી પૂ.દેવમા તેમની સુશ્રૂષા અને ઘરનું કામકાજ ખૂબ ઊલટથી કરતાં. વહુની આવી એકનિષ્ઠ સેવાચાકરીથી તેઓ બહુ પ્રસન્ન રહેતાં પૂ.દેવમાને ત્યારે બાળક નહોતું. એકવાર સાસુએ આશિષ આપી કે : 'વહુ બેટા! ફૂલની જેમ ફૂલજો.'

### પૂ.રામબાઈમા પવિત્ર બાળબ્રહ્મચારિણી

અત્રેની રામમંદિરની જગ્યામાં ત્યારે પૂ.રામબાઈમા આવી રહ્યાં હતાં. પૂ. રામબાઈમા પવિત્ર બાળબ્રહ્મચારી હતાં. ઘણા દયાળુ હોઈ તેમણે અનાથ અને સાધુસંતોની સેવાનું વ્રત આદર્યું હતું. તેમની જગ્યા સૌ અભ્યાગતોને માટે સદા ખુલ્લી હતી. તેમનું ચરિત્ર વિસ્તારથી 'રામબાઈ મા' નામના પુસ્તકથી પ્રસિદ્ધ થયેલું છે. રામબાઈમાની પાસે દેવમાનું પ્રસંગોપાત્ત જવાનું થતું.

### વવાણિયા આવી પૂ. રામબાઈમા સેવા ભક્તિમાં તત્પર થયા

પૂ.રામબાઈમાના લગ્ન નાની ઉંમરમાં થયા હતા. સાસરિયાં તેમને આણું તેડવા આવેલા ત્યારે દુષ્કાળને કારણે ભૂખ્યાં બાળકોનાં ટોળેટોળાં તેમને ગામ વાંટાવદર આવ્યા હતાં. લોકો નિર્દયપણે તેમને મારી મારીને હાંકી કાઢતા હતા. આ જોઈ પૂ.રામબાઈમાને અત્યંત દયાભાવ સ્ફૂર્યો. સૌ બાળકોને પોતાને



શરણે લીધા ને સાસરે ન ગયા. અનાથ બાળકોને લઈ પિયર છોડી ચાલી નીકળ્યા અને વવાણિયા આવી, આજે જ્યાં રામમંદિર છે ત્યાં આવીને રહ્યા અને પોતાનું સમગ્ર જીવન અનાથ, દીનદુઃખીયાં અભ્યાગતોની સેવામાં તેમજ પ્રભુભક્તિમાં ગાળ્યું. સૌને તેમનાથી શાંતિ મળતી. પૂ.દેવમાનો પણ તેઓ એક ઉત્તમ વિસામો હતા. તેમણે પૂ.દેવમાને એક ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થશે એમ કહ્યું હતું અને એ ભવિષ્યવાણી ખરી પડી.

## પરમકૃપાળુદેવના પિતાશ્રી સ્થાનકવાસી જૈન

મારા પિતામહ (રવજી અદા) સ્થાનકવાસી જૈન હતા. તેમનામાં ગરીબો પ્રત્યે બહુ દયાભાવ હતો. ગરીબોને અનાજ, કપડાં વગેરે આપતા. સાધુ સંત, ફકીર પર પણ તેમને બહુ આસ્થા હતી. તેમની સેવા, ભક્તિ કરે અને જમાડે પણ ખરા. વવાણિયામાં ત્યારે કોઈ ઓલિયા ફકીર આવેલા. તેમની સેવા તેમણે બહુ કરી હતી. તેમની પાસે દરરોજ ભોજન વગેરે લઈને જતા. એક વખત તે ઓલિયાએ મારા પૂ.દાદાને કહ્યું : 'રવજી, કલ સબેરે તુમ જલ્દી આના.' તેમણે કહ્યું 'બહુ સારું, બાપજી, વહેલો આવીશ.' બીજે દિવસે ઘરે મહેમાન આવેલા, તેમની સરભરા કરવામાં બાપજી પાસે જતાં મોડું થયું. મહેમાનો માટે ચૂરમું કર્યું હતું તે બાપજીને જમાડવા માટે લઈને ગયા. ફકીર બાવા પાસે પહોંચતા જ તેમણે કહ્યું : 'રવજી, તુમ બહુત દેરસે આયે. અચ્છા! રવજી, તેરેકો દો લડકે હોંગે, એક તો બડા નામ નિકાલનેવાલા હોગા, ઔર દૂસરા ભી અચ્છા હોગા. દોનોં લડકે તુમ્હારા નામ રોશન કરેંગે. મગર બડા લડકા સબકો વંદનીય હોગા. લેકિન રવજી, તુમ બહુત દેરસેં આયે, વક્ત ચલા ગયા. ઈનકે આયુષ્યમેં ફેર પડેગા ઐસા માલૂમ હોતા હૈ. તુમ અબ ઘર પર જાઓ, તુમ્હારા ભલા હોગા.'

પૂ. દેવમા પ્રત્યે તેમના સાસુજીને બહુ વહાલ હતું. અને તેઓ કહેતા : દેવ! તું તો મારે ત્યાં દેવી જેવી છે. તારા જેવી ભલી વહુ કોઈકને જ ત્યાં હશે. બેટા, સૌ સારું થશે.

## સંવત્ ૧૯૨૪ કાર્તિક પૂર્ણિમાએ પરમકૃપાળુદેવનો જન્મ

આમ સાધુસંતોની સેવા અને સાસુ-સસરાના આશીર્વાદ પૂ.દેવમાને ફળ્યા, અને સંવત્ ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમાને વાર રવિની પાછલી રાત્રિએ (રાત્રે બે વાગ્યે) દેવદિવાળીના દિવસે પૂ.દેવમાએ પુત્રરત્નને જન્મ આપ્યો. જેમનું નામ તે દિવસથી 'રાયચંદભાઈ' રાખવામાં આવ્યું. (તેમનું હુલામણાનું નામ 'લક્ષ્મી-નંદન' હતું. સંવત્ ૧૯૨૮માં તે બદલીને 'રાયચંદ' પાડવામાં આવ્યું. આગળ જતાં તેઓ શ્રીમદ્ રાજચંદ્ર નામે પ્રસિદ્ધ થયા.)

## સાત વર્ષની વયે નિશાળે બેસાડ્યા

પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય, એમ આ ભવ્ય વિભૂતિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. ચંદ્ર જેવા શીતળ અને સૂર્ય જેવા તેજસ્વી પોતાના બાળકને તેડીને પૂ.દેવમા રામમંદિરે પૂ.રામબાઈની પાસે જતાં. પ્રભુ સાત વર્ષના થયા ત્યારે રવજી અદા તેમને નિશાળે બેસાડવા લઈ ગયા. વવાણિયાની નિશાળમાં લાવ્યા ને ત્યાં મોટા માસ્તરને વિનંતી કરી કે મારા આ એકના એક દિકરાને બરાબર ભણાવજો; એને મારશો નહીં કે લડશો નહીં. આવી ભલામણ કરી મોટા માસ્તરને સોંપી તેઓ ઘરે આવ્યા.

## સાહેબ, આ તો મને આવડે છે

પ્રભુની અપૂર્વ તેજસ્વિતાએ મુખ્ય શિક્ષકના અંતરમાં પ્રેમ જગાડ્યો અને તેમના હાથ નીચેના



શિક્ષકને બોલાવીને કહ્યું, 'લવજીભાઈ, આને પ્રેમ રાખી ભણાવજો. જરા પણ ખિજાતા નહીં કે મારતા નહીં.' લવજીભાઈના મનમાં થયું કે મોટા માસ્તરના સંબંધીનો પુત્ર હશે તેથી આમ ભલામણ કરતા હશે. લવજીભાઈ તો પોતાના વર્ગમાં બાળ રાજચંદ્રને લઈ ગયા. એકથી પાંચ સુધી આંકડા લખી આપ્યા અને કહ્યું, 'રાયચંદ, જા ક્લાસમાં બેસીને ઘૂંટી લાવ.'

પ્રભુ પાટી તરફ એક નજરે જોઈ રહ્યા અને વિચારમગ્ન થયા, તરત જ શિક્ષકને જઈને કહ્યું કે સાહેબ, આ તો મને આવડે છે. એમ કહી પાંચે આંકડા લખી બતાવ્યા. શિક્ષકના મનમાં થયું કે ઘરમાં તેને શીખવ્યા હશે. બીજે દિવસે પ્રભુએ સો સુધી લખી બતાવ્યું. (શ્રી સ્થૂલીભદ્રજીના ચરિત્રમાં તેમની બહેનો સંબંધી એવું વર્ણન આવે છે, કે પ્રથમ બહેનને એક વખત સાંભળે ત્યાં જ યાદ રહી જતું, બીજી બહેનને બે વાર સાંભળતા ને ત્રીજી બહેનને ત્રણ વાર સાંભળતા યાદ રહેતું. તેઓ એક પાઠી, બે પાઠી, ત્રણ પાઠી એમ કહેવાતાં.) પ્રભુ જન્મથી જ એક પાઠી હતા. તેમની સ્મૃતિલબ્ધિને લીધે તેમને એક વખત જોતાં કે સાંભળતાં બધું યાદ જ રહી જાય.

## આ બાળક પૂર્વજન્મનો આરાધક દેવાંશી પુરુષ છે

પ્રભુ થોડા દિવસ નિશાળે ગયા ત્યાં તો તેમના શિક્ષક પ્રભુની અપાર શક્તિ જોઈ નવાઈ પામી ગયા. એકવાર ગુજરાતી પહેલી ચોપડીના પાઠ વંચાવ્યા તે પ્રભુ બરાબર એક પણ ભૂલ વિના વાંચી ગયા. તે જોઈને શિક્ષક શ્રી લવજીભાઈ તો તાજુબ થઈ ગયા. મોટા માસ્તર પાસે રાયચંદને લઈ ગયા અને કહ્યું કે સાહેબ, આ વિદ્યાર્થી મારા ક્લાસનો નથી, ઉપરના ધોરણનો છે. આ બાળકને મારે શું ભણાવવું? ગમે તે કવિતા, પાઠ, અર્થ, ગણિત જે કહીએ તે બધું જ જરા પણ ભૂલ વિના તે જ પ્રમાણે બોલી તથા લખી જાય છે. મુખ્ય શિક્ષક આ જાણી આશ્ચર્ય પામ્યા અને એક વિદ્યાર્થીને મોકલી રવજીભાઈને બોલાવી પૂછ્યું કે 'તમારા આ બાળકને તમે ઘરે કંઈ અભ્યાસ કરાવો છો?'

રવજીભાઈ અદાએ કહ્યું કે, ''સાહેબ, પાટીને પેન નિશાળે તેને બેસાડ્યો ત્યારે જ લાવ્યો છું. તે સાંભળી સુસંસ્કારી મોટા માસ્તરને બરાબર સમજાઈ ગયું કે આ બાળક પૂર્વજન્મનો કોઈ આરાધક દેવાંશી પુરુષ છે. આમ સમજી ગયા પછી તેઓ તેમને પોતાની પાસે જ બેસાડતા.

## શ્રીમદ્નું વિવેકજ્ઞાન સર્વને આશ્ચર્યકારક

પ્રભુના બાળમુખે જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યની કવિતાઓ બોલાવતા. પ્રભુએ એક જ વર્ષમાં ચાર ધોરણનો અભ્યાસ કરી લીધો હતો. ચોથા ધોરણની પરીક્ષા લેવા માટે મોરબી સ્ટેટના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર સાહેબ શ્રીયુત પ્રાણલાલભાઈ વવાણિયા આવેલા. સમજુ અને વિચક્ષણ પુરુષો કોઈના પરિચયમાં આવતાં જ તેમને કળી જાય છે. પરીક્ષા લેતી વેળાએ જ પ્રભુની લાક્ષણિકતાનું ઈન્સપેક્ટર પ્રાણલાલભાઈને ભાન થયું. તેમણે શાળા શિક્ષકને પૂછ્યું : ''આ વિદ્યાર્થી કોણ છે?'' મુખ્ય શિક્ષકે કહ્યું : ''સાહેબ, દેખાય છે તો નાનકડો બાળક, પણ પૂર્વના સંસ્કાર લઈને આવેલો કોઈ બાળયોગી છે એમ અમે તેને સમજીએ છીએ. એક વર્ષમાં જ તેણે ચાર ચોપડીનો અભ્યાસ પૂરો કર્યો છે.'' આ સાંભળી પરીક્ષક સાહેબ બાળપ્રભુની સાથે વાતોએ વળગ્યા. તેમ કરતાં કંઈક લંબાણ થતાં તેમાંથી ધર્મ વિષયની ચર્ચા નીકળી. તે પરત્વે આ બાળકનું વિવેકયુક્ત અને ગંભીર ભાવનિરૂપણ થતાં પ્રભુ પર ઈન્સપેક્ટર સાહેબને બહુ પ્રેમ આવ્યો અને ઉલ્લાસમાં આવી તેઓ પોતાની સાથે તેમને જમવા તેડી ગયા.



પ્રભુએ તે વયમાં રચેલી કવિતાઓ-જેમાંથી કેટલીક તો છાપામાં પણ મોકલી હતી તે તેમને બતાવી. તે સઘળું જોઈને અને સાંભળીને તેમને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું અને પ્રભુને કહ્યું કે, ''જ્યારે મોરબી આવવાનું થાય ત્યારે જરૂર મને મળવાનું રાખજો.''

## શ્રીમદ્‌ના અક્ષર સરસ અને શુદ્ધ

પ્રભુ તેર વર્ષના હતા ત્યારે તેમને વવાણિયામાં આવેલ કચ્છ દરબારના ઉતારે (તેઓના અક્ષર સરસ અને શુદ્ધ હોવાથી) નકલો કરવા બોલાવતા હતા. (આ વાત લવજીભાઈ મોતીચંદ પાસેથી પૂ.જવલબાને જાણવા મળી છે.)

## સાત વર્ષની વયે જાતિસ્મરણજ્ઞાન

બાળવયમાં જ પ્રભુની આવી અદ્ભુત શક્તિ અને જ્ઞાનપ્રભાવ ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે. એમનું જીવન જ પૂર્વજન્મની, કર્મની અને આત્માની સ્પષ્ટ પ્રતીતિ કરાવે એવું છે. એમણે પોતે જ આ સંબંધે એક કાવ્યમાં દર્શાવ્યું છે કે,

**લઘુવયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;**
**એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?.....**

**જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય**
**વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?.....**

**જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;**
**તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત.....**

**કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;**
**પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.....**

**આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ,**
**વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ.....**

(શ્રીમદ્‌ને સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયેલું અને વૈરાગ્યભાવ વધવા લાગેલો તે સંબંધી આ કાવ્ય તેઓશ્રીએ સંવત્ ૧૯૪૫માં લખેલું.)

## અવધાનોની અદ્ભુત સ્મરણશક્તિ

પ્રભુએ કરેલ અવધાનોની વાત સાંભળતા જ આશ્ચર્યચકિત થઈ જવાય છે. શી અદ્ભુત સ્મરણશક્તિ! બાવન અવધાનો સંબંધમાં તેમણે પોતે જ લખ્યું છે તે વાંચવાથી તેમના અદ્ભુત માહાત્મ્યનો અને ભક્તિ પ્રસન્નતાનો ખ્યાલ આવશે.

આ અવધાન પ્રયોગો વિષે પોતે જણાવે છે કે આ 'આત્મ-શક્તિનું કર્ત્તવ્ય' છે. તેઓના તે વચનો પણ સહજ તેમ જ અદ્ભુત આત્મસામર્થ્યનું ભાન કરાવે છે. પ્રખર વિદ્વાનો અને રાજ્યાધિકારીઓ પણ મુંબઈમાં તેઓશ્રીના અવધાનપ્રયોગો જોઈ આશ્ચર્યમુગ્ધ થયા હતા. છતાં તેઓ પોતે તે સિદ્ધિઓથી પોતાના ધ્યેયમાંથી વિચલિત થયા નથી.



### સ્વરૂપસ્થ થવાનો લક્ષ હોવાથી અવધાનનો ત્યાગ

તેમનું લક્ષ્ય આત્મસ્થ થવા પ્રત્યે હોવાથી આ પ્રકારના પ્રયોગના મોહમાંથી તેઓશ્રી વિરક્ત થયા હતા. એ જ એમનો અપૂર્વ વૈરાગ્ય સૂચવે છે.

ભક્ત કવિ પ્રીતમદાસે કહ્યું છે : **'જન્મ મરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિમાંહી.'**

પ્રભુની કથાવાર્તાના શ્રવણ-મનનમાં, એટલે કે તેમના બાહ્યાંતર ચરિત્રને સાંભળવામાં ને સમજવામાં આપણું ચિત્ત રહ્યા કરે એ જ ઇષ્ટ છે, એ જ આત્મશ્રેયરૂપ છે. પ્રભુએ પણ કહ્યું છે કે, ''સ-ઉલ્લાસિત ચિત્તથી જ્ઞાનની અનુપ્રેક્ષા કરતાં અનંતકર્મનો ક્ષય થાય છે.''

### પ્રભુતુલ્ય પિતા

મારો જન્મ સંવત્ ૧૯૫૦ના કાર્તિક સુદ પાંચમ (જ્ઞાનપંચમી)ના રોજ થયો છે. બાળવયમાં પ્રભુતુલ્ય પિતાની છાપ, તેમની પ્રતિભા અંતરમાં દૃઢમૂલ કોરાઈ રહી છે અને જાણે એ જ મારા મનની સમગ્ર પ્રેરણા બની રહી છે. અંતરમાં તેમના પ્રતિ સતત ભક્તિભાવ ઊભર્યા કરે છે. એ ખરેખર પ્રભુનો અનુગ્રહ છે.

### પરમકૃપાળુદેવની પ્રતિભાની સ્મૃતિ

વવાણિયાના મૂળ ઘરમાં પૂ.બાપુજીની જ્યાં બેઠક હતી ત્યાં એક દફતરપેટી (ઢાળિયું) હતું. તેની સામે પોતે ગાદી પર બિરાજતા. બહારગામથી મુમુક્ષુભાઈઓ દર્શન-સમાગમ અર્થે આવતા, ત્યારે તેઓ સૌ ત્યાં એમની સન્મુખ બેસતા. આ દૃશ્ય જોઈને એ બાળવયમાં કોઈ અનેરો ભાવ અંતરમાં જાગી ઊઠતો, અને પૂ. પિતાજીની પ્રતિભાની આછેરી ઝાંખી થતી.

### શ્રીમદ્‌ની સુમધુર અને ગંભીર વાણી

બેઠકનો ખંડ લાંબો હતો. ત્યાં આંટા મારતા તેઓને ઘણીવાર મેં જોયા છે. તે દૃશ્ય અત્યારે પણ જેવું ને તેવું સ્મૃતિમાં તાજું છે. તે વખતની તેમની મુદ્રા, પાછળ રાખેલા હાથ અને ગંભીર ગતિએ ગાથાની ધૂનમાં ભરતાં ડગ—આ બધું આબેહૂબ સ્મૃતિ પર તરવરે છે. ગાથાની જે ધૂન તેઓશ્રી ઉચ્ચારતા તે નીચે મુજબ હતી તેવું સ્મરણ છે :—

**'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,**
**તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદર-ભરણાદિ નિજ કાજ કરતા થકા,**
**મોહ નડિયા કલિકાલ રાજે.' ધાર તરવારની૰**

આ ગાથા બહુ જોરથી અને ભારપૂર્વક બોલતા. એ દૃશ્ય હજુ પણ મારા અંતરમાં રમી રહ્યું છે. બીજી ગાથા :

**'ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે'** (સ્વાત્મવૃત્તાંત)

આ પદ પણ તેઓશ્રી ઉલ્લાસપૂર્વક ઉચ્ચારતા. એ રણકાર હજુયે જાણે કાનમાં ફરી ફરીને ગુંજ્યા કરે છે. એવી સુમધુર, ગંભીર વાણી બીજે ક્યાંય હજી સાંભળવા મળી નથી.

પ્રભુ ધૂન લગાવતા. **'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ,'** તથા **'ધાર તરવારની**



**સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણ સેવા.'** અને **'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.'** આ ધૂનોના ભણકારા આજે પણ મને સંભળાયા કરે છે અને તેના સ્મરણથી ભક્તિમાં વૃદ્ધિ થાય છે.

## કાકા આઘા રહો, અંદર સાપ છે

મારા કાકા પૂ.મનસુખભાઈ મારા પૂ.પિતાજી કરતાં નવ વર્ષ નાના હતા. એકવાર બન્ને ભાઈઓ સાંજના બહારથી ફરીને ઘરે આવ્યા ત્યારે રાત પડી ગઈ હતી ને ડેલી બંધ હતી. તે ખખડાવી એટલે અદા ખોલવા માટે આવ્યા, ત્યારે મારા બાપુજીએ બહારથી બૂમ મારીને કહ્યું કે, ''કાકા, આઘા રહો, અંદર સર્પ છે.'' રવજી અદા ડેલીથી આઘા ખસી ગયા ને જોયું તો ખરેખર ત્યાં સર્પ હતો. પૂ.દેવમાએ મને આ વાત કરી હતી. બંન્ને ભાઈઓ વચ્ચે ઘણો જ મેળ હતો. લોકો કહેતા કે રામ અને લક્ષ્મણની જોડી છે.

## લીલોતરીના જીવો ઉપર કરુણા

પૂ.દેવમા કહેતા કે પ્રભુ નાના હતા ત્યારે તેમને એક દિવસ શાક સમારવા આપ્યું. પ્રભુ શાક સમારતા જાય અને અશ્રુધારા વહેતી જાય. પૂ.દેવમાએ આ જોયું. તે કહેવા લાગ્યા : ''આટલું શાક સમારવામાં પણ તને રડવું આવે છે?'' પ્રભુ શું કહે? તેમના અંતરમાં તો લીલોતરીના જીવો પર કરુણા વરસી રહી હતી. તે કારણથી અશ્રુધારા વહેતી હતી. જ્ઞાનીની આ અંતરવેદના કોણ સમજે?


## મોરબીમાં અવધાન પ્રયોગ

મારા માતામહ (નાના)નું નામ મહેતા પોપટલાલ જગજીવન. મુંબઈમાં ઝવેરી રેવાશંકર જગજીવનના નામથી જે પેઢી ઓળખાતી તેમના તે મોટાભાઈ થાય. બીજા પણ બે ભાઈઓ હતા. જેમના નામ ડૉ.પ્રાણજીવનદાસ મહેતા અને ભાયચંદ જગજીવન. પ્રભુનું સગપણ થયા પહેલાં સોળ વરસની વયે તેમનું મોરબી પધારવું થયેલું ત્યારે સંઘવી જનોના આગ્રહથી અવધાનો કરવાનું ત્યાં થયેલું. તે અવધાનપ્રયોગો રેવાશંકરભાઈએ જોયા. તેમને ઘણું આશ્ચર્ય થયું. પ્રભુ પર સ્નેહ ઊભરાતાં તેમણે પોતાને ત્યાં પ્રભુને આમંત્રણ આપ્યું. ઘરમાં તેમના ભાઈ પોપટલાલનાં પુત્રી ચૌદ વર્ષના હતા. નાસ્તા પાણીની સરભરા તેમણે કરી હતી. તેમને જોઈ પરમકૃપાળુદેવશ્રીએ રેવાશંકરભાઈને પૂછ્યું : 'આ પોપટભાઈનાં પુત્રી છે? એનું નામ ઝબક છે? ત્યાર પછી પોપટલાલભાઈ વગેરેને યોગ્ય લાગતાં તેમણે ઝબકબાનું સગપણ પ્રભુ સાથે કર્યું. પ્રભુએ કહ્યું છે : 'કર્મગતિ વિચિત્ર છે.' વિશેષમાં જણાવ્યું છે : **'અહોહો! કર્મની કેવી વિચિત્ર બંધસ્થિતિ છે? જેને સ્વપ્ને પણ ઇચ્છતો નથી, જે માટે પરમ શોક થાય છે; એ જ અગાંભીર્ય દશાથી પ્રવર્તવું પડે છે.'** (વચનામૃત પત્રાંક ૮૧)

ત્યારપછી રેવાશંકરભાઈ તથા પોપટલાલભાઈને શ્રી પરમકૃપાળુદેવ સાથે ઝબકબાઈના સગપણનો વિચાર થયો, અને પૂર્વ પ્રારબ્ધાનુસાર તેમ થતાં મારા માતુશ્રી આ મહાત્મા સાથે સં.૧૯૪૪ના મહાસુદી બારસના દિને લગ્નગ્રંથિથી જોડાયા.

## ઝબકબા સત્યપરાયણ, સરળ અને કોમળ

આ સત્પુરુષના પ્રતાપે મારા માતુશ્રીમાં ઘણી રૂડી સંસ્કારિતા પ્રાપ્ત થઈ. તેમનું જીવન સત્યપરાયણ, સરળ અને સ્વભાવે કોમળ હોઈ પક્ષપાત વિનાનું હતું. અમારા અને મારા ફઈબાના બાળકોમાં તેઓ કદી



ભેદભાવ રાખતા નહીં. આથી મારા માતુશ્રી સૌને પ્રિય થઈ પડ્યા હતા.

સંવત્ ૧૯૪૫ના મહાવદ સાતમે પરમકૃપાળુદેવ લખે છે : **‘ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં; નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે. એ શ્રેણીમાં વર્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે;....**(વચનામૃત પત્રાંક ૫૦) ‘કર્મગતિ જાણે તે જાણે. જ્ઞાનીની વાત. કર્મોદય સમજવો વિકટ છે.’

## પરમકૃપાળુદેવનું જીવન સાધુ જેવું

પરમકૃપાળુદેવનું જીવન સંસારમાં વિરક્તભાવે હોઈ ઉદાસીનભાવે રહેતા. તે મારા માતુશ્રી સમજતા હતા. પણ શાંતિથી અને સંતોષથી રહી આનંદ માનતા ને પરમકૃપાળુદેવના કાર્યમાં ક્યારેય પણ અવરોધરૂપ થતા નહીં. મારા પૂ.માતુશ્રી ઝબકબાએ કોઈને વાત કરી હતી કે તેમનું (મારા પિતાજીનું) સમગ્ર જીવન સાધુ જેવું જ હતું.

## તત્ત્વ સમજવા દિવસે લોકોનું આગમન, રાત્રે પણ સ્વાધ્યાયમાં લીન

મારા માતુશ્રી ઝબકબાને મોરબીમાં પાડોશી પૂછતા કે ‘તમારા વરમાં એવું શું છે કે આટલા લોકો પાછળ ફર્યા કરે છે? તમને કંઈ વાત કરે છે? ઝબકબાએ કહ્યું—બેન, મને તો કંઈ સમજણ પડતી નથી. રાત સુધી માણસો તેઓને છોડતા નથી. રાત્રે ઓરડામાં આવે ત્યારે પણ કંઈ વાંચ્યા કરે કે વિચાર કરતા હોય.

પરમકૃપાળુદેવ પોતે ચાખ્યા વગર જ ચીભડાં કડવાં છે કે મીઠાં તે કહી દેતા તેથી પૂ.માને બહુ જ આશ્ચર્ય થતું.

## જમાઈના ઉલ્લાસમાં ધાણી ફૂટે

એકવાર તેઓ મોરબી મારે મોસાળ પધાર્યા હતા. આવીને ઓટલા પર બેસી ગયા. સામે પાડોશમાં રહેનાર બાઈએ કહ્યું : ‘તમારા જમાઈ આવ્યા છે, બહાર તો આવો. તે સાંભળી જલુબાઈ એવા ઉલ્લાસમાં આવી ગયાં કે ચૂલે હાંડલું મૂકેલું હતું તેમાં આંધણનું પાણી મૂકવાનું ભૂલી જઈ ધોયેલા ચોખા ખાલી હાંડલીમાં ઓરી દઈ બહાર આવ્યા.

એટલે પરમકૃપાળુદેવશ્રીએ કહ્યું : ‘જમાઈ આવે એટલે ઉલ્લાસમાં ધાણી ફૂટે.’ કહેવાનો આશય એ હતો કે રસોડામાં ચોખાની ધાણી ફૂટે છે.

## ઘરના કાર્ય કરવામાં શરમ શું?

વવાણિયામાં મારાં માતુશ્રી ઝબકબા એકવાર કમોદ ખાંડતા હતા ત્યારે પ્રભુ થોડે દૂર બિરાજ્યા હતા અને ગાથાઓ બોલતા હતા. મેં પાંચથી સાત વર્ષની વયે જોયેલી આ વાત છે. તે હજુ પણ યાદ આવ્યા જ કરે છે. મારાં માતુશ્રીને કોઈએ વિનોદમાં કહ્યું કે તમે પૈસાવાળા ઝવેરી કહેવાઓ અને છતાં હાથે કમોદ ખાંડો છો?

આ વાત મારાં માતુશ્રીએ બાપુજીને કરી. બાપુજીએ તેમના માતુશ્રી દેવમાને કહ્યું : ‘કામ કરવા માટે માણસ રાખી લઈએ તો?’ પૂ.દેવમા કહે : ‘ઘરનું કામ કરવામાં ખોડ-ખાંપણ નહીં. ગામનાં નગરશેઠનાં ઘરનાં પણ કરે અને આપણે પણ કરીએ. મારા માતુશ્રીને સમાધાનકારક જવાબ મળી ગયો.



### ઝબકબાનો મળેલો ફોટો

મારા પૂ.માતુશ્રી સરળ, વિનયવાન અને સેવાભાવી હતાં. વડીલોની આજ્ઞાનુસાર વર્તતાં. તેમની છબી ઉપલબ્ધ નથી. તે વખતમાં છબી પડાવવાનો રિવાજ નહોતો. મારા પૂ.માતુશ્રીનો દેહ છૂટ્યા બાદ પૂ.દેવમા ખંભાત ગયાં હતાં. ત્યાં પૂ.બાપુભાઈએ મારા પૂ.માતુશ્રીનો ફોટો પાડી લીધેલો, જે તેમની પાસેથી મળેલ છે.

### 'અપૂર્વ અવસર'નું સર્જન

જ્યારે નડિયાદમાં મારા પૂ.માતુશ્રી અને પરમકૃપાળુદેવશ્રી હતા ત્યારે વવાણિયાથી પૂ.દેવમા બિમાર થયાના સમાચાર મળવાથી બન્ને વવાણિયા પધાર્યા હતાં. પ્રભુએ પૂ.દેવમાની ચાકરી ઘણી જ સરસ કરી. પોતે તેમની પાસે જ બેસી રહેતા. પૂ.દેવમા માંદગીને કારણે ચાલવું સાવ ભૂલી જ ગયા હતા. તેથી પ્રભુ તેમને હાથ ઝાલીને ચલાવતા. 'અપૂર્વ અવસર'નું પદ પ્રભુએ પૂ.દેવમાના ખાટલા પર બેઠાં બેઠાં લખ્યું હતું. આ વાત મને મારા ફોઈના દીકરા હેમંતભાઈએ કહી હતી.

### પ્રભુને જોયા પછી શાંતિ

કૃપાળુદેવની તબિયત વઢવાણમાં વધુ નરમ થઈ ગઈ હતી. ત્યારે પૂ.દેવમા ત્યાં હતા. તેમણે પૂ.રવજીભાઈને તારથી ખબર આપ્યા. તાર આવતાં મારા પૂ.માતુશ્રી તથા પૂ.રવજી અદા પરોઢિયે ગાડીમાં બેઠા, ત્યારે જતી વખતે પૂ.અદાએ પ્રતિજ્ઞા કરી કે હું ભાઈનું મોઢું જોયા પછી ગાયોને ઘાસ નાખી અન્નપાણી લઈશ. ત્યાં પહોંચીને પ્રભુને જોયા પછી તેમને શાંતિ થઈ. કોઈ મુમુક્ષુભાઈએ રવજી અદાને કહ્યું કે હવે દાતણ કરો. કૃપાળુદેવે જ્ઞાનમાં જાણી લીધેલું કે આવી રીતે તેમણે પ્રતિજ્ઞા કરી છે, એટલે પેલા ભાઈને કહ્યું કે ચોકમાં ગાયોને ઘાસ નખાવો ત્યાર પછી જ તેઓ અન્નપાણી લેશે, તે પહેલાં નહીં લે.

વઢવાણ કેમ્પ પછી અમદાવાદમાં આગાખાનને બંગલે પ્રભુને રહેવાનું થયું. ત્યારે અમે સૌ કુટુંબીઓ અમદાવાદ ગયા. ત્યાંના બધા મુમુક્ષુ ભાઈઓની ભક્તિ વગેરે આજે પણ સઘળું યાદ આવે છે.

### જે છે તે પરમ દિવસે

પછી પ્રભુ અમદાવાદથી માટુંગા, શીવ અને ત્યાંથી તિથલ પધાર્યા હતા. પૂ.અદા સાથે જ હતા. પછી સં.૧૯૫૭માં વઢવાણ કેમ્પ અને પછી રાજકોટ ગયા હતા. રાજકોટમાં કરસનજી મૂલચંદવાળા નાનચંદ અનુપચંદભાઈને ઘેર એક દિવસ રહેલા. ત્યાંથી બીજે દિવસે ગામ બહાર ખુલ્લી હવાને કારણે સદરમાં રહેવાનું રાખ્યું હતું. એક દિવસ તબિયત વધારે નરમ થતાં પૂ.દેવમાને બહુ દુઃખ થયું. તેમને શાંતિ આપતાં પ્રભુએ કહ્યું : 'જે છે તે પરમ દિવસે.' તેમ મારાં પૂ.માતુશ્રીને જણાવ્યું હતું કે.....નામની માળા ફેરવવી.

પ્રભુને રાજકોટ રહેવાનું થયું ત્યારે ત્યાં ઘણા મુમુક્ષુઓ આવતા. પણ શરીરે ઘણી અશક્તિ હોવાને કારણે ડૉક્ટરે વાતચીત વિશેષ ન કરવાની સલાહ આપેલી. પત્રો લખાવવા પડે તો એક બે લીટીના જ લખાવતા. રાજકોટથી લખેલો છેલ્લો પત્ર ક્રમાંક ૯૫૫ અને ક્રમાંક ૯૫૪ અંતિમ સંદેશાનું કાવ્ય 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં છે.

### પ્રભુની છેવટ સુધીની સ્થિતિનું વર્ણન

મારા કાકા પૂ.મનસુખભાઈએ પ્રભુની છેવટ સુધીની સ્થિતિનું વર્ણન તેમની પોતાની મનોવ્યથા


શ્રીમદ્ રાજચંદ્રજીના ધર્મપત્ની પૂજ્ય ઝબકબા



શ્રીમદ્જીના સુપુત્રી શ્રી જવલબેન



સાથે એક પત્રમાં ટૂંકમાં આ પ્રમાણે કર્યું છે :—

મનદુઃખ! હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્રાત્માએ આડકતરી રીતે મને ચેતવ્યો તથાપિ રાગને લઈને તે હું સમજી શક્યો નહીં. હવે સ્મરણ થાય છે કે તેઓશ્રીએ મને અનેકવાર ચેતવણી આપી હતી. દેહત્યાગના આગલા દિવસે સાંયકાળે પૂ.રેવાશંકરભાઈને, પૂ. નરભેરામભાઈ અને મને કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો. આ આત્મા શાશ્વત છે. અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંતિ અને સમાધિભાવે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારા વ્યક્ત થવાની હતી તે કહેવાનો હવે સમય નથી. તમે પુરુષાર્થ કરશો....' અમે તો એવી જ ગફલતમાં રહ્યા કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે 'નિશ્ચિંત રહેજો, ભાઈનું સમાધિમૃત્યુ છે.' ઉપાયો કરતાં શરદી ઓછી થઈ. સવારે પોણા આઠ વાગ્યે દૂધ આપ્યું તે તેઓએ લીધું. સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયાના યોગો હતા.

પોણા નવે કહ્યું : 'મનસુખ, દુઃખ ન પામતો, માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.' સાડાસાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ પર ફેરવવાની મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જ જણાય છે, માટે ફેરફાર ન કરવો. ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર. એટલે કોચ પર સમાધિસ્થ ભાવે સૂઈ શકાય તેવી વ્યવસ્થા કરી. તે જ કોચ પર તે પવિત્ર આત્મા અને દેહ સમાધિભાવે છૂટા પડ્યા. લેશમાત્ર આત્મા છૂટો થયાના ચિહ્ન ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કેમ્પમાં જે સ્થિતિમાં ઊભા ઊભા ચિત્રપટ પડાવેલ તે જ સ્થિતિમાં કોચ પર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી, આંખે પાણી કે પરસેવો કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી પ્રાણ છૂટા પડ્યા તો પણ કશું જણાયું નહોતું. એક કલાકે દૂધ પીધા પછી હમેશાં દિશાએ જવું પડતું એને બદલે આજે કંઈ પણ નહીં. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ. આવા સમાધિ સ્વભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો.'' આ પંચમકાળે મળેલ પવિત્રાત્મા રત્નચિંતામણિ સમાન આ દેહનો સંબંધ છોડી આપણને મૂકી સ્વધામ સિધાવ્યા.

## પરમકૃપાળુદેવની અંતિમ અદ્ભુત દશા

વીતરાગભાવે સ્થિતિ હોઈ કોઈપણ પ્રકારે, તેઓશ્રીએ દેહને પોતાનો માનીને પ્રવૃત્તિ કરેલી નહીં. પ્રભુના દેહત્યાગ અવસરે મોરબીના વકીલ શ્રી નવલચંદભાઈ હાજર હતા. તેમણે શ્રી અંબાલાલભાઈ પરના પત્રમાં લખેલું કે તેમની ''નિર્વાણ સમયની મૂર્તિ અનુપમ, ચૈતન્યવ્યાપી, શાંત, મનોહર અને જોતાં તૃપ્તિ ન થાય એવી શોભતી હતી એમ આપણને ગુણાનુરાગીને તો લાગે, પણ જેઓ બીજા સંબંધે હાજર હતા તેઓને પણ આશ્ચર્ય પમાડતી અને પૂજ્યભાવ ઉત્પન્ન કરતી જણાતી હતી. આ વખતના અદ્ભુત સ્વરૂપનું વર્ણન કરવાને આત્મામાં જે ભાવ થાય છે તે લખી શકાતો નથી.''

## પરમકૃપાળુદેવનો દેહ વિલય

સંવત્ ૧૯૫૭ના ચૈત્ર વદી પાંચમને મંગળવારે બપોરે બે વાગતાં રાજકોટમાં પ્રભુ આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિ પામ્યા. જે જે મુમુક્ષુઓને જેટલા પ્રમાણમાં તે મહાત્માનું ઓળખાણ થયું હતું તેટલા પ્રમાણમાં તેમના વિયોગનું દુઃખ તેમને લાગ્યું.



રાજકોટમાં ડોસાભાઈના વડની પાસે સ્મશાનભૂમિની બાજુમાં આજી નદીને કિનારે તે પવિત્ર દેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવેલો. તે સ્થળે સમાધિ મંદિર બાંધવાનો કેટલાક મુમુક્ષુઓને વિચાર થતાં શ્રી જ્ઞાનચંદ્ર ન્હાટાજીની ઉદાર સખાવતથી સંવત્ ૧૯૯૬ના મહાસુદી ૧૩ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિર અસ્તિત્વમાં આવ્યું.

મંદિરમાં તેમનાં પરમ પુનિત પાદુકાજીની સ્થાપના એક આરસની દેરી બનાવી તેમાં કરવામાં આવી. તેમજ એક પબાસન સં.૨૦૦૭માં બનાવી તેમાં પ્રભુની ત્રણ છબીઓની સ્થાપના પૂ.શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનભાઈના વરદ્ હસ્તે કરવામાં આવી. આ સમાધિ મંદિરનો વહીવટ કરવા એક ટ્રસ્ટ કરવામાં આવ્યું. તેના મેનેજીંગ ટ્રસ્ટી મારા સ્વ.બેહન કાશીબહેનના દિયેર શ્રી લક્ષ્મીચંદ ડાહ્યાભાઈ સંઘવી છે.

## ઝબકબાની અજબ સહનશીલતા

પ.કૃ.દેવનો દેહવિલય થયો તેને આગલે દિવસે મારા માતુશ્રીને માળા ફેરવવાનું કહેલું. શ્રી પરમકૃપાળુ-દેવના દેહ વિલય બાદ પોતે ઉદાસીન ભાવે એકાંતમાં ઝાઝો વખત રહી જે તેમને સ્મરણ આપેલ તે માળા ફેરવતા. આ રીતે પોતાનો જીવનકાળ વ્યતીત કરતા.

## પરમકૃપાળુદેવનો દેહવિલય થયા બાદ

પૂર્વના અશુભ કર્મના ઉદયે રેવાશંકર જગજીવનની પેઢીનો આપસમાં કેસ ચાલ્યો ને તેમાં અનેક વિડંબનાઓ પડી, અને ફેંસલો થયો, ત્યાર પછી મારા ભાઈ છગનલાલ અને મારા કાકા મનસુખલાલ એ બેના નામથી છગનલાલ મનસુખલાલના નામની કંપની શરૂ કરી.

ચાર મહિના મારા ભાઈ છગનભાઈ પેઢી ઉપર બેઠા ત્યારબાદ તે બિમાર પડ્યા. બાર મહિના બિમારી ભોગવીને ભાઈ છગનલાલનો દેહ છૂટી ગયો. આથી મારા માતુશ્રીનું જીવન નીરસ થઈ ગયું, અને પ્રભુએ આપેલ માળામાં મન પરોવી રાખતાં. ત્યાર પછી એક વર્ષે મારા લગ્ન થયા પણ મારા માતુશ્રીને તેમાં રસ ન હતો. મારાં લગ્ન પછી ૮ મહિને મારો નાનો ભાઈ રતિલાલ ગુજરી ગયો, આવા દુઃખદ પ્રસંગો એક પછી એક આવ્યા. છતાં મારા માતુશ્રી આવા દુઃખદ પ્રસંગોમાં પણ સહનશીલતા રાખી જીવન વિતાવતાં. ત્યારબાદ મારા માતુશ્રી ઝબકબા પણ બિમાર પડ્યા અને સં.૧૯૭૦ની સાલમાં પ્રભુના સ્મરણમાં શાંતિપૂર્વક દેહ છોડ્યો.

## પરમકૃપાળુદેવના પિતાશ્રી રવજીભાઈ

મારા પૂ.દાદા શ્રી રવજીભાઈ સ્વભાવના દયાળુ, કુટુંબપ્રેમી અને ઉદાર દિલના હતા. છપ્પનિયાના દુકાળ વખતે તેઓ વવાણિયામાં હતા. ત્યાં તથા આજુબાજુના ગામોમાં તેમણે છૂટે હાથે ખેડૂતોને વિના મૂલ્યે અનાજ આપ્યું હતું. અદા ઘણા જ ભોળા ને ભદ્રિક હતા.


પૂ.શ્રી દેવમાને પ્રભુ પૂછતા : 'મા, મોક્ષે આવશો?' પ્રભુનો દેહ વિલય થયો ત્યારે આખું કુટુંબ ત્યાં જ હતું. કુટુંબમાં સૌ સાદા અને સરળ હતા. જેના ઘરમાં પ્રભુ જન્મ્યા તેના સંસ્કાર અને ભાગ્યની શી ખામી હોય? એક પ્રભાતિયામાં કવિએ ગાયું છે કે—

**'રવજીભાઈ રે ભાગ્યવંતમાં સરદાર કે વ્હાલણાં ભલે વાયાં રે,**<br>
**જેના ઘરમાં રે પ્રગટ્યા સંતોમાં વીર કે વ્હાલણાં ભલે વાયાં રે.'**


શ્રીમદ્ રાજચંદ્રના પૂજ્ય પિતાશ્રી રવજીભાઈ



શ્રીમદ્જીના સુપુત્રી શ્રી કાશીબેન



## જેવું નામ તેવા ગુણ

પૂ.દેવમાનાં નામ તેવા જ ગુણ હતા. દેવી જેવા શાંત. પ્રભુજીના માતા એટલે જગતનાં માતા એવાં જ વાત્સલ્યમૂર્તિ હતાં. એક પૂજામાં આવે છે કે—

**'પ્રભુમાતા તું જગતની માતા, જગદીપકની ધરનારી,**
**માજી! તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જનને ઉપકારી.'**

## દેવમાં ઉત્તમ કોટીના ભોળા જીવ

તેમની સમીપ મુક્તિગામીને જ એવું પુણ્ય સાંપડે. પૂ.દેવમા ઉત્તમ કોટીના ભોળા જીવ હતા. મારા-તારાનો ભેદ તેમને બિલકુલ નહોતો. કુટુંબના સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ હતી. દરેકને સમભાવે જોતાં. પોતાથી બનતી બધી સેવા કરતાં. તેમનું દિલ વિશાળ અને ઉદાર હતું. તેથી તેમના પ્રત્યે સૌને પ્રેમ રહેતો.

## પરમકૃપાળુદેવના પુત્ર છગનભાઈ

મારા મોટાભાઈ પૂ.છગનભાઈને પૂ.પિતાજી પ્રત્યે બહુમાન અને ભક્તિ હતા. તેઓ જાણે પૂ.પિતાજીના જ્ઞાનનો વારસો લેવાના સાચા અધિકારી ન હોય! તેમને પરમકૃપાળુદેવ છગનશાસ્ત્રી કહીને બોલાવતા. તેમના વિચારો ઘણા ઊંચા હતા. આચાર પણ વિચારને જ અનુરૂપ હતા. વીસ વર્ષની નાની વયમાં તેમણે દેહ છોડ્યો. પોતાને સખત માંદગી હોવા છતાંયે તેમનામાં જરા પણ વ્યાકુળતા ન હતી. વેદનામાં પણ કૃપાળુદેવનું નામસ્મરણ વીસરતા નહીં. તેમણે વ્યાવહારિક ચિંતાની તો વિસ્મૃતિ જ કરી હતી. સગપણ કરવાની તૈયારી હતી પણ પોતે જ ના કહેતા હતા. પછી મંદવાડ વધ્યો ત્યારે કહેતા કે જીવવાની ઇચ્છા એટલા જ માટે છે કે આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, જૈન ધર્મ, 'સદ્ગુરુ પિતા'- આ સર્વ અનુકૂળતા ફરી-ફરી મળવી દુર્લભ છે. વીસ વર્ષની યુવાન વય છતાં તેમને મોજશોખનું નામ નિશાન નહોતું. તેમણે શાંતભાવે દેહ છોડ્યો હતો. આજે પણ એ પવિત્રાત્માના ગુણો ખૂબ જ સાંભરી આવે છે.

## તું કાશી નહીં પણ આત્મા

મારાથી નાના બહેન કાશીબહેન સદ્ગુણી હતા. તેઓ નાનાં હતાં ત્યારે એક વખત રમતાં રમતાં પ્રભુના ખોળામાં જઈને બેસી ગયા. પ્રભુએ પૂછ્યું, 'બહેન, તમારું નામ શું? કાશીબહેન કહે, 'બાપુ, તમને ખબર નથી? મારું નામ કાશી.' ત્યારે કૃપાળુદેવે કહ્યું, 'બહેન, તારું નામ કાશી નહીં પણ 'સચ્ચિદાનંદ સ્વરૂપ અવિનાશી આત્મા.' એ સાંભળી કાશીબહેન રડતાં રડતાં મા પાસે ગયાં. જઈને કહેવા લાગ્યા,'મા, મારા બાપુજી મારું નામ કાશી નહીં પણ કંઈક જાુદું જ કહે છે.' ત્યારે ઉંમર નાની હતી તેથી કાશીબહેનને કંઈ સમજ ન પડી. પણ અવ્યક્ત સંસ્કાર જે જ્ઞાનીપુરુષ દ્વારા રોપાય છે તે કાળે કરીને ફળરૂપ થાય છે જ.

## કાશીબેનને મંદવાડમાં પરમકૃપાળુદેવનું જ સ્મરણ

આર્યાવર્તના ઇતિહાસમાં જોઈશું તો મદાલસા જેવી સતી માતાઓ બાળકને પારણામાં હોય ત્યારથી જ મહાપુરુષનાં ચરિત્રો સંભળાવે છે. હાલરડાં પણ તેવાં જ ગાય. 'સિદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ.' માતાપિતાનો વિયોગ હોઈ કાશીબહેન ઘરમાં સૌને બહુ પ્રિય હતા. શ્વસુર પક્ષમાં પણ તેઓ સમતાવાન અને વિવેકી હોવાથી તેમણે સૌનો પ્રેમ સંપાદન કર્યો હતો. મારા બનેવી શ્રી રેવાશંકરભાઈને પરમકૃપાળુદેવ પ્રત્યે તેમણે જ વાળ્યા હતા. કાશીબહેનને મંદવાડમાં પણ પરમકૃપાળુદેવનું જ સતત સ્મરણ રહ્યું હતું.



છેવટ સુધી તે જ લક્ષ હતું. તે પણ માત્ર અઠ્ઠાવીસ વર્ષની નાની વયમાં પાછળ બે દીકરા મૂકી ચાલ્યા ગયાં. મારો નાનો ભાઈ રતિલાલ પણ બાર વર્ષનો થઈ ગુજરી ગયો. અત્યારે કુટુંબમાં હું એક રહી ગણાઉ અને બીજા ગણીએ તો શ્રી મનસુખભાઈના દીકરા સુદર્શન. તેઓ કુટુંબપ્રેમી, વિનયી અને સમજુ છે.

**'બુદ્ધિપ્રકાશ'**

હું છ વર્ષની હતી ત્યારે આટલું મોટું કુટુંબ હોવા છતાં તેમાંથી મારું નામ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના લાઈફ મેમ્બર તરીકે પ્રભુએ નોંધાવ્યું હતું. તેના માસિક પત્રનું નામ 'બુદ્ધિપ્રકાશ' છે, તે 'જયાકુંવર રાયચંદભાઈ'ને નામે આજે પણ મને મળે છે. (આસજનોની જીવનરેખામાંથી ઉદ્ધૃત)

---

## શ્રી જગુભાઈ વોહરા

**વવાણિયા**

### એ તો આતમ ધ્યાની છે એમને કાંઈ નહીં થાય

હું બાર વરસનો હતો. અમારું ઘર તે વખતે ટેકરા ઉપર હતું, ત્યાં પાછલી ડેલીનું બારણું વોકળામાં પડતું હતું, ત્યાં કૃપાળુદેવ બપોરના સમયે વોકળાના ખાડામાં ધ્યાન ધરતા બેઠેલા કેટલીએ વાર જોયા છે. અમો નિશાળેથી છૂટીએ ત્યારે ત્યાં કુતૂહલથી જોવા જઈએ તો બે ત્રણ કલાક સુધી એક જ આસને ત્યાં બેઠેલા હોય. અમો બધા છોકરાઓ તેમની નજીક જઈને જોઈએ કે તેમનો શ્વાસ ચાલે છે કે નહીં? એમ રમતમાં અમે જતા અને જોતા. ત્યાંથી ગાડાવાળા કોઈ નીકળે તે અમને હાંકી કાઢતા કે છોકરાઓ જાવ જતા રહો, એ તો આતમધ્યાની છે એમને કાંઈ ન થાય. ત્યારથી અમો આતમધ્યાની તરીકે તેમને ઓળખતા હતા.

---

## શ્રી નકુભાઈ દોશી

**વવાણિયા**

### મોઢે જાણે સરસ્વતી વસી હોય એમ ખુલાસા કરતા

હું દસ વર્ષની ઉંમરનો હતો. શેરીમાંથી સાંજે કૃપાળુદેવ ફરવા નીકળતા. તેમની સાથે ગુજરાતના ઘણા મુમુક્ષુઓ હોય તથા પોપટ મનજીના હાથમાં પાણીનો મોટો લોટો હોય અને આગળ ચાલતા હોય. કૃપાળુદેવે શાલ ઓઢેલી, ચાલ બહુ ધીમી અને શાંત હતી. તેમની પાછળ પાછળ અમો પણ કોઈ કોઈવાર જતા, ત્યાં તળાવની પાળે ચઢીને જોઈએ તો તેઓ છેક દરિયા તરફ જતા હોય અને ત્યાં સત્સંગ વાર્તા થતી અને મોડી રાતે પાછા ફરતા હતા. વળી એમના ઘરની બેઠકમાં વાંચતા હોય અને ઝડપથી પાના ફેરવતા હોય તથા કોઈની સાથે બોલે કે વાતચીત કરે ત્યારે જાણે મુખમાંથી ફૂલ ઝરતા હોય તેવી વાણી મીઠી લાગતી, અને મોઢે જાણે સરસ્વતી વસી હોય એમ ખુલાસા કરતા. હું ઘણાના પરિચયમાં આવ્યો છું પણ એમના જેવા દયાળુ કોઈ જોવામાં આવ્યા નથી.

---



# શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા

### વવાણિયા

### શ્રીમદ્‌ના લઘુબંધુ

શ્રી મનસુખભાઈ શ્રીમદ્‌થી ૯ વર્ષ નાના હતા. તેઓને ઉત્તમ કેળવણી આપી તૈયાર કરવાની શ્રીમદે ખાસ સંભાળ રાખી હતી.

### બેય ભાઈઓ વચ્ચે રામ-લક્ષ્મણ જેવો પ્રેમ

સં.૧૯૫૦ કાર્તિક સુદમાં શ્રીમદ્‌જી મનસુખભાઈ કીરતચંદને કહે છે—''મનસુખ! તમને જોઈ આનંદ થાય છે. મનસુખ છઠ્ઠી અંગ્રેજીમાં છે, તમે મેટ્રિકની પરીક્ષા આપી.'' તે વખતે મનસુખભાઈ-શ્રીમદ્‌ના લઘુબંધુની ઉંમર ૧૭ વર્ષની હતી. અને સં.૧૯૫૭માં શ્રીમદ્‌ના અવસાન વખતે તેઓની ઉંમર ૨૪ વર્ષની હતી. શ્રીમદે પોતાની મિલકત વગેરે સર્વ પોતાના લઘુબંધુને નામે જ કર્યું હતું. અને માતાપિતાની તેમજ સ્વકુટુંબની સંભાળ રાખવાનું પણ તેમને જ સુપ્રત કર્યું હતું. મરણ વખતે પણ છેવટ સુધી મનસુખભાઈ હાજર હતા. આ બધી હકીકત ઉપરથી જણાય છે કે બે ભાઈઓ વચ્ચે રામ-લક્ષ્મણ જેવો નિર્મળ સ્નેહ હતો. શ્રીમદે મનસુખભાઈ ઉપર પૂરો વિશ્વાસ મૂક્યો હતો. અને મનસુખભાઈએ તે વિશ્વાસને અનુરૂપ પોતાની ફરજો અદા કરી હતી.

### શ્રીમદ્‌ની તબિયત નરમના કારણે જવાબદારી વધી

શ્રી મનસુખભાઈ મેટ્રિક થયા પછી શ્રીમદે તેઓને પોતાની સાથે દુકાનના કાર્યમાં જોડ્યા હતા. પછીથી શ્રીમદ્‌ની તબિયત નરમ રહેવાને કારણે તેઓ પર વ્યવહાર તેમજ પરમાર્થ કાર્યની જવાબદારી વિશેષ આવતી ગઈ.

શ્રીમદ્‌ની હયાતીમાં તેઓશ્રીની આજ્ઞાથી ખંભાતના શ્રી અંબાલાલભાઈ શ્રીમદ્ રાજચંદ્રના મૂળ પત્રો મેળવી તેમની નકલો આજ્ઞા મુજબ જુદા જુદા મુમુક્ષુઓને મોકલતા. અને મૂળ પત્રો વગેરે સાચવીને રાખતા.

### શ્રીમદ્‌જીનું જીવન અને વિચારોને પ્રથમ પ્રકાશમાં આણવા પ્રયત્ન

શ્રીમદ્‌ના અવસાન પછી શ્રી મનસુખભાઈએ શ્રીમદ્‌નું જીવન અને શ્રીમદ્‌ના વિચારો પ્રકાશમાં આણવા વિના વિલંબે પ્રયત્ન કર્યો. શ્રીમદ્‌ના મૂળ પત્રો જ્યાં જ્યાં હતા ત્યાંથી મંગાવી પરમશ્રુત પ્રભાવક મંડળને સુપરત કર્યા અને શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથની પ્રથમાવૃત્તિ ૧૯૬૧માં બાળબોધ લિપિમાં, પરમશ્રુત પ્રભાવક મંડળ દ્વારા બહાર પાડી. ત્યારબાદ સંવત્ ૧૯૬૨માં તેઓએ 'સનાતન જૈન' નામે ત્રૈમાસિક બહાર પાડ્યું. તે લગભગ પાંચ વર્ષ એટલે સં.૧૯૬૭ સુધી તો ચાલુ હતું. મનસુખભાઈની પત્રકાર તરીકે લેખનશક્તિ ઉત્તમ હતી અને તેઓએ શાસ્ત્રોનું સંશોધન કરી જૈન ધર્મની મૂળ પ્રણાલિકા ઉપર સારો પ્રકાશ પાડ્યો. તેઓ નીડરપણે સત્યને હેતુ, દાખલા-દલીલો સહિત પ્રગટ કરતા. તેઓની શૈલી તે પછીના પત્રકારોએ પણ અપનાવી હતી.

### શ્રીમદ્‌ની જન્મ જયંતી ઉજવવાનું શરૂ કર્યું

શ્રીમદ્‌ના વચનામૃતો બહાર પડતાં ઘણા જૈન તેમજ જૈનેતરો તેમાં રસ લેતા થયા ત્યારે મનસુખભાઈના



તેમજ બીજા ઘણાના ઉત્સાહથી શ્રીમદ્‌ની જયંતી ઉજવવાનું શરૂ થયું. પ્રથમ જયંતી સંવત્ ૧૯૬૫ની કાર્તિક પૂર્ણિમાએ મુનિશ્રી ચારિત્રવિજયજીના પ્રમુખપણા નીચે મુંબઈમાં ઉજવાઈ હતી. તેમાં ઘણા લંબાણથી ભાષણો થયા હતા. અને જયંતી પ્રસંગનો ઉત્સાહ અજબ હતો. દ્વિતીય જયંતી પણ મુંબઈમાં બીજે વર્ષે સં.૧૯૬૬માં કાર્તિક પૂર્ણિમાએ શ્રી માંગરોળ જૈન સભાના હૉલમાં શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે ઉજવાઈ હતી. આ બન્ને જયંતીના ભાષણો શ્રી મનસુખભાઈએ સંગ્રહી સં.૧૯૭૦માં એક પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યાં હતા.

### બીજી આવૃત્તિ ગુજરાતી લિપિમાં બહાર પાડી

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની પ્રથમાવૃત્તિ બહાર પડ્યા પછી બાકી રહેલા પત્રો મેળવવાનું કામ પણ સતત ચાલતું હતું. એ રીતે ઘણા ખરા પત્રો મળી ગયા પછી વચનામૃતની બીજી આવૃત્તિ ગુજરાતી લિપિમાં સંવત્ ૧૯૭૦માં શ્રી મનસુખભાઈએ સ્વતંત્ર પ્રસિદ્ધ કરી હતી.

### મહાત્મા ગાંધીજીએ પણ શ્રીમદ્‌ની જયંતી ઉજવવાનું શરૂ કર્યું

સંવત્ ૧૯૭૦ પછી શ્રી મનસુખભાઈ કાઠિયાવાડની રાજકીય બાબતોમાં વિશેષ રસ લેતા થયા. સૌરાષ્ટ્રનું એકમ કરનાર કાઠિયાવાડીની રાજકીય પરિષદના આદ્ય કાર્યકર્તાઓમાંના તેઓ એક હતા. પૂજ્ય મહાત્મા ગાંધી આફ્રિકાથી હિન્દ સં.૧૯૭૧માં આવ્યા. તેમનો સાથ પણ શ્રી મનસુખભાઈને મળ્યો અને ત્યાર પછી મહાત્માજીએ શ્રીમદ્ રાજચંદ્રની જયંતી ઉજવવાનું ફરી શરૂ કર્યું.

### મહાત્મા ગાંધીજીએ યરવડા જેલમાં પણ શ્રીમદ્‌જીના સંસ્મરણો લખ્યાં

વચનામૃતની ત્રીજી આવૃત્તિ, લગભગ બીજી આવૃત્તિ અનુસાર, સં.૧૯૮૦માં શ્રી મનસુખભાઈ રવજીભાઈ તરફથી બહાર પડી. તેમાં મહાત્મા ગાંધીજીએ યરવડા જેલમાં લખેલ શ્રીમદ્‌ના સંસ્મરણોનું પહેલું પ્રકરણ મૂકી ટૂંક પ્રસ્તાવના લખી હતી તે મૂકવામાં આવી હતી. આ ત્રીજી આવૃત્તિ છપાઈ બહાર પડે તે પહેલાં શ્રી મનસુખભાઈ દેવલોક પામ્યા અને તેમના ભાણેજ હેમચંદ ટોકરશીએ તે કાર્ય પૂર્ણ કર્યું હતું. આમ શ્રી મનસુખભાઈ રવજીભાઈ પોતાના મહાન બંધુ સંબંધી જનસમાજ પ્રત્યેની પોતાની ફરજો બજાવી કૃતકૃત્ય થયા હતા.

---

## શ્રી છગનભાઈ રાજચંદ્ર મહેતા

### શ્રીમદ્‌ના જ્યેષ્ઠ પુત્ર

### વવાણિયા

### 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં કયો પત્ર કયા પાને તે કહી શકતા


શ્રીમદ્ રાજચંદ્રના મોટા પુત્ર ભાઈ છગનલાલનો જન્મ સં.૧૯૪૬ના માહ સુદ ૧૨ ના દિવસે મોરબીમાં થયો હતો. તેઓ નાના હતા ત્યારથી તેમના પિતા તેમને છગનશાસ્ત્રી એવા નામથી સંબોધતા. જે નામ અગાઉ મહાત્મા ગાંધીજીને પણ સ્મૃતિમાં પ્રિય હતું. બાલપણથી જ ભાઈ છગનલાલની સંભાળ રાખવાનું કામ શ્રી મનસુખભાઈને સોંપાયું હતું. શ્રીમદ્ ગુજરી ગયા ત્યારે છગનભાઈની ઉંમર ૧૧



શ્રીમદ્જીના લઘુબંધુ શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા



શ્રીમદ્જીના સુપુત્ર શ્રી છગનભાઈ રા. મહેતા



વર્ષની હતી. ૧૫મે વર્ષે તેઓ મેટ્રિકમાં આવ્યા ત્યારે સં.૧૯૬૧માં તેઓની પેઢીને અંગે કેસ ચાલ્યો. તે કેસમાં પોતાના કાકાને મદદરૂપ થવા ભાઈ છગનલાલ શાળા છોડી મોરબીથી મુંબઈ આવ્યા. ત્યારબાદ કેસ બે ત્રણ વર્ષ લંબાયો. તે દરમ્યાન શ્રી છગનભાઈએ ધર્મ અને નીતિનાં ઘણા પુસ્તકો વાંચ્યા. ખાસ કરીને 'રામાયણ' અને 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ જે ત્યારે પ્રથમ જ છપાયો હતો—તે બે ગ્રંથ તેમને બહુ જ પ્રિય હતા, અને વારંવાર વાંચી હૃદયગત કર્યા હતા. કયો પત્ર કયે પાને છે તે તેઓ તુરત કહી શકતા.

## આવો વિચક્ષણ અને નિયમિત દરદી ભાગ્યે જ મળે

શ્રી મનસુખભાઈને પણ તેઓ દરેક રીતે પુત્ર સમાન મદદરૂપ હતા. અને કેસ પત્યા પછી ભત્રીજા-કાકાના નામથી વ્યાપાર કરવા ધાર્યું હતું. તેની શરૂઆત પણ થઈ. પરંતુ વ્યાપારમાં જોડાયાંને હજી ચાર માસ પૂરા ન થયા ત્યાં ભાઈ છગનલાલ પ્રત્યે ક્ષયના જીવલેણ વ્યાધિએ હુમલો કર્યો. પ્રથમ તો તેણે મનુષ્યદેહ ટકાવવાની દૃઢ ઇચ્છાથી ઉપાયો એવા તો નિયમપૂર્વક કર્યા કે દાકતરો પણ કહેતા કે આવો વિચક્ષણ અને નિયમિત દરદી ભાગ્યે જ જોવામાં આવે છે. આરોગ્યના દરેકે દરેક નિયમ સાચવવાથી ૭ મહિને આરોગ્ય તદ્દન સુધરી ગયું; પરંતુ અઢી મહિના પછી ફરીથી ઉથલો માર્યો જે જીવલેણ નીવડ્યો. માંદગી દરમ્યાન તેણે સ્વહસ્તે લખેલી નિત્યનોંધમાં પોતાના ઉચ્ચ મનોરથો દર્શાવ્યા હતા. સં.૧૯૬૫ પોષ સુદ ૧૫ (પૂર્ણિમા) એ તેઓ લખે છે :

## આત્માના કલ્યાણ અર્થે જીવવાની ઇચ્છા

જીવવાની ઇચ્છા છે?.....હા. શાથી છે?.....કલ્યાણ કરવા અર્થે. કોનું?.....આત્માનું. પ્રયત્ન મંદ કેમ? પંચમ કાળના કારણે. જીવીને શો ફાયદો કાઢશો?.....ઉપર જણાવ્યું તે ઇચ્છા પૂરી પાડીશ.

## આવી સર્વ ઉત્તમ જોગવાઈ ફરી મળશે નહીં

વળી સં. ૧૯૬૫ પોષ વદ ૨ના લખે છે :

પ્રશ્ન : હે જીવ, તું તારા દેહને બચાવવાને ઉત્કંઠિત કેમ રહ્યા કરે છે?

ઉત્તર : તેનું કારણ એટલું જ કે ફરીથી ધર્માત્મા પિતા, આર્યક્ષેત્ર, જૈનધર્મ, મતાગ્રહ વિનાના ધર્મ સંસ્કાર, સ્થિતિની અનુકૂળતા, યૌવનાવસ્થામાં ધર્મ પ્રત્યેની જિજ્ઞાસા થવી એ આવતાં ભવમાં મળશે કે નહીં? મળવું અસંભવિત લાગે છે. કારણ કે એક ચીજ ફરીથી ક્યાંય પણ પિતા તરીકે દેખાશે નહીં; અને તે ધર્માત્મા પિતા શ્રીમદ્ રાજચંદ્ર.

## ઉત્તમ રીતે તત્ત્વ વિચારી સમાધિમરણની તૈયારી કરી

છેલ્લે મહિને વવાણિયાથી મોરબી દવા કરાવવા આવ્યા ત્યારે સર્વને ખમાવી રજા લીધી. પછી રોગ અસાધ્ય જણાયો ત્યારે તેણે દેહની આશા છોડી માત્ર ધર્મનું આરાધન કરવા માંડ્યું. જ્યારે વેદનાથી કંઈક શાંતિ થતી, ત્યારે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ વાંચવા માટે સૂચના કરતા. તેમાં પણ તેમના પિતાએ શરીરને વેદના હોય ત્યારે આત્માએ કેવી રીતે શાંતિપૂર્વક તે વેદવી તે સંબંધી લખેલા પત્રો, અનિત્યાદિ બાર ભાવનાનું સ્વરૂપ, આત્મા છે, આત્મા નિત્ય છે, એમ આદિ છ પદનું સ્વરૂપ વંચાવીને બહુ મનન કરતા. તે ઉપરાંત 'આત્મસિદ્ધિ', 'હે પ્રભુ, હે પ્રભુ, શું કહું?' એ ભક્તિનું પદ, 'અપૂર્વ અવસર' વગેરે



વંચાવી સારા રાગમાં ગવરાવી સાંભળતા. ચાર દિવસ અગાઉ આત્મસિદ્ધિના અર્થમાંથી છ પદનું સ્વરૂપ, દેહ પ્રત્યે કેવી રીતે ભ્રાંતિ થાય છે, આત્મા ત્રણે કાળમાં અમર છે તે શી રીતે? તે દૃષ્ટાંતપૂર્વક સમજ્યા. છેવટે ''ઇચ્છે છે જે જોગી જન અનંતસુખ સ્વરૂપ'' એ આખું કાવ્ય વંચાવી તે પર પોતે લંબાણથી ચર્ચા કરી.

### ધન્ય છે બાપુને કે જે અપૂર્વ શાંતિ રાખતા હતા

વેદના સહન ન થતી ત્યારે વારંવાર કહેતા, ''કાકા! હું કેવો દુષ્ટ પાપી છું! તમો તો ઘણુંએ સમજાવો છો. ધન્ય છે બાપુને કે જે અપૂર્વ શાંતિ રાખતા હતા.''

### નાની ઉંમરમાં પણ પિતાના પગલે ચાલી સમાધિમરણ સાધ્યું

મરણ વખતે તેમનાં દાદી દેવમાને અને તેમના મા ઝબકબાઈને કહ્યું કે, મા મારા વાંસે રોશો નહીં. દાદા રવજીભાઈને કહ્યું કે તમે મારી પાસે બેસો. પછીથી રાત્રિના ત્રણ વાગે શાંતિથી દેહત્યાગ કર્યો. ટૂંકામાં શ્રી છગનલાલે નાની ઉંમરમાં પોતાના મહાન પિતાને પગલે ચાલી સમાધિમરણ સાધ્યું. ધન્ય છે એ પુણ્યાત્માની સમજણને.

---

## શ્રી દામજીભાઈ

### વવાણિયા

### સોનાના ટચ કંઈ કામના નહીં પણ આત્મા છે તે ખરો ટચ છે

પૂ.દામજીભાઈ કહેતા કે કૃપાળુદેવને પૂછ્યું કે સાહેબ! જુઓ આ સોનું કેટલા ટચનું છે? તેઓશ્રીએ કહ્યું કે એ ટચ કાંઈ કામના નથી. આ દેહમાં જે આત્મા છે તે ટચ ખરો છે, બાકીનું કાંઈ નથી.

### નિશાળમાં વિદ્યાર્થીઓને કૃપાળુદેવ ભણાવતા, શિક્ષક બેસી રહે

કૃપાળુદેવ નિશાળમાં ભણતા ત્યારે બધા વિદ્યાર્થીઓને પોતે જ ક્લાસમાં ભણાવતા. શિક્ષક બેસી રહેતા. કૃપાળુદેવ સ્કૂલમાં આસિસ્ટંટ હતા. વિદ્યાર્થીઓ માસ્તરને કહેતા, રાયચંદભાઈ અમોને પાઠ આપે તો તે જલ્દી યાદ રહી જાય છે. કૃપાળુદેવ વિદ્યાર્થીઓને પાઠ ન આવડે તો કદી મારતા નહીં. વળી એક વિદ્યાર્થી કૃપાળુદેવ સાથે ભણતાં તેણે લખ્યું છે કે એક વખત ઘેરથી હું પાઠ કર્યા વિના નિશાળે ગયો. મને કાંઈ આવડ્યું નહીં. ત્યારે રાયચંદભાઈએ મને ઊભો કર્યો અને ઘણી જ નરમાશથી મારી કાનપટ્ટી પકડી. તેમનો હાથ એટલો બધો મુલાયમ અને કોમળ લાગ્યો કે જે મને ગમ્યો. મને દુઃખ ન થયું પણ જાણે હજુ કાન પકડી રાખે તો સારું એમ થયું. એવી જેને રોમે રોમ દયા વસી હતી તે મને હજુ સાંભરે છે.

### આંખ મીંચીને હું કહું તેમ મહાવીર પ્રભુને દૃષ્ટિમાં ઉતારો

કૃપાળુદેવ નાના હતા ત્યારે નિશાળના વિદ્યાર્થીઓને હાથ પકડી ભીંતના ઓઠે ઊભા રાખતા ને સમજાવતા હતા કે આંખ મીંચી દ્યો અને હું બોલું તેમ તમારી દૃષ્ટિમાં મહાવીર પ્રભુને ઉતારો.

-સત્સંગ સંજીવનીમાંથી

---



# શ્રી ચત્રભુજ બેચર મહેતા

## જેતપુર

પૂજ્યશ્રી રાયચંદભાઈ પ્રત્યે મને પૂજ્યભાવ ક્યારે અને કેવી રીતે ઉત્પન્ન થયો તે બતાવું છું. તે પહેલા તેમની સાથેનો મારો વ્યાવહારિક પ્રસંગ જણાવું છું.

### તેર વર્ષની ઉંમરે વૈરાગ્યમય વર્તન

મારો સંસારી સંબંધ કૃપાળુશ્રીની વડીલ બહેન શિવકુંવર સાથે થયો હતો. મારું લગ્ન તેમના વડીલ બહેન સાથે પંદર વર્ષ અને છ માસની ઉંમરે સંવત્ ૧૯૩૭ના માગસર વદ ૧૦ સોમવારે થયું હતું. તે વખતે કૃપાળુશ્રીની ઉંમર તેર વર્ષની હતી. તે વખતે તેમનું વર્તન વૈરાગ્યમય જણાતું હતું. બેઠકના ભાગમાં બેસી દરેક વખતે પુસ્તકો વાંચતા હોય તેમ દેખાતું હતું.

### સ્ત્રી નીતિ બોધક

સંવત્ ૧૯૩૮ની સાલમાં જેતપુર પધારવાનું થયેલું, તે વખતે તેમણે ''સ્ત્રી નીતિ બોધક'' નામની ચોપડીઓ છપાવેલી હતી. તે સાથે લાવેલ હતા. અગાઉથી ગ્રાહક તરીકે પાંચ પ્રતો ભરાવેલી તે આપવામાં આવી હતી.

### અવધાનની ચમત્કારિક શક્તિ

સંવત્ ૧૯૩૯-૪૦ની સાલમાં મોરબી લેવડ-દેવડના કામ પ્રસંગે જવું આવવું થતું ત્યારે તેઓશ્રીને મળવાનું થતું. કવિત્વશક્તિ અને તે સાથે અવધાન કરવાની શક્તિ જોઈ, યાદદાસ્ત ઘણી જ તીવ્ર જણાતી, આ સમયે અંગ્રેજીનો અથવા કાયદાનો અભ્યાસ કર્યો હોય તો આગળ ઉપર ઘણો લાભ મેળવી શકે એમ ધારી તે અભ્યાસ કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. તેના જવાબમાં અંગ્રેજી અભ્યાસ કરવાની પોતે અપ્રિયતા બતાવી હતી અને કાયદાનો અભ્યાસ કરવાની ઇચ્છા બતાવી હતી. થોડા વખતમાં રાજકોટ જવું છે અને ત્યાં શરૂઆત કરવી છે, પણ તરતમાં રાજકોટ જવાનું થયું નહોતું. કારણ કે તે વખતે અવધાનશક્તિ ઉપર વિશેષ લક્ષ જણાતો હતો અને એવી ચમત્કારિક શક્તિની ખ્યાતિથી જામનગર વગેરે સ્થળેથી આમંત્રણ આવવાથી ત્યાં જવું થયું હતું. અને સારી સારી ભેટો પણ ઈનામરૂપે તેમને આપવામાં આવી હતી.

### અષ્ટાવધાન કરી બતાવ્યા

સંવત્ ૧૯૪૧ની સાલમાં મોરબીથી દલાલ હરિભાઈ ભાયચંદભાઈની સાથે તેઓ જેતપુર આવ્યા હતા. આ વખતે જેતપુરમાં કૃપાશંકર હરિશંકર નામના નાગર જે મહાલકારીની જગ્યા ઉપર હતા. અને થાણેદાર નંદલાલ બાપુજી હતા. તેમના તથા તેઓના સ્ટાફના માણસોના આગ્રહથી તેમને અષ્ટાવધાન કરી બતાવવા વિનંતી કરવામાં આવી હતી. તે કબૂલ રાખી બીજે દિવસે નિશાળની મેડી ઉપરના ભાગમાં સભા કરી હતી. મહાલકારી સાહેબ પ્રમુખપદે હતા. ત્યાં અષ્ટાવધાન કરી બતાવ્યા હતા. તેમાં જુદા જુદા વિષયોની જુદા જુદા રાગમાં માંગવામાં આવેલી કવિતાઓ અસરકારક અર્થવાળી શીઘ્રતાથી કરી આપવામાં આવી હતી. આ નાના ગામની સભામાં લગભગ સો-એક માણસો ભેગા થયા હતા, તે બધા આ જોઈ છક થઈ ગયા હતા. આ પ્રસંગના કાવ્યો અને કૃતિના કાગળો બધા સાચવી રાખેલા હતા, જે



મોરબીના શ્રી વનેચંદ પોપટભાઈએ ''સાક્ષાત્ સરસ્વતી''ની બુક છપાવવાની હતી તે વખતે પૂ.શ્રી રાયચંદભાઈના મંગાવવાથી તેમના તરફ મોકલવામાં આવ્યા હતા. પણ ગમે તે કારણોથી તેમાં દાખલ કરવામાં આવ્યા નહોતા. પરંતુ એ પ્રસંગનાં એકાદ કાવ્યનો ભાગ યાદ છે તે અહીં નીચે જણાવું છું.

### પુત્ર છતાં નિર્વંશ કહાયો

શ્રી ધનાળાના વિપ્ર વિશ્વનાથ જેતપુર આવેલા હતા. તેમને અવધાન જોવાની ઉત્કંઠા હોવાથી તે સભામાં આવ્યા હતા. તેઓ નાના ગામડાંઓમાં સારા વિદ્વાન ગણાતા અને ભાગવદ્ આદિનો અભ્યાસ કરેલો હતો. તેમણે એક પાદપૂર્તિનો વિષય માગ્યો હતો. જેમાં કહ્યું હતું કે—''પુત્ર છતાં નરવંશ કહાયો.'' આ પ્રમાણે તેઓ બોલ્યા હતા. ત્યારે કૃપાળુશ્રીએ સુધારીને જણાવ્યું હતું કે એમ નહીં પણ ''પુત્ર છતાં નિર્વંશ કહાયો'' એમ કહો. એ કાવ્ય યાદ નથી, પણ તેમાંથી બહુ જ ગંભીર અર્થ નીકળ્યો હતો. અને છેલ્લે ઉપરનું વાક્ય પાદપૂર્તિ તરીકે આવ્યું હતું.

### રાત્રિ ખરા બપોર

બીજા પ્રેક્ષકે ''રાત્રિ ખરા બપોર'' એ પાદપૂર્તિ કરી આપવા કહેતાં તે કાવ્ય નીચે પ્રમાણે કર્યું હતું:

**કચ્છ નૃપતિ વિવાહ રચ્યો, ગઈ તિમિરતા ઘોર;**
**અજવાળું એવું કર્યું, ''રાત્રિ ખરા બપોર.''**

એ રીતે અવધાન કરી બતાવવામાં આવ્યા હતા.

બાળપણમાં મેં રામાયણ આદિ કથાઓ સાંભળેલી. આગળ ગામડાઓમાં કેટલાંક ભટો આવી કાંસીઓથી અને ભંભાથી રાત્રિને વિષે તેની કથાઓ કરતાં તે સાંભળેલી. તેમાં હનુમાનની ભક્તિ અને તેમનું પરાક્રમબળ વિશેષ જણાવેલું. તેમજ તુલસીદાસને પણ હનુમાનજીના આશ્રયથી રઘુવીરના દર્શન થયાં હતાં. તેથી ભગવાનનાં દર્શન કરવા હોય તો હનુમાન ઉપર આસ્થા રાખવી એવી મારી શ્રદ્ધા હોવાથી હું ભાવપૂર્વક દરરોજ દર્શન કરવા જતો અને તેલ ચઢાવતો હતો. એવું કરતાં લગભગ ચાર-પાંચ વર્ષ થયાં હશે ત્યારે ઉપરના પ્રસંગે જણાવેલ સાલમાં કૃપાળુશ્રી જેતપુર પધારેલા ત્યારે હનુમાનની એક સ્તુતિનું કાવ્ય કરી આપવા માટે જણાવ્યું તથા એક કાવ્યમાં મારું નામ આવવું જોઈએ, તેમજ તેમની પ્રસન્નતાને લીધે જે કામ ધારું તેમાં સફળતા થાય એવો ભાવ આવવો જોઈએ. તે ઉપરથી તેમણે ઘણા થોડા વખતમાં નીચેનું કાવ્ય કરી આપ્યું હતું. પોતાના અક્ષરથી લખાયેલો અસલ કાગળ પણ વિદ્યમાન છે.

### હનુમાનની સ્તુતિ

(હરિગીત છંદ)

**સમરું સદા સમરણ કરીને શાંતતા મનમાં ધરી,**
**ધરું ધ્યાન આઠે જામ ને પરણામ પ્રેમેથી કરી;**
**તુજ સાથથી મુજ કામ થાશે, હામ પૂરો મન તણી,**
**મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી. ૧**

**શ્રી રામ કેરાં કામ કીધાં, નામ રાખ્યું જગતમાં,**
**સમરણ કરી જગનાથનું પ્રથમે પુજાણા ભગતમાં;**



અતિ હેતથી આશિષ પામ્યા બોલતાં જય રામની,
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી. ૨

મંગળકરણ મતિવાન થઈ પ્રેમે કરી પ્રખ્યાત છો,
સંસાર તારણ કર્મમારણ ભક્તિ કેરાં ભ્રાત છો;
વિશ્વાસથી આશા પૂરો છો સર્વ જનના મન તણી,
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી. ૩

સીતા સતીને લાવિયા, નીતિનિયમમાં મન ધર્યું,
જગમાંહી કહેવાણા જતિ, એ ઠીક કારણ શોધિયું;
આ રાયચંદ વણિક વીનવે હૃદયથી હરષિત બની,
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી. ૪

(દોહરા)

હેત ધરી હનુમાનજી, સમરું છું સુખકાર;
આશા અંતરની કરો પૂરણ ભક્તાધાર. ૫

(કવિત)

હામ ધરી હનુમંત પ્રેમે પરણામ કરું,
તોડો મારા તંત એવી પૂરણ છે વિનતી;
રામ તણા કામ કર્યા, કરો છો ભગત કામ,
જગત પૂજે છે વારંવાર માગી સુમતિ.
નિશદિન રટણ કરું છું આપ નામ તણું,
માગું છું અલપમતિ, આશા પૂરો હેતથી;
ચરણકમળતણી કરું નિત્ય નિત્ય પૂજા,
દુઃખ ટાલનાર સ્વામી, આપની ગતિ છતી. ૬

(અંતર્લાપિકા દોહરા)

**ચ**તુરતા ચિત્તમાં નથી, **વં**દન લાયક તાત;
**તુ**જ ગતિમાં મોહી રહું, **દ**ઈ દે એ વિખ્યાત. ૭

**ર**હું સદા આનંદમાં, **ના**મ લીધે દુઃખ જાય;
**ભુ**જ વિષે દે જોર ને, **ક**ષ્ટો દૂર પળાય. ૮

**જ**ગ સમરે છે આપને, **રે**મ કરો હે દેવ;
ધાર્યું મારું નીપજે, કરતાં રૂડી સેવ. ૯

''ચતુરભુજ વંદના કરે.''

**આસ્થા અરિહંત, જિનેશ્વર ભગવાનની રાખવી**

આ કવિતા સંવત્ ૧૯૪૧ના કારતક સુદ ૧૫ સોમવારના દિવસે જેતપુર મુકામે રચવામાં આવી. ત્યાં અષ્ટાવધાન પણ કરવામાં આવ્યાં હતાં.



ઉપર પ્રમાણે કરી આપ્યા પછી કહ્યું કે તમે જેના ઉપર આસ્થા રાખો છો તે પ્રમાણે તેઓ સિદ્ધિ પામ્યા નથી. તો તમને લાભદાયક શું થશે?

નિર્ધન તે ધનાઢ્ય ક્યાંથી બનાવે? વંધ્યા તે પુત્ર ક્યાંથી આપે? એ શબ્દો કહી ''આ આસ્થા ઉપયોગી નથી.'' ખરી આસ્થા અરિહંત, જિનેશ્વર ભગવાન ઉપર રાખવી જોઈએ. તે માટે તમને એક પ્રબંધ કરી આપીશું. તેના ઉપર આસ્થા રાખી તેમની સ્તુતિ, સ્મરણ કરજો. એમ સૂચવી એક પ્રબંધ બનાવી આપ્યો હતો તે પણ અસલરૂપે વિદ્યમાન છે. તેમાં નીચેનું કાવ્ય ગોઠવેલું છે. (આ પ્રબંધ 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકમાં પૃષ્ઠ ૩૦ ઉપર છે.)

(અંતર્ગત-ભુજંગી છંદ)

**''અરિહંત આનંદકારી અપારી, સદા મોક્ષદાતા તથા દિવ્યકારી;**
**વિનંતિ વણિકે વિવેકે વિચારી, વડી વંદના સાથ હે! દુઃખહારી.''**

(કર્તા તથા પ્રયોજન - ઉપજાતિ)

**''વવાણિયાવાસી વણિક જ્ઞાતિ, રચેલ તેણે શુભ હિત કાંતિ;**
**સુબોધ દાખ્યો રવજી તનુજે, આ રાયચંદે મનથી રમૂજે.''**

(પ્રયોજન પ્રમાણિકા)

**''વણિક જેતપુરના, રિઝાવવા કસૂર ના;**
**રચ્યો પ્રબંધ ચિત્તથી, ચતુરભુજ હિતથી.''**

આ પ્રબંધમાં દૃષ્ટિદોષ, હસ્તદોષ કે મનદોષ દૃષ્ટિગોચર થાય તો તેને માટે ક્ષમા ચાહી વિનયપૂર્વક વંદના કરું છું. હું છું.

**- રાયચંદ રવજી**

## પ્રથમનું છોડી જિનેશ્વરની આસ્થા વધી

ઉપર પ્રમાણે પ્રબંધ કરી આપ્યો, ત્યારથી સૂચના મુજબ જિનેશ્વર ભગવાન ઉપર આસ્થા વધી અને પ્રથમ જે કરવામાં આવતું તે છોડી દીધું. એમ પ્રથમ બોધ બીજ મારામાં દાખલ કર્યું એમ હું માનું છું.

## પૂર્વના સંબંધે પાણિગ્રહણ

સંવત્ ૧૯૪૨-૪૩ની સાલમાં કૃપાળુશ્રીનું વેવિશાળ મોરબીમાં મહેતા પોપટલાલ જગજીવનને ત્યાં થયું. સગપણ કરવા સંબંધી વાતચીત કરતા પહેલાં તેમણે અભિપ્રાય માગ્યો હતો, તે એમ સમજી કે તે સંસારી થશે કે કેમ? એ સવાલ હતો. તેના જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે એકાદ બે-ઠેકાણે વાત ચાલે છે. તો થોડા વખતમાં નક્કી થઈ જશે. ત્યારપછી થોડા મહિનામાં ઉપર જણાવેલ ઠેકાણે સગપણ થયા બાદ મળવાનું થયું ત્યારે તે સંબંધી જણાવવામાં આવ્યું હતું કે સગપણ કરવામાં ઉતાવળ કરી છે. થોડાં મહિના ખમ્યા હોત તો આ કરતાં પણ સારા ઠેકાણાની કન્યા મળી શકત. તેના જવાબમાં કૃપાળુશ્રીએ કીધું હતું કે શ્રી આમરણના એક શ્રીમંત કન્યાની વાત આવી હતી, છતાં આ સાથે પૂર્વના સંબંધે પાણિગ્રહણ થવાના નિમિત્તે અહીંનું જ કબૂલ રાખ્યું છે. બે-એક વર્ષ પહેલાં આ કન્યા માટે વવાણિયાના વોરા ગોપાળજીએ વાતચીત ચલાવતાં તેના વડીલોએ જણાવેલું કે અમે દફતરી જેવા મોટા કુટુંબના અને શહેર નિવાસી, તે ગામડામાં કન્યા કેમ આપીએ? પણ આ જગ્યાએ જ શહેરમાં અને સારા જથ્થામાં વેવિશાળ થયેલ છે.



### લગ્ન પહેલાં સંસાર છોડી દેશે કે શું?

લગ્ન થયા પહેલાં વઢવાણ, બોટાદ વગેરે સ્થળોએ અવધાન કરી અને છેવટ મુંબઈમાં શતાવધાનના પ્રયોગ કરી મુંબઈની પ્રજાને હેરત પમાડી હતી. અને દેશવિદેશમાં પેપર દ્વારા ઘણી ખ્યાતિ વધતી ચાલી હતી. તે વખતના પત્ર ઉપરથી જણાતું હતું કે વૈરાગ્યદશા બહુ વધી ગઈ છે તેથી લગ્ન કર્યા પહેલાં સંસાર છોડી દેશે કે શું? એમ તર્ક-વિતર્ક થતાં વિસ્તારથી પત્ર લખ્યો હતો. પત્રનો જવાબ વખતસર નહીં મળતાં ફરી ઉપરા-ઉપરી કાર્ડો લખવામાં આવ્યા હતા. તેથી જવાબ મળ્યો હતો તે પત્ર 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પત્રાંક ૨૭ છે.

### વૈરાગ્યની ઉત્કૃષ્ટતા વધ્યે સંસાર ત્યાગ

ઉપરનો પત્ર આવ્યા પછી મારા જન્મગ્રહ રજિસ્ટર પત્રથી મોકલવામાં આવ્યા હતા. અને વૈરાગ્યની ઉત્કૃષ્ટતા જોઈ સંસારી થઈ તેના સુખદુઃખનો અનુભવ પાંચ વરસ કરી પછી સંસાર ત્યાગ કરવાનું જણાવ્યું હતું. તેના જવાબમાં આવેલ પત્ર તે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પત્રાંક ૨૮માં છપાયેલ છે.

કૃપાળુશ્રીને મારા પ્રત્યે લાગણી હતી. સંસારત્યાગ કરવામાં આવે તે વખતે સાથે જ ત્યાગવો એવો સંકેત હતો. તે કેટલીક જગ્યાએ એકતા જેવી પ્રીતિ દર્શાવી છે. અને અહીંયા પણ શુક્લપ્રેમ પ્રદર્શિત કર્યો છે.

### સંપ શાંતિની વૃદ્ધિ કરો

સંપ રાખી રહેવા સંબંધીની તેમની ઉત્તમ શિક્ષા એક પત્રમાં આ પ્રમાણે છે :—

જેમ બને તેમ આપના ભાઈઓમાં પ્રીતિ અને સંપ-શાંતિની વૃદ્ધિ કરશો. એમ કરવું મારા ઉપર કૃપા ભરેલું ઠરશે. વખતનો રૂડો ઉપયોગ કરતા રહેશો ગામ નાનું છે તો પણ.

### નવતત્ત્વ સંબંધીની ચર્ચા

હું વઢવાણ કેમ્પથી અમદાવાદ ગયો હતો. ત્યાં સારંગપુર તલીયાની પોળમાં પાનાચંદ ઝવેરચંદને ત્યાં ઊતર્યો હતો. તે વખતે રણછોડલાલ ગંગારામના પ્રેસમાં મોક્ષમાળા છપાતી હતી. ત્યાં તેમની સાથે હું પણ ગયો હતો. આ પુસ્તક ત્રણ દિવસમાં લખ્યું છે એમ જાણવા મળ્યું હતું. બે-ત્રણ દિવસ ત્યાં રોકાઈ પાછો વઢવાણ કેમ્પમાં આવ્યો હતો. અમદાવાદમાં દરરોજ સાંજે ફરવા જતાં. ત્રણ ચાર ભાઈઓ સાથે આવતા હતા અને ત્યાં નવતત્ત્વ સંબંધી ચર્ચા ચાલતી હતી.

### નષ્ટવિદ્યાનો પ્રયોગ

ત્યારબાદ મુંબઈ જતાં પહેલાં જેતપુર પધારેલા. ત્યારે નષ્ટવિદ્યાનો અખતરો કરી બતાવ્યો હતો. તે એવી રીતે કે જન્માક્ષરની કુંડળી જોઈ, માણસોનો જે સાલના, જે મહિનામાં, જે તિથિ અને વારના, જે સમયે જન્મ થયો હોય, તે કહી બતાવવું જોઈએ. એ વાત પ્રચલિત થવાથી જેતપુરના સોની નારણ સવજી પોતાની જન્મોતરી બતાવવા કૃપાળુશ્રીને તેમની દુકાને તેડી ગયા હતા. સાથે પાંચ-સાત માણસો હતા. પંચોલી શંકર સોમનાથ પણ ત્યાં હતા. જન્મોતરી તેમણે હાથમાં લઈ મથાળાનો ભાગ વીંટાળી દીધો અને પછી કુંડલીનો ભાગ કૃપાળુશ્રીને બતાવવામાં આવ્યો હતો. તે ઉપર આશરે અડધો કલાક વિચાર કરી જે કહ્યું તેની નોંધ કરી હતી, અને પછી તપાસતાં મથાળામાં જે પ્રમાણે લખ્યું હતું તે હકીકત બધી મળતી આવી હતી.



### નષ્ટવિદ્યા શીખડાવવાથી આવી શકે નહીં

આ ઉપરથી પંચોલી શંકર સોમનાથને આ શક્તિ અત્યંત અદ્ભુત લાગી હતી. તે પોતાને બહુ જ કિંમતી જણાવવાથી, તેઓની પાસેથી આ શક્તિ શીખવવા પૂછાવ્યું હતું. તેના જવાબમાં કૃપાળુશ્રીએ ખુલાસો કર્યો હતો કે એ વિદ્યા શીખડાવવાથી આવે તેમ નથી. અતિશય સ્મરણશક્તિ હોય તો જ જાણી શકાય તેમ છે, એટલે કે દરેક ગ્રહસ્થાનોમાં જે જે ગ્રહો પડ્યા હોય તે બધા ક્યારે હોઈ શકે એ હકીકત અંતઃકરણમાં એકઠી કરવી જોઈએ. અમુક ગ્રહ અમુક સ્થાને હોય તો આ સાલમાં જ તેનો જન્મ હોવો જોઈએ. એવું નક્કી થયા પછી માસ, દિવસ, વાર તથા વખતનું નક્કી થઈ શકે છે. એ અભ્યાસની કાંઈ નિશાળ નથી એમ જણાવતાં પંચોલીએ એ વાત કબૂલ રાખી હતી. નષ્ટ વિદ્યાનો જાણ પુરુષ અમારી સમગ્ર કોમમાં એક કાશીમાં જ છે, બીજે કોઈ સ્થળે નથી. આ વિદ્યાનો જાણનાર હજારો રૂપિયા મેળવી શકે અને તે બ્રાહ્મણ કોમને બહુ લાભકારક થાય. પણ એ પ્રાપ્ત થવી બહુ જ કઠણ, ત્યાં શું ઉપાય? એમ પંચોલીએ કહ્યું હતું.

### અંતઃકરણની શુદ્ધિ વિના થઈ શકે નહીં

ત્યારબાદ પુરુષ કયા હાથથી પાઘડી બાંધે છે તે તેના માથાની આકૃતિ જોઈને બતાવવાનો અખતરો કરી બતાવ્યો હતો. પોતે દુકાનની અંદર બેઠા હતા, તેમની સામે બહારથી માણસને ઉઘાડે માથે ઊભો રાખવામાં આવતાં તેઓ જે વળની પાઘડી બાંધતા હોય તે કહી બતાવતા હતા. આશરે પંદરેક માણસની એ પ્રમાણે પરીક્ષા કર્યા બાદ એક વસરામ બહેચર નામના એક પટેલને એવી રીતે ઊભો રાખતા પહેલાં શેઠ ઘેલા કાનજી તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે તમારી પાઘડીની પરીક્ષા કર્યા બાદ તમારે એમ કહેવું કે તમે કહો છો તેમ હું બાંધતો નથી, પણ બીજા હાથથી બાંધું છું એમ કહેજો. તે પ્રમાણે પટેલે કહ્યું ત્યારે કૃપાળુશ્રીએ તેમને તે પ્રમાણે પાઘડી બાંધી બતાવવા જણાવ્યું. પણ તે કૃત્રિમ હોવાથી યોગ્ય રીતે તેમ બાંધી શક્યા નહીં. તેથી તમે કોઈના શીખડાવવાથી એમ કહો છો એમ કૃપાળુશ્રીએ જણાવતાં પ્રેક્ષકોને બહુ જ આશ્ચર્ય લાગ્યું હતું.

આ પરીક્ષા શી રીતે થઈ શકે છે? એમ કૃપાળુશ્રીને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે માથાની આકૃતિનો અંતઃકરણમાં ભાસ લેતાં ડાબા-જમણા પડખાં તરફ માથામાં પડેલ ચિહ્નનો ભાસ થાય છે. અંતઃકરણની શુદ્ધિ વિના તેમ થઈ શકે નહીં. શિખવાડ્યું આવડે તેમ નથી. એમ ખુલાસો કર્યો હતો.

### 'સાક્ષાત્ સરસ્વતી'

સંવત્ ૧૯૪૩ની સાલમાં 'સાક્ષાત્ સરસ્વતી' નામનું પુસ્તક શ્રી મોરબીના દફતરી વનેચંદ પોપટભાઈએ છપાવેલ. તેમાં લખેલી હકીકત એકઠી કરી તે લખાણ અમે ગોઠવી આપેલ એમ તેમણે મોરબીમાં મને જણાવ્યું હતું. તેમાં જે હકીકત લખેલી છે તે અક્ષરે અક્ષર સત્ય છે. તે આત્માની શક્તિઓનું જગતને ભાન કરાવવા માટે આ પ્રયાસ કરેલો પણ જગતની રીતિ કેવી છે કે તે ચોપડી બહાર પડ્યા પછી કેટલાંક માણસો નિંદા કરવા લાગ્યા. તેથી તે ચોપડી ફેરવવી બંધ કરી દીધી. અને જ્યાં મોકલી હતી ત્યાંથી પણ પાછી મંગાવી લેવામાં આવી હતી એમ પણ મોરબીમાં મને કૃપાળુશ્રીએ જણાવ્યું હતું.

### ભાવનાબોધ મોક્ષમાળા

ત્યારબાદ મોક્ષમાળાનું પુસ્તક બહાર પાડ્યું હતું. જે ધ્યાન રાખી વાંચવામાં આવ્યું હતું. તે છપાવતાં



વિલંબ થયેલ માટે ગ્રાહકોની આકુળતા ટાળવા માટે પ્રથમ ભાવનાબોધની પ્રત મોકલવામાં આવી હતી.

### અનેક માસિકોમાં કૃપાળુશ્રીના કાવ્યો

એ અરસામાં તેઓશ્રી તરફથી કેટલાંક માસિકમાં કાવ્યો મોકલવામાં આવતા હતા. 'રાય સત આઈ' એ મથાળાનું કાવ્ય એક માસિકમાં વાંચેલું. તથા બીજા કાવ્યો દેશ હાલ વિષે, શૂરવીર છત્રીશી કે પચીસી તથા ધર્મ સંબંધી કવિત અને દૃષ્ટાંતિક દોહરા વગેરે જુદા જુદા માસિકોમાં હોવા જોઈએ. તે સમયે વિજ્ઞાનવિલાસ, બુદ્ધિપ્રકાશ, સુબોધપ્રકાશ, ધર્મદર્પણ, કવિતાવિલાસ, સ્વદેશહિતબોધક, હિતોપદેશક રત્ન આદિ માસિકો આવતા હતા. આ કાવ્યો સન્ ૧૮૮૦ થી ૧૮૮૭ સુધીમાં જોવામાં આવેલ છે. તે વખતે ''વૈરાગ્યવિલાસ'' નામનું સ્વતંત્ર માસિક કાઢવા પોતે જણાવ્યું હતું.

પોતાનું તથા પોતાના પિતાશ્રીનું નામ આવે તેવી નીચે જણાવેલી કવિતા જેતપુર મુકામે ગોઠવી હતી. તે આ પ્રમાણે—

**''રાખે યશ ચંદ્રોદયે, રહે વધુ જીવી નામ;**
**તેવા નરને પ્રેમથી, નામ કરે પરણામ.''**

### યુગપ્રધાનનું સૂચન

મોરબીથી તેઓશ્રીની જાન શ્રી વવાણિયે પાછી જતાં રસ્તામાં વૃષ્ટિ થઈ હતી. થોડુંક માવઠું થયું તે થઈ રહ્યા પછી જે સિગરામમાં કાકુભાઈ વગેરે બેઠેલ હતા તેમાંથી હું ઊતરી તેઓશ્રી જે રથમાં બિરાજેલ હતા ત્યાં પાસે જઈ પરચૂરણ વાતો કરતાં દશેક મિનિટ સાથે ચાલ્યો હતો. તે વખતે તેમણે એક વાત એવી જણાવી હતી કે આગળના યુગમાં આવા પ્રસંગે યુગ પ્રધાની પુરુષો પર વૃષ્ટિઓ થતી. એ યુગપ્રધાનપણાનું સૂચન છે. એ વાત મને ચોક્કસ યાદ આવે છે.

ઉતારો સંવત્ ૧૯૭૭ના કારતક સુદ ૫ સોમવારે કરેલ છે.

---

## શ્રી ધારશીભાઈ કુશલચંદ સંઘવી

### મોરબી

શ્રી મોરબી નિવાસી ભાઈશ્રી ધારશીભાઈ કુશલચંદ સંઘવી શ્રી પરમકૃપાળુદેવ 'શ્રીમાન્ રાજચંદ્રદેવ'ના સમાગમમાં આવેલા તે સંબંધી પોતાની સ્મૃતિમાં રહેલ તે પ્રમાણે અત્રે ઉતારો કરાવેલ છે.

શ્રી પરમકૃપાળુદેવ પરમદયાળુ પરમોપકારી પરમાત્મ પ્રભુ શ્રી સહજાત્મસ્વરૂપ સદ્ગુરુ ભગવાન શ્રીમદ્ રાજચંદ્રદેવને ત્રિકરણયોગે સાષ્ટાંગ નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.''**

### દેવદિવાળીના પર્વ દિને શ્રીમદ્નો જન્મ

શ્રી પરમકૃપાળુદેવનો જન્મ શ્રી સૌરાષ્ટ્ર દેશમાં મોરબી તાબે શુભસ્થળ શ્રી વવાણિયા બંદર મધ્યે પરમપૂજ્ય પિતાશ્રી રવજીભાઈ પંચાણભાઈ મહેતાને ત્યાં પરમપૂજ્ય દેવબાઈ માતુશ્રીની રત્નકુક્ષીએ



સંવત્ ૧૯૨૪ કાર્તિક શુક્લ પૂર્ણિમાએ દેવદિવાળીના પર્વ દિને થયેલ છે, અને સંવત્ ૧૯૫૭ના ચૈત્ર માસમાં કૃષ્ણપક્ષની પંચમીએ શ્રી રાજકોટ મધ્યે તેઓશ્રીનો દેહોત્સર્ગ થયેલ છે.

### પરમકૃપાળુદેવના જન્મથી સૃષ્ટિમાં ધર્મની ઉજ્જ્વલતા

જેમ સૂર્યોદય થવાથી આખી સૃષ્ટિ ઉજ્જ્વલતાને પામે છે. તેમ જ આ પરમપુરુષ પૂર્ણ ઉજ્જ્વલ તિથિએ એટલે કાર્તિક શુક્લ પૂર્ણિમાએ પ્રગટ થવાથી આખી સૃષ્ટિમાં ધર્મની ઉજ્જ્વલતા વ્યાપી ગઈ. અને સૂર્ય અસ્ત થવાથી આખી સૃષ્ટિમાં જેમ અંધકાર વ્યાપી જાય તેમ આ પરમપુરુષ, કૃષ્ણપક્ષમાં દેહોત્સર્ગ પામવાથી સૃષ્ટિમાં ફરીથી અંધકાર વ્યાપી ગયો. સૂર્ય અસ્ત થયે જેમ દિપકનું તેજ આખી સૃષ્ટિને આધારરૂપ છે તેમ જ આ પરમપુરુષના વિયોગથી હવે તેઓશ્રીના વચનામૃત જગતને આધારરૂપ છે. તેઓશ્રીના સ્વહસ્તે લખાયેલા પત્રો, તે સર્વ એકત્ર કરી રત્નોના જતનની જેમ સંગ્રહ કરી તેને 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ રૂપે પ્રકાશિત કર્યો, જેથી સર્વ મુમુક્ષુઓ આજે પણ તેનો લાભ મેળવી શકે છે. તે ગ્રંથ સદા વિદ્યમાનપણે વર્તો, જયવંત વર્તો.

### શ્રીમદ્ દસ વર્ષની વયે ઘણા જ ડાહ્યા અને સમજુ

હું પ્રથમ મોરબી સ્વસ્થાન માંહે ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટ જગા પર અધિકારી હતો, અને ડિસ્ટ્રીક્ટ ફરવાનું કામ કરતો. તેવામાં શ્રીમદ્ મોરબી પધાર્યા અને પોતાના સગાંઓને ત્યાં ઊતર્યા હતા. તેમના સગાંઓ તરફથી એક ભાઈએ મારી પાસે આવી જણાવ્યું કે આપ રાજકોટ જવાના છો? મેં જણાવ્યું કે આવતી કાલે જવાનું છે. ત્યારે તે ભાઈએ જણાવ્યું કે અમારે ત્યાં રાયચંદભાઈ (શ્રીમદ્) આવેલ છે, તેમને રાજકોટ તેમના મોસાળે જવા વિચાર છે, તો તમારી સાથે લઈ જશો? મેં જણાવ્યું કે ભલે, લઈ જઈશું. ગાડીમાં જગ્યા છે માટે તેમને અમુક ટાઈમે મારે ત્યાં મોકલજો. જે ટાઈમે આવવા માટે જણાવ્યું હતું તે ટાઈમે શ્રીમદ્ આવી પહોંચ્યા. અને અમો ગાડીમાં બેસી રાજકોટ તરફ રવાના થયા.

### શી આ છોકરાની બુદ્ધિ!


રસ્તામાં વાતચીતના પ્રસંગમાં તેમની વાતો સાંભળી મને આશ્ચર્ય ઊપજ્યું કે આટલી લગભગ દશ વર્ષની વયમાં આ છોકરો ઘણો જ ડાહ્યો છે, સમજુ છે. મોટી ઉંમરના માણસો પણ જે વાતો ન કરી શકે એવી વાતો એ કરે છે. શી આ છોકરાની બુદ્ધિ છે! તેમના ગુણથી આકર્ષાઈને હું બોલ્યો : ''રાયચંદભાઈ, રાજકોટમાં અમારી સાથે જ તમે રહેજો.'' ત્યારે શ્રીમદે કહ્યું : ''ના, મારા મોસાળે રહીશ.'' મેં ઘણો આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું : ''તમારે ત્યાં આવતો જઈશ, પણ રહેવાનું તો મોસાળમાં જ થશે.''

### ધારસીભાઈને ઠેકાણે કરી દેવા

શ્રીમદ્ રાજકોટ પહોંચ્યા એટલે મોસાળમાં ગયા ત્યારે તેમના મામાએ પૂછ્યું : ''તમે કોની સાથે આવ્યા?''

તેમણે કહ્યું : ''ધારશીભાઈ સાથે આવ્યો છું.''

બન્ને મામાએ જાણ્યું કે ધારશીભાઈ અત્રે આવ્યા છે, તો તેમને ઠેકાણે કરી દેવા; એવી પ્રપંચની વાતો માંહોમાંહે તે કરવા લાગ્યા. જમતાં જમતાં શ્રીમદે તે સાંભળ્યું તેથી અનુમાન કર્યું કે આ ભાઈઓ



ધારશીભાઈને મારી નાખવાના વિચાર કરે છે, તો મારે તેમને ત્યાં જઈ આ મોટો ઉપકાર કરવાનો પ્રસંગ ચૂકવો નહીં, તેમને ચેતાવી દેવા જોઈએ. એવો વિચાર કરીને જમ્યા પછી તે મારે ત્યાં આવ્યા.

શ્રીમદે મને પૂછ્યું : ''ધારશીભાઈ, તમારે મારા મામાઓ સાથે કંઈ સંબંધ છે?'' મેં પૂછ્યું : ''કેમ?'' શ્રીમદે કહ્યું : ''હું પૂછું છું.'' ત્યારે મેં કહ્યું : 'સગપણ સંબંધ નથી, પણ રાજસંબંધી ખટપટ ચાલે છે.'' શ્રીમદે કહ્યું : ''તેમ છે તો તમારે સાવચેતીમાં રહેવું, કેમકે તમારા માટે તેઓ ઉપાય શોધતા હતા. લાગ ફાવે તો ઠેકાણે કરી દેવાની વાત કરતા હતા. માટે તે વિષે પ્રમાદી ન થવું.''

## આ વાત તમે કેમ જાણી

મેં પૂછ્યું : ''પણ તમે એ કેમ જાણ્યું કે મારે માટે તેઓ આમ કરવા ધારે છે?'' ત્યારે શ્રીમદે ઉત્તર દીધો : ''હું જમતો હતો ત્યારે બહાર હું સાંભળુ તેટલા મોટા સાદે તે વાતો કરતા હતા અને હું કોની સાથે આવ્યો તે તેમણે મને પૂછ્યું ત્યારે મેં તમારું નામ આપ્યું હતું. તે ઉપરથી તેમણે તે પ્રસંગે વાત ઉપાડી હતી.'' મેં પૂછ્યું : ''પણ તમારા દેખતાં તેવી વાતો તે કેમ કરે?'' શ્રીમદે કહ્યું : ''આ નાનો બાળ છે, આને એ બાબતની શી સમજણ પડવાની છે? એમ જાણી તે વાતો કરતા હતા. એટલે તમને કહેવા-ચેતાવવા માટે આવ્યો છું.''

## અહો! આ બાળકમાં કેવી ઉપકારબુદ્ધિ

મારા મનમાં થયું કે અહો! આ બાળકમાં કેટલી ઉપકારબુદ્ધિ છે? મોટા માણસને પણ ન સૂઝે તેવો મહા ઉપકાર આ બાળક કરે છે! સારું થયું કે હું એમને તેડી લાવ્યો. ધન્ય છે આ બાળ મહાત્માને! ધન્ય મારાં ભાગ્ય કે એમનો મને સંગ થયો! એમ વિચારી મને ઘણો આનંદ થયો હતો.

તે વખતમાં હું સરકારી અધિકારી હોવાથી અને શ્રીમદ્‌ને નાની ઉંમરના બાળક તરીકે ગણી તેમનો હું વિવેક-વિનય કરવામાં યોગ્ય રીત સાચવતો ન હતો.

## ''આ કામ મને સોંપો થઈ જશે''

બીજે દિવસે શ્રીમદ્ અમારા ઉતારે પધાર્યા હતા, તે વખતે સરકારી રિપોર્ટ લખવાના કામ તથા બીજા લખાણોની ઝડપથી નકલો ઉતારવાનું કામ ઘણું જ હતું. મારા હાથ નીચે દસ કારકુનો હતા. તે કામ એક જ કારકુનને સોંપવામાં આવે તો ઓછામાં ઓછા દસબાર દિવસે તે કામ પૂરું થાય એમ હતું. જેથી દસ કારકુનોને વિભાગ પાડી થોડું થોડું કામ સોંપવાનો વિચાર કરતો હતો. તે વખતે શ્રીમદે મને જણાવ્યું કે કેમ આ લખાણો પરથી નકલ ઉતારવાની છે? મેં કહ્યું કે હા. ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે ''આ કામ મને સોંપો, થઈ જશે.'' તે વખતે મને હસવું આવ્યું કે આ છોકરો શું બોલે છે? એનાથી તે વળી આ કામ બની શકતું હશે? એવો વિચાર કરી મેં જણાવ્યું કે આ કામ તમારાથી નહીં બની શકે. ત્યારે તેઓશ્રીએ દૃઢતાથી જણાવ્યું કે બની શકશે. તેથી વિચાર કરી લખાણનો અર્ધો ભાગ ઉતારો કરવા માટે શ્રીમદ્‌ને સોંપ્યો. અને બાકીનો અર્ધો ભાગ ઉતારા માટે દસે કારકુનોને વહેંચી લેવા જણાવ્યું.

## ભૂલો સુધારી અને અક્ષરો તદ્દન ચોખ્ખા લખ્યા

શ્રીમદે તે અર્ધો ભાગનો ઉતારો કરવાનું કામ શરૂ કર્યું. તે જ વખતથી દસ કારકુનોએ પણ બીજા



અર્ધા ભાગનો ઉતારો કરવાનું કામ શરૂ કર્યું. લગભગ બે કલાકમાં ઉતારો કરી તેઓશ્રીએ તે લખાણ મને સોંપી દીધું. જેથી મારા મનમાં વિચાર થયો કે આ છોકરાએ એકલાએ ત્વરાથી લખાણ પૂરું કર્યું અને ગૂંચવણભરેલા શબ્દો હોવા છતાં તે બાબત પૂછપરછ પણ કરી નહીં, જેથી ઉતારો કરવામાં ભૂલો આવી હશે, તેથી અસલ લખાણો સાથે ઉતારેલ નકલોની સરખામણી મેં પોતે જ કરી. સરખામણી કરતાં જણાયું કે અસલ લખાણના કોઈ કોઈ શબ્દોમાં કાના, માત્રા, અનુસ્વાર વગેરેની ભૂલો હતી, તે પણ તેમણે નકલો ઉતારી તેમાં સુધારી લીધી હતી. અને અક્ષરો પણ તદ્દન ચોખ્ખા લખ્યા હતા. દસ કારકુનોએ તે ઉતારો આશરે પાંચ કલાકે પૂરો કર્યો હતો. તે ઉતારો કરવામાં જ્યાં જ્યાં ગૂંચવણો આવતી તેને માટે ઘણી વખત કારકુનો પૂછવા આવતા. છતાં લખાણમાં કેટલેક ઠેકાણે અશુદ્ધ શબ્દો લખ્યા હતા અને કાના, માત્રા, અનુસ્વાર વગેરેની પણ ભૂલો કરી હતી.

### દસ કારકુનોએ પાંચ કલાકમાં તે જ કામ શ્રીમદે બે કલાકમાં કર્યું

તેથી વિચાર આવ્યો કે દસ કારકુનોએ મળી જેટલું કામ પાંચ કલાકે કર્યું. તેટલું જ કામ એકલા છોકરાએ માત્ર બે કલાકમાં પૂર્ણ કર્યું છતાં કિંચિત માત્ર પણ ભૂલ નહીં, તે જાણી મને ઘણું જ આશ્ચર્ય ઉપજ્યું અને મનમાં થયું કે આ છોકરો આગળ ઉપર ઘણો જ હોશિયાર અને પ્રતિભાશાળી થશે.

### શ્રીમદ્ પ્રત્યે વિનય વિવેકમાં વૃદ્ધિ

અત્યાર સુધી શ્રીમદ્ અમારે ઉતારે આવતા ત્યારે એક બાજુ પર બેસતા હતા. પણ હવે જે આસન ગાદી તકીયા પર હું બેસતો હતો તે આસનના અર્ધાભાગમાં તેમને ઘણા જ આગ્રહથી બેસાડતો હતો. તે વખતથી હું શ્રીમદ્‌નો વિનય વિવેક કરતો થયો પણ તે જ્ઞાનીપુરુષ છે તેવી ઓળખાણ હજી સુધી મને થઈ નહોતી. બીજે દિવસે શ્રીમદ્ અમારા ઉતારે પધાર્યા ત્યારે ઘણી જ અદ્‌ભુત અપૂર્વ વાતો કરી હતી. હું ફક્ત જવાબમાં હા કે ના એટલું જ કહેતો, તે સિવાય કાંઈપણ બોલી શકતો નહોતો.

### કચ્છી ભાઈઓનો ઉતારો તમારે ત્યાં રાખશો?

તે વખતે શ્રીમદે મને જણાવ્યું કે આજ રોજ શ્રી કોડાયથી બે કચ્છી ભાઈઓ અત્રે આવવાના છે, તેમનો ઉતારો તમારે ત્યાં રાખશો? મેં જણાવ્યું કે ભલે ખુશીથી અત્રે ઉતારો રખાવજો. અમો તેમને માટે સર્વ બંદોબસ્ત કરીશું. અમોને કોઈ રીતે અગવડતાનું કારણ નથી.

પછી તેઓ નિશ્ચિંત થઈ કચ્છી ભાઈઓને આવવાના માર્ગ તરફ સામા ગયા.

શ્રીમદે તે બે કચ્છી ભાઈઓને સાથે લઈ અમારા ઉતારે પધાર્યા. અમોએ તે ભાઈઓને માટે નાહવા ધોવા વગેરેની બધી વ્યવસ્થા કરી. ત્યાર બાદ કચ્છી ભાઈઓને અમે અત્રે આગમન થવા સંબંધીની હકીકત પૂછી ત્યારે તેઓએ નીચે પ્રમાણે જણાવ્યું હતું.

### રાયચંદભાઈથી જૈનમાર્ગનો ઉદ્ધાર

અમો કોઈ એક ભાઈના કહેવાથી સાંભળ્યું હતું કે સૌરાષ્ટ્ર દેશમાં શ્રી વવાણિયા બંદર મધ્યે ''રાયચંદભાઈ'' નામના નાની ઉંમરના એક ભાઈ છે, તેઓશ્રી મહાન પુરુષ છે, તત્ત્વવેત્તા છે; અને જ્ઞાન પામેલા છે. તેવી હકીકત સાંભળવાથી અમોને તેઓશ્રીના દર્શન કરવા ઇચ્છા ઉત્પન્ન થઈ અને મનમાં એમ વિચાર થયો કે તેઓશ્રીને આગ્રહપૂર્વક વિનંતી કરીને શ્રી કાશી દેશમાં અભ્યાસ કરાવવા માટે લઈ



જવા અને ત્યાં અમારાથી બનતા પ્રયાસે સારી રીતે અભ્યાસ કરાવવો; કારણ તેવા પુરુષોથી જૈનમાર્ગનો ઉદ્ધાર થશે એમ સમજી અમો વિનંતી કરવા માટે પ્રથમ તો શ્રી વવાણિયા બંદરે ગયા. ત્યાંથી અમોને ખબર મળ્યા કે તેઓ મોરબી પધાર્યા છે. મોરબીમાં ખબર મળ્યા કે અત્રેથી ભાઈ ધારશીભાઈ કુશલચંદ સાથે રાજકોટ ગયા છે. તેથી સાંઢણી પર બેસી અમો અહીં આવ્યા છીએ.

### આત્માની અનંત શક્તિઓ છે તે વડે જાણીએ છીએ

અમો જ્યારે ગામના ભાગોળે આવ્યા ત્યારે કેટલેક દૂરથી આ મહાન પુરુષ રાયચંદભાઈ દેખવામાં આવ્યા. અત્યાર સુધીમાં તેઓશ્રીને કોઈપણ વખતે અમે નજરે જોયા નહોતા, છતાં તેમના મુખ સામું દૃષ્ટિ થતાં અમારા મનમાં એવો ભાસ થયો કે આ જ મહાન પુરુષ હોવા જોઈએ, એમ વિચાર થવાથી અમો તરત જ સાંઢણી પરથી ઊતરી પડ્યા અને તેઓશ્રીના સામે ગયા. તેઓ પણ અમારી સામે જ આવતા હતા. તુરત જ અમો બન્ને ભાઈઓને અમારા નામથી બોલાવ્યા કે કેમ હેમરાજભાઈ, કેમ માલશીભાઈ. જેથી અમો તો આશ્ચર્ય પામી ગયા અને તેમને પૂછ્યું કે તમારું નામ રાયચંદભાઈ છે? તેમણે હા કહ્યું. તેથી ખરેખર આપણને જે ભાઈએ જણાવ્યું હતું કે તેઓશ્રી જ્ઞાનીપુરુષ છે, તે વાત યથાતથ્ય છે; તેવા વિચારોથી તે જ વખતે નમસ્કાર કરી અમો તેઓશ્રીની સન્મુખે બે હાથ જોડી ઊભા રહ્યા. પછી અમોએ પૂછ્યું કે આપે અમોને નામ દઈ બોલાવ્યા અને અમો અત્રે આવવાના હતા તેમજ આ રસ્તે થઈને આવીશું તથા આ વખતે જ આવીશું વગેરે આપ ચોક્કસ રીતે શા આધારે જાણી શક્યા? અને આ તરફ પધાર્યા? તે કૃપા કરીને જણાવશો? ત્યારે રાયચંદભાઈએ જણાવ્યું કે ''આત્માની અચિંત્ય અનંત શક્તિઓ છે તે વડે અમે જાણીએ છીએ.''

### આ પુરુષને ભણવાનું શું બાકી હોય

આ હકીકત સાંભળતા અમો સ્તબ્ધ બની ગયા અને ઘણું જ આશ્ચર્ય પામ્યા તથા મનમાં વિચાર થયો કે ખરેખર, આ મહાન પુરુષ છે. આ પુરુષને માટે આપણે કાશી દેશમાં અભ્યાસ કરાવવા વિચાર ધારતા હતા પણ તે વિચારો વ્યર્થ જણાય છે. આ પુરુષને ભણવાનું શું બાકી હોય? ખરેખર આપણા મહત્ પુણ્યે આ જ્ઞાનીપુરુષના દર્શનનો અને સમાગમનો લાભ મેળવી શક્યા છીએ. અમને જે ભાઈએ આ પુરુષના સંબંધમાં હકીકત જણાવી નિમિત્તભૂત બન્યા તે ભાઈનો પણ અમારા પર અત્યંત ઉપકાર થયો છે. આવા વિચારો અમો બન્નેને થયા હતા. ત્યાર પછી તેઓશ્રીની સાથે ચાલતા-ચાલતા આપના મુકામે આવ્યા છીએ.

ઉપર જણાવેલી સઘળી હકીકત કચ્છીભાઈઓના કહેવાથી સાંભળી હું ઘણો જ આશ્ચર્ય પામી ગયો અને મનમાં ઘણો જ પશ્ચાત્તાપ થવા લાગ્યો તથા આંસુ વહેવા લાગ્યા કે અહો! મારી બહુ જ ભૂલ થઈ છે. મેં બાળક સમજીને અને અધિકારીપદના મદે કરી આ પુરુષને ખરેખર ઓળખી ન શક્યો. જેથી તેઓશ્રીની અવિનય અશાતના મારાથી ઘણી જ થઈ. તેવા વિચારોથી હું તુરત જ શ્રીમદ્ પાસે ગયો, સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરી બે હાથ જોડી જણાવ્યું કે અત્યાર સુધીમાં આપશ્રીને નહીં ઓળખી શકવાથી મારાથી આપશ્રી પ્રત્યે ઘણી જ અશાતના અવિનય થયો છે. તેને માટે પુનઃ પનુઃ ક્ષમાવું છું. આપશ્રી ક્ષમા કરશો. ત્યારે શ્રીમદે જણાવ્યું કે - 'કાંઈ નહીં.''



## શ્રીમદ્‌ને સામે બેસાડી હું તેમની સન્મુખ બેસવા લાગ્યો

ત્યારપછી શ્રીમદ્ અમારે ત્યાં પધારતા હતા ત્યારે હું મારા આસન પરથી ઊઠી થોડે દૂર સામો જઈ સાથે લાવી માર આસન પર તેઓશ્રીને આગ્રહપૂર્વક વિનંતી કરી બેસાડતો અને હું તેઓશ્રીની સન્મુખે બેસતો હતો.

જમી રહ્યા પછી તે કચ્છીભાઈઓએ મને વિનંતી કરી કે અમારે શ્રીમદ્ સાથે ખાનગી વાતચીત કરવી છે તો એકાંતસ્થળ મળશે? ત્યારે મેં જણાવ્યું કે બાજુમાં હૉલ છે ત્યાં બેસવામાં ઠીક પડશે. પછી શ્રીમદ્ સાથે કચ્છીભાઈઓ તે હૉલમાં પધાર્યા હતા.

પ્રથમ અવધાન સંબંધી તેમણે સાંભળેલું, તે જોવા તેમણે વિનંતી કરી. તે શ્રીમદે સ્વીકારી. એટલે તેઓ 'સંઘપટ્ટક' નામના ગ્રંથમાંની ગાથા લેતા આવ્યા હતા, તેના અક્ષરો આડા અવળી રીતે શ્રીમદ્‌ને સંભળાવ્યા. તે યાદ રાખી તેમણે આખો શ્લોક શુદ્ધ ઉચ્ચારણે બોલી બતાવ્યો, તેથી બન્ને ચકિત થઈ ગયા.

તેમની વાતચીત પૂરી થયા બાદ મેં કચ્છીભાઈઓને પૂછ્યું કે આપે શ્રીમદ્ સાથે શું વાતચીત કરી? તે જણાવવામાં બાધ ન હોય તો જણાવશો. ત્યારે હેમરાજભાઈ બોલ્યા : ''છુપાવવા જેવું કાંઈ નથી. પણ અમારી જે ધારણા હતી તે પાર ન પડી.''

## આ કોઈ આશ્ચર્યકારી મહાપુરુષ

અત્રે આવ્યા પછી અમારા મનમાં થયું કે એમને કાશીએ શું લઈ જવા? છતાં જે માટે આવ્યા છીએ તે માટે પ્રયત્ન તો કરવો; પછી જેમ થવાનું હશે તેમ બનશે. એમ જાણી અમે તેમને કહ્યું કે ''આપને કાશી લઈ જઈ ભણાવવા માટે વિનંતી કરવા અમો આવ્યા છીએ. માટે આપ કાશી પધારો. આપના કુટુંબને માટે તેમજ આપને માટે ખાવા પીવા વગેરેની સર્વ સગવડ તથા અમુક રકમ વગેરે દરેક માસે અમો આપીશું. માટે કૃપા કરી પધારો.'' ત્યારે તેમણે જણાવ્યું કે અમારે આવવા ઇચ્છા નથી. તેથી અમો મનમાં સમજી ગયા કે પ્રથમથી અનુમાન કરેલું કે આપણી ધારણા પાર પડે તેમ નથી અને તેમજ બન્યું. તથા અમે જણાવ્યું નહોતું તો પણ પોતાની મેળે સામા આવ્યા, અમને અમારા નામથી બોલાવ્યા, અહીં બધી તૈયારી કરાવી તેથી આ કોઈ આશ્ચર્યકારી મહાપુરુષ જણાય છે.

તે સાંભળી મને પણ પ્રથમ વિચાર થયો કે આટલી બધી સગવડ કરી આપે છે તો તેમણે જવું જોઈએ. પણ પછીથી સમજાયું કે જે વ્યક્તિ આટલી નાની ઉંમરમાં આવી અજબ શક્તિ ધરાવે છે, તેને ભણવું પણ શું હોય? વળી એમની ગંભીરતા પણ કેટલી છે કે સાગરની પેઠે બધું સમાવી શકે છે, લગાર માત્ર પણ છલકાતા નથી એમ તેમના જ્ઞાનાદિ ગુણોની મહત્તા ભાસી.

## શ્રીમદ્‌ની નિસ્પૃહતા

શ્રીમદ્‌નો રાજકોટથી વવાણિયા જવા વિચાર થયો ત્યારે તેમને માટે મોસાળમાંથી મીઠાઈનો એક ડબ્બો ભાથા માટે ભરી આપ્યો હતો. પોતાની પાસે ભાડાના પૈસા નહીં હોવાથી એક કંદોઈને ત્યાં એ ભાથું વેચી ભાડા જેટલા પૈસા મેળવી લીધા. પણ મારી સાથે આટલી બધી ઓળખાણ છતાં કંઈ પણ માગણી કરી નહીં કે ઉછીના પૈસા પણ માગ્યા નહીં. 'પુત્રના લક્ષણ પારણામાંથી જણાય' એવી કહેવત પ્રમાણે તેમનામાં આટલી નિઃસ્પૃહતા નાની ઉંમરે પણ ઊગી નીકળી હતી.



શ્રી ધારશીભાઈ કુશળચંદ સંઘવી



**''મર જાઉં માગું નહીં, અપને તનકે કાજ;**
**પરમારથકે કારણે માગું, ન સમજું લાજ.''**

કચ્છી ભાઈઓની સગવડ યથાયોગ્ય થાય તે માટે ધારસીભાઈને વિનંતી કરી તેમની આગતાસ્વાગતા સાચવી, પણ પોતાને થોડા ભાડાના પૈસા જોઈતા હતા તો પણ તે ખાતર હાથ લાંબો કરી દીનતા કરી નહીં. (જીવનકલા પૃ.૨૯) અહો! ધન્ય છે આવા મહાન પુરુષની ધૈર્યતા, નિસ્પૃહતા અને શાંતપણાને. અમુક અમુક સૂક્ષ્મ વિષયના તત્ત્વોનું ઘણે સ્થળેથી અને ઘણા પ્રયાસો કરવા છતાં મને સમાધાન થવા પામેલ નહોતું તેનું યોગ્ય સમાધાન શ્રીમદ્ના રૂબરૂ પરિચયથી, તેમના હસ્તલિખિત પત્રોથી તથા કેટલુંક તેમની આજ્ઞાનુસાર વાંચન કરવાથી તથા કેટલુંક સમાધાન તેમની કરુણાદૃષ્ટિથી થયું છે અને થતું જાય છે.

## ગાંગેય અણગારના ભાંગાનું અપૂર્વ રહસ્ય

શ્રીમદ્ને ૧૪-૧૫ વર્ષની વયે મોરબી કાર્યપ્રસંગે મારે ત્યાં આવવાનું થયું હતું. હું શાસ્ત્રનો અભ્યાસી હતો. એટલે સાધુ-મુનિરાજ વગેરે મારી સાથે શાસ્ત્ર વિષયક ચર્ચાદિ કરતા. એક દિવસ સ્થાનકવાસી મહારાજ મારે ત્યાં વહોરવા પધાર્યા. તે દિવસ રવિવારની રજાનો હોઈ તેમણે મને કહ્યું—બપોરે સ્થાનકે આવજો. શ્રી ગાંગેય અણગારના ભાંગા મને બરાબર સમજાતા નથી. તે આપણે વિચારીશું. મેં હા પાડી. આ વાર્તાલાપ ત્યાં હાજર રહેલા શ્રીમદે સાંભળ્યો. હું જમીને બહાર ગયો. તે દરમ્યાન તેઓશ્રીએ કોરો કાગળ લઈ તેમાં 'ગાંગેય અણગારના ભાંગાનું અપૂર્વ રહસ્ય' એ મથાળા નીચે તે ભાંગાનું સ્વરૂપ સુગમ શૈલીમાં લખી, તે કાગળ એક નાની ચોપડીમાં મૂક્યો અને પોતે ચાલ્યા ગયા.

તેવામાં એક બકરી ઘરમાં આવીને તે ચોપડી મુખમાં લેતી હતી, ત્યાં હું આવી ચઢ્યો. બકરીને હકાલતાં તેના મોઢામાંથી તે ચોપડી પડી ગઈ અને તેમાંથી શ્રીમદ્ના લખાણવાળો કાગળ પણ નીચે પડી ગયો, તે લઈ વાંચતા મારા આશ્ચર્યનો પાર રહ્યો નહીં; તે લખનાર પ્રત્યે બહુમાન સ્ફુર્યું, પરમાદર ઊપજ્યો અને એકદમ ઉલ્લાસમાં આવી જઈ શ્રીમદ્ને તરત બોલાવી લાવવા પટાવાળાને આજ્ઞા કરી.

## શ્રીમદ્ તરણતારણ ગુરુસ્થાને

પટાવાળો બોલાવવા જાય છે ત્યાં રસ્તામાં જ ધીર ગંભીર ગતિથી ચાલ્યા આવતા શ્રીમદ્ સામા મળ્યા. શ્રીમદે ઘરમાં પ્રવેશ કરતાં જ મેં તેઓશ્રીને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા અને ચરણમાં પડી અવિનયની ક્ષમા માગી. પછી મેં મારી ગાદી ઉપર શ્રીમદ્ને બેસાડ્યા, બે હાથ જોડી શ્રીમુખે ગાંગેય અણગારના ભાંગાનું રહસ્ય સમજાવવા તેઓશ્રીને વિનંતી કરી. શ્રીમદે બે કલાક અપૂર્વ બોધ આપી માર્ગનું ભાન કરાવ્યું. શ્રીમદ્ની અમૃતવાણી સાંભળીને મને રોમાંચ ઊલ્લસ્યા. જીવન ધન્ય માન્યું. ત્યારથી હું શ્રીમદ્ને મારા તરણતારણ ગુરુસ્થાને માનવા લાગ્યો. (પહેલાં બાળક બુદ્ધિ, પછી વિદ્વાન બુદ્ધિ, પછી સમાન બુદ્ધિ, પછી મહાત્મા બુદ્ધિ અને હવે ગુરુબુદ્ધિ ઉત્પન્ન થઈ)

## 'જીવદયાણં' યુગપ્રધાન શ્રીમદ્ રાજચંદ્ર

આ પ્રમાણે તેમનું અનહદ જ્ઞાનબળ તથા ચમત્કૃતિ જોઈને હું ચકિત થયેલ છું. એવા યુગપ્રધાન પુરુષનો પૂર્વે પ્રાપ્ત નહીં થયેલ એવો અલભ્ય લાભ મને પ્રાપ્ત થવાથી, તે કરુણાદૃષ્ટિવંતને હું તરણ-તારણ



તથા 'જીવદયાણં' માની તેમના પ્રત્યે મન, વાણી, શરીર અને આત્માથી વર્તન કરવા લાગ્યો છું.

### મોક્ષ મેળવવા ગુણસ્થાનક આરોહણક્રમ

એક વખતે અમો મોરબી શહેરની બહાર શ્રીમદ્ સાથે નદીના કાંઠા તરફ ગયેલા. આગળ જતાં એક મોટો ટેકરો આવ્યો. જે ટેકરા પર ફરીને ચઢાતું હતું. ત્યાંથી ચઢવાને બદલે સીધું ટેકરા પર ચઢવું વિકટ હતું. પણ તે રસ્તેથી તેઓશ્રી ટેકરા ઉપર ચઢી ગયા, અને અમો બધા પાછળ આવતા હતા. ત્યારે તેમણે કહ્યું કે તમે આ ટેકરા પર ફરીને આવો. તેથી અમો તેમની આજ્ઞાનુસાર ફરીને ટેકરા ઉપર ચઢ્યા. ત્યારે તેઓ બોલ્યા કે તમે જેમ ફરીને આવ્યા તેવી રીતે ગુણસ્થાનક ચઢવાનો ક્રમ છે.

તે ઉપરથી અમને એમ સમજાયું કે મોક્ષમાર્ગમાં યોગ્યતા પ્રમાણે ક્રમાનુસાર ચાલવું તેમજ જ્ઞાનીપુરુષ કહે તેમ કરવું, પણ કરે તેમ ન કરવું.

### 'ક્રિયાકોશ'નો અનુવાદ કરવાની આજ્ઞા

એક વખત શ્રીમદ્ જમવા બેઠા. તેમના પાટલા ઉપર બની શકે તેટલી સામગ્રી પીરસવામાં આવી. તેમણે પાપડ, અથાણું આદિ અમુક ચીજ વપરાશમાં ન લીધી. તેથી મને વિકલ્પ થયો કે અમુક અમુક પદાર્થ વપરાશમાં ન લીધા તેનું શું કારણ હશે? પણ તેનું સમાધાન થવા માટે હું પૂછી શક્યો નહીં. તે જ દિવસે રાત્રે પ્રસંગોપાત્ત વાતચીત ચાલી ત્યારે તેઓશ્રીએ ''ક્રિયાકોશ'' જે ઘણે ભાગે મારવાડી ભાષાના પદ્યમાં છે તેને ગુજરાતી ગદ્યમાં લખવા મને આજ્ઞા કરી, ત્યારે મેં કહ્યું કે તે ભાષા એવી છે કે તેના ગુજરાતી શબ્દો મળવા મુશ્કેલ છે. તેથી બરાબર લખી શકાય તેમ નથી. ત્યારે તેમણે ફરી આજ્ઞા કરી કે જેવો આવડે તેવો અને જેવો સમજાય તેવો ગુજરાતીમાં તરજુમો કરવો. તેઓશ્રીએ ક્રિયાકોશ મને આપ્યો અને તે પ્રમાણે કરવાનું શરૂ કર્યું અને અમુક ભાગોનો તેમની આજ્ઞાથી તરજુમો પણ કર્યો.

ક્રિયાકોશનો તરજુમો કરવાથી એક તો મને એ ફાયદો થયો કે ત્રસ જીવની ઉત્પત્તિના સ્થાન ક્યાં ક્યાં હોય. અને તે સ્થાનમાં વિકલેંદ્રિયની ઉત્પત્તિ થઈ છે એમ ક્યારે ગણી શકાય તે થોડે થોડે અંશે સમજાણું. તથા પછીથી તેવા જીવવાળા પદાર્થ વપરાશમાં ન આવે અથવા અનિવાર્ય કારણથી પણ જેમ બને તેમ તેનો વપરાશ ઓછો કરવામાં આવે તો આત્માને શ્રેયનું કારણ છે એમ મનમાં રહ્યા કરતું હતું. એ પ્રમાણે તેઓશ્રીએ મારા મનનું સમાધાન કરી આત્માને હિતકારી એવો બોધ પણ આપ્યો.

### કેવળજ્ઞાન સંબંધી નિબંધ લખવાની આજ્ઞા

શ્રીમદ્ મોરબી મુકામે પધાર્યા ત્યારે એક વખત મને એવી આજ્ઞા કરી કે કેવળજ્ઞાન સંબંધી નિબંધ લખી લાવો. ત્યારે મેં કીધું કે તે વિષે મને કેમ આવડશે? ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે, ''અમો જે કાંઈ કહીએ તેમાં શંકા નહીં લાવતા કરવું યોગ્ય છે. તમોને આવડશે.'' તેથી તે વિષય સંબંધી નિબંધ થોડા વખતમાં લખી મેં રજૂ કર્યો હતો તેમાં :—

''ભરતક્ષેત્રમાં આ કાળને વિષે મનુષ્યમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ શકે તેનાં કારણો અને પ્રગટ ન થઈ શકે તેના કારણો દર્શાવ્યા હતા. તેમાં એક કારણ એવું હતું કે વજ્રઋષભનારાચસંઘયણ ન હોય ત્યાં કેવળજ્ઞાન પ્રગટ થઈ શકે નહીં. અને આ પંચમકાળને વિષે તેવા સંઘયણનો અભાવ જણાય છે વગેરે જણાવ્યું હતું.



### અપવાદ તરીકે કેવળજ્ઞાન પ્રગટ થઈ શકે

તે નિબંધ વાંચી શ્રીમદે જણાવ્યું હતું કે એક સંઘયણમાંથી બીજું સંઘયણ થઈ શકે. વળી 'કર્મગ્રંથ' વાંચતા મને જાણવા મળ્યું કે સજાતીય પ્રકૃતિનું સંક્રમણ આદિ થઈ શકે છે. ત્યારપછી વિચાર કરતાં ડૉકટર લોકો એકના હાડ કાપી બીજામાં જોડી દે છે, સાંધે છે, કાપે છે એ વગેરેનો વિચાર કરતા વિશેષ ખાતરી થઈ છે. અને છેવટે શેન્ડોના ચિત્રો ઉપરથી તથા તેણે કરેલ ખેલની વાતો સાંભળવાથી સંઘયણમાં ફેરફાર થઈ શકે એમ જાણવાથી શંકા દૂર થઈ અને અપવાદ તરીકે કેવળજ્ઞાન પણ પ્રગટ થઈ શકે એવી માન્યતા થવા લાગી હતી.

પ્રસંગોપાત શ્રીમદે જણાવ્યું કે જેઓમાં ઔત્પાત્તિકી બુદ્ધિ હોય તેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ શકે.

### સામાના મનની વાત જાણવાની શક્તિ

સામાના મનની વાત જાણી શકીએ છીએ એમ (કહેવું કારણોસર પોતાને વ્યાજબી નહીં જણાયાથી) લાક્ષણિક અર્થથી સમજી શકાય તેવું વર્તન તેમના તરફથી થતું હતું.

ઘણી વખતે એવું બનતું કે આજે આ વિષય છેડવો છે અથવા અમુક વિષે પ્રશ્ન પૂછવો છે એમ ધારી તેમની પાસે ગયા હોઈએ ત્યારે વાતનો પ્રસંગ તેઓ એવો લાવતા કે જે વિષય ઉપર પૂછવું હોય તે જ વિષય ઉપર વિવેચન આવે.

આ પ્રમાણે એકાદ બે વખત બન્યું ત્યાં સુધી તો એમ કલ્પના રહ્યા કરી કે જોગાનુજોગ એ વાત નીકળી આવી; પરંતુ જ્યારે ઘણી વખત એવા પ્રસંગ બન્યા ત્યારે એમ ખાતરી થઈ કે સામાના મનની વાત જાણવાની તેઓમાં શક્તિ છે.

### કષાયનો તાપ આત્માથી જવો જોઈએ


[1]એક દિવસે બપોરની વેળાએ ભર ઉનાળાના વખતમાં હું શ્રીમદ્ સાથે ધર્મકથા કરતા દિવાનખાનામાં બેઠો હતો. ત્યાં તેઓશ્રીએ જણાવ્યું—''ધારશીભાઈ ફરવા જશું? મેં કહ્યું—જેવી આપની ઇચ્છા. એમ કહી હું તૈયાર થયો. તે વખતે ખરો બપોર હોવાથી હાથમાં છત્રી લીધી. મોરબીની એક સીધી લાંબી બજારમાં આવતાં તેઓશ્રીએ જણાવ્યું—ધારશીભાઈ, છત્રી ઉઘાડો. શ્રીમદ્‌ના મુખમાંથી વચન નીકળતાં જ મેં છત્રી ઉઘાડી અને તેઓશ્રીના મસ્તક પર ધરી રાખી. આમ મોરબીની લાંબી ભરબજારમાંથી ધર્મવાર્તા કરતાં જ્યારે ગામ બહાર નીકળ્યા કે તેઓશ્રીએ જણાવ્યું—ધારશીભાઈ! છત્રી બંધ કરો. મેં કહ્યું—સાહેબ! ગામ બહાર તો વધારે તાપ લાગે, ભલે ઉઘાડી રહી. ત્યારે તેઓશ્રીએ બોધ આપ્યો કે કષાયનો તાપ આત્મામાંથી જવો જોઈએ. આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. જ્ઞાનીઓ એ સંસારના તાપથી મુક્ત થયા છે. જગતના જીવોને દુઃખી જોઈ કરુણા ઊપજે છે. તેથી દુઃખ મુક્ત કરવા ઉપદેશ આપે છે.

### સોભાગભાઈને ત્રિયોગે નમસ્કાર

શ્રીમદ્‌ની સત્પુરુષ તરીકેની સાચી ઓળખાણ મને શ્રી સાયલા નિવાસી પૂ.શ્રી સૌભાગ્યભાઈ લલ્લુભાઈવડે થવાથી તેમને પણ મન, વાણી, શરીર અને આત્માથી પુનઃ પુનઃ નમસ્કાર કરું છું.

---

[1]ધારશીભાઈની ઉંમર ૫૦ વર્ષની - પ્રૌઢ વયના અને ન્યાયાધીશ અને પરમકૃપાળુદેવની ઉંમર ૨૦-૨૨ વર્ષની હતી. કૃપાળુદેવે એમની પરીક્ષા કરવા જ આમ કર્યું હતું.



### અમારા સમાગમે ત્રણ પુરુષો સ્વરૂપને પામ્યા

સંવત્ ૧૯૫૭ના ચૈત્ર સુદ ૧૩ થી ચૈત્ર વદ ૪ સુધી શ્રીમદ્‌ની આખરની માંદગીમાં રાજકોટ મુકામે તેઓશ્રીની પાસે હું હાજર રહેલો. ચૈત્ર વદ ૪ની સાંજે મારે મોરબી જવાનું હોવાથી શ્રીમદ્‌ની રજા માગી, તે વખતે શ્રીમદે વારંવાર કહ્યું, ''ઉતાવળ છે?'' મેં કહ્યું, ''બે ચાર દિવસમાં પાછો આવીશ.'' છેવટે શ્રીમદે કહ્યું, ''ધારશીભાઈ! ઘણું કહેવાનું છે. અવસર નથી. અમારા સમાગમમાં ત્રણ પુરુષો સ્વરૂપજ્ઞાનને પામ્યા છે—સૌભાગ્યભાઈ, અંબાલાલ તથા મુનિશ્રી લલ્લુજી.'' તે વચનની મહત્તા મને પછી સમજાઈ હતી.

આ વિષેનો ઉલ્લેખ ઉપદેશામૃતમાં નીચે પ્રમાણે છે :

''શ્રી ધારશીભાઈ કર્મગ્રંથના અભ્યાસી હતા. તે પણ ધંધુકામાં શ્રી લલ્લુજી સ્વામીના દર્શન-સમાગમ અર્થે આવેલા. તેમણે એક દિવસ સ્થાનકને મેડે પધારવા શ્રી લલ્લુજીને વિનંતિ કરી. બન્ને ઉપર ગયા અને બારણાં બંધ કરી શ્રી ધારશીભાઈએ વિનયભક્તિપૂર્વક સાષ્ટાંગ દંડવત્ કરી શ્રી લલ્લુજી સ્વામીને વિનંતિ કરી કે, ''સં.૧૯૫૭માં શ્રીમદ્‌જીનો દેહ છૂટતા પહેલાં પાંચ છ દિવસ અગાઉ હું રાજકોટ દર્શન કરવા ગયેલો. તે વખતે તેઓશ્રીએ કહેલું કે શ્રી અંબાલાલ, શ્રી સૌભાગ્યભાઈ અને આપને તેઓશ્રીની હયાતીમાં અપૂર્વ સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થયું છે. તે વખતે મને એક સામાન્ય સમાચારરૂપ તે શબ્દો લાગેલા, પણ આ ત્રણ વર્ષના વિરહ પછી હવે મને સમજાયું કે તે શબ્દો મારા આત્મહિત માટે જ હતા.

તે પ્રભુના વિયોગ પછી હવે આપ મારે અવલંબનરૂપ છો. તો તેઓશ્રીએ આપને જણાવેલ આજ્ઞા કૃપા કરી મને ફરમાવો. હવે મારી આખર ઉમ્મર ગણાય, અને હું ખાલી હાથે મરણ પામું તેના જેવું બીજું શું શોચનીય છે? આજે અવશ્ય કૃપા કરો એટલી મારી વિનંતિ છે.'' એમ બોલી આંખમાં આંસુસહિત શ્રી લલ્લુજીના ચરણમાં તેમણે મસ્તક મૂક્યું. તેમને ઉઠાડીને ધીરજથી શ્રી લલ્લુજીએ એમ જણાવ્યું કે પત્રોમાં કૃપાળુદેવે જે આરાધના બતાવી છે, બોધ આપ્યો છે તે આપના લક્ષમાં છે એટલે તે સમજી ગયા કે યોગ્યતા લાવવા પુરુષાર્થ કરવાનો છે. પણ ધીરજ ન રહેવાથી વિશેષ આગ્રહ કરી કંઈ પ્રસાદી આપવા વારંવાર વિનંતિ કરી. એટલે શ્રી લલ્લુજીએ જે સ્મરણમંત્ર કૃપાળુદેવે મુમુક્ષુઓને જણાવવા તેમને આજ્ઞા કરેલી તે તેમને જણાવ્યો. તેથી તેમનો આભાર માની તેનું પોતે આરાધન કરવા લાગ્યા.'' -ઉપદેશામૃત (પૃ.૩૭૩)

ધારશીભાઈના મરણ વખતે મંત્રનું સ્મરણ આપનાર માણસ ચોવીશે કલાક તેમના ઓરડામાં બોલ્યા જ કરે એમ ગોઠવણ કરી હતી.

''પ્રભુશ્રી—ધારશીભાઈનો ક્ષયોપશમ સારો હતો. અમારા તરફ પ્રાણ પાથરે તેવો તેનો પ્રેમ હતો. ઘણી વખત અમને ખુલ્લા દિલથી વાતો કરે કે આવું ને આવું ભાન મરણ પછી પણ રહે તો કેવું સારું! ગુણ પર્યાય, કેવળજ્ઞાન અને એ બધી વાતો તે સારી કરી જાણતા હતા. એ પૂર્વનો ઉપાર્જન કરેલો ક્ષયોપશમ છે.''

- ઉપદેશામૃત (પૃ.૩૧૯)

મુનિ મોહનલાલજી—ધારશીભાઈના અંતકાળ વખતે ચોવીસે કલાક તેમની સમીપ શુભ નિમિત્ત રાખવામાં આવ્યાં હતાં. કોઈ વખત વંચાય તો કોઈ કોઈ વખત મંત્રનો જાપ કરનાર રાખી મૂક્યો હતો. 'સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ, કેવળજ્ઞાનદર્શનમય સહજાત્મસ્વરૂપ.' એવો જાપ ચાલુ જ રહેતો. જ્યારે વેદનીનું જોર વિશેષ હોય ત્યારે જીવનું વીર્ય મંદ પડી જાય. અને દબાઈ જાય તે વખતે સ્મૃતિ આપનાર



હોય તો વિશેષ લાભ છે. -ઉપદેશામૃત (પૃ.૨૮૪)

જીવનના અંતિમ વર્ષમાં શ્રી ધારશીભાઈ સત્સંગ અર્થે ખંભાત આવી રહ્યા હતા. તે વખતે શ્રી લલ્લુજી સ્વામીના સહયોગથી શ્રી મોહનલાલજી મુનિનો સમાગમ તેમને બે મહિના રહ્યો હતો. અને નારના વતની શ્રી રણછોડભાઈ પણ છેલ્લા આઠ દિવસ પાસે હતા. તેઓ બન્ને શ્રી ધારશીભાઈના સમાધિ-મરણનાં પુરુષાર્થને વારંવાર વખાણતા. લગભગ ૭૫ વર્ષની ઉંમરે સંવત્ ૧૯૭૫ના માગસર માસમાં શ્રી ધારશીભાઈએ ખંભાતમાં સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો હતો. -અર્ધશતાબ્દી ગ્રંથ

### પરમકૃપાળુદેવની અદ્ભુત શક્તિ

પૂ.શ્રી ધારશીભાઈ જણાવતા હતા કે મોરબીમાં અમારા ભાયાત ભાઈશ્રી ઘેલા સંઘવીનો દીકરો કાપડનો વેપારી હતો. તેમની શ્રી રેવાશંકર જગજીવનની કું.ની દુકાને આડત હતી. જેથી તેમની મારફતે ખરીદી કરતા હતા. એક વખતે ખરીદી કરવા ગયેલા. ખરીદી કર્યા બાદ ગાંસડી બંધાવતા હતા. ભરતીયા અવ્યવસ્થિતપણે હતા તેથી પાકા ભરતીયા કરવાના હતા. અને તે વખતે સાંજનો વખત હો. રાત્રિભોજનનો ત્યાગ હતો. જેથી તે જમવા રોકાય તો ભરતીયા લેવા જવાનો ટાઈમ મળી શકતો નહીં. વિગેરે અગવડો હતી. ગાંસડી બંધાવતી વખતે પરમકૃપાળુદેવ ત્યાં હતા. તેમણે કહ્યું કે ચાલો જમી લ્યો. ત્યોર તેઓએ પોતાની અગવડો જણાવી. તે સાંભળી પરમકૃપાળુદેવે જણાવ્યું કે શા માટે મૂંઝાઓ છો? ચાલો જમી લો પછી ભરતીયું તૈયાર થઈ જશે. પછી તે જમવા બેઠા. જમીને ઊઠ્યા બાદ પરમકૃપાળુદેવે કહ્યું કે બેસો, એક કાગળ લ્યો અને અમો લખાવીએ છીએ તે પ્રમાણે ભરતીયું બનાવો. પછી લખવાનું શરૂ કર્યું. લગભગ ૧૬૦૦ રકમો હતી. તે તમામ જે ધણીને ત્યાંથી જેટલી રકમોની ખરીદી કરેલી તે તથા માલની જાત, તે જાતના આટલા તાકા, તેનો આ પ્રમાણે ભાવ તથા વાર પ્રમાણેની રકમો તેમજ વારના ભાવ વિગેરે તમામ પરમકૃપાળુદેવ મોઢે બોલતા જતા હતા. પછી પરમકૃપાળુદેવે તેઓને જણાવ્યું કે આ ભરતીયા પ્રમાણે જાઓ મેળવી આવો, પછી મેળવતા તમામ રકમો મળી જેથી ઘણું જ આશ્ચર્ય પામ્યા. તેઓ જ્યારે મોરબી આવ્યા ત્યારે પોતાને ઘેર વડીલોને સુચવન કર્યું કે આપણે આડત તો આ ઠેકાણે જ કાયમ રાખવી, ત્યારે વડીલોએ જણાવ્યું કે એવું તેમાં તમે શું દીઠું કે આમ આશ્ચર્યપણે બોલો છો. ત્યારે તેમને ઉપર પ્રમાણેની સઘળી હકીકતો વિદિત કરી હતી. - સત્સંગ સંજીવનીમાંથી

---

## શ્રી વિનયચંદભાઈ પોપટભાઈ દફતરી

### મોરબી

### શ્રી સત્પુરુષને નમસ્કાર

### અનેક ગ્રંથોનું અવલોકન અને કવિતાઓનું સર્જન

સંવત્ ૧૯૪૦ની સાલમાં લગભગ હું શ્રીમદ્જીના પરિચયમાં આવ્યો હતો. શ્રીમદ્જી તેરમા વર્ષથી મોરબી અવારનવાર આવતા અને પોતાના ફૈબાને ઘેર રહેતા હતા. તે ઘર અમારી પાડોશમાં જ હતું. ઉપાશ્રયમાં જતાં આવતાં તેમનો સમાગમ થતો. પછીથી અમારી સાથે ઘેર અને અમારી મ્યુનિસિપલ ઓફિસે તેમનું આવવાનું બનતું હતું. તેમાં પણ વધારે અમારી ઓફિસમાં શ્રીમદ્જીના વખતનો વ્યય



થતો. તે વખતે ઓફિસમાં સ્વતંત્રપણે મારે કામ કરવામાં આવતું હોવાથી શ્રીમદ્જીને ગાદી તકિયાની જુદી બેઠક સાથે તેમને અનુકૂળ પડતા કાગળ કલમ વગેરે સંજોગો કરી આપી તેમના કામમાં અડચણ ન પડે તેવી ગોઠવણ કરી હતી. ઓફિસમાં બેઠા અનેક પુસ્તકો અને ગ્રંથોનું અવલોકન તેઓશ્રી કરતા. તેમજ કવિતા વગેરે લખાણનું કામ પણ કરતા હતા.

## શૂરાતનવાળી કવિતાઓની રચના

તેઓએ એક વખત પ્રવીણસાગર ગ્રંથ વાંચતા રજપૂતોના શૂરાતન વિષેની કેટલીક કવિતાઓ ઝાક ઝમકવાળી બનાવી. તથા બીજી પણ કેટલીક કવિતાઓ તેમણે વીરરસની બનાવી હતી. તેમાંથી એક ગાથા નીચે પ્રમાણે છે :—

**‘‘ઢાલ ઢલકતી ઝબક ઝળકતી, લઈ ચળકતી કર કરવાલ,**
**ખરેખરા ખૂંદે રણમાં ત્યાં, મૂછ મલકતી, જગતું ભાલ;**
**વેરીને ઘેરી લેતા ઝટ, ભરતભૂમિના જય ભડવીર,**
**અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.’’**

## શ્રીમદ્ પાસે સૂત્રનું શ્રવણ

મારા પિતાશ્રી પોપટભાઈને સૂત્રોનો શોખ હોવાથી શ્રીમદ્ પાસે તેઓ સૂત્ર સાંભળવા અમુક ટાઈમ નક્કી કરી વખતોવખત શ્રવણ કરતા. તેથી એમને ઘણો સંતોષ થયો હતો. અમે પિતાપુત્રનો તેમના પ્રત્યેનો સ્નેહ વધતો ને વધતો જતો હોવાથી અમારે ત્યાં વખતોવખત જમવાનું તથા સૂવા બેસવાનું પણ રાખવામાં આવતું.

## સમજી શકીએ એવી શૈલીમાં ‘મોક્ષમાળા’નું સર્જન


એક વખત જમવા બેઠા ત્યારે અમુક શાકમાં મીઠું છે કે અમુક મોળું છે કે અમુક શાકમાં મીઠું નથી વિગેરે નજરે જોઈ કહી આપ્યું હતું. એવા અનેક દાખલા અમારા પરિચયમાં જોવામાં આવેલ. મેં એક વખત વિનંતી કરી કે અમો સૂત્રમાં સમજી શકતા નથી; તો અમો સમજી શકીએ એવી શૈલીના સૂત્રના સારરૂપ પુસ્તકો રચી અમારાથી વાંચી મનન થાય તેવા પ્રગટ કરવા કૃપા કરો. તે અરજ ઉપરથી એકથી ચાર પુસ્તકો રચી તૈયાર કરવા પોતાનો ઈરાદો જણાવ્યો. પુસ્તકો છપાવવા માટે પૈસાની મોટી રકમ જોઈએ તે માટે અમારા વડીલ મુરબ્બી શ્રી કિરતચંદ વખતચંદના ધર્મપત્ની માણેકબાઈ અને અમારા મોટાભાઈ ચત્રભુજભાઈએ મળી ગોઠવણ કરવાથી ‘મોક્ષમાળા’નામનું પહેલું પુસ્તક બહાર પાડ્યું હતું.

## ‘સાક્ષાત્ સરસ્વતી’નું પ્રકાશન

આવી અગાધ બુદ્ધિના સંજોગો જોઈ મારી ઇચ્છા તેમની વિદ્વતાની પ્રખ્યાતિ કરવા ઉત્કંઠા થવાથી ‘સાક્ષાત્ સરસ્વતી’ નામનું પુસ્તક સંવત્ ૧૯૪૩ની સાલમાં મેં બહાર પાડ્યું. જે ઉપરથી અન્ય ધર્મના અનુયાયી તેમજ સ્વધર્મવાળાએ તે પુસ્તકને અતિશયોક્તિવાળું ગણી અમને પરિષહ દેવામાં બાકી રાખી નહોતી પણ છેવટે જેમ જેમ તેમને શ્રીમદ્જીનો પરિચય થયો, તેમ તેમ ખાત્રી થઈ હતી.

## આત્માને સુધારવા રાગદ્વેષ વગેરે ઘટાડવાનો ઉપદેશ

એક વખત અત્રે ઉપાશ્રયથી પ્રતિક્રમણ કરી તેમની પાસે ગયો ત્યારે કહે કે તમે પ્રતિક્રમણ કરી



શ્રીમદ્ રાજચંદ્ર
૧૯મું વર્ષ

## શ્રીમદ્જીની અનહદ ક્ષમા

(૧) શ્રીમદ્જી પ્રત્યે કડવા વેણ કહે છે



(૨) છેવટે થાકી પાઘડી ઉતારી ક્ષમા માગે છે





આવ્યા કે કહી આવ્યા? મારે કહેવું પડ્યું કે કહી આવ્યા પણ કરી આવ્યા નથી. ત્યારે કહે કે કરી આવતા શીખો. અંતરાત્માને સુધારવા અને રાગદ્વેષને દબાવવા માટે પહેલાં થોડું બોલવાનું અને એકાંતવાસે વિચારવાનું તથા ઉત્તરાધ્યયન, યોગવાસિષ્ઠ, વિચારસાગર વગેરે વાંચી વિચારવાનો ઉપદેશ કરતા હતા.

### ⇦ શ્રીમદ્‌ની અનહદ ક્ષમા

(૧) ભાણજી મકણજી નામના એક માણસે તેમની પરીક્ષા કરવા તેમના વિરુદ્ધ ભાષણ શરૂ કર્યું. તમે ઢોંગી છો, લોકોને અવળે માર્ગે ચઢાવો છો વગેરે કેટલાક ન બોલવાના શબ્દો બોલ્યા. તેથી અમોને ગુસ્સો ઉત્પન્ન થયો પણ શ્રીમદ્જીએ એક અક્ષર પણ તેમના સામો પ્રત્યુત્તર આપ્યો નહીં.

(૨) છેવટે થાકી પાઘડી ઉતારી પગ પાસે મૂકી વારંવાર નમન કરી પોતાની ભૂલ માટે માફી માગી કહે કે મેં આપની પરીક્ષા કરવા આટલી હદ ઓળંગી પરંતુ આપની ક્ષમા અનહદ છે, એમ કહી તેમના પ્રત્યે પછી પરમભક્તિ રાખતા હતા.

### અર્થસહિત પ્રતિક્રમણ

મારી સાથે વખતોવખત મારે ઘેર પ્રતિક્રમણ કરતા. તેમાં પોતે મને કહે કે તમને અર્થ આવડતો હોય તેટલો કહો. તેથી અર્થસહિત પ્રતિક્રમણ મારી પાસે યથાશક્તિ કરાવ્યું. તેમાં જ્યારે મેં નમો ચૌવિસથ્થોનો પાઠ ઉચ્ચાર્યો ત્યારે બહુ જ તે પાઠ માટે પ્રશંસા કરી. બે વખત મારી પાસે અર્થ કરાવી જેમાં જેમાં શબ્દાર્થ ફેર જણાયો તે સુધારતા ગયા જેથી બીજી વખત તે સઘળો પાઠ અર્થસહિત મેં મુખપાઠે કર્યો હતો.

### આજ્ઞા ઉઠાવવાનું ફળ

સંવત્ ૧૯૫૬ની સાલમાં તેઓશ્રી વઢવાણ કેમ્પ બિરાજ્યા હતા ત્યારે હું તેમની તબિયત જોવા ગયો. તે વખતે શ્રી પરમશ્રુત માટે ખરડો ચાલતો હતો, અને તેમાં મને રૂપિયા માંડવા મરજી પૂછી. હું તે વખતે બેઠા બેઠ હતો. તેથી મેં કહ્યું કે જે મારો પગાર થયે એક પગાર આપીશ. જે ઉપરથી તેમ કરવા તેમની ઇચ્છા ન થઈ અને કહ્યું કે જે રકમ મંડાવશો તેની તમને મુશ્કેલી નહીં પડે. જેથી તેઓશ્રી પર તે વાત મૂકી. તેમના ફરમાન મુજબ રૂપિયા ૫૦/- લખાવ્યા. અને તે વરસમાં કચ્છમાં કોરીનો વેપાર કર્યો. કોરી એટલે નાના ચાંદીના ગોળ સિક્કા. તેમાં હજાર કોરીનો નફો મળ્યો. જેથી બીજી વખતની મુલાકાતે તેમની હજૂર તે વાત નિવેદન કરી કે આપના ફરમાન મુજબ રકમ ભરવાનું મને આ ફળ મળ્યું હોય એમ જણાય છે.

### 'પ્રજ્ઞાવબોધ'ની અનુક્રમણિકા લખાવી

તે જ દિવસે મેં અરજ કરી કે આપની તબિયત દિન પ્રતિદિન નબળી પડતી જાય છે અને અમારી ગુજરાતીમાં ચાર ચોપડીમાંની બીજી ચોપડીઓ તો બહાર પડી નહીં; તો હવે કેમ થશે? તે વખતે રેવાશંકરભાઈને બોલાવી સખત મંદવાડ હતો છતાં બેઠા થઈ એકસોને આઠ પાઠની અનુક્રમણિકા 'પ્રજ્ઞાવબોધ'ની લખાવી હતી.

### ભોગાવલી કર્મયોગે પાણિગ્રહણ

પરણવાની ઇચ્છા તેઓને ઘણી ઓછી હતી. પણ ભોગાવલી કર્મયોગે તે જોગ બન્યો એટલે તે



ભોગવી લેવા કહેતા. ક્રમે ક્રમે અપૂર્વ તેમને વૈરાગ્ય પ્રગટ થયો. મુંબઈમાં રેવાશંકરભાઈ સાથે દુકાન ખોલી. હજારોનો લાભ તથા પ્રતિષ્ઠા મેળવી. પાછા તેથી પણ મુક્ત થયા હતા.

### મુક્તદશા અનુભવવાં જંગલોમાં નિવાસ

છેલ્લા અઢી વર્ષ નિર્ગ્રંથ સાધુપણાની પ્રતિજ્ઞા કરી હતી. અનેક વખત મુક્તદશા જેવી સ્થિતિમાં રહેવા ગુજરાતના જંગલોમાં પણ વસ્યા હતા - વિચર્યા હતા.

### અવળા પણ સવળા થયા

પ્રાણજીવન અંબાવીદાસ અમારા ભાઈ હતા. તે તદ્દન નાસ્તિક તથા શ્રીમદ્ તરફ વિરુદ્ધતાવાળા હતા. પણ ધીમે ધીમે તે પણ તેમના ખાસ અનુયાયી થયા.

### પૂર્વભવનું કુટુંબ નેપાલમાં

પોતાનું ગયા ભવનું કુટુંબ વગેરે નેપાલ દેશમાં હયાત હોવાનું કહેતા હતા. ને તેમના માતા-પિતા તથા ભાઈ-ભાંડુની સંખ્યાની વાત કરેલ પણ યાદ નથી.

### વિકારને દૂર કરવાના ઉપાય

એક વખત મેં પ્રશ્ન કર્યો કે *નેત્રોથી સ્ત્રી આદિકના દેખવાથી વિકાર થાય છે. તેના શાંતિના ઉપાય માટે કહ્યું કે જેના પર મોહ થાય તેની વિચાર વડે ચામડી ઉતારી અંદર શું ભર્યું છે? તેમ કલ્પના કરી જોવાથી વિકાર નાશ પામશે.

### રાજા કરતાં પણ શ્રીમદ્નો વિશેષ પ્રભાવ

નવલચંદભાઈ, ધારશીભાઈ વિગેરે વિદ્વાનો અને કેળવેલ વર્ગના સજ્જનોની સંખ્યા તેમના શિષ્ય તરીકે વધતી જતી હતી. તેઓ તેમની પાસે નમન કરી બેસતા. શ્રીમદ્ એવી સભ્યતાથી વર્તતા કે રાજા કરતાં પણ તેમનો પ્રભાવ સૌ પર ઉત્કૃષ્ટ પડતો. પાંચ બાબત કહેવાની હોય ત્યાં એક વાત કહી શકાતી, આવો પ્રતાપ તેમનો હતો. પ્રશ્નનો ઉત્તર ફરમાવે તે શાંતિથી એક ચિત્તે શ્રવણ કરતાં અને ગમે તેટલા મુમુક્ષુની સંખ્યા સમાગમમાં હોય તો પણ જાણે એક પણ માણસ નથી એવી શાંતિ વર્તાતી હતી.

### શ્રીમદ્ પ્રત્યે પ્રભુ જેવો ભાવ

સ્વર્ગસ્થ જૂઠાભાઈનાં પત્ની ઉગરીબેનને, જ્યારે હું વઢવાણ કેમ્પ ગયો ત્યારે જોયેલ. તેમનો શ્રીમદ્જી પ્રત્યે પ્રભુ ભાવ હતો.

### શ્રીમદ્નો અંતિમ અવસ્થાનો ચિત્રપટ

વઢવાણ કેમ્પમાં હું શ્રીમદ્જીને જોવા ગયેલ. ત્યારે તેમના એક ફોટામાં હાડકાંના માળા જેવો ફોટો હતો. જેમાં અંગ ઢાંકણ માટે એક જ વસ્ત્ર પહેરેલ હતું અને તે ધ્યાનમુદ્રાનો હતો. એવી સ્થિતિમાં રહેવાની પોતાની સદાય ભાવના છે એમ શ્રીમદ્જીએ જણાવ્યું હતું.

### અંતરથી રાગદ્વેષ ઘટાડી સાચો ત્યાગ લાવવો

અમારે કેમ વર્તવું તે સંબંધે જણાવેલ કે—રાગદ્વેષની પરિણતી ઘટાડવી અને ત્યાગ વગેરે કરવાં,

*"સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે." -શ્રીમદ્ રાજચંદ્ર (પૃષ્ઠ ૧૫૬)



અને તે અપ્રગટ રાખી પોતાની રહેણીકહેણી સુધારવી એવા ભાવથી વર્તવાનું સૂચવતા. આટલું ખરું કે કોઈને પણ આગ્રહથી બાધા આપવાનું તેઓ પસંદ કરતા નહીં; પણ જેની ઇચ્છા થાય તેણે પાપાચરણથી નિવર્તવું એમ જણાવતા.

### સાદું જીવન ઉચ્ચવિચાર

શરીર સુંદર દેખાવા માટે નાહવા, ધોવા કે સારા વસ્ત્રાલંકારો પહેરવા કે જુવાનીનો દેખાવ વગેરે તેમનામાં અંશે પણ નહોતો. સદા વૈરાગ્યભાવે રહેતા.

### અંતરની વાસના મૂક્યા વિના મોક્ષ નથી

બનતા સુધી અંતરની વાસનાઓને રોકવા બહુ બહુ ભલામણ કરતા. ગમે તેવું તપ થયું હોય તો પણ અંતરની વાસનાને દબાવ્યા સિવાય કે ત્યાગ કર્યા સિવાય તરવાનો રસ્તો મળી શકશે નહીં એમ કહેતા.

### પરના દોષો જોઈ નિંદા કરવી નહીં

કોઈ મત પંથને નિંદતા નહીં. પણ દરેક મત પંથના અમુક પુસ્તકોમાં અમુક ભાગ ભોગ્ય છે. દરેક મત પંથવાળાએ તેમની બુદ્ધિ અનુસાર નજર પહોંચી એવી રીતે પંથ ચલાવેલ છે. અમુક મહાત્માઓ તથા વિદ્વાનોની પ્રશંસા પણ કરતા.

કોઈની પણ નિંદા[1] કરવા કે દ્વેષ[2] કરવા કે દોષો દેખવા માટે સખત મનાઈ કરતા અને આપણા દોષો[3] જોઈ તેમાંથી ક્રમે ક્રમે મુક્ત થવા માટે પૂરેપૂરી ભલામણ કરતા હતા.

---

## શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતા

### મોરબી

શ્રી સહજાત્મસ્વરૂપ, પરમ સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્રના છૂટક સંસ્મરણો :—

આ મહાત્માનો ગુરુ તરીકેનો સંબંધ મને પ્રથમ વિ.સં.૧૯૫૫ના ચૈત્ર માસમાં થયો. આ સંબંધના સંસ્મરણોનો ઉલ્લેખ કરવા પૂર્વે તે પ્રથમનો જે સંબંધ હતો તે પણ જણાવવો યોગ્ય છે.

### શ્રીમદ્ લઘુવયથી બુદ્ધિશાળી

શ્રીમદ્ વવાણિયાના વતની હતા. શ્રીમદ્‌ની બાળવયમાં એટલે કે નાનપણથી તે અઢાર ઓગણીસ વર્ષની વય સુધીમાં વવાણિયામાં મારા એક વડીલ (પિતાના કાકા) રા.હીરાચંદ પ્રાગજી મહાલકારી હતા, તેમજ થોડાં વરસ મારા પિતાશ્રી રા. કિરતચંદ ચતુર્ભુજ ત્યાંના પોસ્ટ માસ્તર હતા, એથી શ્રીમદ્ તથા તેમના કુટુંબનો અમારા કુટુંબને સારો પરિચય હતો. લઘુવયથી જ બુદ્ધિશાળી હોવાથી, તેમજ જે શાળામાં શ્રીમદ્ અભ્યાસ કરતા તે પોસ્ટ ઓફિસના નિકટ જ હોવાથી શ્રીમદ્ અને મારા પિતાશ્રીને વિશેષ પરિચય થયેલો. વવાણિયામાં અંગ્રેજી શાળા નહોતી તેથી શ્રીમદ્‌નું બુદ્ધિબળ જોઈ મારા પિતાશ્રી એમને રાજકોટ કે મોરબી અંગ્રેજી શીખવા માટે પ્રસંગોપાત કહેતા. ત્યારે રાજકોટમાં મારા મામાનું ઘર છે અને ત્યાં અંગ્રેજી શીખવા જવા ધારણા છે આમ શ્રીમદ્ કહેતા.

---

૧. (૧૭) પર નિંદા એ જ સબળ પાપ માનવું. ૨. (૯) દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી. (શ્રીમદ્ રાજચંદ્ર પૃ.૧૪)
૩. આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા. (પુષ્પમાળા પૃ.૮)



## શ્રીમદ્‌ની અવધાનશક્તિ

અમે બધા મોરબી હોઈએ અને શ્રીમદ્‌નું મોરબીમાં પધારવું થતું ત્યારે વખત પરત્વે તેઓ અમારું ઘર પાવન કરતા. અવધાનકાળ વખતે મારા પિતાશ્રી કચ્છમાં હતા, પણ પાછળથી શ્રીમદ્‌ની અવધાનશક્તિની વાત સાંભળીને મોરબીમાં મારા પિતાશ્રીને શ્રીમદ્‌ને મળવાનું થયું ત્યારે અવધાન શું? એ જાણવા જિજ્ઞાસા બતાવી. ઘણું કરી આ સમય વિ.સં.૧૯૪૩નો હતો. અમારા એક કુટુંબી કાપડીયા છબીલાલ ફૂલચંદની દુકાને મારા પિતાશ્રી ગ્રીન્સ સેન્ટન્સ બુક લઈને બેઠા હતા. શ્રીમદ્ અંગ્રેજી નથી જાણતા એમ મારા પિતાશ્રી જાણતા હતા. શ્રીમદ્‌ને લોમવિલોમ સ્વરૂપમાં એક અંગ્રેજી ચૌદ શબ્દોનું વાક્ય આપ્યું. એ વાક્ય સાંભળીને તરત જ સ્પષ્ટ અંગ્રેજીમાં જેવા રૂપમાં વાક્ય જોઈને તેવા રૂપમાં તે આખું વાક્ય શ્રીમદ્ ઉચ્ચારી ગયા. ફક્ત આટલાથી જ સાંભળનારા હેરત એટલે આશ્ચર્ય પામ્યા.

ક્વચિત્ મારા પિતાશ્રી સાથે હું હોઉં અને શ્રીમદ્ રસ્તામાં મળે તો રસ્તામાં થોડો વખત ઊભા જ રહે, કુશલ-સમાચાર પૂછે – 'આ મનસુખ કે? કેમ છે મનસુખ? શું ભણે છે? ઇત્યાદિ ઊભી વાંકડી પાઘડી બાંધેલ ભવ્ય દેખાતા એ પુરુષ હસમુખી વાણીથી પૂછે જ. એક કરતાં વધારે વારના પ્રસંગો યાદ છે. તે પ્રસંગોનું મૂલ્ય તે વખતે ન જણાતું, પણ હવે એ જ્ઞાની પુરુષને (એક મહાત્મા તરીકેનો સંબંધ) સંભારું છું ત્યારે એ બાળવયના પ્રસંગો પણ બહુ બહુ કિંમતી લાગે છે.

## શ્રીમદ્‌નું જૈનસૂત્રોનું પઠન

વિ.સં.૧૯૫૦ના આસો માસમાં હું મુંબઈ ગયેલ ત્યારે એક-બે વખત શા. રેવાશંકર જગજીવનની પેઢી ઉપર ગયેલ. પેઢી પાયધુની ઉપર શ્રી ગોડીજીના દેરાસરની ડાબી બાજુએ હતી. જ્યાં હાલ શ્રી મહાવીર પ્રભુનું મંદિર છે. શ્રીમદ્‌નો ત્યાં પરિચય થયેલો. વ્યવહારની રીતે કુશલ સમાચાર પૂછેલ, દાડમ આદિ કાંઈ ફ્રુટ હતું તે ખાવા આપેલ. તે વખતે ચિનાઈ કાચની રકાબીમાં શાહી-ખડીયો-કલમ રાખતા અને કાંઈ લખ્યા કરતા. પાસે તરતમાં જ પ્રસિદ્ધ થયેલું સ્વ.મણિલાલ નભુભાઈનું શ્રી ષડ્દર્શન સમુચ્ચયનું ભાષાંતર હતું. તેમજ રૂમાલમાં વીંટાયેલા જૈનસૂત્રો જેવું કેટલુંક હતું. જૈનધર્મ પ્રતિ મૂળથી જ પ્રેમ હોવાથી આ ગ્રંથો જોઈ શ્રીમદ્ પ્રતિ સ્નેહ અને માનની લાગણી ઊપજતાં અને શ્રીમદ્‌ની મીઠીવાણીએ સ્નેહ તથા માનને પુષ્ટિ-વૃદ્ધિ કરતાં બાળવયનાને મોટી વયવાળા પાસે જે સ્વાભાવિક સંકોચ થાય તે અત્રે સ્વયં દૂર થઈ જતો. શ્રીમદ્‌ના નાનાભાઈ મનસુખભાઈ પણ આ વખતે અભ્યાસ કરતા. સંવત્ ૧૯૫૦ના પરિચયથી મનસુખભાઈ પણ મારા પ્રતિ બહુ પ્રેમ ધરાવતા હતા.

## સજ્જનને ઉચિત વિવેક વ્યવહાર

વિ.સં.૧૯૫૩ના ચૈત્ર સુદ ૬ને દિવસે હું, મારો નાનો ભાઈ માધવજી અને મારો ચિ.હરિલાલ એ ત્રણે મુંદ્રે જવા વવાણિયાની ટ્રામ એટલે નાની ગાડીમાં બેઠા. મુંદ્રામાં મારા પિતાશ્રી પોસ્ટ માસ્તર હતા. અમે સાડા દશે-અગિયારે વવાણિયે પહોંચ્યા. સ્ટીમર બીજે દિવસે સવારે મળે એમ હતું, એટલે તે દિવસે વવાણિયા સ્ટેશને રહેવાનું ધાર્યું. નાસ્તો કરી વેઈટીંગ રૂમમાં બેઠા, ત્યાં અચાનક મનસુખભાઈ આવી ચઢ્યા. જોતાં જ 'ઘરે કેમ ન આવ્યા?' એ આદિ એક સજ્જનને ઉચિત વિવેકભર્યો ઠપકો આપ્યો. 'આપ ગામમાં છો એ ખબર ન હતી.' ઇત્યાદિ રીતે સમાધાન કર્યું. પછી સાંજનું જમવાનું કબૂલ કરી સાથે



ગામમાં તેમને ઘેર ગયા. સ્ટીમરના પાસ તથા ટાઈમ સંબંધી બધી તજવીજ તેમણે કરાવી. આ વખત લગભગ એક વાગ્યાનો હતો.

## વિદ્વાન સર્વત્ર પૂજાય છે

તેમની ડેલીમાં પેસતાં જમણા હાથ પર બંધ ઓસરી ઓરડા હતા. તે ઓસરી ઓરડાની લગોલગ ઊંડાણમાં એક વિશાળ વખાર હતી. આ વખાર દેશી ઢબના એક દીવાનખાના જેવી હતી. અંદર ગાદી-તકીયા બિછાવ્યા હતા. એક સીસમનું મોટું બુક સ્ટેન્ડ હતું. તેમાં અનેક છાપેલાં પુસ્તકો ગોઠવી રાખ્યા હતા. પાસે કાચના આયનાવાળો એક સુશોભિત કબાટ હતો. એક ગાદી તકીયે ઓસરી ઓરડાના કરાની ભીંતની સામેની ભીંતે શ્રીમદ્ બિરાજ્યા હતા. તેમને અમે ત્રણ જણ વિનયપૂર્વક ભેટ્યા. શ્રીમદે કુશળ પૂછી. બાળભાવની નિર્દોષતામાં શ્રીમદ્ સમીપે હું પણ એક જાુદા ગાદી તકીયે બેઠો. મારી પાસે જ દેસાઈ પોપટલાલ મનજીભાઈ એક લખવાની ઢાળવાળી પેટી પાસે ગાદી ઉપર બેસી કાંઈ લખતા હતા. શ્રીમદ્ સમીપે અનેક સૂત્રો રૂમાલમાં વીંટાયેલા પડ્યા હતા. એક શ્રીમંત વેપારી છતાં ધર્મસંબંધી આવા ગ્રંથો વાંચવાનું શ્રીમદ્ કરે છે એ વિચારતાં તેમના પ્રતિ અગાઉ થયેલ માનની લાગણીમાં સ્વભાવિક વધારો થયો. અમે બેઠાં એટલામાંજ કોઈ આયર એટલે આયર જાતિના પુરુષે આવી શ્રીમદ્ને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા, આથી સ્વાભાવિક આશ્ચર્ય થયું. અંગ્રેજી ચોથા ધોરણમાં શીખેલ કે 'विद्वान सर्वत्र पूज्यते' એ વાક્યે આ આશ્ચર્યનું સમાધાન કર્યું. પછી શ્રીમદ્ બોલ્યા—

## શ્રીમદ્ને સાદાઈ જોઈ આનંદ


''મનસુખ, તમારી સાદાઈ જોઈ અમને બહુ આનંદ થાય છે.'' (કપાળમાં કેસરચંદનનું તિલક કર્યું હતું અને જાડો જીનનો કોટ પહેર્યો હતો.) હું મૌન રહ્યો.

શ્રીમદ્—''સાદાઈ બહુ સારી છે, વખાણવા યોગ્ય છે. તમે ડૉક્ટર સાહેબ પ્રાણજીવનદાસને ઓળખો છો?'' મેં કહ્યું—જી ના, નામથી જાણું છું.

## યુક્તિપૂર્વકની ચર્ચાથી આવેલ પરિવર્તન

શ્રીમદ્—''ડૉક્ટર સાહેબ હાલ બહુ સાદાઈમાં આવી ગયા છે અને શાંત થયા છે. ડૉક્ટર સાહેબમાં વિલાયત ગયેલ હોવાથી સંગપ્રસંગ યોગે ઉચ્છૃંખલવૃત્તિ વિશેષ હતી. અમને મળ્યા ત્યારે અમે પૂછ્યું—ડૉક્ટર સાહેબ, આ ખમીશનું કાપડ શા ભાવનું હશે? ડૉક્ટર કહે પચીસ ત્રીસ રૂપિયાનો તાકો. અમે કહ્યું—એવું જ ટકાઉ શોભીતું છ-આઠ રૂપિયાના તાકાનું મળી શકે કે નહીં? ડૉક્ટર સાહેબ કહે કે મળી શકે. અમે કહ્યું કે પચીશ-ત્રીસના તાકાનું કાપડ પહેરવાથી તમારા ચારસો પગારના કોઈ ચારસો એક કરે? ડૉક્ટર કહે—ના. અમે કહ્યું કે છ-આઠ રૂપિયાનું સાદું શોભીતું ટકાઉ પહેરવાથી ચારસોના ત્રણસો નવ્વાણું કોઈ કરે? ડૉક્ટર કહે—ના. યુક્તિ અને દલીલપૂર્વક અમને કોઈ આવું કહેનાર મળ્યું નથી.''

આમ પ્રસંગોપાત્ત યુક્તિવિવેકપૂર્વકની ચર્ચાથી ડૉક્ટર બહુ સાદા, શાંત અને ધર્મ પ્રતિ પ્રેમભાવવાળા થયા છે; ઇત્યાદિ સાદાઈને સંબોધીને શ્રીમદે કહ્યું. શ્રીમદ્ એક શ્રીમંત વેપારી હોઈને આવી આવી ધર્મવ્યવહાર અને પરમાર્થ બાબતો ઉપર સૂક્ષ્મતા અને વિદ્વતાથી વાતો કહે, એ અનુભવ થતાં મને તેમના પ્રત્યેના પૂજ્યભાવમાં પ્રેમસહિત ઉમેરો થયો હતો.



### પ્રયોગના બહાને પશુવધનો વિરોધ

મનસુખભાઈએ ઈનાક્યુલેશન (પ્રયોગના બહાને પશુવધ) સામે ઘણા પેમ્પલેટ છપાવેલાં. તે વખતે એ સોસાયટીના તે સેક્રેટરી હતા. મુંબઈમાં એ નિબંધ એમણે જાહેર પુરુષો સમક્ષ દેવકીનંદનાચાર્યના પ્રમુખપણા નીચે વાંચ્યો હતો. આખી સભા એ નિબંધથી ખુશ થઈ હતી અને દેશ પરદેશમાં જાહેર વહેંચણી કરવા એ નિબંધની ૨૦,૦૦૦ કૉપી છપાવી હતી. આમાંથી કેટલીક પ્રતો મુંદ્રા, મોરબી વગેરે સ્થળે વહેંચવા શ્રીમદ્‌ની હાજરીમાં મને આપી, પછી શ્રીમદ્ ફરવા પધાર્યા. શ્રીમદે મલમલનું એક શ્વેત ઉજ્જ્વળ કાઠિયાવાડી લાંબી બાંયનું અંગરખું પહેર્યું હતું. અને માથે કાઠિયાવાડી ઊંચી શ્વેત વાંકડી પાઘડી પહેરેલી હતી તથા રેશમી કિનારનું શ્વેત અમદાવાદી ધોતીયું પહેર્યું હતું. શ્વેત-ઉજ્જ્વળ ઉત્તરાસંગ સહિત ફરવા જવા માટે વખારના બારણા પાસે ઊભી રહેલ એ મૂર્તિ હજી મારા હૃદયપટમાં રહી છે. શ્રીમદ્ ફરવા પધાર્યા, અમે બધા સ્ટેશને ગયા.

### શ્રીમદ્‌ને સરસ્વતીનું વરદાન


એકવાર દુર્લભજી ઝવેરીએ પ્રસંગવશાત્ નાનચંદભાઈ સાથે વાત શરૂ કરી કે વવાણિયાના રાયચંદભાઈ કવિ છે. તેને ઈશ્વર તરીકે માને છે. એમને સરસ્વતીનું વરદાન મળ્યું છે. અંગ્રેજી, સંસ્કૃત, માગધી કશું ભણ્યા નથી છતાં બધું જાણે છે; સરસ્વતીના બળથી શતાવધાન કરે છે. તે સાક્ષાત્ સરસ્વતી છે એ નામનો ગ્રંથ એક ભાઈએ લખ્યો છે જેમાં તે રૂપે તેમને ઓળખાવેલ છે. આવા આશયની વાત કહી. હું તો સાંભળી અચંબો પામ્યો કે આ રાયચંદ કવિ તે કોણ? હમણાં થોડા દિવસ ઉપર જેને મળ્યો હતો તે કે બીજા?

### 'મોક્ષમાળા' ગ્રંથના દર્શન

મોરબીમાં મારા એક સ્નેહી રા.અમૃતલાલ તલકશી જેઓ રાજકોટના સર ન્યાયાધીશ છે. તેમને ત્યાં ''મોક્ષમાળા'' ગ્રંથ મેં જોયો. જૈનધર્મ સંબંધી જુદા જુદા શિક્ષાપાઠો તેમાં હતા. તે જોઈ જૈનતત્ત્વ સંબંધીની જિજ્ઞાસાએ એ ગ્રંથ વાંચવા મને બહુ ઇચ્છા થઈ. તેમની પાસેથી હું એ ગ્રંથ લઈ આવ્યો. આખો ગ્રંથ આદિથી અંત સુધી વાંચી ગયો. બહુ બહુ આનંદ થયો. કર્ત્તા આના કોણ હશે? એ જિજ્ઞાસા થઈ, પણ અંદરથી કર્ત્તાનું ક્યાંયે નામ ન મળ્યું. પણ કર્ત્તા પ્રતિ બહુ ભાવ થયો. આ મોક્ષમાળા વાંચ્યા પૂર્વે થોડા દિવસો પહેલાં તરતમાં છપાયેલ ભરૂચના શેઠ અનુપચંદ મલુકચંદ કૃત પ્રશ્નોત્તર રત્નચિંતામણિ વાંચેલ. આ ગ્રંથ બહુ સારો લાગેલ તથાપિ મોક્ષમાળા વાંચ્યા પછી તે વધારે પ્રિય થઈ પડી. તે એટલે સુધી કે તેમાંના સામાયિક સંબંધી શિક્ષાપાઠો અક્ષરશઃ એક નિબંધરૂપે મોટા કાગળમાં લખી જાડા બોર્ડના કાગળ પર ચોંટાડી, ઉપાશ્રય કે જ્યાં મારે પ્રતિદિન સવારે સામાયિક કરવા જવાની ટેવ હતી ત્યાં સામાયિક કરનારા વાંચી શકે એવા સ્થળમાં ચોડ્યા. આમ મોક્ષમાળા મને બહુ બહુ પ્રિય થઈ પડી. બે ચાર વખત રસભેર ફરી ફરી એ વાંચી ગયો. મારા ઘરમાં પણ રાત્રિએ વાંચી સંભળાવું કે વંચાવું. એ ગ્રંથે મારામાં નવું લોહી રેડ્યું, ચૈતન્યની સ્ફૂર્તિ કરી. ઉનાળો પૂરો થયે મુંબઈ અભ્યાસાર્થે ગયો. સાથે એ ગ્રંથ પણ લઈ ગયો.

### 'મોક્ષમાળા'ગ્રંથની બીજાને પણ અસર

એપોલો (પાલવા) બંદર પર એલ્ફીન્સન કૉલેજની રેસીડેન્સીમાં અમે રહેતા. રાજકોટ ગુજરાતના



બીજા ઘણા જૈનધર્મીઓ પણ ત્યાં હતા. તેમાંથી કેટલાંકને એ ગ્રંથ વાંચી સંભળાવું. અથવા તેમાંની વાતો કહું. તેમાંથી હાલના એક સ્થાનકવાસી જૈન સોલીસીટરને રા.સૂરજમલ ભોજુભાઈ મહેતા (પાલનપુરના B.A. LL.B.) ને તો એ ગ્રંથ બહુ પ્રિય થઈ પડ્યો. અમારા પર્યુષણ એ વરસે બધાનાં સારા ગયાં.

અમારી કૉલેજમાં દર શનીવારે બપોરે પાર્લામેન્ટની મિશાલે સભામાં ડીબેટ (વાદવિવાદ ચર્ચા) થતી. ચર્ચાના વિષયના બે પક્ષ પડતા, એક વિરુદ્ધ પક્ષ એક તરફેણમાં પક્ષ.

### 'મોક્ષમાળા'નો પ્રાણીદયાનો પાઠ સર્વને ગમ્યો

સંવાદ બધો અંગ્રેજીમાં થતો. એક શનીવારે પ્રાણી પર ઘાતકીપણું એ નિંદ્ય છે એવો વિષય ચર્ચાનો યોજાયો. ચર્ચા શરૂ કરનારે એ દરખાસ્ત મૂકી. સામાવાળાએ વિરુદ્ધ દલીલો બતાવી. વળી ચર્ચા શરૂ કરનાર કોઈ પક્ષકાર ઊઠ્યો. આમ ચર્ચા ચાલી તેમાં એ વિષયના ટેકામાં 'મોક્ષમાળા'માંનો પ્રાણીદયા વિષેનો પાઠ કે જેમાં અભયકુમારે 'માંસ સસ્તું કે મોંઘું?' એનો યુક્તિપૂર્વક શ્રેણિકના અમલદારોને બોધ આપ્યો છે તે મેં મૂક્યો. હાઉસને આ પાઠ બહુ આનંદદાયી યુક્તિવાળો અને બોધક લાગ્યો. આવા સારા ગ્રંથના પ્રણેતા રાયચંદ કવિ જેની સાથે મારે ઘણીવાર મેળાપ થયેલ છે, તે હજુ સુધી હું જાણતો નહોતો.

### તમે જે કહો તેમાં ફેર હોય નહીં

મારા એક કુટુંબી રા.ધનજી રાયચંદ વકીલ આવેલા. તેઓનો ઉતારો રા. રેવાશંકર જગજીવનની પેઢી ઉપર હતો. આ પેઢી એ વખતે વિઠ્ઠલવાડીમાં ચંપાગળીમાં શેઠ પ્રેમચંદ રાયચંદના માળાની જોડના માળામાં હતી. ત્યાં એક દિવસ બપોરે મારાભાઈ ધનજીભાઈને મળવા ગયો. ધનજીભાઈ નહોતા પણ શ્રીમદ્ પેઢીમાં બિરાજેલા હતા. છેલ્લે વવાણિયે મળેલ, ત્યાર પછી પુનઃ આજે મળવું થયું. મને હર્ષભેર આવકાર આપ્યો. હું પાસે જઈ બેઠો. વ્યવહારોચિત અનેક કુશળવૃત્તિ આદિની વાતો પૂછી. તેવામાં કોઈ પારસી ઝવેરી હીરામોતી દેખાડવા આવેલ. પુનઃ એ પારસીને મેં પાંચ વરસ પછી જોયેલ, તેથી લાગે છે કે તે ફરામજી સન્સવાળા ઝવેરી હતા. હું બેઠો હતો તે વખતે તેઓ શ્રીમદ્થી બહુ સંતોષાતા દેખાતા હતા અને તમે જે કહો તેમાં ફેર હોય જ નહીં; ઇત્યાદિ વાતો કરતા હતા. શ્રીમદ્ની એક વેપારી તરીકેની કુશળતાનો ભાસ આપનાર એ પ્રસંગ મને બરાબર યાદ છે.

આ પુરુષ જ્ઞાની છે એવા ભાવનો સમાગમ થયા પૂર્વેનો આ છેલ્લો મેળાપ હતો.

### મોક્ષમાળા અત્યંત પ્રિય

મોક્ષમાળા મને એટલી બધી પ્રિય થઈ પડેલ કે તે મળી ત્યારથી તેને હંમેશ હું મારી સાથે રાખતો. સં.૧૯૪૪માં પ્રસિદ્ધ થયેલ છતાં એવા ગ્રંથની સં.૧૯૫૪ સુધી લગભગ ખબર જ નહીં. એ ગ્રંથની બીજી નકલો ક્યાંયથી મેળવવા પ્રયાસ કરતો. જેની જેની પાસે એ વાંચુ તેને તેને એ ગ્રંથ રાખવાનું મન થાય. પણ કર્ત્તા કોણ છે એ ખબર નહીં, કે ત્યાંથી મંગાવું.

### મોક્ષમાળાના કર્ત્તા શ્રીમદ્ છે, તેની જાણ થઈ

સંવત્ ૧૯૫૪ની સાલમાં અત્રે હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતાં વઢવાણવાળા સ્વ.ત્રિભવનદાસ ઓઘડદાસ વોરાને શ્રીમદ્નો સમાગમ મોરબીમાં થયો હતો. ત્રિભુવનદાસ મારા સગાં સ્નેહી તેમજ



સહાધ્યાયી હોઈ અમને બેને અન્યોન્ય સારો પરિચય હતો. સંવત્ ૧૯૫૪ના આસોમાં ત્રિભુવનદાસે શ્રીમદ્ અંગે કેટલીક વાતો કહી ત્યારે શ્રી મોક્ષમાળાના કર્ત્તા શ્રીમદ્ છે એ ખબર પડી. તથા દુર્લભજી ઝવેરીએ વાત કરેલ તે શ્રીમદ્ આ જ હતા એ બધી ખબર અત્યારે પડી.

## શ્રીમદ્‌ના ચમત્કારિક ખુલાસા

ત્રિભુવનદાસે કહ્યું કે એ તો પરમ શાંત વૈરાગ્યવાન જ્ઞાની મહાત્મા છે, ચરોતર અને ખંભાત તરફ તો એ પ્રભુ તરીકે પૂજાય છે, કેટલાંક જૈન સાધુઓ એમને વંદન કરવા આવે છે. તે સાધુઓ છ સાત સ્થાનકવાસી સંપ્રદાયના છે. હવે તે પણ પ્રતિમા પૂજે છે, એક જ વખત નીરસ આહાર લે છે. દિવસના જંગલમાં વિચરે છે, ત્યાં જ્ઞાન ધ્યાનમાં કાળ ગાળે છે. જરૂર જોગાં પાત્ર, બે કપડાં અને રજોહરણ તથા મુહપત્તી એ જ એનો પરિગ્રહ છે. પ્રાયઃ ખેડા ખંભાત તરફ તેઓ વિચરે છે અને શ્રીમદ્‌ની આજ્ઞામાં છે. આમ શ્રીમદ્ ખરા મહાત્મા છે. પોતે વિરક્ત દશા અનુભવે છે, લોક સમાગમથી દૂર રહે છે. પત્ર વ્યવહાર પણ પ્રાયઃ કરતા નથી; તેમાં પણ હમણાં તો તદ્દન અસંગ રહે છે. જંગલમાં તપશ્ચર્યા કરે છે. હવે ટૂંક વખતમાં સર્વસંગ પરિત્યાગી થઈ જશે એવી દશામાં રહે છે. અત્રે પધારે છે તો ધર્મસંબંધી, કર્મગ્રંથ સંબંધી, તત્ત્વસંબંધી હૃદયમાં સચોટ ઊતરી જાય એવા ચમત્કારિક ખુલાસા કરે છે. સંશય છેદાઈ જાય છે; સાંભળનાર જે જે પૂછવાની વૃત્તિ ધારી આવેલ હોય તે બધાનું વગર પૂછ્યે સમાધાન થઈ જાય છે.

## આત્માના કલ્યાણની વાર્તા પૂછવી જોઈએ

પૃથ્વી ગોળ છે કે કેમ? સૂર્ય ફરે છે કે પૃથ્વી? જંબુદ્વીપનું પ્રમાણ કેટલું? ઇત્યાદિ જ્ઞાનીઓએ હેતુવિશેષે અધ્યાત્મદૃષ્ટિએ દેશકાળને અનુસરી કહેલી બાબતોની લોકો અફળ ચર્ચા કરે છે, પણ કોઈ આત્માનું કલ્યાણ કેમ થાય? આત્મા શું છે? સંસાર શું છે? આત્મા સંસાર કેમ કરે છે? તેમાંથી તે કેમ છૂટે? ઇત્યાદિ પૂછતું નથી. એ વગેરે માટે સદાય તે ખેદ દાખવે છે.

અત્રે શ્રોતાઓમાં ઘણા આવે છે પણ મુખ્યતા એ વકીલ નવલચંદભાઈ અને ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટ ધારશીભાઈ એ બે છે. ઉપરાંત વીરચંદ માસ્તર તથા પાનાચંદભાઈ છે. ધારશીભાઈએ કર્મગ્રંથનું સ્વરૂપ બહુ સારું ધાર્યું છે. શ્રીમદ્ પાસેથી સાંભળ્યા પછી નોટોની નોટો ઉતારી લે છે. નવલચંદભાઈ અને ધારશીભાઈ જેવું મોરબીમાં જૈનધર્મનું જ્ઞાન ધરાવનાર કોઈ નથી, સાધુઓ તેને પૂછે છે—ઇત્યાદિ અનેક વાતો ત્રિભુવનદાસે કરેલ. વકીલ તરીકે નવલચંદભાઈ માટે મને બહુમાન હતું. ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટ તરીકે ધારશીભાઈ પ્રતિ પણ મને બહુમાન હતું.

## શ્રીમદ્‌ને જૈનધર્મનું વિશેષજ્ઞાન

આમ આવા બન્ને કેળવાયેલા, વગવાળા, હોદ્દાવાળા, જૈનધર્મ સંબંધી ઊંચું જ્ઞાન ધરાવે એ સાંભળી જૈનધર્મ પ્રતિના મારા પ્રેમને લઈ તેઓ પ્રતિ મને બહુમાન થયું. અને જેને લઈને તેઓ જૈનધર્મ સંબંધી વિશેષ જ્ઞાન ધરાવે છે એવા શ્રીમદ્ પ્રતિ આગળ થયેલ પૂજ્યબુદ્ધિમાં વિશેષ ઉમેરો થયો. હવે તે પુરુષના દર્શન કરવાની, તેઓના મુખેથી કંઈ કલ્યાણકારી વચનો સાંભળવાની અતિ આતુરતા થઈ. વળી ત્રિભુવનદાસે શ્રીમદ્‌ના ઉપદેશથી ઘણા સ્થાનકવાસી સાધુઓ તથા ગૃહસ્થો પ્રતિમા-આરાધક થયાની



વાત કહી. એથી વળી મને વધારે પ્રેમ થયો કેમકે હું પ્રતિમા-આરાધક કુળમાં જન્મ્યો છું, અને પ્રભુ પ્રતિમા પ્રતિ મને મૂળથી જ સ્વાભાવિક પ્રેમ છે. નવલચંદભાઈ તથા ધારશીભાઈ જેવા હડહડતા ઢુંઢીયા પણ પ્રતિમાના દર્શન-પૂજન કરે છે એમ કહ્યું. વિશેષમાં પોતે (ત્રિભુવનદાસ) પણ સ્થાનકવાસી હોવા છતાં ક્વચિત્ મારી સાથે જિનાલયમાં પૂજા કરતા અને હંમેશ સવાર સાંજ દર્શન કરવા આવતા હતા. ત્યાં ભક્તિપૂર્વક સ્તવન કરતા, એથી મને ચોક્કસ ખાતરી થઈ. માસ્તર તરીકે તેમના સંબંધમાં આવેલા મલૂકચંદ માસ્તર સ્થાનકવાસી છતાં તેમની સાથે જિનાલયે આવતા. આ બધા કારણોને લઈ તે બધા તરફ તેમજ શ્રીમદ્ તરફ વિશેષ વિશેષ પ્રેમ ઊપજ્યો.

''શ્રીમદ્ ક્યાં છે? તેઓને પત્ર લખવા ઇચ્છા છે'' એમ મેં કહ્યું ત્યારે શ્રીમદ્‌ની અસંગદશા અને હાલ કોઈની સાથે પત્ર વ્યવહાર નથી કરતા ઇત્યાદિની મને વાત કરી મારી આતુરવૃત્તિને દબાવી દીધી; તથાપિ એ આતુરતા હૃદયમાંથી ગઈ નહીં. આ બધી વાતોના પરિણામે શ્રીમદ્‌ને કેટલું જ્ઞાન હશે એનો અમે ચર્ચારૂપે ઉહાપોહ કરતા. અવધિજ્ઞાનનો તો આ કાળે નિષેધ નથી એટલે સુધી હોવાનું મને સહજ સમાધાન થઈ ગયું. એની પુષ્ટિરૂપે ત્રિભુવનદાસે પોતે સાંભળેલ બે દાખલા આપ્યા. એક તો શ્રીમદ્ અન્ય સ્થળે હતા અને કોઈ જામનગરમાં બિમાર હતું. અંતર ચાલીશ કોશ લગભગ હતું. તે બીમારના અવસાનના સમાચાર અવસાન વખતે જ સ્થળાંતરે શ્રીમદે આપેલ; બીજો એવો બીજા પ્રકારનો ચારસો કોશના અંતરનો દાખલો હતો. આમ આવી આવી વાતોથી શ્રીમદ્ પ્રતિ મને વધારે જિજ્ઞાસા અને આકર્ષણ થયું.

### વ્યાખ્યાનમાં પુષ્ટિરૂપે શ્રીમદ્‌નું કથન


આ અરસામાં મોરબીમાં ખરતરગચ્છીય બળદેવગીરી કરીને કોઈ સાધુ ચાતુર્માસ રહેલ હતા, તેઓમાં ઉચ્છૃંખલ વૃત્તિ વિશેષ હતી. તે મંત્ર તંત્રાદિના ભયથી શ્રાવકોને વ્યામોહ પમાડતા અને જાણપણાનો ડોળ દેખાડતા. પ્રસંગવશાત્ વાતમાં શ્રીમદ્ રાજચંદ્ર શ્રી ઐસે કહતે હૈ, દેખો—એમ પોતાના કથનની પુષ્ટિરૂપે કહેતા. આવા સાધુ પણ શ્રીમદ્ જેવા ગૃહસ્થની સાખ આપે છે તે પ્રસંગ પણ શ્રીમદ્‌ના સામર્થ્યની ખાતરી આપનાર મને તો થયો.

### શ્રીમદ્ પ્રતિ આકર્ષણમાં વૃદ્ધિ

શ્વેતાંબર દિગંબર બન્ને પ્રતિ સમવૃત્તિથી જોનારા શ્રીમદ્ છે અને બન્ને સંપ્રદાયનું ઐતિહાસિક રીતે બહુ યુક્તિપૂર્વક નિરૂપણ તેઓ કરે છે એવી વાતો ત્રિભુવનદાસે મને કહેલ અને કેટલીક વાતો તો મને હૃદયમાં રમી રહે એવી કહેલ. તે સાંભળી હૃદય બહુ આહ્‌લાદ પામેલું અને શ્રીમદ્ પ્રતિના પૂજ્યભાવમાં ઉમેરો થયેલો. ત્રિભુવનદાસે તે વખતે શ્રીમદ્‌ની આજ્ઞાથી દિગંબરી ગ્રંથ 'મોક્ષમાર્ગ પ્રકાશ' તથા 'રત્નકરંડ શ્રાવકાચાર' વાંચવા મંગાવેલ. આ ગ્રંથો ઉપલક વાંચવાનો મને પણ લાભ મળેલો. તે ઉપલક વાંચેલ છતાં આનંદ થયેલ. આ ઉપરાંત શ્રીમદ્‌ની આજ્ઞાથી આનંદઘન ચોવીશી ત્રિભુવનદાસ મુખપાઠે કરતા તથા વિચારતા હતા. આમાં પણ અમે બન્ને સહાધ્યાયી થયા. આ બધાના નિમિત્તરૂપ શ્રીમદ્ હોઈ તેના પ્રતિ ઉત્તરોત્તર આકર્ષણ વધતું ગયું. તેઓને મળવાની આતુરતા વધતી ગઈ, પણ શ્રીમદ્ કોઈને મળતા જ નથી એવી ત્રિભુવનદાસની વાતથી એ વધતી ઇચ્છા છતાં દબાતી ચાલી.

### પત્રનો જવાબ મળ્યો નહીં

અમારા આ પ્રસંગોનો લાભ મારા એક ભાઈ રા.નાનચંદ માણેકચંદ પણ પ્રસંગોપાત્ત લેતા. તે



સંસારથી કંટાળેલા હતા, દીક્ષા લેવા માટે એક-બે વખત ઉલ્લાસમાં આવી ગયેલ. તેમને શ્રીમદ્ સંબંધી ઘણી વાતો રુચિ અને પોતાના મનોરથો પાર પાડવા તથા કેટલાક પ્રશ્નોના ખુલાસા માટે બે-ત્રણ વખત શ્રીમદ્‌ને પત્રો લખ્યા, પણ જવાબ જ ન મળ્યો, એથી શ્રીમદ્‌ની પત્ર વ્યવહાર પ્રત્યેની તથા કોઈને મળવા સંબંધી ઉપેક્ષાની ખાતરી થઈ.

## તમારા અભ્યાસમાં મંડ્યા રહો


સંવત્ ૧૯૫૫ના શિયાળામાં હું અમદાવાદ પાછો કૉલેજમાં ગયો. મોક્ષમાળા, પ્રશ્નોત્તર રત્નચિંતામણિ, સ્યાદ્‌વાદ રત્નાકર, શ્રીમદ્‌ના 'હે પ્રભુ', હે પ્રભુ'ના ભક્તિના દુહા, આનંદઘન ચોવીશી, મોક્ષમાર્ગ પ્રકાશ તથા આગમ વાંચેલ તે બધું હવે મનમાં રમતું હતું. હૃદય કોમળ ભક્તિવાળું , કિંચિત્ વૈરાગ્યવાળુ અને જ્ઞાનનું પિપાસું થયું હતું. શ્રીમદ્‌ને મળવાની આશા તો થોડી જ હતી. મોક્ષમાળા જેવા પાઠો લખી કોઈ જૈનગ્રંથ બનાવવાનો વિચાર થયો. થોડા પાઠો લખ્યા. એવામાં અમદાવાદમાં મનસુખભાઈ રવજીભાઈનું રા.મોતીચંદ કુશળચંદને ત્યાં કોઈ વ્યાપારી કામ પ્રસંગે આવવું થયું. મનસુખભાઈ ઝવેરીવાડામાં અમારે ત્યાં ચાહીને સ્વયં આવ્યા. શ્રીમદ્ હાલ ઈડર છે. થોડા વખતમાં વવાણિયા પધારશે એમ પણ જણાવ્યું. મેં લખેલા પાઠો એમણે જોયા. શ્રીમદ્‌ના જેવી શક્તિ વિના એ કેમ લખી શકશો? અને પૂર્વપુણ્ય વિના એ શક્તિ ક્યાંથી આવે? તમારા અભ્યાસમાં મંડ્યા રહો-ઇત્યાદિ સમયોચિત તેમણે સાચું કહ્યું. જેથી વૃત્તિ મોળી થઈ ગઈ.

## શ્રીમદ્‌ની અદ્‌ભુત શક્તિઓ

તેમના જવા બાદ મારો નાનો ભાઈ માધવજી તથા મારા પત્નીએ મનસુખભાઈની સુજ્ઞતા, શ્રીમદ્‌ની શક્તિ, તેમનું જ્ઞાન ઇત્યાદિની ઉહાપોહરૂપ વાતો કરવા માંડી. શ્રીમદ્ જ્યોતિષ જાણે છે, ભૂત ભવિષ્ય જાણે છે, શા કારણથી જાણી શકે છે એનું સમાધાન આમ થયું કે તેઓ કર્મગ્રંથ સર્વાંગ સંપૂર્ણપણે જાણે છે, કર્મની પ્રકૃત્તિઓનાં સ્વરૂપ જાણે છે, તેનાં કારણ-ફળ જાણે છે એટલે અમુકને અમુક પ્રકૃતિ ઉદયમાં છે તો તેનું કારણ શું અને તેનું ફળ શું? અમુકને આમ થયું તો તે કઈ પ્રકૃતિને લઈને? કયા કર્મથી અમુક આમ કરે છે તો તેનું ફળ શું? ઇત્યાદિ સૂક્ષ્મ રીતે સાચો નિર્ધાર તેઓ કરી શકે એમ સમાધાન કર્યું.

## શ્રીમદ્‌ની વિરક્તદશા

ઉનાળાની રજા પડી અને અમારા પિતાશ્રી વાંકાનેરમાં પોસ્ટ માસ્તર હોવાથી વાંકાનેર આવ્યા, પણ જાણે શ્રીમદ્‌ના સમાગમનો લાભ મળવો સર્જિત હશે તે હેતુએ જ મોરબીના પોસ્ટમાસ્તર રજા પર જતાં બે-ત્રણ માસ માટે મારા પિતાશ્રીની બદલી તરતમાં જ મોરબી થઈ. અમે મોરબી આવ્યા. ચૈત્રમાસની શરૂઆત હતી. ત્રિભુવનદાસને સ્કૂલમાં સવારનો ટાઈમ હતો, તેથી અમોને બપોરે મળવાનું તથા સાંજે જિનમંદિરે થઈ સાથે ફરવા જવાનું પ્રાયઃ હંમેશ થતું. શ્રીમદ્ સંબંધી વાતો પ્રસંગોપાત થતી. શ્રીમદ્ વવાણિયે હતા, તો ત્યાં જઈ તેમનો સમાગમ-લાભ મેળવી લેવાની ઇચ્છા મેં ત્રિભુવનદાસને દાખવી, પણ ત્રિભુવનદાસ એટલા બધા આજ્ઞાધીન થઈ ગયેલ કે મારી વૃત્તિને એમણે રોકી દીધી અને કહ્યું કે એ વિરક્તદશામાં છે, કોઈને મળતા નથી. પત્ર લખવાની પણ ના પાડી. જેણે મારી સાથે બે જ વરસ પર વવાણિયામાં ત્રણ કલાક સુધી પ્રેમભાવે વાત કરેલી, જેમને બે ત્રણ વખત મોરબીમાં, બે ત્રણ વખત



મુંબઈમાં મળવાનો અને તે પણ હર્ષભેર અને સંકોચ વિના મળવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલ તે શ્રીમદ્ (રાયચંદભાઈ) મને ન મળે એ તો મારા મનમાં ઠસતું જ ન હતું, તથાપિ મેં પણ વૃત્તિને દબાવી.

## લોકપૂજન કે રંજનાર્થે ધર્મ નથી

તે દરમ્યાન ત્રિભુવનદાસે શ્રીમદ્‌ના મને અમુક પ્રસંગો જણાવ્યા કે શ્રીમદે નાનપણમાં અમદાવાદ નહીં જોયેલ હોવા છતાં, ત્યાં અમુક માણસ જેને ઓળખતા ન હતા, જેનું ઘર જોયું નહોતું, એવા મલ્લીચંદ જેચંદવાળા સ્વ.જૂઠાભાઈને ત્યાં જવાનો પ્રસંગ કહ્યો તથા તેમના પત્ની સ્વ.ઉગરીબહેનને નાનપણમાં જ વૈધવ્ય પ્રાપ્ત થયેલ છતાં શ્રીમદ્‌ના ઉપદેશથી શાંત, ધર્મ પરાયણ, વિરક્ત દશાના તેમના વખાણ સંભળાવ્યા; તેમજ વઢવાણ કેમ્પમાં, બોટાદમાં, મુંબઈમાં વગેરે સ્થળે શ્રીમદે નાની વયમાં કરેલ અવધાનોની પંડિત ગટુલાલજીએ સ્વમુખે કરેલી શ્રીમદ્‌ની પ્રશંસાની પ્રસંગોપાત વાત કહી. આવી અદ્‌ભુત શક્તિ છતાં એ શક્તિનો લોકપૂજન કે રંજનાર્થે વ્યય કરવાથી ધર્મ હારી જવા જેવું છે. ઇત્યાદિરૂપે વિચારી આત્મભાવમાં રહેવારૂપ શ્રીમદ્‌ની ઉદાસીનતાની વાત કહી.

## અમદાવાદમાં શતાવધાનના પ્રયોગો

મુંબઈમાં શ્રીમદ્‌ની શક્તિથી આશ્ચર્ય પામી મુંબઈની પ્રજા શ્રીમદ્‌ના પ્રસંગમાં આવવા લાગી, તો એ અદ્‌ભુત શક્તિઓના પ્રદર્શનનો તેમણે રોધ કરી લોકસંગ નિવારવારૂપ ઉદાસીનતાની વાત કહી. સં.૧૯૪૫માં અમદાવાદમાં દલપતભાઈના વંડે શાંતિવિજયના પ્રમુખપણા નીચે શતાવધાનના પ્રયોગો કરી અમદાવાદની પ્રજાને આશ્ચર્યચકિત કર્યાની વાત કહી.

## શ્રીમદ્‌ને જ્યોતિષ વિદ્યાનું જ્ઞાન

શ્રીમદ્ જ્યોતિષ જાણતા, તે વખતે તે વંડામાં કોઈ બિમાર હશે, તેના માટે કોઈએ કાંઈ પૂછ્યું, શ્રીમદે સખેદભાવે જવાબ આપ્યો : 'શું તે અમારે મુખે આવું અનિષ્ટ કહેવું પડશે? આ ભાઈનું અમુક વખતે આમ થશે.' એ પ્રસંગથી શ્રીમદ્‌ને થયેલ ખેદ અને ત્યાર પછી એવા પ્રસંગ માટે જ્યોતિષ પ્રતિની ઉપેક્ષા કરી દીધાની વાત કહી. આ બધી વાતોથી શ્રીમદ્ પ્રતિ વિશેષ વિશેષ જિજ્ઞાસા, પ્રેમ, આકર્ષણ થતાં ચાલ્યાં. હવે તો વવાણિયે જઈ ચોક્કસ મળવું જ એવો વિચાર થયો. ત્યાં જ સમાચાર મળ્યા કે મોરબીમાં શ્રીમદ્ બે ચાર રોજમાં પધારનાર છે.

બપોરે શ્રીમદ્‌ના આગમનની વધામણિ ત્રિભુવનદાસે આપી. જે પુરુષને વવાણિયા મળવા જવા વૃત્તિ હતી તે જ પુરુષ અત્રે પધાર્યા છે, તો તેમને ક્યાં અને કેમ મળવું એ પ્રશ્નો થવા માંડ્યા. તેમની સમીપે તો ધારશીભાઈ, નવલચંદભાઈ આદિ જેવા મોટા પુરુષો હોય, ત્યાં તેમની સાથે વાર્તાલાપ કેમ થઈ શકે—ઇત્યાદિ ગડભાંગ થવા માંડી. વળી ઓછામાં પૂરું તે વખતે મારા કાને સહજ બહેરાશ આવી ગયેલ. ત્રિભુવનદાસે સવારમાં શ્રીમદ્‌ને મળવાનો રસ્તો બતાવ્યો કેમકે તે વખતે ત્યાં કોઈ ન હોય. ધારશીભાઈ, નવલચંદભાઈ, ત્રિભુવનદાસ, બીજા માસ્તરો વગેરે કોર્ટ તથા સ્કૂલનો ટાઈમ સવારનો હોવાથી કોઈ ત્યાં ન હોય. આ યુક્તિ ઠીક લાગી. પણ શ્રીમદ્ સમીપે જાવું કોની સાથે? કેમ જવું? શું વાત કરવી? તેઓશ્રી આદર કરશે કે નહીં? એ બધા વિકલ્પો ઊઠવા માંડ્યા. એમ કરતાં સાંજ પડી અને સંધ્યા વખત થયો.



ત્રિભોવનદાસ તો તે દિવસે કેવળ સ્વાર્થી થઈ ગયા. અમે હમેશાં સાંજે ફરવા જઈએ અને આજે તો દેખાણા પણ નહીં. તેઓ તો શ્રીમદ્ પાસે જઈને સાંજના બેઠા. શ્રીમદ્‌ને આજ્ઞાધીન હોવાથી કોઈને શ્રીમદ્ સમીપે શ્રીમદ્‌ની આજ્ઞા વિના ન લાવવા એ હેતુએ કે ગમે તે કારણે પણ પોતે એકલા શ્રીમદ્ પાસે ચાલ્યા ગયેલા.

## શ્રીમદ્ પાસે જવાની ભાવના

હું દેરાસરે દર્શન કરી બજાર તરફ વળ્યો. ક્યાં જવું એ વિચારતો હતો. શ્રીમદ્ પાસે જવાય તો સારું એમ મનમાં હતું, પણ ક્યાં એ ઊતર્યા છે અને કોની સાથે જઉં એ વિકલ્પ થતો હતો. ત્યાં દેરાસરેથી વીરચંદ માસ્તરને જોયા, તેઓને પૂછ્યું, માસ્તર શીદ કામ પધારો છો? માસ્તરે શ્રીમદ્ પાસે જતા હોવાનું કહ્યું. મેં લાગ સાધ્યો અને કહ્યું, ચાલો, હું યે આવું છું. રસ્તામાં વિકલ્પ થવા માંડ્યા કે શ્રીમદ્ મને આદર આપશે કે નહીં? મારી સાથે વાત કરશે કે નહીં? મારે એમની સાથે શું વાત કરવી? શું પૂછવું? એમ કરતાં શ્રીમદ્ જ્યાં ઊતરેલા ત્યાં આવ્યા. આ રેવાશંકર જગજીવનનું ઘર હતું. ઊંડાણમાં ડેલીની મેડી ઉપર શ્રીમદ્ પૂર્વ દક્ષિણને સાંધતા ખૂણામાં ગાદી તકિયે બિરાજ્યા હતા. ત્યાં જઈ નમસ્કાર કરી બેઠો. શ્રીમદે તરત આદર કર્યો. મને કુશળ વૃત્તિ આદિ પૂછ્યા. મારા હૃદયનો ભાર ઊતર્યો અને પગમાં જોર આવ્યું. હું ગયો તે વખતે ધારશીભાઈ, નવલચંદભાઈ, પાનાચંદભાઈ, ત્રિભુવનદાસ, મલુકચંદ માસ્તર, દેવચંદ માસ્તર તથા બીજા ઘણા ગૃહસ્થો આવેલા હતા. મારા અભ્યાસ સંબંધી વાતો પૂછી. પછી બેઠેલા ભાઈઓએ ધર્મસંબંધી પ્રશ્નો કરવા માંડ્યા. શ્રીમદ્ ઉત્તર આપતા હતા. પ્રશ્નોત્તર એવા રૂપમાં થતા હતા કે મારાથી સંભળાતા ન હતા, એથી ઊઠી જવાની વૃત્તિ થવા માંડી. અડધો કલાક બેસી ઊઠી નમસ્કાર કરી ચાલતો થયો.

## શ્રીમદે ષટ્દર્શન વગેરેનું સ્વરૂપ સમજાવ્યું

બીજે દિવસે સવારમાં સામાયિક કરી આવી સાત વાગે શ્રીમદ્ સમીપે ગયો. શ્રીમદ્ એકલા હતા. સીડીના છેલ્લે પગથિયે દૂરથી જ તેમના દર્શન થતાં મનમાં પંચિંદિયનું સ્મરણ થયું અને સ્વાભાવિક તેવા જ ભાવથી શ્રીમદ્‌ને હું જોતો આવ્યો છું. આત્મા શું છે? એનું હિત શું? તે કેમ થાય? ઇત્યાદિ પ્રશ્નો મેં પ્રસંગોપાત કર્યા. શ્રીમદે પૂછ્યું કે શું વાંચો છો? અભ્યાસો છો? હું તે વખતે હંમેશ એક સ્તવન આનંદઘનજીનું સમજપૂર્વક મુખપાઠે કરતો હતો તે વાત કહી. તે બહુ સારું છે, તેમ કરશો. અને આનંદઘનજીના સ્તવનોના અર્થ વિવેચનપૂર્વક લખશો એમ કહ્યું. તે દિવસે મેં મુનિસુવ્રત પ્રભુનું વીસમું સ્તવન મુખપાઠે કરેલ, તેમાં ષટ્દર્શનનું સ્વરૂપ છે તે મને બરાબર બેસતું નહોતું. શ્રીમદ્‌ને એની સમજ આપવા વિનંતી કરી. શ્રીમદે એ સ્તવન લગભગ પોણો કલાક સ્પષ્ટપણે સમજાવ્યું. એ સમજ સાંભળતા બહુ આનંદ થયો, અને શ્રીમદ્ આનંદઘનજીની જ્ઞાન ખૂબીનું વિશેષ ભાન થયું.

## પૂછવાના પ્રશ્નનું વગર પૂછ્યે સમાધાન

પછી મેં બીજા અજીતનાથના સ્તવનમાં—

**"તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર."**

એનો અર્થ પૂછ્યો. અર્થ બહુ સુંદર અને સ્પષ્ટ સમજાવ્યો. એ અર્થ શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથના પૃષ્ઠ ૬૬૪ ઉપર છે. પછી વાંચવા માટે અમારી પાસે અત્રે જ પાકીટમાં ષટ્દર્શન સમુચ્ચય છે એમ કહી



શ્રીમદે તે આપ્યું અને વાંચવા જણાવ્યું. પછી પ્રસંગોપાત એવી વાતો કહી કે જે કાંઈ પૂછવાનું મનમાં હતું, તેનું વગર પૂછ્યે જ સમાધાન થઈ ગયું. આગલા દિવસે જે સંકોચ વર્તતો હતો તે બધો દૂર થયો. લગભગ દશ વાગ્યે હું ઊઠ્યો.

બપોરના નિવૃત્તિ હતી. શ્રીમદ્ પાસે જવા ઇચ્છા હતી, પણ બપોરે તો ધારશીભાઈ, નવલચંદભાઈ જેવા મોટા માણસો જ્ઞાનવાર્તા કરતા હોય ત્યાં મારાથી કેમ જવાય? એમ વિચારી જતો નહીં.

### શ્રીમદ્નો પુનઃ મેળાપ

તે દિવસે પુનઃ સાંજે જિનમંદિરે થઈ શ્રીમદ્ સમીપે ગયો. આગલા દિવસની માફક જ પર્ષદા વધારે હતી. શ્રીમદે સત્‌દેવનું સ્વરૂપ પ્રકાશ્યું અને તેના અનુસંધાનમાં આનંદઘનજીનું ઓગણીશમું મલ્લીનાથજીનું સ્તવન સમજપૂર્વક સંભળાવ્યું. મારા પર કૃપાની રાહે શ્રીમદ્ તાણીને વચન ઉચ્ચારતા. પછી પ્રસંગોપાત ધારશીભાઈ વગેરેએ કાંઈ પ્રશ્નો કરવા માંડ્યા. હું સાંભળી શકતો નહોતો. વૃત્તિ ચંચળ થઈ અને નવ વાગ્યાના સુમારે રજા લઈ હું ઊઠ્યો. ધારશીભાઈ વગેરે તો એકેક-બબ્બે વાગતા સુધી બેસતા. ઘેર ગયા પછી શયન વખતે ખેદ થયો કે અહો! ઉત્તમજ્ઞાની પુરુષોનો સમાગમ છતાં પ્રમાદવશે આ જીવ વિષયકષાય સેવ્યા કરે છે. હું ક્યાં, કોની સમીપે ગયો હતો અને ત્યાં શું વાતો થતી? એ વગેરે જાણવા જણાવવા યોગ્ય વાતો મારા ઘરમાં કરું ખરો, આથી મારા ઘરમાં પણ શ્રીમદ્ના દર્શન કરવાની વૃત્તિ થયેલ, પણ અમારો લોકવ્યવહાર એ વૃત્તિના પોષણને આડે આવતો. ક્વચિત્ જણાવવા યોગ્ય વાતો મારા પિતાશ્રીને પણ જણાવતો.

### સદાચાર જ્ઞાનીને પ્રિય છે

બીજા દિવસે સવારે પણ આગલા દિવસની માફક ગયો. જતાં જ કોઈ પણ પ્રકારના પ્રસંગ વિના પ્રથમ વચન શ્રીમદે એ ઉચ્ચાર્યું કે, મનસુખ, વિશેષ થઈ શકે તે તો બહુ જ સારું છે, છતાં સદાચરણ પણ જ્ઞાનીઓને બહુ પ્રિય છે. એ સ્વાભાવિક વચનોથી રાત્રે મને જે ખેદ વર્તતો હતો તેનું સમાધાન થઈ ગયું. તાત્પર્ય કે સ્વદારાથી પણ વિરક્ત થઈ શકાય તો બહું જ સારું. સ્વદારા સંતોષરૂપ સદાચરણ હોય તો તે પણ જ્ઞાનીઓને બહુ પ્રિય છે. આવા આશયનું કોઈ પણ પ્રકારના પ્રસંગ વિના શ્રીમદે વચન ઉચ્ચાર્યું. તેથી શ્રીમદ્ના અપૂર્વજ્ઞાન માટે સાનંદાશ્ચર્ય સાથે ખાતરી થઈ. આમ લગભગ પખવાડિયું ચાલ્યું.

### જ્ઞાનવાર્તાથી માથાનો બોજો ઓછો થાય

શ્રીમદ્ને તે અરસામાં માથાની વેદના બહુ રહેતી. કોઈને કળવા ન દેતા, પણ શ્રીમદ્ના અંગિત આકારથી મને લાગેલ કે માથું દુઃખે છે. એક સવારે મેં પૂછ્યું—સાહેબ, આપ કાંઈ તપશ્ચર્યા કરો છો? માથાની વેદનાનું શું કારણ?

શ્રીમદ્—હાલ તો કોઈ તપશ્ચર્યા નથી કરતા, અગાઉ કરતા, તેની અસરથી શિરોવ્યાધિ છે.

મેં પૂછ્યું—રાત્રે એક-બે વાગ્યા સુધી જ્ઞાનવાર્તા ચાલે છે, દિવસના પણ ચાલે છે તો આપના મગજને શ્રમ નથી પહોંચતો? તેથી પણ શિરોવ્યાધિ ન થાય? નિદ્રા ક્યારે લો છો?

શ્રીમદ્ કહે—અમને જ્ઞાનવાર્તામાં એટલો આનંદ આવે છે કે સવાર પણ પડી જાય. નિદ્રા સ્વાભાવિક બહુ અલ્પ થઈ ગઈ છે. જ્ઞાનવાર્તાથી અમારા મગજ પર બોજો નથી જણાતો, બોજો ઓછો થાય છે. પાત્ર



શ્રોતા મળે તો અમારા પરથી ઘણો બોજો ઓછો થાય છે. નિદ્રા એ દર્શનાવરણીય કર્મની પ્રકૃતિ છે. એ આવરણ ઓછું તેમ નિદ્રા પણ ઓછી. શ્રી મહાવીર ભગવાને સાડા બાર વરસ તપશ્ચર્યા કરી, તેમાં માત્ર બે ઘડી નિદ્રા લીધી છે અને તે પણ શયન અવસ્થારૂપે કે પગ વાળીને બેસીને નહીં, કેવળ ઊભડક ગોદુહાસનરૂપે બેસીને—ઇત્યાદિ કહેલ.

## શ્રીમદ્નું કાવ્ય રટન

તે અરસામાં પોતે હંમેશ વખત પરત્વે—

**''ચરમાવર્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન-વાક.**
**સંભવદેવ તે ધુર સેવો સેવે રે...''**

(અર્થ :—જેને ચરમાવર્ત એટલે છેલ્લું પુદ્ગલ પરાવર્તન બાકી રહ્યું છે તથા જેને યથાપ્રવૃત્તિકરણ અને અપૂર્વકરણ થયું છે, પણ ચરમકરણ એટલે ત્રીજું અનિવૃત્તિકરણ બાકી રહ્યું છે અને જે ભાવો વડે સંસારમાં પરિભ્રમણ થાય તે ભાવોનો પરિપાક કહેતાં પરિપક્વપણું થઈને જે ખરવા આવ્યા છે.

જેને આવું સામર્થ્ય પ્રાપ્ત થયું છે. તેના જ ભય, દ્વેષ, ખેદ વગેરે દોષો ટળે છે અને તેમની જ ભલી એટલે કલ્યાણકારી દૃષ્ટિ ખૂલે છે. અને તેમને જ ભગવાનના પ્રકૃષ્ટ વચનોની પ્રાપ્તિ થાય છે અને તેનું રહસ્ય સમજાય છે. માટે હે ભવ્યો! શ્રી સંભવનાથ પ્રભુની તમે ધુર એટલે પ્રથમ સેવા કરો.)

એ ઉચ્ચાર્યા કરતા. આનો આશય એમ લાગતો કે જાણે પોતે શ્રોતાને કહેતા હોય કે શા માટે મુંઝાઓ છો? તમારી દૃષ્ટિ નિર્મળ થઈ છે, દોષ ટળ્યા છે, પ્રવચનની પ્રાપ્તિ તમને થાય છે તો આ તમારું ચરમાવર્ત અને ચરમકરણ જ સમજો. આવો આશય સમજાયો હતો. વળી વખતે ઉચ્ચારતા કે—

**''ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;**
**તેમ ભવિ સહજગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે.**
**વીર જિનેસર દેશના.''**

(અર્થ :—અહીં અવચંકયોગનું દૃષ્ટાંત આપે છે કે જેમ ચકોર પક્ષી ચંદ્રને ઇચ્છે છે, મધુકર એટલે ભમરો માલતીના પુષ્પમાં આસક્ત થાય છે તેમ સદ્ગુરુયોગે વંદન ક્રિયા આદિ ઉત્તમ નિમિત્તને આ દૃષ્ટિમાં વર્તતો ભવ્ય જીવ સ્વાભાવિક રીતે ચાહે છે. ભાવપૂર્વક તન્મયપણે વંદનાદિ કરે છે. અવચંકયોગથી તેનો ભાવમલ દૂર થાય છે.)

તાત્પર્ય કે આ ઉત્તમ નિમિત્તોનો સંયોગ પ્રાપ્ત થયો છે એ જ ભવ્યપણું બતાવે છે. આમ જાણે કહી અંતરમાં ઊગતા પ્રશ્નોનું સમાધાન કરતા હોય એવો ભાસ મને થતો.

## શ્રીમદ્ને જોતાં વિશેષ પ્રેમભાવ ઉલ્લસતો

એક સવારે મેં પૂછ્યું કે, સાહેબ, આપને દેખી પ્રેમ કેમ આવે છે? જવાબ આપ્યો કે તેવું તેવાને મળે; તેવું તેવાને ગમે.

મને ઘરબાર ત્યાગી સાધુઓ પ્રતિ બહુ પ્રેમ છે, ભક્તિભાવ છે તથાપિ આ પુરુષને જોઈ તેના પ્રતિ વિશેષ પ્રેમ-ભક્તિ ઉલ્લસતા. શ્રીમદ્ વખતે ખેદ દાખવતાં કે હાલ તો જૈન સંપ્રદાય પોતાનો સનાતન



આત્મમાર્ગ ભૂલી ગયેલ છે. ક્વચિત્ કોઈ કોઈ વેદાંતી સંન્યાસી જોવામાં આવે છે તે વધારે આત્માર્થી હોય છે. જૈન સમુદાયમાં શ્વેતાંબરમાં હજી સરળતા કાંઈક વધારે શ્રીમદ્ આત્મારામજીમાં દેખાતી અને તેના શિષ્ય પરિવારમાં જોવામાં આવે છે. બાકી સરળતાની ઓછાઈ કે તેનો લોપ દેખાય છે.

## તિથિ બરાબર પાળવી

તે અરસામાં એક દિવસ સાંજે હું એકલો ફરવા જતો હતો. ત્યાં મારા મનમાં બાળભાવના વિનોદમાં પ્રશ્ન ઊઠ્યો કે તિથિ શા માટે પાળવી? પાંચમ-આઠમ આદિ તિથિઓ શા માટે? પાંચમને બદલે છઠ્ઠ કે ચોથ પાળીએ, આઠમને બદલે નોમ કે દશમ પાળીએ તો શું ખોટું? આવો ફક્ત પ્રશ્ન થયો. એ પ્રમાણે કરવું એમ મનમાં નહોતું. પણ વળતે દિવસે સવારે હંમેશ મુજબ શ્રીમદ્ સમીપે ગયો ત્યારે પ્રથમ જ વગર પૂછ્યે કશા સંબંધ વિના શ્રીમદે વચન પ્રકાશ્યું કે મનસુખ, તિથિ બરાબર પાળવી. આગલા દિવસે મારા મનમાં આ પ્રશ્ન ઊઠેલ. એ ઊઠ્યા પછી જ્યારે શ્રીમદ્‌ને મળું છું ત્યારે શ્રીમદ્ એનો ખુલાસો કરે છે. તેથી શ્રીમદ્‌ના અપ્રતિમ જ્ઞાનની ખાતરીમાં ઉમેરો થયો. જો કે વિકલ્પ થયેલ કે કાગનું બેસવું અને તાડનું પડવું એમ યોગાનુયોગ સહજ સ્વભાવે શ્રીમદે આમ કહેલ હોય? પણ ત્યાર પછી મળેલ અનુભવે એ વિકલ્પને દૂર કર્યો. એ અનુભવ આ હતો.

## શ્રીમદે જ્ઞાનબળે કહ્યા વગર જાણી લીધું

અગાઉ મેં જણાવેલ છે કે મારા ભાઈ રા.નાનચંદ માણેકચંદ જે આ વખતે વાંકાનેર રાજકોટ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટના ક્લાર્ક હતા, તેની સવારી હાલમાં માંગરોલમાં હતી. નાનચંદભાઈને ત્યાં મેં જણાવેલ કે અત્રે શ્રીમદ્ રાજચંદ્ર (રાયચંદ કવિ) પધાર્યા છે, તમે અત્રે હોત તો બહુ આનંદ થાત. મારે હંમેશ પરિચય થાય છે ઇત્યાદિ. આથી નાનચંદભાઈએ શ્રીમદ્ પાસે એક ખુલાસો કરવા મને લખ્યું હતું. શ્રીમદ્ પર પરભારો તેમને પત્ર લખ્યો નહોતો. એક વરસ ઉપર શ્રીમદ્ ઉપર બે-ત્રણ પત્રો તેમણે લખેલ પણ ઉત્તર મળ્યો ન હતો. તેમજ હાલ નાનચંદભાઈ ક્યાં છે? શું કરે છે? એ જાણવાનું શ્રીમદ્‌ને કોઈ કારણ નહોતું અને આપણી દૃષ્ટિ પહોંચી શકે ત્યાં સુધી તો શ્રીમદ્ જાણતા પણ નહોતા. એ પત્ર મને મળ્યો તેની બીજી સવારે શ્રીમદ્‌ને મેં પ્રશ્ન કર્યો કે કોઈ સખ્સ આવો પ્રશ્ન કરે છે તેનો ઉત્તર આપવા કૃપા કરો.


શ્રીમદ્ કહે—કોણ, નાનચંદ પ્રશ્ન કરે છે?

મને વિચાર થયો કે કદાચ નાનચંદભાઈએ પરભારો પ્રશ્ન પૂછ્યો હોય, તેથી મેં પૂછ્યું—સાહેબ, આપને પત્ર છે?

શ્રીમદ્ કહે—તમારા પરના પત્રમાં નામ છે ને?

મારી પાસે ફક્ત પ્રશ્ન હતો. પત્ર ખિસ્સામાં હતો તથાપિ શ્રીમદે એમ ક્યાંથી કહ્યું? એ આશ્ચર્ય થયું. આગળ વધીને શ્રીમદ્ કહે—નાનચંદ હાલમાં માંગરોલ છે? નોકરી કાંઈ માયાકપટવાળી છે? એ મૂંઝાય છે.

શ્રીમદે જે જે પ્રશ્નો પૂછ્યા તે બધા યથાસ્થિત હતા, બધું તેમજ હતું. શ્રીમદે આ બધું જાણ્યું ક્યાંથી? નાનચંદભાઈના પ્રશ્નોના ઉત્તર તથા ઉપલી બનેલી વિગતો નાનચંદભાઈને જણાવવા સાથે મેં પૂછાવી જોયું કે શ્રીમદ્ પર એણે પત્ર લખ્યો હતો? નાનચંદભાઈનો જવાબ આવ્યો કે મેં પત્ર લખ્યો નથી. તેથી શ્રીમદ્‌ના અપ્રતિમ જ્ઞાનની મને ચોક્કસ ખાતરી થઈ.



### ભયંકર છપ્પનીયાનો દુષ્કાળ પડ્યો

ચિત્ર નંબર ૧

એવામાં પૂર્વ દિશા તરફ પડતી બારી જ્યાં શ્રીમદ્ ખુરશી પર બિરાજ્યા હતા ત્યાં તે દિશા તરફ શ્રીમદ્‌ની નજર ગઈ. એ દિશામાં આકાશમાં કાળા વાદળાં હતાં. શ્રીમદે અનાયાસે કહ્યું કે ૠતુને સન્નિપાત થયો છે. ચૈત્રમાસમાં આવા વાદળાં ન હોય. તે ચોમાસું સદંતર નિષ્ફળ ગયું અને ભયંકર છપ્પનીયો દુકાળ પડ્યો.

### શ્રીમદ્‌ના વચનથી બીડી ન પીવાની પ્રતિજ્ઞા

ચિત્ર નંબર ૨

ત્યાં ઓફિસમાં કારકુન તરીકે મોરબીના જ દશા શ્રીમાળી વાણિયા દુલ્લભજી હતા. તેને બીડી પીવાની તલપ થઈ. એ બીડી સળગાવવા જતા હતા ત્યાં શ્રીમદે પૂછ્યું કે પાઈની બીડી કેટલી આવે? તો કે ચાર. પછી શ્રીમદે કહ્યું કે 'એક પાઈની ચાર બીડી આવે. હજાર રૂપિયા રોજ કમાતા બેરિસ્ટરને બીડીનું વ્યસન હોય અને તેની તલપ થતાં, બીડી ના હોય તો એક ચતુર્થાંશ પાઈની કિંમતની નજીવી વસ્તુ માટે વલખાં મારે. હજાર રૂપિયા રોજ કમાવનાર અનંત શક્તિવંત આત્મા છે જેનો, એવો બેરિસ્ટર મૂર્છાયોગે નજીવી ચીજ માટે વલખાં મારે! જીવને, આત્માની અને એની શક્તિની વિભાવ આડે ખબર નથી.'

શ્રી દુલ્લભજી ઉપર આ વચનોની એવી સચોટ અસર થઈ કે તેણે બીડી એકદમ ફેંકી દીધી અને ફરી નહીં પીવાની પ્રતિજ્ઞા કરી.

પોસ્ટ ઓફિસેથી ઊઠ્યા પછી શ્રીમદ્ પોતાના મકાને પધાર્યા. ત્રિભોવનદાસ ઠેઠ સુધી સાથે ગયા. હું નવલચંદભાઈના ઘર આગળથી રજા લઈ છૂટો પડ્યો.

### મોક્ષમાળા જેવા બીજા ગ્રંથની જરૂર છે

એક સવારે મેં પૂછ્યું કે સાહેબ, મોક્ષમાળા મને તો બહુ ઉપકારી થઈ છે, એ જ ધારીના બીજા ગ્રંથો બહુ ઉપકારી થઈ પડે. આ ગ્રંથ બાળાવબોધ છે, વિશેષ જિજ્ઞાસુ માટે ઊંચા એવી જ ધારીના ગ્રંથોની બહુ જરૂર છે. શ્રીમદે કહ્યું કે થઈ રહેશે. પછી પ્રસંગોપાત મોક્ષમાળા પાઠ ૬૭ના અમૂલ્ય તાત્ત્વિક વિચાર નામના કાવ્યની એક કડી સમજાવી.

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?"**

એ આખી કડી સમજાવી. તેમાં નવે તત્ત્વોનો કેવી રીતે સમાવેશ થઈ જાય છે, તત્ત્વજ્ઞાન કેવા પ્રકારે સ્ફૂરે છે એ સ્પષ્ટ સમજાવ્યું. એ ગ્રંથ ક્યારે રચ્યો હતો? એ પ્રશ્નના પ્રસંગમાં તેમણે પોતાની ૧૬ વર્ષ અને ૫ માસની વયે લખાયાનું કહ્યું, તે ત્રણ દિવસમાં રચ્યો હતો. ૬૭મા પાઠ ઉપર શાહી ઢોળાઈ જતાં તે પાઠ પુનઃ હાલ છે તે કાવ્યરૂપે યોજાયો હતો.

### ભાવનાબોધ રચી વિના મૂલ્યે વિતરણ

ભાવનાબોધ મોક્ષમાળા પછી લખાયો. મોક્ષમાળા છપાવી પ્રસિદ્ધ કરવામાં વિશેષ વિલંબ થયો માટે ગ્રાહકોને વિનામૂલ્યે આ ગ્રંથ આપી સંતોષ આપવાના હેતુએ ભાવનાબોધ લખાયો હતો.

### મોક્ષમાળાની શૈલીનું અનુકરણ બીજા પણ કરે

મતભેદ દૂર રાખી મધ્યસ્થતાએ જૈનસિદ્ધાંતોમાં પ્રવેશરૂપે સાદી અને સરળ શૈલીમાં સંસ્કારી ભાષામાં શિક્ષાપાઠરૂપે મોક્ષમાળાની યોજના કરી હતી. એ શૈલીનું અનુકરણ બીજા કરી એવા ગ્રંથો તૈયાર થાય તો લાભ ઘણો થશે એવો આશય પણ એ ગ્રંથ રચવાનો હતો.


(૧) ભયંકર છપ્પનીયાનો દુષ્કાળ પડ્યો


(૨) શ્રીમદ્‌ના વચનથી
બીડી ન પીવાની પ્રતિજ્ઞા



શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતા



પણ એ ગ્રંથ પ્રસિદ્ધ થયા બાર વર્ષ તે વખતે થયાં હતા. તથાપિ કોઈ લેખકનું એ આશય ભણી અથવા એ શૈલી ભણી ધ્યાન ખેંચાયું ન હતું.

## અંગ્રેજી નથી ભણ્યા તેટલા વિકલ્પ ઓછા

પ્રસંગોપાત મારા પિતાશ્રીએ કહ્યું કે રાયચંદભાઈ, આપ અંગ્રેજી ભણ્યા હોત તો બહુ લાભ થાત.

શ્રીમદે કહ્યું કે કિરતચંદભાઈ, જેમ થવાનું હોય તેમ થાય છે. અંગ્રેજી નથી ભણ્યા તો તેટલા વિકલ્પ ઓછા. કલ્પનાઓ તો છાંડવી છે; ભણેલું ભૂલ્યે છૂટકો છે. તે ભૂલ્યા વિના વિકલ્પો દૂર ન થાય. જ્ઞાનની જરૂર છે. પછી મારા પિતાશ્રીએ મને ઉદ્દેશીને કહ્યું કે આ મનસુખ તો આપના જેવાની કૃપાથી ઠીક થયો છે, એનાથી તો સંતોષ છે પણ અમારો માધવજી સુધરે તો સારું. શ્રીમદે કહ્યું કે કીરતચંદભાઈ, સમતા રાખો, બધું સારું જ થશે.

## શ્રીમદ્‌ની અંતિમ અવસ્થા


સંવત્ ૧૯૫૭ના ચૈત્રમાસમાં શ્રીમદ્ રાજકોટ પધાર્યા. શરીર પ્રકૃતિ વિશેષ ખરાબ થતી જતી હતી. ચૈત્ર સુદ ૯-૧૦ના રોજ પિતાશ્રી કિરતચંદભાઈ કાર્યવશાત્ રાજકોટ ગયેલા ત્યારે શ્રીમદ્‌ની તબિયત જોવા માટે ગયેલ. તે વખતે રા.ચત્રભુજ બેચરદાસ હાજર હતા. અને **'ઇચ્છે છે જે જોગી જન'** ઇત્યાદિ છેલ્લાં કાવ્યો લખાવેલ. મારા પિતાશ્રીએ મને શ્રીમદ્‌ના સમાચાર આપી કહેલ કે શ્રી ચત્રભુજભાઈ પાસે શ્રીમદ્ કાવ્યો લખાવતા હતા, અર્થાત્ શ્રીમદ્ પ્રકાશતા જતા હતા અને ચત્રભુજભાઈ લખતા જતા હતા. તે વખતે શ્રીમદે મારા પિતાશ્રી સમીપે મને સંભારેલ અને બને તો મારે રાજકોટ આવવું એમ સૂચવેલ. તથા મનસુખભાઈનો પત્ર પણ ત્રણ-ચાર દિવસ પછી આવ્યો તેમાં પણ બને તો આવી જવા બાબત શ્રીમદ્‌ની આજ્ઞા સંબંધી વાત હતી.

## શ્રી કપૂરવિજયજી મુનિની શ્રીમદ્‌ને મળવાની ઇચ્છા

મોરબીમાં એ અરસામાં સદ્‌ગુણાનુરાગી મુનિ કપૂરવિજયજી પધારેલા હતા. તેઓ ખચીત ગુણાનુરાગી લાગતા હતા. તેઓની અંતરઇચ્છા પણ શ્રીમદ્‌ના સમાગમની હતી. અને એ ઇચ્છા બર (સફળ) આવશે એમ ધારીને પણ મોરબી પધારેલ. પણ મોરબી આવતા જાણ્યું કે શ્રીમદ્ તો રાજકોટ છે. મુનિશ્રી કપૂરવિજયજીને શ્રીમદ્‌ની વાતો સાંભળી પરોક્ષ પ્રેમ-જિજ્ઞાસા ઉદ્‌ભવેલ, પણ તે પ્રેમ-જિજ્ઞાસાને પુષ્ટ કરે તેવો સંયોગ તેમને પ્રાપ્ત થયો ન હતો.

## ભાવભક્તિથી સૌ શ્રીમદ્‌ની સેવામાં સંલગ્ન

વદ-૨ના રોજ બપોરે હું રાજકોટ ગયો. મને કાને બહેરાશ અને શ્રીમદ્ અશક્તિયોગે ઊંચેથી વચન ઉચ્ચારી ન શકે એટલે તેટલા પૂરતો હું નકામો પ્રાયઃ હતો. તો પણ બપોરે પાણી સિંચવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયેલ. બધા ભાઈઓ બહેનો ખડ્‌ગધારાની જેમ અંતરપ્રેમથી સારવાર, આસના-વાસના તથા આવનાર જનારની ભક્તિ કરતા હતા. શ્રી મનસુખભાઈ દેવશીભાઈ તથા શ્રી રેવાશંકરભાઈએ તો ભક્તિનો, સેવાચાકરીનો, પરમ નિર્જરાનો અપૂર્વ લાભ લીધેલો. સાંજના રાજકોટના ગૃહસ્થો, ડૉક્ટરો, બેરિસ્ટરો, અન્ય ગૃહસ્થો શ્રીમદ્‌ની તબિયત સમાચાર પૂછવા આવેલા. સવારમાં ઊઠી શ્રીમદ્‌ના દર્શન બહારથી કરી હું ગામમાં જિનમંદિરે જઈ પૂજા કરી આવ્યો. આઠેક વાગ્યાના આશરે શ્રીમદે મને સમીપે



બોલાવ્યો. અંદર અમે બેઠા હતા. શ્રીમદ્ મારી સાથે ઈશારતથી વાત કરતા હતા. પ્રથમ ટેબલ પરથી શ્રી પ્રવચનસારની હસ્તલિખિત પ્રત લઈ વાંચી સંભળાવવા આજ્ઞા કરી. આજ્ઞા મુજબ પ્રત લઈ પા-એક કલાક બે પાના વાંચ્યા. એટલે તે પાછું વીંટી લેવા આજ્ઞા કરી. પછી ડૉક્ટર ત્રિભુવનદાસનું શરીરશાસ્ત્ર લેવા ફરમાન કર્યું. તેમાંથી અમુક પૃષ્ઠ ઘણું કરી પૃષ્ઠ ૪૭૭ વાંચી સંભળાવવા આજ્ઞા કરી તે વાંચી સંભળાવ્યું. તેમાં સંગ્રહણી બાબત હતું. તે વખતે મેં પૂછ્યું—સાહેબ, હવે આરામ થાય તો સારું. આરામ ક્યારે થશે? અમને બધાને બહુ દુઃખ રહે છે.

શ્રીમદ્‌નું શરીર તદ્દન જર્જરિત થઈ ગયું હતું છતાં એવો ખ્યાલ જરીક નહોતો આવતો કે એ દેહ છોડી ચાલ્યા જશે.

### શ્રી ખંભાત સુબોધક પુસ્તકાલયની ઉત્પત્તિ

તે અરસામાં શ્રી ખંભાત વગેરે સ્થળો માટે શા. ભીમસીંહ માણેકને ત્યાંથી પુસ્તકો મોટી રકમના લીધેલા. તેના કમીશન બાબત પૂછ્યું. ભીમસીંહ ૨૦% આપતો હતો, આપણે ૨૫% જોઈતા હતા. અંતે ૨૨.૫%થી સેટલ થયેલ. તે કમીશનની રકમમાંથી શ્રી ખંભાત સુબોધક પુસ્તકાલય કર્યું. આ કમીશન છેવટે શું મળ્યું એ પૂછી, પોતાને દિશાએ જવાનું જણાવી શ્રી રેવાશંકરભાઈને બોલાવવા આજ્ઞા કરી. આ દરમ્યાનમાં માતુશ્રી દેવમાતા ત્યાં આવી ચડેલ. ત્યારે માતુશ્રીને કહેલ કે તમે અહીં કેમ આવ્યા? અમને હવે ઠીક છે. આમ લગભગ એક કલાક શ્રીમદ્ સમીપ રહી શ્રી રેવાશંકરભાઈને અંદર મોકલી હું બહાર આવ્યો. શ્રીમદ્‌ના સ્થૂળ દેહનો આ છેલ્લો પરિચય હતો તથા બપોરના એકાદ વખત પાણી સીંચવારૂપે દર્શન થયેલાં.

શ્રી મનસુખભાઈ દેવશીભાઈ ભક્તિભાવથી મળ વગેરે તોળી જોતાં. તાત્પર્ય કે શરીરમાં જે કાંઈ ખોરાકરૂપે ગયું તેમાંથી બહાર કેવું અને કેટલું આવ્યું? તે જોતાં જણાયું કે આહાર કરતાં નિહાર વિશેષ રહેતો.

### આપણે આજ્ઞા વિના નીકળવું જોઈતું નહોતું

મોરબી પાછા જવાની આજ્ઞા મળે તો જવું એવો ઠરાવ કરી હું અને ધારશીભાઈ મોડા શયન કરી ગયા. વળતે દિવસે ધારશીભાઈને અંદર જઈ બન્ને માટે આજ્ઞા માગવા કહ્યું. ધારશીભાઈ અંદર ગયા ત્યારે આજ્ઞા માંગતા ઉત્તરમાં કહેવાયું કે ઉતાવળ છે? ફરી પણ તેમ જ ઉત્તર મળ્યો. ત્રીજીવાર પૂછ્યું ત્યારે શ્રીમદે મૌન રહી, જેવી ઇચ્છા, એવો ભાવ ઈશારાથી દેખાડ્યો. ધારશીભાઈ ઉતાવળથી બહાર આવી ગાડીનો વખત થવાથી એકદમ કહે ''ચાલો'', તેથી અમે ટપ્પામાં બેસી ચાલતા થયા. ગાડીમાં બેઠા પછી તેમણે હકીકત કહી કે આમ થયું. મેં કહ્યું—આપણે આજ્ઞા વિના નીકળવું જોઈતું નહોતું. તેમણે કહ્યું કે જે થયું તે ખરું. ચાલો વાંકાનેર. બે-ત્રણ કલાક રોકાઈ બપોરે સાડા બારે અમે મોરબી આવ્યા. તે દિવસે વદ-૪ હતી, અને તેના બીજે જ દિવસે શ્રીમદ્ આ નશ્વરદેહનો ત્યાગ કરી સમાધિશીત થયા.

## જ્યોતિષ સંબંધી જ્ઞાન

(શ્રી મનસુખભાઈ કૃત શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા'માંથી ઉદ્ધૃત)

વિ.સં. ૧૯૪૨ના આસો માસમાં શ્રીમદ્ મુંબઈ પધાર્યા તે પહેલાં તેઓશ્રી જેતપર (મોરબી તાબે) પધાર્યા હતા. જેતપરમાં શંકર પંચોળી નામના એક વિદ્વાન જોશી હતા. તેઓ ગણિત-ફલાદેશ સારું



જાણતા. જેતપરના વતની અને શ્રીમદ્‌ના બનેવી રા.ચત્રભુજ બેચરે શ્રીમદ્‌ના મુંબઈ પ્રયાણ તથા અર્થપ્રાપ્તિ સંબંધમાં આ જ્યોતિષીને પ્રશ્ન કરેલો. પ્રશ્નકુંડલિ ચિતરીને શંકર પંચોળીએ, મુંબઈ પ્રયાણ અને અમુક મુદતમાં સારો દ્રવ્યલાભ એમ ફળ વર્ત્યું હતું. મુંબઈ પ્રયાણ તો થયું, પણ આપેલ મુદતમાં કહેલ દ્રવ્યલાભ ન થયો. આ અંગે ઉપર જણાવેલ રા.ચત્રભુજ બેચર મહેતાને જેતપુર, મુંબઈથી શ્રીમદ્ તા.૫-૧૧-૮૬ (સં.૧૯૪૩ના કારતક સુદ ૯)શુક્રવારે પત્ર દ્વારા લખે છે કે—''.....શંકર પંચોળીએ લીધેલું પ્રશ્ન હજુ સુધી પરિણામભૂત થયું નથી; થયે લખીશ. વિજય ઉત્તમ થયો છે.'' ગ્રહચારના સતત અવલોકન ઉપરથી ઘડાયેલું જ્યોતિષ એક શાસ્ત્ર છે. તેના ગણિત અને ફળશ્રુતિનો સારો અભ્યાસ હોય તો તેથી ઉચ્ચારેલો ફળાદેશ પ્રાયઃ પળે છે.

## શ્રીમદ્‌ને જ્યોતિષ શીખવાની વૃત્તિ ઉદ્‌ભવી

વિદ્યાવિલાસી, ઉચ્ચગ્રાહી શ્રીમદ્‌ને જે કાંઈ વર્તમાનમાં નવું જુએ, તે ગ્રહી લેવાની, શીખી લેવાની તીવ્રતા થતી. અપ્રતિમ સ્મરણપ્રાબલ્ય અને પ્રબળ ક્ષયોપશમ વડે તે અલ્પ સમયમાં સાંગોપાંગ ગ્રહી, શીખી લેતા. જ્યોતિષ સંબંધમાં પણ આમ બન્યું. પંચોળીનું પ્રશ્ન અમુક પળ્યું, અમુક ઓછું પળ્યું અને અમુક ન પળ્યું, તો બરાબર પળે એ પ્રકારે જ્યોતિષ શીખવાની વૃત્તિ શ્રીમદ્‌ને ઉદ્‌ભવી. ઉપર પત્રમાં જણાવ્યું છે કે વિજય ઉત્તમ થયો છે, તે વિજય શતાવધાનના પ્રયોગનો હતો. પ્રયોગ વખતે સભાસ્થાનમાં મુંબઈના અગ્રગણ્ય વિદ્વાનો, પંડિતો, શ્રીમાનો હતા. તેમાં સારા જ્યોતિષીઓ પણ હતા. તે જ્યોતિષીઓને નાની વયના પ્રબળ પ્રતિભાસંપન્ન શ્રીમદ્ પ્રતિ આકર્ષણ થયું. શ્રીમદ્‌ને જ્યોતિષ જાણવાની ઇચ્છા પૂરી કરવાનાં સાધનાદિની પ્રાપ્તિ થઈ.

## દશ વિદ્વાનોએ મળી શ્રીમદ્‌ના પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા

દશ વિદ્વાનોએ મળી શ્રીમદ્‌ના ગ્રહ જોયા, અને એ ગ્રહને 'પરમેશ્વર ગ્રહ' ઠરાવ્યા. એ અંગે ઉપર જણાવેલ તેમના સંસારપક્ષે બનેવી રા.ચત્રભુજ મહેતાને મુંબઈથી જેતપુર સં.૧૯૪૩ના માગસર વદ ૧૨ બુધના પત્રમાં શ્રીમદ્ જણાવે છે કે—''મારા ગ્રહ દશ વિદ્વાનોએ મળી પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા છે. વૈરાગ્યમાં ઝીલું છઉં.....તમારા ગ્રહ વળતીએ અહીં બીડશો. લિ.આશુપ્રજ્ઞ-ત્યાગી.'' (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૭) જાણકાર વિદ્વાનોનું નિમિત્ત પામી જ્યોતિષનો વિષય પોતે લક્ષગત કર્યો. જેના દ્વારા એ લક્ષ થયો, તેના કરતાં પણ તે વિષયમાં આગળ વધી ગયા.

## શ્રીમદ્ ભદ્રબાહુ સંહિતા ગ્રંથ પણ અવગાહી ગયા

તાત્પર્ય કે એ પ્રકારે જ્યોતિષનો અલ્પ સમયમાં સારો લક્ષ કર્યો, વધાર્યો, તે એટલે સુધી કે શ્રી ભદ્રબાહુસંહિતા નામના પૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામીએ સંસ્કૃતમાં રચેલો જ્યોતિષનો માનનીય અપૂર્વ પણ અલભ્ય ગ્રંથ પણ તે અરસામાં અવગાહી ગયા.

## ઉગ્ર શક્તિ હોય તો નષ્ટ વિદ્યા આવડે

સં.૧૯૪૨ના આસો માસમાં મુંબઈ પ્રયાણ કરવા પૂર્વે જેતપરના શંકર પંચોળી, જેમણે પ્રશ્ન લીધું હતું, તેમને જ પુનઃ વળતી સાલ (૧૯૪૩)ના આસો માસમાં મુંબઈ જતાં પહેલાં જેતપરમાં, જ્યોતિષના નષ્ટ વિદ્યાના અખતરાથી શ્રીમદે આશ્ચર્યમુગ્ધ કર્યા હતા. જ્યોતિષની આ નષ્ટ વિદ્યાનો એક એવો પ્રકાર



છે કે સાલ-માસ-તિથિ-વાર-સમય વિનાની સાચી કુંડલી ઉપરથી સાલ-માસ-તિથિ-વાર-સમય બરાબર કહી દેવા. પંચોળી મજકુરને આ પ્રયોગથી બહુ આશ્ચર્ય થયું હતું; અને પંચોળીએ જણાવ્યું હતું કે આ અમારી બ્રાહ્મણની અમૂલ્ય વિદ્યા છે; અમે એ જાણતા નથી; અમારા જોશીઓમાંથી એનો એક જ જાણકાર હાલ કાશીમાં છે; આ વિદ્યાનો જાણકાર દૈવજ્ઞ હજારો રૂપિયા કમાય અને પૂજાય; મને એ વિદ્યા શીખવવા કૃપા કરો. શ્રીમદે જણાવેલ કે આ વિદ્યા એકલી શીખવાડ્યાથી આવડે તેમ નથી. તેમાં અતિશય સ્મરણ શક્તિ અને ચિત્તની એકાગ્રતા-સ્થિરતા જોઈએ, એ ગણિતનો વિષય છે; આ વિદ્યાની નિશાળ નથી; ઉગ્ર શક્તિરૂપ ઉપાદાન હોય તો શિખવાડનાર નિમિત્ત ગુરુથી આવડે.

## શ્રીમદ્ સમર્થ ગણિતશાસ્ત્રી

શ્રીમદ્ હસ્ત, મુખ આદિ સામુદ્રિક વિદ્યાથી પણ જ્યોતિષ જોઈ શકતા. તેઓ એક સમર્થ ગણિત શાસ્ત્રી હતા.

## અમારે શું આવા દુઃખદ સમાચાર આપવા

સં.૧૯૪૫ની સાલમાં અમદાવાદમાં શેઠ દલપતભાઈ ભગુભાઈને વંડે એઓએ અવધાનના પ્રયોગો કર્યા હતા. ત્યારપછી તેઓના જ્યોતિષના જ્ઞાનનો અનેકે લાભ લીધો. તેમાં કોઈ માંદગીને બિછાને પડેલા બાળના અંગે કાંઈ પૂછવામાં આવતાં તેનું અનિષ્ટ જોઈ તેઓને તીવ્ર લાગી આવ્યું. તે વખતે તો પૂછનારને જવાબ દીધો અને કહ્યું કે અમારે શું આવા દુઃખદ સમાચાર આપવા? આજ પછી આ જ્યોતિષ જોવાનું બંધ કરીએ છીએ.

## પરમાર્થમાં વિઘ્નરૂપ લાગવાથી જ્યોતિષ વિદ્યાનો ત્યાગ

શ્રીમદ્‌ના આ બધા જ્યોતિષના જ્ઞાન સંબંધી ખ્યાતિ પ્રસરતાં સ્નેહી-આપ્ત અને ઈતરજનોએ શ્રીમદ્‌ને પજવવા મંડ્યા. પરમાર્થમાં વિઘ્નભૂત આ પ્રતિબંધ શ્રીમદ્‌ને ન પરવડ્યો. જેથી પરિણામે પરમાર્થ-આત્માર્થ-આત્મવિશુદ્ધિ ન થાય એવા આ વિષયને અપરમાર્થરૂપ-કલ્પિત ગણી, છેવટે સંવત્ ૧૯૪૭ પછીથી શ્રીમદે સંપૂર્ણ ગૌણ કરી દીધો-ત્યજી દીધો. તે એટલે સુધી કે તે સાલ પછી કોઈ માંદગી વખતે પોતાના પૂજ્ય માતુશ્રીએ કુંડલિ જોઈ-ફલશ્રુતિ જણાવવા કહેતાં, જવાબમાં કહેલ કે અમે એ જોવાનું છોડી દીધું છે, પ્રારબ્ધયોગ્ય થશે અને તે સારા-માઠાને સમ્યક્‌પ્રકારે, વિકલ્પ કર્યા વિના, સમપણે વેદી લેવું એ ધર્મ છે, એ વિદ્યા છે એ જોષ છે, અને એ ફલશ્રુતિ છે; અને એ છૂટવાનો રસ્તો છે.

સંવત્ ૧૯૫૪, શ્રાવણ વદ ૧૧, કાવિઠામાં શ્રી ઝવેરભાઈના ડેલામાં શ્રીમદ્‌જીએ આપેલ બોધ વિષે સાંભળેલ તેની નોંધ નીચે પ્રમાણે :— ('શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા'માંથી)

## એક રીતે પુણ્ય પાપના ચાર પ્રકાર કરી શકાય

ભિન્ન ભિન્ન કર્મ પ્રકૃતિ યોગે આ સંસારમાં અનેક જીવ ભિન્ન ભિન્ન પ્રકારે તે પ્રકૃતિ, પાપ-પુણ્ય, સુખ-દુઃખ, સંયોગ-વિયોગ આદિ અનુભવી રહ્યા છે. એક રીતે તેના ચાર પ્રકાર પણ કરી શકાય :—

એક ઉગ્યો અને ઉગ્યો; અર્થાત્ આ ભવમાં પણ વૈભવ સંપન્ન સુખી, અને પછી પણ સુખી, શ્રી ભરતચક્રીની પેઠે. પુણ્યાનુબંધી પુણ્યવાન.



એક ઉગ્યો અને આથમ્યો; અર્થાત્ આ ભવે સુખી, પણ પછીના ભવે દુઃખી. પાપાનુબંધી પુણ્યવાન. શ્રી બ્રહ્મદત્તચક્રીની પેઠે.

એક આથમ્યો અને ઉગ્યો; અર્થાત્ આ ભવે સંકટમાં, પણ પછી સુખી, પુણ્યાનુબંધી પાપવાન. હરિકેશી મુનિની પેઠે.

એક આથમ્યો અને આથમ્યો; અર્થાત્ વર્તમાનમાં પાપ કરે છે અને દુઃખી છે અને હવે પછી ઉપાર્જેલા પાપને લઈ દુઃખી થશે. પાપાનુબંધી પાપવાન, કાલશૌકરિક કસાઈની પેઠે.

ત્રણ વસ્તુ કોઈની બીજાને આપી શકાય નહીં. (૧) પુણ્ય, (૨) પાપ અને (૩) આયુષ્ય. હાલમાં તપ વેચાતો લેવાનું, પુણ્ય આપવાનું જે પ્રવર્ત્તન ચાલે છે તે વિવેક વિના ગાડરીયા પ્રવાહરૂપે ચાલું છે.

### કુગુરુ મહામોહનીય કર્મ બાંધે

સત્પુરુષના સદ્ભાવે કુગુરુઓ પોતાના વાડા સાચવવા જાગૃત થાય છે, અને પોતાના વાડામાંથી જીવો ખેંચાઈ ન જાય એ માટે સત્પુરુષની નિંદા કરવા માંડે છે. આથી સત્પુરુષનો દ્રોહ થાય છે, જીવોને સત્પુરુષપ્રાપ્તિનો અંતરાય આવે છે, અને એ બન્નેના કારણરૂપ થઈ કુગુરુ મહામોહનીય કર્મ બાંધે છે.

### આત્માને પારાની ઉપમા

આત્માને એક રીતે પારાની ઉપમા આપી શકાય. પારો જેમ સડવા દેતો નથી તેમ આત્મા જ્યાં સુધી શરીરમાં હોય ત્યાં સુધી શરીર સડતું-પડતું નથી; આત્મા ચાલ્યો ગયે શરીર સડવા માંડે છે. એવી અપૂર્વ વસ્તુ આત્મા છે.

### અબાધાકાળ સુધીમાં જીવ કર્મોને ધારે તો વિખેરી શકે

જીવ કર્મ બાંધે પણ અબાધાકાળ સુધીમાં તેમાંથી છૂટવા માંગે તો છૂટી શકે; અર્થાત્ કર્મ વિખેરી તેમાંથી મુક્ત થઈ શકે.

### મમત્વ ન વોસરાવ્યું તો સંચાનું પાપ મરણ પછી પણ લાગે

કોઈ જીવ પોતાને વાપરવા માટે સંચો બનાવે; તે ઉપયોગમાં લેતા પહેલાં તે કાળ કરી જાય અને બીજા સંચો વાપરે, તેનો તથા તે સંચો વપરાતાં સુધીનો દોષ તે બનાવનારને લાગે; પાપની રાવી લાગે—જો તે બનાવનારે તે વસ્તુનું મમત્વ વોસરાવ્યું-ત્યાગ્યું ન હોય તો.

---

## શ્રીમદ્ અને શ્રી રેવાશંકરભાઈ જગજીવનદાસ

### મોરબી

### શ્રીમદ્ પોતાની કવિત્વશક્તિ અને બુદ્ધિમત્તાથી સર્વમાન્ય ગણાતા

શ્રી છોટાલાલ અંજારિયા પોતાના 'પરિચય'માં લખે છે કે સં.૧૯૩૮ના અરસામાં શ્રીમદ્ તેમના સ્નેહીમંડળમાં ભળ્યા હતા. તે મંડળમાં અગ્રેસર તરીકે વકીલ નવલચંદભાઈ તથા રેવાશંકરભાઈ હતા કે જેઓ તે વખતે વકીલાત કરતા હતા. આમ ૧૪મા વર્ષથી શ્રીમદ્ અંગ્રેજી ઉચ્ચ કેળવણી પામેલા મંડળમાં ભળ્યા. એટલું જ નહીં પરંતુ પોતાની કવિત્વશક્તિ અને બુદ્ધિમત્તાથી તેમાં સર્વમાન્ય ગણાતા.



### ઠામઠામ અને ગામગામ શ્રીમદ્‌ના અવધાનો

સંવત્ ૧૯૪૦ના અરસામાં મોરબીમાં તત્ત્વશોધક જૈનના ઉપાશ્રયમાં શાસ્ત્રી શંકરલાલના અષ્ટાવધાન થયા. તે જોવા મિત્રો સાથે શ્રીમદ્‌ને પણ આમંત્રણ હતું. જોએલાં અવધાનો આબેહૂબ તેમના અંતઃકરણમાં ઊતરી ગયા. પછી વસંત નામે બગીચામાં પોતાના સર્વ મિત્રોને ભેગા કરી શ્રીમદે નવા નવા વિષયો લઈ અષ્ટાવધાન કરી બતાવ્યાં, તે એવા ઉત્કૃષ્ટ હતાં કે મિત્રોએ હર્ષ ઉત્સાહમાં આવી જઈ આખા ગામમાં તેની જાહેરાત કરી; અને બીજે દિવસે તે જ ઉપાશ્રયમાં બે હજાર માણસોની મેદની વચ્ચે શ્રીમદે ૧૨ અવધાન સુંદર રીતે કરી બતાવ્યાં, પછી તો ઠામ ઠામ અને ગામ ગામ શ્રીમદ્‌ના અવધાનોના મેળાવડા થવા લાગ્યા. કાઠિયાવાડમાં થયેલા અવધાનોનું વર્ણન 'સાક્ષાત્ સરસ્વતી'માંથી અને મુંબઈના અવધાનોનું વર્ણન તે વખતના દૈનિક પત્રોમાંથી મળી આવે છે.

### અમુક ફળ્યું અને અમુક ન ફળ્યું તેથી જ્યોતિષ જાણવાની જિજ્ઞાસા

સંવત્ ૧૯૪૩ના ભાદરવામાં મુંબઈ જતાં પહેલાં શ્રીમદ્ જેતપુર (મોરબી તાબે) પોતાના બનેવી રા.ચત્રભુજ બેચરને ત્યાં પધાર્યા હતા. તે વખતે શ્રીમદ્‌ની આર્થિક સ્થિતિ સાંકડી હતી. મુંબઈ જવામાં આર્થિક લાભનો ઉદ્દેશ પણ હતો. જેતપુરમાં શંકર પંચોળી નામના વિદ્વાન જોશી હતા. તેઓ ગણિત-ફલાદેશ સારું જાણતા. તેમને રા.ચત્રભુજ બેચરે શ્રીમદ્‌ના મુંબઈ પ્રયાણ તથા અર્થ-પ્રાપ્તિ સંબંધમાં પૂછ્યું. તેથી શંકર પંચોળીએ પ્રશ્નકુંડળી ચીતરીને મુંબઈ પ્રયાણ પછી અમુક મુદતમાં દ્રવ્ય લાભ વગેરે ફળ કહ્યું. તેમાનું અમુક ફળ્યું અને અમુક બરાબર ન ફળ્યું. તેથી શ્રીમદ્‌ને બરાબર જ્યોતિષ જાણી લેવાની જિજ્ઞાસા ઉદ્‌ભવી.

### મારા ગ્રહ દસ વિદ્વાનોએ મળી પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા છે

મુંબઈમાં શતાવધાન કરી ઉત્તમ વિજય પ્રાપ્ત કર્યો. તે શતાવધાન પ્રયોગ વખતે સભાસ્થાનમાં મુંબઈના અગ્રગણ્ય વિદ્વાનો, પંડિતો, શ્રીમાનો હતા. તેમાં સારા જ્યોતિષીઓને નાની વયના પ્રબળ પ્રતિભાસંપન્ન શ્રીમદ્ પ્રતિ આકર્ષણ થયું. શ્રીમદ્‌ને જ્યોતિષ જાણવાની ઇચ્છા પૂરી કરવાના સાધનોની પ્રાપ્તિ થઈ. દસ વિદ્વાન જ્યોતિષીઓએ મળી શ્રીમદ્‌ના ગ્રહ જોયા. તે વિષે તેઓશ્રી ચત્રભુજને લખે છે, ''મારા ગ્રહ દસ વિદ્વાનોએ મળી પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા છે. વૈરાગ્યમાં ઝીલું છું.....તમારા ગ્રહ વળતીએ અહીં બીડશો. લી. આશુપ્રજ્ઞ-ત્યાગી.'' એ રીતે વિદ્વાન જ્યોતિષીઓનું નિમિત્ત પામી શ્રીમદ્ તે વિદ્વાનો કરતાં પણ આગળ વધી તે વિદ્યામાં પારંગત થયા હતા. તે વિષે 'જીવનરેખા' માં વર્ણન છે.

### શ્રી માણેકલાલ ઘેલાભાઈએ શ્રીમદ્‌ને ઝવેરાતની પરીક્ષા કરવાનું શીખવ્યું

મુંબઈમાં શતાવધાન પ્રયોગ જોઈ શ્રી માણેકલાલ ઝવેરી શ્રીમદ્ સાથે સમાગમમાં આવ્યા. તેમના પિતાશ્રી ઘેલાભાઈ ઝવેરાતની પરીક્ષામાં નિષ્ણાત હતા. તેમની પાસેથી નાની વયમાં તે વિદ્યા શીખીને વડોદરાથી મુંબઈ આવી માણેકલાલભાઈ ઝવેરાતના વ્યાપારમાં જોડાયા હતા. તેમણે ઝવેરાતની પરીક્ષા કરવાનું શ્રીમદ્‌ને શીખવ્યું. તેઓ તે વ્યાપારમાં પડવાનું વિચારતા હતા. તેવામાં સં.૧૯૪૩ના પોષમાં તેમને ગૃહસ્થાશ્રમી થવા વવાણિયા જવાની ફરજ પડી.

### શ્રી રેવાશંકરભાઈને મુંબઈ ઝવેરાતના ધંધા માટે પ્રેર્યા

સં.૧૯૪૩ના મહાસુદ ૧૨ને દિવસે શ્રીમદ્ શ્રી રેવાશંકર જગજીવનના મોટાભાઈ પોપટલાલનાં



શ્રી રેવાશંકરભાઈ જગજીવનદાસ



પુત્રી શ્રી ઝબકદેવી સાથે લગ્નગ્રંથીથી જોડાયા. શ્રી રેવાશંકર જગજીવન શ્રીમદ્‌ના કાકાસસરા થયા ત્યારથી તેઓ શ્રીમદ્ સાથે નિકટ પરિચયમાં આવ્યા. એકાદ વર્ષ પછી શ્રીમદે તેમને વ્યાપારમાં ઉત્કૃષ્ટ લાભ છે, એવું જ્યોતિષથી જાણીને મુંબઈ જવા પ્રેર્યા. સાથે ઝવેરાતના ધંધાની પેઢીની વાત પણ કરી. તે મુજબ શ્રી રેવાશંકરભાઈ વકીલાત છોડી સં.૧૯૪૫ના અષાઢમાં મુંબઈ આવ્યા. તેમના બીજા ભાઈ ડૉ.પ્રાણજીવન મહેતા તે વખતે મુંબઈ રહેતા હતા.

### ગાંધીજીને શ્રીમદ્‌નો પ્રથમ પરિચય મુંબઈમાં

જ્યારે ગાંધીજી વિલાયતથી બેરિસ્ટર થઈ મુંબઈ આવ્યા ત્યારે ડૉ. પ્રાણજીવન મહેતાને ત્યાં ઊતર્યા હતા. ત્યાં એમને પ્રથમવાર શ્રીમદ્‌નો પરિચય થયેલો. શ્રીમદ્ પણ સંવત્ ૧૯૪૫ના પર્યુષણ પહેલાં મુંબઈ આવ્યા, અને સાંતાક્રુઝ શેઠ ત્રિભોવનદાસ ભાણજીના બંગલામાં ભોંયતળિયે પ્રથમના છ મહિના રહ્યા હતા. પછીથી શ્રી રેવાશંકર જગજીવનની પેઢી જ્યાં હોય ત્યાં સાથે કે નજીકમાં તેઓ રહેતા. સં.૧૯૫૧ પછી ગોરા ગાંધીના માળામાં અને ત્યારબાદ ગિરગામમાં રહેલા.

### વિદેશો સાથે વ્યાપાર જામ્યો

શ્રી રેવાશંકર જગજીવનની પેઢીની શરૂઆત સંવત્ ૧૯૪૫ના પર્યુષણ પછી થઈ. તેમાં શ્રી માણેકલાલ ઝવેરી પ્રેરણારૂપ હતા અને છેવટ સુધી શ્રીમદ્ સાથે ભાગીદારીમાં ટકી રહ્યા હતા. એક બે વરસમાં તો વિલાયત, અરબસ્તાન, રંગૂન વગેરેની મોટી મોટી પેઢીઓ સાથે વેપાર જામ્યો. સં.૧૯૪૮થી સુરતવાળા ઝવેરી નગીનચંદ કપુરચંદ તથા અમદાવાદવાળા ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ વગેરે જોડાયા. તે સર્વમાં નિયંતા તરીકે શ્રીમદ્ બહુ ઉપયોગી હતા. સં.૧૯૫૧ની આખર સુધીમાં આ ભાગીદારોને સારો નફો થયો.

### સં.૧૯૫૨થી શ્રીમદે વ્યાપારથી નિવૃત્ત થવાની ઇચ્છા જણાવી

પછી શ્રીમદ્‌ના નાનાભાઈ મનસુખભાઈ તે કાર્યમાં જોડાયા. અને સં.૧૯૫૨ના જેઠથી શ્રીમદે પોતે વ્યાપારથી નિવૃત્ત થવાની ઇચ્છા જણાવી. પરંતુ તેમાં શ્રી રેવાશંકરભાઈ તથા શ્રી મનસુખભાઈ સંમત ન હોવાથી માત્ર સલાહકાર તરીકે ચાલુ રહ્યા. ઝવેરાત ઉપરાંત કાપડ વગેરેનો પણ વેપાર ચાલતો. છેવટે સં.૧૯૫૫માં ચોખાનો વેપાર મોટા પ્રમાણમાં થયો, તેમાં શ્રીમદ્‌ને બહુ શ્રમ વેઠવો પડેલો.

### સં.૧૯૫૬થી સર્વથા નિવૃત્ત થઈ રકમ શ્રી મનસુખભાઈના નામે જમા કરાવી

સં.૧૯૫૬થી શ્રીમદ્ ત્યાગવૃત્તિ સ્વીકારી વ્યાપારથી સર્વથા નિવૃત્ત થયા હતા. ભાગીદારીમાંથી છૂટા થઈ હિસાબ કરતાં વધે તે રકમ મનસુખભાઈના નામે કરવા જણાવ્યું હતું.

### શ્રી રેવાશંકરભાઈ અને ગાંધીજી મળીને પરમશ્રુત પ્રભાવક મંડળ સંભાળતા

શ્રી રેવાશંકરભાઈ સાથે છેવટ સુધી શ્રીમદે સારો સંબંધ જાળવી રાખ્યો હતો. તેમની પ્રજ્ઞા અને ગુણો માટે શ્રીમદ્‌ને માન હતું. રેવાશંકરભાઈને ગાંધીજી સાથે નાનપણથી પરિચય હતો. પરમશ્રુત પ્રભાવક મંડળનું કામ શ્રી રેવાશંકરભાઈ જગજીવનને સોંપાયું હતું. તેની વ્યવસ્થા ગાંધીજી વગેરે સાથે મળીને તેઓ છેવટ સુધી કરતા હતા. તેઓ સં.૧૯૮૬માં મુંબઈ મુકામે દેવલોક પામ્યા.



# શ્રી છોટાલાલ રેવાશંકર અંજારિયા

મોરબી

### મોક્ષગામી મહાત્મા માટે હું શું વિશેષ કહી શકું

શ્રીમદ્ રાજચંદ્રજી સાથે થોડો પરિચય મને તેમની બાલ્યાવસ્થામાં થયેલ, તે સમયે તેમનાં ગુણ-શક્તિ વિષે જે કાંઈ જોવામાં આવ્યું તેની ટૂંક નોંધ આપવા પ્રયત્ન કરું છું. છતાં આત્મસાક્ષાત્કાર કરી મોક્ષગામી થવા માટે જ જન્મ ધરનાર મહાત્મા માટે તે પ્રયત્ન નિષ્ફળ નીવડે તો તેમાં આશ્ચર્ય કશું નથી.

સંવત્ ૧૯૩૮ના અરસામાં તેઓશ્રીને અહીંના મરહૂમ મહેતા હરિભાઈ ભાઈચંદ અહીં લાવ્યા હતા. તેમની કવિત્વશક્તિ અને બુદ્ધિમતાને લઈને અમારા સ્નેહીમંડળમાં તેઓને ભેળવ્યા. મંડળમાં અગ્રેસર તરીકે વકીલ નવલચંદભાઈ તથા ઝવેરી રેવાશંકરભાઈ હતા.

### નાસ્તિકવાદીને મોક્ષમાર્ગની અડગ શ્રદ્ધા કરાવી

હું પોતે આસ્તિક કુળમાં જન્મ્યો હતો, અને બાલ્યાવસ્થામાં તે સંસ્કાર મારામાં હતા, છતાં અંગ્રેજી અભ્યાસને પરિણામે હું નાસ્તિકવાદી થઈ પુનર્જન્મને માનતો નહીં. તે સ્થિતિમાં મને આસ્તિક બનાવવામાં મુખ્ય હિસ્સો તેમનો જ છે. ખાસ કરીને તેઓ દૃષ્ટાંત આપતા કે સાથે ફરનારા પૈકી અમુક વ્યક્તિ ગણિતમાં, અમુક સાહિત્યમાં, અમુક તર્કમાં, અમુક ધર્મમાં વિશિષ્ટતા બતાવે છે, તેમાં પૂર્વના સંસ્કારનું કારણ હોય છે, અને તે પ્રત્યક્ષ અનુભવ માટે આપણા સહુમાં હરિભાઈ અને હું પોતે ગણિતના વિષયમાં વિશેષ ત્વરાથી કાર્ય કરી શકીએ છીએ તેનું વૈજ્ઞાનિક રીતે કારણ બતાવો. આવી ચર્ચા નિરંતર થતી. તેમાં પ્રશ્નકર્તાનું કાર્ય મારા ઉપર જ રહેતું. પરિણામે મને મોક્ષમાર્ગની અડગ શ્રદ્ધા થઈ છે.

તે સમયે તેમની અદ્ભુત વિધવિધ શક્તિઓના અનેક દૃષ્ટાંતો અમને અનુભવાતાં, તે સર્વ આટલે વર્ષે યાદ નથી રહ્યા, માત્ર પ્રસંગોપાત્ત ચર્ચા થતાં કેટલાંક તાજાં થયા છે તે અહીં વર્ણવું છું :—

### મીઠું ઓછું વત્તુ ચાખ્યા વગર જોઈને કહી દીધું

રસોઈમાં મીઠું થોડું, ઘણું અથવા મુદ્દલ નહીં હોય તે માત્ર નજરે જોઈને તેઓ કહી શકતા હતા, રેવાશંકરભાઈને ત્યાં એક વખત જમવાનો પ્રસંગ હતો. અમે સૌ ગંજીફે રમતા હતા, તેમાંથી હું જાુદો પડી રસોઈયા પાસે ગયો, અને રેવાશંકરભાઈએ ખાસ કહેવરાવ્યું છે એમ જણાવી—દાળમાં હંમેશ મુજબ મીઠું, ઢોકળી-ચણાનું શાક કરેલ તેમાં માત્ર હળદર નાખી મીઠું મુદ્દલ નહીં નાખવું અને એક લીલોતરી શાકમાં વધારે નાખવું, એમ વરદી આપી. રસોઈયો ભદ્રિક હતો. એણે તે પ્રમાણે કર્યું. બધા જમવા બેઠા. થાળીઓ પીરસાઈ તે સામે થોડી વાર જોઈ, મારા સામે દૃષ્ટિપાત કરી હસ્યા અને મને કહ્યું—''પરીક્ષા લેવા પ્રવૃત્ત થયા છો કે રસોઈયો ભૂલ્યો છે? એક શાક ચણાના લોટનું મીઠા વગરનું અને લીલોતરીનું વધું મીઠાવાળું છે.'' રેવાશંકરભાઈએ ચાખ્યું. તે પ્રમાણે ખરું હોવાથી રસોઈયાને વઢવા લાગ્યા, ત્યારે મેં મારી પ્રવૃત્તિ જણાવી સૌને હસાવ્યા.

### આત્માની અદ્ભુત શક્તિથી અનેક કાર્યો કરી બતાવતા

એકવાર એક માણસને જોયા પછી ગમે તેટલો વખત વીત્યા બાદ, તે હાજર ન હોય છતાં તેની પાઘડીનો વળ ડાબો છે કે જમણો તે ભૂલ અને અપવાદ વગર કહી દેતા.



ગંજીફાના ખેલની અનેક બાજુ આશ્ચર્ય થઈએ તેવી રીતે, પાનું ધારેલ કાઢી આપતા, બાકી હુકમનું પાનું કોની પાસે છે વગેરે ભૂલ વગર કહી દેતા.

ગણિતના અનેક કોયડા, ચક્રવૃદ્ધિ વ્યાજ, ગુણાકાર, ભાગાકાર જે લખીને કરતાં દશ મિનિટ લાગે તેના જવાબ એક મિનિટમાં આપતા. દશ હજાર ને લાખ સુધી અંકના ચાર કે પાંચ લીટીના સરવાળા વિસ્મય પામીએ તેવી ત્વરાથી મોઢે ગણી આપતા.

કોઈ પ્રસંગ ઉપર અમારામાંનો કોઈ વાત કરવાની શરૂઆત કરે ત્યારે, તેના મનનો હેતુ શું છે તે કહી આપતા. કેટલાક મિત્રો કબૂલ ન કરે છતાં પરિણામે તેનો હેતુ તેમના કહેવા મુજબ સિદ્ધ થતો.

### કૃપાળુદેવના જ્યોતિષજ્ઞાને કરજદારમાંથી વીસ લાખના આસામી બન્યા

જ્યોતિષનું જ્ઞાન ત્યારથી જ તેમનું ચમત્કારિક હતું. નષ્ટ ગ્રહ એટલે એક માણસને જોઈને તેની જન્મકુંડળી બનાવી શકતા. મારા પોતા માટે તેમજ કોઈ પ્રસંગે તેમના પોતા માટે જ્યોતિષનાં ફળ, ભૂત અને ભવિષ્યના એવાં બતાવ્યા છે કે હું અજબ થાઉં છું. તે વાતો તેમની સોળ-સત્તર અને મારી વીસ વરસની વય સમયની, રમૂજ અને બાળચેષ્ટાની હતી. ખુદ ઝવેરી રેવાશંકરભાઈ વકીલાત કરતા અને વેપારમાં પડવા તેમને સ્વપ્ને પણ વૃત્તિ ન હતી, અને તે વખતે સહેજ કરજવાન હતા. તેમની કુંડળી જોઈને તેમને વેપારમાં અત્યંત લાભ છે, બલકે લક્ષાધિપતિ થવાનો યોગ છે, એમ જણાવી વકીલાત છોડી મુંબઈ જવા પ્રેરણા કરી. આજે તેઓ વીસ લાખના આસામી ગણાય છે.

અવધાનની શરૂઆત ત્યારથી જ કરેલી, શરૂઆતના અષ્ટાવધાન તેઓ અત્યંત સરળતાથી કરતા.

### શાંતિમય ભવ્ય મુખમુદ્રા અને સ્નેહભરી અલૌકિક સ્મિતયુક્ત દૃષ્ટિ

તેઓશ્રી મુંબઈ ગયા પછી કોઈક વાર મને દર્શનલાભ થતો. તે દરમ્યાન તેમની ઊર્ધ્વ ગતિ તેમની શાંતિમય ભવ્ય મુખમુદ્રામાં સામાન્ય માણસ પણ જોઈ શકે તેવી દૃષ્ટિગોચર થતી. હું મળતો ત્યારે જે પ્રેમ અને સ્નેહભરી અલૌકિક સ્મિતયુક્ત દૃષ્ટિથી તેઓશ્રી નિહાળતા તે હજુ હું વીસરી શકતો નથી.

### આત્મા છે તે ઠસાવતા અને મૂર્તિપૂજા એક જરૂરનું સાધન તેઓ માનતા

ગમે તે ધર્મમાં રહો છતાં આત્મા છે એ પ્રતીતિ મહેનત કરીને પણ મનુષ્યે કરવા યોગ્ય છે. આત્મા છે તે ઠસાવવા અનેક યુક્તિઓ તેઓ બતાવતા અને મૂર્તિપૂજા એક ભણવાની પેઠે જરૂરનું સાધન છે એમ તેઓ માનતા.

તા.૨૩-૮-૨૩

---

## શ્રી જગજીવનદાસ

### મોરબી

### મોક્ષમાળા વગેરે વાંચે પણ ઘરમાં ધ્યાન ઓછું

શ્રી જગજીવનભાઈ જણાવે છે કે—શ્રી ત્રિભોવનભાઈ વીરચંદ મોરબીની નિશાળમાં નોકરી કરતા હતા. તેમને શ્રી ધારશીભાઈનો સમાગમ થયો. તેમણે જણાવેલું કે મારી સાથે આવો તો એક પુરુષને મળવા જેવું છે. ત્યારે ત્રિભોવનભાઈ પરમકૃપાળુદેવ પાસે ગયા. અડધો કલાક ચૂપ બેસી રહેલા.



બાદ કૃપાળુદેવે જણાવ્યું કે—કેમ આગમન છે? એટલે ત્રિભોવનભાઈએ કહ્યું કે મારે આપની પાસેથી પામવું છે. કૃપાળુશ્રીએ કહ્યું અમે કહીએ તેમ કરશો? તેમણે કહ્યું : હા. ત્યારબાદ કૃપાળુશ્રીએ જણાવ્યું કે : ''કાલે સ્વામીનારાયણના મંદિરે જજો.'' તે પ્રમાણે બીજે દિવસે ગયેલા.

કૃપાળુદેવે પૂછ્યું : ''કેમ, ગયા હતા ને?'' તેમણે કહ્યું 'હા.' બાદ કેટલીક વાતો થતાં વિશેષ ચમત્કાર જણાયેલા તેથી શ્રદ્ધા ચોંટી. તે એવી કે દર્શનની અભિલાષા વિશેષ રહ્યા કરતી. ત્રિભોવનભાઈને કૃપાળુશ્રીએ પ્રથમ મોક્ષમાળા ત્યારબાદ બીજા પુસ્તકો જેવાં કે આત્માનુશાસન વિગેરે મનન કરવા જણાવેલું. તેઓ ઘર સંબંધમાં ધ્યાન ઓછું આપતા. તેઓની દશા ઘણી સારી હતી.

## આવા કાળમાં ત્રિભુવન જેવા મુમુક્ષુઓ વિરલ છે

એક વખત મને ત્રિભોવનભાઈએ કહેલું કે કૃપાળુશ્રી આજે રાતના મીક્સ ટ્રેનમાં વઢવાણ પધારનારા છે. માટે તું જજે. પણ હું કમનસીબે ગયો નહીં. અને સવારમાં ત્રિભોવનભાઈ મોરબી પધારી ગયા. મોરબીમાં સંવત્ ૧૯૫૬ની સાલમાં તેમને કોલેરા થયો. તેમની પાસે કોઈ કુટુંબવાળા હતા નહીં. મુમુક્ષુભાઈઓને બોલાવી તેમની સમક્ષ સારા ભાવમાં તેમણે દેહત્યાગ કરેલો.

તેઓશ્રીની દશા વિષે પરમકૃપાળુદેવે શ્રી મુખે પ્રકાશ્યું છે. વચનામૃત પત્રાંક ૯૨૮માં અને ૯૩૦માં ''કે આવા કાળમાં આર્ય ત્રિભુવન જેવા મુમુક્ષુઓ વિરલ છે. દિન-પ્રતિદિન શાંત અવસ્થાએ કરી તેનો આત્મા સ્વરૂપ લક્ષિત થતો હતો.''

## કેમ, તમારું નામ જગજીવનદાસ?

તેઓ પરમકૃપાળુશ્રીનું સ્મરણ કરતા હતા તથા મનન કરતા હતા. મને તેઓ વઢવાણ કાંપમાં લીંબડી દરબારના ઉતારે પરમકૃપાળુ પાસે બે વખત લઈ ગયેલા.

ત્યાં હું બેસી રહ્યો. પછી મારા મનમાં થયું કે હવે તો નિશાળનો ટાઈમ થયો માટે ઊઠું, તેની સાથે જ કૃપાળુદેવે પ્રકાશ્યું કે કેમ, તમારું નામ જગજીવનદાસ? તમો ત્રિભોવનદાસના કાકાના દિકરા થાઓ છો?

તેના જવાબમાં મેં કહ્યું હા. બાદ કેટલીક નીતિની વાતો સમજવા જેવી અને અમલમાં મુકવા જેવી કૃપાળુદેવે કહેલી. જેથી હાલ એમ જણાય છે કે તેમના બોધથી પહેલાં કરતાં કેટલાંક વ્યવહાર કામની નીતિમાં ફેર પડ્યો છે.

## કૃપાળુદેવની મુખાકૃતિ તેજસ્વી, ઉપદેશ સિંહ ગર્જના જેવો

આપણા ચહેરાના દેખાવ પરથી આપણી તમામ હકીકત કૃપાળુદેવ કહી દેતા. તેઓ મહાત્મા હતા તેમાં સંશય નથી. અદ્ભુત ખૂબી તો એ હતી કે સંગ્રહણીના કારણે ઝાડો થાય પણ બિલકુલ ગંધાય નહીં, પણ સુગંધ મારે. ગમે તેટલી શરીરની અવસ્થા એવી હતી છતાં કૃપાળુદેવની મુખાકૃતિ તેજસ્વી હતી. ઉપદેશ વખતે સિંહ ગર્જનાની માફક ઉપદેશ ચાલે. તેમનો એટલો તાપ પડતો કે કોઈથી કાંઈ બોલી શકાય નહીં.



# શ્રી મલુકચંદભાઈ

## મોરબી

કૃપાળુદેવે ખેડામાં સમાગમ પ્રસંગે કરુણા કરેલી તે સ્મૃતિમાં આવેલ છે તે નીચે મુજબ :—

### સત્પુરુષની આજ્ઞામાં રહે તો મોક્ષ દૂર નથી

''સત્પુરુષના ચરણકમળ ઉપાસે તો મોક્ષ દૂર નથી. હાલના વખતમાં ઉપદેશ દેવા બધાને બહુ ગમે છે, પણ ખોટા ઉપદેશથી તેઓ મહામોહનીય કર્મ ૭૦ કોડાકોડીનું ઉપાર્જન કરે છે. તે વેદતાં ઘણા જીવોને જોઈએ છીએ.''

### એક વખત આહાર કરવો જેથી ઘણા કર્મો નાશ થઈ ભવાંત થઈ જશે

સંસ્કૃત અભ્યાસ કરવા મને આજ્ઞા કરેલ. સાથે કહ્યું કે આ શરીર હાડમાંસથી ભરેલું છે, તેને પુરુષાર્થ કરીને ધકેલીને કામ લઈ લેવું. એક વખત આહાર કરવો. એથી ઘણા કર્મો નાશ થઈ છેવટે ભવાંત થઈ જશે. મોક્ષની ઇચ્છા રાખવી અને પુરુષાર્થ ન કરવો એ બને નહીં.

### વાર્તાલાપ વગરની શાંતિ ઉત્તમ નિમિત્ત છે

એક વખત હું, વીરચંદભાઈ તથા દેવચંદભાઈ સાહેબજી પાસે બેઠા. ઘણી વાર સુધી કંઈ વાર્તાલાપ થયો નહીં. પછી બોલ્યા—'આવી શાંતિ ઉત્તમ નિમિત્ત છે.'

### મુદ્રા તદ્દન વિષયકષાય રહિત - જાણે સાક્ષાત્ ભગવાન જ હોય!

સાહેબજીની મુદ્રા તદ્દન વિષય-કષાય રહિત અને શાંત હતી, અને આખા શરીરમાં વીતરાગતા પ્રસરી રહી હતી. ગમે તે વખતે જુઓ પણ મુખારવિંદ અન્ય પરિણામને ભજતું નહીં. કેમ જાણે સાક્ષાત્ ભગવાન જ હોય! તેમજ થતું. વાત કરે તેમાં પૂર્વાપર વિરોધ હોય નહીં, અખંડ ઉપયોગ રાખતા તથા વાતની સંકલના અદ્ભુત લાગતી.

### જ્ઞાન અમારામાં પરિણમેલું છે

ખાતાં, ઊઠતાં, બેસતાં, તદ્દન અપ્રમત દશા જોવામાં આવતી. એક વખત બોલ્યા કે જ્ઞાન અમારામાં પરિણમેલું છે. તે મુખારવિંદ જોતાં ખુલ્લી રીતે જણાતું હતું.

### વાણી તદ્દન અમૃતમય, સામા માણસ ઉપર અસર થાય જ

વાણી તદ્દન અમૃતમય અને સાતિશયવાળી હતી. વચન એવાં ટંકોત્કીર્ણ હતાં કે સામા માણસ ઉપર અસર થયા વિના રહે જ નહીં અને એમ જ ઇચ્છા રહે કે તેઓશ્રીની સમીપમાં રહીએ જેથી હમેશાં નવું નવું સાંભળીએ. સાહેબજીને ઘણી લબ્ધિઓ પ્રગટી હતી.

એકવાર બોળ અથાણું એટલે મીઠામાં આથેલી આખી કેરી તે બોળ કેરી. એવી રીતે બીજા પણ અથાણાં વિષે કહ્યું કે લીલોતરીને મીઠું ભેગું થાય તો ત્રણ અથવા પાંચ દિવસ સુધી જીવ ઉત્પન્ન ન થાય. પણ ત્યાર પછી થાય. ત્યારે એક ભાઈએ શંકા કરી કે જો તેમાં પાણી ન નાખે તો બોળ શી રીતે કહેવાય? તો કીધું કે મીઠું એ પણ પાણીનું બીજું રૂપ છે.



## શ્રીમદ્ અને શ્રી જૂઠાભાઈ ઊજમશી

### જૈનાગમનો ભાવાર્થ બતાવનાર હોવાથી શ્રીમદ્ બાળસંત

૧૩મા વર્ષથી શ્રીમદ્ મોરબી વધારેને વધારે જવા લાગ્યા. મોરબીમાં તેઓ પોતાના ફૈબાને ઘેર રહેતા. તે ઘરની પાડોશમાં વિનયચંદ દફતરી નામે એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ રહેતા હતા. તેના વૃદ્ધ પિતાશ્રી પોપટભાઈ બહુ ધર્મિષ્ઠ હતા. તેમને શ્રીમદ્ પ્રત્યે પ્રથમ જોતાં જ અપૂર્વ સ્નેહ આવેલો. તેથી જ્યારે મોરબી પધારે ત્યારે તેમનો સમાગમ કરતા. તેઓ પોતાનો વખત જૈનાગમો વાંચવામાં ગાળતા. તેનો ભાવાર્થ શ્રીમદ્ પાસેથી સાંભળી તેમણે શ્રીમદ્‌ને બાળસંત તરીકે ઓળખેલા. તેથી તેમનું આદરમાન બહુ કરતા. વિનયચંદભાઈ મોરબીમાંથી તેમજ અમદાવાદ વગેરે સ્થળેથી પુસ્તકો મેળવી આપવામાં શ્રીમદ્‌ને સહાય કરતા. એ રીતે પિતાપુત્ર બન્ને શ્રીમદ્‌ના અંગત સ્નેહીઓ બન્યા હતા. અને તેમનું ઘર શ્રીમદ્‌નું વાચનાલય, લેખનાલય અને પુસ્તકાલય બન્યું હતું.

### સર્વજ્ઞ પ્રણીત વીતરાગ શાસન પૂર્ણ સત્ય છે

૧૩મા વર્ષથી શ્રીમદ્‌ને કયો ધર્મ પૂર્ણ સત્ય હશે એવો ધર્મમંથન કાળ પ્રાપ્ત થયો. તેથી એકાદ વર્ષમાં તેઓ મુખ્ય મુખ્ય ધર્મને તપાસી લઈ સર્વજ્ઞ-પ્રણીત વીતરાગ શાસન પૂર્ણ સત્ય છે, એવા નિર્ણય પર આવ્યા. તેઓ જે પુસ્તકનાં પાનાં ફેરવી જાય તે વાંચવા તુલ્ય થઈ જતું અને જે પુસ્તક વાંચી જાય તે કંઠસ્થ થઈ જતું.

### ત્રણ દિવસમાં મોક્ષમાળાના ૧૦૮ પાઠની રચના

સંવત્ ૧૯૪૦ની ચૈત્રી પૂર્ણિમાના લગભગ શ્રીમદ્ મોરબી આવેલા. ત્યારે શ્રી પોપટભાઈએ શ્રીમદ્‌ને વિનંતી કરી કે બાળકથી વૃદ્ધ સુધી સરળતાથી સમજે એવો એક ગ્રંથ આપ લખો તો ઘણા જીવોને મહાન લાભનું કારણ થાય. પરમકૃપાળુદેવે એ વિનંતી સ્વીકારી ને પોપટભાઈના મકાનમાં બીજે માળે બેસીને ત્રણ દિવસમાં મોક્ષમાળાની રચના ૧૦૮ પાઠરૂપે કરી; પછી તે લખાણ વવાણિયા લઈ આવ્યા. તેવામાં ત્યાં ત્રણ સાધ્વીજી પધાર્યા, તેમની જિજ્ઞાસાથી તે પાઠોની સ્પષ્ટ અક્ષરે નકલ કરીને વાંચવા આપેલા અને ઉપાશ્રયે જઈ તે પાઠો તેમને સમજાવતા. પછી તુરત પાછા લાવતા. એવાં તો એક એકથી ચઢતાં અનેક પુસ્તકો રચવાની શ્રીમદ્‌ના હૈયામાં હામ હતી, પરંતુ છપાવવા નાણાં જોઈએ, તે મેળવતાં મુશ્કેલી નડી.

### 'મોક્ષમાળા'ના છપાઈમાં વિલંબ થવાથી 'ભાવનાબોધ' પુસ્તક ભેટ

તે જ અરસામાં શ્રીમદે અવધાન કરવાં શરૂ કર્યાં. તેથી ઠામઠામ જાહેરાત થતાં મોક્ષમાળા માટે અગાઉથી ગ્રાહકો નોંધી જોઈતાં નાણાં એકઠા કર્યાં. છેવટે મુંબઈમાં નાણાંની પૂરતી જોગવાઈ થઈ તેથી સંવત્ ૧૯૪૩ના પોષમાં અમદાવાદમાં યુનાઈટેડ પ્રેસમાં તે પુસ્તક છપાવવાની વ્યવસ્થા કરી. પરંતુ તે છપાતાં વિલંબ થવાથી સંવત્ ૧૯૪૩માં 'ભાવનાબોધ' પુસ્તક તે જ પ્રેસમાં છપાવી, ગ્રાહકોને ભેટ આપ્યું. એ જ અરસામાં 'સાક્ષાત્ સરસ્વતી' નામે શ્રીમદ્‌ની જીવનિકા શ્રી વિનયચંદ દફતરી તરફથી મોરબીમાં છપાવી બહાર પાડવામાં આવી.



શ્રી જૂઠાભાઈ ઊજમશી



## મોક્ષમાળા છપાઈ નિમિત્તે અમદાવાદમાં શ્રી જૂઠાભાઈને શ્રીમદ્નો મેળાપ

મોક્ષમાળાના કામ માટે સંવત્ ૧૯૪૪ના ચૈત્રમાં શ્રીમદ્ અમદાવાદ શેઠ પન્નાલાલના માતુશ્રી ચંચળબેનને ઘેર ટંકશાળામાં બે અઢી મહીના રહ્યા હતા. શ્રી જૂઠાભાઈને શ્રીમદ્નો અહીં સમાગમ થયો હતો.

## શ્રીમદ્નો શ્રી જૂઠાભાઈના ઘરે ૧૫ દિવસ નિવાસ

સંવત્ ૧૯૪૪ના અષાઢમાં મોક્ષમાળા છપાઈ બહાર પડી. ત્યારબાદ સં.૧૯૪૫ના કાર્તિકમાં શ્રીમદ્ અમદાવાદ પધાર્યા ત્યારે શ્રી જૂઠાભાઈ સાથે તેમના છીપાપોળના મકાને ૧૫ દિવસ રહ્યા હતા. બાદ ફાગણમાં શ્રી જૂઠાભાઈ મોરબી આવ્યા. ત્યાં એક મહિનો રહી તેમણે શ્રીમદ્ના સમાગમનો લાભ લીધો હતો.

## શ્રીમદ્ની અપૂર્વ ભક્તિના પ્રતાપે સમ્યક્ત્વ પામ્યા

શ્રી જૂઠાભાઈનો જન્મ સંવત્ ૧૯૨૩ના કાર્તિક સુદ ૨નો હતો. તેમના દાદા મલ્લીચંદ જેચંદની પેઢીને શ્રીમદ્ 'પુણ્ય પ્રભાવક' વિશેષણ લગાડતા. જૂઠાભાઈના પિતાનું નામ ઊજમશીભાઈ અને માતાનું નામ જમનાબાઈ હતું. તેમનો અભ્યાસ અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો હતો. તેઓ શ્રીમદ્થી એક વર્ષે મોટા હતા. અને ભક્તિપ્રધાન સંસ્કારી ધર્માત્મા હતા. તેમજ બુદ્ધિમાન પણ હતા. તેમને શ્રીમદ્નો નિકટ પરિચય થવાથી તેમની ભક્તિને નવજીવન મળ્યું. તેમની અપૂર્વ ભક્તિને પ્રતાપે તેમને અલ્પકાળમાં મોક્ષમાર્ગને દે તેવું સમ્યક્ત્વ તેમજ કેટલાક અતિશયો પણ પ્રગટ્યા હતા.

## બીજીવાર પધારી શ્રીમદે શ્રી જૂઠાભાઈને આપેલો અપૂર્વ લાભ

સંવત્ ૧૯૪૫ના જેઠ અષાઢમાં શ્રીમદ્ અમદાવાદ શ્રી જૂઠાભાઈને ત્યાં પધાર્યા. અને થોડા દિવસ રહી અપૂર્વ લાભ આપ્યો. ત્યારે શ્રી રેવાશંકરભાઈ પણ તેમની સાથે ત્રણ દિવસ રહી મુંબઈ ગયા હતા. ત્યારબાદ શ્રીમદ્ વવાણિયા જઈ શ્રાવણમાં મુંબઈ પધાર્યા અને ભાગીદારીમાં વેપાર શરૂ કર્યો.

## શ્રીમદે જૂઠાભાઈની બે મહિના પહેલા નોંધેલી મરણતિથિ

સંવત્ ૧૯૪૬માં શ્રી જૂઠાભાઈની શરીર પ્રકૃતિ ક્ષીણ થતી ગઈ, અને સંવત્ ૧૯૪૬ના અષાઢ સુદ ૯ને દિવસે માત્ર ૨૩ વર્ષની વયે તેઓ કાળધર્મ પામ્યા. જૂઠાભાઈની મરણતિથિ શ્રીમદે બે મહિના અગાઉથી જાણીને નોંધી રાખી હતી. તેમના મરણ-સમાચારથી શ્રીમદ્ને અત્યંત આઘાત અને શોક થયો. તેઓ લખે છે :—

## શ્રી જૂઠાભાઈના ઉત્તમ ગુણો

"એ પાવન આત્માના ગુણોનું શું સ્મરણ કરવું? જ્યાં વિસ્મૃતિને અવકાશ નથી, ત્યાં સ્મૃતિ થઈ ગણાય જ કેમ?

એનું લૌકિક નામ જ દેહધારી દાખલ સત્ય હતું—એ આત્મદશારૂપે ખરો વૈરાગ્ય હતો.

મિથ્યાવાસના જેની બહુ ક્ષીણ થઈ હતી, વીતરાગનો પરમરાગી હતો, સંસારનો પરમજાુગુપ્સિત હતો, ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું, સમ્યક્ભાવથી વેદનીય કર્મ વેદવાની જેની અદ્ભુત સમતા હતી, મોહનીય કર્મનું પ્રબળ જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું, મુમુક્ષુતા જેનામાં ઉત્તમ



પ્રકારે દીપી નીકળી હતી, એવો એ જૂઠાભાઈનો પવિત્રાત્મા આજે જગતનો, આ ભાગનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. આ સહચારીઓથી મુક્ત થયો. ધર્મના પૂર્ણાહ્‌લાદમાં આયુષ્ય અચિંતું પૂર્ણ કર્યું.'' (-શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૧૭)

શ્રીમદ્‌ના શરૂઆતના કેટલાક અપૂર્વ બોધપત્રો શ્રી જૂઠાભાઈ ઉપર લખાયેલા છે.

---

## શ્રીમદ્ અને શ્રી સોભાગભાઈ લલ્લુભાઈ

**સાયલા**

### શ્રીમદ્‌ની દેહની પાર આત્મા જોવાની જ્ઞાનદૃષ્ટિ

શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થ વેષે યોગી હતા; જ્ઞાની હતા. ભૂતભાવિને જાણી શકે એવી તેમની વિશાળ પ્રજ્ઞા હતી. દેહના પર્યાયની પાર એક આત્મા જોવાની તેમની જ્ઞાન દૃષ્ટિ હતી. તેમની બાહ્ય પ્રવૃત્તિ અને અભ્યંતર દશાનો ખ્યાલ મુખ્યપણે શ્રીમદે શ્રી સોભાગભાઈ પર લખેલા પત્રોમાંથી મળી આવે છે.

### આત્માના કલ્યાણ અર્થે મળેલ બીજજ્ઞાન

''અવધાનથી શ્રીમદ્‌ની કીર્તિ ગુજરાત, કાઠિયાવાડ અને અંગ્રેજી પત્રો દ્વારા હિંદુસ્તાનમાં પ્રસરી હતી. તે વખતે કાઠિયાવાડનું સાયલા ગામ જે 'ભગતના ગામ' તરીકે પ્રસિદ્ધ છે ત્યાં લલ્લુભાઈ નામે એક નામાંકિત શેઠ રહેતા હતા. તેમની લક્ષ્મી સંબંધી પ્રથમ સ્થિતિ બહુ સારી હતી. પણ પુણ્યનો ઉદય પૂરો થતાં ચંચળ લક્ષ્મી ચાલી ગઈ; ત્યારે તેમણે વિચાર કર્યો કે મારવાડના સાધુઓ મંત્રવિદ્યા વગેરેમાં કુશળ કહેવાય છે, તેમાંના કોઈની કૃપાથી લક્ષ્મી ફરી પ્રાપ્ત થાય તેવી તજવીજ કરવી. એમ વિચારી તે મારવાડમાં ગયા અને કોઈ પ્રખ્યાત સાધુનો પરિચય કરી તેમને પ્રસન્ન કરી એકાંતમાં પોતાની સ્થિતિ જણાવી કંઈ સ્થિતિ સુધરે તેવો ઉપાય બતાવવા વિનંતી કરી. પરંતુ તે અધ્યાત્મપ્રેમી સાધુએ શેઠ લલ્લુભાઈને ઘણો ઠપકો આપ્યો; અને કહ્યું કે આવા વિચક્ષણ થઈ તમે ત્યાગી પાસેથી આત્માની વાત પામવાનું પડી મૂકી માયાની વાત કરો છો એ તમને ઘટે નહીં. તે સાધુના અભિપ્રાયને સમજી જવાથી લલ્લુભાઈએ કહ્યું : ''બાપજી, મારી ભૂલ થઈ. મારા આત્માનું કલ્યાણ થાય તેવું કંઈ મને બતાવો.'' તેમના ઉપર કૃપા કરીને તે સાધુએ 'બીજજ્ઞાન' બતાવ્યું; સાથે જણાવ્યું કે તમારી યોગ્યતા નથી પણ કોઈ યોગ્ય પુરુષને તમે આપશો તો તેને જ્ઞાનપ્રાપ્તિ થશે.

### 'બીજજ્ઞાન'નું સાધન હરતા ફરતા પણ કરવા લાગ્યા

એ સાધનનું આરાધન કરવા લાગ્યા અને સામાયિક આદિ ક્રિયા માટે અપાસરે જવાનું તેમણે છોડી દીધું; અને હરતાં ફરતાં અમારે સામાયિક છે એમ કહેતા. એટલે સ્થાનકવાસી સાધુઓને લાગ્યું કે તે કંઈ મારવાડથી શીખી લાવ્યા છે તે આપણે શીખવું. એક સાધુએ તેમને ઘણો આગ્રહ કર્યો અને કહ્યું : ''તમે કહેશો તે હું કરીશ, પણ તમે જે સાધન કરો છો તે મને બતાવો.''

લલ્લુભાઈ કહે : ''હું કહીશ તેમ નહીં બને.'' સાધુએ કહ્યું : ''બનશે.''

પછી લલ્લુભાઈએ કહ્યું : ''સાધુનો વેશ ઉતારી, મુમતી છોડી નાખી અપાસરે જાઓ.''

સાધુ કહે : ''એ તો કેમ બને?'' લલ્લુભાઈએ કહ્યું : ''તો આવ્યા હતા તેમ પાછા પધારો.''



શ્રીમદ્ અને શ્રી સોભાગભાઈ



## આ ગલ્લામાંથી કાપલી કાઢીને વાંચો

પોતાના પુત્ર સોભાગ્યભાઈને લલ્લુભાઈએ 'બીજજ્ઞાન' બતાવ્યું હતું. અને કોઈ યોગ્ય જીવ હોય તો તેને પણ જણાવવું એમ કહેલું. તેથી શ્રીમદ્ જ્યારે મોરબીમાં હતા ત્યારે સૌભાગ્યભાઈને પણ કામ પ્રસંગે મોરબી જવાનું હતું; એટલે લલ્લુભાઈને તેમણે પૂછ્યું : ''કવિ રાયચંદભાઈ બહુ લાયક માણસ છે એમ આખા કાઠિયાવાડમાં કહેવાય છે. તે હાલ મોરબી છે અને મારે મોરબી જવાનું છે તો આપની આજ્ઞા હોય તો તેમને હું 'બીજજ્ઞાન' બતાવું.''

લલ્લુભાઈએ હા પાડી એટલે તે મોરબી ગયા ત્યારે શ્રીમદ્‌ને મળવા ગયા. તે વખતે શ્રીમદ્ દુકાને બેઠેલા હતા. સોભાગ્યભાઈના આવતાં પહેલાં તેમણે પોતાના નિર્મળ જ્ઞાનથી જાણ્યું કે સોભાગ્યભાઈ નામના માણસ 'બીજજ્ઞાન'ની વાત બતાવવા આવે છે. તેથી એક કાગળની કાપલી ઉપર તે જે કહેવા ધારતા હતા તે લખી રાખી, ગાદી પાસેના ગલ્લામાં કાપલી મૂકી. સોભાગ્યભાઈ આવ્યા એટલે શ્રીમદ્ બોલ્યા : ''આવો, સોભાગ્યભાઈ.'' સોભાગ્યભાઈને નવાઈ લાગી કે મને એ ઓળખતા નથી, અને નામ દઈને ક્યાંથી બોલાવ્યો? પરંતુ તે કંઈ પૂછે તે પહેલાં શ્રીમદે કહ્યું : 'આ ગલ્લામાં એક કાપલી છે તે કાઢીને વાંચો.''

## શ્રીમદ્ અલૌકિક જ્ઞાન પામેલા મહાપુરુષ

સોભાગ્યભાઈએ કાપલી કાઢી વાંચી જોઈ તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. તેમને જે વાત કરવી હતી તે બધાનું લખાણ જોઈ તેમને એમ થયું કે આ કોઈ અલૌકિક જ્ઞાન પામેલા મહાપુરુષ છે. એમને મારે શું બતાવવાનું હોય? મારે ઊલટું તેમની પાસેથી વિશેષ જ્ઞાન મેળવવું. પરંતુ તેમના જ્ઞાનની વિશેષ પરીક્ષા કરવા તેમણે શ્રીમદ્‌ને પૂછ્યું : ''સાયલામાં અમારા ઘરનું બારણું કઈ દિશામાં છે? '' શ્રીમદે અંતરજ્ઞાનથી જાણી યથાર્થ ઉત્તર દીધો એટલે સોભાગ્યભાઈએ કહ્યું કે આપનું જ્ઞાન સાચું છે.

## શ્રીમદ્ પ્રત્યે પતિવ્રતા જેટલી સોભાગ્યભાઈની પરમભક્તિ

આ પ્રથમ પ્રસંગથી સોભાગ્યભાઈને શ્રીમદ્ પ્રત્યે પૂજ્યબુદ્ધિ થઈ હતી. પણ ડુંગરશી ગોસળીઆ કરીને એક યોગના અભ્યાસીની તેમને સોબત હતી અને તેમના કેટલાક ચમત્કાર તથા વાતચીતથી તેમના ઉપર ચૉંટ થયેલી હતી પરંતુ શ્રીમદ્ સાથે તેમનો પત્રવ્યવહાર ઘણો રહ્યો અને પૂજ્યબુદ્ધિ વર્ધમાન થઈ, પતિવ્રતા જેટલી તેમની પરમભક્તિ થતાં ગોસળીઆ પ્રત્યેની માન્યતા દૂર થઈ એક સત્ય શરણ તે પામ્યા હતા. - જીવનકળા

## પિતાનો દેહ છૂટવાથી કુટુંબનિર્વાહની આવેલ જવાબદારી

આ પ્રથમ મેળાપ પછી સોભાગ્યભાઈ સાયલા ગયા. થોડા દિવસ પછી લલ્લુભાઈનો દેહ છૂટી ગયો તેથી કુટુંબ નિર્વાહની ચિંતા તેમને શિરે આવી. શ્રીમદે વવાણિયાથી 'क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका.'' (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૩૨) એ પ્રથમ પત્ર સોભાગ્યભાઈ પર લખ્યો છે. ''પરમ આત્મવિવેક સંપન્ન શ્રી સોભાગ્યભાઈ'' (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૩૩) એવા સંબોધનથી ઘણો લાંબો બોધપત્ર બીજે અઠવાડિયે લખેલો છે. એમ પ્રથમથી જ સોભાગ્યભાઈ ઉપર પત્રની પરંપરા એક સરખી ચાલુ થઈ.



## સોભાગ્યભાઈના પત્રોમાં શ્રીમદ્‌ની અંતરદશાનું વર્ણન

સોભાગ્યભાઈ પરના પત્રો વિના સંકોચે, લંબાણથી અને મોટી સંખ્યામાં લખાયેલા છે. એમાં શ્રીમદ્ પોતાની વ્યાવહારિક ઉપાધિ જણાવી તે સાથે અનુભવાતી અદ્‌ભુત અંતરદશાનું સુંદર વર્ણન કરે છે. સાથે સોભાગ્યભાઈને પણ ઉપાધિથી પર રહી શાસ્ત્રો વાંચવા વિચારવાનું તથા આત્મા સંબંધી અનેક પ્રશ્નો ઉપસ્થિત કરી તેનું સમાધાન વિચારવાનું વલણ લેવડાવે છે.

## શ્રીમદ્‌ને સોભાગ્યભાઈ સાયલા લઈ ગયા

કચ્છ નજીક અંજારમાં સોભાગ્યભાઈની દુકાન હતી. સંવત્ ૧૯૪૬ના દ્વિ.ભાદરવા વદમાં અંજાર જતાં સોભાગ્યભાઈ શ્રીમદ્ સાથે મોરબીમાં ચારપાંચ દિવસ રહેલા. અંજારથી વળતાં વવાણિયા ત્રણ દિવસ રહી આસો વદમાં શ્રીમદ્‌ને પોતાની સાથે સાયલા લઈ ગયા. ત્યાં શ્રીમદ્ અઠવાડિયું રોકાઈ ખંભાત ગયા. સાયલામાં શ્રી ગોશળીઆ, લહેરાભાઈ વગેરેને શ્રીમદ્‌નો પ્રથમ સમાગમ થયો.

## સોભાગ્યભાઈની ઉંમર શ્રીમદ્ કરતાં ૪૪ વર્ષ મોટી

આમ શ્રીમદ્ અને સોભાગ્યભાઈ સાથે ગાઢ સંબંધ બંધાયો. સોભાગ્યભાઈ શ્રીમદ્‌થી ૪૪ વર્ષ મોટા હતા. એટલે શ્રીમદ્‌ની વય ૨૩ વર્ષની હતી ત્યારે સોભાગ્યભાઈની ૬૭ વર્ષની હતી. સોભાગ્યભાઈના ખાસ મિત્ર ડુંગરશી ગોસળીઆ હતા. તેઓ સોભાગ્યભાઈથી પણ ઉંમરમાં મોટા હતા. ડુંગરશી ગોશળીઆ બુદ્ધિમાન તર્કવાદી હતા. તેમણે યોગ સાધી ચમત્કારો સિદ્ધ કરેલા. તેથી સરળભાવી સોભાગ્યભાઈને તેમના પ્રત્યે જ્ઞાની જેવી શ્રદ્ધા થઈ હતી. પરંતુ કૃપાળુદેવ મળતાં સાચા જ્ઞાનીની ઓળખાણ થતી ગઈ, તેમ તેમ શ્રીમદ્‌નું શરણ સ્વીકારતા ગયા અને ગોસળીઆને પણ તેમજ કરવા કહેતા ત્યારે તેઓ અનેક તર્કો ઉઠાવતા. છતાં શ્રીમદ્‌ના પત્રો બન્ને સાથે મળીને જ વિચારતા.

## સોભાગ્યભાઈ અને ગોસળીઆએ અનેકવાર કરેલ શ્રીમદ્‌નો સમાગમ

સંવત્ ૧૯૪૭ના પર્યુષણ પર શ્રીમદ્ મુંબઈથી રાળજ આવ્યા ત્યારે સોભાગ્યભાઈ તથા ગોસળીઆ સાથે રહ્યા હતા. ગોસળીઆ રાળજ પંદર દિવસ રહી પાછા આવ્યા. સોભાગ્યભાઈ, શ્રીમદ્ વવાણિયા ગયા ત્યારે સાથે આવી સાયલે ગયા હતા. તે મુજબ સં.૧૯૫૧માં ખંભાત અને સં.૧૯૫૨માં કાવિઠા શ્રીમદ્ જ્યારે પધાર્યા ત્યારે પણ એ બન્ને વૃદ્ધ પુરુષો સાથે જ હતા.

## ત્વરાથી સંસાર ત્યાગી માર્ગ પ્રભાવના કરો

સોભાગ્યભાઈને સત્સંગની તીવ્ર ઝંખના હતી. તેમાં આર્થિક મુશ્કેલી નડતી તે ટાળવા શ્રીમદ્‌ને વારંવાર લખતા. સં.૧૯૪૯-૫૦માં શ્રીમદે ઘણા પત્રો દ્વારા આર્થિક લાચારી નહીં કરવાનું સમજાવી આત્માર્થમાં દૃઢ કરેલા. પોતાને ઉપાધિથી છૂટવા શું કરવુ એમ શ્રીમદ્ પૂછાવતા; તેના જવાબમાં ત્વરાથી સંસાર ત્યાગી માર્ગ પ્રભાવના કરવા તેઓ બન્ને શ્રીમદ્‌ને વારંવાર લખતા, તેના ખુલાસારૂપે શ્રીમદે પોતાની પ્રારબ્ધસ્થિતિ, માર્ગ પ્રભાવનાની ઉત્કંઠા અને ત્યાગની તત્પરતા દર્શાવતા પત્રો લખેલા છે.

## સોભાગ્યભાઈને સમાગમ લાભ આપી ઉત્કૃષ્ટ આત્મપુરુષાર્થમાં પ્રેર્યા

સંવત્ ૧૯૫૩ના કાર્તિકમાં શ્રીમદ્ નડિયાદથી વવાણિયા પધાર્યા અને માતુશ્રીને તાવ આવતો હતો એ વગેરે કારણે ઉનાળા સુધી ત્યાં જ રોકાયા. તે દરમ્યાન સોભાગ્યભાઈને પણ તાવ લાગુ પડેલો તે વિષે



કા.સુદ ૧૦ના પત્રમાં લખે છે અને આત્મસિદ્ધિશાસ્ત્ર વિશેષ વિચારવા જણાવે છે. પછી સં.૧૯૫૩ના વૈશાખમાં ૧૦ દિવસ સાયલા અને ૧૦ દિવસ ઈડર શ્રી સોભાગ્યભાઈને સમાગમનો લાભ આપી તેમને આત્માના ઉત્કૃષ્ટ પુરુષાર્થમાં પ્રેર્યા હતા.

### આ સોભાગ્યને આપના સિવાય બીજું રટણ ન હો!

છેલ્લી વખતે શ્રીમદ્ સાયલે પધાર્યા હતા ત્યારે તેમને વળાવવા જતાં નદી રસ્તામાં આવી. તે વખતે સૂર્યોદય વેળાએ શ્રી સોભાગ્યભાઈએ જણાવ્યું : 'ઊગતા સૂર્યની સાખે, નદીની સાખે, સત્પુરુષની સાખે આ સોભાગ્યને આપના સિવાય બીજાું રટણ ન હો!''

### દિન આઠ થયા દેહ અને આત્મા બેફટ જુદા જણાય છે

એક પત્રમાં સોભાગ્યભાઈ સં.૧૯૫૩ જેઠ સુદ ૧૪ને રવિવારે શ્રીમદ્‌ને લખી જણાવે છે :

''આ કાગળ છેલ્લો લખી જણાવું છું.....હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો...દેહ ને આત્મા જાુદા છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચૈતન્યનો ભાગ પ્રત્યક્ષ જાુદો સમજમાં આવતો નહોતો. પણ દિન આઠ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી બેફટ જાુદા દેખાય છે. અને રાતદિવસ આ ચૈતન્ય અને આ દેહ જાુદા એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે; એ આપને સહજ જણાવવા લખ્યું છે.

### કૃપા કરી પત્રો દ્વારા મને મોટી પાયરીએ ચઢાવશો

ગોસળીઆ વિષે જે કંઈ આસ્થા હતી તે બિલકુલ નીકળી ગઈ છે. તો હવે વખતોવખત બોધ આપવાના પત્રો આપ આપની ઇચ્છા પ્રમાણે લખી મને મોટી પાયરીએ ચઢાવશો.

### જે ખુલાસો પચીસ વર્ષે પણ ન થાય તે આપની કૃપાથી થયો

વગર ભણ્યે, વગર શાસ્ત્ર વાંચ્યે થોડા વખતમાં આપના બોધથી અર્થ વગેરેનો ઘણો ખુલાસો થઈ ગયો છે. જે ખુલાસો પચીસ વર્ષે થાય એવો નહોતો તે થોડા વખતમાં આપની કૃપાથી થયો છે.''

### સમાધિમરણના ઇચ્છુકે વિચારવા યોગ્ય પત્રો

શ્રીમદે છેવટે ત્રણ પત્ર શ્રી સોભાગ્યભાઈ ઉપર લખેલા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં આંક ૭૭૯, ૭૮૦, ૭૮૧ રૂપે છપાઈ ગયા છે. તે સમાધિમરણને ઇચ્છનાર દરેક મુમુક્ષુએ વિચારવા યોગ્ય છે.

### મોટા મુનિઓને દુર્લભ એવું અપૂર્વ હિત કર્યું

આર્ય શ્રી સોભાગ્યભાઈનો દેહ સં.૧૯૫૩ના જેઠ વદ ૧૦ને દિવસે છૂટ્યો હતો. તે વિષે જણાવતાં શ્રીમદ્ લખે છે : ''જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે, અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે; જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચળ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.

### સોભાગ્યભાઈના ગુણોની પ્રશંસા

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.....



શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.''

### સોભાગ્યભાઈની દેહમુક્ત સમયની દશા વારંવાર વિચારવા યોગ્ય

છેવટે મુંબઈથી સમાધિમરણ માટે ખાસ પત્રો લખ્યા તેમજ ખંભાતથી અંબાલાલભાઈને તેમના સમાધિમરણમાં સહાયક થવા સાયલા જવાની આજ્ઞા કરી. મરણ અગાઉ સોભાગ્યભાઈ છેક કેવળજ્ઞાન પ્રગટાવવા સુધીનો પુરુષાર્થ કરી રહ્યા હતા. તેથી અંબાલાલભાઈને જણાવેલ કે મને કેવળજ્ઞાન થશે તો તને જરૂર કહીશ. એવા ઉત્કૃષ્ટ પુરુષાર્થપૂર્વક અપૂર્વ સમાધિમાં શ્રી સોભાગ્યભાઈનો દેહ છૂટ્યો હતો. તે વિષે પ્રભુશ્રીજીના પત્રમાં શ્રીમદ્ લખે છે કે—''આર્ય સોભાગની અંતરદશા અને દેહમુક્ત સમયની દશા હે મુનિઓ! તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૭૮૬)

---

## શ્રીમદ્ અને શ્રી અંબાલાલ લાલચંદ

ખંભાત

### શ્રીમદ્‌ને જે યથાર્થ ઓળખતા તે એમનું શરણ સ્વીકારતા

શ્રીમદ્ રાજચંદ્ર જન્મયોગી હતા. બાલ્યવયથી તેમને અદ્‌ભુત શક્તિઓ પ્રગટી હતી. તેમ છતાં શ્રીમદ્‌માં એવો અદ્‌ભુત સંયમ હતો કે તેઓ પોતાની શક્તિઓને સંપૂર્ણપણે અંતરમાં શમાવી શકતા. તેમનો પ્રતાપ એટલો બધો પડતો કે કોઈ તેમને તે વિષે પૂછવાની ભાગ્યે જ હિંમત કરી શકતું. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી તેમણે સર્વ ચમત્કારિક શક્તિઓને મૌનપણે શમાવી, આત્માનુભવને જ મહત્ત્વ આપ્યું. તેમાં તેઓ રાતદિવસ જાગૃત રહી પુરુષાર્થ કરતા. કુટુંબીઓ વગેરેને ઐહિક રીતે સંતોષી જગતનું ઋણ અદા કરતા. તેમની મહત્તાને ઓળખી ન શકે તેને તેઓ સાદા ભલા માણસ તરીકે જણાતા. જેઓ તેમની મહત્તાને ઓળખતા તેઓ તેમની આગળ નમી પડતા. અને સ્વાત્માના ઉદ્ધાર માટે તેમનું શરણ સ્વીકારતા.

### વીતરાગમાર્ગનો ઉદ્ધાર કરવાનો મનોરથ


અવધાન પ્રસંગે થતી જગજાહેરાતથી શ્રીમદ્ લેશમાત્ર ગર્વ પામી છલકાયા ન હતા. તે સમય દરમ્યાન તેઓ તો ધર્મ ઉદ્ધાર માટેની યોજનાને અંતરમાં ઘડી રહ્યા હતા. અને શ્રદ્ધાવાન થયેલ 'સોએક' વ્યક્તિઓને ધર્મોદ્ધારના કાર્યમાં જોડવાના મનોરથો સેવતા હતા. પોતાનું આયુષ્ય અલ્પ હતું તે પણ તેઓ પ્રથમથી જ જાણતા, તે વિષે ક્વચિત્ નિર્દેશ કરેલ છે. તેમના સમયના ધાર્મિક સંપ્રદાયોના મંતવ્યો તથા તેના પ્રવર્તકોના આચરણથી તેઓ સંપૂર્ણપણે વાકેફ હતા. તેથી ગૃહસ્થાશ્રમનું ઋણ તાકીદે ચૂકાવી દેશકાળ અનુસાર વીતરાગમાર્ગને જગતમાં પ્રગટ કરવાના લક્ષપૂર્વક તેઓ પ્રવર્તી રહ્યા હતા.

### કારણોસર ધર્મોદ્ધાર મુલતવી રહ્યો

સંવત્ ૧૯૪૪માં તેમણે પ્રતિમાનું પ્રતિપાદન કરતો એક લેખ પ્રગટ કર્યો એથી અને અવધાનોની જાહેરાત બંધ થવાથી, તેમજ તેમના ગૃહસ્થાશ્રમના પ્રવેશથી તથા તેમના 'સોએક' અનુયાયીઓ ઘણા ખરા તેમની જેમ સંસાર વ્યવહારમાં પડી જવાથી તે વખતે ધર્મોદ્ધાર કરવાનું મુલતવી રહ્યું. ત્યારબાદ બહુ વિચારપૂર્વક નવેસરથી શરૂઆત થઈ.



શ્રી અંબાલાલભાઈ લાલચંદ



### શ્રી લાલચંદભાઈએ શ્રી અંબાલાલભાઈને દત્તક લીધેલ

ખંભાતમાં શ્રી અંબાલાલ કરીને હતા. તેમના પિતાશ્રીનું નામ મગનલાલ હતું. પરંતુ તેમના માતામહ શ્રી લાલચંદભાઈને પુત્ર નહીં અને સ્થિતિ સારી હોવાથી તેમને દત્તક લીધેલા. તેથી તેઓશ્રી લાલચંદભાઈ પાસે ઊછરેલા અને અંબાલાલ લાલચંદ એ નામે ઓળખાતા. તેમની ન્યાતમાં શ્રી માણેકચંદભાઈ કરીને હતા. તેમના પુત્રો છોટાલાલ, સુંદરલાલ અને ત્રિભોવનભાઈ એ અંબાલાલના મિત્ર હતા.

### શ્રી અંબાલાલભાઈની વિનંતિથી શ્રીમદ્‌નું ખંભાતમાં આગમન

સંવત્ ૧૯૪૫ના વૈશાખમાં અંબાલાલભાઈ તથા છોટાલાલ લગ્ન પ્રસંગે અમદાવાદ આવેલા. ત્યાં જૂઠાભાઈના પરિચયમાં આવ્યા, ત્યારે જૂઠાભાઈએ તેમને શ્રીમદ્‌ની વાત કહી તથા પત્રો બતાવ્યા; અને શ્રીમદ્‌ની આજ્ઞા મેળવ્યા બાદ મળવા જવાની સલાહ આપી, તે ધ્યાનમાં લઈ તેઓ ખંભાત આવ્યા. આજ્ઞા માટે પત્રવ્યવહાર શરૂ થયો. પાંચ છ પત્ર પછી શ્રીમદે આવવાની હા કહી, ત્યારે ત્રિભોવનભાઈ સાથે અંબાલાલ મુંબઈ ગયા અને શ્રીમદ્‌ને મળ્યા. ફરીથી ત્રિભોવનભાઈ એકલા મુંબઈ ગયેલા ત્યારે ''સત્પુરુષના ચરણનો ઇચ્છક...'' (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૦૫) એ ૧૦ બોલવાળો બોધપત્ર લખીને શ્રી અંબાલાલભાઈ માટે આપ્યો. ત્યારબાદ શ્રી અંબાલાલની વિનંતિથી શ્રીમદ્ સં.૧૯૪૬ના આસોમાં ખંભાત તેમને ઘેર પધાર્યા. શ્રી લાલચંદભાઈ શ્રીમદ્‌ને સ્થાનકવાસી ઉપાશ્રયે લઈ ગયા. શ્રી લલ્લુજીસ્વામી (પ્રભુશ્રીજી)ને તેમનાં પ્રથમ દર્શન થયાં એ વગેરે હકીકત જીવનકળામાં સવિસ્તર વર્ણવેલી છે.

### શ્રીમદ્‌ની આજ્ઞા અને સેવાથી પ્રગટેલ ધારણાશક્તિ

શ્રી અંબાલાલ શ્રીમદ્‌થી બે વર્ષ નાના હતા. તેઓ પૂર્વના સંસ્કારી, ઉત્તમ ક્ષયોપશમવાળા, સેવાભાવી અને એકનિષ્ઠ-ભક્તિવાળા હતા. સં.૧૯૪૬ના સમાગમ પછી તેમનું જીવન શ્રીમદ્‌મય બન્યું હતું. તેમનો પત્રવ્યવહાર નિરંતર ચાલુ રહ્યો હતો. શ્રીમદ્‌ની આજ્ઞા મુજબ તેમણે પોતાનો સમય ગાળી જીવનને અમૂલ્ય બનાવ્યું હતું. દરેક બાબત તેઓ શ્રીમદ્‌ને પૂછાવીને જેમ આજ્ઞા મળે તેમ કરતા. એ રીતે થોડા જ વખતમાં તેઓ શ્રીમદ્‌ના ધર્મ ઉદ્ધારના કાર્યમાં મુખ્ય સંચાલક બન્યા. શ્રીમદ્ જ્યારે ચરોતરમાં પધારે ત્યારે તેઓ સાથે રહી બધી વ્યવસ્થા કરતા. શ્રીમદ્‌ની તેમજ અન્ય મુમુક્ષુઓ આવે તેમની તનમનધનથી સેવા કરતા. શ્રીમદ્ જે બોધ કરે તે તેઓ આઠ દિવસે પણ અક્ષરશઃ લખી શકતા એવી તેમની ધારણાશક્તિ શ્રીમદે વખાણી હતી. સંવત્ ૧૯૫૨માં કાવિઠા, રાળજ, વડવા, ખંભાત, આણંદ, નડિયાદ સ્થાને થયેલો બોધ 'ઉપદેશછાયા'ના મથાળાથી છપાયો છે, એ શ્રી અંબાલાલભાઈની નોંધને આભારી છે.

### શ્રીમદ્‌ની આજ્ઞાથી પત્રો એકત્રિત કરી સર્વની નકલો કરી

નડિયાદમાં એક દિવસ સાંજે શ્રીમદે આત્મસિદ્ધિ લખવી શરૂ કરીને એકધારાએ ૧૪૨ ગાથા દોઢથી બે કલાકમાં પૂરી કરી. તે દરમ્યાન અંબાલાલભાઈ બાજુમાં ફાનસ ધરીને ઊભા રહ્યા હતા. તેની ચાર નકલો કરવામાં આવી અને યોગ્ય જીવોને મોકલવા આજ્ઞા કરી. શ્રીમદ્‌ના પત્રો જ્યાં હતા ત્યાંથી મંગાવી તેની નકલ કરવાનું કામ શ્રીમદ્‌ની આજ્ઞાથી શરૂ થયું. તેની નકલો અંબાલાલભાઈ કરી રાખતા



અને જે મુમુક્ષુને મોકલવાનું શ્રીમદ્ લખી જણાવે તેને મોકલતા. તે ઉપરાંત સંસ્કૃત, માગધી, હિંદી, ગુજરાતીના અગત્યનાં પુસ્તકોની નકલ ઉતારી લેવા માટે શ્રીમદ્ અંબાલાલભાઈને મોકલતા. તે મુજબ અંબાલાલભાઈ તે પુસ્તકો ઉતારી યોગ્ય મુમુક્ષુને આજ્ઞાનુસાર વાંચવા મોકલાવતા. અંબાલાલભાઈ દરરોજ સામાયિક લઈને બેસતા અને લેખનકાર્ય એકચિત્તે કરતા. તે સાથે સંસ્કૃત તથા કર્મગ્રંથ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ તેમણે કર્યો હતો. ટૂંકામાં તેઓ ઘણા જ કાર્યદક્ષ, આજ્ઞાંકિત અને આત્મલક્ષી હતા. શ્રીમદ્ ઘણી મુશ્કેલીઓ વચ્ચે ટૂંક વખતમાં ધર્મ પ્રભાવના કરી ગયા તેમાં અંબાલાલભાઈનો ફાળો સૌથી મોટો છે.

## ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ગ્રંથની પ્રથમાવૃત્તિ બહાર પાડવામાં મદદ

સંવત્૧૯૫૭ના મહા-ફાગણમાં અંબાલાલભાઈ પોતાના નાનાભાઈ નગીનદાસ મગનલાલ સાથે વઢવાણ શ્રીમદ્‌ની સેવામાં એક મહિનો રહ્યા હતા. શ્રીમદે તેમને જવાની આજ્ઞા કરી, તેને માન આપી તેઓ ખંભાત ગયા. શ્રીમદ્‌ના અવસાન પછી શ્રી અંબાલાલે વચનામૃત છપાવવામાં શ્રી મનસુખભાઈને બનતી સહાય કરી. સંવત્ ૧૯૬૧માં ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ગ્રંથની પ્રથમાવૃત્તિ બહાર પડી. શ્રી લલ્લુજી મુનિ સાથે શ્રી અંબાલાલને સારો મેળ હતો. તેઓ અન્યોન્ય સલાહ લઈને વર્તતા. સંવત્ ૧૯૫૮માં શ્રી અંબાલાલ શ્રી લલ્લુજી મુનિનો સમાગમ કરવા દક્ષિણ હિન્દમાં કરમાળા ગયેલા. છેવટે પ્લેગ લાગુ પડવાથી શ્રી અંબાલાલ બીજા બે મુમુક્ષુ સાથે સમાધિ સહિત સં.૧૯૬૩ના ચૈત્ર વદ બારસે ખંભાત મુકામે માત્ર ૩૭ વર્ષની વયે દેવલોક પામ્યા.

## પોતાની દશાનું સ્વચ્છંદે માપ કાઢવું નહીં

“એક વખત અંબાલાલભાઈ મુંબઈ પરમકૃપાળુદેવને મળીને ખંભાત આવ્યા પણ કૃપાળુદેવનો વિરહ અને અતિ વૈરાગ્યને લીધે ખાવું, પીવું, બોલવું, બેસવું, કંઈ ગમે નહીં અને અંતરની વેદનામાં કંઈ ઠરાય નહીં. આવી દશા થઈ ત્યાં શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપાવાળો પત્ર તેમના વાંચવામાં આવ્યો. પોતે બુદ્ધિશાળી હતા, ક્ષયોપશમ સારો હતો. તેથી આ પત્ર વાંચીને શાંત થયા અને પોતાને સમકિત થયાનું માની લીધું. આ વાત તેમણે કૃપાળુદેવને લખી કે આપની પાસેથી ગયા બાદ મારી દશા વિહ્વળ બની ગઈ હતી, પણ આ પત્ર વાંચ્યા પછી શાંતિ થઈ છે ને સમજાયું છે. ત્યારે કૃપાળુદેવે જણાવ્યું કે તમારી પહેલાંની સ્થિતિ હતી, તે જ સારી હતી. તમોએ માની લીધું છે તે અપૂર્ણ દશા છે.”

પૂ. બ્રહ્મચારીજીના બોધની ઉતારેલી નોટ નં.૧ (પૃ.૪૨)

## આત્માને જાણવાનું કાર્ય સર્વથી વિકટ

“આ આત્મા પૂર્વે અનંતકાળ વ્યતીત કર્યે જાણ્યો નથી, તે ઉપરથી એમ લાગે છે કે તે જાણવાનું કાર્ય સર્વથી વિકટ છે; અથવા તો જાણવાના તથારૂપ યોગો પરમ દુર્લભ છે. જીવ અનંતકાળથી એમ જાણ્યા કરે છે કે હું અમુકને જાણું છું, અમુકને નથી જાણતો એમ નથી, એમ છતાં જે રૂપે પોતે છે તે રૂપનું નિરંતર વિસ્મરણ ચાલ્યું આવે છે, એ વાત બહુ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે, અને તેનો ઉપાય પણ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે.” - શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૪૩૨)



# શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનો, સ્વામી શ્રી લઘુરાજ મહારાજને થયેલ પરિચયનો સાર

(પૂ.શ્રી બ્રહ્મચારીજીના હસ્તાક્ષરમાં, ડાયરી નંબર ૧૧માંથી ઉદ્ધૃત)

**(૧)**

''महादेव्याः कुक्षिरत्नं शब्दजितवरात्मजम् ।
राजचंद्रमहं वंदे तत्त्वलोचनदायकम् ।।''

### શ્રીમદ્ રાજચંદ્ર સર્વ આગમના જ્ઞાતા છે અને ઉત્તમ પુરુષ છે

સંવત્ ૧૯૪૬ની સાલમાં (દિવાળી લગભગ) હું અને મારા તે વખતના ગુરુ શ્રી હરખચંદજી બન્ને ખંભાતના ઉપાશ્રયમાં હતા. તે અવસરે શ્રી અંબાલાલભાઈ તથા ત્રિભોવનભાઈ બન્ને પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુદેવના માહાત્મ્યની વાત કરતા હતા, તેઓશ્રીના પત્ર વાંચતા હતા. તે વખતે અમે શ્રી અંબાલાલભાઈને પૂછ્યું કે તે પુરુષ કેવા છે? કોણ છે? ત્યારે તે કહે કે એ પુરુષ સર્વ આગમના જ્ઞાતા છે, અને ઉત્તમ પુરુષ છે. અમે કહ્યું કે અમને તે પુરુષનો મેળાપ કરાવશો? ત્યારે તેમણે હા કહી. અને કહ્યું કે– પોતે અત્રે પધારવાના છે. પધારશે ત્યારે તેમને તેડી અમે અહીં આવીશું. થોડા દિવસો પછી પૂજ્યશ્રી પરમકૃપાળુદેવ ખંભાત પધાર્યા, ત્યારે શ્રી અંબાલાલભાઈ અને તેમના પિતાશ્રી લાલચંદભાઈ તેઓશ્રીને સાથે લઈ ઉપાશ્રયમાં પધાર્યા.

### ઉપાશ્રયમાં અષ્ટાવધાન કરી બતાવ્યા

આ વખતે મારા ગુરુ આદિ મુનિઓ તથા હું ઉપાશ્રયમાં હતા. પૂજ્યશ્રીને જોતાં જ મને તે જ ક્ષણે તે ઉત્તમ પુરુષ હોવાનો ભાસ થયો. તેઓશ્રી બિરાજ્યા પછી અમારા ગુરુ તથા લાલચંદભાઈએ આગ્રહ કરવાથી અષ્ટાવધાન ત્યાં કરી બતાવ્યાં. તેઓશ્રીની વિદ્વતા મને તેમજ મારા તે વખતના ગુરુને બહુ જણાઈ. અલ્પ સમય બેઠા પછી શ્રી અંબાલાલભાઈ સાથે તેઓશ્રી શ્રી અંબાલાલભાઈના ઘેર સિધાવ્યા.

### મેં ઉમંગથી અટક્યા વગર નમસ્કાર કર્યા

બીજા દિવસે પુનઃ ઉપાશ્રયમાં તેઓશ્રીનું આગમન થયું. ત્યારે તે વખતના અમારા ગુરુ હરખચંદજીને તેઓશ્રીએ પૂછ્યું કે આ કાળમાં ક્ષાયિક સમ્યક્ત્વ હોય કે નહીં? ત્યારે હરખચંદજી મહારાજે ના કહી; તેથી પૂજ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે—કોઈ શાસ્ત્રમાં છે? હરખચંદજીએ કહ્યું કે દશમા ઠાણાંગમાં ક્ષાયિક સમકિત ન હોવા વિષે છે. ઠાણાંગ તપાસતાં એ વાત મળી નહીં. પૂજ્યશ્રી બોલ્યા કે—ઠાણાંગમાં નથી, અન્ય ગ્રંથમાં હશે. પછી પોતે ઠાણાંગમાંથી થોડા પાઠો બોલતા હતાં અને તેનો અર્થ એવો ખૂબી ભરેલો કરતા હતા કે તે સાંભળતા શાંતિ ઊપજતી. પછી દશમા ઠાણાંગનો ભાવ વાંચી સંભળાવ્યો હતો, તે સાંભળતા જ મને તો તેઓશ્રીના વિષે ચમત્કાર ઊપજ્યો હતો. પછી મેં પૂજ્યશ્રીને ઉપર મેડે પધારવા વિનંતી કરી. તેથી ઉપર પધાર્યા, અને હું પણ મારા ગુરુની આજ્ઞા લઈને ઉપર ગયો અને નમસ્કાર કર્યા. તેઓશ્રીએ નમસ્કાર નિવારણ કરવા છતાં મેં ઉમંગથી ઉત્તમ પુરુષ જાણીને અટક્યા વગર નમસ્કાર કર્યા.

### સમકિત અને બ્રહ્મચર્ય દૃઢતાની મારી માંગણી

પૂજ્યશ્રીએ પૂછ્યું : ''તમારી શી ઇચ્છા છે?''



મેં વિનયસહિત હાથ જોડીને યાચનાપૂર્વક કહ્યું : ''સમકિત (આત્માની ઓળખાણ) અને બ્રહ્મચર્યની દૃઢતાની મારી માગણી છે.''

### આ પુરુષ સંસારે ઉત્તમ પદ પામે; ધર્મે આત્મજ્ઞાની મુનિ થાય

પૂજ્યશ્રી થોડીવાર મૌન રહ્યા પછી બોલ્યા : ''ઠીક છે.'' પછી મારા જમણા પગનો અંગૂઠો તાણી કંઈક ચિહ્નો શ્રીમદે તપાસી જોયા; પછી નીચે ઊતરી શ્રી અંબાલાલભાઈના મકાન તરફ ગયા. રસ્તે જતાં શ્રી અંબાલાલભાઈને વાત કરી કે આ પુરુષ સંસ્કારી છે. આ રેખાલક્ષણો ધરાવનાર પુરુષ સંસારે ઉત્તમ પદ પામે; ધર્મે આત્મજ્ઞાની મુનિ થાય'' એમ શ્રી અંબાલાલભાઈ પાસેથી પછી સાંભળેલું.

### જાણે પૂર્વભવના પિતા હો એટલો ભાવ આવે છે

બીજે દિવસે હું શ્રી અંબાલાલભાઈના મકાને તેઓશ્રીની પાસે ગયો. મને દેખી બીજા માણસો બેઠેલા હોવાથી પૂજ્યશ્રી અંદરના હૉલમાં પધાર્યા. હું પણ ત્યાં ગયો. અમે બેઠા. તેઓશ્રીએ સૂયગડાંગમાંથી થોડું વિવેચન કર્યું અને સત્ય ભાષા વિગેરે વિષે બોધ કર્યો. પછી મને પૂછ્યું કે તમે અમને માન કેમ આપો છો? મેં કહ્યું—આપને દેખીને અતિ હર્ષ, પ્રેમ આવે છે. અને જાણે અમારા પૂર્વભવના પિતા હો એટલો બધો ભાવ આવે છે; કોઈ પ્રકારનો ભય રહેતો નથી. આપને જોતાં એવી નિર્ભયતા આત્મામાં આવે છે.

### અમે અનાદિકાળથી રખડીએ છીએ, માટે અમારી સંભાળ લો

પૂજ્યશ્રીએ ફરી પૂછ્યું : તમે અમને શાથી ઓળખ્યા?

મેં કહ્યું : અંબાલાલભાઈના કહેવાથી આપના સંબંધી જાણવામાં આવ્યું. અમે અનાદિકાળથી રખડીએ છીએ, માટે અમારી સંભાળ લો.''

### જ્ઞાન અને ક્રિયા બન્ને કરવાનું કહે છે

હું હમેશાં જતો. સાત દિવસ સુધી પૂજ્યશ્રી ખંભાત રહ્યા ત્યાં સુધી દરરોજ તેમના સમાગમ અર્થે શ્રી અંબાલાલભાઈને ઘેર જતો, ત્યારે હરખચંદજી મહારાજે મને પૂછ્યું કે શી વાતચીત થાય છે?

મેં કહ્યું : ''જ્ઞાન અને ક્રિયા બન્ને કરવાનું કહે છે.''

શ્રી હરખચંદજીએ કહ્યું : ''पहले सब बात कहता था, अब कुछ नहीं कहता''।

હું પૂજ્યશ્રી પાસે જતો ત્યારે કહેતો કે હવે મારે કેમ કરવું? મને મૂંઝવણ થાય છે.

પૂજ્યશ્રી : મિશ્રભાવ છે, બધું ઠેકાણે પડશે.


### મોક્ષમાળામાં છે તે પ્રમાણે માર્ગ છે

મેં પૂછ્યું : માર્ગ વિષે કોઈ પૂછે તો મારે શું કહેવું? આ મોક્ષમાળા છે તે પ્રમાણે માર્ગ છે? મારે એમ કહેવું કે કેમ?

પૂજ્યશ્રી : મોક્ષમાળામાં છે તે પ્રમાણે માર્ગ છે. પ્રીતમદાસનો કક્કો (કક્કા કર સદ્ગુરુનો સંગ, હૃદયકમળમાં લાગે રંગ) મોઢે કરજો. આ પ્રમાણે આજ્ઞા થવાથી તે હું કરતો અને શ્રી અંબાલાલભાઈની પેઠે મારા વિચારથી 'महादेव्याः कुक्षिरत्नं' એ શ્લોકનું સ્મરણ જે જે પદાર્થો દેખું તેના વિષે કર્યા કરતો.

### માનસિક બ્રહ્મચર્ય પાલન માટેનો ઉપાય બતાવ્યો

એક દિવસે મેં કહ્યું કે ''બ્રહ્મચર્ય માટે પાંચ વર્ષથી એકાંતરા ઉપવાસ કરું છું. (એક દિવસ ઉપવાસ



શ્રીમદ્ લઘુરાજ સ્વામી



અને એક દિવસ ખાવું એમ) કરું છું અને કાયોત્સર્ગ (ધ્યાન) કરું છું. છતાં માનસિક પાલન બરાબર થઈ શકતું નથી.''

પૂજ્યશ્રીએ કહ્યું : ''લોકદૃષ્ટિએ કરવું નહીં, લોક દેખામણ તપશ્ચર્યા કરવી નહીં. પણ સ્વાદનો ત્યાગ થાય તેમજ ઉણોદરી તપ (પેટ ઉણું રહે તેવું, ખૂબ ધરાઈને ખાવું નહીં) થાય તેમ આહાર કરવો; સ્વાદિષ્ટ ભોજન હોય તે બીજાને આપી દેવું.''

### કૃપાળુદેવે કહ્યું–આત્મા છે, એને જોયા કરો

મેં કહ્યું : ''હું જે જે જોઉં છું તે ભ્રમ છે, જૂઠું છે, એમ અભ્યાસ કરું છું.''

કૃપાળુદેવ : ''આત્મા છે, એમ જોયા કરો.''

પછી પરમકૃપાળુદેવ મુંબઈ પધાર્યા. ત્યાંથી કેટલાંક ઉપદેશામૃતથી ભરપૂર પત્રો શ્રી અંબાલાલભાઈ મારફત મળતા, તેથી આનંદ આનંદ થતો હતો.

### સાચો ત્યાગ તે અંતર્ત્યાગ

એકવાર મેં પરમકૃપાળુદેવને જણાવ્યું : ''મેં સાધન સંપન્ન કુટુંબ, વૈભવ, વૃદ્ધ માતા, બે બૈરી, એક પુત્ર આદિનો ત્યાગ કરી દીક્ષા લીધી છે.''

તે ત્યાગમાં ગર્ભિત રહેલો અહંકાર, ગર્વ ગાળી નાખવા તેઓશ્રી તડુકીને બોલ્યા : ''શું ત્યાગ્યું છે? એક ઘર છોડી કેટલાં ઘર (શ્રાવકોનાં) ગળે નાખ્યાં છે? એ બે સ્ત્રીનો ત્યાગ કરી કેટલી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ ફરે છે? એક પુત્ર ત્યાગી કેટલાં છોકરાં પ્રત્યે પ્રીતિ થાય છે?''

આ સાંભળીને મારા દોષો પ્રગટ દેખાયાથી એટલી બધી શરમ આવી ગઈ કે જાણે જમીન માર્ગ આપે તો જમીનમાં શમાઈ જાઉં, તેથી મેં કહ્યું : ''હું ત્યાગી નથી.'' ત્યાં તો તેઓશ્રી બોલ્યા : ''મુનિ હવે તમે ત્યાગી છો.''

## (૨)

### આપના દર્શને સમાગમ માટે મુંબઈ ચોમાસું કર્યું છે

સંવત્ ૧૯૪૯માં અમારું ચોમાસું મુંબઈમાં થયું. તે વખતે પરમકૃપાળુદેવે મને પૂછ્યું કે ''તમારે અહીં અનાર્ય જેવા દેશમાં ચાતુર્માસ કેમ કરવું થયું? મુનિને અનાર્ય જેવા દેશમાં વિચરવાની આજ્ઞા થોડી જ હોય છે?''

મેં કહ્યું : ''આપના દર્શન સમાગમની ભાવનાને લીધે અહીં ચાતુર્માસ કર્યું છે.''

### રોજ એક કલાકનો મને સમાગમ મળશે?


કૃપાળુદેવે પૂછ્યું : ''અહીં આવતા તમને કોઈ આડખીલ કરે છે?''

મેં કહ્યું : ''ના, હમેશાં અહીં આવું તો કલાકનો સમાગમ મળશે?'' કૃપાળુદેવે કહ્યું : ''મળશે.''

અવસરે અવસરે હું કૃપાળુદેવના સમાગમાર્થે પેઢી ઉપર જતો. મને દેખીને તે દુકાન ઉપરથી ઊઠી એક જુદી પાસેની ઓરડીમાં જઈ સૂયગડાંગ સૂત્ર વગેરેમાંથી મને વાંચી સંભળાવતા, સમજાવતાં.

### કૃપાળુદેવને યોગ્ય લાગે તેમાંથી સમજાવતા

એક વખત ત્યાં ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્રો પણ પડ્યાં હતા, ત્યારે મેં કહ્યું કે કૃપા કરીને



તેના અર્થ સમજાવો તો મને સમજણ પડે; ત્યારે કૃપાળુદેવ, ઠીક છે એમ કહી સ્વતઃ કૃપા કરી કોઈ અર્થ સમજાવતા અને પૂછતા કે જુઓ, આ શું કહ્યું? સુપચ્ચખાણ, દુપચ્ચખાણ વિષે વ્યાખ્યા કહી હતી. ભર્તૃહરિ-વૈરાગ્ય શતક પણ વાંચી સંભળાવ્યું હતું.

એક દિવસ તેઓશ્રીની પાસે ભર્તૃહરિ-શૃંગાર શતક પડેલું હતું, તે મેં પૂછ્યા વિના લીધું એટલે મસ્તક હલાવીને ના કહી અને બીજું આપીશું એમ જણાવ્યું.

### મુનિશ્રી દેવકરણજીની કૃપાળુદેવને મળવાની ઇચ્છા

એક દિવસ ખંભાતથી સુંદરલાલ કરીને એક યુવાન વાણિયા મુંબઈ આવેલા; તે કૃપાળુદેવના પરિચયમાં હતા. તેમને દેવકરણજી મુનિએ કહ્યું : ''મેં શ્રીમદ્‌ને દીઠા નથી, તો તે અત્રે પધારે તો જોઉં તો ખરો કે તે કેવા પુરુષ છે.''

સુંદરલાલ કહે : ''હું તેમને અહીં તેડી લાવીશ.'' (કૃપાળુદેવ ખંભાત પધાર્યા ત્યારે દેવકરણજીનું ચોમાસું અન્યત્ર હતું તેથી સમાગમ થયેલો નહીં.)

### મુનિશ્રી દેવકરણજી સાથે કૃપાળુદેવનો વાર્તાલાપ

એક દિવસ સુંદરલાલ સાથે પરમકૃપાળુદેવ ચિંચપોકલીના ઉપાશ્રયે નવ વાગ્યા પછી પધાર્યા. આ વખતે દેવકરણજી, હીરાજી, ચતુરલાલજી અને હું ચારે મુનિઓ હાજર હતા. તેઓશ્રીને દેખીને અમે પાટ ઉપરથી નીચે બેઠા.

પોતે બિરાજ્યા પછી સૂયગડાંગજીના પાનાં પૂઠામાં લાવીને આગળ મૂક્યા. તે સૂયગડાંગજીની લખેલી પ્રતમાં જુની અને ગુંદરના અક્ષરની લિપિ હોવાથી મૂળપાઠના અક્ષરો કેટલાંક ઊડી ગયા હતા, તેથી અર્થ બરાબર સમજી શકાતો નહોતો.

કૃપાળુદેવ બોલ્યા કે આ શું છે? દેવકરણજી મુનિ કહે સૂત્રો છે. કૃપાળુદેવ કહે કોનાં કરેલાં છે? દેવકરણજી મુનિ કહે—ભગવાનનાં કરેલાં છે. પરમકૃપાળુદેવ કહે—સૂત્રો તો ભગવાનના પછી ઘણા વર્ષે લખાયેલાં છે. દેવકરણજી મુનિ કહે—ગણધરોનાં કહેલાં છે, તે ભગવાનનાં જ વચનો છે. પરમકૃપાળુદેવ કહે—કેમ જાણ્યું કે ભગવાનનાં જ કહેલાં છે? તમે તેનો આશય શો વિચાર્યો છે? કે પાનાં જ ફેરવો છો?

### ઊડી ગયેલા મૂળપાઠના અક્ષરો અને અર્થ કહી સંભળાવ્યો

આ મર્મ નહીં સમજવાથી દેવકરણજી વગેરે ત્રણ જણની દૃષ્ટિમાં એમ આવ્યું કે આ તો સૂત્રોને નથી માનતા. ત્યારે દેવકરણજીનો પગ દબાવી મેં સમસ્યાથી સમજાવ્યા, તેથી દેવકરણજી શાંત પડી સૂયગડાંગજીમાંથી પાનાં કાઢી ઊડી ગયેલો ભાગ બતાવી પૂછવા લાગ્યા કે અહીં કયા કયા અક્ષરો જોઈએ? અને તેનો શો અર્થ થાય છે?

પરમકૃપાળુદેવે મૂળપાઠના અક્ષરો તથા તેનો યથાર્થ અર્થ કહી બતાવ્યો.

### ગાથાઓમાં લેખનદોષ નથી, બરાબર છે; તેનો ભાવાર્થ સમજાવ્યો

પછી મુનિ દેવકરણજીએ નીચેની બે સૂયગડાંગજીની ગાથાઓ બતાવી અને કહ્યું કે જ્યાં સફળ છે ત્યાં અફળ હોય અને જ્યાં અફળ છે ત્યાં સફળ હોય તો અર્થ ઠીક બેસે છે. તો આ ગાથાઓમાં લેખનદોષ છે કે બરાબર છે?



[1]''जे अबुद्धा महाभागा, वीरा असमत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ॥१॥

[2] जे य बुद्धा महाभागा, वीरा सम्मत्तदंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं, अफलं होइ सव्वसो.''॥२॥

(સૂયગડાંગસૂત્ર ૮મું વીર્યાધ્યયન, ગાથા ૨૨-૨૩)

એ ગાથાઓ જોઈને પરમકૃપાળુદેવે કહ્યું : ''લેખનદોષ નથી, બરાબર છે. તેનો ભાવાર્થ એવો છે કે—મિથ્યાદૃષ્ટિની ક્રિયા સફળ છે - ફળે કરીને સહિત છે; અર્થાત્ તેને પુણ્ય-પાપરૂપ ફળનું બેસવાપણું છે. અને સમ્યક્દૃષ્ટિની ક્રિયા અફળ છે - ફળરહિત છે અર્થાત્ તેને પુણ્ય-પાપરૂપ ફળ બેસવાપણું નથી; અર્થાત્ નિર્જરા થાય છે.

એકની (મિથ્યાદૃષ્ટિની) ક્રિયાનું સંસારહેતુક સફળપણું અને બીજાની (સમ્યગ્દૃષ્ટિની) ક્રિયાનું સંસારહેતુક અફળપણું; એમ પરમાર્થ સમજવા યોગ્ય છે.''

બધાને તે અર્થ પસંદ પડ્યો. બધાને ચમત્કારી લાગ્યો હતો.

### આ કોઈ મહા બુદ્ધિશાળી પુરુષ છે

ઘણા સમયથી વાંચતાં જેનો ભાવ અવળી રીતે સમજાયો હતો. અને સંશય રહ્યા કરતો હતો તેનું સારી રીતે નિરાકરણ થયું. તે ઉપરથી મુનિ દેવકરણજીને સમજાયું કે આ કોઈ મહાબુદ્ધિશાળી પુરુષ છે અને શ્રી લલ્લુજી મહારાજ કહેતા હતા તે સાચું છે. ત્યાર પછી કૃપાળુદેવ પોતાના મકાને પધાર્યા.

### મુનિ દેવકરણજીને પરમકૃપાળુદેવ હજુ જ્ઞાની ભાસ્યા નથી

''વિચાર-સાગર'' ગ્રંથમાંથી ગુરુ માહાત્મ્યનાં પાનાં સવાસો દેવકરણજી મુનિને વાંચવા મોકલ્યા હતા, તે મુનિ દેવકરણજીએ વાંચ્યાં હતાં. તો પણ તેમને હજી જ્ઞાનીપણાની બુદ્ધિ પરમકૃપાળુદેવ વિષે આવતી નહીં. બુદ્ધિશાળી પુરુષ છે, એવું ખ્યાલમાં રહેતું. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પુરુષની પણ નિંદા કરવામાં મહાપાપ છે. એમ દેવકરણજી માનતા તેથી બીજા લોકો નિંદા કરે તો પણ પોતે તેમની કદી નિંદા કરતા નહીં.


### દેવકરણજી બોધ પામે તો ઘણાને લાભ થાય

હું જ્યારે પરમકૃપાળુદેવના સમાગમાર્થે તેમના મુકામે જતો ત્યારે તેમને કહેતો કે ''દેવકરણજી બોધ પામે તો ઘણા જીવોને લાભ થાય અને સૌને જવાબ આપે.'' ત્યારે પરમકૃપાળુદેવ કહેતા કે ''એ વાત જવા દો.'' તથાપિ વારંવાર તે વાત હું સંભારતો એટલે દેવકરણજીને સાથે તેડી લાવવા રજા આપી.

---

[1] અર્થ :—જે અબુદ્ધ તત્ત્વમાર્ગના અજાણ પરંતુ વ્યાકરણાદિ ભણેલા તેથી લોકોમાં પૂજ્ય મોટા કહેવાય, એવા વીર પુરુષ પણ સમ્યક્ત્વ પરિજ્ઞાથી રહિત તેમનું જે કંઈ દાન, તપ, નિયમાદિને વિષે પરાક્રમ એટલે ઉદ્યમ હોય તે અશુદ્ધ જાણવો. તે સર્વ કર્મ-બંધના કારણને વિષે સફળ થાય. પણ મૂર્ખ વૈદ્યની ચિકિત્સાની પેઠે કર્મ-નિર્જરાના કારણને વિષે સફળ ન થાય. ॥૧॥

[2] અર્થ :—વળી જે બુદ્ધ તત્ત્વમાર્ગના જાણ એવા તીર્થંકરાદિ મોટા પુરુષ પૂજ્ય પુરુષ, ઘનઘાતિ કર્મ વિદારવા સમર્થ શૂરવીર સમ્યક્દૃષ્ટિ હોય તેમનો જેટલો નિયમાદિ ક્રિયા અનુષ્ઠાનને વિષે ઉદ્યમ છે તે સર્વ શુદ્ધ, નિર્મળ જાણવો. તે સર્વ ઉદ્યમ કર્મબંધના કારણને વિષે અફળ થાય; કિન્તુ સુવૈદ્યની ચિકિત્સાની પેઠે તે કર્મ-નિર્જરાનું જ કારણ થાય.'' ॥૨॥



### 'મુનિ અમે તો કાળકૂટ વિષ દેખીએ છીએ'

એક દિવસ અમો બન્ને કૃપાળુદેવના મકાને ગયા. પરમકૃપાળુદેવ સહિત ત્રણે બેઠા. પરમકૃપાળુદેવે દેવકરણજીને પૂછ્યું : ''વ્યાખ્યાન કોણ આપે છે? પર્ષદા કેટલી ભરાય છે?''

દેવકરણજી મુનિએ કહ્યું : ''હજારેક માણસોની પર્ષદા ભરાય છે.''

પરમકૃપાળુદેવે પૂછ્યું : ''સ્ત્રીઓની પર્ષદા જોઈ વિકાર થાય છે?''

દેવકરણજી મુનિ બોલ્યા : ''કાયાથી થતો નથી, મનથી થાય છે.''

પરમકૃપાળુદેવે કહ્યું : મુનિએ મન વચન કાયા ત્રણે યોગથી સાચવવું જોઈએ.''

દેવકરણજી મુનિએ આક્ષેપ કરતા કહ્યું : તમે ગાદી તકીએ બેસો છો અને હીરા માણેક તમારી પાસે પડેલા હોય છે, ત્યારે તમારી વૃત્તિ નહીં ડહોળાતી હોય?''

પરમકૃપાળુદેવે કહ્યું : ''મુનિ અમે તો કાળકૂટ (તાલકૂટ) વિષ દેખીએ છીએ, તમને એમ થાય છે?''

આ સાંભળી દેવકરણજી સજ્જડ થઈ ગયા.

### નારિયેળમાં ગોળો જુદો રહે તેમ અમે રહીએ છીએ

પછી કૃપાળુદેવે પૂછ્યું : ''તમે કોણ છો?''

દેવકરણજીએ કહ્યું : ''જેટલો વખત વૃત્તિ સ્થિર રહે તેટલો વખત સાધુ છીએ.''

પરમકૃપાળુદેવે પૂછ્યું : ''તેવી રીતે તો સંસારીને પણ સાધુ કહેવાય ખરા કે?''

આ વખતે દેવકરણજી મૌન રહ્યા. ત્યારે પરમકૃપાળુદેવે કહ્યું કે—''હે મુનિ! નારિયેળનો ગોળો જેમ જુદો રહે છે, તેમ અમે રહીએ છીએ. વીતરાગમાર્ગમાં સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ શું છે? નારિયેળમાં રહેલો ગોળો નારિયેળથી ભિન્ન છે, તેમ સમ્યગ્દૃષ્ટિ સર્વથી જાુદો રહે. તે સમજાયું નથી અને જીવ સમ્યક્, સમ્યક્ સાંપ્રદાયિક બુદ્ધિએ કહે છે તેને સમ્યક્ જાણો છો?''

દેવકરણજીએ ઉત્તર આપ્યો : ''તે સમ્યક્ત્વ ન કહેવાય.''


પરમકૃપાળુદેવે કહ્યું : ''સમકિતનું સ્વરૂપ કોઈ બીજું હોવું જોઈએ, એ વિષે તમે વિચારજો.''આવી ચમત્કૃતિવાળી વાત સાંભળી દેવકરણજી ચકિત થઈ ગયા. પણ મનમાં જ્ઞાનીપણાનો નિશ્ચય થયો નહીં. પણ મોટા પુરુષ છે એમ લાગ્યું. વચનની પ્રતીતિ રહી.

### તમે દીક્ષા આપશો નહીં

એક દિવસે કૃપાળુદેવ પાસે હું એકલો ગયો ત્યારે એક જણને દીક્ષા આપવા વિષે વાત થઈ ત્યારે કૃપાળુદેવે જણાવ્યું : તમે દીક્ષા ન આપશો, શ્રી દેવકરણજીને ચેલા કરવા હોય તો ભલે કરે.'' શ્રી દેવકરણજીએ દીક્ષા આપી હતી, પણ થોડા વખત પછી તે શિષ્ય સત્પુરુષની નિંદામાં પડી ગાંડો થઈ સંઘાડો છોડી જતો રહ્યો હતો.

### ચિત્રપટની માંગણી જેથી મુદ્રાનું અખંડ ધ્યાન રહે

એક દિવસ મેં માંગણી કરી કે આપનો ચિત્રપટ મને આપ પોતે ચીતરી આપો કે જેથી આપની મુદ્રાનું અખંડ ધ્યાન રહે, ભુલાય નહીં. પણ તેમણે કંઈ ધ્યાન આપ્યું નહીં. પછી બહુ આગ્રહ કર્યો ત્યારે નીચેની ગાથા સ્વહસ્તે લખી આપી :—



## હે જીવો તમે બોધ પામો, મનુષ્યભવ અતિ દુર્લભ છે

''संबुज्झहा जंतवो माणुसत्तं, दटठुं भयं बालिसेणं अलंभो।
एगंत दुक्खे जरिएव लोए, सक्कम्मणा विप्परियासुवेइ।।''

—સૂયગડાંગ-અધ્યયન ૭મું

તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે, તે ઉપદેશ કરતા હતા :—

**અર્થ :—** ''હે જીવો! તમે બૂઝો, સમ્યક્ પ્રકારે બૂઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો. અને 'સર્વ જીવ' પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો.'' -શ્રીમદ્ રાજચંદ્ર

સૂયગડાંગમાં ભરેલો અર્થ :— ''અહો! જીવો, તમે બૂઝો - મનુષ્યપણું પામવું દુર્લભ છે એમ જાણો.

''माणुस्स रक्त जाइ कुल रवारोग्ग माउ यं बुद्धि।
सवणोग्गह सद्धा संयमोय लोगंभि दुल्लहाइं ।।
दुल्लहे खलु माणुस्से भवे.''

**અર્થ :—** ઇત્યાદિક વચને બૂઝો એટલે પ્રતિબોધ પામો. તથા નરક તિર્યંચ આદિ ગતિને વિષે અનેક દુઃખ છે, તેનો ભય દેખીને બાલિશ એટલે અજ્ઞાનપણાને લીધે સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એવી રીતે જાણો તથા એ લોક એકાંત દુઃખી છે, જ્વરિત એટલે જેમ જ્વરાકાંત જીવ દુઃખી હોય તેમ એ સર્વ લોક પોતપોતાના કર્મરૂપ તાપે કરીને વ્યાકુલ થતા સંસારમાં વિપર્યાસ એટલે ફરી ફરી નાશ પામે છે.

(શિલાંક આચાર્યની ટીકા અનુસાર)


હે પ્રાણીઓ! તમે બોધ પામો કે કુશીલ, પાખંડી લોક રક્ષણ કરી શકે, તારી શકે તેમ નથી અને સમ્યક્‌પ્રકારે બોધ પામો કે બહુ દુર્લભતાથી ધર્મ પમાય છે. કહ્યું છે કે મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમજાતિ, કુલ, રૂપ, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, સારી બુદ્ધિ, સત્શાસ્ત્ર કે સદ્‌બોધનું શ્રવણ, ગ્રહણ, શ્રદ્ધા અને સંયમ કે સમભાવ આ લોકમાં ઉત્તરોત્તર દુર્લભ છે. તેથી ધર્મ જેણે પૂર્વે આરાધ્યો નથી તેને માનવપણું પામવું બહુ દુર્લભ છે એમ જાણી તથા જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ તેમજ નરક, તિર્યંચ ગતિઓમાં તીવ્ર દુઃખોનો ભય જાણી તથા અજ્ઞાની દ્વારા સદ્‌વિવેકની અપ્રાપ્તિ જાણી તથા નિશ્ચયનયને જાણી તાવલા જેવો આખો લોક એકાંત દુઃખી જાણો. કહ્યું છે :—

जम्म दुःखं जरादुःखं रोगाय मरणाणिय।
महा दुःखोहु संसारो जत्थ की संति पाणिणो ।।
तण्हा इहस्स णाणं कूरोत्था यस्स मुज्ञण तेती ।
दुःखसह संयनुत जरियमिव जगं कलय लेई ।।

તથા એમ પ્રાણીઓ અનાર્ય કર્મ કરી સુખ ઇચ્છે છે મોક્ષ ઇચ્છે છે અને મળે છે ભવ દુઃખ.

અનુવાદ :—

**''બૂઝો જીવો દુર્લભ માનવત્વ રાખો ભીતિ (બાલ્ય) અજ્ઞતાથી મળે શું?**
**એકાંત દુઃખો, અરે! લોક આખે, જીવો સ્વકર્મે (દોષે) વિપર્યાસ ચાખે.''**



**અર્થ :–** હે જીવો! તમે બોધ પામો, બોધ પામો, મનુષ્યપણું મળવું ઘણું જ દુર્લભ છે એમ સમજો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે એમ સમજો. આખો લોક કેવળ દુઃખથી બળ્યા કરે છે એમ જાણો. અને પોતપોતાના ઉપાર્જિત કર્મો વડે ઇચ્છા નથી છતાં પણ જન્મમરણાદિ દુઃખોનો અનુભવ કર્યા કરે છે તેનો વિચાર કરો.

### ‘આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે’

થોડા દિવસ પછી ‘શ્રી સમાધિશતક’ માંથી સત્તર ગાથા મને કૃપાળુદેવે વાંચી સંભળાવી અને તે પુસ્તક મને વાંચવા, વિચારવા આપ્યું. ત્યારે મને એમ સમજાયું કે બહિરાત્મપણું છોડી, અંતરાત્મ થઈ પરમાત્માને ભજો તો એક માસમાં પરમાત્મપ્રદીપ પ્રગટ થાય. તે પુસ્તક લઈ દાદરા સુધી ગયો એટલે પાછો બોલાવી ‘સમાધિશતક’ના પહેલા પાના ઉપર નીચેની અપૂર્વ મંત્રરૂપે લીટી લખી આપી :–

**‘‘આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.’’**

થોડા દિવસ પછી મને પૂછ્યું કે—સમાધિશતક વાંચો, વિચારો છો? ત્યારે મેં જણાવ્યું કે અત્રે હાલ આપનો બોધ સાંભળી, પછી નિવૃત્તિ ક્ષેત્રે વાંચીશ-વિચારીશ. હાલ નિવૃત્તિની અનુકૂળતા નહિ હોવાથી, પછી વાંચવા વિચાર છે.

આજે આ પ્રસંગે વિચાર આવે છે કે - જો તે જ વખતે તે પ્રત્યક્ષ આશ્રયમાં તેનું વાચન-વિચારવાનું કર્યું હોત તો અપૂર્વ લાભ થાત.

### આત્મભાવમાં નિરંતર રહેવા માટે બોધની જરૂર


એક દિવસે મેં કૃપાળુદેવને આ બધું મને ગમતું નથી. એક આત્મભાવનામાં નિરંતર રહું એવું ક્યારે થશે? ત્યારે પરમકૃપાળુદેવે કહ્યું : ‘‘બોધની જરૂર છે.’’ તેથી મેં કહ્યું કે ‘‘બોધ આપો.’’ આ વખતે પોતે મૌન રહ્યા.

વારંવાર કૃપાળુદેવ મૌનપણાનો બોધ આપતા અને તેમાં વિશેષ લાભ છે એમ જણાવતા. તે ઉપરથી મેં મુંબઈ ચોમાસું પૂરું કરી સુરત તરફ વિહાર કર્યો. ત્યારથી મૌનવ્રત ત્રણ વર્ષ પર્યંત ધારણ કર્યું. માત્ર સાધુઓ સાથે જરૂર પૂરતું બોલવાની તથા પરમકૃપાળુદેવ સાથે પરમાર્થ કારણે પ્રશ્નાદિ કરવાની છૂટ રાખી હતી. મુંબઈની ધમાલમાં ‘સમાધિશતક’ વાંચવાનું મેં મુલતવી રાખ્યું હતું તે સુરત તરફના વિહારમાં વાંચવા-વિચારવાની શરૂઆત કરી; તેથી અંતરમાં મને અપૂર્વ શાંતિ વેદાતી હતી. આ મૌનવ્રત મેં લીધેલું તે સંબંધી શ્રી અંબાલાલભાઈએ પરમકૃપાળુદેવને પત્ર દ્વારા જણાવ્યું, તેના ઉત્તરમાં તેઓશ્રીએ જણાવ્યું કે તે કાર્ય શ્રેય કર્યું છે.

(૩)

### મુનિશ્રી દેવકરણજી પોતાને પરમાત્મા માનવા લાગ્યા

સંવત્ ૧૯૫૦નું ચાતુર્માસ સુરત ક્ષેત્રે નિર્ણીત થયું હતું. શ્રી દેવકરણજીને જૈન શાસ્ત્રનો એટલો બધો અભિનિવેશ હતો કે તે મને વારંવાર કહેતા કે પૂજ્યશ્રી (શ્રીમદ્) સૂત્રોથી બહાર શું બતાવવાના છે? અને સૂત્રો તો મેં વાંચ્યાં છે, અર્થાત્ હું જાણું છું. આ શાસ્ત્ર અભિનિવેશ મંદ કરાવવા કૃપાળુદેવે તેમને યોગવાસિષ્ઠાદિ વેદાંતના શાસ્ત્રો વાંચવા આપ્યા હતાં. સુરતમાં શ્રી દેવકરણજી વેદાંતના ગ્રંથો વાંચતા



હતા. સુરતમાં વેદાંતના જાણકાર ઘણા ભાઈઓ હતા, તે તેમના સમાગમમાં આવવાથી અને વેદાંતના વિશેષ વાચનથી શ્રી દેવકરણજી પોતાને પરમાત્મા માનવા લાગ્યા. તે વાત મેં પરમકૃપાળુદેવને નિવેદન કરી એટલે એકાંતવાદમાં ન તણાઈ જવા માટે દેવકરણજીને 'ઉત્તરાધ્યયન' આદિ જૈનસૂત્રોનું પુનરાવલોકન કરવા સૂચવ્યું. (વચનામૃત પત્રાંક ૫૮૮) મારા ઉપર લખી દેવકરણજીને ઠેકાણે લાવવા માટે ઉપદેશ આપ્યો છે.

આવા પ્રસંગોમાં માથે ગુરુ હોય તો ગુરુકૃપાથી જીવ બચી શકે છે; નહીં તો પોતાને પોતાના દોષો સૂઝતા નથી અને દોષોને ગુણ માની દોષોમાં જીવ મગ્ન રહે છે.

### સ્વચ્છંદથી કરે તે બધું અભિમાન

અહીં સુરતમાં દેવકરણજી અમારી સાથે ધ્યાન કરતા, માળા ફેરવતા અને વ્યાખ્યાન કરતા. વ્યાખ્યાન સાંભળી શ્રોતાઓના મનમાં પ્રેમ આવવાથી નીચે આવી મને જણાવતા કે આજે તો દેવકરણજી મહારાજે વ્યાખ્યાન બહુ સારું વાંચ્યું; આવી પ્રશંસા શ્રોતાવર્ગના મુખથી સાંભળી, દેવકરણજી ઉપરથી નીચે આવે ત્યારે હું કહેતો કે આજે વિશેષ અભિમાન કર્યું. અને ધ્યાન કરી રહ્યા પછી હું કહેતો કે તમે તરંગ કરો છો. દેવકરણજી કંઈ ઉત્તર આપતા નહીં. પણ પરમકૃપાળુદેવ સુરત પધારેલા ત્યારે મુનિઓ પાસે આવ્યા. તે વખતે દેવકરણજીએ પ્રશ્ન પૂછ્યો કે 'મહારાજશ્રી મને વ્યાખ્યાન આપી આવું ત્યારે અભિમાન કર્યું કહે છે, અને ધ્યાન કરું છું તેને તરંગરૂપ કહે છે તો શું વીતરાગ પ્રભુ એમનું કરેલું સ્વીકારે અને અમારું ન સ્વીકારે એવા પક્ષપાતવાળા હશે?''

પરમકૃપાળુદેવે શાંતિથી કહ્યું : ''સ્વચ્છંદથી જે જે કરવામાં આવે છે તે સઘળું અભિમાન જ છે, અસત્ સાધન છે. અને સદ્‌ગુરુની આજ્ઞાથી જે કરવામાં આવે છે તે કલ્યાણકારી, ધર્મરૂપ સત્ સાધન છે.''


આથી પ્રથમ હું જે વાત કહેતો હતો તે દેવકરણજીને સત્ય લાગી. મને પરમકૃપાળુદેવના વચનામૃત વાંચવાની ઇચ્છા થવાથી શ્રી અંબાલાલભાઈએ પરમકૃપાળુદેવને પૂછાવી એક હસ્તલિખિત પુસ્તક મોકલ્યું. સુરત ચાતુર્માસ પૂર્ણ થયે અમે શેષકાળ નિર્ગમન કરવા કઠોર ક્ષેત્રે રહ્યા હતા. (ત્યાં શ્રી લલ્લુજીએ સં.૧૯૫૧માં સત્તર ઉપવાસ કર્યા હતા. -જીવનકળા પૃ.૧૭૫)

### આત્મજ્ઞાન મેળવવું હોય તો વિનય નમસ્કાર કરવા પડે

સંવત્ ૧૯૫૧માં પણ પરમકૃપાળુદેવનો સમાગમ કઠોરમાં અમને થયો. તેઓશ્રી કઠોર ઉપાશ્રયના મેડા ઉપરના ભાગમાં જ ઊતર્યા હતા. તેથી ઉપર જતાં પહેલાં મેં દેવકરણજીને કહ્યું કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો વિનય નમસ્કાર આદિ કરવા પડે. દેવકરણજીએ કહ્યું કે—''આપણે બે મુનિઓ જ જઈએ તો હું નમસ્કારાદિ કરીશ.'' તેથી ચતુરલાલજીને નીચે રાખી અમે બન્ને ઉપર ગયા. અને વિનય નમસ્કારાદિ કરી પરમકૃપાળુદેવના ચરણકમળ પાસે બેઠા. કૃપાળુદેવે અમોને ઉત્તમ બોધરૂપી પ્રસાદીથી તૃપ્ત કર્યાં.

### પરમકૃપાળુદેવના સમાગમથી ચતુરલાલજી પણ બુઝ્યા

તે વખતે નીચે રહેલા શ્રી ચતુરલાલજી મુનિને વિચાર થયો કે લાવને દાદરમાં જઈને જોઉં તો ખરો કે તે શું કરે છે? એમ ધારી દાદરમાં જઈને ગુપ્ત રીતે ડોકિયું કરી જોયું તો બન્ને મુનિઓ નમસ્કાર કરતા



હતા. તેથી તેમની વાત ખંભાઈ જઈ જાહેર કરવી એવા તરંગમાં ચઢી તે નીચે જઈ બેઠા. થોડી વારે શ્રી દેવકરણજી પણ નીચે ગયા. અને હું એકલો ઉપર રહ્યો ત્યારે મને તેઓશ્રીએ પૂછ્યું કે ''દેવકરણજી આવ્યા અને બીજા મુનિ કેમ ન આવ્યા?'' મેં કહ્યું—''તેની દૃષ્ટિ સહજ વિષમ છે, એટલે ઉપર લાવ્યા નહીં.'' પછી પરમકૃપાળુદેવ નીચે ઊતર્યા અને ચતુરલાલજી પાસે જઈને બેઠા અને શાંતિપૂર્વક કહ્યું : ''મુનિ, અમારે તો તમે અને એ મુનિઓ બન્ને સરખા છો; સર્વ પ્રત્યે અમારે સમદૃષ્ટિ છે. તમે પણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાચવી રાખજો. તેમાં ચૌદ પૂર્વનો સાર છે.'' આટલા જ સમાગમથી ચતુરલાલજીની વૃત્તિ પલટાઈ ગઈ અને વિષમદૃષ્ટિ ટળીને આસ્થા થઈ.

### અહો પરમકૃપાળુદેવ! તમારી સેવા કેમ કરવી તે અમે જાણતા નથી

તે જ દિવસે રાત્રે શ્રી અંબાલાલભાઈ તથા હું ઉપાશ્રયના મેડા ઉપર કૃપાળુદેવ બિરાજ્યા હતા ત્યાં ગયા અને ચરણસમીપ બેસી ચરણનું અવલંબન લઈ, ''અહો હરિદેવ, ન જાનત સેવ'' એ સુંદરદાસનો બનાવેલો ગુરુભક્તિનો છંદ પરમપ્રેમ અને ઉત્કૃષ્ટ ભક્તિભાવે ગદ્ગદ્ વાણીથી બોલી, ભક્તિ કરતાં આનંદ આનંદ ઊલસી રહ્યો હતો. પરમકૃપાળુદેવ પોઢી ગયા છે એમ મેં શ્રી અંબાલાલભાઈને કહ્યું ત્યારે શ્રી અંબાલાલભાઈએ મને જણાવ્યું કે તેઓશ્રી નિદ્રાવશ થયા નથી, પણ ધ્યાનમાં છે.

### વખતે દેહ છૂટી જાય તો ખાલી હાથે જાઉં

બીજે દિવસે સવારમાં કૃપાળુદેવ મુંબઈ તરફ પધાર્યા અને અમે કઠોરમાં થોડો કાળ રહી સુરત આવી સંવત્ ૧૯૫૧નું ચાતુર્માસ નક્કી થયેલું હોવાથી ત્યાં જ સ્થિરતા કરી.

આ વર્ષ મને લગભગ દસ બાર માસથી ઝીણો તાવ રહ્યા કરતો. કોઈ દવાથી ફાયદો ન થયો અને મંદવાડ વધી ગયો. ત્યાંના એક લલ્લુભાઈ ઝવેરીને પણ મારી પેઠે તાવ રહ્યા કરતો અને તેમનો દેહ છૂટી ગયો, તે સમાચાર સાંભળી મને પણ રહ્યા કરતું કે એક રાશિ નામની મળતી આવતી હોવાથી અને તાવનું નિમિત્ત સરખું હોવાથી વખતે મારો દેહ પણ છૂટવાનો વખત નજીક હશે, એવી ચિંતામાં મેં ઉપરાઉપરી પત્રો લખીને પરમકૃપાળુદેવને વિનંતી કરી :—

### સમકિતની માંગણીમાં છ પદનો પત્ર આવ્યો

''હે નાથ! હવે આ દેહ બચે તેમ નથી, અને હું સમકિત વિના જઈશ તો મારો મનુષ્યભવ વૃથા જશે, કૃપા કરી મને હવે સમકિત આપો.'' તે સમકિતની માગણીમાં પરમકૃપાળુદેવે પરમકૃપા કરી મારા પ્રત્યે અનંત દયા લાવી 'છ પદનો પત્ર' લખ્યો. અને સાથે જણાવ્યું કે ''દેહ છૂટવાનો ભય કર્તવ્ય નથી'' એમ અભયદાન પણ આપ્યું. કેટલોક સમય ગયા પછી પરમકૃપાળુદેવ સુરત પધાર્યા ત્યારે 'છ પદના પત્ર'નું વિશેષ વિવેચન કરી તેનો પરમાર્થ મને સમજાવ્યો અને તે પત્ર મુખપાઠ કરી વારંવાર વિચારવાની ભલામણ કરી હતી.

### સમકિત પ્રાપ્ત કરાવે એવો આ પત્ર

''એ પત્ર અમારી અનેક પ્રકારની વિપરીત માન્યતાઓ દૂર કરનાર છે, ન ઊભા રહેવા દીધા ઢુંઢિયામાં, ન રાખ્યા તપ્પામાં, ન વેદાંતમાં પેસવા દીધા; કોઈ પણ મતમતાંતરમાં ન પ્રવેશ કરાવતાં માત્ર એક આત્મા ઉપર ઊભા રાખ્યા. એ ચમત્કારી પત્ર છે. જીવની યોગ્યતા હોય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેવી



વિચારણા ઉત્પન્ન કરાવે તેવો એ અદ્ભુત પત્ર છે.'' -જીવનકળા (પૃ.૧૭૮)

### પરમકૃપાળુદેવનો પત્ર વાંચી દેવચંદજી પણ ચકિત થઈ ગયા

આ વખતનો સમાગમ-લાભ મને એકલાને જ કૃપા કરી આપ્યો હતો. પછી તેઓશ્રી મુંબઈ પધાર્યા હતા, અને અમે સુરતથી વિહાર કરી ખંભાત તરફ આવ્યા. એક માસ જેટલો કાળ ત્યાં રહ્યા. આ વખતે ગોંડળ સંઘાડાના દેવચંદજી કરીને જહાજીના શિષ્ય તે પણ ખંભાત આવેલા તેથી અમે એક જ ઉપાશ્રયમાં ઊતરેલા. તે દેવચંદજીને ખંભાતના સંઘે વિનંતી કરી કે—અમારા મહારાજશ્રીની શ્રદ્ધા આપણા સંપ્રદાય પ્રમાણે નથી, માટે તેઓને તમે સમજાવજો. આથી હું અને દેવચંદજી વગડે જતા. ત્યાં પંચ મહાવ્રત સંબંધી પરમકૃપાળુદેવે લખેલો પત્ર મેં તેમને વંચાવ્યો. આ પત્ર વાંચીને તેને એકદમ ચમત્કાર લાગ્યો, અને તે બોલ્યા કે આપની શ્રદ્ધા માટે અને આપે જે માર્ગ ગ્રહણ કર્યો છે તે માટે કોઈ બોલી શકે તેમ નથી. મને પણ આ વાત ઉચિત લાગે છે, માટે આપણે સાથે ચાતુર્માસ રહી, મારે આ વાતને વિશેષ જાણવી છે. તેની માર્ગ જાણવાની જિજ્ઞાસાથી અમે હા પાડી. પણ તેના ગુરુ જહાજીએ ત્વરાથી કોઈ કારણસર તેડાવી લીધા. તેથી તે ગયા. થોડો વખત ગયા પછી તેનો દેહ છૂટી ગયાના ખબર મળ્યા. અમે ખંભાત શેષકાળ પૂરો થવાથી અને ચાતુર્માસને હજુ વાર હોવાથી ખેડા ગયા. ત્યાં બીજા ચાર મુનિઓ અમારા સમાગમમાં આવ્યા.

### પરમકૃપાળુદેવની આજ્ઞાથી સ્વાદરહિત માત્ર એક વાર ભોજન

મુનિ મોહનલાલજી વગેરે સાધુઓને સામાન્યપણે પરમકૃપાળુદેવની અપૂર્વતા સંબંધી અમારી અને દેવકરણજીની સમજણ પ્રમાણે સરળભાવે વાત કરી, તે તેમને રુચી. સંવત્ ૧૯૫૨ની સાલનું ચાતુર્માસ સાત સાધુ સાથે ખંભાતમાં થયું. આ ચાતુર્માસમાં હું બહાર વનમાં નિવૃત્તિ અર્થે જતો; સવારમાં જતો અને લગભગ બાર વાગતા સુધીમાં આવી સાધુઓ આહારપાણી લાવ્યા હોય તેમાંથી પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રમાણે સ્વાદરહિત આહાર કરવાનું મને વિશેષ ઉપયોગમાં રહેતું. એકાંતરા ઉપવાસ હું કરતો તેને બદલે સ્વાદરહિત આહાર કરવાનું પરમકૃપાળુદેવે જણાવેલું હોવાથી સ્વાદરહિત એક ટંક આહાર લેતો.


આ અરસામાં પરમકૃપાળુદેવ આ તરફ પધારવાના છે એવા આનંદદાયક સમાચાર આવ્યા હોવાથી તેથી બીજા ગામમાં પણ સમાગમ થશે એવા વિચારથી ઉલ્લાસ થયો.

### ભક્તિ માટે વડવા રાત રોકાવાથી સંઘમાં મોટો વિક્ષેપ

દર પૂનમે ખંભાતના સર્વ મુમુક્ષુભાઈઓ નિવૃત્તિ લઈ વડવા જતા. ત્યાં રાત્રિદિવસ ભક્તિ, વાચન વિચાર આદિ વડે બધા પરમ આનંદ લેતા. શ્રી અંબાલાલભાઈ વગેરે આમાં હોવાથી હું પણ એક પૂનમની રાતે તેમની સાથે રહ્યો હતો. ચાતુર્માસનો કાળ હોવાથી અને કોઈને કહ્યા વગર રાત રહેવાથી સંઘમાં મોટો વિક્ષેપ થઈ પડ્યો. શ્રાવક, શ્રાવિકાને આ વાત બહુ અપ્રિય લાગી, અને મારા પ્રત્યેનો તેમનો પ્રેમ ઊતરી અરુચિ થઈ.

### વિરહ સહન નહીં થવાથી ચોમાસામાં રાળજ પહોંચ્યા

તેવા વખતમાં પરમકૃપાળુદેવ રાળજ, કાવિઠા, વડવા, આણંદ, નડિયાદ આદિ સ્થળે પધાર્યા. જે વખતે પોતે રાળજ બિરાજતા હતા, ત્યારે ખંભાતના બધા મુમુક્ષુઓને સમાગમ થયો. બધા આવીને પ્રેમ



ઉલ્લાસભરી વાતો કરતા. એક દિવસ તો હું જંગલમાં નિવૃત્તિ અર્થે જતો ત્યાંથી વિરહ સહન નહિ થવાથી રાળજ ગયો. ચોમાસામાં મુનિથી પરગામ વિહાર ન થાય અને ત્યાં જવાને માટે આજ્ઞા મંગાવેલી નહીં, માટે પૂજ્યશ્રી ઊતર્યા હતા તે બંગલાથી થોડે દૂર રહી એક માણસ દ્વારા કહેવડાવ્યું કે—પેલા બંગલે જઈ અંબાલાલ કરીને એક ભાઈ છે તેમને કહો કે એક મુનિ આવેલા છે તે તમને બોલાવે છે. તેથી શ્રી અંબાલાલભાઈ મારી પાસે આવ્યા અને મને ઠપકો દેતાં કહ્યું કે ''તમને આજ્ઞા નથી અને કેમ આવ્યા છો?'' તે ઉપરથી મેં કહ્યું કે ''આજ્ઞા મંગાવવા માટે તો હું અહિં ઊભો રહ્યો છું. અને તમને આજ્ઞા વિરુદ્ધ લાગતું હોય તો હું પાછો જતો રહું.'' શ્રી અંબાલાલે કહ્યું : ''એમ તો જવા ન દઉં, મને ઠપકો મળે. માટે પરમકૃપાળુદેવ જેમ આજ્ઞા કરે તેમ કરો. હું પૂછી આવું છું.'' પછી શ્રી અંબાલાલભાઈએ પરમકૃપાળુદેવ પાસે જઈને મારા આવ્યાની ખબર કહી. ત્યારે તેઓશ્રીએ કહ્યું કે—''મુનિશ્રીના ચિત્તમાં અસંતોષ રહેતો હોય તો હું તે તરફ નીકળીને મળું અને તેમના ચિત્તને વિષે શાંતિ રહે તો ભલે ચાલ્યા જાય.'' તે મુજબ શ્રી અંબાલાલભાઈએ આવીને મને સંભળાવ્યું. ત્યારે મેં કહ્યું કે—''આજ્ઞાનું પાલન થાય તેમ મારે કરવું. માટે હું પાછો ચાલ્યો જાઉં છું.''

## વિરહાગ્નિની વેદનામાં રાત્રિ પરાણે વ્યતીત કરી

ખેદખિન્ન થઈ મારા ભાગ્યનો દોષ દેખતો હું વિરહાગ્નિથી સંતાપ પામતો આંખમાંથી ઝરતી આંસુધારા લૂંછતા ખંભાત તરફ પાછો ફર્યો. ખંભાત જઈ તે રાત્રિ પરાણે વ્યતીત કરી. પછી બીજે દિવસે પરમદયાળુનાથે મારા પર પરમ દયા કરીને પૂજ્યશ્રી સૌભાગ્યભાઈ તથા શ્રી ડુંગરશીભાઈ અને શ્રી અંબાલાલભાઈ એ ત્રણે પવિત્ર પુરુષોને રાળજથી ખંભાત મોકલ્યા. વિરહાગ્નિથી મારું અંતઃકરણ તપી રહ્યું હતું. સત્સમાગમ માટે અત્યંત આતુર હતું. સમાગમ વિના એક પળ પણ હજારો વર્ષ જેવી દુઃખરૂપ લાગતી હતી. તે વિયોગની શાંતિને અર્થે જેમ શ્રી કૃષ્ણે વ્રજમાં ગોપાંગનાઓ પાસે ઉદ્ધવને મોકલી, વ્યાકુળ થયેલી ગોપીઓને પરમ સુખકાર એવો સંદેશો કહ્યો હતો કે હવે અલ્પ સમયમાં શ્રી વાસુદેવ વ્રજમાં પધારશે. આ સંદેશો શ્રવણ કરીને ગોપાંગનાઓને જે આનંદ થયો હશે, તેનું વર્ણન શી રીતે થઈ શકે? તેવા પ્રકારે મને પણ પૂજ્ય સૌભાગ્યભાઈએ પરમ શાંતિ આપી કહ્યું કે—પરમકૃપાળુદેવ તમને સમાગમ કરાવશે અને આપને કહેવા યોગ્ય જે વાત કહી છે તે આપને એકલાને જ જણાવવાની છે.

## જે વિનયાદિ સાચવવાના તે પરમકૃપાળુદેવ માટે જ

પ્રથમ પૂ.સૌભાગ્યભાઈને ઉપાશ્રયમાં પ્રવેશ કરતા દેખીને જ મને હર્ષોલ્લાસ આવેલો તેથી એકદમ પાટ ઉપરથી ઊઠી તેમની સામે જવા હું ધારતો હતો, તેટલામાં તો તે શાંતમૂર્તિ શ્રી સૌભાગ્યભાઈ ઝડપથી મારી નિકટ આવી મને પાટ ઉપર પાછો બેસાડી દીધો. અને પોતે નીચે બેસી બોલ્યા કે જે વિનયાદિ સાચવવાના છે તે પરમકૃપાળુદેવ માટે જ છે, તેમને જ છાજે, અમારી તેવી દશા નથી. આવા વિનય ભરપૂર આગ્રહથી હું પાટ પર બેસી રહ્યો.

## 'સહજાત્મ સ્વરૂપ પરમગુરુ' મંત્રની આજ્ઞાથી પરમ સંતોષ થયો

પછી પોતે પરમકૃપાળુદેવ તરફથી મારે માટે જે કલ્યાણકારક પવિત્ર સમાચાર લાવ્યા હતા તે મને જ કહેવા આજ્ઞા હોવાથી વિનીતભાવે પૂછ્યું કે—આપ નિવૃત્તિ સ્થાને પધારશો? મેં હા પાડી એટલે શ્રી



અંબાલાલભાઈને ત્યાં જઈને અમે એકાંતમાં બેઠા. પરમકૃપાળુદેવનો સંદેશો કહેવાનો હતો તે કહ્યો. તે શ્રવણ કરી મારું હૃદય પ્રફુલ્લિત થયું. પછી શ્રી સૌભાગ્યભાઈએ શ્રી પરમકૃપાળુદેવે જણાવેલ મંત્ર કહી સંભળાવ્યો અને પાંચ માળાઓ રોજ ફેરવવાની આજ્ઞા કરી છે એમ જણાવ્યું. નાથે મારા પર કરુણા કરી જેથી મને ઘણો જ સંતોષ થયો.

આ પ્રકારે સમાગમ કરાવી પૂ.સૌભાગ્યભાઈ અને શ્રી અંબાલાલભાઈ રાળજ પધાર્યા અને શ્રી ડુંગરશીભાઈ કાઠીયાવાડ તરફ પધાર્યા અને પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રમાણે હું સાધના કરવા લાગ્યો.

### પ્રથમ દિવસ

### રાળજથી પરમકૃપાળુદેવ વડવા પધાર્યા

થોડા કાળ પછી પરમકૃપાળુદેવ કૃપા કરી પૂ.સૌભાગ્યભાઈ સાથે ખંભાત પાસે વડવા એકાંત સ્થળ છે ત્યાં પધારવાના આનંદદાયક સમાચાર મળવાથી અમે દેવકરણજી સહિત છ મુનિઓ પરમકૃપાળુદેવની સામે ગયા. જે માર્ગથી તે પધારવાના હતા તે તરફ અમારી દૃષ્ટિ લાગેલી હતી. રાળજથી રથમાં બેસી પરમકૃપાળુદેવ અને પૂ.સૌભાગ્યભાઈ આવતા હતા. એમ રસ્તામાં અમને દર્શન થયાં અને પૂ.સૌભાગ્યભાઈ અમને દેખી રથમાંથી નીચે ઊતરી પડ્યા અને અમારી સાથે ચાલતા વડવાના મકાન સુધી આવ્યા. પરમકૃપાળુદેવ એકલા રથમાં બિરાજેલા હતા.

### મારાથી સમાગમનો વિરહ સહન થતો નથી

પછી પરમકૃપાળુદેવે છએ મુનિઓને એકાંત સ્થળે વડવામાં વાવ આગળ નિવૃત્તિરૂપ સ્થાને બોલાવ્યા; અમે સર્વ ત્યાં ગયા. સન્મુખ જતાં જ બધા મુનિઓ નમસ્કાર કરી પરમકૃપાળુદેવના ચરણકમળ સમીપ બેઠા. આ વખતે મારું હૃદય ભરાઈ આવ્યું. વિરહાગ્નિથી તપતાં અંતઃકરણને પરમકૃપાળુદેવની શાંત મુખમુદ્રાએ શાંતિ આપી. પછી મેં કહ્યું—હે નાથ! આપના ચરણકમળમાં મને નિશદિન રાખો. આ મુહપત્તી મારે જોઈતી નથી'' એમ કહી પરમકૃપાળુદેવના આગળ મુહપત્તી નાખી અને આંખમાં અશ્રુ ઊભરાતાં ગદ્ગદ્ વાણીથી બોલ્યો : ''મારાથી સમાગમનો વિરહ સહન થતો નથી.'' આ દૃશ્ય જોઈ પરમકૃપાળુદેવનું કોમળ હૃદય પણ રડી પડ્યું, તેમની આંખમાંથી સતત અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો : કેમ કર્યો અટકે નહીં. મારા મનમાં પણ એમ આવ્યું કે મેં આ શું કર્યું? અહો! ભક્તવત્સલ ભગવાન મારો અવિનય અપરાધ થયો હશે? હવે શું કરું? ઇત્યાદિ પશ્ચાત્તાપના વિચારમાં હું લીન થઈ ગયો. સર્વ આશ્ચર્યચકિત થઈ મૌન બેસી રહ્યા. લગભગ એક કલાક સુધી આમ ઉદાસીન મૌન સ્થિતિમાં રહી પરમકૃપાળુદેવે મુનિશ્રી દેવકરણજીને કહ્યું : ''આ મુહપત્તી મુનિશ્રીને (શ્રી લલ્લુજીને) આપો અને હમણાં રાખો.''

### બીજો દિવસ

### ક્રોધ, માન, માયા, લોભ અનાદિના દુશ્મન

બીજે દિવસે પરમકરુણાનાથે પરમ કરુણા કરી ઉપશમ રસ અને વીતરાગભાવ પ્રગટ થાય એવી અપૂર્વવાણી પ્રકાશી, પોતે પરમ વીતરાગમુદ્રા ધારણ કરી શુદ્ધ આત્મોપયોગમાં રહી જણાવ્યું કે આ વાણી આત્મામાં સ્પર્શીને નીકળે છે; આત્મપ્રદેશોની નિકટતર લુંછાઈને પ્રકટે છે. અમને સર્વ સાધુઓને આ અલૌકિક વાણીથી અલૌકિક ભાવ પ્રગટ થયો હતો. તેમજ એવી ચમત્કૃતિ લાગતી કે આવી વાણી આપણે



કોઈ કાળે જાણે સાંભળી નથી. એવી અપૂર્વતા તે વાણીમાં અમને લાગતી હતી. ક્રોધ, માન, માયા, લોભ સંબંધી કહેતા પરમકૃપાળુદેવ બોલ્યા કે—આ ચારે આપણા અનાદિ શત્રુઓ છે માટે ક્રોધાદિ ઉદયમાં આવે ત્યારે કહી દેવું કે તમે અમારા અનાદિના દુશ્મન છો. તમે અમારું બૂરું કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. પણ હવે તમને જાણ્યા છે, એમ કહી તે રિપુઓનો ક્ષય કરવો. ક્રોધાદિનો નાશ કરવા આમ અપૂર્વ ઉપાય બતાવ્યો હતો.

## હું પામર તે અપૂર્વવાણીનું શું વર્ણન કરી શકું?

અનુપમ વાણી શ્રવણ કરી, અંતઃકરણ જે આનંદ અનુભવતું હતું તે મર્યાદિત વાણીવડે પ્રગટ કરવા સમર્થ નથી. કારણ કે તે ઉપદેશામૃત સાંભળતા અમે જિનપ્રતિમાવત્ સ્તબ્ધ બની ગયા હતા, અર્થાત્ એવી આત્મપરિણતી, સ્થિરતા અને આત્મવીર્યનું ઉલ્લસવું અકથ્ય હતું. હું પામર તે અપૂર્વવાણીની છાયા શું લખી શકું? જેનો એક અક્ષર પણ શ્રવણ કરનારને વીતરાગભાવના પ્રગટાવે એવી પરમ ઉપશમરૂપ વાણીના પરમદાતાએ અમારા પર દયા લાવી પરમ કલ્યાણરૂપ બોધ કર્યો હતો, જે સાંભળી દેવકરણજી વગેરે સર્વ મુનિઓના ચિત્તમાં પરમ આનંદ થયો હતો. રસ્તે પાછાં ફરતાં દેવકરણજીએ જણાવ્યું કે—હાશ! હવે તો ઘણો ભાર ઓછો થઈ ગયો અને હલકા ફૂલ જેવા કરી નાખ્યા. આમ ઉપદેશામૃતની પ્રશંસા કરતા અને બોધભાવની વૃદ્ધિ સાથે આત્મચિંતવન કરતા આત્મોલ્લાસ દર્શાવતા હતા.

## પરમ ઉપશમભાવ પ્રગટે તેવો અતૂટ ધારાએ બોધ

આ બીજા દિવસનો બોધ તો જેમ અષાઢ માસમાં અખંડ ધારાએ વૃષ્ટિ થાય તેમ અતૂટ ધારાએ પરમ ઉપશમભાવ પ્રાપ્ત થાય એવો બોધ કરુણાસાગરે કર્યો હતો. કેટલાંક મુનિઓને આ બોધ શ્રવણ કરવાનો પ્રથમ પ્રસંગ હોવાથી, અત્યંત પિપાસાપૂર્વક જેમ આઠ માસ પર્યંત પ્રખર તાપથી તપેલી પૃથ્વી, પ્રથમ થયેલ વૃષ્ટિનું બધું જળ શોષી લે અર્થાત્ પોતામાં શમાવી લે, તેમ આ ઉપદેશામૃતને 'ટહ-ટહ' તીવ્ર પીપાસાથી અંતઃકરણ પીધા કરતું હતું. આ બોધ પરમકૃપાળુદેવે વડવા મુકામે કરેલો તે વિષેની સંક્ષિપ્ત નોંધ છે.

### ત્રીજો દિવસ

## ગૃહવાસમાં પણ જ્ઞાની હોય એ વાત જિનાગમમાં છે

ત્રીજા દિવસે સવારમાં મુનિ મોહનલાલજી વડવા ગયા તે વખતે પરમકૃપાળુદેવની મુખમુદ્રા પરમ ઉદાસીન ભાવમાં જોવામાં આવેલી. પોતે કોઈ મુમુક્ષુને પત્રના ઉત્તરો લખતા હતા. તથાપિ તેમની મન, વચન, કાયાની ચેષ્ટા દેખતાં અપૂર્વભાવ ભાસ્યો હતો. આખો પત્ર લખી રહ્યા ત્યાં સુધી મુનિ મોહનલાલજીના સામે દૃષ્ટિ પણ કરી નહીં. જાણે એક વીતરાગ શ્રેણીમાં પોતે નિમગ્ન હતા, અને લેખિની એકધારાએ અસ્ખલિતપણે ચાલતી હતી. આમ લેખનકાર્યની પ્રવૃત્તિ છતાં અંતરદશા અલૌકિક વર્તે છે, એવું પ્રત્યક્ષ જણાઈ આવતું હતું. પત્ર સંપૂર્ણ લખાઈ રહ્યા પછી મોહનલાલજીના સામે જોઈ પૂછવા લાગ્યા કે દીક્ષા ક્યારે લીધી? જન્મભૂમિનું ક્ષેત્ર કયું? વગેરે પ્રશ્નોત્તર થયા પછી પૂછ્યું કે—અમે જ્ઞાની છીએ એવો તમને નિશ્ચય છે?

મોહનલાલજી : હા, આપ જ્ઞાની છો એવો અમને નિશ્ચય છે.

કૃપાળુદેવે કહ્યું : ગૃહવાસમાં જ્ઞાની હોય?



મોહનલાલજી : હા, ગૃહવાસમાં પણ જ્ઞાની હોય એ વાત જિનાગમમાં સ્થળે સ્થળે છે.

## અમે આત્માને એક સમય પણ ભૂલતા નથી

વાતચીતના પ્રસંગમાં શ્રીમુખે જણાવ્યું કે અમે આત્માને એક સમય માત્ર પણ ભૂલતા નથી. આ સાંભળી મોહનલાલજીને ઘણા દિવસ સુધી ખટક્યા કરેલું કે ખાવું, પીવું વગેરે ક્રિયા કરતાં આત્માને ન ભૂલાય એ કેમ બનતું હશે? આ કથન આશ્ચર્યરૂપ અને સત્પુરુષે કહેલું હોવાથી સત્યરૂપ લાગવા છતાં ઘણો વખત આશંકા રહી.

## મુનિશ્રી લલ્લુજી મહારાજની આજ્ઞામાં તમારું કલ્યાણ

પછી મોહનલાલજીએ વિનંતી કરી કે મારે આત્મકલ્યાણ માટે કેમ વર્તવું? સ્મરણ શાનું કરવું? ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે—મુનિશ્રી લલ્લુજી મહારાજ તમને જણાવશે અને તેઓની આજ્ઞામાં ચાલશો તો તમારું કલ્યાણ છે.

## પરમકૃપાળુદેવ બેઠક ઉપર ન બેસતાં નીચે બેઠા

સાંજના વડતળે ઘણા માણસોનો સમૂહ શ્રવણાર્થે એકત્ર થયો હતો. બધા મુનિઓ તથા ખંભાતમાંથી મુમુક્ષુઓ ઉપરાંત બીજા ભાઈ બેનો આવ્યાં હતાં. શ્રી અંબાલાલભાઈએ બેઠક માટે બિછાવેલું હતું, પરંતુ તેના ઉપર નહીં બેસતાં પરમકૃપાળુદેવ નીચે બેસી ગયા.

## જ્ઞાનીની આશાતના તે અનંતાનુબંધી કષાય

ખંભાતથી ઢુંઢીયા શ્રાવકો પણ આવેલા. તેમાંથી ગટોરભાઈએ મુહપત્તી સંબંધી કહ્યું કે શાસ્ત્રમાં મહુપત્તી ચાલી છે. (મુખ આડે વસ્ત્ર રાખી બોલવાનું ફરમાન) પરમકૃપાળુદેવે હાથમાં વસ્ત્ર રાખી બોલતાં જણાવ્યું કે દોરો ચાલ્યો નથી. (દોરાથી મુહપત્તી મોઢે બાંધવાનું વિધાન શાસ્ત્રમાં નથી) એમ જેટલી વાર તેણે ઉથલાવી ઉથલાવી તે પ્રશ્ન કર્યો તેટલી વાર તેની તે વાત પરમકૃપાળુદેવે પણ ઉત્તરમાં જણાવી. ગટોરભાઈનું શરીર કષાયના આવેશવડે ધ્રુજવા માંડ્યું. એટલે પરમકૃપાળુદેવે તેના તરફ બધાનું ધ્યાન ખેંચી કહ્યું કે આ અનંતાનુબંધીનું સ્વરૂપ જુઓ. વળી જણાવ્યું કે એના વિષે તમે કાંઈ વિકલ્પો કરશો નહીં. તે માર્ગ ઉપર આવવાનો છે. તે જ સાલના ચાતુર્માસમાં દેવકરણજી મુનિના વ્યાખ્યાનમાં જ્ઞાનીની આશાતનાથી બંધાતા કર્મ અને પરિભ્રમણનું સ્વરૂપ સાંભળી, તે ભાઈએ ફરી સભા સમક્ષ પોતાથી થયેલી પરમકૃપાળુદેવની આશાતનાનો પશ્ચાત્તાપ કરી ક્ષમાપના માગી હતી.

## મુનિશ્રી ચતુરલાલજીને આત્મકલ્યાણ અર્થે આપેલ સૂચન

મુનિ ચતુરલાલજીએ ઉપદેશ પૂર્ણ થઈ રહ્યા પછી, પોતાના આત્મકલ્યાણ અર્થે માર્ગ સૂચવવા વિનંતી કરી. આથી પરમકૃપાળુદેવે ''महादेव्याः कुक्षिरत्नं''એ શ્લોકનું સ્મણ કરવા, પાંચ નવકારવાળી (માળા) ફેરવવા અને નૃસિંહાચાર્ય રચિત ગરબો ''જય જય શ્રી સદ્ગુરુપદ'' મુખપાઠે કરવા આજ્ઞા કરી.

## અમારી દશા વિશેષ નિર્મળ ઊંચી હદ ઉપર છે

મને એકાંતમાં જણાવેલું કે હે મુનિ! આત્મા ઊંચી દશા પર આવે એમ કર્તવ્ય છે. શ્રી સૌભાગ્યભાઈની દશા બહુ સારી ઊંચી હદ ઉપર આવી છે અને અમારી દશા તેથી વિશેષ નિર્મળ ઊંચી હદ ઉપર છે. તેમજ



દરેક મુનિઓની દશા વિષે પણ જણાવ્યું હતું. તમે તેઓને ''સહજાત્મસ્વરૂપ.........'' મંત્ર આપજો.

ચોથો દિવસ

### અહો! સદ્ગુરુની કૃપાદૃષ્ટિ અપૂર્વ છે

ચોથે દિવસે જે ગચ્છમાં, જે સંપ્રદાયમાં દીક્ષિત થયેલા અને તેમાંજ મોક્ષમાર્ગ માનેલો તે ભાવો નિર્મૂળ કરવા માટે પરમગુરુએ કેસરીસિંહની માફક શૂરવીરપણાથી મતાગ્રહી ભાવ નષ્ટ કરે તેવી અલૌકિક વાણી ધારા વરસાવી હતી. તે વખતે અમારા અંતઃકરણમાં તે ઉપદેશથી અજબ અસર થઈ હતી. પણ બીજા સાધુ મોહનલાલજી જેવાના મનમાં તે બોધ તે વખતે રુચેલો નહીં. કારણ કે અનાદિના મિથ્યાત્વના પર્યાય ગચ્છમતનો આગ્રહી ધર્મ માનેલો, આરાધેલો, દૃઢ કરેલો તેથી એકાએક શી રીતે પરિવર્તન પામે? પરમકૃપાળુદેવે જણાવેલું કે સમ્યક્વિવેક આદિ ગુણો પણ તે ગચ્છવાસીમાં નથી, ઇત્યાદિ અસરકારક રીતે વિવેચન કર્યું હતું. તે કાળે જેને નહોતું સમજાયું, તેને પણ જેમજેમ કાળ જતો ગયો, તેમ તેમ તે ઉપદેશનું સ્મરણ કરતાં તે જ સાધુઓને પરમકૃપાળુદેવનું પ્રવચન અમૃતતુલ્ય પરિણમ્યું અને પોતાની ભૂલો માલુમ પડી. અહો! સદ્ગુરુની કૃપાદૃષ્ટિ અપૂર્વ છે.

### અમે જે બીજ વાવીએ તે કાળે કરીને ઊગશે જ

ઉપદેશ થયા પછી પોતે જણાવતા કે અમે જે આ બીજ વાવીએ છીએ, તે લાંબા કાળે પણ ઊગ્યા વિના રહેવાનાં નથી. કારણ કે આ સજીવન બીજ છે. તેના ઉપર ઈલાયચીનું દૃષ્ટાંત દઈને સમજાવ્યું હતું કે ઈલાયચીના બીજને ઊગતાં બહુ દિવસ લાગે છે, પણ ઊગવાનું તો ખરું જ. તે પ્રકારે અમારો બોધ મુમુક્ષુજીવોને કાળે કરીને અંતરમાં અવશ્ય ઊગવાનો છે.

પાંચમો દિવસ


### બ્રહ્મચર્યની રક્ષા માટે દેહને પણ જતો કરવો

પાંચમે દિવસે બ્રહ્મચર્યની રક્ષા સંબંધી અપૂર્વ બોધ કરવામાં આવ્યો હતો. પરમકૃપાળુદેવે મુનિ દેવકરણજી સામે જોઈ પૂછ્યું કે મુનિને બ્રહ્મચર્યની રક્ષા માટે દેહ પાડી દેવાનું પણ કહેવામાં આવેલ છે, તે આત્મઘાત ન કહેવાય? આ પ્રશ્નનો ઉત્તર કોઈ આપી શક્યું નહીં. પછી પરમકૃપાળુદેવે પરમકૃપા કરી જણાવ્યું કે બ્રહ્મચર્ય એટલે આત્મા અને તેથી એ આત્માના રક્ષણાર્થે દેહને જતો કરવો પણ આત્માને રાખવો તે ભગવાનની આજ્ઞા છે. માટે એ આત્મઘાત નથી પણ આત્મરક્ષણ છે. એવા રૂપમાં ખુલાસો કરી જણાવ્યું કે પંચ મહાવ્રત છે, તેમાં ચોથા મહાવ્રત માટે અપવાદ નથી. કેમકે તે ક્રિયા રાગ વિના થવી સંભવતી નથી. જે ક્રિયા રાગ રહિત રહીને થઈ શકે તેમાં અપવાદ શ્રી ભગવાને કહ્યો છે. તે અપવાદે તે ક્રિયા મુનિ જરૂર પડ્યે કરે એવી આજ્ઞા પણ આપી છે. એટલે પ્રાણાતિપાત વિરમણ આદિ મહાવ્રતોમાં અપવાદરૂપ વર્તન કારણસર ઉપદેશ્યું છે.

છઠ્ઠો દિવસ

### ગૃહકુટુંબ બધું છોડ્યું માટે સાચા સાધુ બનો

છઠ્ઠા દિવસે વડવામાં પરમકૃપાળુદેવે અનંત દયા લાવી દેવકરણજી વગેરે મુનિઓને કહ્યું કે તમે



ગૃહ, કુટુંબ, પરિવાર તેમજ પંચની સાક્ષીએ પરીણિત સ્ત્રી એ સર્વ પર નિર્મોહી થઈ નીકળ્યા છો, તો તમે સાચા સાધુઓ બનો. આત્મામાં સાચ પ્રગટ કરો. એમ કહી પરમગુરુએ છ પદ સ્પષ્ટ કરી આપ્યાં : (૧) આત્મા છે (૨) આત્મા નિત્ય છે (૩) આત્મા કર્મનો કર્ત્તા છે (૪) આત્મા કર્મનો ભોક્તા છે (૫) મોક્ષ છે અને (૬) મોક્ષનો ઉપાય છે.

### એવા અલૌકિક છ પદ આપ ક્યાંથી લાવ્યા?

હે મુનિઓ આ છ પદનો વારંવાર વિચાર કરજો. છ પદ શ્રવણ કરી દેવકરણજી મુનિ બોલ્યા કે આવાં અલૌકિક અને કદી નહીં સાંભળેલા એવાં આ છ પદ આપ ક્યાંથી લાવ્યા? આવી અપૂર્વવાત અમે તો કદી સાંભળી નહોતી. આપના શ્રીમુખેથી પ્રથમ શ્રવણ કરીએ છીએ. આ ષટ્સ્થાનક ઉપર પરમ-કૃપાળુદેવે વિચાર કરવા વિશેષ ભલામણ કરી હતી.

### નિષ્કારણ કરુણા સિંધુ કૃપાળુદેવ

વળી કહેલું કે વડવા જે આટલા કાળ રોકાવું થયું છે તે તમારે માટે જ થયું છે. આવી અમાપ કૃપાદૃષ્ટિ જાણી અમને બધાને મનમાં એમ થયું કે અહો! આ પુરુષ કેવા દયાળુ છે, નિષ્કારણ કરુણાસિંધુ અમારા ઉપર કરુણા લાવી માત્ર અમારા આત્મકલ્યાણ માટે અહીં રહ્યા. તે ઉપકાર વારંવાર યાદ આવતાં તે દયાળુનાથની અનંતદયા સમજાય છે અને અમારો ડૂબતાનો ઉદ્ધાર કરનાર આ પુરુષ છે એવી સુપ્રતીતિ સ્ફૂરે છે.

### આત્મપરિણતિ ઉપર લક્ષ આપવાથી પ્રતીતિ થશે

મુનિઓને સંબોધી પુનઃ કહ્યું કે તમને (અમારી) આ વેષે પ્રતીતિ થશે તે યથાર્થ સત્ય થશે, કારણ કે તમારો ત્યાગીનો વેષ છે અને અમારી પાસે તેવું કાંઈ ન દેખાય. પરંતુ આત્મપરિણતિ ઉપર લક્ષ આપવાથી પ્રતીતિનું કારણ થશે.

### રતન જેવા સાધુ હતા પણ શ્રદ્ધા બગડી ગઈ

આવી રીતે પરમકૃપાળુદેવના સમાગમમાં વધારે આવવાથી, ખંભાતના શ્રાવક શ્રાવિકાઓ અમારા પ્રત્યે વિષમ દૃષ્ટિ ધરાવતા હતા. શ્રાવક-અગ્રેસરો કહે કે મોતીનું પાણી ઊતરી ગયું. શ્રાવિકાઓ રસ્તે જતાં વાતો કરે કે અરે! રતન જેવા સાધુ હતા પણ એમની શ્રદ્ધા બગડી ગઈ. સંસારીને પગે લાગવું, એમની પાસે જઈ બોધ સાંભળવો, આ બધું મુનિને ઘટે નહીં.

### લોકોની નિંદાથી સત્ય શું? તેનો વિચાર થશે

આવી વાતો પરમકૃપાળુદેવના જાણવામાં આવ્યાથી અમને કહ્યું કે આથી તમને વિશેષ પ્રતીતિનું કારણ થશે. કેમકે આ બધાના કહેવા ઉપરથી તમને યથાર્થ વિચાર કરવાનો અવકાશ મળશે. માટે એ લોકો તમારા ઉપકારી છે.

### મોક્ષમાળાની રચના સમયે શ્રી રામ જેવો વૈરાગ્ય

શ્રી વડવાના સમાગમમાં પ્રસંગોચિત્ત પરમગુરુએ જણાવેલું કે જ્યારે નાની ઉંમરે અમે મોક્ષમાળા રચી ત્યારે અમને શ્રી રામના જેવો વૈરાગ્ય યોગવાસિષ્ઠ રામાયણના 'વૈરાગ્ય પ્રકરણ'માં વર્ણવેલો છે, તેવો વૈરાગ્ય અમને તે વખતે વર્તતો હતો. તે અરસામાં અમે જૈન આગમ માત્ર સવા વર્ષમાં અવલોકી



લીધાં હતાં. એવો તીવ્ર વૈરાગ્ય વર્તતો હતો કે અમે આહાર કર્યો છે કે નહીં તેની પણ ખબર રહેતી નહીં.

### આત્મસિદ્ધિનો સ્વાધ્યાય કરતાં આનંદના ઉભરા

વડવાથી પરમકૃપાળુદેવ શ્રી નડિયાદ ક્ષેત્રે પધાર્યા. ત્યાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર તેઓશ્રીએ રચ્યું. પરમગુરુએ મારા પર પરમદયા લાવી શ્રી આત્મસિદ્ધિજીની એક પ્રત તથા સાથે એક પરમ હિતકારી પત્ર મોકલાવેલ તેનો સ્વાધ્યાય હું એકાંતમાં વગડામાં જઈને કરતો. એક પ્રત પૂ.સૌભાગ્યભાઈને, એક શ્રી અંબાલાલભાઈને અને એક વડોદરાવાળા *માકુભાઈ (માણેકલાલભાઈ ઘેલાભાઈ ઝવેરી)ને એમ ચાર પ્રતો ચાર જણને મોકલાવી હતી. તે વાંચતા અને મુખપાઠ કરતાં મારા આત્મામાં આનંદના ઉભરા આવતા અને અકેક પદમાં અપૂર્વ મહાત્મ્ય છે એમ મને લાગ્યા કરતું. આત્મસિદ્ધિજીના સ્વાધ્યાયથી અને નિરંતર મનન રહ્યા કરવાથી આત્મોલ્લાસ થતો. કોઈની સાથે વાત કે બીજી ક્રિયા કરતાં પણ શ્રી આત્મસિદ્ધિજીની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુદેવની શાંત મુખમુદ્રા કિંવા આત્મસિદ્ધિશાસ્ત્રની આત્માનંદ આપનારી કોઈ ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું. અન્ય કશું ગમતું નહીં. બીજી વાતો પર તુચ્છભાવ રહ્યા કરતો. માહાત્મ્ય એક સદ્ગુરુ અને તેના ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું.

### શ્રી અંબાલાલભાઈની વૈરાગ્ય દશા, નમ્રતા, વિનય આદિ ગુણો પ્રશંસનીય

સંવત્ ૧૯૫૨ની સાલમાં શ્રી અંબાલાલભાઈની પણ અલૌકિક દશા દેખાતી હતી. જ્યારે જ્યારે તેમનો સમાગમ થતો ત્યારે વૈરાગ્યદશા, નમ્રભાવ, વિનયાદિ ગુણો પ્રગટ જણાઈ આવતા અને તેથી અમારો આત્મા પ્રમોદ પામતો, જાણે આવા પવિત્રાત્માનો સમાગમ નિરંતર કરીએ. શ્રી અંબાલાલભાઈના સહચારી સમાગમીઓ પણ અમારી પાસે આવતા ત્યારે પરમગુરુના મહાત્મ્યની વાતો જે એમના હૃદયમાં હોય તે હર્ષપૂર્વક કહેતા, તે સાંભળી અમારા આત્માને વારંવાર આનંદ થતો. આ અરસામાં ઘણા મુમુક્ષુ-ભાઈઓની દશા ઉત્કૃષ્ટ દેખવામાં આવતી. પૂ.સૌભાગ્યભાઈની વિનયભક્તિ દેખી અમારા આત્મામાં કોઈ ઓર જ પ્રેમ ઊછળતો.

### ગ્રંથ વાંચતા ખળી રહેવું નહીં

સંવત્ ૧૯૫૩નું ચાતુર્માસ ખેડા ક્ષેત્રે કર્યું ત્યારે સ્વાધ્યાય અર્થે 'મોક્ષમાર્ગ-પ્રકાશક' નામનો ગ્રંથ પરમકૃપાળુદેવે અમારા ઉપર મોકલ્યો હતો. તેનો સ્વાધ્યાય અમે બધા મુનિઓ કરતા હતા. તેમાં ઢુંઢકમતના (સ્થાનકવાસી પંથના) ખંડનનું વર્ણન જોઈ મુનિ દેવકરણજીને તે વાચન બંધ કરવાનો વિચાર થયો; તેથી પરમકૃપાળુદેવને તે વિચાર જણાવતાં, તેઓશ્રી તરફથી પત્ર મળ્યો કે કોઈ બાબત માટે ગ્રંથ વાંચતા ખળી રહેવા યોગ્ય નથી. દોષદૃષ્ટિ તજી ગુણગ્રાહી થવા પ્રેરણા કરી હતી તેથી પૂર્ણ સ્વાધ્યાય થતાં તેમની મહત્તા સમજાઈ હતી.

(૫)

### મુનિશ્રી મોહનલાલજીને દર્શન મોહનીય કર્મનો ઉદય

સંવત્ ૧૯૫૪ની સાલમાં અમારું ચાતુર્માસ ત્રણ મુનિઓનું શ્રી વસોક્ષેત્રે હતું. ત્યાં મોહનલાલજીને

* માકુભાઈને સ્મરણશક્તિનો ગર્વ હતો તે મટાડવા તથા જ્ઞાનીનો નિશ્ચય થવા અર્થે આપેલી.



દર્શન મોહનીયનો ઉદય પૂર્વ કર્માનુસાર થયાનું મોહનલાલજી જણાવે છે તે નીચે મુજબ છે :

### પરમનિર્ગ્રંથદશા આવી ઉપાધિમાં રહી શકે?

એક દિવસે વનમાં જતાં રસ્તામાં વિચાર કરતાં એવું સ્ફુરી આવ્યું કે પરમકૃપાળુદેવને આપણે ગુરુ માનીએ છીએ, તો આપણે તેમની દશા કેવી માનીએ છીએ? તે પ્રશ્નનો મારા અંતઃકરણમાંથી એવો ઉત્તર મળ્યો કે પરમ નિર્ગ્રંથ દશા માનીએ છીએ. ત્યાં ફરી પ્રશ્ન ઊઠ્યો કે પરમ નિર્ગ્રંથ દશા આવી ઉપાધિમાં રહી શકે? તેનો ઉત્તર નહીં મળવાથી હું ઘણો મૂંઝાવા માંડ્યો. કેટલાંક મુમુક્ષુભાઈઓને મારી મૂંઝવણની વાત હું કહેતો પરંતુ તેમના સમાધાનથી મારું મન સંતુષ્ટ થતું નહીં. તીવ્ર દર્શનમોહના ઉદયથી હું વિશેષ મૂંઝાવા લાગ્યો. તે એટલે સુધી કે દેહત્યાગ કરવાના વિચાર પર પણ આવ્યો. એવામાં શુભ સમાચાર આવ્યા કે પરમકૃપાળુદેવ કાવિઠા ક્ષેત્રથી નડિયાદ સ્ટેશને ઊતરી વસો પધારશે. આથી હું આનંદ પામ્યો. તેમજ વસોના શ્રાવક ભાઈઓ પણ ખુશી થયા. ત્યાંના અમીન પાસેથી રથ લઈ નડિયાદ સ્ટેશને સામો મોકલ્યો. ટ્રેન રાતના આવતી હોવાથી રથ પણ મોડો રવાના થયેલો.

### ચરણસ્પર્શ માત્રથી કુતર્કો શમાઈ અપૂર્વ શાંતિ પ્રસરી

પરમકૃપાળુદેવ અને શ્રી અંબાલાલભાઈ નડિયાદ સ્ટેશને ઊતરી અહીંના વાહનની વધારે રાહ જોયા વગર એક બેલગાડીમાં બેસી આ તરફ આવવા વિદાય થયા હતા, તેને આ રથ સામો મળ્યો એટલે શ્રી અંબાલાલભાઈએ પૂછ્યું કે રથ ક્યાં જાય છે? સારથીએ જવાબ આપ્યો કે કાવિઠાથી પરમકૃપાળુદેવ અને અંબાલાલભાઈ પધારવાના છે. તેમની સામે જવાનું છે. તેથી શ્રી અંબાલાલભાઈએ કહ્યું કે પરમકૃપાળુદેવ પધાર્યા છે. ત્યારે સારથી અને સાથે આવેલા માણસે પરમકૃપાળુદેવને રથમાં પધારવા વિનંતી કરી, તેથી રથમાં પધાર્યા અને રથ ત્વરાથી વસો આવી પહોંચ્યો. એમના આવતાં સુધી હું મહારાજશ્રી અને ચતુરલાલજી ત્રણે આવવાના માર્ગ તરફ દૃષ્ટિ કરી રહ્યા હતા. તેઓશ્રી ઉપાશ્રયમાં પધાર્યા તે વખતે અમે સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને ચરણસ્પર્શ કરતાં જ મને પરમકૃપાળુદેવ વિષે જે કુતર્કો થતા હતા તે બધા શમાઈ ગયા અને અપૂર્વ શાંતિ પ્રસરી ગઈ. તેમજ દેહથી જેમ વસ્ત્ર ભિન્ન છે તેમ આત્મા અને દેહનું ભિન્નત્વ કૃપાળુદેવ વિષે ભાસ્યું. એવો પ્રત્યક્ષ સત્પુરુષનો અતિશય છે કે જેના દર્શન માત્રથી મિથ્યાત્વાદિ દોષો નાશ પામે છે.

### બાહ્ય દૃષ્ટિ તજી જ્ઞાનીનું અંતરંગ જ્ઞાનસ્વરૂપ સમજવું જોઈએ

પોતે પધાર્યા તેવા જ મારા અંતઃકરણમાં જે શલ્ય ચાલતું હતું તે વિષે વગર પૂછ્યે અંતરજામીએ કૃપા કરી જણાવ્યું કે જીવોએ જ્ઞાનીપુરુષની ઓળખાણ અનાદિકાળથી બાહ્યદૃષ્ટિએ કરેલ છે, તે એવી રીતે કે એક સાત-આઠ વર્ષનું બાળક જે ચોવિહાર વગેરે ક્રિયા કરતું હોય તેવી ક્રિયા પણ જ્ઞાની પાસે ન દેખે તો તેમના વિષે સંશય થાય અને જ્ઞાનીને ઓળખી ન શકે. એવું ઉદાહરણ આપી જ્ઞાનીનું સ્વરૂપ જે જ્ઞાનદૃષ્ટિએ સમજવું જોઈએ તે સમજાવી શલ્યછેદક અપૂર્વ બોધ કર્યો. પછી પોતાને ઊતરવાનું હતું તે મુકામ પર ગયા.

### પરમકૃપાળુદેવ પ્રત્યે એક માસ રહેવાની માગણી

બીજે દિવસે સવારે પરમકૃપાળુદેવ ઉપાશ્રયમાં પધાર્યા. ત્યાં મારી (શ્રી લલ્લુજી મહારાજ) સામે



જોઈ પૂછ્યું કે કહો, મુનિ, અહીં કેટલા દિવસ રહીએ? આથી મારા મનમાં વિચાર થયો કે જ્યારે સમાગમ થાય છે ત્યારે બે ચાર કે છ દિવસથી વધારે સમાગમનો પ્રસંગ મુંબઈ સિવાય બીજે ક્યાંય બન્યો નથી તેથી વિશેષ સમાગમની ઇચ્છાએ મેં એક માસની માગણી કરી. પછી પરમગુરુ મૌન રહ્યા.

### ''આ બધું કામ અંબાલાલનું છે, તમારું નથી''

ખેડા મુનિ દેવકરણજીને, પરમગુરુ વસો પધાર્યાના ખબર મળવાથી સત્સમાગમની ઉત્કંઠા વધી અને વસોથી ખેડા પધારવાની વિનંતી પરમગુરુ પ્રત્યે પત્રો દ્વારા કરવા લાગ્યા; તથા ખેડાથી મુમુક્ષુઓ મોકલી આગ્રહ કરવા લાગ્યા. ત્યારે શ્રી અંબાલાલભાઈએ આવી મને કહ્યું કે દેવકરણજી મુનિ સમાગમની ઉતાવળ કરે છે, તેને ઉતાવળ નહિ કરવા અને ચોમાસું પૂરું થયે આપને પણ સાથે વિશેષ લાભ મળે તો સારું, તો દેવકરણજી મુનિ પરમકૃપાળુદેવ પ્રત્યે ચાતુર્માસ પછી સમાગમ કરાવવા લખે તેમ જણાવો. તે પ્રમાણે મારે લખવા મુજબ દેવકરણજીએ પરમકૃપાળુદેવને પત્ર લખ્યો. તે પત્ર પરમકૃપાળુદેવને મળ્યા પછી મને આવીને કહ્યું કે મુનિશ્રી દેવકરણજીને પત્ર કોણે લખ્યો? ત્યારે મેં કહ્યું કે મેં લખ્યો. તેથી પરમકૃપાળુદેવે જણાવ્યું કે ''આ બધું કામ અંબાલાલનું છે, તમારું નથી.''

શ્રી અંબાલાલભાઈને વાંકમાં નહીં આવવા દેવા મારા ઉપર મેં લઈ લીધું છતાં પોતે જાણી લીધું.

### સમાગમમાં અંતરાય આવવાથી બોધની પિપાસા વિશેષ વધી

હું ગામના મોટા અમીનો અને અમલદારોને ત્યાં આહાર પાણી લેવા જતાં કહેતો કે મુંબઈથી એક મહાત્મા આવ્યા છે, તે બહુ વિદ્વાન છે તેમનું વ્યાખ્યાન સાંભળશો તો બહુ લાભ થશે. એટલે ઘણા માણસો પરમકૃપાળુદેવ પાસે આવવા લાગ્યા. એટલે પરમકૃપાળુદેવે મુનિઓને બધા આવે ત્યારે આવવાની મના કરેલી કારણ કે ''તમને દેખીને અમે પણ ઢુંઢીયા છીએ એમ લોકો માની લે. માટે તમને અન્ય વખતે સમાગમનો પ્રસંગ મળી રહેશે'' એમ જણાવેલું. તેથી અમોને પસ્તાવો થયો કે એક માસના સમાગમની માગણી કરી હતી પણ આમ અંતરાય પડ્યો તેથી પિપાસા બહુ વધી. પણ બહાર વનમાં પધારતા ત્યારે સમાગમનો લાભ મળતો. આવા પ્રસંગોમાં બોધ થતો તે સ્મૃતિમાં રહેલ તેનું સંક્ષિપ્ત આલેખન અત્ર થાય છે :—

### જ્ઞાનવાર્તામાં પ્રશ્નોના ખુલાસા

વનમાં ગામ બહાર એક વાવ છે. ત્યાં મહાદેવનું દેવાલય હતું તે સ્થળે પધારતાં પ્રસંગોચિત્ત જ્ઞાનવાર્તા ચાલતી વખતે મેં પૂછ્યું કે સંન્યાસી કોને કહેવા?

પૂજ્યશ્રીએ કહ્યું કે—વાસનાનો ક્ષય કરે તેનું નામ સંન્યાસી.

મેં પૂછ્યું : ગોસાઈ કોને કહેવાય?

પૂજ્યશ્રી : ઇંદ્રિયો કબજે કરે તે ગોસાઈ.

મેં પૂછ્યું : યતિ કોને કહીએ?

પૂજ્યશ્રી : પાર પહોંચેલ. પરમાત્મપદ પામે તેને યતિ કહિએ.

### બધા એકવાર આહાર કરે તેમ આપણે પણ કરવું જોઈએ

વસોમાં પરમકૃપાળુદેવના સમાગમ અર્થે આવેલા મુમુક્ષુભાઈઓ તેમજ પરમકૃપાળુદેવ એક ટંક



આહાર કરતા અને અમે મુનિઓ બધા બે વખત આહાર લેતા. તેથી અમને લજ્જા આવી. અને વિચાર્યું કે આપણા માટે આ ઠીક ન કહેવાય. મેં મુનિ મોહનલાલજીને જણાવ્યું કે પરમકૃપાળુદેવ વગેરે એક વખત આહાર કરે છે તો આપણે પણ એક વખત આહાર લેવાનું રાખીએ. મોહનલાલજીએ હા પાડી. અને એક વખત આહાર લેવાનો વિચાર નક્કી કર્યો. આ વખતે શ્રી અંબાલાલભાઈનું સ્વાભાવિક આગમન થયું. તેમને અમે જણાવ્યું કે હવેથી અમે પણ એક વખત આહાર કરવા ધાર્યું છે. ત્યારે શ્રી અંબાલાલભાઈએ જણાવ્યું કે પરમકૃપાળુદેવ અત્રેથી પધાર્યા પછી એક વખત આહાર લેવાનું ગ્રહણ કરજો. કારણ કે હાલ તો આહારપાણી કરીને તૂર્ત જ પરમકૃપાળુદેવના સમાગમમાં આવવાનું થાય છે. ત્યાં વિશેષકાળ બેસવાનું થાય છે. આપ એક ટંક આહાર કરવાનું રાખો તેથી કંઈ વિશેષ આહાર લેવાય તો પ્રમાદની વૃદ્ધિ થાય, માટે બે વખત સૂક્ષ્મ આહાર લેવાનું રાખો. આ વાત અમને ગમી અને તેથી તેમ કર્યું.

### મુનિઓને એક વખત આહાર કરવાની આજ્ઞા. એ વગર છૂટકો નથી

બીજે દિવસે પરમકૃપાળુદેવે પૂછ્યું કે તમે આહાર બે વખત લ્યો છો? અમે હા પાડી. ત્યારે પરમકૃપાળુદેવે આજ્ઞા કરી કે મુનિઓએ એક વખત આહાર લેવો જોઈએ. ત્યારે મોહનલાલજીએ પરમકૃપાળુદેવને કહ્યું કે અમે તો કાલે એક વખત આહાર લેવા સંબંધી વિચાર કર્યો હતો. પણ અંબાલાલભાઈએ જણાવ્યું કે પરમકૃપાળુદેવ અન્યત્ર પધાર્યા પછી તેમ કરજો. પરમકૃપાળુદેવે જણાવ્યું કે હજુ અંબાલાલની તેવી દશા થઈ નથી કે તેની આજ્ઞા માન્ય થાય. માટે હાલ અમે કહીએ તેમ કરો. ત્યારે અમે જણાવ્યું કે હવેથી એક ટંક આહાર લેવાનું રાખીશું. તે વાત ચતુરલાલજીને ફાવતી ન આવી અને કહ્યું કે હું પાંચ વિગય (વિકાર કરનાર વસ્તુઓ—દૂધ, દહીં, ઘી, તેલ, ગળપણ)નો ત્યાગ કરું પણ મને ખાવાની બે વખત આજ્ઞા આપો. ત્યારે પરમકૃપાળુદેવે કહ્યું કે એક ટંક આહાર કરો. એમ કર્યા વગર છૂટકો નથી, અને કોઈ કારણ હોય એટલે શરીર સંબંધી અનારોગ્ય હોય તેવા પ્રસંગે મુનિશ્રી લલ્લુજી મહારાજને પૂછવું અને આજ્ઞાનુસાર વર્તવું.

### પરમકૃપાળુદેવે પૂછવાથી દિનચર્યા જણાવી

એકવાર વનમાં પધાર્યા હતા. ત્યાં આગળ વાવ પાસે બેઠા હતા. તે વખતે મુનિ ચતુરલાલજીને પરમકૃપાળુદેવે પૂછ્યું : તમે સંયમ ગ્રહણ કર્યો ત્યારથી આજ સુધીમાં શું કર્યું? ત્યારે તેમણે જવાબ આપ્યોઃ સવારમાં ચાનું પાત્ર ભરી લાવીએ છીએ, તે પીએ છીએ; તે પછી છીંકણી વહોરી લાવીએ છીએ તે સુંઘીએ છીએ, તે પછી આહારને વખતે આહાર-પાણી વ્હોરી લાવીએ છીએ, તે આહારપાણી કર્યા પછી સૂઈ રહીએ છીએ, તે પછી સાંજે પ્રતિક્રમણ કરીએ છીએ. અને તે પછી રાત્રે સૂઈ રહીએ છીએ.

### આહારપાણી વાપરી સુઈ રહેવું તેનું નામ દર્શન, જ્ઞાન, ચારિત્ર

ત્યારપછી પરમકૃપાળુદેવે કહ્યું—''ચા અને છીંકણી વહોરી લાવવી અને આહારપાણી વાપરી સૂઈ રહેવું તેનું નામ દર્શન, જ્ઞાન, ચારિત્ર?'' એમ કહી બહુ કડક બોધ આપ્યો. પછી મને (મુનિશ્રી લલ્લુજીને) કહ્યું : બીજા મુનિઓનો પ્રમાદ છોડાવી, ભણવા તથા વાંચવામાં, સ્વાધ્યાય, ધ્યાન કરવામાં કાળ વ્યતીત કરાવવો અને ચા તથા છીંકણી વિના કારણે હમેશાં લાવવી નહીં. શરીર અસ્વસ્થતાના કારણે કાંઈ



લેવાની જરૂર જણાય તો મુનિશ્રી લલ્લુજી મહારાજની આજ્ઞાથી લેવું એમ પરમકૃપાળુદેવે જણાવ્યું હતું.

## આખી રાત પરમકૃપાળુદેવની અપૂર્વ બોધધારા વરસી

એક રાત્રિએ બહાર ગામના મુમુક્ષુઓ ઘણા આવેલા હતા, તે સર્વને સમી સાંજથી ઊભા રહેવાની આજ્ઞા પરમકૃપાળુદેવે કરી તેથી તે બધા હાથ જોડી સામે ઊભા રહ્યા અને અખંડ આખી રાત વ્હાણું (સવાર) થતાં સુધી અપૂર્વ બોધધારા વરસી. સવારના સૂર્યોદય થયા પછી કેટલાક મુમુક્ષુઓ ઉપાશ્રયમાં આવ્યા, તેઓની મુખાકૃતિ જોતાં કોઈ સ્વર્ગમાંથી ઉત્તમ દેવો ઊતરી આવ્યા હોય તેવી ઉપશમની છાયા દેખાઈ. તેથી અમારા આત્મામાં ઘણો જ પ્રમોદ થયો અને આવા અપૂર્વ બોધના પ્રસંગે અમને અંતરાય રહેવાથી પશ્ચાત્તાપ પણ થયો. અંતરાયનું કારણ બાહ્યવેશવ્યવહાર હતો.

## રાતના થયેલ બોધની વાતો સાંભળવાથી પ્રત્યક્ષ જેવો આનંદ

ગોધાવીના વનમાળીભાઈ બોધ શ્રવણથી એવા હર્ષમાં આવી ગયા કે મને કહેવા લાગ્યા : બાપજી, હવે તો હું આપના ચરણમાં રહીશ, મને સાધુપણું આપો. તેમની વૃદ્ધાવસ્થા હોવાથી મોહનલાલજીએ પૂછ્યું કે આપની વૃદ્ધાવસ્થા છે તો આપ સાધુપણું લઈ શું કરશો? ત્યારે તે બોલ્યા કે બાપજી, તમને બધાને આહારપાણી લાવી આપીશ અને તમારી સર્વની સેવા ભક્તિ કરીશ. એમ કહી રાતના આનંદની વાતો કરવા માંડ્યા. તેથી અમે પણ જાણે પ્રત્યક્ષ બોધ પામ્યા એવો અવર્ણનીય આનંદ થયો.

## આત્માના અનંતગુણોમાં જ્ઞાનગુણ પ્રધાન

એક વખત પરમકૃપાળુદેવ ઉપાશ્રયમાં પધાર્યા ત્યારે ઉત્તરાધ્યયનનું મોક્ષમાર્ગ નામનું અધ્યયન લઈ, તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણ પદ ફરી ફરી આવ્યા તેનું કારણ શું એમ પૂછ્યું. તેનો અર્થ પરમગુરુએ પોતે કરી સમજાવ્યો. પછી અમે પૂછ્યું કે આઠ કર્મમાં સૌથી મોટું તો મોહનીય કર્મ છે છતાં જ્ઞાનાવરણીય કર્મ પહેલું કેમ મૂકવામાં આવ્યું હશે? ત્યારે તેના ઉત્તરમાં પરમગુરુએ કહ્યું કે આત્માના અનંત ગુણો છે. તે સર્વમાં જ્ઞાનગુણ પ્રધાન છે, તેને આવરણ કરનારું જ્ઞાનાવરણીય કર્મ છે. માટે તેને પ્રથમ મૂકવામાં આવ્યું. આમ આઠે કર્મની સંકલનાનો ખુલાસો સમજાવ્યો હતો. પછી પોતે ઉપાશ્રયમાં ઉપર ફરતા હતા ત્યારે મુનિ મોહનલાલજીએ પ્રશ્ન કર્યો કે કુંદકુંદસ્વામીએ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીના દર્શન કર્યાં અને તેમના સમોવસરણમાં જઈને બેઠા તે શી રીતે? ત્યારે હર્ષાનંદમાં આવીને મને (શ્રી લલ્લુજીમહારાજને) પૂછ્યું કે—''કેમ મુનિ, સીમંધર સ્વામીના દર્શન કરવાં છે?''

મેં તત્કાળ હર્ષમાં આવી હા પાડી. તે સાંભળી પરમકૃપાળુદેવ મૌન રહ્યા.

## જ્ઞાનીપુરુષની ગંભીરતા યથાર્થ જાણે તો સમકિત પામે

એક દિવસ પરમકૃપાળુદેવ ઉપાશ્રયમાં સવારના પધાર્યા. તે વખતે માત્ર અમે સાધુઓ એકલા જ હતા અને મેડા ઉપર હોવાથી પરમકૃપાળુદેવ ઉપર પધાર્યા. મૌન રહી એક બેસવાના આસન ઉપર બિરાજ્યા. આ વખતે મોહનલાલજી તેમની મુખમુદ્રાનું મેષોન્મેષ દૃષ્ટિથી જોઈને અંતરધ્યાન (પરમગુરુનું) કરતા હતા. થોડા વખત પછી પોતે એકદમ મોહનલાલજીની સામે જોયું તેથી મોહનલાલજી દબાઈ ગયા. પછી ઉપદેશમાં બોલ્યા : જીવો જ્ઞાની પુરુષની ગંભીરતા જાણી શકતા નથી. જ્ઞાનીપુરુષ સમુદ્ર જેવા



ગંભીર હોય. જીવ જો તે ગંભીરતા જાણે તો સમકિત ક્યાં દૂર છે? અર્થાત્ જ્ઞાનીપુરુષની ગંભીરતા જાણતાં જ જીવને સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

### અન્ય સાંભળે તેમ હું તો માત્ર સ્વાધ્યાય કરું છું

આ બનાવ પહેલાં પરમકૃપાળુદેવને એક પત્ર મોહનલાલજીએ આપી તેમાં જણાવ્યું હતું કે હે નાથ! મને વ્યાખ્યાન વાંચતા આવડતું નથી માટે આપ આજ્ઞા કરો તો હું વ્યાખ્યાન વાંચવાનું બંધ કરું. તે પત્રના ઉત્તરમાં આ વખતે કૃપાનાથે જણાવ્યું કે સાધુઓએ સ્વાધ્યાય કરવો જોઈએ. સ્વાધ્યાય, ધ્યાન વિના મુનિ કાળ વ્યતીત કરે નહીં. જ્યારે વ્યાખ્યાન સમય હોય ત્યારે એમ વિચારવું કે મારે સ્વાધ્યાય કરવો છે. માટે મોઢેથી ઉચ્ચાર કરી અન્ય સાંભળે એવા અવાજથી સ્વાધ્યાય કરું છું. પણ હું તો મારો સ્વાધ્યાય જ કરું છું એવી ભાવના રાખી, કોઈ આહારાદિની પણ તેમની પાસેથી કામના રાખવી નહીં. નિષ્કામભાવે વ્યાખ્યાન વખતે સ્વાધ્યાય કરવો. એવી આજ્ઞા પરમગુરુએ કરી.

### મનને હમેશાં સદ્વિચારમાં રોકવું તો વશ થશે

પછી મેં પૂછ્યું કે મન સ્થિર થતું નથી તેનો શો ઉપાય? તેના ઉત્તરમાં જણાવ્યું કે એક પળ પણ નકામો કાળ કાઢવો નહીં. કોઈ સારું પુસ્તક વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું વાંચવું, વિચારવું. એ કાંઈ ન હોય તો માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં સત્યાનાશ કાઢે તેવું છે. માટે તેને સદ્વિચારરૂપ ખોરાક આપવો. દૃષ્ટાંત આપેલું કે જાનવરને (હરાયા ઢોરને) જેમ કાંઈને કાંઈ ખાવાનું જોઈએ છે, તેને દાણનો ટોપલો આગળ મૂકવાથી તે ખાયા કરે છે અને તે વખતે તે બીજું કાંઈ ખાતું નથી. તે પ્રમાણે મન ઢોર જેવું છે એટલે બીજા વિકલ્પો બંધ કરવા માટે સદ્વિચારરૂપ ખોરાક આપવાની જરૂર છે.

### આત્મા નગ્ન અસંગ અમે અનુભવ્યો તેથી અમે દિગંબર છીએ

એક દિવસ પોતે જે મકાનમાં ઊતર્યા હતા તે મકાનમાં એક દિગંબરભાઈ જે જિજ્ઞાસુ અને વૈરાગી હતો તે પરમકૃપાળુના દર્શનાર્થે ગયો; તેને પરમગુરુએ પૂછ્યું : તમે કોણ છો? ત્યારે તેણે કહ્યું : સાહેબજી, હું દિગંબર છું. ત્યારે પોતે કહ્યું કે તમે દિગંબર નથી દિગંબર તો અમે છીએ. તે ભાઈ સ્તબ્ધ થઈ વિચારમાં પડ્યા કે આપણે શું કહેવું? પરમગુરુ બોલ્યા કે આત્મા નગ્ન અસંગ અનુભવ્યો છે એટલે અમે દિગંબર છીએ. તમે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા છે, માટે શ્વેતાંબર છો. વિનોદમાં આવી અપૂર્વ વાત સમજાવી હતી. પ્રસ્તુત પ્રસંગ અમને તે દિગંબરભાઈએ ઉપાશ્રયમાં દર્શનાર્થે આવેલ ત્યાં કહ્યો હતો.

### સંસ્કૃત ભણવાની અને કર્મગ્રંથ વિચારવાની આજ્ઞા

એક દિવસે સંસ્કૃત ભણવાનો તથા કર્મગ્રંથ વાંચવા વિચારવાનો અભ્યાસ કરવો એવી આજ્ઞા સર્વ સાધુ-સમુદાયને કરી. મોહનલાલજીએ કહ્યું કે સંસ્કૃત ભણવાનો જોગ ક્યાંથી મળે? તેમજ મહારાજશ્રી તથા દેવકરણજીસ્વામીની પ્રૌઢ અવસ્થાને લઈને શી રીતે અભ્યાસ થઈ શકે? ત્યારે પરમકૃપાળુદેવે ઉત્તર આપ્યો કે જોગ મળે ત્યારે અભ્યાસ કરવો. કેમકે વિક્ટોરિયા મહારાણી વૃદ્ધ હોવા છતાં બીજા દેશની ભાષાનો અભ્યાસ કરે છે. તે વાત અમે માન્ય કરી અને આજ્ઞાનું પ્રતિપાલન કરવા માટે બનતો પ્રયાસ કર્યો. પરંતુ અભ્યાસમાં આગળ વધી શકાયું નહીં.

એક દિવસ વનમાં પધાર્યા, ત્યાં એક પ્રાચીન મહાદેવનું દેવાલય હતું. ત્યાં પરમગુરુ અદ્ભુત



દિગંબર દશાએ માત્ર કચ્છ મારી પદ્માસને ધ્યાનારૂઢ થયા. સમાધિમાં કેટલોક સમય રહી, સમાધિ પારી અમારા તરફ દૃષ્ટિ કરી. એટલે અમે પ્રશ્ન કર્યો કે ''सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्व दुख्खाणमंतं करंति'' આ પાઠમાં સિજ્ઝંતિ પછી બુજ્ઝંતિ કેમ આવ્યું હશે?

## સિદ્ધપણું જ્ઞાન સહિત હોય છે માટે એમ કહ્યું

પરમગુરુએ ઉત્તરમાં કહ્યું : સિદ્ધ થયા પછી બોધ જ્ઞાનાદિગુણ-રહિત હોય છે એમ કોઈ દર્શનવાળા માને છે. વેદાંત કહે છે કે મુક્ત થયા પછી શૂન્યરૂપે હોય છે. પણ જિનદેવ કહે છે કે સિદ્ધત્વ જ્ઞાનસહિત હોય છે. માટે सिज्झंति પછી बुज्झंति એમ સૂત્રથી ગણધર ભગવાને કહ્યું છે. એવી રીતે ઉપરનાં સૂત્રોનો સ્ફૂટ અર્થ કરી નિર્ગ્રંથ શૈલીનું સ્વરૂપ અલૌકિક પ્રકારે દર્શાવ્યું. તે સાંભળી અમારા આત્મામાં એમ થઈ આવ્યું કે અહો! આવો શાસ્ત્રનો પરમાર્થ કોણ સમજાવે? -શ્રીમદ્ રાજચંદ્ર (પૃષ્ઠ ૮૩૨)

પછી અમે બીજો પ્રશ્ન કરેલો કે पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि એનો શો અર્થ હશે? તેનો પણ અદ્ભુત અર્થ કરી દેખાડ્યો હતો. -શ્રીમદ્ રાજચંદ્ર (પૃષ્ઠ ૭૧૬)

## આજ્ઞા કરેલ બોધ નહીં વિચારવાથી ચાલ્યા જવાની આજ્ઞા

પછી વિષ્ણુ, શિવ, બ્રહ્મા આદિ ૧૦૦૮ નામમાંથી કેટલાંકના શબ્દાર્થ અને પરમાર્થ સમજાવી તે અર્થ મનન કરવા, વિચારવાનું જણાવી પોતે શૌચ પધાર્યા. તથાપિ વિચારવાનું અવકાશે રાખી, હાલ તો કૃપાળુદેવની ભક્તિ કરવી એમ માની ભક્તિના છંદો ગાવા શરૂ કર્યા, એ પોતાના સાંભળવામાં દૂરથી આવેલા તેથી શૌચથી નિવૃત્ત થઈ તે દેવાલય આગળ આવતાં જ તૂર્ત આજ્ઞા કરી કે તમે સર્વ અહીંથી ચાલ્યા જાવ. આવી આજ્ઞા થવાનું કારણ વિચારતાં અમને અમારી ભૂલ સમજાઈ કે કૃપાળુદેવે, થયેલા બોધનું મનન કરવા કહેલ, તે નહીં કરતાં અમે તેમની સ્તુતિ કરવા લાગ્યા. તેથી ત્વરિત જવા કહ્યું. અમે પસ્તાવો કરતા ઉપાશ્રયે આવ્યા અને પોતે પણ ઉતારે પધાર્યા.

## આપના પ્રતાપે મળેલ 'મોક્ષમાર્ગ પ્રકાશ' ગ્રંથ અપૂર્વ છે

એક દિવસે ઉપાશ્રયમાં બપોરે પરમકૃપાળુદેવ પધાર્યા, તે વખતે 'મોક્ષમાર્ગ પ્રકાશ' નામનો ગ્રંથ મુનિ મોહનલાલજી વાંચતા હતા, તે દેખી પોતે પૂછ્યું કે શું વાંચો છો? મોહનલાલજીએ જણાવ્યું કે 'મોક્ષમાર્ગ પ્રકાશ' વાંચુ છું. આથી પોતે પૂછ્યું કે ગ્રંથ કેવો છે? મોહનલાલજીએ કહ્યું : ''આપના પ્રતાપે ગ્રંથ અપૂર્વ છે.

## હે મુનિઓ! આ દેહને તમારો માનશો નહીં

પછી પરમકૃપાળુદેવ બેઠા એટલે અમે પણ વિનય નમસ્કાર કરી બેઠા. ત્યારે તેઓશ્રીએ અપૂર્વ કૃપા કરી કહ્યું કે હે મુનિઓ! આ દેહને તમારો માનશો નહીં. જેમ પંથી ચાલતાં કોઈ વૃક્ષ તળે બેસે. પછી તે તજીને ચાલ્યો જાય, તેમ આ દેહ મુકીને ચાલ્યા જવાનું છે. આ પ્રકારે દૃષ્ટાંત લઈ, દેહાધ્યાસથી મુક્ત કરાવવા, વિશેષ બોધ કર્યો હતો. તેનો સંક્ષેપ હૃદયમાં એવો રહ્યો કે આ દેહને હવે આપણે પોતાનો માનવો નહીં. પરમગુરુએ કરેલી એ આજ્ઞા આપણા હૃદયમાં સ્થિર રહો.

## વીસ દોહરાના સરળ સંપૂર્ણ અર્થ અપૂર્વ રહસ્ય સહિત સમજાવ્યા

આ વખતે ખેડાથી બે બાઈઓ દર્શનાર્થે આવેલી, તેના ઉપર દયા લાવી હે પ્રભુ! ના વીસ દોહરા



સંપૂર્ણ, સ્પષ્ટ બાળ જીવો સમજે એવા સરળ અર્થ અને અપૂર્વ રહસ્ય સહિત સમજાવ્યા. તે વખતે બીજા માણસો ઘણા હતા. સર્વ આવી અલૌકિક વાણી સાંભળી પ્રફુલ્લિત થયા હતા.

### જ્ઞાની વિના કોઈ કાળે ભૂમિ હોતી નથી

એક વખતે ઉપદેશમાં આવ્યું હતું કે જ્ઞાની વિના કોઈ કાળે ભૂમિ હોતી નથી. અને તે ઉપર પોતાનું દૃષ્ટાંત દીધું હતું કે જે સાલમાં મહાત્મા ચિદાનંદજીનો દેહાંત થયો એ જ સાલમાં અમારા દેહનો જન્મ થયો છે. એટલે જ્ઞાનીનું પૃથ્વી ઉપર હોવાપણું છે.

### મહાવીર ભગવાનનું શાસન સમ્યક્ત્વના આધારે ચાલશે

શ્રી મહાવીર સ્વામીનું શાસન પાંચમા આરાના અંત સુધી ચાલશે તે સમ્યક્ત્વને આશ્રયે ચાલશે. આમ એક વખત કહેવામાં આવેલું.

### 'સુંદર વિલાસ' અને 'કર્મગ્રંથ' વિષે પોતાનો અનુભવ જણાવ્યો

એક દિવસ પોતે ઉપાશ્રયમાં પધારેલા તે વખતે બાજોઠ ઉપર 'સુંદર વિલાસ' અને 'કર્મગ્રંથ' એ બે પુસ્તકો પડેલા હતા. તેના ઉપર કૃપાળુદેવની દૃષ્ટિ ગઈ અને પૂછ્યું કે કયાં પુસ્તકો છે? ત્યારે અમે કહ્યું કે 'સુંદર વિલાસ' અને 'કર્મગ્રંથ' છે. ત્યારે તેમણે કહ્યું કે 'સુંદર વિલાસ' ગ્રંથ ઘણો સુંદર છે, પણ તેમાં જે કંઈ ભૂલ છે તે અમે જાણીએ છીએ. 'કર્મગ્રંથ' વિષે જણાવ્યું કે 'કર્મગ્રંથ'માં જે જે પ્રકૃતિઓ સંબંધી બંધ, ઉદય, ઉદીરણા, સત્તા આદિ જે જે ગુણસ્થાનનું વર્ણન છે, તે તે પ્રકૃતિઓ અમે અનુભવ વેદનથી જોઈ છે. આ ઉપરાંત કર્મગ્રંથનું વિશેષ સ્વરૂપ સમજાવવા અર્થે વિવેચન કર્યું હતું.

### કર્મ પ્રકૃતિઓનું સૂક્ષ્મ નિરૂપણ જેવું જૈનદર્શનમાં છે તેવું કોઈ દર્શનમાં નથી

અમદાવાદવાળા ગોપાલ પાનાચંદ તથા લખમીચંદ ખેમચંદને પરમકૃપાળુદેવે પૂછ્યું કે જૈનદર્શનમાં અન્ય દર્શન કરતાં વિશિષ્ટતા શી છે? ગોપાળભાઈ નિરુત્તર રહ્યા, બીજું કોઈ બોલી શક્યું નહીં. ત્યારે પરમગુરુએ જણાવ્યું કે કર્મ-પ્રકૃતિઓનાં સ્વરૂપ, બંધ અને મોક્ષની વ્યાખ્યા વિષે જૈનદર્શનમાં જે સૂક્ષ્મ નિરૂપણ છે, તેવું આબેહૂબ અને યથાર્થ નિરૂપણ બીજા કોઈ દર્શનમાં નથી. કર્મના સ્વરૂપનું નિરૂપણ નિર્ગ્રંથ દર્શનમાં છે એવું અન્ય દર્શનમાં નથી.

### અભિમાન ક્ષીણ થયું અને કૃપાળુદેવ પ્રત્યે સદ્ગુરુપણાનો ભાવ થયો

ગોપાળભાઈને શાસ્ત્ર અભિનિવેશ અને કુળાગ્રહ વિશેષ હોવાથી, તેઓને ઉદ્દેશીને કેસરીસિંહની માફક બળવાન વાણીથી શાસ્ત્રના અનેક પ્રકારના પ્રશ્નો તેને પૂછ્યા. તેમાંથી એક પણ પ્રશ્નનો ઉત્તર ગોપાળભાઈ આપી શક્યા નહીં. અને અભિમાન ક્ષીણ થયું. પરમગુરુના પાદામ્બુજમાં શીર્ષ નમાવી પડ્યા અને કૃપાળુદેવ પ્રત્યે સદ્ગુરુપણાનો ભાવ થયો. તે વિદાય થયા ત્યારે કહેવામાં આવ્યું કે પરમકૃપાળુદેવ તરફ ફરી તમને સમાગમ અર્થે આવવા ઇચ્છા થાય તો આજ્ઞા મગાવીને આવશો.

### પહેલી મિત્રા દૃષ્ટિ અને ઉત્તરાધ્યયનની ચોવીસ ગાથાઓનો અર્થ સમજાવ્યો

થોડા દિવસ પછી પરમકૃપાળુદેવ ગામ બહારના બંગલામાં પધાર્યા હતા. થોડો વખત ત્યાં જ સ્થિતિ કરી હતી. એક દિવસે અમે ત્યાં ગયા ત્યારે પોતે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામનો શ્રી યશોવિજયજી રચિત ગ્રંથ વાંચતા હતા. તેમાંથી પહેલી દૃષ્ટિ મિત્રાનો અર્થ કરી અમને સ્પષ્ટ રીતે સમજાવ્યો હતો. તેમજ



'ઉત્તરાધ્યયનસૂત્ર'ના બત્રીસમા અધ્યયનની ગાથાઓ પહેલેથી ચોવીસ સુધી બોલી તેનો અર્થ અદ્ભુત અને અનુપમ સમજાવ્યો હતો. પછી અમે ત્યાંથી ઉપાશ્રયમાં આવ્યા.

**દૂરથી અવળા અક્ષરો ઉકેલી અર્થ બરાબર સમજાવતા હતા**

એક પ્રસંગે ફરી ત્યાં ગયા ત્યારે લહેરાભાઈને 'કર્મગ્રંથ' વંચાવતા હતા. તેમાં ખૂબી એ હતી કે લહેરાભાઈથી પરમકૃપાળુદેવ ઘણા દૂર હતા અને લહેરાભાઈના હાથમાં પુસ્તક હતું છતાં પોતે તેટલે દૂર રહીને અવળા અક્ષરો ઉકેલી લહેરાભાઈને અર્થ બરાબર સમજાવતા હતા.

**ચરામાં પહેલો દિવસ**

**પરમકૃપાળુદેવની કૃપાએ અદ્ભુત વૈરાગ્યમય વાતાવરણ**

વસોથી એક માઈલના અંતર પર આવેલા ચરામાં એક દિવસ પરમકૃપાળુદેવ મુમુક્ષુવર્ગ સહિત પધાર્યા. અમે પણ તેઓશ્રીની સાથે હતા. ત્યાં ગયા પછી ધોરીભાઈ પાસે ''ભરતેશ્વર ભૂપતિ ભયો વૈરાગી''એ સજ્ઝાય ત્રણ વખત ગવરાવી. આનંદઘનજીકૃત ચોવીશીમાંથી ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથનું સ્તવન વારંવાર બોલાવ્યું. તે વખતના અમાપ આનંદનું આલેખન શી રીતે થાય? કારણકે પરમગુરુના યોગબળથી, આવાં વૈરાગ્યવૃદ્ધિ કરનારાં કાવ્યો જ્યારે તેમની સમક્ષ ગવરાવવામાં આવતા, ત્યારે ચોપાસ વૈરાગ્યમય વાતાવરણ છવાઈ રહેતું. સ્તવન બોલી રહ્યા પછી ધોરીભાઈએ પ્રશ્ન કર્યો કે જૈનદર્શન સર્વોત્તમ આપણે માનીએ તે શી રીતે?

**સાચો વૈદ્ય સર્વજ્ઞદેવ બાકીના પાંચ કુટ વૈદ્યો**

પ્રત્યુત્તરમાં કૃપાળુદેવે જણાવ્યું કે—છ વૈદ્યો છે, તેમાં એક ધન્વંતરી નામે સાચો વૈદ્ય છે, તે સત્ય નિદાન અને ચિકિત્સા કરી, દરદીને દરદથી મુક્ત કરે છે. આથી જગતમાં પ્રત્યેક સ્થળે તેની ખ્યાતિ પ્રસરી, તે જોઈ પાંચ કુટ (માયાવી) વૈદ્યો પણ પોતે પોતાની દુકાનો ખોલી, ધંધો ચલાવ્યો અને લોકોને સસ્તી દવા મળવાથી તેના તરફ વળ્યા. તેમાં સાચા વૈદ્યની દવા જેટલા અંશે દરદીને આપે, તેટલા અંશે દરદીને લાભ થાય. પણ પોતાની કાલ્પનિક દવાનો દરદી ઉપર ઉપયોગ કરે ત્યારે રોગની વૃદ્ધિ થાય. એમ કહી તેનો ઉપનય ષટ્દર્શન ઉપર લીધો કે સાચો વૈદ્ય તે સર્વજ્ઞ વીતરાગદેવ છે અને બાકીના પાંચ કુટ વૈદ્યો છે તે સાચી દવા તરીકે દયા, બ્રહ્મચર્ય આદિ તેની પાસે છે તે સાચા (વીતરાગ) વૈદ્યની છે, તેથી તેના પ્રમાણમાં દરદીને લાભ થાય છે.

**સદ્ગુરુ સત્ય સ્વરૂપ સમજાવે, કુગુરુ અવળું સમજાવી દુર્ગતિએ પહોંચાડે**

દર્શનનું સત્ય સ્વરૂપ સમજાવનાર સદ્ગુરુ જોઈએ. કુગુરુ હોય તો જીવને અવળું સમજાવે. તે સંબંધી પોતે કહ્યું કે સદ્ગુરુ હોય તે જીવને મોક્ષમાર્ગ પર લાવે, અને કુગુરુ જીવનું જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધન લૂંટી લઈ દુર્ગતિએ પહોંચાડે છે. તે ઉપર દૃષ્ટાંત :—

**સદ્ગુરુ સાચા હોય તો કર્મ અવશ્ય ભાગે**

બહાદુર વળાવો લઈ જાન જતી હતી તેને હિજડા ચોર લૂંટારા બની પચ્ચીસનું ટોળું લૂંટવા આવ્યું. ત્યાં તે વળાવે હોંકારો કર્યો કે ''અબે સાલે હિજડે'', ત્યાં તો બધું ટોળું ભાગી ગયું. તેમ સદ્ગુરુ સાચા હોય તો કર્મ ભાગી જાય છે.



### ચરામાં બીજો દિવસ

### ધર્મ, ચિંતવ્યા વગર જ ફળ આપે

ચરામાં રસ્તે જતાં પરમકૃપાળુદેવ બોલ્યા કે ધર્મ અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ છે. ત્યારે મેં પૂછ્યું કે અચિંત્ય ચિંતામણિ એટલે શું? ત્યારે પરમગુરુએ જણાવ્યું કે ચિંતામણિ રત્ન છે, એ ચિંતવ્યા પછી ફળ આપે છે. ચિંતવવા જેટલો તેમાં પરિશ્રમ છે અને ધર્મ અચિંત્ય એટલે તેમાં ચિંતવવા જેટલો પણ શ્રમ નથી, એવું અચિંત્ય ફળ આપે છે.

### પોતાના ખાવામાંથી લીલોતરીની કમી કરીને ભગવાનને ભક્તિભાવે પુષ્પ ચડાવે

આટલી વાત કરતામાં એક રાયણનું વૃક્ષ આવ્યું ત્યાં પરમકૃપાળુ સહિત અમે સાધુઓ બેઠા. એક મુમુક્ષુભાઈ સાથે હતા. પરમકૃપાળુ બોલ્યા કે ભગવાન રાયણ તળે બહુવાર સમવસર્યા છે. આ રાયણ ઘણા વર્ષની જૂની છે. રાયણનું વૃક્ષ ઘણા વર્ષો પર્યંત રહી શકે છે. નજીકમાંથી એક રસ્તો નીકળતો હતો, ત્યાંથી એક માળી પુષ્પો લઈને જતો હતો. તેણે પરમકૃપાળુ ઉપર સ્વાભાવિક પ્રેમ આવવાથી, પુષ્પો તેઓશ્રીના આગળ મૂક્યાં. આ વખતે મુમુક્ષુભાઈએ એક આનો તે માળીને આપ્યો. પછી પરમકૃપાળુએ તે પુષ્પોમાંથી એક પુષ્પ લઈ કહ્યું કે જે શ્રાવકે સર્વથા લીલોતરી ખાવાનો ત્યાગ કર્યો હોય તે ભગવાનને પુષ્પ ચડાવી શકે નહીં; પણ જેણે લીલોતરીનો ત્યાગ કર્યો નથી એ પોતાના ખાવામાંથી લીલોતરી કમી કરી ભગવાનને ભક્તિભાવે પુષ્પ ચડાવે અને મુનિને પુષ્પ ચડાવવાનો સર્વથા ત્યાગ હોય છે. તેમજ પુષ્પ ચડાવવા મુનિ ઉપદેશ પણ આપી શકે નહીં. એવું પૂર્વાચાર્યો કહી ગયા છે.

### ધ્યાન અને સ્વરૂપ સિદ્ધિ માટે પ્રતિમાની જરૂર

પુષ્પ સંબંધી આ ખુલાસો કર્યા પછી પ્રતિમા સંબંધી પોતે જણાવ્યું કે સ્થાનકવાસીના એક સાધુ જે ઘણા વિદ્વાન હતા, તેઓ એક વખત વનમાં વિહાર કરીને જતા હતા, ત્યાં એક જિન દેરાસર આવ્યું; તેમાં વિશ્રાંતિ લેવા પ્રવેશ કર્યો તો સામે જિન પ્રતિમા દીઠી, તેથી તેની વૃત્તિ શાંત થઈ અને મનમાં ઉલ્લાસ થયો. શાંત એવી જિન પ્રતિમા સત્ય છે, એવું તેમના મનમાં થયું.

### જિનકલ્પી ઉગ્ર વિહારી હોય


અહીં મોહનલાલજીએ પ્રશ્ન કર્યો કે શાસ્ત્રમાં એમ કહેવામાં આવેલ છે કે જિનકલ્પીનો સ્થવિર કલ્પમાં આવ્યા પછી મોક્ષ થાય છે, તે શી રીતે?

ત્યારે પોતે હસીને બોલ્યા કે સ્થવિર કલ્પીઓ જિનકલ્પી ઉપર દાઝે બળ્યા તેથી બોલ્યા કે તમે સ્થવિર કલ્પી થશો ત્યારે તમારો મોક્ષ છે. આમ આનંદપૂર્વક જવાબ આપ્યો, ત્યારપછી ચરામાંથી સૌ પોતપોતાને સ્થાને પધાર્યા.

### ચરામાં ત્રીજો દિવસ

### સ્તવનનો અલૌકિક અર્થ કૃપાળુદેવે સમજાવ્યો

ત્રીજે દિવસે બપોરના એ જ ચરામાં અને એ જ રાયણના વૃક્ષ નીચે ગયા, આ વખતે કૃપાળુદેવ અને અમે મુનિઓ જ માત્ર ગયા હતા. પરંતુ પાછળથી મુમુક્ષુભાઈઓ અને કેટલાક બેનો ત્યાં દર્શન-સમાગમ માટે આવેલા. સૌ બેઠા પછી ભાદરણવાળા ધોરીભાઈને મલ્લિનાથનું સ્તવન આનંદઘનજી



મહારાજનું બનાવેલું બોલવા તેઓશ્રીએ આજ્ઞા કરી અને વારંવાર તે આઠ વખત બોલાવરાવ્યું. તેના અર્થ ધોરીભાઈ પાસે કરાવ્યા. પછી એ જ સ્તવનના વિશેષાર્થ પોતે અલૌકિક કર્યા. ત્યાંથી આનંદની ધૂનમાં ગાથા બોલતા ગામ તરફ સિધાવ્યા.

**''રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ;**
**રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ? મનરાવાલા.''**

-શ્રી આનંદઘનજી કૃત નેમિનાથ સ્તવન

## મહાપુરુષોના પદ હૃદયવેધક વાણીમાં બોલતા ગામમાં આવ્યા

અને 'મનહરપદ'માંથી **''જેનો કાળ તે કિંકર થઈ રહ્યો''** એ પદ આકર્ષક અવાજે મોટા સૂરથી બોલતા હતા અને પ્રેમાવેશ દ્વારા બીજાના હૃદયમાં પણ દિવ્યાનંદનો સંચાર થાય અને હૃદય પ્રેમ-પ્રવાહે છલોછલ ઉભરાઈ જાય, એવા આનંદ સહિત છેક મકાન સુધી ધૂન ચાલી. તેઓશ્રીની પાછળ પાછળ અમે સાધુઓ તથા મુમુક્ષુઓ ગામમાં આવ્યા.

## ધર્મબુદ્ધિએ બ્રાહ્મણને જમાડવાથી મિથ્યાત્વનું પોષણ થાય

એક દિવસે મોહનલાલજી ઉત્તરાધ્યયનજીમાંથી ભૃગુ પુરોહિતવાળું અધ્યયન ૧૪મું ઉપાશ્રયમાં વાંચી સમજાવતા હતા. તેમાં એક એવો પાઠ છે કે બ્રાહ્મણને જમાડવાથી જીવ તમતમામાં જાય. આ પાઠનું વાંચન કરતાં સંશય થયો એટલે આ બાબતમાં આપણે પરમકૃપાળુદેવને પૂછવું એમ ધારી મોહનલાલજી તથા ધોરીભાઈ અને અમે પરમકૃપાળુદેવને મુકામે ગયા. ઉત્તરાધ્યયનજીનો પાઠ બતાવ્યો. ત્યારે પોતે કહ્યું કે તમતમા એટલે અંધકાર. તે મિથ્યાત્વ છે. તેમાં જાય એટલે ધર્મબુદ્ધિએ બ્રાહ્મણને જમાડવાથી મિથ્યાત્વનું પોષણ થાય. તેના પરિણામે જીવ અનંતકાળ પર્યંત રખડે, તેમજ અનંતકાળ નરકાદિ ગતિઓમાં દુઃખ ભોગવે. તદુપરાંત વિવેચન કર્યું કે 'સૂયગડાંગ'માં બ્રાહ્મણને બિલાડા જેવા કહ્યા છે. કારણ કે તેની વૃત્તિ બીજાનું લઈ લેવાને તાકી રહેલી હોય છે. તેથી તે રૂપે વર્ણન કર્યું છે.


આવો શાસ્ત્રનો પરમાર્થરૂપ ખુલાસો સાંભળવાથી સદ્ગુરુ વિષે પ્રતીતિ વૃદ્ધિપણાને પામી.

## અવિનય, અહંકાર, અર્ધદગ્ધતા અને રસગૃદ્ધિ હોય તો સમકિત થાય નહીં

એક વખતે પ્રાસંગિક બોધ આપતાં કહેલું કે સમકિતીને આઠ મદ માંહેલો એક પણ મદ હોય નહીં, તેમજ જીવને ચાર દોષમાંથી એક પણ દોષ હોય ત્યાં સુધી સમકિત થાય નહીં. તે ચાર દોષો (૧) અવિનય (૨) અહંકાર (૩) અર્ધદગ્ધતા અને (૪) રસગૃદ્ધિ એ છે. તેના સમર્થનમાં 'ઠાણાંગ સૂત્ર'નો પુરાવો આપ્યો હતો.

## જે આહાર માંસને વધારે, પુષ્ટ કરે તે માંસ ખાવા બરાબર

એક દિવસ પરમકૃપાળુદેવે અમને બોલાવ્યા, અમે મુનિઓ ત્યાં ગયા. નમસ્કાર કરી બેઠા. એટલે અમને બેસી રહેવાની આજ્ઞા કરી અને પોતે ઊભા થઈ મકાનમાં બારી બારણાં બંધ કરી દઈ, માત્ર અમે ત્રણ સાધુ અને પોતે એમ ચાર રહ્યા. આ વખતે અમને મુનિઓને ઉદ્દેશીને ઇન્દ્રિય નિગ્રહ સંબંધી અમાપ બોધ કર્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે જે આહાર માંસને વધારે છે, તેવો શરીરને પુષ્ટ કરનારો આહાર તે માંસ ખાવા બરાબર છે. આ બોધની ખુમારી દીર્ઘકાળ સુધી રહી હતી.



પછી મુનિ મોહનલાલજીએ પૂછ્યું : મારે ધ્યાન કેવી રીતે કરવું? ઉત્તરમાં પરમકૃપાળુદેવે જણાવ્યું કે ''લલ્લુજી મહારાજ ભક્તિ કરે તે વખતે કાઉસ્સગ કરી સાંભળ્યા કરવું. અર્થનું ચિંતવન કરવું.''

## નીચે પ્રમાણે આત્માર્થ સાધન માગે તેને બતાવવાં

પછી મને કૃપાળુદેવે કહ્યું કે તમારે ''જે કોઈ મુમુક્ષુભાઈઓ તેમજ બહેનો તમારી પાસે **આત્માર્થ સાધન** માગે ત્યારે તેને આ પ્રમાણે આત્મહિતના સાધન બતાવવાં.

**(૧) સાત વ્યસનના ત્યાગનો નિયમ કરાવવો.**
**(૨) લીલોતરીનો ત્યાગ કરાવવો.**
**(૩) કંદમૂળનો ત્યાગ કરાવવો.**
**(૪) અભક્ષ્ય ચીજોનો ત્યાગ કરાવવો.**
**(૫) રાત્રિભોજનનો ત્યાગ કરાવવો.**
**(૬) પાંચ માળા ફેરવવાનો નિયમ આપવો.**
**(૭) સ્મરણમંત્ર આપવો.**
**(૮) ક્ષમાપનાનો પાઠ આદિ ભક્તિનો નિત્યનિયમ કરાવવો.**
**(૯) પુસ્તક વાચન, મનન, મુખપાઠ કરવા વિષે જણાવવું.**

## નીચે પ્રમાણે વર્તવાનો અમને ઉપદેશ

અમને જે ઉપદેશામૃત આચરવા કહેલ તે ટૂંકામાં નીચે પ્રમાણે છે :–

'પ્રશ્ન વ્યાકરણ'ના આસ્રવ અને સંવર દ્વાર ધ્યાન કરવા યોગ્ય છે. 'ઉત્તરાધ્યયન' બત્રીસમું અધ્યયન ધ્યાન કરવા વિચારવા યોગ્ય છે. 'સૂયગડાંગ' સૂત્ર ઘણું ઘણું વાંચવા વિચારવાનું કરવું. 'આચારાંગ' સૂત્ર મધ્યે સંથારા વિષે અણસણ (સંલ્લેખના)ની વિધિ વાંચવા-વિચારવા યોગ્ય છે. પ્રથમ ભક્તિ કરી પછીથી ધ્યાન કરવું. ઘડીવાર નવરા બેસવું નહીં. સારું પુસ્તક જેમાં ભક્તિ, વૈરાગ્ય હોય તે વાંચવું, વિચારવું. પછી ધ્યાનમાં સ્મરણમાં લાવવું. વ્યાકરણનો જોગ મળે તો તેમાં પણ પુરુષાર્થ કરવો. 'કર્મગ્રંથ' પણ યોગ મળ્યે વાંચવો. જીવને ઘડીવાર વીલો મૂકવો નહીં, નહીંતર સત્યાનાશ મેળવી દેતાં વાર લગાડશે નહીં. મનથી આડું ચાલવું, તે કહે તેથી ઊલટું વર્તવું. જીવને ગમે તેથી આપણે બીજું ચાલી વર્તવું.

## પરમકૃપાળુદેવના અમૃત જેવા વચનો ઉતારવા આજ્ઞા આપી

અભ્યંતર નોંધની નોટબુકમાંથી પરમગુરુએ કરુણા કરી થોડું ઉતારી લેવા અમુક અમુક મને લાભ કરે તેવો ભાગ બતાવ્યો અને નોટ આપી. તે વાંચતા અમૃત જેવાં વચનો બધાં લાગ્યા તેથી જે વચનો ઉતારી લેવા આજ્ઞા આપી હતી તે ઉપરાંત પણ બીજા મને સારાં લાગ્યા તે ઉતારી લીધાં અને રાત્રે બહાર જવાય નહીં તેથી સવારે ઉતારી લીધેલાં બધા પાન પરમકૃપાળુદેવને બતાવી લેવાશે એમ વિચાર રાખ્યો.

## પરમકૃપાળુ તે પરમકૃપાળુ જ છે. તેમણે જે કર્યું તે ભલું જ કર્યું હશે

સવારે દર્શન કરવા ગયા ત્યારે પરમકૃપાળુદેવ આગળ નોટ તથા ઉતારેલા બધાં પાન મૂક્યા તે જોઈ પરમકૃપાળુદેવે બધું પોતાની પાસે રાખ્યું. મને ઉતારવા આજ્ઞા આપેલી તે પાન પણ પાછાં આપ્યાં નહીં. તેથી મને ઘણો ખેદ થયો અને મારી ભૂલ સમજાઈ કે આજ્ઞા વિના કાંઈ પણ કર્તવ્ય નથી. પણ હવે



શું કરવું તે સૂઝ્યું નહીં. પછી શ્રી અંબાલાલભાઈ મળ્યા તેમને બધું કહી બતાવ્યું તો તેમણે પણ ઠપકો આપ્યો કે વગર આજ્ઞાએ શું કામ બધું ઉતારી લીધું? પણ હવે શું કરવું એમ પૂછ્યું ત્યારે અંબાલાલભાઈ કહે તે તો પરમકૃપાળુ તે પરમકૃપાળુ જ છે તેમણે જે કર્યું હશે તે ભલું જ કર્યું હશે. એટલામાં પોતે શ્રી અંબાલાલભાઈને જણાવ્યું કે મુનિને સારા અક્ષરે આટલું ઉતારી આપજે. તે પ્રમાણે શ્રી અંબાલાલભાઈએ જે વચનો ઉતારી આપ્યાં તેમાં પ્રથમ આજ્ઞા કરેલી હતી તે ઉપરાંત પણ કેટલાંક હતાં.

### સર્વ જ્ઞાનીપુરુષોનું જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તે જ ઉપાસવા યોગ્ય છે

મારા હિતને અર્થે જ તેમણે મને થોડો વખત ખેદ થાય તેમ કર્યું, છતાં તે પરમગુરુને એમ થયું કે તેમના ચિત્તને ખેદ પમાડ્યો છે તો સંતોષ થાય તેમ કરવું. અનંત કરુણા કરી તે મહાપ્રભુએ મને એકાંતમાં બોલાવી જે ખરેખરી આત્મહિતની વાત છે તે જણાવવા બોધ શરૂ કર્યો. સર્વ જ્ઞાનીપુરુષોનું જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તે જ ઉપાસવા યોગ્ય છે. બાહ્ય દૃષ્ટિથી જે મારી ગુરુભક્તિ હતી તે પલટાવી અભેદ દૃષ્ટિનું દાન દેવા પ્રબળ બોધધારાથી કલાક-દોઢ કલાક ઉપદેશ કર્યો પરંતુ મને જે દૃષ્ટિ રાગ હતો તે છૂટે નહીં અને શાસ્ત્રમાંથી તથા છ પદ વગેરેમાં જે ગુરુભક્તિ કહી છે તેના દૃષ્ટાંતથી હું મારા પક્ષનું સમર્થન કરતો.

### જાણે હું પરમગુરુમાં જ ભળી ગયો છું તેમ તન્મયતાનું સુખ સમજાયું

પરંતુ આખરે મને સમજાયું કે સર્વના સારરૂપ છેવટની આ વાત કહે છે તે અહોનિશ ઉપાસવા યોગ્ય છે. અને વારંવાર આટલા બધા બળપૂર્વક જે વાત જણાવે છે તે અર્થે જ હવે તો જીવન ગાળવું એમ તે વાત અંતઃકરણમાં દૃઢ થઈ કે તે બોધ ધારા એકાએક અટકી ગઈ. તે પણ સમજી ગયા કે જે જણાવવું છે તે તેમણે અંગીકાર કર્યું. મને અત્યંત ઉલ્લાસ થયો કે સર્વ શાસ્ત્રનો સાર જાણે મારા હૃદયમાં વસી ગયો એમ લાગ્યું. હું કૃતકૃત્ય થયો હોઉં, જાણે પરમગુરુમાં જ ભળી ગયો છું તેમ તન્મયતાનું સુખ સમજાયું.

પછી મને પૂછ્યું કે કેમ મુનિ, તમારી માગણી પૂરી થઈ? એક માસની તમારી માગણી પ્રમાણે અમે રહ્યા. ત્યારે મારા મનમાં થયું કે વિશેષ માગણી કરી હોત તો સારું થાત.

### પાંચસો પાંચસો ગાઉ શોધશો તોય જ્ઞાની નહીં મળે

અન્યત્ર તેઓશ્રી પધારવાના હોવાથી બધા સાધુઓને બોલાવી જાગૃતિનો ઉપદેશ આપતાં કહ્યું કે ''હે મુનિઓ! અત્યારે જ્ઞાની પુરુષના પ્રત્યક્ષ યોગમાં તમે પ્રમાદ કરો છો? પણ જ્ઞાનીપુરુષ નહીં હોય ત્યારે પશ્ચાત્તાપ પામશો અને પાંચસો પાંચસો ગાઉ પર્યટન કરવા છતાં જ્ઞાનીનો સમાગમ થશે નહીં.''

(૬)

### પરમકૃપાળુદેવની ઉત્તરસંડામાં અદ્ભુત અસંગદશા

પરમકૃપાળુદેવ વસોથી ઉત્તરસંડાના બંગલે વનક્ષેત્રમાં પધાર્યા ત્યાં અદ્ભુત અસંગ દશાની ચર્યા પાલન કરવામાં આવી હતી. ત્યાં તેમની સેવામાં નડીયાદ નિવાસી મોતીલાલ એકલા જ હતા. આજ્ઞા સિવાય દર્શનાર્થે પણ કોઈ જઈ શકતું નહીં.

### ઉત્તરસંડાથી ખેડા પધાર્યા

ત્યાંથી પરમગુરુ ખેડા પધારેલા. તેથી દેવકરણજી મુનિને મેં પત્ર લખેલો કે તમને જે પરમગુરુ



તરફથી બોધ થાય તે અમને લખી જણાવશો. તેના પ્રત્યુત્તરમાં આવેલો પત્ર :—

મું. વસો

પરમકૃપાળુ મુનિશ્રીની સેવામાં—

### અદ્ભુત ઉપદેશથી સદ્ગુરુની પરિપૂર્ણ પ્રતીતિ થઈને આજ્ઞાવશ વૃત્તિ થઈ

શુભ ક્ષેત્ર ખેડાથી લી.મુનિ દેવકરણજીના સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય. 'ઉત્તરાધ્યયન' બત્રીસમા અધ્યયનનો બોધ થતાં અસદ્ગુરુની ભ્રાંતિ ગઈ, સદ્ગુરુની પરિપૂર્ણ પ્રતીતિ થઈ, અત્યંત નિશ્ચય થયો. તે વખતે રોમાંચિત ઉલ્લાસમાન થયાં; સત્પુરુષની પ્રતીતિનો દૃઢ નિશ્ચય રોમેરોમ ઊતરી ગયો. આજ્ઞાવશ વૃત્તિ થઈ. રસાસ્વાદ વગેરે વિષય આસક્તિનું નિકંદન થવા વિષે અદ્ભુત આશ્ચર્યકારી ઉપદેશ થયો. જે પ્રકૃતિ-નિદ્રાદિ, ક્રોધાદિ અનાદિ વૈરીઓ પ્રત્યે શત્રુભાવે વર્તવું તેને અપમાન દેવું. તેમ છતાં ન માને તો ક્રુર થઈ તે ઉપશમાવવા, ગાળો દેવી, તેમ છતાં ન માને તો ખ્યાલમાં રાખી વખત આવ્યે મારી નાખવી ને ક્ષત્રિય ભાવે વર્તવું. તો જ વૈરીઓનો પરાજય કરી સમાધિસુખને પામશો. વળી પરમગુરુની વનક્ષેત્ર (ઉત્તરસંડા)ની દશા વિશેષ અદ્ભુત વૈરાગ્યની, જ્ઞાનની જે તેજોમય અવસ્થા પામેલ આત્માની વાત સાંભળી દિગ્મૂઢ થઈ ગયો.

### વનક્ષેત્રે વર્તતા પરમાત્મા અદ્ભુત યોગીન્દ્ર પરમશાંત બિરાજે છે

વળી હું એક દિવસે આહાર કરીને કૃપાનાથ ઉતરેલા તે મુકામે ગયો. તે ચાર માળનો બંગલો હતો. કૃપાળુદેવ ત્રીજા માળમાં બિરાજેલા હતા. તે વખતે તેમની અદ્ભુત દશા મારા જોવામાં આવ્યાથી મેં જાણ્યું કે આ અવસરે છતો થઈશ તો તે આનંદમાં કંઈ ફેરફાર થશે, એમ વિચારી હું એક ભીંતના પડદે રહી સાંભળતો હતો. તે કૃપાનાથ પોતે પોતાને કહે છે.

અડતાલીસની સાલમાં (સં.૧૯૪૮) રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસોક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્ભુત યોગીન્દ્ર પરમ સમાધિમાં રહેતા હતા અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્ભુત યોગીન્દ્ર પરમશાંત બિરાજે છે. એવું પોતે પોતાની નગ્નભાવી, અલિંગી, નિઃસંગ દશા વર્ણવતા હતા.

### જાણે સત્પુરુષના ચરણમાં મોક્ષ પ્રત્યક્ષ નજરે આવે છે

આપે કહ્યું તેમજ થયું. ફળ પાક્યું, રસ ચાખ્યો, શાંત થયા; આજ્ઞાવડીએ હમેશાં શાંત રહીશું. એવી વૃત્તિ ચાલે છે કે જાણે સત્પુરુષના ચરણમાં મોક્ષ પ્રત્યક્ષ નજરે આવે છે. પરમકૃપાળુદેવે પૂર્ણ કૃપા કરી છે. 'સૂત્રકૃતાંગ'-પ્રથમ શ્રુત સ્કંધ, દશમું સમાધિ અધ્યયન મારી પાસે કાવ્યો બોલાવી, પરમગુરુ સ્પષ્ટ ખુલ્લા અર્થ કરી સમજાવતા હતા. પૂર્ણ સાંભળ્યું. વળી તેરમું યથાતથ્ય અધ્યયન મારી સમીપ બે દિવસ એકાંતમાં વાંચવા આપ્યું હતું. તે પછી પોતે ખુલ્લા અર્થ સમજાવ્યા હતા. અલ્પબુદ્ધિવડે કંઈક સ્મરણમાં લેવાયા હશે.

### તેનું તે જ વાક્ય પરમકૃપાળુના મુખથી સાંભળીએ ત્યારે નવું જ ભાસે છે

અમે એક આહારનો વખત એળે ગુમાવીએ છીએ. બાકી તો સદ્ગુરુની સેવામાં કાળ વ્યતીત થાય છે, એટલે બસ છે. તેનું તે જ વાક્ય તે મુખમાંથી જ્યારે શ્રવણ કરીએ છીએ ત્યારે નવું જ દિસે છે. એટલે



હાલમાં પત્રાદિથી જણાવવાનું બન્યું નથી તેની ક્ષમાપના ઇચ્છું છું.

### શરીરમાં રહેલ આત્માને શોધી વિષયકષાયને બાળી જાળી સ્વરૂપમાં શમાઈ જાઓ

લખવાનું એ જ કે હર્ષ સહિત શ્રવણ કર્યા કરીએ છીએ. સર્વોપરી ઉપદેશમાં એમ જ આવ્યા કરે છે કે શરીર કૃષ કરી માંહેનું તત્ત્વ શોધી ક્લેવરને ફેંકીને ચાલ્યા જાઓ. વિષયકષાયરૂપ ચોરને અંદરથી બહાર કાઢી બાળી જાળી, ફૂંકી મૂકી, તેનું સ્નાન સૂતક કરી તેનો દહાડો પવાડો કરી, શાંત થાઓ, છૂટી જાઓ, શમાઈ જાઓ. શાંતિ, શાંતિ, શાંતિ થાઓ; વહેલા વહેલા તાકીદ કરો. જ્ઞાની સદ્‌ગુરુના ઉપદેશેલાં વચનો સાંભળીને એક વચન પણ પૂર્ણ પ્રેમથી ગ્રહણ કરે, એક પણ સદ્‌ગુરુ-વચનનું પૂર્ણ પ્રેમથી આરાધન કરે તો તે આરાધના એ જ મોક્ષ છે; મોક્ષ બતાવે છે.

### અલ્પ નિદ્રા, અલ્પ આહાર કરી વાંચન ભક્તિમાં કાળ નિર્ગમન

ખેડા લગભગ ૨૩ દિવસ સ્થિતિ કર્યા પછી કૃપાળુદેવ મુંબઈ પધાર્યા. દેવકરણજી વગેરે ખેડાથી વિહાર કરી નડિયાદ ક્ષેત્રે આવ્યા. અમે પણ વસોથી ચાતુર્માસ પૂર્ણ થયે નડિયાદ આવ્યા. ત્યાં શુદ્ધ આહાર માત્ર કરી એક માસને સત્તર દિવસ સુધી ત્યાં સ્થિતિ કરી. આ વખતે અમારી દિનચર્યા એવી રાખવામાં આવી હતી કે જેમાં અલ્પ નિદ્રા, અલ્પ આહાર વગેરે નિયમોનું પાલન કરી, બાકીનો બધો કાળ પુસ્તક વાચન, મનન અને ભક્તિમાં વ્યતીત થતો હતો.

### પરમકૃપાળુદેવના સમાગમનો વિચાર વિનિમય

ખેડામાં મુનિશ્રી દેવકરણજીને અને વસોમાં અમને જે સમાગમ થયો હતો તેમાં અમને તેમજ સાથેના મુનિઓને જે પ્રત્યક્ષ બોધ થયેલો તેનો સાતે સાધુ એકઠા થઈ સ્મૃતિમાં આવે તેમ પરસ્પર વિનિમય એટલે આપ લે કરતા હતા. ખેડામાં મુનિ દેવકરણજી આદિ ચાર સાધુઓને સમાગમ થયેલો ત્યાં બીજા કોઈ મુમુક્ષુને આવવાની આજ્ઞા નહીં હોવાથી તેઓને ઉપદેશનો સારો લાભ મળ્યો હતો. તેથી તેને જે ગુરુભક્તિ અને પ્રેમોલ્લાસનાં મોજાં હૃદયમાં ઊછળ્યાં હતાં તે તેમના પત્રમાં અલ્પાંશે દેખાય છે.

### અમારા કહેવા પ્રમાણે ચાલશો તો ભણેલા કરતાં વહેલો મોક્ષ થશે

લખમીચંદજી મુનિની સ્મૃતિમાં રહેલી ખેડાની બીના નીચે પ્રમાણે છે :—

શ્રી દેવકરણજી સાથે શ્રી લક્ષ્મીચંદજી મુનિ હતા. એક દિવસ કૃપાળુદેવે તેમને કહ્યું કે ''તમારે ધ્યાન કરવું હોય તે વખતે પદ્માસન વાળી હાથ ઉપર હાથ રાખી, નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને કરવું. તેમાં 'લોગસ્સ' અગર 'પંચ પરમેષ્ઠિ મંત્ર'નો જાપ કરવો.''

લક્ષ્મીચંદજીએ કહ્યું : ''હું કંઈ સમજતો નથી.''

ત્યારે કૃપાનાથે કહ્યું કે ''અમારા ઉપર તમને આસ્થા છે?'' લક્ષ્મીચંદજી મુનિએ કહ્યું : ''હા, અમને પૂર્ણ આસ્થા છે.''

પછી કૃપાળુદેવે કહ્યું કે ''અમારા કહેવા પ્રમાણે ચાલશો તો ભણેલાં કરતાં તમારો વહેલો મોક્ષ થશે; માટે તમને ચૌદ પૂર્વનો સાર કહીએ છીએ કે વિકલ્પો ઊઠવા દેવા નહીં; અને વિકલ્પો ઊઠે તેને દબાવી દેવા.''



## આજે તમારા અંતરમાં ઊંડું બી વાવીએ છીએ. બોધ વડે ચારેની આંખમાં આંસુ આવ્યા

ખેડાના તે જ બંગલામાં એક દિવસે અમે ચારે મુનિઓ વચલે માળે કૃપાનાથ પાસે ગયા હતા. ત્યારે કૃપાનાથે કહ્યું કે આજે અમારે તમારી સાથે બોલવું નથી. પછી અમે ચારે સવારના અગિયાર વાગે ગયેલા તે ચાર વાગ્યા સુધી તેમની મુખમુદ્રા પર દૃષ્ટિ રાખી બેસી રહ્યા. તે પછી કૃપાનાથ બોલ્યા કે અમારે આજે બોલવું નહોતું પણ કહીએ છીએ કે તમે શું કરો છો? ત્યારે અમે કહ્યું કે ''અમે આપની મુદ્રાને જોયા કરીએ છીએ.'' કૃપાનાથે કહ્યું : ''આજે અંતરમાં ઊંડું બી વાવીએ છીએ, પછી તમારો જેવો ક્ષયોપશમ હશે તે પ્રમાણે લાભ થશે.'' એમ કહી અદ્ભુત બોધ દાન દીધું. તે સાંભળતા અમારી ચારેની આંખોમાંથી આંસુની ધારા છૂટી. પછી કૃપાનાથે કહ્યું : ''આ બોધને તમે બધા નિવૃત્તિક્ષેત્રે એકઠા થઈને બધુ વિચારશો તો ઘણો લાભ થશે.''

## પરમકૃપાળુદેવે ઈડર જવાના સમાચાર મોતીલાલને જણાવ્યા

અમે નડિયાદ ક્ષેત્રે હતા. તેવામાં ખબર મળ્યા કે કૃપાળુદેવ મુંબઈથી ઈડર જવાના છે. તેથી નડિયાદ સ્ટેશને પધારશે એવા સમાચાર એક દિવસ અગાઉ મળવાથી મોતીલાલને અમે રાત્રે ગાડી ઉપર મોકલ્યા હતા. તેમને પરમકૃપાળુદેવના દર્શન થયાં. મોતીલાલને પૂછ્યું કે મુનિઓ અત્રે છે?

મોતીલાલે કહ્યું : હા જી, અહીં છે.

પરમકૃપાળુદેવે પૂછ્યું કે વિહાર કરી ક્યાં જવાના છે?

મોતીલાલે પ્રત્યુત્તર આપ્યો કે—અમદાવાદ અગર ખંભાત પધારવાના છે.

પરમકૃપાળુદેવે કહ્યું કે—સારું, અમે ઈડર જવાના છીએ, ત્યાં નિવૃત્તિ અર્થે રહેવાનું છે.

## અમે સાતે મુનિઓએ ઈડર તરફ વિહાર કર્યો

સ્ટેશન ઉપર થયેલ વાતચીત મોતીલાલે અમને કહી તેથી આવી નિવૃત્તિમાં અમને વિશેષ સમાગમનો લાભ મળશે એ વિચારે અમે સાતે મુનિઓ વિહાર કરી ઈડર તરફ જવા નિકળ્યા. ત્વરાથી વિહાર કરી અમે ત્રણ મુનિઓ ઈડર વહેલા પહોંચ્યા. હું, મોહનલાલજી અને નરસિંહરખ; અને પાછળ રહેલા મુનિ દેવકરણજી, વેલશીરખ, લખમીચંદજી અને ચતુરલાલજી એમ અમે સાત હતા. અમે ઈડર શ્રાવકના ઉપાશ્રયમાં ઊતર્યા. હું તૂર્ત જ કૃપાળુદેવની શોધમાં પ્રાણજીવનદાસ ડૉક્ટરના દવાખાના તરફ ગયો. ત્યાં મને દૂરથી ઠાકરશીભાઈ જે પરમકૃપાળુદેવની સાથે સેવાર્થે રહેતા હતા અને જે શ્રી સૌભાગ્યભાઈના ભાણા હતા તેણે દીઠા એટલે પરમકૃપાળુદેવને કહ્યું કે મુનિ આવ્યા. તેથી પરમકૃપાળુદેવે ઠાકરશીને કહ્યું કે તેમને પરભાર્યા વનમાં લઈ જા, અહીં ન આવે. ઠાકરશીએ મને કૃપાળુદેવની આજ્ઞા જણાવી. તેથી તેની સાથે વનમાં હું આગળ ગયો. પરમકૃપાળુદેવ પાછળ આવતા હતા.

### પહેલો દિવસ

## આપની નિવૃત્તિમાં વિશેષ લાભ મળશે એમ ધારી આવ્યા છીએ

મને કૃપાળુદેવ તે એક આંબાના વૃક્ષ નીચે બોલાવી ગયા અને પૂછ્યું : મોતીલાલે તમને શું કહ્યું હતું? ત્યારે મેં કહ્યું કે—''મોતીલાલને આપે પૂછેલું કે સાધુઓ ક્યાં જવાના છે? તેનો ઉત્તર મોતીલાલે



આપ્યો કે અમદાવાદ અગર ખંભાત જવાના છે. ત્યારે આપે કહ્યું કે ઠીક. અમે ઈડર નિવૃત્તિ અર્થે જવાના છીએ. તેથી દર્શન સમાગમની ઇચ્છાએ આપના તરફ આપની નિવૃત્તિના વખતમાં વધારે લાભ મળશે એમ જાણી, આપના સમાગમ અર્થે આવ્યા છીએ. મુનિ દેવકરણજી પણ પાછળ આવે છે. મારા અંતરમાં થયું કે મને પૂરો સમાગમ વસોમાં થયો નથી અને ઘણા માણસોનો પરિચય રહેવાથી વસોમાં બરાબર લાભ અમારાથી લેવાયો નથી. તો હવે નિવૃત્તિએ આપનો સમાગમ વિશેષ મળશે એમ ધારી આ તરફ આવવા વિચાર થવાથી આવ્યા છીએ. અમે વિહાર કર્યો ત્યારે દેવકરણજી કહે અમારે પણ લાભ લેવો છે. ઘણા દિવસ બોધ દીધો છે. તમારે આત્મહિત કરવું છે, તો શું અમારે નથી કરવું? આમ કહી તે પણ પાછળ આવે છે.''

### અમે અહીં ગુપ્ત રીતે રહીએ છીએ

આ સાંભળી પરમકૃપાળુદેવ સહજ ખિજાઈને બોલ્યા : ''તમે શા માટે પાછળ પડ્યા છો? હવે શું છે? શું સમજવું બાકી છે? તમને જે સમજવાનું હતું તે જણાવ્યું છે. તમે હવે કાલે વિહાર કરી અહીંથી ચાલ્યા જાઓ. દેવકરણજીને અમે ખબર આપીએ છીએ તેથી તે આ તરફ નહીં આવતાં બીજા સ્થાને વિહાર કરી પાછા જશે. અમે અહીં ગુપ્ત રીતે રહીએ છીએ. કોઈના પરિચયમાં આવવા અમે ઇચ્છતા નથી અને અપ્રસિદ્ધ રહીએ છીએ. ડૉક્ટરના તરફ આહાર લેવા નહીં આવતા બીજા સ્થાનેથી લેજો. અને કાલે વિહાર કરી જવું.''

### ભલે તેમ કરજો

મેં વિનંતી કરી : આપની આજ્ઞા પ્રમાણે ચાલ્યા જઈશું. પરંતુ મોહનલાલજી અને નરસિંહરખને અહીં આપના દર્શન થયાં નથી. માટે જો આપ આજ્ઞા કરો તો એક દિવસ રોકાઈને પછી વિહાર કરીએ.''

કૃપાળુદેવે જણાવ્યું : ભલે તેમ કરજો.

### બીજો દિવસ

### ગાથાઓ ઉચ્ચારી ધ્યાનમાં સમાધિસ્થ

બીજે દિવસે સવારમાં તે જ આંબા તળે અમે ત્રણ મુનિઓ ગયા અને પોતે માગધી ગાથાઓનો ઉચ્ચાર કરતા ધૂનમાં ને ધૂનમાં ઊંડા વોકળામાં આવતા હતા તેથી દેખાતા નહોતા. પણ ધૂનના શબ્દોચ્ચાર શ્રવણ થતા હતા. અમે આંબા તળે રાહ જોતા ઊભા હતા. એટલામાં ત્યાં પધાર્યા અને પૂર્વ દિશા તરફ મુખ રાખી, નીચેની માગધી ગાથાઓ બોલતા હતા. તેની તે જ એકલયપણે ઉચ્ચ સ્વરે અડધો કલાક સુધી જોશથી ઉચ્ચારતા રહ્યા, પછી લગભગ તેટલો જ વખત શાંત, સ્થિરપણે, મન, વચન, કાયા ત્રણે યોગ સ્થિર કરી ધ્યાનમાં લીન થઈ ગયા; સમાધિસ્થ થયા.

''मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठ अट्ठेसु।
थिरमिच्छह जइ चित्तं विचित्तंज्झाणप्पसिद्धिए ।।४८।।
जं किंचिवि चिंततो णिरीहवित्ती हवे जदा साहु।
लद्धूणय एयत्तं तदाहु तं तस्स णिच्छियं ज्झाणं ।।५५।।
मा चिट्ठह, मा जंपह, मा चिंतह किंवि जेण होइ थिरो।
अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे ज्झाणं ।।५६।।'' -દ્રવ્યસંગ્રહ



### સ્થિર ચિત્ત કરવા માટે મોહ, રાગ, દ્વેષ ન કર

**અર્થ :–** (૧) વિચિત્ર (નાના પ્રકારના) અથવા વિચિત્ત (નિર્વિકલ્પ) ધ્યાનની સિદ્ધિ થવા જો સ્થિર ચિત્ત કરવા તું ઇચ્છે, તો (પાંચ ઇન્દ્રિયોના) ઇષ્ટ, અનિષ્ટ અર્થો (વિષયો)માં મોહ ન કર, રાગ ન કર અને દ્વેષ ન કર.

**ન મોહ ન રાગ કરે તે દ્વેષ કરે ના ઇષ્ટ અનિષ્ટ ચીજે;**
**ધ્યાન વિચિત્ત થવાને સ્થિર કરવા ચિત્ત જે ઇચ્છે. ૪૮**

(૨) કોઈ પણ પદાર્થનું ચિંતવન કરતાં જ્યારે સાધુ એકત્વતા (લીનતા) પામીને નિઃસ્પૃહવૃત્તિવાળા થાય, ત્યારે તેને નિશ્ચય ધ્યાન વર્તે છે, એમ કહ્યું છે.

**ધ્યેય કોઈ ચિંતવતાં, નિસ્પૃહ-વૃત્તિ થતા યદા સાધુ;**
**તલ્લીનતા સાધીને, નિશ્ચય તેને ધ્યાન ત્યાં લાધ્યું. ૫૫**

(૩) કાયાથી કોઈ પણ ચેષ્ટા (ક્રિયા) ન કરો, વચનથી કોઈપણ ઉચ્ચાર ન કરો, મનથી કોઈ પણ વિચાર ન કરો, તો તેથી સ્થિર થશો, આત્મા આમ આત્મામાં રમણતા કરે તો પરમધ્યાન થાય.

**કાંઈ કરો ના ચેષ્ટા, વિચાર, ઉચ્ચાર; જેથી સ્થિર બનો;**
**અંતર આત્મ રમણતા તે તલ્લીનતા પરમધ્યાન ગણો. ૫૬**

### પરમકૃપાળુદેવની વીતરાગતા, આત્મસ્થિરતાના દિવ્ય દર્શન કરી અપૂર્વ શાંતિ અનુભવી

તે વખતની વીતરાગતા અને આત્મસ્થિરતા તથા દિવ્ય દર્શનીય સ્વરૂપદશા જોઈ અમે અપૂર્વ શાંતિ અનુભવી. તેનું અંતર આલેખન થઈ ગયું છે, તે વિસ્મૃત થાય તેમ નથી. ધ્યાન પૂરું થતાં પોતે અમને 'વિચારશો' એટલું જ કહી ચાલતા થયા.

અમને વિચાર આવ્યો કે લઘુશંકાદિ કરવા જતા હશે, પરંતુ તેઓ તો નિઃસ્પૃહપણે ચાલ્યા જ ગયા. અમે થોડીવારે એટલામાં તપાસ કરી, પરંતુ દર્શન થયા નહીં. તેથી પશ્ચાત્તાપ કરતાં ઉપાશ્રયમાં આવ્યા. આહાર આદિથી નિવૃત્ત થયા એટલે ઠાકરશી અમારી પાસે આવ્યા. અમે પૂછ્યું કે દેવકરણજીને પત્ર લખવા સંબંધે શું થયું?

ઠાકરશીએ કહ્યું કે પત્ર લખેલ છે, રવાના કર્યો નથી.

### વીતરાગ પ્રતિમાજીના દર્શન કરવાની અહીં મળેલ પ્રથમ આજ્ઞા

તે જ સાંજના મુનિ દેવકરણજી પણ આવી ગયા. પછી ઠાકરશી સાથે ડુંગર ઉપર દર્શનાર્થે જવાની આજ્ઞા થવાથી, ઉપરના દેરાસરોની કૂંચીઓ મંગાવી, દિગંબર-શ્વેતાંબરનાં બન્ને દેરાસરો ઉઘડાવી દર્શન કર્યાં. વીતરાગ મુદ્રા એટલે જિન પ્રતિમાનાં દર્શન કરવાની આજ્ઞા અમને પ્રથમ અહીં થઈ હતી. સદ્ગુરુની આજ્ઞાથી તે પહાડ ઉપરનાં વીતરાગ પ્રતિમાજીના દર્શન થતાં અમારા આત્મામાં જે ઉત્કૃષ્ટ ભાવની શ્રેણિ પ્રગટ થયેલી તે વચનાતીત છે.

### પરમકૃપાળુદેવ વિચર્યા તે સ્થાનોના પણ દર્શન કરાવ્યા

ડુંગર ઉપર જ્યાં જ્યાં પરમકૃપાળુદેવ વિચર્યા હતા, તે સર્વ સ્થળો ઠાકરશીએ બતાવ્યાથી તે તે ભૂમિને ધન્ય માની, પ્રશસ્ત ભાવના ભાવતા અમે ઉપાશ્રયમાં આવ્યા.





### ત્રીજો દિવસ

## પરમકૃપાળુદેવ ચાલતા પુઢવી શિલા પર આવી બિરાજ્યા

ત્રીજે દિવસે પ્રાતઃકાળમાં તે જ આંબાના વૃક્ષ નીચે આવવા અમને આજ્ઞા થઈ હતી, તે પ્રમાણે ત્યાં ગયા. પોતે પણ પધાર્યા. આ વખતે મુનિ દેવકરણજીનું શરીર કૃશ હોવાના કારણે ધ્રુજતું હતું. ઋતુ શિયાળાની હોવાથી ઠંડી ઘણી હતી. તેથી લખમીચંદજીએ કપડું ઓઢાડ્યું. તે જોઈ પરમકૃપાળુદેવ બોલ્યા કે 'ટાઢ વાય છે?' અને કહ્યું કે 'ટાઢ ઉડાડવી છે?' એમ કહી પોતે ઊભા થઈ ચાલવા માંડ્યું. અમે સર્વ તેમની પાછળ ચાલવા લાગ્યા. તેઓશ્રી તો ઝડપભેર કાંટા, કાંકરા, જાળાં, ધારવાળા પત્થરોમાં દેહની દરકાર કર્યા વિના આત્મોપયોગે ચાલતા હતા. અમે પણ પાછળ તેમના ચરણનું અવલંબન ગ્રહણ કરી ચાલતા હતા. એટલામાં એક વિશાળ શિલા આવી. તેના ઉપર પૂર્વાભિમુખ પોતે બિરાજ્યા. અમે સન્મુખ બેઠા. પછી પૂઢવી શિલા ઉપર ભગવાન બિરાજ્યાનું શાસ્ત્રમાં જે લખ્યું છે તેનો અર્થ કરી કહ્યું કે આ પૂઢવી શિલા.

## મુનિઓનું પેટ જગતના કલ્યાણ અર્થે

પછી એ શિલા સંબંધી કેટલુંક વર્ણન કર્યું અને તે જ શિલા પર ''બૃહદ્ દ્રવ્ય સંગ્રહ'' વાંચવાનું શરૂ કર્યું. તે ''બૃહદ્ દ્રવ્ય સંગ્રહ'' ગ્રંથ ઈડરના દિગંબર જૈન પુસ્તક ભંડારમાંથી પોતે કઢાવ્યો હતો. તે ગ્રંથ લગભગ અર્ધો વાંચ્યો હતો. તે વખતે સાધુ સમુદાયની અદ્ભુત વૈરાગ્ય દશાવડે સદ્ગુરુની ભક્તિ આત્મામાં ઉલ્લાસ પામી હતી. તીવ્ર વૈરાગ્યદશામાં આવી દેવકરણજી બોલ્યા કે 'હવે અમારે ગામમાં જવાની શી જરૂર છે?' પરમગુરુ બોલ્યા કે 'તમને કોણ કહે છે કે ગામમાં જાઓ.' ત્યારે મુનિ દેવકરણજી બોલ્યા : 'શું કરીએ? પેટ પડ્યું છે.' કૃપાનાથે કહ્યું : 'મુનિઓને પેટ છે તે જગતના કલ્યાણ અર્થે છે. મુનિને પેટ ન હોત તો ગામમાં નહીં જતાં પહાડની ગુફામાં વસી, કેવળ વીતરાગભાવે રહી જંગલમાં વિચરત. તેથી જગતના કલ્યાણરૂપ થઈ શકત નહીં. તેથી મુનિનું પેટ જગતના હિતાર્થે છે.

## સર્વ વસ્તુને જાણનાર તે આત્મા છે

પછી પરમગુરુએ સાધુમંડળને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો કે 'યોગના અભ્યાસીઓ ધ્યાનમાં પોતાને અમુક પ્રકાશ આદિ દેખતા હોવાનું જણાવે છે. તે શું હશે? આ પ્રશ્નનો ઉત્તર અમે કોઈ આપી શક્યા નહીં. ત્યારે પોતે તે પ્રશ્નનો ખુલાસો કર્યો કે 'ધ્યાનની અંદર ચિંતવે તેવું તે યોગાભ્યાસીને દેખાય છે. દૃષ્ટાંત તરીકે ધ્યાનમાં આત્માને પાડા જેવો ચિંતવી આ પહાડ જેવડું પૂંછડું હોવાનું ચિંતવે તો તેને આત્મા તે રૂપે ભાસે છે. પણ વસ્તુતઃ તે આત્મા નથી. પણ તેને જાણનાર જે છે તે આત્મા છે.'

## સિદ્ધના પણ પર્યાય પલટાય છે

આટલો ખુલાસો કર્યા પછી સિદ્ધ આત્માના પર્યાય સંબંધી પોતે જ સ્પષ્ટીકરણ કરી સમજાવ્યું હતું કે સિદ્ધ ભગવાનને જે કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાનવડે આપણે અહીં આટલા બેઠા છીએ તે રૂપે જાણે છે, દેખે છે. પછી આપણે અહીંથી ઊઠી જઈએ ત્યારે તે રૂપે જાણે, દેખે એમ સિદ્ધના પર્યાય પલટાય છે.

## રસ્તામાં 'દ્રવ્ય સંગ્રહ'ની પહેલી ગાથાનું ધૂનમાં રટણ

લગભગ એક વાગ્યાનો સમય થયો હોવાથી પરમકૃપાળુદેવ સહિત અમે મુનિમંડળે ગામ તરફ



ગમન કર્યું. રસ્તામાં ચાલતાં ‘દ્રવ્ય સંગ્રહ’ની પહેલી ગાથાનું ધૂનમાં રટણ કરતાં દિવ્ય ધ્વનિ પ્રસરી રહેતો. નાગ જેમ મોરલીના ધ્વનિ ઉપર એક તાર થઈ જાય તેમ પરમકૃપાળુદેવની ધ્વનિથી ઊઠતા આનંદમાં અમે એકતાર થઈ જતાં તે ગાથા :—

“जीवमजीवं दव्वं, जिनवरवसहेण जेण णिदिट्ठं ।
दे विंद विंद वदं, वंदं तं सव्वदा सिरसा ।।१।।” દ્રવ્યસંગ્રહ

**“જીવ અજીવ પદાર્થો, જિનવરરાજે જણાવીયા તેને;**
**દેવેન્દ્ર-વૃંદ-વંદિતને, વંદું શીર્ષ સદા નમાવીને.” ૧**

અર્થ :— દેવોના ઇંદ્રોને પણ પૂજ્ય જે જિનવરોમાં ઉત્તમ એવા તીર્થંકર ભગવાને જીવ અને અજીવ દ્રવ્યનું નિરૂપણ કર્યું છે, તેને મસ્તક નમાવીને (સર્વદા=સર્વ પ્રકારે) સદા વંદન કરું છું.

### ચોથો દિવસ

### શાસ્ત્રમાં મુહપત્તીનું વિધાન છે પણ ડોરો ચાલ્યો નથી

મધ્યાહ્ન પછી ઠાકરશીને ઉપાશ્રયમાં મોકલી અમને સાતે મુનિઓને બોલાવ્યા. અમે તેની સાથે ગયા. ડુંગરની તળેટીમાં પરમકૃપાળુદેવના દર્શનનો લાભ થયો. ઉપર જતાં પહેલાં દેરાસરની કૂંચીઓ લેવા ઠાકરશીને મોકલ્યા. અને અમે ચરણ સમીપ બેસી રહ્યા. તે વખતે મોહનલાલજીએ વિનંતી કરી કે આહાર કરી રહ્યા પછી મુહપત્તી (મુખ-વસ્ત્રિકા) બાંધતાં મને વાર થાય છે, તેથી મહારાજ મને દંડ આપે છે. ત્યારે પોતે આજ્ઞા કરી કે બધા મુહપત્તી કાઢી નાખો અને ઈડરની આસપાસ ૨૦ ગાઉ સુધી બાંધશો નહીં. કોઈ આવી પૂછે તો શાંતિથી વાતચીત કરીને તેના મનનું સમાધાન કરવું.

### ભુરાબાવાની ગુફા વગેરે સ્થાને જ્યાં કૃપાળુદેવ વિચરેલા તે બતાવ્યા

ઠાકરશી કૂંચીઓ લઈને હાજર થયા અને અમને બીજી વખત ઈડરના ગઢ ઉપર દર્શનાર્થે જવાની આજ્ઞા થઈ. પોતે શહેરમાં પધાર્યા. અમે ઠાકરશીને સાથે લઈ બન્ને દેરાસરોમાં દર્શન કરી, ભુરાબાવાની ગુફા તેમજ પહાડની ટોચે જ્યાં જ્યાં કૃપાળુદેવ વિચરેલા, સમાધિ, ધ્યાન આદિ ક્રિયાઓ કરવામાં આવેલી તે તે સ્થાને જઈ નિરખી અમને આનંદ આવવાથી, તે તે ક્ષેત્રની આસપાસ ફરી સ્તુતિ ભક્તિ કરતા. પ્રત્યક્ષ સદ્ગુરુના પવિત્ર ચરણોનો સ્પર્શ જે ભૂમિને થયેલો તે જોઈ હૃદયમાં અમને થતું કે ધન્ય આ ભૂમિ, જ્ઞાની વિના આવી ચર્યા પણ કોની હોય? આમ પ્રશંસા કરતા અને સદ્ગુરુમાં ભક્તિપૂર્ણ પદોનો ઉચ્ચાર કરતા અમે ઉપાશ્રયમાં આવ્યા.

### પાંચમો દિવસ

### અમારા માટે કલ્પવૃક્ષ તુલ્ય આંબો થઈ પડ્યો

આજે તે સાંકેતિક (નક્કી કરેલા) આમ્ર વૃક્ષ નીચે અમને સાતે મુનિઓને આવવા આજ્ઞા થયેલી. તે પ્રમાણે અમે ત્યાં ગયા.પરમકૃપાળુદેવ પણ ત્યાં પધાર્યા. તે આંબા નીચે અમને તો પરમ સદ્ગુરુનો સમાગમ થતો એટલે જાણે ત્રિલોકના સારરૂપ કલ્પવૃક્ષ તુલ્ય તે આંબો થઈ પડ્યો હતો.

### નિર્વાણ માર્ગ બતાવનાર સાર્થવાહની જેમ આગળ ચાલતા હતા

પરમકૃપાળુદેવ સાથે અહીંથી કંટક આદિથી વિકટ પંથે અમે આજે ચાલ્યા; તો પણ તેઓશ્રી



અમારા સર્વની આગળ નિર્વાણ-માર્ગ બતાવનાર સાર્થવાહની માફક ત્વરિત ગતિથી આગળ ચાલતા હતા. આ વખતે વેલશીરખ નામના વૃદ્ધમુનિ બોલ્યા કે આજે મંડળમાંથી એકાદ જણને અહીં જ મૂકી જશે કે શું? કારણ કે ઉપર ચઢવાનો માર્ગ વિકટ છે તેથી આપણને અંતર પડે છે અને તેઓશ્રી તો ઘણા ઉતાવળા ચાલે છે.

### જુઓ આ સિદ્ધ શિલા અને આ બેઠા છે તે સિદ્ધ

પરમગુરુ ઉપર વેહલા પહોંચી ગયા અને એક વિશાળ શિલા ઉપર બિરાજ્યા. અમે પણ ત્યાં જઈ વિનય કરી બેઠા. આ વખતે તેઓશ્રી બોલ્યા કે અહીં નજીકમાં એક વાઘ રહે છે. પણ તમે સર્વ નિર્ભય રહેજો. જુઓ, આ સિદ્ધ શિલા અને આ બેઠા છીએ તે સિદ્ધ; એમ કહી અદ્ભુત રીતે દૃષ્ટિ પલટાવીને કહ્યું કે આ બધી અદ્ભુત શક્તિઓ આત્મા જેમ જેમ ઊંચો આવે તેમ તેમ પ્રકટ થાય છે. એટલું કહી પ્રશ્ન કર્યો કે—આપણે આટલે ઊંચે બેઠેલા છીએ તેમને કોઈ નીચે રહેલો માણસ દેખી શકે?

મેં કહ્યું : 'ના, ન દેખી શકે.'

### નીચેની દશાવાળો જીવ ઊંચી દશાવાળા જ્ઞાનીને ઓળખી શકે નહીં

ત્યારે પરમગુરુએ કહ્યું કે 'તેમજ નીચેની દશાવાળો જીવ તે ઊંચી દશાવાળા જ્ઞાનીનું સ્વરૂપ જેમ છે તેમ જાણી શકતો નથી. પણ યોગ્યતા પ્રાપ્ત થાય અને ઉચ્ચ દશામાં આવે તો દેખી શકે.

આપણે ડુંગર ઉપર ઉચ્ચ સ્થાને હોવાથી આખું શહેર અને દૂર સુધી સઘળું જોઈ શકીએ છીએ. અને નીચે ભૂમિ ઉપર ઊભેલો માત્ર તેટલી ભૂમિને દેખી શકે છે; તેથી જ્ઞાની ઉચ્ચ દશાએ રહી નીચેનાઓને કહે છે કે તું થોડે ઊંચે આવ, પછી જો તને ખબર પડશે.'

### પરમકૃપાળુદેવ અલૌકિક દિવ્ય સૂરથી, મોહક આલાપથી ગાથા બોલ્યા

એમ વાત થયા પછી, પોતે 'ઉત્તરાધ્યયન' સૂત્રની ત્રીજા અધ્યયનની પહેલી ગાથા કોઈ એવા અલૌકિક દિવ્ય સૂરથી અને મોહક આલાપથી બોલ્યા કે વનમાં ચોપાસ તેનો પ્રતિઘોષ (પડઘો) પ્રસરી રહ્યો.

''चतारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुस्सत सुइ सद्धा, संजमम्मि य वीरियं ।।'' -ત્રીજું અધ્યયન ઉત્તરાધ્યયન સૂત્ર

(અનુષ્ટુપ)

**''ચારે અંગો ય દુષ્પ્રાપ્ય, જીવોને જગમાં બહુ;**
**મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા, સંયમે વીર્ય જાગવું.''**

અર્થ :— આ સંસારમાં પ્રાણીને ધર્મના ચાર પ્રધાન અંગો, કારણો દુર્લભ છે. તે ચાર આ પ્રમાણે—(૧) માનવપણું, (૨) ધર્મનું શ્રવણ (શ્રુતિ), (૩) શ્રદ્ધા (સમ્યક્દર્શન) અને (૪) સંયમ (સર્વભાવથી વિરામ પામવારૂપ)માં વીર્ય ફોરવવું. આ ચારે અંગો ઉત્તરોત્તર અતિ દુર્લભ કારણો છે.

### તમે બધા જિન મુદ્રાવત્ બની દ્રવ્યસંગ્રહની ગાથાઓ સાંભળો

પછી દેવકરણજી મુનિને કહ્યું કે તમે આ ગાથા બોલો જોઈએ. તેથી દેવકરણજીએ બે-ત્રણ વાર પ્રયત્ન કરવા છતાં તેવું આવડ્યું નહીં. પછી મને કહેવાથી હું બોલ્યો, પરંતુ મને પણ આવડ્યું નહીં; એટલે પોતે બોલ્યા કે ઠીક છે. લીંમડીવાળા, સાધુઓ બોલે છે તે કરતાં ઠીક બોલાય છે. પછી સર્વને કહ્યું : 'તમે



બધા પદ્માસન વાળી બેસી જાઓ અને જિનમુદ્રાવત્ બની આ દ્રવ્યસંગ્રહની ગાથાઓ સાંભળી તેનો અર્થ ઉપયોગમાં લ્યો. એ આજ્ઞા થવાથી અમે બધા આસનવાળી બેસી ગયા. પોતે અપૂર્વ ધ્વનિથી ગાથાનો ઉચ્ચાર કરે તેના પડઘાથી પહાડ ગાજી ઊઠતો. ગાથા બોલી રહ્યા પછી તેનો અર્થ કરતા અને સારરૂપ પરમાર્થ પણ કહેતા. એમ આખો ''દ્રવ્ય સંગ્રહ'' ગ્રંથ પરિપૂર્ણ સંભળાવ્યો. ત્યાં સુધી અમે તે જ આસને અચળપણે રહ્યા; પરમગુરુએ સમજાવેલો અપૂર્વ પરમાર્થ સૌ સૌના ક્ષયોપશમ (સમજ) પ્રમાણે અને પોતપોતાની દશા અનુસાર સમજાયો.

### દેવાલયના શિખર ઉપર કલશ ચઢાવે તેવો આ સર્વોપરિ પ્રસંગ

મુનિ દેવકરણજી તો આ સમાગમની ખુમારીમા પ્રમોદ પ્રગટતાં, ઉલ્લાસપૂર્વક બોલી ઊઠ્યા કે 'અત્યાર સુધીમાં જે જે સમાગમ પરમગુરુનો થયો તેમાં આ સમાગમ સર્વોપરી થયો. દેવાલયના શિખર ઉપર કળશ ચઢાવે તેમ આ પ્રસંગ પરમ કલ્યાણકારી છે, સર્વોપરિ સમજાય છે.'

### 'આત્માનુશાસન'માંથી આત્માના સ્વરૂપનું વિશેષ વર્ણન કરી બતાવ્યું

પછી 'આત્માનુશાસન' ગ્રંથના કર્તા ગુણભદ્ર આચાર્ય પાછળના ભાગમાં અતિ અદ્ભુત જ્ઞાનમાં રેલ્યા છે. તે આત્માના સ્વરૂપનું વિશેષ વર્ણન સ્પષ્ટ બતાવે છે, એમ કહી વાંચી સંભળાવ્યું.

### અંબાલાલભાઈનો પ્રમાદ દૂર થશે અને તે પરમપદને પામશે

ઈડરના સમાગમમાં એક વખત તે જ આંબા તળે કૃપાળુદેવે કહ્યું હતું 'મુનિઓ, જીવની વૃત્તિ તીવ્રપણામાંથી પણ નરમ પડી જાય છે. અંબાલાલની વૃત્તિ અને દશા, પ્રથમ ભક્તિ અને વૈરાગ્યાદિના કારણે લબ્ધિ પ્રગટાવે તેવી હતી. તે એવી કે અમે ત્રણ ચાર કલાક બોધ કર્યો હોય તે બીજે દિવસે કે ત્રીજે દિવસે તેને લખી લાવવા કહીએ તો તે બધું અમારા શબ્દોમાં જ લખી લાવતા. હાલ પ્રમાદ અને લોભાદિના કારણથી વૃત્તિ શિથિલ થઈ છે, અને તે દોષ તેનામાં પ્રગટ થશે એમ અમે બાર માસ પહેલાંથી જાણતા હતા.' તે સાંભળી મારા મનમાં ખેદ થવાથી મેં જણાવ્યું કે 'શું તે એમને એમ જ રહેશે?' ત્યારે પરમગુરુએ કહ્યું કે 'મુનિ, ખેદ કરશો નહીં. જેમ નદીના પ્રવાહમાં તણાતું પાંદડું કોઈ એક જાળા આગળ અટકી જાય પણ ફરી પૂર-પ્રવાહના વહનમાં જાળાથી જાુદું પડી છેક મહાસમુદ્રે જઈ મળે, તે પ્રમાણે તેનો પ્રમાદ અમારા બોધથી દૂર થશે અને તે પરમપદને પામશે.'

### અમે સનાતન જૈન છીએ, પાપથી નિવૃત્તવું એ અમારું પ્રતિક્રમણ

એ વાત પૂર્ણ થયા પછી મુનિ મોહનલાલજીએ પ્રશ્ન કર્યો કે 'અમને કોઈ પૂછે છે કે તમારો ગચ્છ કયો? અને પ્રતિક્રમણ કયું કરો છો? ત્યારે અમારે શું કહેવું?

પરમકૃપાળુદેવે ઉત્તર આપ્યો કે 'તમારે કહેવું કે અમે સનાતન જૈન છીએ અને પાપથી નિવૃત્ત થવું એ અમારું પ્રતિક્રમણ છે.'

### માન કષાયે મોટા મોટાને પણ મારી નાખ્યા

તે જ પ્રસંગે તેઓશ્રીએ કહ્યું કે—'મુનિઓ, જીવને અનંતકાળ પરિભ્રમણ કરાવનાર માન છે; માન એવું બળવાન છે કે તેણે મોટા મોટાને પણ મારી નાખ્યા છે. અમે એક વખત મોરબી પાસેના ગામમાં લીમડી સંઘાડાના સાધુ મોટા જીવણજી પાસે ગયેલા, ત્યાં વાતના પ્રસંગે તેમની જન્મતિથિ, નક્ષત્ર અમુક



હોવું ઘટે છે એમ અમે કહ્યું. તેથી તેણે કહ્યું કે આ વાત આપે શાથી જાણી? ત્યારે અમે કહ્યું કે આત્માની નિર્મળતાથી આ બધું જાણી શકાય છે. પણ આ વાત સમજવા તેને વિશેષ ઉત્કંઠા રહી તેથી અમારા મોરબી જવા પછી તેઓ મોરબી આવ્યા અને રેવાશંકરભાઈને મળી અમને ઉપાશ્રયે લાવવા વારંવાર કહ્યા કરતા. આથી એક દિવસે રેવાશંકરભાઈએ અમને કહ્યું કે ઉપાશ્રયે ચાલો, મહારાજ આપને યાદ કરે છે.

ત્યારે અમે કહ્યું કે પરિણામ સારું નહીં આવે, તેમની ઇચ્છા આત્માર્થની નથી. છતાં રેવાશંકરભાઈના આગ્રહથી તેમની સાથે અમે ઉપાશ્રયમાં ગયા.

આ વખતે ઘણા માણસો એકઠા થયા અને ઉપાશ્રય ખીચોખીચ ભરાઈ ગયો. અમે બેઠા પછી મહારાજે પેલી વાત પડતી મૂકી પૂછ્યું કે શાસ્ત્રમાં પ્રતિમાનું વિધાન છે કે કેમ?

### આપે જે શાસ્ત્રો વાંચ્યા તેમાં પ્રતિમાનું વિધાન છે કે કેમ?

આ સાંભળી અમે મૌન રહ્યા. પરંતુ સાધુએ જ્યારે એ જ પ્રશ્ન પુનઃ પુનઃ જારી રાખ્યો ત્યારે અમે ઊભા થઈ કહ્યું કે મહારાજ, તમને મહાવીરના સોગન છે, આપે જે શાસ્ત્રો વાંચ્યા છે તેમાં પ્રતિમાનું વિધાન છે કે કેમ?

આથી સાધુ નિરુત્તર થઈ રહ્યા. પછી તેમને રેવાશંકરભાઈએ ઠપકો આપી કહ્યું કે આવા સમુદાયમાં આ વાત કાઢવાની હતી? અને તમે આ વાત કરવા તેડાવ્યા હતા? પછી અમે બન્ને ચાલી આવ્યા.'

### જો કોઈ જીવ માર્ગ ઉપર આવે તો તેને નમસ્કાર પણ કરીએ

આટલી વાત કહ્યા પછી મને કહ્યું કે મુનિ, જો કોઈ જીવ માર્ગ ઉપર આવતો હોય, તો તેને અમે નમસ્કાર કરીને પણ માર્ગ ઉપર લાવીએ.

### દ્રવ્યથી છઠ્ઠું અને ભાવથી ચોથું ગુણસ્થાનક

પછી મેં પૂછ્યું કે અમને કોઈ અમારું ગુણસ્થાનક પૂછે તો અમારે શું કહેવું?


પરમગુરુએ ઉત્તરમાં જણાવ્યું કે દ્રવ્યથી છઠ્ઠું અને ભાવથી ચોથું કહેવું.

### પૂર્વે થયેલા દિગંબર સાધુઓની છત્રીઓમાં લખેલ ઉપાધ્યાય શ્રીમદ્ રાજચંદ્ર

પાંચમા દિવસની સાંજે અમને સાધુઓને આજ્ઞા થઈ કે પૂર્વે થયેલા દિગંબર સાધુઓના દેહાંત પછી સ્મરણાર્થે કરાવેલી ઘુમટાકારે છત્રીઓ છે, તેમાં તે તે સાધુઓની યોગમુદ્રાઓ છે તે સ્થળે જવું. તેથી અમે સાતે સાધુઓ ત્યાં ગયા. આ જગ્યા સ્વાભાવિક વૈરાગ્ય ઉત્પન્ન કરાવે તેવી, અને વૃત્તિઓ શાંત થાય તેવી નિર્જન ભૂમિકા છે. ઉદાસીનતા અને અસંગતાના વિચારો સ્ફૂરે, વૈરાગ્યની વૃદ્ધિ થાય એવો ત્યાંનો ક્ષેત્ર પ્રભાવ જણાયો. તેની સમીપ સ્મશાન ભૂમિ હતી.

### પ્રાચીન ગુફામાં દોઢ માસ રહેલ પરમકૃપાળુદેવ

એટલામાં જ એક પ્રાચીન ગુફા, પાસે કુંડ જળથી ભરેલો તથા એક છૂટો ઊંચો પત્થર ધ્યાનના આસન જેવો હતો તે જોતાં જોતાં ચાલ્યા. એ ગુફામાં પરમકૃપાળુદેવ દોઢ માસ રહેલા એવું ઈડર નિવાસી એક ભાઈએ કહેલું. આવી તેઓના આત્મવીર્યની અદ્ભુતતા તથા નિર્ભયતા વિષે વિચાર કરતા અમે ઉપાશ્રયમાં આવ્યા.



### છઠ્ઠો દિવસ

### ત્રણે મુનિઓ અલગ અલગ બેસી પરમગુરુનો બોધ વિચારતા

છઠ્ઠા દિવસે અમને વિહારની આજ્ઞા થવાથી, સાતે મુનિઓએ ત્યાંથી વિહાર કર્યો. હું, મોહનલાલજી તથા નરસીરખ ત્રણે ઈડરની આસપાસના નાના ગામોમાં વિહાર કરતા. ત્યાં પહાડ આદિ જંગલ નિર્જન અને ત્યાગીને અનુકૂળ ક્ષેત્રો દેખાવાથી ધ્યાનાદિ ક્રિયા કરવા અહીં ઠીક પડશે એવી ભાવનાથી રહ્યા. સવારમાં પહાડ ઉપર જઈ પરમકૃપાળુદેવે જણાવેલ આજ્ઞા પ્રમાણે થોડા થોડા અંતરે ત્રણે મુનિઓ બેસી પરમગુરુનો બોધ, અથવા તેઓશ્રીના લખેલા પત્રો દ્વારા થયેલ ઉપદેશમાંથી વાચન કરી, ધ્યાનપૂર્વક મનન, નિદિધ્યાસન- આત્મપરિણમન કરતા. તેમજ કોઈ વેળા ભક્તિમાં સોનેરી કાળ વ્યતીત થતો. થોડા જ દિવસ ઉપર શ્રવણ કરેલો બોધ સ્મૃતિમાં હતો તેની ખુમારીમાં આ એકાંત સ્થળ વૃદ્ધિ કરતું હતું.

### પરમકૃપાળુદેવની આજ્ઞાથી શ્રી દેવકરણજી પણ અમદાવાદ આવ્યા

બે અઢી માસ પર્યંત આ વિભાગમાં વિચર્યા પછી ખેરાળુ ગયા. પરમકૃપાળુદેવ લગભગ ત્રણ માસ ઈડર રહ્યા હતા. ત્યારે ગુફામાં ઘણો વખત રહેતા તથા વનોમાં વિચરતા. પછી વવાણિયા પધાર્યા. ત્યાં અમે પત્ર લખ્યો તેનો જવાબ કૃપાળુદેવ તરફથી અમને ખેરાળુમાં મળ્યો. તેમાં જણાવ્યું હતું કે મુનિ દેવકરણજી કચ્છ-અંજારમાં છે. તેમને પત્ર લખી તેડાવી લેવા. કચ્છનું શિરનામું પણ સાથે મોકલ્યું હતું. આજ્ઞા પ્રમાણે અમે કચ્છ પત્ર લખ્યો કે તમારે હવે ગુજરાત તરફ વિહાર કરવો. તેઓ વિહાર કરી અમને અમદાવાદ મળ્યા. પછી તેમણે સં.૧૯૫૫નું ચાતુર્માસ વસો ક્ષેત્રે કર્યું. અને અમે નડિયાદ ચાતુર્માસ રહ્યા.

(૭)

### પરમકૃપાળુદેવનો રાત્રે વીરમગામમાં સમાગમ

ચોમાસું પૂરું થયા પછી અમે વીરમગામ જવા નીકળ્યા. મુનિ દેવકરણજી આદિ ત્રણ સાધુઓ અમને રસ્તામાં મળી ગયા. તેથી છએ સાધુઓ વીરમગામ રહી શેષ કાળ પૂરો થવાથી મોહનલાલજી અને નરસીરખ બન્ને સાધુ સાણંદ તરફ ગયા. તે જ રાત્રે પરમકૃપાળુદેવ વીરમગામ પધાર્યા અને ઉપાશ્રયમાં સમાગમ થયો. તે વખતે શ્રી આનંદઘનજી તથા શ્રી દેવચંદ્રજી મહારાજનાં સ્તવનો બોલ્યા પછી પરમકૃપાળુદેવે— 'વીરજીને ચરણે લાગું વીરપણું તે માંગુ રે...'

એ મહાવીર ભગવાનના સ્તવનના અર્થ કર્યા હતા. સવારે ફરી વનમાં સમાગમ થયો હતો. પછી પોતે વવાણિયા તરફ પધાર્યા હતા. અમે ત્યાંથી વિહાર કરી અમદાવાદ તરફ આવ્યા.

### કૃપાળુદેવ બોલી ઊઠ્યા કે દેવકરણજી, જુઓ જુઓ આત્મા

વવાણિયાથી પાછા કૃપાળુદેવ અમદાવાદ પધાર્યા ત્યારે બહારની વાડી પાસેના નગરશેઠ પ્રેમાભાઈના બંગલે ઊતર્યા હતા. આ વખતે પરમકૃપાળુદેવ રાજપુરના દેરાસરે જવાના હોવાથી અમોને પણ ખબર આપી બોલાવ્યા. પોતે પણ બારોબાર ત્યાં આવ્યા. અમે તો વાટ જોઈને જ બેઠેલા. દેરાસરમાં છઠ્ઠા પદ્મપ્રભુજીનું સ્તવન પોતે ગાયું અને સ્તુતિ નમસ્કાર કરી ઊભા થઈને ભોંયરામાં મૂળનાયકજી પાર્શ્વનાથ પ્રભુની બાજુમાં ધવલ પ્રતિમાજી છે, જે ઘણા જ ભવ્ય છે, તે સમીપ જઈ કૃપાળુદેવ બોલી ઊઠ્યા કે



દેવકરણજી, જુઓ, જુઓ આત્મા! એટલે અમો પણ પ્રતિમાજી પાસે આગળ આવ્યા. ત્યારે હું ભોળો તે બોલી ઊઠ્યો અને કહ્યું : ''ક્યાં છે, બાપજી?'' પછી મારી સામું જ જોઈ રહ્યા. કંઈ 'હા' કે 'ના' ન કીધી. હું તો મુંઝાણો કે એમને શું કહેવું હશે? મને વિકલ્પ ન રહે તેથી મને બોધમાં જણાવ્યું કે મુનિ, તમે જોશો.

પછી કૃપાળુદેવ બોલ્યા, ''દિગંબર આચાર્યો નગ્ન રહ્યા માટે ભગવાનને પણ દિગંબર રાખ્યા અને શ્વેતાંબર આચાર્યોએ વસ્ત્ર ધારણ કર્યાં તેથી ભગવાનને આંગી, મુગટ વગેરે ધારણ કરાવ્યા.'' પછી દહેરાસરની બહાર પધાર્યા અને એક બિછાનું પડેલું હતું તેના ઉપર બિરાજ્યા. પછી ફરમાવ્યું કે ''મુનિઓ, બહાર દૃષ્ટિ કરશો તો વિક્ષેપનો પાર નથી; માટે અંતરદૃષ્ટિ કરો.'' આત્માની અંદર ઊતરી જાઓ. આ પ્રમાણે સર્વ શાસ્ત્રના પરમ રહસ્યભૂત વાત કહી. આવું આવું ઉપદેશામૃતનું પાન સદ્ગુરુ વિના કોણ કરાવે? ત્યાંથી પરમગુરુ પોતાને સ્થાને ગયા અને અમે સર્વ અમારે સ્થાનકે ગયા.

### અમે સાડા નવ વાગે નરોડા ટ્રેનમાં આવીશું

બીજે દિવસે તેઓશ્રી અમદાવાદથી ઈડર ક્ષેત્રે પધાર્યા અને અમે થોડા દિવસ અમદાવાદ રહી નરોડા ગયા. તે વખતે ઈડરથી પરમગુરુનો કૃપાપત્ર પ્રાપ્ત થયો કે આવતી કાલે સવારના ૯.૩૦ની ટ્રેનમાં નરોડા ઊતરીશું. આ પત્ર વાંચી સર્વને સંદેહ થયો કે ગાડી તો નવ વાગે આવે છે અને સાડા નવ વાગે શી રીતે પધારવાના હશે? પણ પોતે બીજે દિવસે ગાડી મોડી થયેલી હોવાથી સાડા નવ વાગે જ ગાડી આવી તેમાં તેઓ પધાર્યા. ગામમાંથી કેટલાંક ભાવિકજનો સ્ટેશન ઉપર દર્શનાર્થે ગયા હતા. અમે મુનિઓ સ્ટેશન પાસે એક વૃક્ષ નીચે દર્શન માટે રાહ જોતા બેઠા હતા. પરમગુરુ સ્ટેશનથી અમે બેઠા હતા ત્યાં પધાર્યા. અમે સર્વેએ નમસ્કાર કર્યા પછી પરમગુરુની સાથે બધાએ ગામમાં પ્રવેશ કર્યો.

### સખત તાપ છતાં પરમગુરુ ઉઘાડા પગે મંદગતિથી ચાલ્યા

અમદાવાદથી મુમુક્ષુભાઈઓ પણ નરોડા આવ્યા હતા. બાર વાગે બધા મુનિઓને નિવૃત્તિ સ્થળે જંગલમાં પધારવા પરમગુરુએ સમાચાર મોકલ્યા. અમે ઉપાશ્રયમાંથી નીકળી ભાગોળે પહોંચ્યા. તે અરસામાં પરમગુરુ આદિ અમારી રાહ જોતા ઉભા હતા. ઉનાળાના તાપથી જમીન બહુ તપી ગઈ હતી. પરંતુ ''સાધુના પગ દાઝતા હશે'' એમ બોલી પરમગુરુએ પોતાનાં પગરખાં કાઢી નાખી ગજગતિથી દૂર વડ સુધી ઉઘાડે પગે ચાલ્યા. આ વખતે અમે સાધુઓ છાયાનો આશ્રય લેવા ત્વરિત ગતિથી ચાલતા હતા પણ પરમગુરુ તો તડકાની કંઈ દરકાર કર્યા વિના મંદગતિએ ઉઘાડાપગે અકળાયા વગર પરમશાંતિથી ચાલતા હતા.

### જાણે દેહ સાથે સંબંધ ન હોય તેમ આત્મધૂનમાં વિચરે છે

આ દૃશ્ય જોનારને એમ થયા વિના રહે નહીં કે અહો! કેવા પરમશાંતિમાં રહી આ પુરુષ ચાલે છે? કેટલાંક કહેતા હતા કે દેવકરણજી મુનિ આ જ્ઞાનીપુરુષના ગુણગ્રામ કરતા હતા તે વાત તદ્દન સત્ય છે. જાણે દેહનો સંબંધ ન હોય તેમ આત્મધૂનમાં તે વિચરે છે.

### હવે અમે તદ્દન અસંગ થવા ઇચ્છીએ છીએ

તેઓશ્રી વડ નીચે બિરાજ્યા પછી અમે છએ સાધુ નમસ્કાર કરી સામે બેઠા. પછી પરમગુરુના



ચરણ તરફ દૃષ્ટિ કરી તો તળીયાં લાલચોળ દેખાયાં. તેની તે જ વિદેહ દશામાં પોતે બેઠા હતા. હાથ સરખો પગે ફેરવ્યો નહીં. દેવકરણજીની સામે જોઈ થોડીવારે બોલ્યા કે ''હવે અમે તદ્દન અસંગ થવા ઇચ્છીએ છીએ. કોઈના પરિચયમાં આવવાનું ગમતું નથી. એવી સંયમ શ્રેણીમાં આત્મા રહેવા ઇચ્છે છે.'' ત્યારે દેવકરણજી મુનિ બોલ્યા કે ''અનંતી દયા જ્ઞાનીપુરુષની છે, તે ક્યાં જશે?'' પરમગુરુએ જવાબ આપ્યો : ''અંતે એ પણ મૂકવાની છે.''

### જ્ઞાનીની આજ્ઞા પૂર્વાપર અવિરોધ હોય

પછી તેઓશ્રીએ પૂછ્યું કે સ્થાનકવાસી લોકો તમને વિક્ષેપ કરે છે તેનું શું કારણ?

મુનિ દેવકરણજીએ જણાવ્યું કે ''આપનો ચિત્રપટ અમારી પાસે રહે છે, તે લોકોને રુચતું નથી.''

તે પછી પરમકૃપાળુદેવે જણાવ્યું કે ''આટલા કારણે અમે તમને ચિત્રપટની આજ્ઞા કરી નહોતી. જ્ઞાનીની આજ્ઞા પૂર્વાપર અવિરોધ હોય. તમે તમારી ઇચ્છાપૂર્વક ચિત્રપટ પોતાની પાસે રાખ્યા હતા તે હવે મૂકી દ્યો. દિગંબરી પુસ્તક 'યોગ પ્રદીપ' નામનું છે તે તમને મોકલશું, તે વારંવાર વિચારજો.''

(૮)

### પરમકૃપાળુદેવના સમાગમ માટે અમે બધા અમદાવાદ આવ્યા

સંવત્ ૧૯૫૭માં પરમકૃપાળુદેવ અમદાવાદમાં આગાખાનને બંગલે પોતાના માતુશ્રી તથા પત્ની સહિત પધાર્યા, ત્યારે અમારું ચાતુર્માસ સોજીત્રા ક્ષેત્રે હતું. ત્યાં અમને પત્ર-વાટે સમાચાર મળવાથી ચોમાસું પૂર્ણ થયું હોવાથી અમે વિહાર કરી અમદાવાદ આવ્યા. શ્રી દેવકરણજીને પણ ખબર મળવાથી તે અમદાવાદ આવેલા. અમે છએ મુનિઓ ભાવસારની વાડીમાં ઊતર્યા. સોજીત્રાથી અમદાવાદ આવતાં રસ્તામાં મને જીર્ણજ્વર લાગુ થયેલ. તો પણ સમાગમની પીપાસાથી તેને ગણ્યા વિના અમદાવાદ આવ્યા.

### મુનિશ્રી દેવકરણજીની અવજ્ઞાથી મુનિશ્રી મોહનલાલજીને મનમાં દુઃખ થયું

મુનિ દેવકરણજીને મોહનલાલજીએ વાત કરી કે મહારાજશ્રીને રસ્તામાં તાવ આવતો હતો. તેથી બીજાં ઉપકરણો મેં ઉંચકી લીધા હતા. પરંતુ એક પોથી તેઓશ્રી પાસે રહી તે નરસીરખે પ્રમાદના કારણે ઉંચકી લીધી નહીં. તેથી દેવકરણજી નરસીરખને હિતાર્થે શિક્ષા આપતા હતા. તેમનો પક્ષપાત કરી નરસીરખના સાથી લક્ષ્મીચંદજીએ વચમાં બોલી ઊઠી દેવકરણજીની અવજ્ઞા કરી. તે જોઈ મોહનલાલજીને લાગી આવ્યું કે અરેરે! આવા પુરુષની અવજ્ઞા કરે તે ઠીક ન કહેવાય. એવા વ્યથિત હૃદયે તે પરમકૃપાળુ ઊતર્યા હતા તે મુકામે ગયા. બંગલાના મોટા દિવાનખાનામાં પરમગુરુ એકલા બેઠા હતા. આસપાસ ગ્રંથો પંક્તિબંધ હતા.

### ઉપર બનેલી બીના પરમકૃપાળુદેવથી છાની નહીં

દિવાનખાનામાં પેસતાં જ મોહનલાલજીને આત્મશાંતિ સર્વાંગે પ્રસરી ગઈ, અને મનમાં જે ખેદની લાગણી હતી તે શમાઈ ગઈ, એમ તેમણે જણાવેલું. પછી દેવકરણજી આદિ અમે થોડીવારે ત્યાં ગયા, નમસ્કાર કરી બેઠા કે આ વાત કોઈએ કરેલી નહીં. પરંતુ આપોઆપ પરમગુરુએ ભાવસારની વાડીએ બનેલા બનાવ સંબંધે જણાવ્યું કે :—

### શ્રી લક્ષ્મીચંદજી મુનિને વિહારમાં જ્ઞાનાર્ણવ ગ્રંથ ઊંચકવાની આજ્ઞા

હે મુનિઓ! આ જીવે સ્ત્રી, પુત્રાદિના ભાર ઉપાડ્યા છે, પણ સત્પુરુષોની કે ધર્માત્માઓની સેવા,



ભક્તિ પ્રમાદરહિતપણે ઉઠાવી નથી; એમ કહી લક્ષ્મીચંદજીને હિત થવા અર્થે આજ્ઞા કરી કે તમારે જ્ઞાનાર્ણવ ગ્રંથ જ્યાં સુધી મુનિ દેવકરણજી પૂર્ણ વાંચી ન રહે ત્યાં સુધી વિહારમાં ઊંચકવો એમ કહી મુનિ દેવકરણજીને પરમકૃપાળુદેવના માતુશ્રી દેવમાતાના હાથે હસ્તલિખિત ગ્રંથ જ્ઞાનાર્ણવ વહોરાવ્યો અને તેનો સ્વાધ્યાય કરવાની આજ્ઞા કરી. તે વિનીતભાવે નમસ્કાર કરી લીધા. પછી દેવકરણજીએ પરમકૃપાળુદેવને પૂછ્યું કે આપનું શરીર આવું એકદમ કૃશ કેમ થઈ ગયું? ત્યારે પરમકૃપાળુદેવે ઉત્તર આપ્યો કે અમે શરીરની સામે પડ્યા છીએ; પ્રતિકૂળ આહારથી એમ થયું છે.

**શ્રી મોહનલાલજી મુનિને કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઊંચકવાની આજ્ઞા**

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા નામનો એક હસ્તલિખિત ગ્રંથ તેઓશ્રીના ધર્મપત્ની શ્રી ઝબકબાના હાથે મને વહોરાવ્યો. તે પરિપૂર્ણ વાંચી સ્વાધ્યાય કરવાની આજ્ઞા કરી. તે ગ્રંથ ઊંચકવાનું મોહનલાલજીને ફરમાવ્યું.

**કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથમાં અપૂર્વ વૈરાગ્યનું નિરૂપણ**

પછી મને કહ્યું કે મુનિ, કાર્તિકેયાનુપ્રેક્ષાના કર્તા કુમાર બ્રહ્મચારી છે. તેમણે આ ગ્રંથમાં અપૂર્વ વૈરાગ્યનું જે નિરૂપણ કર્યું છે, તેવી જ તે મહાત્માની અંતરંગ દશા વર્તતી હતી. નિવૃત્તિ ક્ષેત્રે તેનો ઊંડો અભ્યાસ કરશો. એમ કહી તે વિચારવાની આજ્ઞા આપી.

**બન્ને ગ્રંથો વંચાઈ રહે અરસપરસ બદલવા**

તેમજ દેવકરણજીને પણ તે ગ્રંથ અત્યંત વિચારવા ભલામણ કરી. દરેકે પોતાને મળેલા ગ્રંથો બરાબર વંચાઈ રહે એટલે અરસ પરસ ગ્રંથનો બદલો કરી લઈ તે વાંચવા, વિચારવાની આજ્ઞા પણ કરી હતી. અત્યંત આભારના ભારે નમ્ર થયેલા હૃદયે નમસ્કાર કરી, તે ગ્રંથો લઈ અમે ભાવસારની વાડીએ આવ્યા.

**વ્રત ગ્રહણ કરવા માટે માતુશ્રી તથા ઝબકબાને મુનિઓ પાસે મોકલ્યા**

પરમકૃપાળુદેવે માતુશ્રી દેવમાતાને બારવ્રત સંક્ષેપમાં લખી આપી વ્રત લેવા મુનિઓ પાસે શ્રી અંબાલાલભાઈ સાથે મોકલ્યા હતા. સાથે શ્રી ઝબકબા પણ હતા. શ્રી જ્ઞાનાર્ણવમાંથી બ્રહ્મચર્યનો અધિકાર સંભળાવવા પણ સૂચના કરેલી. તે પ્રમાણે દેવકરણજીએ વાંચી સંભળાવ્યું હતું.

**શ્રી દેવકરણજીની માતુશ્રીને ભલામણ**

વાચન પૂર્ણ થઈ રહ્યા પછી મુનિ દેવકરણજીએ માતુશ્રીને કહ્યું કે ''માતુશ્રી, હવે આપ આજ્ઞા આપો જેથી પરમકૃપાળુદેવ સર્વ વિરતિ ગ્રહણ કરે, અને ઘણા જીવોનો ઉદ્ધાર કરે.''

**તેઓશ્રીનું શરીર સારું થયા પછી દીક્ષાની આજ્ઞા આપીશ**

ત્યારે માતુશ્રી બોલ્યા કે મને બહુ મોહ છે. તેમના ઉપરનો મોહ મને છૂટતો નથી. મુનિ દેવકરણજીએ કહ્યું કે માતુશ્રી, આપ એવો મોહ ન રાખશો. ત્યારે માતુશ્રીએ કહ્યું કે તેઓશ્રીનું શરીર સારું થયા પછી હું સર્વ વિરતિ ગ્રહણ કરવા આજ્ઞા આપીશ. પછી શ્રી અંબાલાલ તથા બન્ને માતુશ્રી આગાખાનને બંગલે ગયા.



## નીક જ્યાંથી ફાટી જાય ત્યાંથી પાણી નીકળે તેમ આત્મપ્રદેશો અંગમાંથી નીકળે

સાંજના કૃપાળુદેવ ભાવસારની વાડીએ પધાર્યા. તે વખતે પ્રતિક્રમણનો સમય થયો હતો. તેથી પ્રતિક્રમણની આજ્ઞા લઈ પરમકૃપાળુદેવને નમસ્કાર કર્યા. પ્રતિક્રમણની ક્રિયા થઈ રહી ત્યાં સુધી પોતે ત્યાં જ બિરાજ્યા. મેં પચ્ચખાણ કરવાનું કહ્યું ત્યારે પોતે કહ્યું કે તમે કરી લો. છ આવશ્યક પૂરાં કરી, નમસ્કાર કરી, પરમકૃપાળુદેવ પાસે સમાગમમાં બેઠા. ત્યારે મોહનલાલજીએ પ્રશ્ન કર્યો—''મરણ સમયે આત્મ-પ્રદેશો કયા અંગમાંથી નીકળતા હશે?'' પરમકૃપાળુદેવે સરળ દૃષ્ટાંતથી સમજાવ્યું કે ''નીકમાં પાણી ચાલ્યું જતું હોય અને નીક જ્યાંથી ફાટી જાય ત્યાંથી પાણી ચાલ્યું જાય—એમ મરણનું સ્વરૂપ તપાસી વાળ્યું છે કે આ સ્થિતિને જગતના જીવો મરણ કહે છે.''

## જેવું આયુષ્ય બાંધ્યું હોય તે પ્રકારે તૂટે

મોહનલાલજીએ બીજો પ્રશ્ન કર્યો કે ''આયુષ્ય તૂટે?'' ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે ''આયુષ્ય બાંધતી વખતે બે પ્રકારે બંધાય છે. સોપક્રમ અને નિરુપક્રમ. સોપક્રમ એટલે શિથિલ અને નિરુપક્રમ એટલે નિકાચિત. સોપક્રમ બાંધ્યું હોય તો તેવા પ્રકારે ઉદયમાં આવે; આયુષ્ટ તૂટવાના નિમિત્ત મળ્યે તે પૂરું થઈ જાય—એટલે દેહ છૂટી જાય. નિરુપક્રમ આયુષ્યવાળાને ગમે તેવા નિમિત્તો મળ્યા છતાં બાંધ્યું હોય તેટલી મુદત પૂરી થયા વિના પ્રાણ-ત્યાગ થાય નહીં.'' પછી પરમકૃપાળુદેવ આગાખાનને બંગલે પધાર્યા.

## આજે મારો પ્રમાદ પરમગુરુએ નષ્ટ કરાવ્યો


અમે ભાવસારની વાડીથી વિહાર કરી સરસપુરના ઉપાશ્રયમાં આવ્યા. રાત્રે બાર વાગ્યા પછી શ્રી અંબાલાલભાઈને આજ્ઞા થવાથી તે અમારી પાસે અહીં આવ્યા અને વાત કરી કે ''આજે મારા પરમગુરુએ અપૂર્વ કૃપા કરી છે અને મારો જે પ્રમાદ હતો તે આજે નષ્ટ કરાવ્યો છે, જાગૃતિ આપી મૂળમાર્ગ કેવો જોઈએ તે સંબંધે વ્યવહાર અને પરમાર્થ બન્નેનું સ્વરૂપ મને આજે કોઈ અલૌકિક પ્રકારે સમજાવ્યું. પરમાર્થનું પોષણ થાય તેવા સદ્વ્યવહારનું સ્વરૂપ પણ કહ્યું.'' ઇત્યાદિ વાતો કરતાં સવાર થવા આવ્યું તેથી અમે પ્રતિક્રમણ ક્રિયામાં જોડાયા અને શ્રી અંબાલાલ પરમગુરુના ચરણ સમીપ પધાર્યા.

## હવે નિરંતર મુનિઓના સહવાસમાં રહેવાનું ઇચ્છીએ છીએ

એક બે દિવસ પછી પરમકૃપાળુદેવ પોતે એકાએક ઉપાશ્રયમાં પધાર્યા. અમને ઉલ્લાસ થયો. બધા સાધુ ઊભા થઈ ગયા. તેઓશ્રીએ મુનિ દેવકરણજી પાસે જઈને કહ્યું કે હવે નિરંતર મુનિઓના સહવાસમાં રહેવાનું ઇચ્છીએ છીએ.

## કૃપાળુદેવને કંચન અને કામિનીનો બાહ્યત્યાગ હોવો જોઈએ

મુનિ દેવકરણજીના મનમાં પહેલાં એવું રહ્યા કરતું કે જ્ઞાનીપુરુષ ગમે તેવી અલૌકિક દશામાં અખંડ આત્મોપયોગમાં રહેતા હોય અને કેવળ નિઃસ્પૃહ હોય તો પણ કંચન અને કામિનીનો બાહ્ય ત્યાગ હોવો જરૂરનો છે; એવી ઊંડી પકડ હતી. છતાં તેમને ખેડાના સમાગમમાં પરમકૃપાળુદેવને વિષે સદ્ ગુરુપણાની શ્રદ્ધા થઈ અને પરમકૃપાળુદેવની આજ્ઞાએ આખું જીવન કાઢશું, આજ્ઞાધીન વૃત્તિ થઈ એમ પણ તેમણે ખેડાથી લખેલા પત્રમાં જણાવ્યું છે.



### સભામાં અમે કંચન અને કામિનીનો ત્યાગ કર્યો છે

પરમકૃપાળુદેવે મુનિ દેવકરણજી આદિને જણાવ્યું કે ''સભામાં અમે સ્ત્રી અને લક્ષ્મી બન્ને ત્યાગ્યા છે; અને સર્વસંગ પરિત્યાગની આજ્ઞા માતુશ્રી આપશે એમ લાગે છે.*

### આપ આને આ વેશે હો તો પણ અમને અડચણ નથી

એ વાત સાંભળતાં જ દેવકરણજીને પારાવાર પ્રેમ ઊભરાઈ આવ્યો અને લાંબા થઈને પરમકૃપાળુદેવના ચરણમાં વારંવાર નમસ્કાર કરવા લાગ્યા. દેવકરણજી બોલ્યા કે ''હવે અમારે બીજું કાંઈ નથી જોઈતું. આપ આને આ વેશે હો તો પણ અમને અડચણ નથી. આપને અમે ખભે ઉપાડીને ફેરવીશું.'' અમારા પૂર્વ પુણ્યનો ઉદય થયો કે અમને આપની નિરંતર સેવા-સમાગમ મળશે.'' હવે મારા હૃદયમાં પરમ શાંતિ થઈ. ઇત્યાદિ વાતો થયા પછી પરમકૃપાળુદેવ બંગલે પધાર્યા અને અમે ફરી ભાવસારની વાડીમાં આવી રહ્યા.

### અમે તમને શો ખોટો માર્ગ બતાવ્યો છે?

અહીં એક દિવસ સાંજે પરમકૃપાળુદેવ પધાર્યા હતા. અમદાવાદના સ્થાનકવાસી લોકોએ ઉપાશ્રયમાં અમને ઊતરવા નહીં દેવા એવી ગોઠવણ કરી, તે વાત પરમકૃપાળુદેવના જાણવામાં આવી; તેથી મુનિ દેવકરણજીને પૂછ્યું કે એ લોકો આટલા બધા કષાયમાં કેમ આવ્યા છે કે તમને ઉપાશ્રયમાં ઊતરવા પણ ન દે? અમે તમને શો ખોટો માર્ગ બતાવ્યો છે? એમના કરતાં તમારું વર્તન શું ઓછું છે? કે આ લોકો તમને આવી અડચણો ઊભી કરે છે? તમારા માટે ઘણા સ્થાનક છે. તે સાંભળી બધાનાં અંતઃકરણમાં વૈરાગ્ય અને શાંતિ થઈ. પછી પોતે પધાર્યા.

### ગૌતમસ્વામી જેવો મારો તેમના પ્રત્યેનો રાગ છોડાવવા કરેલ ઉપાય

તેઓશ્રી અમદાવાદથી વઢવાણ કેમ્પ પધારવાના હતા, ત્યારે આગલી રાત્રે ફરી ભાવસારની વાડીએ તેઓશ્રીનું આગમન થયું. વઢવાણ જવાની વાત દર્શાવી મને ઠપકો આપતા બોલ્યા કે ''તમે જ અમારી પાછળ પડ્યા છો. અમે જ્યાં જઈએ ત્યાં દોડ્યા આવો છો, અમારો કેડો મૂકતા નથી.'' જેમ ગૌતમસ્વામીને મહાવીરસ્વામી પ્રત્યે પરમ રાગ હતો, એ રાગ છોડાવવા માટે મહાવીર સ્વામીએ ગૌતમને અંતે દૂર મોકલ્યા, તેમ મારો તેઓશ્રી પ્રત્યે અત્યંત રાગ હતો તે છોડાવવા ઠપકો, શિક્ષા આપી પોતે સ્વસ્થાને પધાર્યા.

મને પણ એમ થયું કે હવે નાથ જ્યારે તેડાવશે ત્યારે એમના ચરણમાં જઈશ. તેડાવ્યા સિવાય હવે નહિ જાઉં. ત્યાં સુધી એમની આજ્ઞાએ ભક્તિ કર્યા કરીશ.

### ''અમારા અને વીતરાગમાં ભેદ ગણશો નહીં''

બીજે દિવસે મને અને દેવકરણજીને આગાખાનને બંગલે બોલાવી કૃપાનાથે પોતાની દશા વિષે વાત કરી કે હવે એક વીતરાગતા સિવાય અમને બીજું કાંઈ વેદન નથી, અમારામાં અને વીતરાગમાં ભેદ

---

* એક દિવસ સવારમાં ઊઠીને માતુશ્રી પાસે જઈ સામાન્ય વાતચીતમાં પરમકૃપાળુદેવે જણાવ્યું કે આજે રાત્રે સ્વપ્નમાં સૌભાગ્યભાઈ આવ્યા હતા. તેમણે કહ્યું કે હવે તમે બધી ઉપાધિ મૂકી દ્યો, નહિ તો અમારી પાસે બોલાવી લઈશું. આની અજબ અસર માતુશ્રીને થઈ સંભવે છે.



ગણશો નહીં.'' એમ કહી અમને બન્નેને નિઃશંકતાનો અપૂર્વ બોધ આપ્યો. અમે નમસ્કાર કરી, તે બોધનો વિચાર કરતા કરતા ભાવસારની વાડીએ આવ્યા.

### હૃદયની વાત ખુલ્લી કરતાં પરમ સંતોષ થયો

અમારી તેવી જ શ્રદ્ધા હતી. પણ શ્રી મુખે તે દશા સાંભળી પરમ ઉલ્લાસ થયો. અને જતાં પહેલાં આપણને પોતાનું હૃદય ખોલી વાત કરી દીધી એમ બન્નેના હૃદયમાં થવાથી પરમ સંતોષ થયો.

---

## શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી

### પોરબંદર

''જેના પવિત્ર સંસ્મરણો લખવાનો હું આરંભ કરું છું તે સ્વ.શ્રીમદ્ રાજચંદ્રની જન્મતિથિનો આ દિવસ છે એટલે કાર્તિક પૂર્ણિમા સં.૧૯૭૯.

### શ્રીમદ્‌ના જીવનથી મળેલ શિક્ષા

શ્રીમદ્ રાજચંદ્ર જેમને હું રાયચંદભાઈ અથવા કવિ એવા નામથી પ્રેમ અને માનપૂર્વક બોલાવતો, તેમનાં સંસ્મરણો લખી તેમનું રહસ્ય મુમુક્ષુ પાસે મૂકવું એ મને ગમે. તેમના સંસ્મરણોને હું ન્યાય આપી શકું તેને સારું મને જૈનમાર્ગનો પરિચય હોવો જોઈએ. મારે કબુલ કરવું જોઈએ કે તે નથી. તેથી મારું દૃષ્ટિ બિંદું હું અત્યંત સંકુચિત રાખવાનો છું. જે સંસ્મરણોથી મારા જીવન ઉપર છાપ પડી છે તેની નોંધ અને તેમાંથી જે શિક્ષણ મને મળ્યું છે તે જ આપી હું સંતોષ માનીશ. કદાચ જે લાભ મને મળ્યો તે અથવા તેવો તે સંસ્મરણોથી વાંચનાર મુમુક્ષુને પણ મળે.

મુમુક્ષુ શબ્દ મેં ઈરાદાપૂર્વક વાપર્યો છે. બધી જાતના વાંચનારને સારું આ પ્રયાસ નથી.

### ટોલ્સટૉય, રસ્કિન અને શ્રીમદ્ રાજચંદ્ર

મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે. ટોલ્સટૉય, રસ્કિન અને રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર). ટોલ્સટૉયની તેમના અમુક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્ર વ્યવહારથી, રસ્કિનની તેના એક જ પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ' થી,—જેનું ગુજરાતી નામ 'સર્વોદય' મેં રાખ્યું છે. અને રાયચંદભાઈ (શ્રીમદ્)ની તેમની સાથેના ગાઢ પરિચયથી. હિન્દુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા.

### મને હિન્દુ ધર્મમાં સ્થિર રાખનાર શ્રીમદ્

સન્ ૧૮૯૩ની સાલમાં દક્ષિણ આફ્રિકામાં હું કેટલાંક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા સમજાવવા એ તેમનો મુખ્ય વ્યવસાય હતો. જો કે મારો તેમની સાથે સંબંધ વ્યાવહારિક કાર્યને જ અંગે થયેલો તો પણ તેમણે મારા આત્માના કલ્યાણ અર્થે ચિંતા કરવા માંડી. મારું એક કર્ત્તવ્ય હું સમજી શક્યો કે જ્યાં સુધી હિન્દુ ધર્મનું રહસ્ય હું પૂરું ન જાણી લઉં અને તેનાથી મારા આત્માને અસંતોષ ન થાય, ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઈએ, તેથી મેં હિન્દુ અને બીજાં ધર્મ પુસ્તકો વાંચવા શરૂ કર્યા. ખ્રિસ્તી, મુસલમાની પુસ્તકો વાંચ્યા. લંડનમાં થયેલા અંગ્રેજ મિત્રોની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમની આગળ મારી



શંકાઓ મૂકી, તેમજ હિંદુસ્તાનમાં જેઓ ઉપર મારી કંઈ પણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઈ મુખ્ય હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિન્દુ ધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારું રાયચંદભાઈ જવાબદાર થયા એટલે મારું માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે.

### મુંબઈમાં શ્રીમદ્ સાથે પ્રથમ મિલન

રાયચંદભાઈ (શ્રીમદ્)ની સાથે મારી ઓળખાણ સન્ ૧૮૯૧ના જૂન માસમાં જે દિવસે હું વિલાયતથી પાછો ફરી મુંબઈ પહોંચ્યો તે જ દિવસે થઈ. તે દિવસે દરિયામાં તોફાન હોય છે. તેથી આગબોટ મોડી પહોંચેલી ને રાત પડી ગઈ હતી. મારો ઉતારો દાક્તર-બેરિસ્ટર અને હવે રંગૂનના પ્રખ્યાત ઝવેરી પ્રાણ-જીવનદાસ મહેતાને ત્યાં હતો. રાયચંદભાઈ તેમના વડીલ ભાઈના જમાઈ થાય. દાક્તરે જ તેમનો પરિચય કરાવેલો. તેમના બીજા વડીલ ભાઈ ઝવેરી રેવાશંકર જગજીવનદાસની ઓળખ પણ તે જ દિવસે થઈ.

### શ્રીમદ્ કવિ, જ્ઞાની, શતાવધાની

દાક્તરે રાયચંદભાઈને ‘કવિ’ કહી ઓળખાવ્યા, અને મને કહ્યું, ‘કવિ છતાંયે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે, શતાવધાની છે.’

કોઈએ સૂચના કરી કે મારે કેટલાક શબ્દો તેમને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તો પણ જે ક્રમમાં હું બોલ્યો હોઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે.

### કવિની સ્મરણશક્તિ વિષે ઊંચો અભિપ્રાય


મને આ સાંભળીને આશ્ચર્ય થયું. હું તો જુવાનીયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો, વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા. મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢ્યા—કેમ કે મને ક્રમ ક્યાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિષે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારું આ અનુભવ સરસ થયો ગણાય.

### જ્ઞાન કે માન માટે વિલાયત જવાની જરૂર નથી

કવિને અંગ્રેજી જ્ઞાન મુદ્દલ ન હતું. તેમની ઉંમર તે વખતે પચીસથી ઉપર ન હતી. ગુજરાતી નિશાળમાં પણ થોડો જ અભ્યાસ કરેલો. છતાં આટલી સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને આટલું તેમની આસપાસનાઓ તરફથી માન, આથી હું મોહાયો. સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી. જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય—જિજ્ઞાસા હોય તો મળે અને માન પામવાને સારું વિલાયત કે ક્યાંયે જવું નથી પડતું, પણ ગુણને માન જોઈએ તો મળી રહે છે, એ યથાર્થ પાઠ મને મુંબઈ ઊતરતાં જ મળ્યો.

### સંસ્કાર સાથે સ્મરણશક્તિ કે શાસ્ત્રજ્ઞાન શોભે

કવિની સાથેનો આ પરિચય બહુ આગળ ચાલ્યો. સ્મરણશક્તિ ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની



શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી



કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને જોવામાં આવે છે. પણ જો તે સંસ્કારી ન હોય તો તેમની પાસેથી ફુટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે. કવિ સંસ્કારી જ્ઞાની હતા.

## કાવ્યમાં જેવો વૈરાગ્ય તેવો તેમના જીવનમાં

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો. અપૂર્વ૦૧**

**સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,**
**દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦૨**

રાયચંદભાઈના સ્વરચિત કાવ્યમાં નીકળેલા અપૂર્વ ઉદ્ગારની આ પહેલી બે કડીઓ છે.

જે વૈરાગ્ય 'અપૂર્વ અવસર'ની કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો.

## પોતે અનુભવ્યું તે જ લખ્યું

તેમના લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારું એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હમેશાં કંઈક ધર્મ પુસ્તક અને એક કોરી ચોપડી પડેલાં જ હોય. એ ચોપડીમાં પોતાના મનમાં જે વિચાર આવે તે લખી નાખે. કોઈ વેળા ગદ્ય ને કોઈ વેળા પદ્ય.

## તેમની પ્રત્યેક ક્રિયામાં વૈરાગ્ય હોય જ

ખાતાં, બેસતાં, સૂતાં પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

તેમની રહેણીકહેણી હું આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો—પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ ઈસ્ત્રીબંધ રહેતાં એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું અને ખુરશીએ બેસવું બન્ને સરખા હતા; સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા.

## નિર્વિકાર મુખ પર અંતરાનંદની છાયા

તેમની ચાલ ધીમી હતી, અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો. અત્યંત તેજસ્વી, વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહીં, ચપટું પણ નહીં, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતા માણસ થાકે



નહીં. ચહેરો હસમુખો ને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી.

### શ્રીમદ્‌ની ભાષા પરિપૂર્ણ

ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો છે એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં એમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહિ લાગે કે ક્યાંયે વિચાર અપૂર્ણ છે કે વાક્યરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

### વીતરાગતા અનેક જન્મના પ્રયત્ને મળે

આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હર કોઈ માણસ અનુભવી શકે છે. રાગને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિ (શ્રીમદ્)ને સ્વાભાવિક હતી એમ મારા ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું છે ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? અથવા ગમે તો તે કેવળ કાનને જ. એટલે જેમ આપણને અર્થ જાણ્યા સમજ્યા વિના કોઈ સંગીતનો કેવળ સૂર જ ગમી જાય તેમ. એવી માત્ર કર્ણપ્રિય ગમ્મતમાંથી મોક્ષને અનુસરવાનું વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. આંતર વૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય. વૈરાગ્યલગની કવિની સ્વાભાવિક હતી.

### વણિકનું વાસ્તવિક સ્વરૂપ

**''વણિક તેહનું નામ, જેહ જૂઠું નવ બોલે,**
**વણિક તેહનું નામ, તોલ ઓછું નવ તોલે,**
**વણિક તેહનું નામ, બાપે બોલ્યું તે પાળે,**
**વણિક તેહનું નામ વ્યાજ સહિત ધન વાળે.''**

**''વિવેક તોલ એ વણિકનું, સુલતાન તોલ એ શાખ છે;**
**વેપાર ચૂકે જો વાણિયો, દુઃખ દાવાનળ થાય છે.''** -શામળ ભટ્ટ

### વ્યવહાર કે વેપારમાં ધર્મના નિયમોથી સુખશાંતિ

સામાન્ય માન્યતા એવી હોય છે કે વ્યવહાર કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે નોખી ને વિરોધી વસ્તુ છે. વેપારમાં ધર્મ દાખલ કરવો એ ગાંડપણ છે, એમ કરવા જતાં બન્ને બગડે. આ માન્યતા જો ખોટી ન હોય તો આપણે કપાળે કેવળ નિરાશા જ લખેલી હોય. એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ વ્યવહાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીએ.

### ધર્માત્માનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં હોય

ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ એમ શ્રીમદે પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ, ઈદને દહાડે કે રવિવારે જ પાળવાનો, અથવા તો મંદિરોમાં, દેરાઓમાં, દેવળોમાં ને મસ્જિદોમાં જ પાળવાનો, પણ દુકાનમાં કે દરબારમાં નહિ



એવો કોઈ નિયમ નથી. એટલું જ નહિં પણ એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરાબર છે એમ શ્રીમદ્ કહેતા, માનતા ને પોતાના આચારમાં બતાવી આપતા.

### વ્યાપારમાં સંપૂર્ણ પ્રામાણિકતા

તેમનો વેપાર હીરામોતીનો હતો. શ્રી રેવાશંકર જગજીવનદાસ ઝવેરીની સાથે ભાગીદાર હતા. સાથે કાપડનો વ્યાપાર પણ કરેલ. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતા એવી મારી ઉપર તેમની છાપ પડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈવાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કંઈ જોતો નહીં, સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા. તે તેમને અસહ્ય લાગતી.

### ધર્મકુશળતા અને વ્યવહાર કુશળતાનો સુંદર મેળ

ધર્મકુશળ એ વ્યવહાર કુશળ ન હોય એ વહેમ રાયચંદભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી ને ચીવટ રાખતા. હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા. જો કે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું છતાં પેરિસ દેશ વગેરેના તેમના આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મ તરત સમજી જતા, તેનો ઉપાય તરત જ શોધી કાઢતા. તેમણે કરેલા તર્કો સાચા પડતા.

### શ્રીમદ્ વ્યાપારી કે ઉત્તમ તત્ત્વજ્ઞાની

આટલી કાળજી અને હોશિયારી છતાં વેપારની તાલાવેલી કે ચિંતા ન રાખતા. દુકાનમાં બેઠાં પણ જ્યારે પોતાનું કામ પૂરું થઈ રહે એટલે ધર્મ પુસ્તક તો પાસે જ પડ્યું હોય તે ઊઘડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્ગારો લખતા તે ઊઘડે. મારા જેવા જિજ્ઞાસુ તેમની પાસે રોજ આવ્યા જ હોય. તેમની સાથે ધર્મચર્ચા કરતાં આંચકો ન ખાય. વ્યવહાર કુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિને વિષે જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો.

તેમણે (શ્રીમદ્જીએ) ધંધાનો ધર્મ સાથે વ્યવહારમાં સમન્વય કર્યો તેની મારા ઉપર ખાસ છાપ પડી. તેઓ ધર્મના સિદ્ધાંતોના સતત અભ્યાસી હતા અને પોતાની માન્યતાઓ પ્રમાણે વર્તન કરવાનો પ્રયત્ન કરતા. તેઓ જૈનધર્મી હતા છતાં બીજા ધર્મો તરફ તેમની સહિષ્ણુતા ઘણી જ હતી.

### શ્રીમદ્ની ગ્રહણ કરવાની અગાધ શક્તિ

શ્રીમદે ઘણા ધર્મ પુસ્તકોનો સરસ અભ્યાસ કર્યો હતો. તેમને સંસ્કૃત અને માગધી ભાષા સમજતાં જરાયે મુશ્કેલી નહોતી આવતી. વેદાંતનો અભ્યાસ તેમણે કરેલો, તેમજ ભાગવતનો અને ગીતાજીનો. જૈન પુસ્તકો તો જેટલાં હાથ આવતાં તે વાંચી જતા. તેમની તે ગ્રહણ કરવાની શક્તિ અગાધ હતી. એક વખતનું વાંચન તે તે પુસ્તકોનું રહસ્ય જાણી લેવાને સારું તેમને પૂરતું હતું.

કુરાન, ઝંદ અવસ્તા ઇત્યાદિનું વાંચન પણ અનુવાદો મારફતે તેમણે કરી લીધું હતું.

### શ્રીમદ્નું જૈનદર્શન પ્રત્યે વિશેષ વલણ

તેમનું વલણ જૈનદર્શન તરફ વિશેષ હતું એમ તેઓ કહેતા. તેમની માન્યતા હતી કે જિનાગમમાં આત્મજ્ઞાનની પરાકાષ્ઠા છે. આ તેમનો અભિપ્રાય મારે આપી જવો આવશ્યક છે. તેને વિષે હું મત આપવા મને તદ્દન અનાધિકારી ગણું છું. પણ રાયચંદભાઈને બીજા ધર્મ પ્રત્યે અનાદર નહોતો. વેદાંતીને



તો કવિ વેદાંતી જ જણાય. મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારું અમુક ધર્મને અવલંબવો જોઈએ. પણ મારા આચાર વિચારનું જ તેમણે મને કહ્યું. પુસ્તકો કયાં વાંચવા એ પ્રશ્ન ઊઠતાં મારું વલણ ને મારા બચપણના સંસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાંચતો તેમાં ઉત્તેજન આપેલું અને બીજા પુસ્તકોમાં પંચીકરણ, મણીરત્નમાળા, યોગવસિષ્ઠનું વૈરાગ્ય પ્રકરણ, કાવ્ય દોહન પહેલો ભાગ અને 'મોક્ષમાળા' વાંચવાનું સૂચવ્યું હતું.

ધર્મના ઝઘડાથી તેમને હમેશાં કંટાળો આવતો, તેમાં ભાગ્યે જ પડતા. બધા ધર્મની ખૂબીઓ પૂછી જોઈ જતા ને તે તે ધર્મની પાસે મૂકતા, દક્ષિણ આફ્રિકાના મારા પત્રવ્યવહારમાં પણ મેં તેમની પાસેથી એ જ વસ્તુ મેળવી હતી. (યરોડા જેલમાં લખેલ ઉપરોક્ત સંસ્મરણો)

## શ્રીમદ્ પાસેથી દયાધર્મનું કૂંડા ભરીને પાન

રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) સાથેનો મારો પ્રસંગ એક જ દિવસનો ન હતો. એમના મરણાંત સુધીનો અમારો સંબંધ નિકટમાં નિકટ રહ્યો હતો. ઘણીવાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી (શ્રીમદ્ રાજચંદ્ર)ના જીવનમાંથી છે. દયા-ધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું. ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયા-ધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું તેમની પાસેથી મેં કુંડા ભરીને પાન કર્યું છે.

## શ્રીમદ્‌ની ધર્મવાર્તા રસપ્રદ

તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બેરિસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા જો કે મેં મારી દિશા જોઈ નહોતી, મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો.


## શ્રીમદ્‌નો વિષય આત્માની ઓળખાણ

પોતે હજારોનો વેપાર ખેડતા, હીરામોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા; પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય—તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ—હરિદર્શનનો હતો.

''જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એકવેળા નહીં પણ અનેકવેળા થયેલો. મેં તેમને કદી મૂર્ચ્છિત સ્થિતિમાં જોયા નથી. મારે જોડે તેમને કશો સ્વાર્થ નહોતો.''

## મારા ઉપર સૌથી વધારે છાપ શ્રીમદ્‌ની

''ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ (શ્રીમદે) પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમના ઘણા વચનો મને સોંસરા ઊતરી જતા. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિષે તેટલું જ હતું ને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઈરાદાપૂર્વક આડે રસ્તે નહીં દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.



મારા જીવન પર શ્રીમદ્‌નો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું એનું વર્ણન કરી શકતો નથી.

### શ્રીમદ્‌ની હરિફાઈમાં આવી શકે એવા કોઈ જોયા નહીં

''હું કેટલાયે વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું. પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયા નથી કે જે શ્રીમદ્‌ની હરિફાઈમાં આવી શકે. એમનામાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ હતા. ઢોંગ, પક્ષપાત યા રાગ-દ્વેષ નહીં હતા. એમનામાં એક એવી મહાન શક્તિ હતી કે જેના દ્વારા તેઓ પ્રાપ્ત થયેલા પ્રસંગનો પૂર્ણ લાભ ઉઠાવી શકતા. એમના લેખ અંગ્રેજ તત્ત્વજ્ઞાનીઓની અપેક્ષાએ વિચક્ષણ, ભાવનામય અને આત્મદર્શી છે.

યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટોલ્સટૉય પ્રથમ શ્રેણિના અને રસ્કિનને બીજી શ્રેણિના વિદ્વાન સમજુ છું, પરંતુ રાયચંદભાઈનો અનુભવ એ બન્નેથી પણ ચઢેલો હતો.''

### ધર્મને નામે જૂઠ, પાખંડ, અત્યાચાર

''તેઓ ઘણીવાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું પણ જગતમાં જે જૂઠ, પાખંડ અને અત્યાચાર ચાલી રહ્યા છે, ધર્મને નામે અધર્મ વર્તી રહ્યો છે તેની બરછી સહન થઈ શકતી નથી. અત્યાચારોથી ઊકળી રહેલા કે ઊકળી જતાં મેં ઘણીવાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગાં જેવું હતું. આપણા ભાઈ કે બહેનને મરતા જોઈને જે ક્લેશ આપણને થાય છે તેટલો ક્લેશ તેમને જગતમાં દુઃખને, મરણને જોઈને થતો.'' ('દયાધર્મ' શ્રીમદ્‌ની જયંતિ પ્રસંગે સં.૧૯૭૮ કાર્તિક પૂર્ણિમા; અમદાવાદ)

### શ્રીમદ્‌નું વાયુવેગે મોક્ષ તરફ ગમન

''આપણે સંસારી જીવો છીએ, ત્યારે શ્રીમદ્ અસંસારી (સંસારથી વિરક્ત)હતા, આપણને અનેક યોનિમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક ભવ બસ થાઓ. આપણે મોક્ષથી દૂર ભાગતાં હોઈશું, ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા.''

''શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ તો મોક્ષ મેળવવો એટલે સર્વાંશે રાગદ્વેષથી રહિત થવું.''

### શ્રીમદ્‌નું બહોળું શાસ્ત્રજ્ઞાન અને શુદ્ધ ચારિત્ર


''જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર, અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને જ ખાતર તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયું.

**'હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,**
**મારું જીવ્યું સફળ તવ લેખું રે;**
**મુક્તાનંદનો નાથ વિહારી રે,**
**ઓધા જીવનદોરી અમારી રે.'**

એ મુક્તાનંદનું વચન તેમને મોઢે તો હતું જ પણ તે તેમના હૃદયમાંયે અંકિત હતું.''

### શ્રીમદ્‌ના સિદ્ધાંતનો મૂળ પાયો અહિંસા

''આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું અને હજી સુધી કોઈપણ માણસે મારા હૃદય



પર તેવો પ્રભાવ પાડ્યો નથી. મેં બીજે સ્થળે કહ્યું છે કે મારું આંતરિક જીવન ઘડવામાં કવિ સાથે રસ્કિન અને ટોલ્સટૉયનો ફાળો છે; પણ કવિની અસર મારા ઉપર વધુ પડી છે. કારણ કે હું કવિના પ્રત્યક્ષ ગાઢ પરિચય અને સહવાસમાં આવ્યો હતો. ઘણી બાબતમાં કવિ (શ્રીમદ્)નો નિર્ણય-તુલના, મારા અંતરાત્માને-મારી નૈતિક ભાવનાને ખૂબ સમાધાનકારક થતો. શ્રીમદ્ના સિદ્ધાંતનો મૂળ પાયો નિઃસંદેહ 'અહિંસા' હતો. કવિની અહિંસાના ક્ષેત્રમાં ઝીણામાં ઝીણા જંતુથી માંડીને આખી મનુષ્ય જાતિનો સમાવેશ થતો હતો.'' (ગાંધીજી. મોર્ડન રીવ્યું : જૂન, ૧૯૩૦)

''એમના જીવનમાંથી શીખવાની બે મોટી વાતો તે સત્ય અને અહિંસા. પોતે જે સાચું માનતા તે કહેતા અને આચરતા. અને અહિંસાએ તો તે જૈન હતા અને તે એમના સ્વભાવથી એમની પાસે જ હતી.''

## ખૂન કરનાર પ્રત્યે પણ પ્રેમ અને દયાધર્મનું કૂંડા ભરીને પાન

''ઘણી વાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી શ્રીમદ્ના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી જ શીખ્યો છું.....ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શિખવ્યો છે. એ ધર્મનું મેં કૂંડા ભરીને પાન કર્યું છે.'' (જીવનકળામાંથી)

## શ્રીમદ્ના લખાણમાં 'સત્'નીતરી રહ્યું છે

''શ્રીમદ્નું લખાણ અધિકારીને સારું છે, બધા વાંચનાર તેમાં રસ નહીં લઈ શકે, ટીકાકારને તેની ટીકાનું કારણ મળશે, પણ શ્રદ્ધાવાન તો તેમાંથી રસ જ લૂંટશે. તેમના લખાણમાં 'સત્' નીતરી રહ્યું છે, એવો મને હમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારું એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો.

જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે; તેને શ્રીમદ્ના લખાણોમાંથી બહુ મળી રહેશે એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિન્દુ હોય કે અન્યધર્મી''.

## શ્રીમદ્ કોઈ ગચ્છમાં નહીં પણ આત્મામાં

''આ મહાપુરુષના જીવનલેખોનું આપ અવકાશના સમયે અભ્યાસ કરશો તો આપ પર તેની બહુ સારી છાપ પડશે. તેઓ પ્રાયઃ કહ્યા કરતા હતા કે હું કોઈ વાડાનો નથી અને કોઈ વાડામાં રહેવા ચાહતો નથી. એ બધા ઉપધર્મ મર્યાદિત છે, અને ધર્મ તો અમર્યાદિત છે, જેની વ્યાખ્યા પણ પૂરી કહી શકાતી નથી.''

## સૌ સાથે સમાનભાવ

''તેઓ વિતંડાવાદ કરતા નહીં. દલીલથી કોઈને મા'ત કરવામાં રસ ન લેતા. સામાન્ય માણસ મળવા ગયા હોય ત્યારે હું બહુ જાણનારો છું એવા અભિમાનથી તે એમનો અનાદર નહી કરતાં સૌને સરખા ભાવથી મળતા.''

''મોટાની ખુશામત ને છોટાનો તિરસ્કાર, એવી જાતનો એમનો વહેવાર ન હતો. સૌ સાથે સમાન સમભાવથી રહેતા....વિરક્તિનો ગુણ એમના જીવનમાં પહેલેથી જ જોવામાં આવતો. એમનું જીવન વૈરાગ્યમય હતું અને એ જ જીવન યથાર્થ જીવન હતું.''



''તેમના જીવનમાંથી ચાર વાતોની આપણને શિક્ષા મળે છે :—

(૧) શાશ્વત વસ્તુ (આત્મા)માં તન્મયતા, (૨) જીવનની સરળતા, (૩) સમસ્ત વિશ્વ સાથે એક સરખી વૃત્તિથી વ્યવહાર અને (૪) સત્ય અને અહિંસામય જીવન.

## શ્રીમદ્ના વચનો વાંચનારને મોક્ષ સુલભ

''શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમના લખાણો એ તેમના અનુભવના બિંદુ સમા છે. તે વાંચનાર વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેના કષાયો મોળા પડે, તેને સંસાર વિષે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને.''

## આત્માનો વિચાર કરી સિંહ જેવા સમર્થ બનીએ

''શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાંથી તેમની અનંત તપશ્ચર્યા શીખીએ, અને જે અનંત તપશ્ચર્યાને પરિણામે તેઓ ચૈતન્યની આરાધના કરતાં શીખ્યા તે સમજીએ, અને આપણી અલ્પતા વિચારી બકરી જેવા રાંક બની આપણામાં વિરાજતા ચૈતન્યને વિચારી સિંહ જેવા સમર્થ બનીએ તો જ જીવનનું સાર્થક્ય છે.''

''અત્યારે એની વાત કરું છું ત્યારે એ બધું મારી સામે પ્રત્યક્ષ ઊભું રહે છે. અને એ વિષે હું કહું છું તો બહુ સહેલાઈથી, પણ એમ કરવાની શક્તિ એક ભારે વાત છે.''

## પતિપત્નીના પ્રેમમાં સ્વાર્થ હોય

''તેમની સાથેનો એક સંવાદ મને યાદ છે. એક વેળા હું મિસિસ ગ્લેડસ્ટનની ગ્લેડસ્ટન પ્રત્યેના પ્રેમની સ્તુતિ કરતો હતો. આમ સભામાં પણ મિસિસ ગ્લેડસ્ટન પોતાના પતિને ચા બનાવીને પાતા. આ વસ્તુનું પાલન આ નિયમબદ્ધ દંપતીના જીવનનો એક નિયમ થઈ પડ્યો હતો, એ મેં ક્યાંક વાંચેલું. તે મેં કવિને વાંચી સંભળાવ્યું ને તેને અંગે મેં દંપતી પ્રેમની સ્તુતિ કરી.

રાયચંદભાઈ બોલ્યા, 'એમાં તમને મહત્વનું શું લાગે છે? મિસિસ ગ્લેડસ્ટનનું પત્નીપણું કે તેનો સેવાભાવ? જો તે બાઈ ગ્લેડસ્ટનના બેન હોત તો? અથવા તેની વફાદાર નોકર હોત ને તેટલા જ પ્રેમથી ચા આપત તો? એવી બહેનો, એવા નોકરોના દૃષ્ટાંતો આપણને આજે નહીં મળે? અને નારી જાતિને બદલે એવો પ્રેમ નરજાતિમાં જોયો હોત તો તમને સાનંદાશ્ચર્ય થાત? હું કહું છું તે વિચારજો.

રાયચંદભાઈ પોતે વિવાહિત હતા. તે વેળા તો તેમનું વચન કઠોર લાગેલું એવું સ્મરણ છે, પણ તે વચને મને લોહચુંબકની જેમ પકડ્યો. પુરુષ ચાકરની એવી વફાદારીની કિંમત પત્નીની વફાદારી કરતાં તો હજાર ગણી ચઢે. પતિ-પત્ની વચ્ચે ઐક્ય હોય તેમને વચ્ચે પ્રેમ હોય એમાં આશ્ચર્ય નથી. નોકર શેઠ વચ્ચે તેવો પ્રેમ કેળવવો પડે.

મારે પત્ની સાથે કેવો સંબંધ રાખવો? પત્નીને વિષયભોગનું વાહન બનાવવી એમાં પત્ની પ્રત્યે ક્યાં વફાદારી આવે છે? હું જ્યાં લગી વિષયવાસનાને આધીન રહું ત્યાં લગી મારી વફાદારીની પ્રાકૃત કિંમત જ ગણાય.''

## બ્રહ્મચર્ય પાલનના શ્રીમદ્ની અસર

''સ્વ સ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં જ સ્પષ્ટ સમજાયું. કયા પ્રસંગથી અથવા કયા પુસ્તકના પ્રભાવથી એ વિચાર મને ઉદ્ભવ્યો એ અત્યારે મને ચોખ્ખુ યાદ નથી



આવતું. પણ એટલું સ્મરણ છે કે એમાં રાયચંદભાઈ (શ્રીમદ્)ની અસરનું પ્રાધાન્ય હતું.

### વાતને વર્તનમાં મૂકે તો કલ્યાણ

''શ્રીમદ્ પ્રત્યે જેઓ પૂજ્યભાવ ધરાવતા હોય તેમણે પૂજ્યશ્રીના વિચારોનું અનુકરણ કરીને તે ભાવ વર્તનમાં બતાવી આપવો જોઈએ. દવાનું ચિંતવન માત્ર કરવાથી રોગ કદાપિ નાબૂદ થતો નથી.''

### ઉત્તમ આચારની સમાજ ઉપર સચોટ અસર

શ્રીમદ્‌ના ગ્રંથો વાંચી બેસી રહેવું એમાં જ સંપૂર્ણ કર્તવ્ય પૂરું થયું એમ માની લેવાનું નથી. ધર્મનો આધાર આચાર ઉપર છે. તમે જો તમારો આચાર સુધારશો તો સમાજને સુધારી શકશો. અનુયાયીઓ જો પોતાનું સારું વર્તન બતાવી આપશે તો સમાજ ઉપર તેની બહુ સચોટ અસર થશે.''

''તમારે મૂળ પુરુષના આચાર વિચારોનું નિર્દોષ અનુકરણ કરવું જોઈએ.''

(ઉપરોક્ત સર્વ લખાણ મહાત્મા ગાંધીજીની સ્વયં લખેલ પોતાની 'આત્મકથા' અને યરોડા જેલમાં 'રાયચંદભાઈના કેટલાક સંસ્મરણો'માંથી તથા શ્રીમદ્ રાજચંદ્રની જન્મજયંતીઓ ઊજવવા પ્રસંગે ગાંધીજીએ વર્ણવેલ જીવનપ્રસંગોમાંથી લેવામાં આવેલ છે.)

---

## શ્રી પદમશીભાઈ ઠાકરશીભાઈ

### કચ્છ બેરાજા

શ્રીમદ્ રાજચંદ્રજીના સમાગમમાં ભાઈ શ્રી પદમશીભાઈ ઠાકરશીભાઈ આવેલા અને તે પ્રસંગમાં જે જે બીના બનેલી, વાતચીતો થયેલી વગેરેનો ઉતારો કર્યો છે.


પૂજ્યશ્રી પરમ ઉપકારી શ્રી સદ્ગુરુ ભગવાન શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ શ્રી વવાણિયા બંદરે જન્મતિથિ ગુજરાતી સંવત્ ૧૯૨૪ કાર્તિક સુદ પૂર્ણિમાએ; દેહોત્સર્ગ શ્રી રાજકોટ ક્ષેત્રે ગુજરાતી સંવત્ ૧૯૫૭ના ચૈત્ર કૃષ્ણ પંચમીએ. આ ચરિત્ર લખનારે સં.૧૯૬૩ના પોષ સુદ પૂનમથી લખવું શરૂ કર્યું.

મને સાહેબજીના દર્શન સંવત્ ૧૯૪૨ની સાલમાં શ્રી મુંબઈ મધ્યે પ્રથમ થયા હતા. તે પછી ફરી સંવત્ ૧૯૫૫-૫૬ની સાલમાં ઘણી વખત થયા હતા.

### સાહેબજીમાં અલૌકિક શક્તિઓ

સાહેબજીને જાતિસ્મરણજ્ઞાન નવસો ભવનું હતું. તેમ મેં કોઈને મોઢેથી વાત સાંભળી હતી. તે ઉપરાંત સાહેબજીમાં અલૌકિક શક્તિઓ હતી. સાહેબજી રહેણી-કહેણીમાં ઘણા જ ઉત્તમ હતા. તેઓશ્રીની યાદશક્તિ સામા જીવને ચકિત કરી નાખે તેવી હતી. હું તથા બીજા ભાઈઓ સાહેબજીને પંચાંગ દંડવત્ નમસ્કાર કરતા હતા. તેમના વિષેની વિશેષ હકીકત 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનું વાંચન થયે અનુભવ થશે.

સં.૧૯૫૫ની સાલમાં ખીમચંદભાઈ દેવચંદજી સાથે હું સાહેબજીના દર્શન કરવા ગયો હતો. તે વખત રાત્રિનો હતો. ત્યાર પછી ફરીથી બે વખત રાત્રિએ ગયો હતો. મને સાહેબજીએ પૂછ્યું કે તમને વેદાંત દર્શન કેમ લાગે છે? મેં ઉત્તર આપ્યો કે વેદાંત દર્શન મને ઠીક લાગે છે. સાહેબજીએ ત્યાર પછી મને આજ્ઞા કરી કે તમે યોગવાસિષ્ઠ ગ્રંથના બે પ્રકરણ વાંચજો અને ત્યાર પછી મનહરદાસકૃત પદ 'પ્રથમ



વર્ણાશ્રમ ધર્મ પાળતાં' એ પદ કંઠાગ્રે કરજો એમ આજ્ઞા કરી હતી.

પૂજ્યશ્રી કહે—(૧) આદરવું વેદાંતની રીતિએ અને સમજવું જૈનની રીતિએ. (૨) શ્રી આનંદઘનજી મહારાજ મહાત્મા હતા. (૩) શ્રી બનારસીદાસ જ્ઞાન પામેલા હતા. (૪) શ્રી સ્વામી કાર્તિકેય બાળ બ્રહ્મચારી મહાત્મા હતા. (૫) શ્રી કબીર સાહેબ મહાત્મા હતા.

## કબીરનો વિક્ષેપ ટળ્યો

તેઓશ્રીની ટેક વિષે સ્ત્રીના સંબંધમાં બનેલા બનાવો કહી સંભળાવ્યા હતા. તેમાંનો એક પ્રસંગ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પૃષ્ઠ ૬૬૭ ઉપર આ પ્રમાણે છે :—

''મોટા કહે તેમ કરવું, કરે તેમ ન કરવું.

શ્રી કબીરજીનું અંતર સમજ્યા વિના ભોળાઈથી લોકો પજવવા માંડ્યા. આ વિક્ષેપ ટાળવા કબીરજી વેશ્યાને ત્યાં જઈ બેઠા. લોકસમૂહ પાછો વળ્યો. કબીરજી ભ્રષ્ટ થઈ ગયા એમ લોકો કહેવા લાગ્યા. સાચા ભક્તો થોડા હતા તે કબીરને વળગી રહ્યા. કબીરજીનો વિક્ષેપ તો ટળ્યો પણ બીજાએ તેનું અનુકરણ ન કરવું.''

શ્રી મહાવીર સ્વામીના યોગબળના અતિશયોથી હજુ પણ ધર્મ વિદ્યમાન છે.

શ્રી દાદુ સાહેબ મહાત્માજી હતા. તેઓશ્રીની ટેકના સંબંધમાં વ્યાખ્યા કરી કે દાદુસાહેબ રૂ પીંજવાનો ધંધો કરતા હતા. એક દિવસ એક જુવાન સ્ત્રી તેઓની દુકાને રૂ પીંજાવા સારુ આવી હતી. તે સ્ત્રીને વા-સંચાર થયો તે દાદુસાહેબે સાંભળ્યું. તેથી તે સ્ત્રીના મનમાં વિચાર થયો કે દાદુસાહેબ જાણી ગયા. તે વિચારથી તે સ્ત્રી લજ્જા પામી અને દાદુસાહેબને કીધું કે રૂ પીંજી આપશો? દાદુસાહેબ તે સ્ત્રીના મનમાં વિચાર થયો હતો તે જાણી ગયા અને વિચાર્યું કે આ સ્ત્રી લજ્જા પામી ગઈ તેથી તેને મનમાં ખેદ ઊપજ્યો છે. દાદુસાહેબને તે સ્ત્રીએ પૂછ્યું કે રૂ પીંજી આપશો? દાદુસાહેબે કીધું કે હેં? દાદુસાહેબે હેં કીધું તેનું કારણ એ જ કે તે સ્ત્રીને ખેદ થયા કરતો હતો. તે ખેદ શાંત પમાડવા અર્થે તે સ્ત્રી એમ જાણે કે દાદુસાહેબે આ વાત બરાબર જાણી નથી તે માટે હેં કીધું. આ ઉપરથી સ્ત્રીએ વિચાર્યું કે મને પૂઠેથી વા-સંચાર થયો તેમણે સાંભળ્યો નથી, તેથી તે સ્ત્રી લજ્જા પામી હતી તે લજ્જા મટી ગઈ. અને સંકોચપણું પણ મટી ગયું. આ ઉપરથી દાદુસાહેબે ટેક પકડી કે હવેથી મારે પહેલે સાદે કોઈને પણ હેં કીધા વગર કાંઈ કહેવું નહીં અને તે ટેક આખી જિંદગી સુધી રાખી.

## જેવું વર્તન તેવી ગતિ

લખનાર—શ્રી કૃષ્ણ મહારાજના સંબંધમાં શ્રી જૈનધર્મના ગ્રંથમાં લખ્યું છે કે તેઓ ત્રીજી નરકે ગયા છે અને શ્રી વૈષ્ણવ શાસ્ત્રમાં શ્રી કૃષ્ણજી મોક્ષે ગયા છે એમ કીધું છે. આ બન્ને વાતો કેમ મળતી આવતી નથી?

પૂજ્યશ્રી—જે પ્રમાણે શ્રી જૈનશાસ્ત્રમાં નરકે ગયાનું કહ્યું છે તેમ કોઈ જીવ વર્તે તો તે જીવ નરકે જાય અને જે પ્રમાણે વૈષ્ણવ શાસ્ત્રમાં કહ્યું છે તેમ વર્તે તો તેનો મોક્ષ થાય. માટે બન્ને શાસ્ત્રમાં દૃષ્ટાંતરૂપે લખેલું છે અને તે બન્ને બરાબર છે. શ્રી શાક્યસિંહ (બુદ્ધ) મોક્ષે ગયા નથી, પણ મહાત્મા કહેવાય.

## વર્તમાનમાં દીક્ષા લેવા માટે કયા ગુરુ યોગ્ય

એક મુમુક્ષુ—હાલ કોઈને દીક્ષા લેવી હોય, સર્વ સંગ પરિત્યાગ કરવો હોય તો તેને અત્યારે કયા



ગુરુ યોગ્ય છે?

પૂજ્યશ્રી—શ્રી દેવકરણજી સ્વામીની પ્રજ્ઞા ચડતી છે અને મુનિશ્રી લલ્લુજી મહારાજની પ્રજ્ઞા તેથી સાધારણ છે, પણ બન્ને મુનિઓ ઉત્તમ છે.

### શ્રી અંબાલાલ લાલચંદ તમો બધા કરતાં ઉત્તમ

એક મુમુક્ષુના બોલવા ઉપરથી સાહેબજી બોલ્યા કે અંબાલાલ લાલચંદ તમો બધા કરતાં ઉત્તમ છે. (તે વખતે અમો દશ ભાઈઓ બેઠા હતા). એક વખત અમે વ્યાખ્યાન કરતા હતા તે તેમણે (અંબાલાલભાઈએ) સાંભળ્યું હતું. બીજે દિવસે તેઓ સાધારણ ઝીણા અક્ષરોથી કાગળના આઠ પાના લખી લાવ્યા હતા તે બરોબર હતું. તેમાં કોઈ એક ઝીણી વાત પણ રહી જવા જેટલી ભૂલ થઈ નહોતી.

લખનાર—એક વખતે હું રાત્રિએ શ્રી કલ્યાણજી કેશવજી માંદગીમાં હતા તેથી તેઓને જોવા સારું ગયો હતો. તે વખતે તેઓ મરડાના દરદથી બહુ વ્યાકુળ થતા હતા. તે વાત મેં પૂજ્યશ્રી પાસે આવીને જણાવી.

પૂજ્યશ્રી—શું કરીએ? નહીં તો ચાલત. લખનાર—મારે કોલાબે જવાની આજે અગત્ય નથી. માટે દિવસ ઠંડો થયે જોવા પધારશો? હું આપની સાથે આવીશ.

પૂજ્યશ્રી—તમે જઈને જોઈ આવો.

### કલ્યાણજીભાઈ ગુજરી ગયા કે?

હું ત્યાંથી ઊઠીને જોવા સારું ગયો. શાક ગલીમાં થઈ જતાં ભાઈ કલ્યાણજીભાઈ ગુજરી ગયા અને તેઓની નનામી બાંધી માણસો ઉપાડવાની તૈયારી કરતા હતા તે મેં જોયું, તેથી તુરત પાછો વળી સાહેબજી પાસે ગયો. સાહેબજીની નજર મારા ઉપર છેટેથી પડીને તુરત સાહેબજી બોલ્યા કે કેમ? કલ્યાણજીભાઈ ગુજરી ગયા કે? તમે સ્મશાને જશો?


લખનાર—બધા માણસો તેમની નનામી બાંધી ઉપાડી ગયા. હું હવે ઘરે જઈ સ્મશાને જવા જોગ લુગડાં બદલી પછી સ્મશાને જતાં બહુ વખત થઈ જાય, માટે મારે સ્મશાને જવા વિચાર નથી.

### દિગંબર મંદિરમાં પ્રવેશ

પૂજ્યશ્રી—ચાલો ત્યારે એમ કહી સાહેબજી ચાલવા લાગ્યા. હું પાછળ ચાલતો હતો. સાહેબજી ભૂલેશ્વરની શાક મારકીટની ઉત્તર બાજુની ગલીમાં શ્રી દિગંબર સંપ્રદાયનું ઘર દેરાશર હતું ત્યાં પધાર્યા. હું સાથે હતો. દેરાસરનું ગભારું બંધ હોવાથી તે ગભારું ખોલવા દેરાસરના માણસને ફરમાવ્યું. તે માણસે ગભારાનું તાળું ખોલી ઉઘાડ્યું અને તે દેરાસરમાં સાહેબજી પધાર્યા. હું પણ અંદર ગયો. સાહેબજીએ સાષ્ટાંગ દંડવત્ કર્યા અને મેં પંચાંગ દંડવત્ નમસ્કાર કર્યા. સાહેબજીએ મને કીધું કે આ પ્રતિમાજી શાના છે? (પોકલ હતા.) લખનાર—હું સમજી શકતો નથી.

### સિદ્ધ ભગવાનની અવગાહના

પૂજ્યશ્રી—એ સિદ્ધ ભગવાનની અવગાહનાની પ્રતિમા છે. દરેક સિદ્ધ ભગવાનના છેલ્લા શરીરની સરખામણીએ તે ૨/૩ હોય છે. પછી સાહેબજીએ ભીંતો ઉપર મહાત્માના ચિત્રો બતાવી, તેઓ કોણ હતા તેની સમજ આપી. બાદ જ્ઞાનશાળામાં ગયા. ત્યાં શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાનો પ્રથમ એક શ્લોક વાંચી



મને સમજાવ્યો અને કહ્યું કે સ્વામી કાર્તિક બાળ બ્રહ્મચારીપણે સર્વસંગપરિત્યાગ કરી મહાત્મા થયા છે. બાદ સંસાર અસાર છે તેવો તીવ્ર વૈરાગ્યમય ઘણો બોધ કર્યો હતો. પછી સાહેબજી બોલતા બંધ થયા. આ વખતે સાંજનો વખત થવા આવ્યો હતો.

સાહેબજી પ્રત્યે હું બોલ્યો, પુસ્તક બાંધુ? પૂજ્યશ્રી—હા.

### આત્માની અનંત શક્તિઓ

પછી મેં પુસ્તક બાંધતા બાંધતા સાહેબજીને પૂછ્યું કે સાહેબજી, આપે મારા કીધા વગર તેમજ કોઈના કીધા વગર આવતાની સાથે કહ્યું કે કલ્યાણજીભાઈ ગુજરી ગયા કે? એ આપે શા આધારથી કહ્યું?

પૂજ્યશ્રી—આત્માની અનંત શક્તિઓ છે, જેથી કહી શકાય.

### કલ્યાણજીભાઈની ગતિ સારી થઈ છે

કલ્યાણજીભાઈને તમે છેલ્લા સમયે જોયા ત્યારે તેઓની શરીર પ્રકૃતિ વ્યાકુલ હતી, પણ અંતરાત્મા શાંત હતો. તમે અનુમાનમાં ભૂલ કરી છે. કલ્યાણજીભાઈની ગતિ સારી થઈ છે પણ અમે જો એમની પાસે ગયા હોત તો તેઓની ગતિ ઘણી ઉત્તમ થાત.

### શ્રીમદ્જીને નવસો ભવનું જ્ઞાન

સાહેબજીએ તેઓને જોયા નહોતા છતાં સાહેબજીએ કીધું કે તેઓની વર્તણૂંક આ પ્રમાણે હતી. તમો તેઓને જોવામાં ભુલ કરી છે, વળી તેઓની ગતિ ઉત્તમ થઈ છે. અહો! સાહેબજીમાં કેવું જ્ઞાન! આથી મને ઘણું જ આશ્ચર્ય ઊપજ્યું અને મેં સાહેબજીને પૂછ્યું કે સાહેબજી, મેં સાંભળ્યું છે કે આપને જાતિસ્મરણજ્ઞાન નવસો ભવનું છે તે વાત ખરી છે?

પૂજ્યશ્રી—હા, એવું કાંઈક છે તેને આધારે આમ કહેવાયું છે.

લખનાર—સાહેબજી, આપને જાતિસ્મરણજ્ઞાન કેટલી ઉંમરે અને કેવી રીતે થયું તે મને સાંભળવાની ઘણી આકાંક્ષા રહે છે.

### સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણજ્ઞાન

પૂજ્યશ્રી—અમો જ્યારે સાત વર્ષની વયના હતા ત્યારે શ્રી વવાણિયામાં અમીચંદ નામના ગૃહસ્થ હતા. તેઓ ભાઈ કલ્યાણજીભાઈ જેવા કદાવર, રૂપાળાં અને ગુણી હતા. તેઓ અમારા પર ઘણું હેત રાખતા. એક દિવસ તેઓને સર્પ ડસ્યો તેથી તત્કાળ ગુજરી ગયા. ગુજરી જવું એટલે શું? તે અમો જાણતા નહોતા. અમો તુરત પિતામહ પાસે આવ્યા અને પિતામહ (દાદા)ને અમે કીધું કે અમીચંદ ગુજરી ગયા કે? પિતામહે વિચાર્યું કે એ વાતને અમને ખબર પડશે તો ભય પામશે અને તે કારણથી પિતામહે કીધું કે રોંઢો કરી લે. (જમી લે) વગેરેથી એ વાત ભુલાવવા સારું ઘણી ઘણી યુક્તિઓ કરી પણ અમે ગુજરી જવા વિષે આ વાત પહેલી જ વખત સાંભળી હોવાથી તે સમજવાની તીવ્ર જિજ્ઞાસા થયેલી, તેથી ફરી ફરી તે જ સવાલ કરતા રહ્યા. પછી પિતામહે કીધું કે હા, તે વાત ખરી છે. અમે પૂછ્યું કે ગુજરી જવું એટલે શું? પિતામહે કીધું કે તેમાંથી જીવ નીકળી ગયો અને હવે તે હાલી-ચાલી-બોલી શકે નહીં; કે ખાવું-પીવું કશું કરી શકે નહીં. માટે તેને તળાવ પાસેના મસાણમાં બાળી આવશે. અમો થોડી વાર ઘરમાં આમ-તેમ ફરી છૂપી રીતે તળાવે ગયા. ત્યાં તળાવની પાળ ઉપરના બે શાખાવાળા બાવળ ઉપર ચઢીને જોયું તો ખરેખર





ચિતા બળતી હતી. કેટલાંક માણસો આસપાસ બેઠેલા જોયા. તે વખતે અમોને વિચાર થયો કે આવા માણસને બાળી દેવો એ કેટલી ક્રુરતા? આમ શા માટે થયું? વગેરે વિચારો કરતા પડદો ખસી ગયો. આટલું કહી તુરત સાહેબજી તે દેરાસરમાંથી ઊઠી ઊભા થયા.

લખનાર—સાહેબજી, તે વિષે હજુ વધારે જાણવાની ઇચ્છા રહ્યા કરે છે.

પૂજ્યશ્રી—પછી જૂનાગઢનો ગઢ જોયો ત્યારે ઘણો વધારો થયો.

પછી સાહેબજીએ કીધું કે હવે ચાલો. પછી સાહેબજી અને હું દુકાને ગયા.

### અમારા વગર કહ્યે પ્રશ્નોના જવાબ

ભાઈશ્રી નાનચંદભાઈ પૂનાવાળા મને કહેતા કે હું તથા એક વેદાંતી શાસ્ત્રી બ્રાહ્મણ, સાહેબજી પાસે વાદવિવાદ કરવા ગયા હતા. અમોએ સાહેબજીને પૂછવા માટેના પ્રશ્નો પ્રથમથી ઘડી રાખ્યા હતા કે સાહેબજી પાસે જઈ આ પ્રમાણે પ્રશ્ન કરવા છે. તેમાંના કેટલાંક પ્રશ્ન એવા હતા કે ભલભલા મોટા મોટા મુનિરાજ જેવાએ પણ તેના જવાબ આપ્યા નહોતા. સાહેબજી રેવાશંકર જગજીવની ક્યુ.ની દુકાને પધાર્યા હતા, તેથી અમો ત્યાં ગયા અને સાહેબજી સમીપે બેઠા. સાહેબજી આશરે અર્ધો કલાક સુધી શાંત રહ્યા હતા, પછી અમારા ધારેલા પ્રશ્નોના અમારા વગર બોલ્યે તમામના ઉત્તર આપી દીધા અને કેટલોક બોધ કર્યો હતો. આથી સાહેબજી ઉપર ઘણો જ પ્રમોદભાવ ઊપજ્યો અને તે પછી હું સાહેબજીને સદ્ગુરુ તરીકે માનું છું. (મેં સાહેબજીને સંવાદરૂપે કોઈ સવાલ પૂછેલ નથી.)

### અર્થની ગેરસમજ

જર્મન પંડિત મિ. જેકોબીએ શા.ખીમજી હીરજી કાયાણીને લખેલ કે આચારાંગસૂત્રના અમુકનો અર્થ માંસ અને હાડકાં થાય છે અને તે વસ્તુ જૈની વાપરતા એમ ઠરે છે, પણ જૈનીઓનો વ્યવહાર અને શાસ્ત્રો જોતાં તે વાત અસંભવિત લાગે છે, માટે તેનો ખરો અર્થ શું હશે? તમો જાણતા હો તો અગર બીજા કોઈને પૂછીને લખી જણાવશો. તે ઉપરથી મિ.કાયાણીએ 'મુંબઈ સમાચાર'માં એ ચર્ચા લખી. તે પછી જૈનોના આક્ષેપરૂપે કેટલીક ચર્ચાઓ પત્રમાં આવવા લાગી. તે ઉપરથી મેં અને બીજા ભાઈઓએ સાહેબજી પાસે જઈ સમાધાન કરવા સારું રસ્તે જતા વિચાર કર્યો કે આ ચર્ચાનું સમાધાન થાય તેવી સાહેબજીને વિનંતી કરવી. અમો સાહેબજી પાસે આવી મૌન બેઠા. અમારા વગર બોલ્યે સાહેબજી થોડીવાર પછી બોલ્યા કે તમો આનું સમાધાન કરવા આવ્યા છો કે? આચારાંગસૂત્રના અર્થ સંબંધમાં 'મુંબઈ સમાચાર'માં જે લખાણો આવે છે તે લખાણો હજુ પણ આવશે, કારણ કે તે બંધ પડવાને માટે હજુ કાળ બાકી છે.

તે પછી કેટલાક દિવસ ગયા બાદ સાહેબજીએ કીધું કે આજ દિને 'મુંબઈ સમાચાર'માં શ્રી મહાવીર સ્વામી ઉપર આક્ષેપ કરેલ છે. તે તદ્દન ખોટા અર્થથી કરેલ છે. સાહેબજીએ શ્રી ભગવતી સૂત્રના શ્લોકો વાંચીને અર્થ કર્યો કે જ્યારે શ્રી મહાવીર સ્વામીને અતિસાર થયો ત્યારે શીયા નામના અણગાર ભક્તિરાગે હમેશાં પ્રભુ શ્રી મહાવીર સ્વામીની આજ્ઞા માગતા કે હું કાંઈ ઔષધ વહોરી લાવું? આપની આજ્ઞા છે? પ્રભુ ઉત્તર આપતા કે હજી કાળ છે. એક દિવસ શીયા નામના અણગારને આજ્ઞા કરી કે રોહિણી નામની શ્રાવિકાએ અમારે માટે ઔષધ બનાવી રાખ્યું છે તે આધાકર્મી છે માટે તે ઔષધ વહોરશો નહીં, પણ તેણે ઘોડા માટે માર્જર નામના વાયુને હરનાર એવા સફેદ રંગ જેવા રંગના કોળામાંથી



કોળાપાક બનાવેલ છે તે વહોરી લાવજો. શીયા નામના અણગાર તે શ્રાવિકાને ત્યાં શ્રી મહાવીર સ્વામીએ આજ્ઞા કરી હતી તે પ્રમાણે વહોરવા પધાર્યા. તે રોહિણી શ્રાવિકાએ બનાવી રાખેલું ઔષધ વહોરાવવા માંડ્યું. શ્રી અણગારે તે શ્રાવિકાને કીધું કે ઘોડાને માટે બનાવી રાખેલ જે પાક છે તે વહોરાવો. તે શ્રાવિકાને ઘણું જ આશ્ચર્ય ભાસ્યું અને ઘણો જ હર્ષ ઊપજ્યો અને વૃષ્ટિ થઈ. આ પ્રમાણે કીધા પછી સાહેબજીએ કીધું કે 'મુંબઈ સમાચાર'માં જે લખાણો થાય છે તેનો કાળ આજે પૂરો થયો છે હવે ચર્ચા નહીં આવે.

તે પછી તે સંબંધી ચર્ચા આવી નહોતી. ખરેખર સાહેબજીએ કીધું તે પ્રમાણે બન્યું.

શા.ટોકરશી પીતાંબર ગુજરી ગયા તેની સાદડી ભાતબજારમાં રાયમલવાળા માળા નીચે કાઢેલ ત્યાં હું બેસવા ગયો. ત્યાં મહેતા દેવચંદ પીતાંબરે કહ્યું કે પદમશીભાઈ, અમો તો ઠગાયા.

## વિયોગ થયા પછી વિલાપ કરવો વ્યર્થ

લખનાર—બહુ જ માઠું થયું. જુવાન વયમાં ટોકરશી મહેતાનો દેહ પડ્યો. બહુ ખેદકારક થયું. સંસારની એવી જ સ્થિતિ છે માટે હવે વિયોગ થયા પછી વિલાપ કરવો, તેથી શું થવાનું?

દેવચંદ મહેતા—ભાઈ ટોકરશી ગાંઠ અને સન્નિપાતના દરદને લઈને દુકાનના ગ્રાહકો સંબંધી અને બીજા સાંસારિક બકવાદ કરતા અને હરઘડીએ ઊઠીને નાસી જતા હતા; તેથી અમે ચાર જણ ઝાલી રાખતા હતા.

## શ્રીમદ્જી પધારવાથી ટોકરશીભાઈ સાવચેત


ગઈ કાલે બપોરના બે વાગ્યાને સુમારે કવિરાજ (શ્રીમદ્જી) પધાર્યા અને કીધું કે ટોકરશી મહેતાને કેમ છે? અમે કીધું કે સખત મંદવાડ છે. કવિરાજે કીધું કે તમે બધા દૂર ખસી જાઓ. અમે કીધું કે ટોકરશીભાઈ હરઘડીએ ઊઠીને નાસ-ભાગ કરે છે. કવિરાજે કીધું કે નહીં ભાગે. તેથી અમે બધા ત્યાંથી દૂર ખસી ગયા, કવિરાજ તેમની પાસે બેઠા અને પાંચેક મિનિટમાં ભાઈ ટોકરશીભાઈ સાવચેત થઈ ગયા અને કવિરાજને વિનયપૂર્વક કીધું કે આપ ક્યારે પધાર્યા?

પૂજ્યશ્રીએ કહ્યું—તમને કેમ છે?

ટોકરશીભાઈ બોલ્યા ઠીક છે, પણ ગાંઠની પીડા છે.....પછી અડધો કલાક શાંત રહ્યા અને કવિરાજ વિક્ટોરિયા ગાડીમાં બેસી પોતાની દુકાને પધાર્યા. કવિરાજ પધાર્યા પછી ફરીથી પાંચેક મિનિટે ભાઈ ટોકરશીભાઈ પ્રથમ પ્રમાણે સન્નિપાતના જોરમાં જણાયા. અમોએ કવિરાજને તેડવા સારું માણસ મોકલ્યો. તેણે દુકાન પર જઈ કવિરાજને પધારવા આમંત્રણ દીધું. કવિરાજે જણાવ્યું કે જેમ બનવાનું હોય તેમ બને છે અને તે વખતે આવવાની ના પાડી. પછી સાંજના સાત વાગ્યે કવિરાજ પધાર્યા. ટોકરશીભાઈની શરીર પ્રકૃતિ પૂછી. અમે કીધું કે માંદગી વૃદ્ધિ પામી છે. કવિરાજે અમો બધાને દૂર કર્યા. અમો બધા દીવાનખાનાની ભીંતો સુધી હઠીને ઊભા.

## શ્રીમદ્ના આંખ હાથના ઈશારાથી તેઓ શુદ્ધિમાં આવ્યા

કવિરાજ ટોકરશીભાઈ પાસે બેસી કાંઈક આંખના, હાથના અને હોઠના ઈશારા કરતા હતા. પાંચેક મિનિટમાં ટોકરશીભાઈએ શુદ્ધિમાં આવી કવિરાજને વિનયપૂર્વક બોલાવ્યા. કવિરાજે પૂછ્યું કે



કેમ છે? ટોકરશીભાઈએ કીધું કે ઠીક છે, હવે ગાંઠની પીડા નથી. ત્યારપછી થોડીવાર રહી ટોકરશીભાઈ એક સંસ્કૃત ભાષામાં શ્લોક બોલ્યા. કવિરાજે પૂછ્યું કે આ શ્લોક તમે ક્યાં સાંભળેલ છે. તે યાદ છે? ટોકરશીભાઈ બોલ્યા હા જી, દસેક વર્ષ ઉપર આપ તથા ડૉક્ટર તથા હું શ્રીઈડરના જંગલમાં ગયા હતા ત્યારે આપ આ શ્લોક બોલ્યા હતા. કવિરાજ બોલ્યા કે આ શ્લોક ઘણો સારો છે, લખી રાખવા જેવો છે.

### ટોકરશીભાઈ બોલ્યા આનંદ આનંદ છે

થોડીવાર પછી કવિરાજે ટોકરશીભાઈને પૂછ્યું—હવે કેમ છે? ટોકરશીભાઈ બોલ્યા કે આનંદ આનંદ છે. આવી સ્થિતિ મેં કોઈ દિવસે અનુભવી નથી. એટલામાં જ કવિરાજે એક વખત હાથનો ઈશારો ભાઈ ટોકરશીભાઈના મોઢા તરફ ચઢતો કર્યો ને તરત જ કવિરાજ દૂર બેઠા, અને અમોને જણાવ્યું કે ટોકરશી મહેતાનો દેહ છૂટી ગયો, પણ તમો લગભગ પોણો કલાક સુધી તેમની પાસે ના જશો. આ વખતે રાત્રિના પોણા આઠ વાગ્યાનો સુમાર હતો. કવિરાજ સ્મશાને પધાર્યા હતા.

### જેવી લેશ્યા તેવી ગતિ

આ વાત સાંભળી તત્કાળ સાહેબજીની પાસે રેવાશંકર જગજીવનની દુકાને ગયો. અને ત્યાં સાહેબજીના દર્શન કર્યાં અને કીધું કે ટોકરશી મહેતાના સંબંધમાં આપે કાંઈ અજાયબી આશ્ચર્ય ઉપજાવે તેવું કાર્ય કર્યું છે તે મને સમજાવશો? તે સમજવાની ઘણી આકાંક્ષા રહે છે.

પૂજ્યશ્રી—હા, એમ બની શકે છે. પ્રાણવાયુ સમાન વાયુના સંબંધથી રહેલ છે. દરેક વખતે શ્વાસને સમાન વાયુ ખેંચે છે તેને શ્વાસ કહે છે અને વાયુનો સંબંધ છૂટો પડ્યેથી પ્રાણ ચાલ્યો ગયો એમ કહેવાય છે. તે વખતે જીવને જેવી લેશ્યા હોય તેવી ગતિ થાય છે અને શક્તિબળે જીવોની લેશ્યા ફેરવી શકાય છે.

પૂજ્યશ્રી—આ કાળમાં કેવળજ્ઞાન સંભવે કે?


લખનાર—મારા સાંભળવામાં એમ આવ્યું છે કે આ કાળમાં, આ ક્ષેત્રમાં કેવળજ્ઞાન સંભવે નહીં.

### ઉત્સર્ગ માર્ગે નહીં પણ અપવાદ માર્ગે હોઈ શકે

પૂજ્યશ્રી—જે વખતે આ સવાલ પૂછવામાં આવ્યો તેની પહેલાં આ દેહ છૂટત તો નિશ્ચય મોક્ષ થાત. સૂત્રમાં ઉત્સર્ગ માર્ગે ના કહી છે, પણ અપવાદ માર્ગે હોઈ શકે.

### ત્યાગ વૈરાગ્ય સહિત સદ્‌ગુરુને અર્પણ થાય તો બેડો પાર

એક દિવસ કોલાબામાં બેઠો હતો ત્યાં નવતત્ત્વ પ્રશ્નોત્તર ગ્રંથ વાંચતો હતો. તે વખતે વિચાર થયો કે મને કોઈ મહારોગ ઉત્પન્ન થયો હોય અને તે મટાડવા માટે કરેલા ઉપાયો વ્યર્થ ગયા હોય અને મનમાં એમ નિશ્ચય થયો હોય કે આ દેહ હવે થોડીવારમાં પડી જશે. હવે આ સમયે કોઈ આવીને કહે કે તું તારા તન મન વચન કાયા જીવિત સુધી મને સોંપી દે તો હું તને ઉગારું, તો તું તેને શું કહે? પછી તેનો ઉત્તર થયો કે હા, સોંપી દઉં. આવા વિચારમાંને વિચારમાં પુસ્તક પાસે રાખી ટ્રામ-રેલમાં બેઠો અને શેઠ રેવાશંકર જગજીવનની દુકાને આવ્યો અને સાહેબજીના દર્શન કર્યા અને કહ્યું કે ઉપરનો વિચાર મને તીવ્રપણે થયો હતો, પણ ટ્રામમાં બીજા માણસોના અવાજ અને બીજા દેખાવો જોતાં હાલમાં અને પ્રથમમાં ઘણો જ વિચાર મંદ થઈ ગયો છે.



પૂજ્યશ્રી—જે વખતે તે વિચાર ઉદ્‌ભવ્યો તે જ વખતે ત્યાગની જરૂર હતી. સદ્‌ગુરુને મન, વચન, કાયા અર્પણ કરી દેવા જોઈએ. જો જીવ એક ભવ માંડી વાળે તો અનંત ભવ છૂટી જાય.

### 'ખ'એ દયાની લાગણી હોવાથી વ્યાજબી કર્યું છે

સંવત્ ૧૯૫૫ના ચાતુર્માસમાં બેરાજાના ઢોરના ચાર તથા પક્ષીઓના ચણ માટે ટીપ કરેલી ત્યારે कએ ઘણું સમજાવ્યા છતાં રૂપિયા સવા દશ આપ્યા. બીજે દિવસે ख ની સાથે क ની દુકાને ગયા તે વખતે कએ રૂપિયાની કોથળી કાઢી હતી, તેમાંથી ख એ રૂપિયા પાંચ ઝડપથી ઉપાડી લીધા અને क ને ख એ કીધું કે અમો તમારી પાસેથી રૂપિયા સવા પચીસ લેવા ધારીએ છીએ માટે રૂપિયા દશ બીજા આપો અને પૂરા કરી આપો. कએ તે રૂપિયા પાંચ લેવા માટે ઘણો ક્લેશ કર્યો, છતાં ख એ તે રૂપિયા क ની મરજી વિરુદ્ધ રૂપિયા પાંચ લઈ ચાલવા માંડ્યું અને તે રૂપિયા તે ખાતામાં વાપર્યા.

લખનાર—આ પ્રમાણે ख એ क ની નહીં મરજી છતાં ખેદ ઉપજાવીને રૂપિયા લીધા અને તે રૂપિયા તિર્યંચો માટે લીધા છે, પણ તે તિર્યંચોના ઉપયોગમાં આવે ત્યારે ખરા, પણ હાલ તો क મનુષ્યનું ચિત્ત દુભાવ્યું, તેથી ख એ વ્યાજબી કર્યું કહેવાય?

પૂજ્યશ્રી— क પૈસાપાત્ર અને કૃપણ છે?

લખનાર— હા જી.

પૂજ્યશ્રી—ख એ વ્યાજબી કર્યું, કેમ કે ख એ દયાની લાગણી રાખી તેથી તેનું ફળ તત્ક્ષણ મળ્યું. પછી ગમે તો તે પૈસા તિર્યંચોના ઉપયોગમાં આવે યા ન આવે, પણ ख ને બીજો તો એ જ લાભ થયો કે क પાસે એ પૈસા હોત તો તેમાંથી તે આરંભના કૃત્યો કરત તે અટક્યાં.

### 'દુઃખ દીધા દુઃખ હોત હૈ, સુખ દીધા સુખ હોત'

લખનાર—એક માણસે પોતાના વપરાશ માટે એક ઊંચુ ઘર બંધાવ્યું તેની બહારની છાયામાં કોઈ એક તપ્ત થયેલ વટેમાર્ગુઓએ આરામ લીધો. તેથી ઘર બાંધનારને કાંઈ સારું ફળ કહેવાય?

પૂજ્યશ્રી—હા, ઘર બાંધનારે પૂર્વે એ સંયોગો બનવાનું બંધ પાડેલ છે અને આરામ આપવાનું નિમિત્ત થયેલ છે, જેમકે બાવળના જીવે કાંટા થવા રૂપ કર્મ ઉપાર્જન કરેલ છે જેથી તે શૂલો જીવને વાગવાથી દુઃખ થાય છે તો તેનો દોષ બાવળના જીવને લાગે છે.

લખનાર—એક વખત રેવાશંકરભાઈની દુકાને એક જણ રૂ વેચવા આવ્યો. તેને પૂજ્યશ્રીએ રૂનો ભાવ પૂછ્યો. તેણે કીધું કે એક શેર રૂના ત્રણ આના પડશે. છેવટે અઢી આના કીધા.

પૂજ્યશ્રી—રૂના એ ભાવ તમને કેમ લાગે છે?

લખનાર—આ રૂનો ભાવ મને ઘણો સસ્તો લાગે છે. કારણ કે વગર પીંજેલું સામટું લઈએ છીએ તો એક શેરના સાડા ત્રણ આના લગભગ પડે છે. સાહેબજીએ કીધું કે જો કે હાલ રૂની જરૂર નથી, તો પણ તમને ઠીક ભાસતું હોય તો ૦।। શેર લ્યો. પછી મેં ૦।। શેર લીધું અને સવા આનો આપ્યો. બાદ થોડા દિવસ પછી તે જ રૂ વેચનાર ફેરીઓ આવ્યો. પૂજ્યશ્રીએ રૂ વેચનારને પૂછ્યું કે રૂનો ભાવ તે દિવસ કરતાં કેમ છે? પીંજારો કહે કે રૂનો ભાવ તે દિવસ પ્રમાણે ટકેલ છે. એક શેરના અઢી આના છે.



### પરમાર્થ સાધ્ય કરવા પરીક્ષક બુદ્ધિવાળા થવું

પૂજ્યશ્રીએ તે પીંજારા પાસે ઓછા ભાવે માંગ્યું. તેણે ના કહી. પછી તે પીંજારો બે વખત દાદરા ચઢ-ઊતર કરીને છેવટે ૦।। શેરના ૪।। પૈસા પ્રમાણે આપી ગયો. પૂજ્યશ્રી કહે આજે પણ અમારે રૂની જરૂર નહોતી, પણ તે દિવસે તમો રૂના ભાવમાં ઠગાયા હતા તે બતાવવા અર્થે લીધું છે. તમો રૂનો ધંધો કરો છો અને એ ધંધામાં રાચ્યા રહો છો, છતાં ઠગાયાં; તો આ પરમાર્થમાર્ગ જે અપૂર્વ છે. તેમાં કેમ ન ઠગાઓ? પરમાર્થ સાધ્ય કરવામાં પરીક્ષા બુદ્ધિવાળા થવું. તે સંબંધી ઘણો જ ઉપદેશ આપ્યો હતો, જે મને હાલ યાદ નથી.

### કેસ કોર્ટમાં ચાલે ત્યાં સુધી ઘણા જીવોને મારી નાખે

સંવત્ ૧૯૫૬ની સાલમાં દુકાળમાં અમદાવાદમાં એક કસાઈ સસ્તી કિંમતે ઢોરો લઈને મારી નાખતો હતો. તે મરતાં અટકાવવા સારું ત્યાંના કેટલાંક લોકોએ કોર્ટમાં પગલાં લેવા માંડેલા, પણ તેનો નીવેડો આવેલ નહીં. એવી રીતનો પત્ર સાહેબજી પાસે આવ્યો. સાહેબજી તે વાંચી બોલ્યા કે તેનો ખોખરો કાઢે તો તુરત તે હિંસા થતી અટકે. લખનાર—આપ આવું સાવદ્ય વચન કેમ બોલ્યા?

પૂજ્યશ્રી—એવી બાબતનો કેસ કોર્ટમાં ચાલે ત્યાં સુધીમાં તો ઘણા જીવોની વિરાધના થતી જાય અને આ પ્રમાણે થાય તો ઘણા જીવોની વિરાધના થતી અટકે. તેથી અમોએ આ પ્રમાણે કીધું અને આ પ્રમાણે ઠીક લાગે છે. ધર્મના કામ અર્થે વિષ્ણુકુમાર મુનિએ નમુચીને તદ્દન મારી નાખ્યો, તેનું પાપ માત્ર ઈરીયાવહી પડિક્કમવાથી નિવૃત્ત થયું. આ પ્રમાણે કથા કહી સંભળાવી.

પછી મેં કોઈના મોઢેથી સાંભળ્યું કે અમદાવાદમાં એક કસાઈ ઘણા જીવોને મારી નાખતો હતો, તે કસાઈ સામે ત્યાંના લોકોએ સખ્ત ઉપાયો લેવા માંડ્યા જેથી હિંસા થતી બંધ થઈ છે.

### અસ્પતાલ ચાલુ કરનારને સારી-નરસી ક્રિયાનો બંધ લાગે

લખનાર—સાહેબજી, અસ્પતાલ ચાલુ કરનારે દુખિયાના દરદો દૂર કરવા રાખેલ હશે, અને તે પ્રમાણે થાય છે; તોપણ ત્યાંના નોકરો લાલચને લીધે દરદીઓને સતાવે, અભક્ષ્ય વસ્તુ વપરાવે તો તેનો દોષ ચાલુ કરનારને લાગે કે કેમ?

પૂજ્યશ્રી—હા, તેનો અધ્યવસાય તે અસ્પતાલ ચાલુ કરનારને થયો કહેવાય, કારણ કે તે સાથે જ ભવિષ્યમાં સારી-નરસી ક્રિયાઓ થવાની તેનો બંધ પાડેલ છે. (કારણ કે તે નિમિત્ત ઊભું કરનાર છે માટે)

### પાપવાળી દવાથી પાપ બંધાય; તેથી ફરી રોગ આવે

સંવત્ ૧૯૫૬માં ડૉ.હોપ્કીને રસી ચાલુ કરી. પ્લેગ અટકાવવા રસી આપવા માંડી. કેટલાંક આર્યો જાહેર મેળાવડો કરી રસી નખાવવા તૈયાર થયા. તેઓને પૂજ્યશ્રીએ રસી નહીં નંખાવવા સૂચવ્યું જેથી ઘણા લોકો અટક્યા. રસી (ઈનોક્યુલેશન) સંબંધી શ્રીમદ્નો આવો અભિપ્રાય હતો : ''મરકીની રસીના નામે દાકતરોએ આ ધતિંગ ઊભું કર્યું છે. બિચારા અશ્વ આદિને રસીને બહાને રિબાવીને મારી નાખે છે, હિંસા કરી પાપને પોષે છે, પાપ ઉપાર્જે છે. પૂર્વે પાપાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું છે, તે યોગે વર્તમાનમાં તે પુણ્ય ભોગવે છે, પરિણામે પાપ વહોરે છે, તે બિચારા દાકતરોને ખબર નથી. રસીથી દરદ દૂર થાય ત્યારની વાત ત્યારે; પણ અત્યારે હિંસા પ્રગટ છે. રસીથી એક કાઢતાં બીજું દરદ પણ ઊભું થાય.'' (જીવનકળા)



રસી નંખાવવાથી પ્લેગ થોડે દરજ્જે અટકતો હોય તો પણ તેથી બીજા ઘણા રોગો ઉત્પન્ન થાય છે. તે વિષે દાખલા, દૃષ્ટાંત સહિત નક્કી કરી આપવા દરિયા સ્થાનમાં (મુંબઈમાં મસ્જીદ બંદરમાં આવેલ છે) એક જાહેર મેળાવડો કરવાના આમંત્રણપત્ર (હેન્ડબિલો)માં સભા બોલાવનાર તરીકે બીજાં નામ સાથે પદમશીભાઈનું નામ લખવું એમ શ્રીમદે સૂચવ્યું.

### ધર્મકાર્યમાં મરણ સુધી પાછા હટવું નહીં

લખનાર—સાહેબજી, રસી નંખાવનાર એક જાહેર વ્યક્તિએ મારા શેઠીયા ઉપર લૌકિક મોટો ઉપકાર કરેલ છે જેની અંદર હું પણ આવી જાઉં છું. તેની વિરુદ્ધ મારે સભા બોલાવવી એ યોગ્ય ધારતો નથી. કદી તેમ થશે તો તે ઊલટો ચિડાઈ અમને નુકસાનમાં ઉતારશે, માટે મારું નામ નહીં હોય તો સારું.

પૂજ્યશ્રી—તેણે લૌકિક ઉપકાર કર્યો છે તેનો બદલો લૌકિક હોય. વળી આ કૃત્ય તેની હિંસાના ઉત્તેજનને અટકાવનાર છે, માટે તેને લાભનું કારણ છે. છતાં તે વિરુદ્ધ થાય તો કંઈ ડરવા જેવું નથી. જ્યાં ધર્મનું કાર્ય હોય ત્યાં મરણ સુધી પાછા હઠવું નહીં એમ કહી શ્રી યશોવિજયજી કૃત યોગદૃષ્ટિની સજ્ઝાયમાંની ગાથા કહી સંભળાવી.

**“ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ,**
**મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ.”**

તે સાંભળી મને હિંમત આવી અને સહી કરી આપી. એ મેળાવડો થયો, પ્રમુખપદે શ્રીમદ્ રાજચંદ્ર બિરાજ્યા. શ્રી ગોખલીન ડૉ. સુખીયા નવલખી વગેરે પુરુષોએ રસી નુકસાનકર્તા છે, માટે નખાવવી નહીં તે વિષય ઉપર લંબાણથી ભાષણો કર્યા.

### ભલે થોડું જાણે પણ શુભ કે શુદ્ધ હોય તે જ આચરે

પૂજ્યશ્રીએ ઉપસંહારમાં જણાવેલું કે કદાચ થોડું સાંભળવું કે થોડું જાણવું થાય પણ જે કંઈ શુભ કે શુદ્ધ હોય તે જ આચરવું યોગ્ય છે.

દરેક વ્યાખ્યાનમાં વચ્ચે વચ્ચે શ્રોતાઓને પૂછતા કે તમને સમજાયું? જેને ન સમજાયું હોય અને પૂછે તેને ફરીથી સમજાવતા; તેમ છતાં ન સમજાય તો કહેતા કે અમે કહીએ છીએ તે બરાબર છે અને છેવટે એ પ્રકારે સમજાયે છૂટકો છે. એમ જેટલી વખત જે જે વ્યાખ્યાન કરતા તેની સમજણ પાડતા.

### કોઈપણ વસ્તુમાં મૂર્ચ્છા કરવી નહીં

પૂજ્યશ્રી—જે જે વસ્તુઓ, વ્યક્તિઓ, બાબતો જીવને કલ્યાણના કારણ થાય તે બધા ઉપકરણ-સાધન ઉપકાર કર્તા છે, પણ તેને પરિગ્રહરૂપે જીવ સેવે તો બધા અધિકરણ એટલે સંસાર વધારવાના હેતુ થાય. તેમ થતાં તુરત તે ત્યાગવા યોગ્ય છે.

### હીરા, માણેક, મોતીમાં જ્ઞાનીઓ કદી મોહ રાખે નહીં

એક વખત અગિયાર વાગે રાત્રિએ સાહેબજી વ્યાખ્યાન કરી, જવા માટે ઊઠ્યા. સાથે બધા ભાઈઓ પણ ઊઠ્યા, એટલામાં શ્રી પૂનાવાળા ભાઈ નાનચંદભાઈ સાહેબજી પ્રત્યે બોલ્યા કે સાહેબજી,



આ પેટી ઉઘાડી છે અને તેમાં જોખમ છે. (આ પેટીમાં હીરા, માણેક, મોતી વગેરે વેપારનો માલ જથ્થાબંધ રહેતો હતો.)

પૂજ્યશ્રી—ત્યારે બેસો.

સર્વ બેઠા પછી સાહેબજીએ નાનચંદભાઈને પૂછ્યું કે જોખમ શી રીતે?

નાનચંદભાઈ—સાહેબજી, હું કિંમતી ચીજોને જોખમની ઉપમા આપું છું. તેમાંથી ચોરાઈ જાય તો જોખમ લાગે.

પૂજ્યશ્રી—જોખમ શબ્દ તો જ્ઞાની પણ માને, પણ તે એવી રીતે કે જ્યાં સુધી એ છે ત્યાં સુધી જોખમ જ છે. માણસોને રોગ ઉત્પન્ન થાય ત્યારે પરું, પાચ વગેરે થાય, તેમ એ ચીજો પૃથ્વીનો રોગ છે. તેમાં જ્ઞાનીઓ કદી પણ મોહ રાખે નહીં.

એમ કહી તુરત જ તે પેટી અને દીવાનખાનું સાવ ખુલ્લું મૂકી પોતે ગિરગામ ચાલ્યા ગયા. મને તે વખતે ઘણો વિચાર થયો કે કેમ થયું હશે? અને તે વિચારથી હું બીજે દિવસે દિવસના અગિયાર વાગ્યાના સુમારે રેવાશંકર જગજીવનની દુકાને ગયો અને મેં સાહેબજીને પૂછ્યું—કેમ કોઈ ચીજ ચોરાઈ તો નથી ને? પૂજ્યશ્રી કહે—ભાઈ વનમાળીએ આપણા ગયા પછી તે પેટી બંધ કરી હતી.

પૂજ્યશ્રી કહે—અમે એટલે હું નહીં. (અ=નહીં, મેં=હું)

પૂજ્યશ્રી કહે—અમોને કોઈ પંચાંગ દંડવત્ કરે છે તેને અમો હાથનો ઈશારો કરી ના પાડીએ છીએ. એ વિનય ગુણ વધારવાનું સાધન હોવાથી સામાને તેમ કરતાં અમો અટકાવતા નથી. જો કે અમને તો તે વિષે કંઈ નથી.

### સાહેબજી જ્ઞાનબળે બધું જાણે છે

ચિત્ર નંબર ૧-૨

શ્રી મુંબઈ શિવમાં સાહેબજી ઘણા માંદગીમાં હતા, તે વખતે હું સાહેબજીના દર્શન કરવા ગયો હતો. ત્યાં બંગલાની નીચે ડૉક્ટર પ્રાણજીવન મળ્યા. તેમણે કીધું કે શ્રીમદ્‌ને ગઈ કાલથી તાવ ચઢેલ છે, માટે તેઓ દૂધ કે ફ્રુટ સિવાય બીજું કાંઈ પણ ન વાપરે તો ઘણું સારું, પણ હું તેઓને કહી શકતો નથી. તમે કહી શકતા હો તો કહેજો.

હું બંગલા ઉપર સાહેબજી પાસે ગયો. અને સુખશાતા પૂછી. ત્યારે સાહેબજી બોલ્યા કે અમને ગઈકાલથી તાવ ચઢેલ છે, ખોરાકમાં ફક્ત દૂધ અને ફ્રુટ ગઈકાલથી વાપર્યું છે, તે ડૉક્ટરને કહેજો.

### આવો ઉપયોગ આત્મામાં રહે તો તત્કાળ આત્મપ્રાપ્તિ થાય

ચિત્ર નંબર ૩

પૂજ્યશ્રી—આજે ચાંદીની પાટમાંથી કટકા કાપતા બે ઘાટીઓને જોયા. તેઓ એવા શાંત અને ચોક્કસ હતા કે ઘા મારનાર જરા ચૂકે તો છીણી પકડનારના હાથમાં વાગતાં વાર લાગે નહીં. તેવી રીતે એવો ઉપયોગ જો આત્મામાં રહે તો તત્કાળ કલ્યાણ થાય.

### શરીર હથિયાર છે. એનાથી સુકૃત્ય કરી લેવું

પૂજ્યશ્રીનું શરીર માંદગીથી ઘણું અશક્ત થઈ ગયું હતું. બેસવાની શક્તિ બિલકુલ નહોતી, છતાં પણ સાહેબજી પોતે પુસ્તકો વાંચતા, લેતા, ઊંચકી શકતા. તે વખતે કોઈ ભાઈએ સાહેબજીને કીધું કે સાહેબજી, આપે હવેથી કાંઈ પણ શ્રમ નહીં લેવો જોઈએ. સાહેબજી બોલ્યા કે શરીર હથિયારરૂપ છે, માટે


(૧) શ્રીમદ્જી જ્ઞાનબળે બધુ જાણે છે


(૨) આવો ઉપયોગ આત્મામાં રહે તો તત્કાળ કલ્યાણ



શ્રી પદમશીભાઈ ઠાકરશીભાઈ



જે જે એનાથી સુકૃત્ય થાય તે તે કરી લેવું જોઈએ.

### જગતનું હિત કરનાર સત્પુરુષના વચનામૃત છે

ઘણા મુમુક્ષુઓ અને જિજ્ઞાસુ જીવોને સત્શાસ્ત્ર ખરીદવાનું શિવમાં જણાવ્યું. અમે સાહેબજીની આજ્ઞા પ્રમાણે પુસ્તકો ખરીદ્યાં.

### વ્યાપારીને વ્યવહારિક શિક્ષા આપી

પૂજ્યશ્રી—મનસુખ, રૂપિયા ૫,૦૦૦/-વાળા ચેકના રૂપિયા હજુ સુધી કેમ મંગાવ્યા નથી?

મનસુખભાઈ—આ ચેકમાં ભૂલ છે, માટે તે સુધરીને આવે ત્યારે રૂપિયા મળે. માટે આજે બેંક રૂપિયા આપે નહીં. કેમ મોતીચંદભાઈ? મોતીચંદભાઈ—હા, આજે નહીં મળે.

પૂજ્યશ્રી—(મનસુખભાઈ પ્રત્યે) ડાહ્યો થા નહીં. આ ચેકના રૂપિયા આજે મળશે. જા, લઈ આવ.

મનસુખભાઈ—ભાઈ, આજે નહીં મળે.

પૂજ્યશ્રી તુરત ઊઠ્યા અને ચેક લઈ નીચે ગયા અને શેઠ પારસી પાસેથી રૂા.૫,૦૦૦/- લાવી બતાવ્યા, અને મનસુખભાઈને કહ્યું કે ડહાપણ કરી ચેક બીડ્યો ન હોત તો બે દિવસ વ્યાજની નુકસાની કરત.

### દીક્ષા લઈ સાચી આરાધના કરે તો બંધનકર્તા નથી, નહીં તો આપવાની ભાવના રાખવી

લખનાર—સાહેબજી, મારા ઉપર કરજ છે, માટે દીક્ષા લઈ શકાય કે નહીં? અને દીક્ષા લેતાં કરજ રહી જાય તો આગલે ભવે આપવું પડે કે કેમ?

પૂજ્યશ્રી—જો સર્વસંગપરિત્યાગ થાય તો કંઈ બંધનકર્તા નથી, પણ તેમ ન થાય ત્યાં સુધી ન્યાયની રીતિએ વર્તણુંક રાખી કરજને આપવાની દરકાર રાખવી.

### બીજી ન પરણો તો બે શક્તિઓ પ્રાપ્ત થાય

લખનાર—સાહેબજી, એક વખત મને એવું જણાયું કે મને બે સ્ત્રીઓ થશે. પણ મને બીજી સ્ત્રી પરણવાની ઇચ્છા નહોતી, છતાં પિતાશ્રીએ એકદમ સગપણ કરી નાખ્યું, માટે એમ જ બનવાનું હશે.

પૂજ્યશ્રી—જો તમે બીજી સ્ત્રી નહીં કરત તો તમને બે શક્તિઓ પ્રાપ્ત થાત. શ્રીકૃષ્ણને સોળ હજાર સ્ત્રીઓ (ગોપીઓ) કહેવામાં આવે છે તે બધી શક્તિઓ હતી. હજુ પણ તમારી ઇચ્છા ન હોય તો સગપણ છૂટી જાય.

લખનાર—માતા-પિતાના દબાણથી પરણ્યો.

### ધર્મ કરવાથી કર્મમાં ફેરફાર કરી શકાય

લખનાર—જ્યોતિષ વિદ્યા ઉપર કેટલો આધાર રાખવો?

પૂજ્યશ્રી—તે અચોક્કસ છે. કોઈ વાર ફળે છે ને કોઈ વાર નથી ફળતી.

### કોઈનું મરણ સાંભળી વૈરાગ્ય આવવો જોઈએ

લખનાર—કોઈ ઘરડો માણસ ગુજરી જાય ત્યારે ગામના લોકો મનમાં કાંઈ પણ ન હોય છતાં દેખાડવાની બુદ્ધિએ રડે છે અને ગામ બહાર ગયા પછીથી બિલકુલ રડતાં બંધ થાય છે, વળી રડતા હોય



તે વખતે પણ કોઈની આંખમાંથી આંસુ આવેલાં દેખાતાં નથી. મારે પણ તેઓના પ્રમાણે રડવું પડે છે તે માયા કરી કહેવાય કે નહીં?

પૂજ્યશ્રી—રડવું જોઈએ. (અંતરથી) અમને તો કોઈ ગુજરી ગયું એમ સાંભળ્યું હોય તો પણ ખેદ થાય છે. (પરમાર્થ દૃષ્ટિએ કે અહો! એનો મનુષ્યભવ ચાલ્યો ગયો!).

### શ્રીમદ્‌ને મુંબઈ મસાણ સમાન

પૂજ્યશ્રી—જેને લોકો મેડી મહેલ માને છે તે અમને તો મસાણ સ્થળ ભાસે છે.

ક્રએ જોડો મોચીને સાંધવા આપેલ, તે વગર છાંટા નાખ્યે ઉપાડવા જતો હતો ત્યારે પૂજ્યશ્રીએ તેને છાંટો નાખીને ઉપાડવા કીધું. પછી તે ઉપરથી સાહેબજીએ બોધ કર્યો કે જીવને ઓછામાં ઓછો એટલો પણ વિવેક હશે તો ક્યારેય પણ તે ઠેકાણે આવશે. તે સિવાય ઘણો જ બોધ કર્યો હતો તેનો સારાંશ થોડોક યાદ છે તે નીચે પ્રમાણે છે :—

### નોકર પ્રત્યે પણ દયાની લાગણી હોય તે શેઠ શ્રેષ્ઠ ગણાય

જ્યારે શેઠ કોઈને નોકર તરીકે પગારથી રાખે છે ત્યારે તે શેઠ નોકરના પગાર કરતાં વધારે કામ લેવાની બુદ્ધિ રાખે છે. નોકર રહેનાર માણસ ગરીબ સ્થિતિમાં હોવાથી તે બિચારો વેપાર આદિ કરી શકે તેમ નથી. પરંતુ પૈસાનું સાધન નહીં હોવાથી નોકરી કરે છે. શેઠ નોકર પાસેથી પગાર કરતાં વિશેષ લાભ મેળવવા બુદ્ધિ રાખે, તો તે શેઠ નોકર કરતાં પણ ભીખ માગનાર એવો પામર ગણાય. શેઠ જો નોકર પ્રત્યે એવી ભાવના રાખે કે આ પણ મારા જેવો થાય, તેને શેઠ ઘટતી સહાય આપે વગેરે દયાની લાગણી હોય તો તે શેઠ શ્રેષ્ઠ ગણાય.

### ભવ્યને જિન પ્રતિમા અને જિન આગમ આધારરૂપ છે

લખનાર—કેટલાંક લોકો ધર્મ માની મૂર્તિ પૂજે છે અને કેટલાંક નથી પૂજતા. આ બન્નેમાં કોને વ્યાજબી કહી શકાય?

પૂજ્યશ્રી—મૂર્તિપૂજક વ્યાજબી ગણાય.

લખનાર—હું હમેશાં દેરાસરે દર્શન કરવા જાઉં છું, ભાવના ભાવું છું, દર્શનની ક્રિયા કરું છું, પૂજા કરું છું, પણ પુષ્પ ચઢાવતો નથી તેમ આરંભવાળી ક્રિયા કરતો નથી તે વ્યાજબી કરું છું?

પૂજ્યશ્રી મૌન રહ્યા. મેં ફરીથી પૂછ્યું પૂજ્યશ્રી મૌન રહ્યા.

### આત્મકલ્યાણ કરવામાં પૃથ્વી ગોળ કે સપાટ હોય તે નડે નહીં

એક જિજ્ઞાસુએ સાહેબજીને પ્રશ્ન કર્યો : પૃથ્વીને શાસ્ત્રમાં સપાટ કહી છે અને હાલના શોધકો ગોળ કહે છે; તેમાં ખરું શું?

પૂજ્યશ્રી—તમને સપાટ હોય તો ફાયદો કે ગોળ હોય તો ફાયદો?

જિજ્ઞાસુએ કહ્યું : હું તો જાણવા માંગુ છું.

પૂજ્યશ્રી—તમો તીર્થંકર ભગવાનમાં શક્તિ વધારે માનો છો કે હાલના શોધકોમાં?

જિજ્ઞાસુએ જણાવ્યું : તીર્થંકર ભગવાનમાં.

પૂજ્યશ્રી—ત્યારે તમે તીર્થંકર ભગવાનની પર શ્રદ્ધા રાખો અને શંકા કાઢી નાખો. આત્માનું



કલ્યાણ કરશો તો તમને પૃથ્વી સપાટ કે ગોળ જેવી હશે તેવી કાંઈ હરકત કરશે નહીં.

### બનતા સુધી ઉત્તેજન આપવું નહીં

લખનાર—હું મારા વેપારાદિકમાં કાંઈ દગા જેવું કરતો નથી, છતાં માલ ખરીદનાર કેટલાંક માણસો એવા હોય છે કે તેને ખુશી રાખીએ નહીં તો તેઓ ખોટાં બહાના-વાંધા કાઢી સોદો બગાડી દે છે, માટે તેઓને ખુશી રાખવા પડે છે તે યોગ્ય છે?

પૂજ્યશ્રી—બનતા સુધી તેઓને ઉત્તેજન નહીં આપવું.

### મરણ આયુષ્ય પ્રમાણે છે તો તેનો ભય રાખવાથી શું થશે?

લખનાર—સાહેબજી, મને ભય સંજ્ઞા વધારે રહે છે તેનો શો ઉપાય?

પૂજ્યશ્રી—મુખ્ય ભય શાનો વર્તે છે? લખનાર—મરણનો.

પૂજ્યશ્રી—તે તો આયુષ્યબંધ પ્રમાણે થાય છે. જ્યારે આયુષ્ય પૂર્ણ થવા સુધી મરણ તો નથી ત્યારે તેથી નાના પ્રકારના ભય રાખ્યે શું થવાનું છે? એવું દૃઢ મન રાખવું.

જ્યારે સાહેબજી માંદગીમાં શિવથી શ્રી તિથલ તરફ પધાર્યા ત્યારે પોતે તેમના નોકરને સૂકો મેવો લાવવા આજ્ઞા કરી. તે સાંભળી મેં સાહેબજીને કીધું કે એ આજ્ઞા મને કરો તો હું મારા પૈસાથી મેવો લાવું. પૂજ્યશ્રી—અમારાથી તમારી પાસેથી કાંઈ પણ લેવાય નહીં. મેં કહ્યું—સાહેબજી, મારી તીવ્ર જિજ્ઞાસા છે. પૂજ્યશ્રી મૌન રહ્યા તેથી મને આંસુ આવ્યા ને હું રોયો. પૂજ્યશ્રી—જાઓ, તમારી ઇચ્છા પ્રમાણે અમુક અમુક મેવો લાવજો. મેં તે પ્રમાણે મેવો લાવ્યો ને સાહેબજીને આપ્યો.

### આત્માનું વિભાવમાં રમણ તે ભયંકર ભાવમરણ

પૂજ્યશ્રી—'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!' એટલે પરવસ્તુ પરત્વે હે જીવો, મોહને લીધે તલ્લીન થઈ ક્ષણે ક્ષણે ભયંકર એવું જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્ય અને ઉપયોગ એવા ભાવ પ્રાણનું કાં મરણ કરો છો?

### હિન્દુસ્તાનના હઠયોગીઓનો અમેરીકામાં જન્મ

પૂજ્યશ્રી—હિન્દુસ્તાનના પૂર્વના હઠયોગીઓ હાલ અમેરિકામાં અવતર્યા હોય એમ લાગે છે.

### મોક્ષમાર્ગમાં આવું શૂરાતન વાપરે તો જીવનું શીઘ્ર કલ્યાણ

પૂજ્યશ્રી—ટ્રાંસવાલની લડાઈમાં યુરોપિયન યોદ્ધાઓની હાર સાંભળી, તેમની ત્રણ કન્યાઓ સારા વૈભવવાળી તે તરફ ગુપ્ત રીતે એવા ઈરાદાથી જવા માટે નીકળેલી કે અમારી હાર સાંભળવા કરતાં ત્યાં જઈ અમારે મરવું સારું. તે વાત તેઓના સંબંધીઓના જાણવામાં આવી. તેઓએ પોલીસને કહી રાખ્યું કે તેમને રોકવી. તે ત્રણ કન્યાઓ ચાલી નીકળી. પોલીસો તેની શોધ કરી પાછી તેડી લાવ્યા. પણ જાુઓ કેવું શૂરાતન! સર્વ વૈભવ મૂકીને તેઓ મરણને સન્મુખ થઈ હતી. તેમજ જો જીવ પરમાર્થકાર્યમાં શૂરાતન વાપરે તો જીવનું કલ્યાણ તત્કાળ થાય.

### વ્યસન તે માત્ર મનની નબળાઈ

લખનાર—સાહેબજી, હું બીડી પીઉં છું. હમણાં મારા પેટમાં વાયુનું ઘણું જોર રહે છે, માટે બહાર જઈ બીડી પીને પાછો આવવા ઇચ્છું છું.



પૂજ્યશ્રી—બીડી નહીં પીવાય. તમો બીડી શા કારણથી પીઓ છો?

લખનાર—સાહેબજી, બીડી પીવાથી વાયુ દબાય છે, તે વગર દસ્ત ઊતરતો નથી.

પૂજ્યશ્રી—મન મજબૂત રાખ્યું હોય તો બીડી મૂકી શકાય. ઉપલા બે કારણો ફક્ત તમારા મનની નબળાઈના છે. મેં તે વખતે બીડી પીધી નહોતી.

**'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ'**

જિજ્ઞાસુ—શાસ્ત્રોમાં ચમત્કારિક શક્તિઓ કહી છે તેનો અનુભવ મને શી રીતે થાય?

પૂજ્યશ્રી—તે જે પ્રકારે પ્રાપ્ત થાય તેવી રીતે વર્તો તો તમને અનુભવ થશે. જેમ દરજી કપડું કાપી સીવવાની પ્રક્રિયા કરે છે ત્યારે સીવેલું કપડું તે જુએ છે ત્યાં સુધી તે પ્રકારે જોઈ શકતો નથી.

**પદ્માસનવાળું આસન તે ધ્યાનનું આસન**

લખનાર—પદ્માસનવાળી શ્રવણ થઈ શકે કે? પૂજ્યશ્રી—એ આસન ધ્યાનનું છે.

**વૈરાગ્યવાળા શાસ્ત્રો એકાંતમાં વાંચવાથી અદ્ભુત લાગે**

લખનાર—સાહેબજી, હવે મારે અત્રેથી બહારગામ જવું છે, ત્યાં શું વાંચું?

પૂજ્યશ્રી—આત્માનુશાસન. હું પુસ્તક ખરીદી લાવ્યો અને સાહેબજીને બતાવ્યું.

પૂજ્યશ્રી—ક્યાં વાંચશો?

લખનાર—શ્રી માંડવી ક્વોરેન્ટાઈનમાં આઠ દિવસ રહીશ ત્યાં વાંચીશ. પછી વખત મળવો મુશ્કેલ છે.

પૂજ્યશ્રી—ત્યાં નહીં વંચાય માટે પુસ્તક અહીં મૂકી જાઓ.

મેં પુસ્તક ત્યાં જ રહેવા દીધું તે ફરીથી લીધું નહોતું.

**કાર્મણ અને તેજસ શરીર જીવને બીજી ગતિમાં ખેંચી જાય**

પૂજ્યશ્રી—જીવ બીજી ગતિમાં કયે કર્મે જાય છે? સાહેબજી ઉપર મુજબ શ્રોતાજનો પ્રત્યે બોલ્યા, કોઈ જવાબ આપી શક્યા નહીં. પછી પોતે કહ્યું—કાર્મણ અને તેજસ શરીર તેને બીજી ગતિમાં ખેંચી જાય છે.

**એક જ પદનું ઘણીવાર રટણ કરવાથી જીવનમાં ઊતરે**

પૂજ્યશ્રી વખતો વખત આ નીચે જણાવેલ પદોમાંનું કોઈપણ પદ તથા બીજા ઘણા પદો, શ્લોકો વગેરેમાંનું કોઈપણ પદ એકી વખતે ઉપરાઉપરી ઘણી વખત રટણ કરતા :—

**'ધૂળી જૈસો ધન જાકે, શૂલિ સો સંસાર સુખ;**
**ભૂલિ જૈસો ભાગ દેખે, અંત જૈસી યારી હૈ.'**

(અર્થ :— જેને મન ધન એ બધું ધૂળ સમાન છે, સંસારનું સુખ શૂલિ સમાન છે તથા જે ભાગ્યના ઉદયને આત્માને ભુલાવનાર ભુલભુલામણી સમાન માને છે તેમજ યારી એટલે કોઈથી મિત્રતા કરવી તેને અંત એટલે મરણ સમાન જાણે છે; તેને બનારસીદાસ વંદન કરે છે.)

**પરમપુરુષદશાવર્ણન**

**'કીચસૌ કનક જાકૈ, નીચ સૌ નરેસપદ,**
**મીચસી મિતાઈ, ગુરુવાઈ જાકૈ ગારસી;**
**જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,**



હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી;
જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.'

''જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંશને અનર્થ સમાન જાણે છે, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબનાં કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૭૮૧)

**'એ ગુણ વીર તણો ન વિસારું વાલા સંભારું દિનરાત રે.'**

(અર્થ :— શ્રી મહાવીર પરમાત્માના આત્મગુણોને ન વિસારું પણ સદા દિનરાત તે ધ્યાનમાં રાખું.)

**'વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;**
**મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે.'**

(અર્થ :—ચોવીશમા જિનેશ્વર ભગવાન મહાવીરના ચરણકમળમાં હું વંદન કરું છું. ભગવંતે જે વીરત્વવડે બધા કર્મોને હણી નાખ્યા એવા વીરત્વને હું પણ માંગુ છું કે જે વડે મિથ્યાત્વાદિ મોહરૂપી અંધકારનો ભય જેમનો સર્વથા નાશ પામ્યો અને કર્મો ઉપર જય મેળવવારૂપ જીતનું નગારું વાગ્યું એવા વીર પરમાત્માના ચરણકમળમાં હું પ્રણામ કરું છું.)

**'છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;**
**સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે.'**

(અર્થ :— છદ્મસ્થ વીર્ય અને લેશ્યાઓનો સંગ હોવાથી અભિસંધિજ મતિ એટલે કર્મ ગ્રહણ કરવાની બુદ્ધિ ઊપજે છે, એમ જાણી કર્મોને હણવા માટે વીર ભગવંત આત્માસંબંધી સૂક્ષ્મક્રિયા કરીને અને દેહ સંબંધી સ્થૂળ ક્રિયાઓ કરીને ઉમંગથી એટલે ઉત્સાહથી તેઓ યોગી બન્યા છે.)

પૂજ્યશ્રી—બત્તી બાળવી અનુચિત છે, પણ લોકવ્યવહારને લીધે અમે બત્તી બાળીએ છીએ.

પૂજ્યશ્રી—અમે જડના પરમાણુઓ ચોરી લીધા છે તે શાહુકાર થઈને તેને પાછા સોંપશું.

પૂજ્યશ્રી—કોઈ પણ જીવ જ્ઞાન કે શુભ ક્રિયામાં દોષો કરતો હોય તો તેનો તિરસ્કાર કરી તેને પાડવો નહીં, પણ યુક્તિથી તે દોષો સુધારે ને ચઢતો રહે તેમ કરવું.

ઉપર લખી બીના યાદ રહી છે તેમજ તટસ્થ રહી લખી-લખાવરાવી છે. તેમાં અશુદ્ધતા અને વાક્યરચનામાં ખામી છે તે સુધારશો ને દોષ ક્ષમા કરશો એ વિનંતી છે. શ્રી બેરાજા સં.૧૯૬૯ (કચ્છી)ના શ્રાવણ સુદ ૯, બુધે, લિ.પદમશી ઠાકરશીના પ્રણામ વાંચશોજી.



# શ્રી નાનચંદભાઈ ભગવાનભાઈ

**પૂના**

પૂજ્ય ભાઈશ્રી નાનચંદભાઈ ભગવાનદાસભાઈ પૂનાવાળાનો કૃપાળુદેવ સાથેનો પરિચય-સમાગમ.

## મુંબઈમાં સારા અધ્યાત્મજ્ઞાનનાં જાણનાર શ્રીમદ્ છે


સંવત્ ૧૯૫૪ના માગસર માસમાં પરમકૃપાળુદેવનો પ્રથમ દર્શન લાભ મને મુંબઈમાં થયો હતો. તે વખતે મારો પુત્ર ૨૫ વર્ષનો હૃદયરોગથી ગુજરી ગયો હતો. તેથી મારી અજ્ઞાનતાને લીધે મારા ચિત્તને ભ્રમતા ઉત્પન્ન થાય તેવું લાગ્યું હતું. તેનું સમાધાન કરવા સારું કોઈ સત્પુરુષને મળવાનો મારો ઈરાદો થતો હતો. તેવામાં પૂનામાં શ્રી ચંદ્રસૂરિ પધારેલ. તેમની પાસે હમેશાં મારે જવું થતું. ત્યાં એક દિવસ મુંબઈના શ્રી કલ્યાણજીભાઈ કચ્છી ઓશવાળ ભક્તિમાર્ગી આત્મા સંબંધી વિચાર કરવાવાળાને અને શ્રી મહારાજ સાહેબને વાતચીત ચાલતાં તેમાં મહારાજ સાહેબે કીધું કે હાલ કોઈ શ્રાવક અધ્યાત્મના વિચાર કરવાવાળો જોવામાં આવતો નથી; તે બાબતમાં જૈન ભાઈઓની મોટી ખામી જણાય છે. લોકોમાં ફક્ત ઠાલું અભિમાન અને અજ્ઞાનતા સિવાય બીજું કાંઈ દેખાતું નથી.

તે ઉપરથી કલ્યાણજીભાઈએ મહારાજશ્રીને કહ્યું કે મુંબઈમાં એક કાઠીયાવાડી વવાણિયા ગામના શ્રાવક રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) ઉંમર ૨૫-૨૭ વર્ષની હશે. તેમનો મારે સમાગમ સારી રીતે થયો છે અને હું તેમને મારા પૂજ્ય તરીકે માનું છું. તેમને અધ્યાત્મજ્ઞાન સારું છે એમ મને લાગ્યું છે. તેથી અમે ઘણા લોકો તેમની પાસે કંઈ બોધ મેળવવા ચર્ચા કરીએ છીએ. હજી સુધી અમારા અંતરાયકર્મને લીધે અજ્ઞાનતાથી તેમનો બોધ અમારાથી પૂરો સમજી શકાતો નથી; માટે આપને જો જોવાની અથવા મળવાની ઇચ્છા હોય તો તેમને કોઈ પ્રકારનો અધ્યાત્મ વિષેનો શ્લોક અથવા પ્રશ્ન પૂછી કાગળ લખી જવાબ મંગાવો તો સારી રીતે સમાધાન જવાબરૂપે આપશે એવી મને ખાતરી છે.

તેથી મહારાજશ્રીએ કાગળ લખ્યો, તેનો જવાબ ચોથે દહાડે ફરી વળ્યો. પછી મહારાજશ્રીએ મને વાત કરી કે મેં મુંબઈ કાગળ લખેલ હતો તેનો ઉત્તર મને યથાયોગ્ય સમાધાનકારક મળ્યો છે. તે સમયે મહારાજશ્રીના આનંદના અને હર્ષના ઉદ્ગારો એવા નીકળ્યા હતા કે આ પુરુષને મળવું જોઈએ.

## શ્રીપૂજ્યની શ્રીમદ્‌ને મળવાની તીવ્ર અભિલાષા

પણ હું આ સ્થિતિમાં (શ્રીપૂજ્ય)છું, વડ ગચ્છના શ્રીપૂજ્યની ગાદીનો અધિકારી છું તો આપણે શી રીતે મળવા જવું અને શી રીતે કરવું? હું આ વેશથી મળવા જાઉં તો મારા અધિકારને ખામી લાગે છે, માટે તમે કહો તેમ કરીએ. મેં કીધું કે તેમને પત્ર લખીને અહીં બોલાવો તો જરૂર આવશે. મહારાજશ્રીએ કહ્યું કે એમને અહીં બોલાવવા યોગ્ય લાગતું નથી. આપણે તેમને જઈને મળવું. મારા વિચારને મળતા થાઓ તો તમે મારી સાથે એક શેઠ તરીકે અને હું મારો વેશ પલટીને (બદલાવીને) તમારી સાથે પટો પહેરીને આવું તો મને તેમની સાથે સમાગમ થવાનો જોગ આવશે. માટે તમે મારા ભેગા ચાલો. ત્યારે મેં કહ્યું કે તમોને એવી સ્થિતિમાં મારી સાથે આવવું યોગ્ય લાગતું નથી. ત્યારે મહારાજે કીધું કે તે વિચાર તમારે કરવાનો નથી, મારે કરવાનો છે. તમે તમારા ઘરેથી દુકાનના કામ સારું જાઓ અને હું અહીંયા



મારા માણસોને કહું છું કે મારે બે દિવસ માટે કોઈ શાંતિના સ્થળે જવું છે એટલે કોઈને ખબર પડશે નહીં, અને રાતની ગાડીમાં જવાનું નક્કી કર્યું.

મેં તેમને કહ્યું કે હાલ મુંબઈમાં પ્લેગ જબરો ચાલે છે, માટે મારા વડીલ ભાઈ મોતીચંદભાઈને પૂછીને રજા લઉં. મોટાભાઈને પૂછતાં તેઓએ સાફ ના કહી કે મુંબઈમાં પ્લેગના કેસ રોજના ૩૦૦-૪૦૦ થાય છે માટે બિલકુલ જશો નહીં, અને મહારાજશ્રીને કહેવડાવ્યું કે અમારો નાનચંદ ગાંડીઓ ને ભોળો છે માટે તેમને ભંભેરીને ક્યાંય જવા દેશો નહીં. તે ઉપરથી અમે મુંબઈ જવાનું બંધ રાખ્યું.

## શ્રીમદ્‌ની જાણકારી મળી

ત્યારપછી પૂનામાં પ્લેગનું જોર શરૂ થયું. અમે અમારા ઘરના સર્વે મુંબઈ રહેવાને ગયા. ત્યાં થોડા દિવસમાં મારો ચિ.રતનચંદ ૨૫ વર્ષની હાર્ટ ડીસીઝના રોગથી ગુજરી જતાં ઉપર લખ્યા પ્રમાણે મારી સ્થિતિ ભ્રમિત હતી. તેથી મારા કુટુંબીઓને ધાસ્તી બહુ હતી કે નાનચંદ ગાંડો થશે કે નાસી જશે. માટે મારા ઉપર ઘણો જાપતો રાખતા હતા, પણ મારી આત્મિક શી સ્થિતિ હતી તે જાણવાની મારા કુટુંબીઓની શક્તિ ન હતી. હું તો ધ્યાનમાં ને ધ્યાનમાં વિચાર કરતો ગામમાં ફરતો હતો. તે વખતે અમો જે ઘરમાં રહેતા હતા તેના નીચે જ રતનજી વીરજીના નામની દુકાન હતી. ત્યાં મેં શ્રીમદ્‌ના નામની તપાસ કરી કે અહીં કોઈ રાયચંદ્રભાઈ કવિ રહે છે? તેમણે કહ્યું કે આ દુકાન તેમની જ છે. અને અહીં તેઓ દિવસમાં એક-બે વખત આવે છે. પછી તેમણે શ્રીમદ્‌ને જણાવ્યું કે પૂનાના એક ગૃહસ્થ મળવા ઇચ્છે છે. તે ઉપરથી રાયચંદ્રભાઈને પૂછી તેણે અમને જણાવ્યું કે સાંજના ૬ાા થી ૮ વાગ્યા સુધીમાં મળવું, પછી મળવાનો ટાઈમ નહીં મળે; કારણ પછી દુકાન બંધ કરીને ગિરગામ રહેવા જાય છે.

## તેમના સમાગમથી પૂછવાના પ્રશ્નોનું આપોઆપ સમાધાન

તેથી હું સાંજના ૬ાાને આશરે તેમને મળવા ગયો. સાથે રતનજી વીરજીના માણસને લઈને ગયો. હું પરગામનો છું જાણી મને આવકાર દઈને જોડે બેસાડ્યો, પણ મારી અજ્ઞાનતાને લીધે, અભિમાન અને અહંકારને લીધે હું માનતો હતો કે મારા આગળ એ ધર્મ સંબંધી શું બોલી શકશે? મોટા મોટા મુનિરાજો પણ મારા પ્રશ્નોનું સમાધાન કરી શક્યા નહોતા તો આ તો મારા આગળ એક નાના છોકરા જેવા છે. શ્રીમદે પોતે ઘણી ધીરજથી અને સરળતાથી પ્રેમાળ ભાષાએ મને પૂછ્યું કે તમે કંઈ વાંચ્યું છે? કંઈ જાણ્યું છે? તો હું એમ કહું છું કે મારા વડીલના પુણ્યથી મેં એમને સરળ જવાબ જ આપ્યો કે મેં વાંચ્યું નથી, તેમ જાણ્યું નથી. તેથી ઠીક થયું, નહીં તો મારી ઉંમર વર્ષ ૫૫ની હતી અને હું ફજેત પામત; કારણ કે હું કંઈ જાણું નહીં અને વાંકાચૂંકા પ્રશ્ન કરીને મૂરખ બનત. પણ તેમણે મારા ઉપર કૃપા કરીને પાસે થોડાં પુસ્તક પડેલા હતાં તેમાં 'સુંદર વિલાસ' નામનું એક પુસ્તક હતું તે તેમણે એકદમ હાથમાં લઈને વાંચવું શરૂ કર્યું. બે ત્રણ લીટીઓ વાંચીને તે વાતનું વિવેચન કરવા લાગ્યા. તે વિવેચન કરવામાં મારા મનના જે કંઈ સંદેહ અને પૂછવાના પ્રશ્નો હતા તે તેજ વખતે ખુલાસા થઈને સમાઈ ગયા. તે બાબત મારા મનથી પૂછવાનું કંઈ બાકી રહ્યું નહીં; અને જે અભિમાન હતું તે નષ્ટ થઈ ગયું.

## સાંજે સાતથી રાત્રે એક વાગ્યા સુધી શ્રીમદ્‌નું ભાષણ

૮ વાગે ઊઠવાનો ટાઈમ હતો તે રાતના બારથી એક વાગી ગયો, પણ તેની ખબર પડી નહીં. તે



વિવેચન સાંભળવા આશરે ૫૦ માણસો બેઠેલા હતા. સાંભળનાર લોકોને એવું આશ્ચર્ય થયું કે શ્રીમદ્ આઠ વાગ્યાથી વધારે વાર કદી બેસે નહીં અને આજે ભાઈને એવી લય લાગી છે કે એક વાગતા સુધી પણ કંઈ કંટાળો નહીં આણતા બેસી રહ્યા તે તમારી પૂર્વ પુણ્યાઈનું કામ છે.

અમે આશરે ૫૦ જણ બેઠેલા તેમણે સાત વાગ્યે ભાષણ શરૂ કર્યું. તે છ કલાક ચાલ્યું. તેટલા સુધી સર્વ લોકો તેમના મોઢાં સામું એકદમ જોઈ રહ્યાં. કોઈને ડોક પણ ફેરવવાનો વખત આવ્યો નહીં.

### તેમના ઉપદેશથી જીવનમાં તેમની સેવામાં રહેવાનો ભાવ ઊપજ્યો

છેવટમાં ઊઠતી વખતે મારા મનમાં જે અભિમાન હતું તે નષ્ટ થઈને મને એવો પ્રેમ ઉત્પન્ન થયો કે શ્રીમદ્‌ને હું મારા શરીરમાં ગોઠવી લઉં કે સદા સર્વકાળ તેમની સેવામાં રહું. એવો ભાવ આવવાથી એકદમ ઊઠીને હું ઊભો થયો અને ભાઈને (શ્રીમદ્‌ને) બે હાથે છાતીએ દાબ્યા અને કકડીને ભેટ્યો (બાથે બાથ ભરીને) અને એકદમ પાઘડી ઉતારી શ્રીમદ્‌ના બે પગ ઉપર મૂકી તેમના બે પગ પકડીને બે પગનું ચુંબન કર્યું અને વિનંતી કરી કે હવે તમે કૃપા કરીને મને કોઈ પ્રકારે ઉપદેશ કરીને આ ભવભ્રમણમાંથી મુક્ત કરો. તેનો તેમણે કંઈ ઉત્તર આપ્યો નહીં. પણ મને કહ્યું કે તમને સવારથી સાંજ સુધીમાં ગમે ત્યારે આવીને બેસવાની પરવાનગી છે. એવા ઉદ્‌ગાર સાંભળતાની સાથે મારા મનમાં જે પુત્ર-મોહની ઉદાસીનતા હતી તે એકદમ નષ્ટ થઈ ગઈ. મારી છાતીમાં કાળા ભેદ હતા તે નષ્ટ થઈને એકદમ સૂર્યના તેજ જેવા પ્રકાશ કરવા લાગ્યા. પછી બે-અઢી મહિના સુધી સરખી સંગત રહી. તેમને કાઠિયાવાડ જવાનો પત્ર આવ્યો. તે જે ગાડીમાં બેઠા તે જોઈ મારી આંખોમાં ચોધારાં આંસુ આવ્યાં ત્યારે મને તેમણે કહ્યું કે તમો આટલો બધો શા માટે મોહ વધારો છો? હવે તો તમારી સ્થિતિ મોહ ઘટાડવાની છે માટે તે ઉદ્યમ કરો.

### હમેશાં જ્ઞાનમય પુસ્તકો વાંચવાની ભલામણ

તેઓ મને હમેશાં જ્ઞાનમય પુસ્તકો વાંચવા માટે કહેતા. તેમાંના મણિરત્નમાળા, ભાગવત, દાસબોધ, મોહમુદ્‌ગર, સુંદરવિલાસ વગેરે હતાં. તે પુસ્તકો 'નારાયણ હીરાચંદ કાનૂની'ને પણ મેં વાંચવા આપ્યા. તે વાંચીને તેને મહા સમાધાન થયું અને પોતાનો કદાગ્રહ છોડી દીધો. તે પુરુષ મહા હોશિયાર વક્તા અને મહા પંડિત જેવો હતો. તે પોતે પણ પોતાના વિચારનાં પુસ્તકો છપાવતાં હતાં. કાનૂનીને હું બે-ચાર વખત મારી સાથે શ્રીમદ્ પાસે લઈ ગયો હતો. એમની સાથે સંવાદ કરતાં કાનૂનીને એકદમ ધમકાવી નાખ્યા. તમે આવી વાતો કરવાને યોગ્ય નથી. પછી મને બતાવેલા પુસ્તકો કાનૂનીએ વાંચ્યા બાદ મદ ઓછો થઈ ગયો. અને શ્રીમદ્ પાસે તે હરહમેશાં જતો-આવતો થયો. શ્રીમદ્‌ના મત બાબત મારી પાસે કાનૂનીએ ઘણી વખત પ્રશંસા કરી હતી. તેણે એવું ઠરાવ્યું કે સર્વદર્શનના પુસ્તકો તપાસ્યા વગર ઠાલું અભિમાન કરવું અને આવા પુરુષ સાથે વાદવિવાદ કરવો એ ઘણું અયોગ્ય છે.

### આપ વીતરાગ દશા ભોગવો અને વહેવાર કેમ ચલાવી શકો?

એક દિવસ મેં પૂજ્યશ્રીને (પરમકૃપાળુદેવને) પૂછ્યું કે આપ વીતરાગદશા ભોગવો છો અને વહેવાર કેમ ચલાવી શકો છો? ત્યારે તેના ઉત્તરમાં જણાવ્યું કે એમાં શું છે? એ તો સહજ છે. તમો જાજરૂમાં ઝાડે જાઓ છો તેટલા પૂરતી જરૂર રાખી છે. જાજરૂમાં ઝાડે જઈએ છીએ, પણ જાજરૂમાં પ્રેમ રાખી કોઈ બેસવા ઇચ્છતું નથી એવી રીતે જાણવું; તેથી વળગે નહીં.



### બે ટકા નફો રાખી કિંમત કરવી

એક પ્રસંગે કોઈએ શ્રીમદ્‌ને એવો પ્રશ્ન પૂછ્યો કે ભાઈ, આ તમે લાખો રૂપિયાનો ધંધો કરો છો, તે ધંધાની અંદર કેટલા વ્યાપારી તમારી પાસે આવે છે તે વેચવાની બુદ્ધિથી આવે છે, અને કેટલાક લેવાની બુદ્ધિથી આવે છે. કોઈ વેચનાર ધણી આપને આવીને કહે કે આ માલ કેટલી કિંમતનો છે? જે યોગ્ય કિંમત હોય તે મને આપો અને તમો આ માલ લઈ લો, તો આપ કેમ કરો? ત્યારે શ્રીમદે કહ્યું કે આ માલની કિંમત આંકેલી કે બાંધેલી નથી. માટે એ માલની આપણી નજરથી જે યોગ્ય કિંમત લાગે તેમાં આશરે બે ટકા આપણને છૂટે એવું જાણીને આપણે માલની કિંમત કરવી. તે વ્યાજબી કિંમત કરી કહેવાય. તેમાં દોષ લાગે નહીં. લીધા પછી બજારભાવે તેજી મંદી થાય તો તે કર્મનીવાત છે; પણ આપણે તેવું ધારીને લેવું જેથી વધારે નુકસાન થાય નહીં.

તા.૫-૨-૧૯૧૯ વડવા, સંવત્ ૧૯૭૫ના મહા સુદ-૫

---

## શ્રી મણિલાલ સૌભાગ્યભાઈ

### સાયલા

શ્રી સાયલા નિવાસી ભાઈશ્રી મણિલાલભાઈ સૌભાગ્યભાઈને પરમકૃપાળુદેવનો સમાગમ થયેલ તે સંબંધી પોતાની સ્મૃતિ પ્રમાણે અત્રે ઉતારો કરાવેલ છે.

### શાસ્ત્રમાં કાંઈ ભૂલ હોય તે અમારા આત્મામાં તરી આવે છે

સંવત્ ૧૯૪૬માં મોરબી મધ્યે પરમકૃપાળુદેવ અને મારા પિતા શ્રી સૌભાગ્યભાઈ એકવાર વાતચીત કરવા બેઠા. ત્યારે શ્રી સૌભાગ્યભાઈએ જણાવ્યું કે આટલી નાની ઉંમરમાં આટલા બધા શાસ્ત્રો જ્યોતિષ વગેરેનું જાણપણું તે ક્યાંથી પ્રાપ્ત થયું? કોઈ પૂર્વભવનું હોય છે? ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે અમો કોઈ વિદ્વાન પાસે ભણ્યા નથી, બાળવયથી નિશાળે બેઠા ત્યારથી જે જે વાંચ્યું હોય તે ધ્યાનમાં રહી જાય છે અને તેનો મર્મ-રહસ્ય સમજવામાં આવે છે. કોઈએ કાંઈ લખાણ કે કવિતા વગેરે કરેલ હોય તે અમારા વાંચવામાં આવે ત્યારે બરાબર ન હોય તો પણ યથાર્થ સમજવામાં આવે છે; જે કાંઈ ભૂલ હોય તે તરી આવે છે.

### જે વાત શાસ્ત્રમાં નથી તે ગુરુના મુખમાં સમાયેલી છે

શાસ્ત્રો વગેરે વાંચતા વિચાર થાય છે કે લખાણ કંઈ છે અને માણસની સમજમાં કંઈ આવે છે. પણ આથી કંઈક અલગ વાત છે એમ પરમકૃપાળુદેવે જણાવ્યું. ત્યારે શ્રી સૌભાગ્યભાઈએ કહ્યું કે શું અલગ છે? ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે કંઈક ગુરુગમ. તે એ કે જે વાત શાસ્ત્રમાં નથી તે ગુરુના મુખમાં સમાયેલી છે; અને તે જાણવા, યોગ્યતા થયે સત્સમાગમથી તથા પૂર્વકર્મ પાતળા પડ્યે સમજાય છે.

### લોકોની વાત પ્રમાણભૂત કરી બતાવી

પછી શ્રી સૌભાગ્યભાઈએ કહ્યું કે લોકો વાત કરે છે કે આપ જ્યોતિષ વિદ્યામાં બહુ કુશળ છો, માણસોને નજરે જોઈ તેની જન્મતિથિ કહી શકો છો. આગળ પાછળની ભવિષ્યની વાત પણ જણાવી શકો છો; અને તે જણાવેલ હકીકતો બરાબર હોય છે. તો આપશ્રીને એટલું પૂછું છું કે મારી સાયલાની જગ્યા



કેવી અને કેટલા ઓરડાની છે તે યોગ્ય લાગે તો મને જણાવો. પછી પરમકૃપાળુદેવે બે-ત્રણ મિનિટ વિચાર કરી જણાવ્યું કે તેમાં કંઈ નવાઈ જેવું નથી. છતાં જાણવા માગતા હો તો લ્યો આ તમારી જગ્યાનો નકશો.ઉતારી લ્યો તેમ કહી બોલ્યા કે—ચાર ઓરડા, દક્ષિણના બારણા બે, ઉગમણાના બારણા બે, આથમણા બારણાના મોંઢા આગળ ડહેલી અને તે ઘરની જોડે ડહેલું, તેમાં બે ઓરડા વખારના એ રીતે છે.

### આપ મહાજ્ઞાની છો

તે વાત સાંભળતા શ્રી સૌભાગ્યભાઈને આશ્ચર્ય થયું કે અહો! કોઈ વખતે જેણે દેશ જોયો નથી, ત્યાં આવ્યા નથી, તેમ અહીંના નજીકનું ગામ નથી, છતાં યથાર્થ હકીકત જણાવી. તો આ કંઈ જ્યોતિષ વિદ્યા નથી પણ પૂર્વનું જ્ઞાન છે. તેવું મનમાં થયાથી શ્રી સૌભાગ્યભાઈએ ઊભરતા હૃદયે કહ્યું કે આપ મહાજ્ઞાની છો. હવે હું મારા શુદ્ધ અંતઃકરણપૂર્વક કાંઈપણ આપશ્રીથી ભેદ રાખીશ નહીં.

### માણસો લબ્ધિઓ ફોરવે પણ તેમાં કંઈ આત્મસાર્થકપણું નથી

જ્યોતિષનું જાણપણું અને મારા મકાનની જગ્યાનો નકશો આપે કહ્યો તે કંઈ જ્યોતિષ વિદ્યા કે કંઈક લબ્ધિ કે કોઈ બીજું કહી જાય છે એ શી રીતે થયું? ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે ગૃહજ્યોતિષો જ્યોતિષ પરથી જોવાય છે, અને માણસની જન્મતિથિ અમો માણસને નજરે જોઈએ છીએ ત્યારે આભાસ પડી આવે છે. તમારી જગ્યાનો નકશો કર્યો તે અમોએ શાંત ચિત્તથી વિચાર્યું એટલે આભાસ પડી આવ્યો; પણ એમાં કંઈ નથી. માણસો લબ્ધિઓ ઉપજાવી શકે છે પણ તેમાં કંઈ આત્મસાર્થકપણું નથી; માટે એમાં અમારું ચિત્ત નથી. જે ખરી વાત છે તે ઉપર જ અમારો લક્ષ છે.

### આપના ઉપકારના કારણે આપશ્રીને હું નમવા યોગ્ય છું

શ્રી સૌભાગ્યભાઈએ કહ્યું કે આપ મને ન મળ્યા હોત તો અમારી માન્યતા આટલે સુધી જ અટકી રહેત. પણ આપ મળ્યા જેથી મને હવે ઘણો લાભ થશે. અને તે ઉપકારના કારણે હું આપશ્રીને નમવા યોગ્ય છું.

### સાયલે પધારી સર્વને ધર્મનો રંગ લગાડો

શ્રી સૌભાગ્યભાઈએ પરમકૃપાળુદેવને જણાવ્યું કે આપશ્રી સાયલે પધારવા કૃપા કરો અને ગોશળીયાની જે માન્યતા છે તે યથાર્થ નથી તેની ખાતરી કરાવો. અને આજના સમય પ્રમાણે સહુને અષ્ટાવધાન વગેરે જણાવો તથા જન્મોત્રીઓ વગેરે જોઈ આપો. વળી મારા ભાઈ કાળુભાઈ છે તેઓને સત્યધર્મ બાબતનું કંઈ લક્ષ નથી તો આપ કંઈક રસ્તે લાવો. વળી મારી કાકી તથા મણિલાલની માતાજીને પણ કંઈક ધર્મની લેશ્યા આવે અને આપશ્રી પ્રત્યે વિશ્વાસ થાય એટલું થાય તો ઠીક છે. કારણ કે ઘરના વૈદની પ્રતીતિ આવવી બહુ મુશ્કેલ, તેથી આટલું કરવાની જરૂર છે. પછી પોતે સાયલે પધારવાની હા પાડી પણ શ્રી વવાણિયે જઈને આવ્યા પછી શ્રી સાયલે સાથે જઈશું એમ જણાવ્યું.

### આ કુંડળી તો લલ્લુભાઈની છે

ત્યારપછી સંવત્ ૧૯૪૬ના આસો માસમાં શ્રી સાયલે પધાર્યા. અને ઉપરની અરજ પ્રમાણે સર્વેને લાભ આપ્યો હતો. ગોશળીયાને પણ થોડા અંશે તે વખતે લાભ થયો હતો. જે ઓરડામાં શ્રી લલ્લુભાઈ



રહેતા તે ઓરડામાં પરમકૃપાળુદેવને સૂવા-બેસવાનું અનુકૂળ આવતું હતું. શ્રી લલ્લુભાઈને જ્યોતિષનો તથા જંતર-મંતરનો શોખ વધારે હતો અને તેવા કેટલાક પુસ્તક પાના ભેગા કરેલા હતા, તે પરમકૃપાળુદેવે જોયા. તેમાં શ્રી લલ્લુભાઈની જન્મકુંડળી મથાળા વગરની હતી તે જોવામાં આવી; તે જોતાં પરમકૃપાળુદેવે જણાવ્યું કે આ કુંડળી તો લલ્લુભાઈની છે. પછી પાના ફેરવતા લલ્લુભાઈના અસલ નામવાળી કુંડળી નીકળી. તે મેળવતા બરાબર છે એમ સર્વેને ખાતરી થઈ હતી.

## પરમકૃપાળુદેવે કહ્યું–અમારે તેવું કંઈ માન જોઈતું નથી

મને તે વખતે પરમકૃપાળુદેવ શ્રી ખંભાત સાથે તેડી ગયા. ત્યાં દિન ૬ રહ્યા હતા. ખંભાતમાં પૂ.શ્રી અંબાલાલભાઈ, ત્રિભોવનભાઈ, છોટાભાઈ વગેરે મુમુક્ષુઓ આવતા તથા મુનિશ્રી લલ્લુજી પાસે પધારતા ત્યારે હું સાથે જતો. ઉપાશ્રયે મુમુક્ષુઓ આવતા. તથા મુનિશ્રી લલ્લુજી સ્વામી પાટ ઉપરથી ઊતરી નીચે બેસતા. ત્યારે પરમકૃપાળુદેવ તેઓશ્રીને પાટ પર બેસવાનું જણાવતા અને અમારે કાંઈ તેવું માન જોઈતું નથી એમ કહી અટકાવતા. પણ મુનિશ્રી લલ્લુજી સ્વામી જાણપણાવાળા મુમુક્ષુઓ હાજર હોવા છતાં લજ્જા પરિષહની દરકાર રાખ્યા વિના પ્રેમભાવથી લાભ લેતા હતા.

ત્યાંથી પરમકૃપાળુદેવની સાથે હું મુંબઈ ગયો હતો.

## આખું જગત નાટકરૂપ જ છે

એક વખતે મેં પરમકૃપાળુદેવને જણાવ્યું કે આજે મારે નાટક જોવા જવું છે. ત્યારે પરમકૃપાળુદેવે બારી આગળ લઈ જઈ મને જણાવ્યું કે જુઓ આ કર્મના ફળરૂપ અસલી નાટક. આ ગાડી ઘોડામાં માણસો બેઠેલા છે, ગરીબો માગી ખાનારા દેખાડ્યા. વળી ગરીબ માંદા બેઠેલા તે દેખાડ્યા અને કહ્યું કે જે જે કર્મ કરેલ તે પ્રમાણે જીવો ફળ ભોગવે છે. આ બધું નાટક છે. કોઈ જાનવર વગેરે માંદા, દુઃખી અનેક વ્યાધિથી પીડાતા, માર ખાતા, અસહ્ય વેદના ભોગવતા જોઈએ છીએ. વળી ઉપરથી માણસ સુખી દેખાય, આબરૂદાર હોય પણ તેને દેવાનું દુઃખ હોય, દીકરી દીકરા પરણાવવાનું દુઃખ હોય, આજીવિકાનું દુઃખ, કુટુંબાદિકનું દુઃખ, સ્ત્રી પુત્રનું દુઃખ હોય; એ જે દુઃખ પીડા અંતરથી વેદાય, તે કંઈ ઓછી નથી. આ સર્વે નાટક છે.

## રોજ વાંચવા વિચારવા માટે વચનાવલી આપી

પરમકૃપાળુદેવ સાયલે પધાર્યા ત્યારે મેં જણાવ્યું કે હું રોજ વાંચી વિચારું તેવું કંઈ કહો. તે ઉપરથી પોતે ખડિયો કલમ મંગાવી એક નાની બુકમાં થોડા વાક્યો લખી આપેલ તે ૧૪ હતા. તે શ્રીમદ્રાજચંદ્ર પત્રાંક ૨૦૦ (વચનાવલી) છે.

'' આ વચનાવલી છે તે કૃપાળુદેવે સોભાગભાઈને લખી છે. સોભાગભાઈએ તેમના દીકરા મણિલાલ માટે લખી આપવા માગણી કરી હતી ત્યારે કૃપાળુદેવે આ નાનાં નાનાં વાક્યો લખી આપ્યા.''

-બોધામૃત ભાગ-૨ (પૃ.૪૬)

## નિશ્ચયને લક્ષમાં રાખી ભક્તિભજન કરવા જોઈએ

શ્રી ગોશળીયાને ઘણી રીતે શ્રી સૌભાગ્યભાઈ સમજાવતા, પણ ગોશળીયા એક નિશ્ચયને જ ગ્રહણ કરતા, વ્યવહારને ગણતા નહીં. તે ઉપરથી સૌભાગ્યભાઈએ શ્રી પરમકૃપાળુદેવને નડિયાદ પત્ર લખ્યો.



તેમાં જણાવ્યું કે ગોશળીયાને ઘણી રીતે સમજાવતા છતાં એક નિશ્ચયની વાત છોડતા નથી અને વ્યવહારને ઉથાપી નાખે છે; પણ નિશ્ચય લક્ષમાં રાખી વ્યવહારને સાથે જોડવો જોઈએ તે માટે કોઈ રીતે સમજી શકે તેમ ખુલાસાથી કંઈક લખી મોકલાવો તો વંચાવું, તેવા મતલબનો પત્ર લખેલ. થોડાક વખત પછી શ્રી આત્મસિદ્ધિની એક નકલ પૂજ્ય શ્રી અંબાલાલભાઈના હાથની લખેલી શ્રી સાયલે મોકલાવી આપી હતી. સાથે પત્રમાં જણાવેલ હતું કે આ આત્મસિદ્ધિશાસ્ત્ર બીજાને નહીં વંચાવતા શ્રી સૌભાગ્યભાઈ અને શ્રી ડુંગરશીને વિચારવા યોગ્ય છે.

### શાસ્ત્રો વાંચવાની આજ્ઞા

અત્રે વાળાને પુસ્તકો વાંચવાની નીચે પ્રમાણે આજ્ઞા કરેલ :—

(૧) શ્રી યોગવાસિષ્ઠ

(૨) ષડ્દર્શન સમુચ્ચય

શ્રી ગોશળીયાને કર્મગ્રંથ વાંચવા આજ્ઞા કરેલ. મને શ્રી સમયસાર વાંચવાનું શ્રી સોભાગભાઈએ કહ્યું તે વખતે પરમકૃપાળુદેવે જણાવ્યું કે હાલ યોગવાસિષ્ઠના બે પ્રકરણ અને પછી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સારી રીતે વિચારવી, પછી શ્રી સમયસાર વાંચવા જણાવ્યું. તે વિષે શ્રી સોભાગભાઈને મેં પૂછ્યું કે આનું શું કારણ? તો શ્રી સોભાગભાઈ કહે કે એકાંત નિશ્ચયમાં ન તણાઈ જવાઈ માટે એમ આજ્ઞા કરેલ છે.

સંવત્ ૧૯૬૯ના માગસર વદ ૦))ના દિવસે ઉતારો કરેલ છે.

---

## શ્રી મોતીચંદ ગિરધરભાઈ કાપડિયા

### મુંબઈ

### એવું બોધદાયક વિવેચન મેં કોઈની પાસે સાંભળ્યું નથી

શ્રીમદ્ સાથેનો પ્રથમ પરિચય મુંબઈ મેટ્રિકની પરીક્ષા આપવા આવેલો, ત્યારે શાંતાક્રુઝમાં શેઠ ત્રિભુવનદાસ ભાણજીને બંગલે થયો હતો. ત્યારે તેઓશ્રીએ મને પૂછ્યું કે ધાર્મિક શું વાંચો છો? મેં કહ્યું— ''જીવવિચાર તથા નવતત્ત્વ.'' શ્રીમદ્જીએ કહ્યું કે જીવવિચારની પહેલી ગાથા બોલો. મેં ગાથા કહી. ત્યારે તેના અર્થ કરવા કહ્યું. હું શબ્દાર્થ કરી ગયો. પછી એ ગાથા પર શ્રીમદે અર્ધો-પોણો કલાક વિવેચન કર્યું, એવું બોધદાયક વિવેચન મેં હજુ સુધી કોઈની પાસે સાંભળ્યું નથી. એ રીતે અમારા પરિચયની શરૂઆત થઈ હતી.

### એક જૈનનું પ્રામાણિકપણું જજ કરતા ઓછું તો ન જ હોવું જોઈએ

એક પ્રસંગે સાંજે વાળુ કરીને શેઠ ત્રિભુવનદાસ ભાણજી અને શ્રીમાન્ રાજચંદ્ર બેન્ડ સ્ટેન્ડ તરફ ફરવા ગયા હતા. ત્યાં કેટલીક ધર્મચર્ચા થયા બાદ ત્રિભુવનદાસભાઈએ પ્રશ્ન કર્યો—''એક જૈનનું પ્રામાણિકપણું કેવું હોવું જોઈએ?''

તેના જવાબમાં શ્રીમાન્ રાજચંદ્રે હાઈકોર્ટનો બુરજ દેખાડી કહ્યું કે ''પેલી દૂર જે હાઈકોર્ટ દેખાય છે, તેની અંદર બેસનાર જજનું પ્રામાણિકપણું જેવું હોય તેના કરતાં એક જૈનનું પ્રામાણિકપણું ઓછું તો ન જ હોવું જોઈએ. મતલબ કે એનું પ્રામાણિકપણું એટલું બધું વિશાળ હોવું જોઈએ કે તે સંબંધી કોઈને



શ્રી મોતીચંદ ગિરધરભાઈ કાપડિયા


(૧) અલ્પ વસ્તુનો ત્યાગ અને રસપોષક વસ્તુનું ગ્રહણ


(૨) પ્રશ્ન પૂછનારની મૂર્ખતા પર કટાક્ષ



શંકા પણ ન થવી જોઈએ. એટલું જ નહીં, પણ તે અપ્રામાણિક છે એમ કોઈ કહે તો સાંભળનાર તે વાત સાચી પણ ન માને, એવું તેનું પ્રામાણિકપણું સર્વત્ર જાણીતું હોવું જોઈએ.

ચિત્ર નંબર ૧ **અલ્પ વસ્તુઓનો ત્યાગ અને રસપોષક-વસ્તુનો ત્યાગ નહીં**

એક વખત ત્રિભુવનભાઈ, માણેકલાલ ઘેલાભાઈ અને શ્રીમદ્ વગેરે કેટલાંક પરોણાઓ જમવા બેઠેલા. પ્રથમ જુદી જુદી જાતનાં શાક પીરસવામાં આવ્યા. માણેકલાલભાઈએ તિથિનું કારણ બતાવી શાક લેવાની ના કહી. રાઈતાં પીરસતાં તેમાં દ્વિદળને કારણે ના પાડી. પછી બીજી કેટલીક પરચુરણ વસ્તુઓ પીરસવામાં આવી. તેમાંની કેટલીક લીધી અને કેટલીક ન લીધી. છેવટે દૂધપાક પીરસાયો. તે માણેકલાલભાઈના ભાણામાં પીરસાતો હતો તે વખતે શ્રીમદે કહ્યું—''એમને દૂધપાક પીરસવો રહેવા દો! એમને નાની નાની વસ્તુઓને ત્યાગી પોતાની મહત્તા વધારવી છે, પણ ખરેખરી રસપોષક વસ્તુનો ત્યાગ કરવો નથી.'' એ પ્રસંગે શ્રીમદે જિહ્વાસ્વાદ અને રસલોલુપતા ઉપર થોડુંક રસપૂર્ણ વિવેચન કર્યું હતું.

ચિત્ર નંબર ૨ **પ્રશ્ન પૂછનારની મૂખર્તા પર કટાક્ષ તથા મોક્ષનો માર્ગ બતાવ્યો**

શ્રીમદ્ સાથે ગાદી પર બેસીને અમે કંઈ ચર્ચા કરતા હતા તે વખતે એક દામનગરના વણિક શેઠ આરામખુરશી પર પડ્યા પડ્યા બીડી પીતા હતા. તેમણે શ્રીમદ્‌ને ટોળમાં પ્રશ્ન કર્યો, ''રાયચંદભાઈ, મોક્ષ કેમ મળે? તેના જવાબમાં શ્રીમદે જણાવ્યું કે—''તમે અત્યારે જે સ્થિતિમાં બેઠા છો તે જ સ્થિતિમાં હાથ કે પગ કંઈપણ હલાવ્યા ચલાવ્યા વગર સ્થિર થઈ જાઓ તો તમારો અહીંથી સીધો મોક્ષ થઈ જશે.'' આ સાંભળી તે શેઠ તરત ઊભા થઈ, બીડી નાખી દઈ શ્રીમદ્ પાસે આવી બેઠા. શ્રીમદ્‌ના જવાબમાં કંઈક પ્રશ્ન પૂછનારની મૂર્ખતા પર કટાક્ષ હતો, તેમજ તેની કઢંગી સ્થિતિનું ભાન કરાવવાનો, અને મોક્ષનો માર્ગ બહુ જ ટૂંકા જવાબમાં જણાવી દેવાનો આશય પણ હતો.

---

## પંડિત લાલન

'मोक्षमार्गस्य नेतारं, भेत्तारं कर्मभूभृतां,
ज्ञातारं विश्वतत्त्वानां, वन्दे तद्‌गुणलब्धये.'

'મોક્ષમાર્ગના નેતા, કર્મરૂપી પર્વતના ભેત્તા-ભેદનાર, વિશ્વ એટલે સમગ્ર તત્ત્વના જ્ઞાતા, જાણનાર તેને તે ગુણોની પ્રાપ્તિ અર્થે વંદું છું.'

### પાઘડી વાંકી કે સીધીનો જેને લક્ષ નથી

મને કૃપાળુદેવનો પરિચય પ્રથમ મુંબઈમાં થયો હતો.

મુંબઈમાં કૃપાળુદેવ માંડવી પર આવેલ શ્રી અનંતનાથના દેરાસર સામે પરબત લધાના માળામાં શેઠ નેમચંદ વસનજીની પેઢીમાં ઊતરતા. આ પેઢી પહેલે માળે હતી. કૃપાળુદેવનું એ વખતનું શરીર તંદુરસ્ત અને ભરાવદાર હતું. તેઓ ૧૯ વર્ષના હતા અને કેડ સુધીનું પહેરણ પહેરતા. પહેલાં માથે કંઈ પહેરતા નહીં, પણ પાછળથી જામનગરી પાઘડી પહેરતા. એ પાઘડી કંઈક વાંકી રહેતી જાણે Centre of gravity ખસી ગઈ હોય તેમ.



## કૃપાળુદેવની અવધાનશક્તિ ઉપર આખું મુંબઈ ગાંડું

તેમની મુલાકાતોમાં મને અથવા ઘણાને જે વસ્તુ ખેંચતી, તે હતી તેમની અવધાનશક્તિ; અને આ અવધાનશક્તિ પર તો આખું મુંબઈ તે વખતે ગાંડું થઈ ગયું હતું. જ્યાં જ્યાં ગુરુદેવે અવધાનો કર્યા હતા, ત્યાં ત્યાં લોકોનું પૂર આવતું. એમણે ઘણા સ્થળોએ અવધાનના પ્રયોગો કર્યા હતા. એક સ્થળે સભાના પ્રમુખ હાઈકોર્ટના મુખ્ય જજ સર ચાર્લ્સ સારજન્ટ સાહેબ હતા. તેઓ આ અવધાન જોઈ એટલા બધા આશ્ચર્યચકિત થઈ ગયા અને ગુરુદેવને સૂચના કરી કે, જો આપ ઇચ્છો તો સરકારને ખર્ચે પરદેશમાં આ શક્તિઓ બતાવવા અને પ્રચાર કરાવવા, સરકાર તરફથી મોકલવાની વ્યવસ્થા કરું. કૃપાળુદેવે તેમ કરવાની અનિચ્છા દર્શાવી કારણ કે તેમને આ લોક સંબંધી શક્તિઓના પ્રચારનો મોહ ન હતો તથા તેમણે વિચાર્યું કે યુરોપમાં પોતે જૈન ધર્માનુસાર રહી શકે નહીં.

હવે એમની જાુદી જાુદી ઇંદ્રિયોનો વિકાસ જોઈએ. ઇંદ્રિયોના વિકાસથી અવધિજ્ઞાન થાય છે.

## કૃપાળુદેવે નાકની શક્તિવડે રસોડાની વાનગીઓ જાણી લીધી

એક વખત કૃપાળુદેવ તેમના કાકાસસરા રેવાશંકર જગજીવન જોડે, મેઘજી થોભણને ઘેર જમવા ગયા હતા. રસોડું આશરે પચીસ ફૂટ દૂર હતું. રસોડામાં જે જે વસ્તુઓ હતી, તે તેમણે માત્ર પોતાની નાકની શક્તિ વડે જાણી લીધી, પછી ગુરુદેવે કહ્યું, ''લાલન, હું નાક વડે જમું છું.'' મેં પૂછ્યું, ''શી રીતે?'' ગુરુદેવે જવાબ આપ્યો કે રસોડામાં રહેલી વાનગીઓને હું જાણી શકું છું. આ પ્રમાણે ગુરુદેવની ઘ્રાણેન્દ્રિય શક્તિ અદ્ભુત રીતે વિકાસ પામી હતી.

## ગુરુદેવની અદ્ભુત સ્પર્શશક્તિ

હવે ગુરુદેવની સ્પર્શેન્દ્રિયનો વિકાસ જોઈએ. આ અવધાન પ્રયોગ તેમણે આર્યસમાજમાં, જસ્ટીસ તૈલંગાનાના પ્રમુખપણા નીચે કર્યો હતો.

ત્યાં ગુરુદેવને આંખે પાટા બાંધી, ૫૦ પુસ્તકો એક પછી એક તેમના હાથમાં આપવામાં આવતા અને સાથે તે પુસ્તકોના નામ પણ કહેવામાં આવતા. આંખે પાટા હોવાથી ગુરુદેવે તે પુસ્તકો પર બરાબર હાથ ફેરવી મૂકી દીધા. આ પ્રમાણે પચાસેક પુસ્તકો આપવામાં આવ્યા. આ વિધિ પૂરી થયા બાદ એમાંનું કોઈપણ પુસ્તક માંગવામાં આવતું ત્યારે ગુરુદેવ તે બધા પુસ્તકો પર હાથ ફેરવી તે તે પુસ્તક શોધી આપતા હતા અથવા એમાંના કોઈ પુસ્તકનો અનુક્રમ નંબર આપીએ તો તે પુસ્તકનું નામ બતાવી તે પુસ્તક પણ શોધી આપતા હતા.

આ પ્રમાણે આપણે જે ચક્ષુથી જોઈએ છીએ તે ગુરુદેવ તેમની સ્પર્શશક્તિવડે જાણી શકતા હતા.

## કૃપાળુદેવ પ્રત્યે જેટલી શ્રદ્ધા બળવાન તેટલો ઉદ્ધાર નજીક

કૃપાળુદેવે જે માર્ગ કહ્યો છે, તેમાં આપણે અડગ શ્રદ્ધા કેળવીએ. ગુરુદેવમાં જેમ જેમ શ્રદ્ધા વધતી જાય તેમ તેમ આપણો ઉદ્ધાર નજીક છે. તે શ્રદ્ધા કેવી જોઈએ? તો કે ગૌતમસ્વામીને ભગવાન મહાવીર પ્રત્યે જેવી શ્રદ્ધા હતી કે લઘુરાજ સ્વામીને કૃપાળુદેવ પ્રત્યે જેવી શ્રદ્ધા હતી તેવી શ્રદ્ધા-તેવો પ્રેમ જોઈએ.

એક વખત ગૌતમસ્વામી, પ્રભુ મહાવીરને પૂછે છે કે : ''પ્રભુ! હું જે જે વ્યક્તિને દીક્ષા આપું છું તેને કેવળજ્ઞાન થઈ જાય છે, અને મને કેમ થતું નથી?'' ત્યારે ભગવાને જવાબમાં કહ્યું કે, ''ગૌતમ, તને



કેવળજ્ઞાન જરૂર થાય પણ મારા ઉપર રહેલા રાગને છોડે ત્યારે.''

### કૃપાળુદેવ પ્રત્યે આવી શ્રદ્ધા રાખવાથી બેડો પાર

એ સાંભળી ગૌતમસ્વામીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે—''હે પ્રભુ! મારે એવું કેવળજ્ઞાન નથી જોઈતું. મારે મન તો તમે જ મોક્ષ છો કે જેના પ્રતાપે મને ધર્મ સૂઝ્યો. મેં અજામેધ યજ્ઞ કરાવ્યા, અશ્વમેધ યજ્ઞ કરાવ્યા આથી મારી ગતિ તો નરકમાં જ હતી. તેમાંથી આપે મને ઉગાર્યો. એટલું જ નહીં સાથે સાચો ધર્મ પણ બતાવ્યો. આપનો મોહ છોડવાથી જ જો કેવળજ્ઞાન થતું હોય તો તે મારે નથી જોઈતું.

ગુરુદેવમાં એવી શ્રદ્ધા રાખવી એ નૌકા સમાન છે. એ નૌકામાં (આત્મસિદ્ધિના ૧૪૨ દોહારૂપી નૌકામાં) આપણે બેઠા છીએ. કપ્તાનરૂપી ગુરુદેવમાં શ્રદ્ધા રાખવાથી જરૂર આપણને મોક્ષસ્થાને પહોંચાડશે.

### કૃપાળુદેવની ભાષા ભાવવાહી અને પરિપૂર્ણ

શ્રીમદ્ના વચનામૃતો બાબત થોડી જાણવા જેવી હકીકત જણાવું છું. તેમના વચનામૃતો છપાયા તે પહેલાં અંબાલાલભાઈએ સુંદર મોતીના દાણા જેવા અક્ષરોએ તે લખેલ હતા. તે વચનામૃતો મને કૃપાળુદેવના ભાઈ મનસુખભાઈએ આપ્યાં, અને કહ્યું કે આ વચનામૃતોની શૈલી સાદી છે, અને તેને જરા ઊંચી ભાષામાં લખવાં છે; તો તમે તેમ કરી આપશો? મેં તેમને જવાબ આપ્યો કે, એ જેમ કૃપાળુદેવે લખ્યાં છે, તેમજ રાખવાં જોઈએ. છતાં એમણે એ વચનામૃતો પૂનાની કૉલેજના એક પ્રોફેસરને આપ્યાં, ઊંચી ભાષામાં લખવા માટે. પ્રોફેસરે થોડાં વચનો અલંકારિક ભાષામાં લખવા પ્રયત્ન કર્યો. પરંતુ પાછળથી તેમને પણ સમજાયું કે જે રીતે વચનામૃતો કૃપાળુદેવે લખ્યાં છે, તે જ રીતે અને તે જ ભાવમાં તે રાખવાં જોઈએ. તે પ્રોફેસર મને મળ્યા હતા. અંતે તેમણે પણ તે વચનામૃતો મનસુખભાઈને પાછાં આપ્યાં હતાં.

### જ્ઞાનબળે અશુદ્ધ શાસ્ત્રોનો પણ ભાવ સમજાયો

મુંબઈમાં કૃપાળુદેવને અમુક જૈન સૂત્રો જોવાની ઇચ્છા હતી. તે વાત મને કરી. મેં મુર્શીદાબાદથી તે મંગાવ્યા. એ સૂત્રો જો કે અશુદ્ધ હતાં પણ ગુરુદેવને તે સમજાઈ ગયાં. તેમણે પોતાના અનુભવથી મને કહ્યું કે આમ જ છે, બરાબર આ પ્રમાણે જ છે.

### કૃપાળુદેવે રત્ન પરીક્ષા શીઘ્ર શીખી લીધી

વડોદરાના ઝવેરીઓમાં શ્રેષ્ઠ ગણાતાં ઘેલાભાઈ કરીને એક જૈન ગૃહસ્થ હતા. તેમના પુત્ર ભાઈ માણેકલાલ પોતાના પિતાની પાસેથી રત્નપરીક્ષા શીખ્યા હતા. માણેકલાલભાઈ જ્યારે કૃપાળુદેવને મળ્યા, ત્યારે તેમના ગુણોમાં મુગ્ધ થઈ ગયા અને રત્નપરીક્ષા કેવી રીતે કરવી એ કૃપાળુદેવને બતાવવા લાગ્યા. થોડા જ વખતમાં કૃપાળુદેવ એ પરીક્ષા શીખી ગયા, અને નગીનચંદ ઝવેરચંદ જે સુરતના મહાન ઝવેરી હતા તેમની સાથે વ્યાપારમાં જોડાયા. ત્યાર પછી માણેકલાલ ઘેલાભાઈ પણ એ કંપનીમાં ભાગીદાર તરીકે જોડાઈ કંપની તરફથી રંગૂન ગયા અને ત્યાં આગળ ઝવેરાતનો વ્યાપાર કરી મુંબઈ આવ્યા. થોડા જ વખતમાં આ કંપનીએ સારું ધન મેળવ્યું. આ રીતે ગુરુદેવે બે કામ સાથે કર્યા - હીરા ઓળખવાનું અને આત્મા ઓળખવાનું.

પ્રેમચંદ મોતીચંદ, માણેકલાલ પાનાચંદના ભત્રીજા થાય. એ પ્રેમચંદભાઈને હું સંસ્કૃતનો અભ્યાસ



કરાવવા જતો. એક દિવસે એમણે નીચેનો શ્લોક મને આપ્યો, અને તેનો અર્થ પૂછ્યો.

*''एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः ।
एष योगः समासेन प्रदीपः परमात्मनः ''।।

## બહાર અને અંદરના વિકલ્પો મૂકવાથી અંતરઆત્મજ્યોત પ્રગટે

આ શ્લોક કેસરિયાજીમાં એમને એક દિગંબર મુનિએ આપ્યો હતો. બીજે દિવસે સમજાવીશ એમ મેં કહ્યું. એ જ દિવસે હું કૃપાળુદેવને મળ્યો અને ઉપરનો શ્લોક અર્થ બેસાડવા આપ્યો. પછી મેં પૂછ્યું ''આપ સમાસેન શબ્દનો શો અર્થ કરો છો?'' એમણે કહ્યું— ''ટૂંક સમયમાં.'' પછી કૃપાળુદેવે મને પૂછ્યું, ''તમે આનો શો અર્થ કરો છો?'' મેં કહ્યું ''એક અંતર્મુહૂર્તમાં દર્શન થઈ જાય—જો આ શ્લોકમાં કહેલી સ્થિતિ લાવીએ તો.'' આ સાંભળતાની સાથે જ કૃપાળુદેવ મને ભેટી પડ્યા. કૃપાળુદેવના પુનિત શરીરને ભેટવાનો અમૂલ્ય અવસર પણ મળ્યો અને હૃદયે હૃદય ભેટવાથી મારું શરીર પાવન થયું.

## 'સમાધિશતક' પુસ્તકમાં આ શ્લોક મળી આવ્યો

ઉપરનો શ્લોક કયા પુસ્તકમાં છે એની તપાસ કરવા મેં ગુલાલવાડીના જૈન મંદિરનો પુસ્તક ભંડાર જોયો, પણ કોઈ પુસ્તકમાં તે ન મળ્યો. પછી મેં આ વાત માણેકલાલભાઈને કરી. એમને પણ ખબર ન હતી. પછી માણેકલાલભાઈ મને ફકીરચંદ પ્રેમચંદ રાયચંદ પાસે લઈ ગયા. તેમણે મને પૂનાના ડેક્કન કૉલેજના પ્રિન્સિપાલ પર ચિઠ્ઠી લખી આપી. હું તે ચિઠ્ઠી લઈ પૂના ગયો. પણ પીટરસન સાહેબે જવાબ આપ્યો 'अधुना तु वेकेशन दिनानी वर्तन्ते । पश्चाद् आगन्तव्यं ।' (હમણાં વેકેશનના દિવસો છે માટે પછી આવજો.)

ઉઘડતી કૉલેજે હું તેમને મળ્યો. કોઈ પુણ્યના ઉદયે પુસ્તકોનું કબાટ ઊઘાડતાં પહેલું જ હસ્તલિખિત પુસ્તક 'સમાધિશતક' એમના હાથમાં આવ્યું. તેમાં જ આ શ્લોક હતો. મેં તે ઉઘાડ્યું અને પત્તું ફેરવ્યું તો બરાબર આ ૧૭મો ઉપરનો શ્લોક દેખાયો.

## ધ્યાન નિવૃત્તિએ કૃપાળુદેવની મુખમુદ્રા આનંદમાં વિભોર

મુંબઈમાં વચલા ભોઈવાડામાં ચંદ્રપ્રભુનું મંદિર હતું. એ જ મંદિર આજે ભૂલેશ્વરની નજીકમાં આવી ગયું છે. અહીંયા, કૃપાળુદેવની સાથે ત્રણથી ચારની વચમાં શનિવારે, રવિવારે અને રજાને દિવસે હું જતો હતો. ત્યાં કૃપાળુદેવ ચંદ્રપ્રભુની પ્રતિમાની સામે પદ્માસને બેસી ધ્યાનસ્થ થતા હતા. તેમની જોડે બેસી હું ભાવપૂજા કરતો. ધ્યાન નિવૃત્તિ થતાં કૃપાળુદેવની મુખમુદ્રા જાણે આનંદમાં ઝીલતી હોય એમ દેખાતું હતું.

## શ્રીમદ્ જૈનધર્મમાં અજોડ પુરુષ

આનંદશંકર ધ્રુવ વઢવાણમાં શ્રીમદ્‌ની જયંતી સમયે સભામાં અધ્યક્ષસ્થાને હતા ત્યારે કહેતા કે પ્રત્યેક દર્શનમાં એક એક અજોડ મુખ્ય વ્યક્તિ હોય છે. આજના કાળમાં ઘણા જૈનો મારા જાણવામાં

---

* બાહ્ય વાણી તજી આવી, અંતર્વાચા તજો પૂરી;
સમાસે યોગ-વાર્તા આ, પરમાત્મા પ્રકાશતી.''

અર્થ :— બહારની વચન પ્રવૃત્તિરૂપ બાહ્ય વાચા તથા મનના વિકલ્પોરૂપ અંતર્વાચાને સંપૂર્ણ તજવાથી પરમાત્મપદરૂપી દીવો પ્રગટ થાય છે. અંતરઆત્મજ્યોત પ્રગટાવવાનો આ ટૂંકો રસ્તો છે.



આવ્યા છે, એમાં મારા જાણવા પ્રમાણે શ્રીમદ્ અજોડ છે. જૈનધર્મનું, જૈનધર્મના ભાવનું આ પ્રત્યક્ષ પ્રતીક એટલે મૂર્તિમાન સ્વરૂપ છે.

## 'સાધુ ચરિત ગુરુ સ્મરણ તમારાં શાં કરું'

અમદાવાદના કોચરબ ભાગમાં જીવણલાલનો બંગલો હતો, અને ત્યાં કૃપાળુદેવની જયંતી વર્ષો પછી ઉજવાઈ હતી. તેમાં લીંબડી ઠાકોરના પ્રાઈવેટ સેક્રેટરી છોટાલાલ હરજીવન 'સુશીલ' વ્યાખ્યાતા હતા. તેમણે સભામાં 'સાધુચરિત કવિ સ્મરણ તમારા શાં કરું' આ કાવ્ય શ્રીમદ્‌ની પ્રશસ્તિ એટલે પ્રશંસા તરીકે ગાયું હતું. તે વખતે આખી સભાની મેદનીએ રોમાંચ અનુભવ્યો હોય એમ સ્પષ્ટ દેખાતું હતું. અને એ આનંદને અંતે હર્ષનો ઉભરાતો જે 'કરધ્વનિ' થયો તે મને હજુ યાદ આવે છે.

## અમેરિકાની રીત પ્રમાણે ખબર પૂછી ચાલ્યા ગયા

જ્યારે અમેરિકાથી મુંબઈ આવવાનું થયું ત્યારે ત્રીજે દિવસે હું શિવ નામના મુંબઈના પરામાં ગયો. કારણ કે ત્યાં આરોગ્યભુવન સામે રેલ્વે લાઈન ઓળંગીને જે બંગલો હતો તેમાં કૃપાળુદેવ પોતાની શારીરિક અનારોગ્ય અવસ્થામાં બિરાજ્યા હતા. જે બંગલામાં તેઓ રહેતા હતા તેના ભોંયતળિયાના સ્થાન ઉપર ડૉ. પ્રાણજીવન જગજીવન કે જેઓ ડૉ. તથા બેરિસ્ટર હતા, તેઓ બેઠા હતા. શ્રીમદ્‌ના સમાચાર મેં પૂછ્યા. તેમણે જણાવ્યું કે આવી અવસ્થા છે. એ સાંભળીને હું પાછો ચાલ્યો ગયો, પરંતુ શ્રીમદે ડૉક્ટર અને મારી વાતચીતના સ્વરો સાંભળેલા હોવાથી તેઓએ તેમની સેવામાં રહેલા ટોકરશીને કહ્યું કે લાલનને બોલાવો. ડૉક્ટરસાહેબે જણાવ્યું કે લાલન અમેરિકાના સંસ્કાર લઈ આવેલા હોવાથી માંદા માણસની, ત્યાંની રીત પ્રમાણે પૂછપરછ કરી સીધા ચાલ્યા ગયા છે. શ્રીમદે જણાવ્યું કે શરીરની આવી અવસ્થા છે; માટે મળ્યા હોય તો ઠીક. ત્રિભુવન ભાઈચંદ જોડે મને કહેવડાવ્યું.

## શ્લોકનું રોજ પારાયણ કરતાં આત્મપ્રતીતિ

બીજે દિવસે હું તેમની પાસે ગયો, ત્યારે ગુરુદેવની શારીરિક સ્થિતિ એક બાળકના શરીરના કરતાં પણ ઘણી નાજુક દેખાતી હતી. પરંતુ સારી રીતે બોલી શકતા હતા. એમણે મને પૂછ્યું કે ૧૭મો શ્લોક 'એવં ત્યક્ત્વા' સમાધિશતકનો જે આપણે મુંબઈમાં વાંચી નિર્ણય કર્યો હતો કે પરમાત્માના દર્શન આ ૧૭મા શ્લોકના વિધાનથી પ્રાપ્ત થાય, એ વિષે તમે શું કર્યું તે કહો. મેં કહ્યું : ''સાહેબ, મુંબઈથી રવાના થઈ લંડન જતાં પંદર દિવસ અને ઈંગ્લેન્ડના સમરસેટના બંદરેથી અમેરિકા પ્રવાસ કરતાં અને અમેરિકામાં રોજ રોજ નિયમ પ્રમાણે આ શ્લોકનું પારાયણ અને મનન યથાશક્તિ ચાલુ રાખ્યું. અને એમ કરતાં કરતાં આશરે ત્રણ માસ વીત્યા બાદ, અમેરિકાના એક સુંદર સરોવર પાસે હું મનન કરતો હતો ત્યારે જે ખ્યાતિ (પ્રતીતિ) થઈ એ ખ્યાતિનું કાવ્ય આપને સંભળાવું છું :—

**''મને કોઈ કહેતું જગત ખોટું, તે તો મેં હવે જાણ્યું;**
**મને કોઈ કહેતું જગત સાચું, તે પણ મેં હવે જાણ્યું.**
**કદી ખોટું તો મારે શું? કદી સાચું તો મારે શું?;**
**નથી થાતું, નથી જાતું, હું માંહે હું સમાયો છું.''**

## એ ભાવ ચોવીસ કલાક ચાલ્યો હોત તો ક્ષાયિક સમકિત થાત

કૃપાળુદેવે કહ્યું કે આ સ્થિતિ ઠીક થઈ, પરંતુ એ જ ભાવ જો ચોવીસ કલાક ચાલ્યો હોત તો ક્ષાયિક



સમકિત ઉત્પન્ન થાત.

**કૃપાળુદેવના અદ્‌ભુત જ્ઞાનનો પ્રકાશ યોગ્ય જીવ જ જાણી શકે**

જેમ પૃથ્વી પરથી કોઈ તારો ઓછા મનુષ્યોને દેખાય, પણ જેમ જેમ તે ઊંચે ચઢતો જાય તેમ તેમ તે વધુ સ્પષ્ટ દેખાય છે. એ જ પ્રમાણે ગુરુદેવના જ્ઞાનનો પ્રકાશ દિવસે દિવસે વિસ્તાર પામે છે પણ તેને, યોગ્યતાવાળા જીવો સ્પષ્ટ જાણી શકે છે.

ઉપરના પરિચયો પંડિત શ્રી લાલને અગાસ ક્ષેત્રે, પરમકૃપાળુદેવના અર્દ્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે, તા.૨૨-૪-૧૯૫૧ના રોજ જણાવેલ છે.

## અવધાન

વિ.સ. ૧૯૪૨-૪૩માં શ્રીમદ્‌ની મુંબઈ સ્થિતિ હતી અને તેઓશ્રીએ અનેક સ્થળે અવધાનના પ્રયોગો કરી બતાવેલા. ઈ.સન્ ૧૮૮૬-૮૭માં 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ' 'Times of India' 'ગુજરાતી' 'Indian Spectator' ઇત્યાદિ ગુજરાતી અને અંગ્રેજી છાપામાં શ્રીમદ્‌ની અદ્‌ભુત શક્તિઓ વિષે લેખો આવતા હતા, જેમાંથી કેટલાંક અવતરણો નીચે આપીએ છીએ.

### યાદદાસ્ત શક્તિના ચમત્કારો

કાઠિયાવાડના મોરબી સંસ્થાનના ગામ વવાણિયાના રહીશ કવિ રાયચંદ રવજીભાઈની અવધાન શક્તિના ચમત્કારો જોવાને અત્રેની 'થિયોસોફીકલ સોસાયટી' તરફથી એક ખાનગી મેળાવડો કરવાનું આમંત્રણ થયું હતું. સાંજે સાડા પાંચ કલાકે હિંદુ, મુસ્લિમ, યુરોપિયન, પારસી વગેરે જુદી જુદી જાતિના ગૃહસ્થોની રૂબરૂમાં તેમણે તે કરી બતાવ્યા હતા. કાઠિયાવાડી સાદા પોશાકમાં કવિશ્રી આવી પૂગતાં તાળીઓના અવાજથી તેઓને વધાવી લેવામાં આવ્યા હતા. પોતાના કાર્યની શરૂઆતમાં તેમણે જણાવ્યું કે ''દુનિયામાં માણસજાત યાદદાસ્તશક્તિ, કાવ્યશક્તિ અને હસ્તચમત્કૃતિ માટે વખણાય છે. આ ત્રણમાંની પહેલી બેનું મને સહેજસાજ જ્ઞાન છે : અને છેલ્લેથી હું બિનવાકેફ છું. હસ્તશક્તિનો તીર, બાણ, તલવાર, બંદૂક વગેરેમાં સમાવેશ થાય છે, જેમાં હિંદુઓમાં જાણીતા થઈ ગયેલા પાંડવો મશહૂર છે. સ્મરણશક્તિ વિષે હું કંઈક જાણું છું. તે મારી અલ્પશક્તિ મુજબ તમો ગૃહસ્થો હજૂર કહી સંભળાવીશ.''

જુદા જુદા અવધાનોના પ્રયોગો સભા સમક્ષ કરી બતાવ્યા, તેમાં નીચેની કવિતાનો પણ સમાવેશ થતો હતો.

**ભુજંગી છંદ**

**રહ્યા છો મહાજોગને જાળવીને, ભલો બોધ ભાખો તથાપિ ભવિને,**
**નથી રાગ કે દ્વેષ કે માન કાંહી, વધુ શું વખાણે અહો 'રાય' આંહી?**

મંડળીના એક સભાસદ મિ.પીરોજશાહે 'માણસ જાત શું શું કરી શકે છે?' તે ઉપર સભાજનોનું ધ્યાન ખેંચી કવિશ્રીનો ઉપકાર માનવાની દરખાસ્ત કરતાં તાળીઓના અવાજો વચ્ચે કવિશ્રીને ફૂલહાર આપ્યા બાદ મેળાવડો વિસર્જન થયો હતો. **-મુંબઈ સમાચાર**, તા.૩-૧૨-૧૮૮૬

We have had a visit from a young prodigy, shatavdhani kavi Shri Rajchandra Ravji, an inhabitant of vavania. Mr. Rajchandra is a bania by caste, a versifier by birth and also a shatavdhani. That is one whose mnemonic powers will perform, we suppose, 100 different



functions at one and the same time. He knows no other language but the Gujarati, and yet he can exercise his marvellouse powers on sixteen different languages at one sitting.

**- The Indian Spectator, 22nd November, 1886.**

**Exhibition of Mnemonic Powers**

A large number of native gentlemen assembled on Saturday at the 'Faramji Cowasji Institution' to witness an exhibition of the mnemonic powers of a young Hindoo, named Rajchandra Ravjibhai of about 19 years of age. Dr. Peterson presided on the occassion. Ten gentlemen of different castes were selected from the audience to form a committee and they all wrote out sentences composed of six words into different languages. Each one in turn gave one word of his sentence, oftentime varying the order of the words. After a time the young Hindoo reproduced to the surprise of his audience, the entire sentences giving the order of words from memory.

The young man also seemed to have a remarkable sense of preception by touch or feeling. He was first shown about a dozen books of various sizes, and was informed of the names of those books. The man was then blindfolded and he gave out the names of each of those books by feeling with hand. Dr. Peterson congratulated and presented him with a gold medal on behalf of the Jain community. **-The times of India, 24th January, 1887**

**અદ્ભુત સ્મરણશક્તિ**

ગઈ કાલે સાંજે 'ફરામજી કાવસજી ઇન્ડસ્ટીટ્યુશન'માં કાઠિયાવાડના શીઘ્રકવિ રાયચંદ રવજીભાઈએ શતાવધાન પ્રયોગ કરી બતાવ્યો હતો. શરૂઆતમાં જુદી જુદી દશ ભાષાના છ છ શબ્દોનાં દશ વાક્યો આડાઅવળાં કહી બતાવેલાં તે કવિએ સ્મરણમાં રાખી મિ૰પીટરસનના પ્રમુખપણા નીચે યથાર્થ કહી સંભળાવી સભાને રંજન કરી હતી. કવિની અદ્ભુત સ્મરણશક્તિથી હરકોઈ અચરજ પામ્યા હતા. વિધાન વિધિ વિષે રચેલી કવિતા નીચે પ્રમાણે તરત કહી સંભળાવી હતી.

**શ્રીમદ્ સંબંધી અભિપ્રાયો તથા ઉદ્ગારો**

સભાસદો અહીં મળ્યા, મહાન જે સુભાગિયા;
પ્રભા સરસ્વતી તણી, પ્રમુખરૂપ આ ભણી.

મિ૰ પીટરસને કવિની પ્રશંસા કરી જૈનમંડળ તરફથી સોનાનો ચાંદ ભેટ આપ્યો. કવિ વિધાનવિધિ વિષે તથા સ્મરણશક્તિની કેળવણી વિષે થોડું બોલ્યા હતા. **'ગુજરાતી' તા.૨૩-૧-૧૮૮૭**

---

## મુંબઈમાં બનેલ પ્રસંગો

### આને કોણ ભોગવશે?

શ્રીમદ્ શતાવધાની તરીકે શરૂઆતમાં પ્રખ્યાત થયા, અને મુંબઈમાં અનેક મોટા ગણાતા માણસો તેમના પ્રસંગમાં આવેલા. ઉદાર સખાવતો કરનાર તાતા નામના પારસી ગૃહસ્થે તેમને પોતાનો પ્રખ્યાત બંગલો બધે ફેરવીને બતાવ્યો; વિલાયતથી મંગાવેલ ફર્નિચર આદિ સુખ-સામગ્રી વિગતવાર વર્ણવી જણાવી. બીજાની પાસેથી પોતાની મિલકત કે વૈભવનાં વખાણની આશા આવા પ્રસંગે જીવ રાખે એ



સ્વાભાવિક છે અને સામાન્ય મનુષ્યો તેની ઇચ્છાને પોષે છે. પણ મહાપુરુષો તો ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં વૈરાગ્યના વેગમાં ઝંપલાય છે તેથી જ તેમનાં વચનો પણ સામા જીવનો જીવનપલટો પણ કરાવી દે છે. બધો બંગલો જોયા પછી 'આને કોણ ભોગવશે?' એટલા જ શબ્દો પોતે બોલ્યા. ત્યાં ઊભેલા ઘણાએ તે બોલો સાંભળ્યા હશે, પણ તાતાના હૃદયમાં તે ઘર કરી ગયા. અને મરતા પહેલાં તેમણે પોતાની મિલકતનું ટ્રસ્ટ કર્યું અને પરોપકાર અર્થે સર્વ સંપત્તિ ટ્રસ્ટીઓને સોંપી ગયા.

## આરબ પરમકૃપાળુદેવને ખુદા સમાન માનતો

ઝવેરાત સાથે મોતીનો વેપાર પણ શ્રીમદે શરૂ કર્યો હતો અને તેમાં સર્વ વેપારીઓમાં વિશ્વાસપાત્ર ગણાતા. એક આરબ પોતાના ભાઈ સાથે મુંબઈમાં મોતીની આડતનો ધંધો કરતો હતો. નાના ભાઈને એક દિવસ વિચાર આવ્યો કે આજે આપણે મોટા ભાઈની પેઠે મોતીનો મોટો વેપાર કરવો. તેથી જે માલ બહાર દેશથી આવેલો તે લઈને એક દલાલને કહ્યું કે કોઈ સારા પ્રામાણિક શેઠ બતાવ. તેણે શ્રીમદ્‌નો ભેટો કરાવ્યો; તેમણે કસીને માલ ખરીદ્યો. નાણાં લઈને આરબ પોતાને ઘેર ગયો.

એવામાં તેના મોટાભાઈ મળ્યા તેમને તેણે વાત કરી. તેમણે જેનો માલ હતો તેનો કાગળ બતાવી કહ્યું કે આટલી કિંમત વગર વેચવો નહીં એમ શરત કરી છે, અને આ તેં શું કર્યું? તેથી તે ગભરાયો અને શ્રીમદ્ પાસે જઈને કરગરી પડ્યો અને કહ્યું કે આવી આફતમાં આવી પડ્યો છું. શ્રીમદે કહ્યું કે આ તમારો માલ, એમને એમ પડ્યો છે. એમ કહી માલ પાછો સોંપી દીધો અને નાણાં ગણી લીધા. જાણે કંઈ સોદો કર્યો જ નથી એમ ગણી, ઘણો નફો થવાનો હતો પણ તે જતો કર્યો. એ આરબ તેમને ખુદ ખુદા સમાન માનતો. - (જીવનકળા)

## શ્રીમદ્‌ના મનમાં આખી મુંબઈ સ્મશાનરૂપ

એક વખત શ્રીમદ્ ફરવા ગયા હતા. સ્મશાનની જગા આવી ત્યારે તેમણે તેમની સાથે હતા તે ભાઈને પૂછ્યું : ''આ શું છે?'' તે ભાઈએ જવાબ આપ્યો કે : ''સ્મશાન.''

શ્રીમદે કહ્યું : ''અમે તો આખી મુંબઈને સ્મશાન સમાન જોઈએ છીએ.''

## સ્વાધ્યાય, ચીજોના ભાવ જાણવા માટે નથી

શ્રીમદ્‌ના એક પાડોશીએ તેમનામાં અતિશયો તથા સ્વાધ્યાયનો રંગ દેખીને પૂછ્યું કે તમે આખો દિવસ ધર્મની ધૂનમાં રહો છો તો બધી ચીજોના શું ભાવ થશે તે જાણતા હોવા જોઈએ. શ્રીમદે કહ્યું : ''અમારો દી ઊઠ્યો નથી કે સ્વાધ્યાય ભાવ જાણવા કરીએ.'' (જીવનકળા પૃ.૧૨૯)


## અમે તો શાસ્ત્ર માત્ર આત્માર્થે વાંચીએ છીએ

દિગંબર પંડિત શ્રી ગોપાળદાસજી બરૈયાએ, શ્રીમદ્ દિગંબર મંદિરમાં સ્વાધ્યાય કરતા હતા ત્યારે, વિનંતી કરેલી કે ''ગોમ્મટસારના અનુવાદમાં જે ત્રુટિઓ જણાય છે તે પૂરી કરી દેશો?''

શ્રીમદે ઉત્તર આપ્યો : ''અમે તો શાસ્ત્ર માત્ર આત્માને અર્થે વાંચીએ છીએ.''

## ચાર દિવસમાં મોટા ગ્રંથોનું વાંચન પૂર્ણ

માંડવી દેરાસરમાંથી ''લોકપ્રકાશ'' અને ''ષોડશક'' મગાવી ચારેક દિવસમાં હસ્તલિખિત તે



મોટા ગ્રંથો વાંચી તેમની પાનવાર વિગત કહી બતાવતા.

## શ્રીમદ્‌ની અદ્‌ભુત સ્મૃતિ

એક દિવસ મુંબઈ તારદેવને રસ્તે ફરવા ગયેલા; રસ્તામાં ચાલતાં ચાલતાં ગ્રંથનું નામ, તેના કર્તાનું નામ, તે ગ્રંથનો પ્રથમ શ્લોક અને છેલ્લો શ્લોક, પછી બીજા ગ્રંથનું નામ વગેરે એમ એક કલાક ફર્યા ત્યાં સુધી બોલતા જ ગયા. (જીવનકળા પૃ.૧૩૮)

## શેઠ અને નોકર

મોરબીનો વતની લલ્લુ નામનો નોકર ઘણાં વર્ષ શ્રીમદ્‌ને ત્યાં કામે રહ્યો હતો.

મુંબઈમાં તેને ગાંઠ નીકળી હતી. શ્રીમદ્ તેની જાતે સારવાર કરતા. પોતાના ખોળામાં તેનું માથું મૂકી અંત સુધી તેની સંભાળ તેમણે લીધી હતી.

શ્રીમદ્ કહેતા : ''જ્યારે શેઠ નોકર તરીકે પગારથી કોઈને રાખે છે, ત્યારે તે શેઠ નોકરના પગાર કરતાં વધારે કામ લેવાની બુદ્ધિ રાખે છે. નોકર રહેનાર માણસ ગરીબ સ્થિતિમાં હોવાથી તે બિચારો વેપાર આદિ કરી શકતો નથી. જોકે તે માણસ વેપાર આદિ કરી શકે તેમ છે, પરંતુ પૈસાનું સાધન નહીં હોવાથી નોકરી કરે છે.

શેઠ નોકર પાસેથી પગાર કરતાં વિશેષ લાભ મેળવવા બુદ્ધિ રાખે, તો તે શેઠ તે નોકર કરતાં પણ ભીખ માગનાર જેવો પામર ગણાય. શેઠ જો નોકર પ્રત્યે એવી ભાવના રાખે કે આ પણ મારા જેવો થાય; તેને શેઠ ઘટતી સહાય આપે, તેના પર કામનો ઘણો બોજો હોય તો તે વખતે કામમાં મદદ આપે વગેરે દયાની લાગણી હોય, તો તે શેઠ શ્રેષ્ઠ ગણાય.''

## સ્વર્ગ અને નરક

એક દિવસ પ્રો. રવજીભાઈ દેવરાજજીએ શ્રીમદ્‌ને પ્રશ્ન પૂછ્યો : ''સ્વર્ગ અને નરકની ખાતરી શી?''

શ્રીમદ્ કહે : ''નરક હોય અને તમે ન માનતા હો, તો નરકે જવાય તેવાં કામ કરવાથી કેટલું સાહસ ખેડ્યું કહેવાય?''

## જૈનધર્મથી અધોગતિ કે ઉન્નતિ

ગુજરાતના એક અગ્રગણ્ય સમાજસુધારક શ્રી મહીપતરામ રૂપરામ એમ માનતા હતા કે, જૈનધર્મથી ભારતવર્ષની અધોગતિ થઈ છે.

એક વાર શ્રીમદ્ સાથે તેમનો મેળાપ થયો.

શ્રીમદે પૂછ્યું : ''ભાઈ, જૈનધર્મ અહિંસા, સત્ય, સંપ, દયા, સર્વપ્રાણીહિત, પરમાર્થ, પરોપકાર, ન્યાય, નીતિ, આરોગ્યપ્રદ આહારપાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિનો બોધ કરે છે?''

મહીપતરામ કહે : ''હા.''

શ્રીમદ્—''ભાઈ, જૈનધર્મ, હિંસા, અસત્ય, ચોરી, કુસંપ, ક્રૂરતા, સ્વાર્થપરાયણતા, અન્યાય, અનીતિ, છળકપટ, વિરુદ્ધ આહારવિહાર, મોજશોખ, વિષયલાલસા, આળસ, પ્રમાદ આદિનો નિષેધ કરે છે?''

મહીપતરામ કહે : ''હા.''

શ્રીમદ્—''કહો, દેશની અધોગતિ શાથી થાય? અહિંસા, સત્ય, સંપ, દયા, પરોપકાર, પરમાર્થ,



સર્વપ્રાણીહિત, ન્યાય, નીતિ, આરોગ્ય આપે અને રક્ષે એવાં શુદ્ધ સાદાં આહારપાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી કે તેથી વિપરીત એવાં હિંસા, અસત્ય, કુસંપ, ક્રૂરતા, સ્વાર્થપટુતા, છળકપટ, અન્યાય, અનીતિ, આરોગ્ય બગાડે અને શરીર-મનને અશક્ત કરે એવાં વિરુદ્ધ આહારવિહાર, વ્યસન, મોજશોખ, આળસ, પ્રમાદ આદિથી?''

મહીપતરામ—''બીજાંથી અર્થાત્ વિપરીત એવાં હિંસા, અસત્ય, કુસંપ, પ્રમાદ આદિથી.''

શ્રીમદ્—''ત્યારે દેશની ઉન્નતિ એ બીજાંથી ઊલટાં એવાં અહિંસા, સત્ય, સંપ, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી થાય?''

મહીપતરામ—''હા.''

શ્રીમદ્—''ત્યારે 'જૈનધર્મ' દેશની અધોગતિ થાય એવો બોધ કરે છે કે ઉન્નતિ થાય એવો?''

મહીપતરામ—''ભાઈ, હું કબૂલ કરું છું કે 'જૈનધર્મ' જેથી દેશની ઉન્નતિ થાય એવાં સાધનોનો બોધ કરે છે. આવી સૂક્ષ્મતાથી વિવેકપૂર્વક મેં કદી વિચાર કર્યો ન હતો. અમને તો નાનપણમાં પાદરીની શાળામાં શીખતાં સંસ્કાર થયેલા, તેથી વગર વિચારે અમે કહી દીધું; લખી માર્યું!''

## રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહીં

એકવાર એક વેપારી સાથે શ્રીમદ્ હીરાના સોદા કર્યા. એવું નક્કી કરવામાં આવ્યું કે, અમુક સમયે નક્કી કરેલા ભાવ પ્રમાણે એ વેપારીએ શ્રીમદ્‌ને અમુક હીરા આપવા. આ બાબતનો ખતપત્ર પણ એ વેપારીએ શ્રીમદ્‌ને લખી આપ્યો હતો.

પરંતુ એવું બન્યું કે, સમય પાકતાં એ હીરાની કિંમત ખૂબ જ વધી ગઈ! એ વેપારી ખતપત્ર પ્રમાણે શ્રીમદ્‌ને હીરા આપે તો એ બાપડાને બહુ ભારે નુકસાનીમાં ઊતરવું પડે; પોતાની બધી જ માલમિલકત વેચી દેવી પડે! હવે શું થાય?

આ બાજુ શ્રીમદ્‌ને જ્યારે હીરાની કિંમતના બજારભાવની ખબર પડી, ત્યારે તેઓ તરત જ પેલા વેપારની દુકાને જઈ પહોંચ્યા. શ્રીમદ્‌ને પોતાની દુકાને આવેલા જોઈને પેલો વેપારી બિચારો ગભરાટમાં પડી ગયો. તે કરગરતો બોલ્યો : 'રાયચંદભાઈ, આપણી વચ્ચે થયેલા હીરાના સોદા અંગે હું ખૂબ ચિંતામાં પડી ગયો છું. મારું જે થવાનું હોય તે થાઓ, પણ તમે ખાતરી રાખજો કે હું તમને આજના બજારભાવે સોદો ચૂકવી આપીશ. તમે ચિંતા કરશો મા.'

એ સાંભળીને શ્રીમદ્જી કરુણાભર્યા અવાજે બોલ્યા : 'વાહ! ભાઈ, વાહ! હું ચિંતા શા માટે નહીં કરું? તમને સોદાની ચિંતા થતી હોય તો મને શા માટે ચિંતા ન થવી જોઈએ? પરંતુ આપણા બંનેની ચિંતાનું મૂળ કારણ તો આ કાગળિયું જ છે ને? એનો જ નાશ કરી દઈએ તો આપણા બંનેની ચિંતા મટી જશે.' એમ કહીને શ્રીમદે સહજભાવે પેલો દસ્તાવેજ ફાડી નાખ્યો.

પછી શ્રીમદ્ બોલ્યા : 'ભાઈ, આ ખતપત્રને કારણે તમારા હાથપગ બંધાયેલા હતા. બજારભાવ વધી જવાથી તમારી પાસે મારા સાઠ-સીત્તેર હજાર લેણા નીકળે. પરંતુ હું તમારી સ્થિતિ સમજી શકું છું. એટલા બધા રૂપિયા હું તમારી પાસેથી લઉં તો તમારી શી વલે થાય? પરંતુ રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહીં.' પેલો બાપડો વેપારી તો આભારવશ બની ફિરશ્તા સમાન શ્રીમદ્‌ને જોઈ જ રહ્યો.

**'પરહિત એ જ નિજહિત સમજવું.'** - શ્રીમદ્ રાજચંદ્ર



### કૃપાળુદેવે કહ્યું–આત્માની અનંતશક્તિ છે

''પરમકૃપાળુદેવ મુંબઈ હતા તે વખતે તેમને એકસો પાંચ ડીગ્રી તાવ આવ્યો હતો. ત્યારે એક માણસે આવીને કહ્યું કે ડૉક્ટરને બોલાવું? તે ડૉક્ટર આત્માને માનતો નથી. કૃપાળુદેવે કહ્યું કે બોલાવો. રજબઅલ્લી ડૉક્ટર આવ્યા ને શીશી (થર્મોમીટર) મૂકી તો એકસોને પાંચ ડીગ્રી તાવ આવ્યો. ડૉક્ટરે કહ્યું દવા લો, ત્યારે કૃપાળુદેવે ના પાડી અને શીશી ફરીથી મૂકો એમ કહ્યું. તેથી ફરીથી મૂકી તે વખતે તાવ બિલકુલ મળે નહીં. ત્યાર પછી ફરી શીશી મૂકી તો એકસોને પાંચ ડીગ્રી તાવ દીઠો. ડૉક્ટર વિસ્મય પામ્યો કે આ શું કહેવાય? ત્યારે કૃપાળુદેવ બોલ્યા કે આત્માની અનંતી શક્તિ છે એટલે ડૉક્ટર પણ આત્માને માનતો થયો.'' - પૂજ્યશ્રીની બોધની નોટ નં.૩ (પૃ.૨૪૮)

### પૂર્વ દેણદારીમાંથી મુક્તિ કરાવી

પરમકૃપાળુદેવ ધંધાર્થે મુંબઈ બિરાજતા હતા ત્યારે પોતાની પેઢી ઉપર જતા હતા. સાંજે રોજની જેમ પેઢી બંધ કરી નીચે ઊતરતા હતા. એક દિવસે પોતાની પેઢીની બાજુની પેઢીવાળા ભાઈ પણ સાથે સાથે દાદરેથી નીચે ઊતર્યા. ત્યાં ફૂટપાથ પાસે એક ભિખારી ઊભો હતો. તેણે આ બન્ને પાસે ભીખ માંગતા કંઈ આપવા કહ્યું. ત્યારે પરમકૃપાળુદેવે એક ક્ષણ ભિખારી સામે દૃષ્ટિ કરી અને તે બાજુની પેઢીવાળા ભાઈના હાથમાં એક થેલી હતી તે લઈને ભિખારીને આપી દીધી. ત્યારે તે ભાઈ બોલ્યા કે અરે! રાયચંદભાઈ, આ શું કરો છો? આ તો મારા આખા દિવસના આવેલ વ્યાપારના વકરાની રકમ છે. ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે પૂર્વભવમાં જ્યારે તમે આની પાસેથી પૈસા લીધા હતા ત્યારે અમે વચમા સાક્ષી હતા. તે નાણાં તમે ચૂકવ્યા નહોતા, તે અત્યારે ચુકવાઈ ગયા. આમ દેણદારીમાંથી તેમને મુક્ત કરી દયા કરી હતી.

---

## શ્રી રણછોડભાઈ ધારશીભાઈ

### ધરમપુર

ૐ શ્રી સહજાત્મસ્વરૂપાય નમઃ

પરમકૃપાળુદેવ શ્રીમદ્ શ્રી રાજચંદ્ર ભગવાન સાથેના સમાગમનો સંક્ષિપ્ત સાર યાને નોંધ તા.૧૫-૨-૧૯૧૩ કરાંચી.

### 'મોક્ષમાળા' લખનાર પ્રત્યે ઊંચી ભાવના

કાઠિયાવાડના ન્યાય-નીતિમાં અગ્રસ્થાન ભોગવતા એક રાજ્યની નોકરીમાં જ્યારે હું હતો ત્યારે શ્રીમદે બનાવેલ 'મોક્ષમાળા' મેં ખાસ સંવત્ ૧૯૪૬માં મંગાવી હતી. તે વખતે એ પુસ્તકનું ફક્ત નામ વાંચીને જ મંગાવી હતી. એ પુસ્તક વાંચતા, તેમાં અદ્‌ભુત સંકલના જોઈ તેના લખનાર પ્રત્યે બહુ ઊંચી ભાવના થઈ હતી. હું સ્થાનકવાસી જૈન હોવાથી જ્યારે કોઈ જૈનધર્મના મુદ્દા વિષે પૂછતું ત્યારે આ પુસ્તકની હકીકત હું રજૂ કરતો હતો.

શ્રીમદ્‌જી સાથે પ્રથમ પ્રત્યક્ષ મેળાપ સંવત્ ૧૯૪૯માં મુંબઈ શહેરમાં થયો હતો.

### શ્રીમદ્ સાથે વીસ દિવસ

સંવત્ ૧૯૫૫ના ભાદરવામાં મારું મુંબઈ જવું થયું. તે વખતે વિશેષ કરી કૃપાળુદેવના પરિચયમાં



આવવાનું થયું. શ્રી દામજીભાઈ, પદમશીભાઈ, ખીમજીભાઈ, પૂનાવાળા નાનચંદભાઈ તથા અંબાલાલભાઈ વગેરે દુકાને પધારતા, તેઓની સાથે પણ પરિચય થયો હતો. તે વખતે શ્રીમદ્ સાથે આશરે વીસ દિવસ કામ પ્રસંગે મારે રહેવું થયું હતું.

### અમારી દુકાનનો નફો ધર્માદા ખાતે

સંવત્ ૧૯૫૬માં કૃપાળુદેવના સહિયારા ખાતે કપાસિયાનો વેપાર થયો હતો. તે વખતે તેમણે જણાવેલ કે આ વેપારમાં જે નફો આવે તે અમારી દુકાનના ભાગનો નફો ધર્માદા ખાતે વાપરવો.

### શ્રીમદ્નો આશય જંગલમાં રહેવાનો

પછી સંવત્ ૧૯૫૬ના ચૈત્ર માસમાં ધરમપુર કૃપાળુદેવ પધાર્યા અને ત્યાં એક માસ ઉપર સ્થિરતા કરી હતી. તે વખતે અમારે ત્યાં મુકામ હતો. જમવા વગેરે બધી સેવાનો લાભ પ્રાપ્ત થયો હતો. રસોઈ મારા પત્ની કરતાં અને રસોઈયો હતો તે મદદ કરતો. શરીર પ્રકૃતિ એક બે દિવસ ઠીક રહી હતી. પછી નરમ રહેતી. તેઓશ્રીનો આશય જંગલમાં રહેવાનો હોય એમ સમજાતું હતું. દરેક બાબતમાં ગંભીર રહેવાનો મને પ્રતિબોધ કર્યો હતો.

ધરમપુર નિવાસ દરમ્યાન પૂંજાભાઈ હીરાચંદ તથા ત્રિકમલાલ કાળીદાસ અમદાવાદથી પધાર્યા હતા અને આશરે ૧૫ દિવસ રહ્યા હતા. શ્રી પૂંજાભાઈ પાસે ડુંગરના શિખર ઉપર "હે હરિ! હે હરિ! શું કહું....."એ પદ ગવરાવ્યું હતું, તે મને બહુ સારું લાગ્યું હતું. શ્રી માણેકલાલ ઘેલાભાઈ પણ તે વખતે ધરમપુર પધાર્યા હતા.

### મુનિશ્રી લલ્લુજી તથા દેવકરણજી યોગ્ય મુનિઓ

હાલમાં જૈનમાં મુનિશ્રી લલ્લુજી તથા મુનિશ્રી દેવકરણજી યોગ્ય મુનિઓ છે એમ મને જણાવવા કૃપા કરી હતી.

મુમુક્ષુભાઈઓ વયોવૃદ્ધ પણ આપને દંડવત્ કરી નમસ્કાર કરે છે, તે આપ જેવા કૃપાળુથી કેમ સહન થઈ શકે? એ તો દયાની લાગણી વિરુદ્ધ ગણાય, એમ પૂછી ખુલાસો માગ્યો હતો. તેનો ખુલાસો આગળ ઉપર થઈ રહેશે એમ જણાવ્યું હતું.

આ વખત દરમ્યાન મારા પર કરુણા કરી. (૧) હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્ર, કસ્તુરી પ્રકરણ, (૩) હરિભદ્રસૂરિ કૃત ષટ્દર્શન સમુચ્ચય. આ ત્રણે પુસ્તકો મંગાવી વિચારવા આજ્ઞા કરી હતી. તે મંગાવી વાંચ્યા હતા. કૃપાળુદેવે ધરમપુરના સત્સંગ વખતે આનંદઘનજીકૃત ચોવીશી તથા શ્રી યશોવિજયજીકૃત ચોવીશી વાંચવા-વિચારવા ભલામણ કરી હતી.

### જૈન શાસ્ત્રો શ્રી મહાવીર સ્વામી પછી ૯૦૦ વર્ષે લખાયા

શ્રી હરિભદ્રસૂરિ તથા શ્રી કુંદકુંદાચાર્ય નામના મહાન આચાર્યો થઈ ગયા છે તથા જૈન શાસ્ત્રો શ્રી મહાવીર સ્વામી પછી ૯૦૦ વર્ષે લખાયા છે એમ જણાવવા કૃપા કરી હતી.


મને આર્તધ્યાન બહું રહેતું. તે ન રાખવા બોધ દઈ, દરેક વખતે ચિત્ત પ્રસન્ન રાખવા જણાવ્યું હતું.

### જ્ઞાનમાર્ગ સર્વથી ઉત્તમ

ધર્મમાં પૈસા ખર્ચવામાં યોગ્ય માર્ગ કયો ગણાય? તે ઉપરથી સંક્ષેપમાં જ્ઞાનમાર્ગ સર્વથી ઉત્તમ છે



શ્રી રણછોડભાઈ ધારશીભાઈ



એમ જણાવ્યું હતું.

### ‘અમે’ શબ્દ ઉપયોગપૂર્વક બોલીએ છીએ

કૃપાળુદેવ વાત કરવામાં ‘અમે’ શબ્દ બહુ વાપરતા. એક વખતે એકાંતમાં સવાલ કર્યો કે આવી રીતનું બોલવું તે ‘અહંપદ’ન ગણાય? ત્યારે કૃપાળુદેવે તેનો અર્થ સમજાવ્યો હતો કે ‘અ’ એટલે ‘નહીં’ અને ‘મે’ એટલે ‘હું’ તેથી અમે એટલે ‘હું નહીં’ એવા અર્થમાં ઉપયોગપૂર્વક આ શબ્દ વાપરીએ છીએ.

### દ્વિદળ સાથે દૂધ દહીં વાપરવાની મનાઈ

સામાન્ય રીતે સુરત જિલ્લામાં રાંધેલી દાળ સાથે દહીં ખાવાનો રિવાજ વિશેષ છે. તે વિષે એક વખત કૃપાળુદેવે જણાવેલ કે રાંધેલા કે ઠંડા પડી ગયેલા કોઈ પણ કઠોળના દ્વિદળ સાથે કાચા દૂધ દહીં મેળવી જમવાના ઉપયોગમાં લેવા નહીં.

### કૃપાળુદેવના યોગબળે દૈવી રક્ષણ

કૃપાળુદેવની કારુણ્યવૃત્તિનો એક દાખલો નોંધપાત્ર છે. તેઓ જ્યારે ધરમપુરના પહાડી પ્રદેશમાં અમારી સાથે રહ્યા હતા તે અરસામાં અમારા રાજકર્તાના મુલકમાં પોલીટિકલ એજન્ટ સાહેબનો મુકામ થયો હતો. તે સાહેબના સન્માન અર્થે શિકારની ગોઠવણ કરવામાં આવી હતી. પણ જાનવરોના સુભાગ્યે જ્યાં કૃપાળુદેવના યોગબળે દયાનો અત્યંત નિર્મળ ઝરો વહેતો હોય ત્યાં દૈવી રક્ષણ મળ્યા વિના કેમ રહે? જ્યાં સુધી પરમ કૃપાળુદેવની સ્થિરતા એ મુલકમાં રહી ત્યાં સુધી શિકાર મળી શક્યો નહીં. પરમકૃપાળુદેવના ગયા પછી શિકાર મળ્યાના સમાચાર સાંભળ્યા હતા.

### ભાવનાસિદ્ધિ

કૃપાળુદેવના ધરમપુર નિવાસ દરમ્યાન સ્મશાનમાં ડાઘુઓને બેસવા માટેનું એક આશ્રય સ્થાન અમારા તરફથી બનાવવામાં આવતું હતું. ત્યાં નાનો સરખો બગીચો પણ બનાવવામાં આવતો હતો. તે બગીચામાં નદીના એકઠા કરેલા જુદા જુદા રંગના પથ્થરો ગોઠવી કાંઈ લેખ ચીતરવો એ બાબત પરમકૃપાળુદેવને વિનંતી કરી પૂછવામાં આવ્યું.

ત્યારે તેઓએ ‘ભાવનાસિદ્ધિ’ એમ લખવા સૂચન કર્યું. તે પ્રમાણે લેખ ચીતર્યો હતો. તેનો ભાવ એમ સમજાય છે કે સંસારમાં સુખદુઃખના હર કોઈ સમયે આ મુદ્રાલેખનું સ્મરણ દરેકને બહુ ઉપયોગી થઈ પડશે કે જેવી ભાવના જીવનમાં કરી હશે તેવી જ સિદ્ધિ અંતે પ્રાપ્ત થશે. **‘યાદૃશી ભાવના યસ્ય, સિદ્ધિર્ભવતિ તાદૃશી’.**

### કૃપાળુદેવ ધ્યાનાર્થે ઝાડીમાં

ઉપર જણાવેલ ડાઘુઓ માટેના આશ્રય સ્થાને કૃપાળુદેવ સાથે વખતોવખત જવાનું બનતું અને રાત્રે મોડેથી ઘેર આવતા. ત્યાંથી કોઈ કોઈ વખત કૃપાળુદેવ એકલા થોડે દૂર ધ્યાનાર્થે ઝાડીમાં જતા અને આવીને એકવાર એવો સવાલ કર્યો કે સર્પ અથવા વાઘનો મેળાપ થાય તો ડરો કે કેમ? જવાબમાં મેં કહ્યું—આપની સમીપે ડરીએ તો નહીં; પણ પ્રત્યક્ષ તેવી કાંઈ પરીક્ષા થયા વિના શું કહી શકાય.



### જ્યાં મન આકર્ષિત ત્યાં જન્મ

ઉપર જણાવેલ બગીચામાં એક કેળને નવા પલ્લવ આવેલ. તે પવનની લહેરથી ફરફરી રહેલા જોઈ મેં કૃપાળુદેવનું ધ્યાન તે તરફ ખેંચ્યું. ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે મન તેમાં બહુ આકર્ષાશે તો ત્યાં ઊપજવું થશે. મેં કહ્યું—મનુષ્ય જીવ ત્યાં ઊપજે એ બને ખરું? તેના જવાબમાં મરૂદેવી માતાનો જીવ કેળના ઝાડમાંથી ચ્યવીને મનુષ્યપણું ધારણ કર્યાનું જૈન આગમોમાં કહ્યું છે તે જણાવ્યું હતું.

તેઓશ્રીની દરેક કાર્યમાં નિર્મળતા, સ્વચ્છતા અને નિર્દોષતા જોવામાં આવતી હતી.

### કઠોર વચનનું પ્રાયશ્ચિત્ત

આ પ્રદેશમાંથી શ્રીજી સાહેબ પોતાને વતન જવાને સમયે જ્યારે સાથે વળાવવા ગયો ત્યારે રસ્તામાં એક ઘણો કઠોર શબ્દ તેઓશ્રી પ્રત્યે મેં ઉચ્ચાર્યો હતો. આ લખનારને ખાસ કરી યાદ છે કે રસ્તામાં તે વખતે બીજી બાબતો ઉપર ચર્ચા ચલાવી પોતે 'ભગવાન' છે એવું મારી પાસે કબૂલ કરાવી, પોતાની પાસે એ કઠોર વચનની માફી મંગાવી હતી. જો કે ભગવાનનું સ્વરૂપ યથાતથ્ય પાછળથી સમજાયું છે તો પણ આ લખનાર તરફથી સહચારી સંબંધના આકર્ષણને લઈ નીકળેલ કઠોર વચનનું પ્રાયશ્ચિત્ત તે જ વખતે લેવરાવ્યાનું અત્યારે ભાન થાય છે.

કૃપાળુદેવ ધરમપુરથી અમદાવાદ પધારવા રવાના થયા તે વખતે સિગરામમાં મારો પુત્ર ભગવાનલાલ, દલીચંદ અને અમારા પાડોશી અંબાલાલનો દીકરો સાકરલાલ એ ત્રણે છોકરાઓ સાથે હતા. તેઓશ્રીએ બાળકોને ભાગોળે ઉતાર્યા ત્યારે દરેકના હાથમાં એક એક રૂપિયો આપ્યો હતો.

### શ્રીમદ્ ઉત્તમ પુરુષ

સંવત્ ૧૯૫૬ના અષાઢમાં કૃપાળુદેવ મોરબી પધાર્યા. તે વખતે શરીર સ્થિતિ નરમ હતી. મોરબીમાં રેવાશંકરભાઈના ઘરે પ્રથમ રહ્યા હતા. પછી સ્ટેશન માસ્તરના ઘરમાં સ્થિરતા કરી હતી. મોરબી ખાતે આશરે ૨૦ દિવસ સત્સમાગમનો મને લાભ મળ્યો હતો. તે વખતે ઉત્તમ પુરુષ જાણી હું સેવા ચાકરી કરતો. મોરબીમાં શ્રી ધારશીભાઈ, શ્રી નવલચંદભાઈ, શ્રી ચત્રભુજભાઈ, શ્રી પાનાચંદભાઈ, શ્રી વીરચંદ મૂલજી, શ્રી અમૃતલાલ માસ્તર એટલા ભાઈઓ વખતોવખત આવતા હતા.

### કુલદેવીની માન્યતા

એકવાર મોરબીમાં એક વયોવૃદ્ધ જેના પ્રત્યે મને આદરભાવ હતો, તેમણે ગોંડલ કોઈ નિમિત્તે કુલદેવીની માનતાએ જવાનું નક્કી કર્યું. ત્યારે કૃપાળુદેવે તેમને વાર્યા અને જણાવ્યું કે તેમાં કંઈ બીજું થાય તો તેનું જોખમ બધું અમારે શિર રાખીએ છીએ. છતાં એ ભાઈને કુલદેવીની માનતાએ જવાનું થયું. તેથી તેઓ હેરાન થયા હતા. એ વાત પાછળથી તેમને સમજાઈ હતી.

વ્યાવહારિક પ્રસંગોના સવાલ જવાબમાં કૃપાળુદેવ હમેશાં ઉપેક્ષિત રહેતા.

### કશ, છેદ, તાપથી પરીક્ષા કરી ગ્રહણ કરવું

ધાર્મિક કે વ્યાવહારિક હર કોઈ બાબતને કશ, છેદ, તાપથી પરીક્ષા કરી પછી તેની યોગ્યતા પ્રમાણે ગ્રહણ કરવાનું તેઓશ્રી જણાવતા હતા.



સંવત્ ૧૯૫૬ના પજુસણ પહેલાં કૃપાળુદેવ વઢવાણ કેમ્પ પધાર્યા અને હું મોરબીથી વઢવાણ કેમ્પ એકાદ વખત રહી ભાવનગર ગયો. ત્યાંથી સંવત્સરીની લગભગ વઢવાણ કેમ્પ આવી સમાગમનો લાભ લીધો હતો. સંવત્સરી કૃપાળુદેવની સમીપમાં કરી. તે દિવસે ઘણા ભાઈઓએ ઉપવાસ કર્યા હતા.

### કૃપાળુદેવની મુખમુદ્રા હમેશાં પ્રફુલ્લિત

કૃપાળુદેવની મુખમુદ્રા કોઈ દિવસ કરમાયેલી જણાતી નહીં પણ પ્રફુલ્લિત રહેતી હતી.

સંવત્ ૧૯૫૭ના પોષ માસમાં વલસાડ પાસે તિથલમાં બંગલો ભાડે લેવા આજ્ઞા કરી હતી. તે બંગલો તિથલના વગડામાં મહિનાના રૂા. વીસ ઠરાવી વલસાડવાળા શેઠ ધનજીભાઈ ખીમજીભાઈ મારફતે ભાડે રખાયો હતો. ત્યાં શ્રી કૃપાળુદેવ બંગલો ભાડે રખાયા પછી પધાર્યા હતા.

### 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ વડે શ્રીમદ્જીની ઓળખાણ

કૃપાળુદેવના દેહોત્સર્ગ પછી જ્યારે 'શ્રીમદ્ રાજચંદ્ર' નામનો મોટો ગ્રંથ છપાઈને બહાર પડ્યો, અને તે ગ્રંથનું અવલોકન તથા અનુપ્રેક્ષણ થયું ત્યારે તેઓશ્રી કેવી દશાના પુરુષ હતા તે કંઈક સમજાયું છે. તથા જડ અને ચેતન વિષે વિશેષ જાણપણું થયું છે. તે ગ્રંથની ભાષા અને કથન અદ્‌ભુત ચિતાર આપે છે. તેઓશ્રીની બધી કૃતિઓ સહજ અને સ્વાભાવિક સમજાય છે. જિજ્ઞાસુ મહાશયને એ પુસ્તકમાંથી ઘણું મળી રહે એવું છે.

### શ્રીમદ્જીના વચનામૃત જુગોજુગ પ્રસિદ્ધિ પામો

છેવટે આ જગતના ત્રિવિધ તાપના નિવારણાર્થે કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતો જુગોજુગ પ્રસિદ્ધિને પામો અને તેને સદા પોષણ આપી જાગૃત રાખનાર હાલમાં વિચરતા શ્રી લલ્લુજી સ્વામી આદિ મુનિઓના યોગબળ જયવંત વર્તો, જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.

---

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, વડવાના સંસ્મરણો

### વડ અને વાવ ઉપરથી વડવા નામ પડ્યું

એક સમયે ત્રંબાવટી નામે પ્રસિદ્ધ નગરી, અને હાલ જે ખંભાતના નામથી જાણીતું શહેર. અગાઉ તેની જાહોજલાલી ઘણી જ હતી. અહીંના બંદરેથી દેશવિદેશ માટેના વહાણો જતા અને આવતા હતા. કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ કોઈ અલૌકિક આગવી સૂઝથી મહારાજા કુમારપાળને અહીં પાટણના સિદ્ધરાજના માણસોથી બચાવ્યા હતા. અને એ કુમારપાળને જૈનધર્મના ઉદ્યોત પંથે આગળ વધવામાં પ્રેરણાદાયી બન્યા હતા. આ ખંભાત શહેરની પૂર્વ દિશાએ કેટલાક ખેતરોથી દૂર 'વડવા'નામે એક નાનું ગામ હતું. અહીં એક વાવ અને તેની નજદીકમાં એક વડ ત્યાંના વટેમાર્ગુઓ માટેનું વિશ્રામસ્થળ બન્યું હતું. તેના કારણે 'વડવા' નામ અસ્તિત્વમાં આવ્યું તેમ કહેવામાં આવે છે.

### શ્રીમદ્નું વડવામાં આઠ દિવસ રોકાણ. પર્ષદામાં અપૂર્વ બોધ

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર સંવત્ ૧૯૫૨ના ભાદરવા સુદ દસમના અરસામાં રાળજથી 'વડવા' પધાર્યા. વાવની બાજુએ એક વંડી તથા એક મંદિર હતું. તેમાં કોઈ ખાખી સંત રહે. પરમકૃપાળુદેવે



સંતને અહીં રહેવાની પોતાની ઇચ્છા દર્શાવી. સંતે વંડી ઉપરની મેડી બતાવી જણાવ્યું ઉપર ઠેરના બાબા, હમ ભી હરિ ભક્તિ કે લિયે ઠહરે હૈ! અને આ મેડી ઉપર પરમકૃપાળુદેવ લગભગ આઠ દિવસ રહ્યા. બાજુમાં વડની નીચે તેઓશ્રીનો બોધ થતો. પર્ષદા ભરાતી, સર્વ સંપ્રદાયના લગભગ પાંચસો જેટલા ભાઈઓ બહેનો ત્યાં આવતા અને પરમકૃપાળુદેવના બોધનું શ્રવણ કરતાં. કોઈ રસ્તે જતા આવતા વટેમાર્ગુ પણ તે મધુરી વાણી સાંભળી, તે પર્ષદાનો દેખાવ જોઈ ત્યાં થંભી જતા. કેટલાંક તો અદ્ભુત યોગીને જોતાં જ રહેતા. પૂ.પ્રભુશ્રી પણ અન્ય મુનિઓ સાથે અહીં આવતા અને પરમકૃપાળુદેવનો બોધ પરમ પ્રેમે ઝીલતા.

**આ સુવર્ણભૂમિ છે. અહીં ચંદ્રપ્રભસ્વામીની સ્થાપના થશે**

ઉપરની મેડીમાં પરમકૃપાળુદેવનો નિવાસ હતો અને નીચે ઓરડીમાં પૂ.શ્રી અંબાલાલભાઈ રસોઈ બનાવતા હતા. તેમની સાથે તેમના મુનિમ કેશવલાલ પણ પરમકૃપાળુદેવની સેવા-સુશ્રુષાના કાર્યમાં સાથે હતા. એક દિવસ વાતચીત પ્રસંગે કેશવલાલભાઈએ ડાકોરના મહાત્મ્ય વિષે પૂછ્યું કે 'તે સ્થાન કેવું?' પરમકૃપાળુશ્રીએ ઉત્તરમાં જણાવ્યું, 'ડાકોરની ભૂમિ ઉત્તમ છે, પણ તે કરતાં પણ આ વડવાની ભૂમિ ઉત્તમોત્તમ છે.' એક વખતે કેટલાંક મુમુક્ષુઓની હાજરીમાં મેડી ઉપરની બારીમાંથી દક્ષિણ દિશા તરફની સામેની ટેકરી તરફ અંગુલીનિર્દેશ કરી કહ્યું, 'આ સુવર્ણભૂમિ છે.' અહીં ચંદ્રપ્રભસ્વામીની સ્થાપના થશે.

સંવત્ ૧૯૫૬માં મોરબીમાં તેઓશ્રીનો બોધ થયો હતો. તેની નોંધ પૂ.શ્રી મનસુખભાઈ કિરતચંદે લીધેલ જે 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃતમાં વ્યાખ્યાનસાર-૨માં અંક ૬માં નીચે પ્રમાણે દર્શાવેલ છે :—

**સમાધિદશામાં બેઠેલા તે સ્થિતિનું પાંચસો વાર સ્મરણ**

''પૂર્વે સ્મૃતિમાં આવેલી વસ્તુ ફરી શાંતપણે સંભારે તો યથાસ્થિત સાંભરે. પોતાનું દૃષ્ટાંત આપતાં જણાવ્યું કે પોતાને ઈડર અને વસોની જગ્યાઓ સંભારવાથી તદ્રૂપ યાદ આવે છે. તેમજ ખંભાત પાસે વડવા ગામે સ્થિતિ થઈ હતી. ત્યાં વાવ પછી ત્યાં થોડી ઊંચી ભેખડ પાસે વાડથી આગળ ચાલતાં રસ્તો, પછી શાંત અને શીતળ અવકાશની જગ્યા હતી. તે જગ્યો પોતે શાંત સમાધિસ્થ દશામાં બેઠેલા તે સ્થિતિ આજે પોતાને પાંચસોવાર સ્મૃતિમાં આવી છે. બીજાઓ પણ તે સમયે ત્યાં હતા. પણ બધાને તેવી રીતે યાદ ન આવે. કારણ કે તે ક્ષયોપશમને આધીન છે. સ્થળ પણ નિમિત્ત કારણ છે.'' - વ્યાખ્યાનસાર (પૃ.૭૬૮)

---

## શ્રી ત્રિભોવનભાઈ માણેકચંદ


**ખંભાત**

તત ૐ સત્

શ્રી સહજાત્મસ્વરૂપી ભગવાનને નમો નમઃ

શ્રીમદ્ રાજચંદ્રજીના સમાગમમાં ખંભાતવાળા શાહ ત્રિભોવનદાસ માણેકચંદ આવેલા અને તે સમયે જે પ્રસંગ બનેલા તે સ્મરણમાં રહેલું જે અત્રે લખ્યું છે.

સંવત્ ૧૯૪૫ની સાલમાં અમદાવાદવાળા છગનલાલભાઈ સાથે શ્રી ખંભાતવાળા અંબાલાલભાઈને પત્ર વ્યવહાર ચાલતો હતો. અંબાલાલભાઈ તે સમયે શ્રી ઢુંઢીયાના જૈનશાળાના સેક્રેટરી તરીકે હતા. હું



પણ તેઓની સાથે તે કામમાં દોરાયો હતો.

## શ્રી જૂઠાભાઈ બુદ્ધિશાળી પુરુષ છે

અંબાલાલભાઈને તથા છગનલાલભાઈને જે પત્ર વ્યવહાર ચાલતો, તેમાંથી અંબાલાલભાઈએ લખેલા અમુક પત્રો છગનલાલભાઈએ શ્રી જૂઠાભાઈને વંચાવ્યા હતા. તે ઉપરથી શ્રી જૂઠાભાઈએ અંબાલાલભાઈ પ્રત્યે કંઈ પ્રશ્નના આકારમાં પત્ર લખ્યો. તે પત્ર અંબાલાલભાઈએ વાંચ્યો અને તેના જવાબમાં લખ્યું શું? તે મને બરાબર યાદ નથી પણ અંબાલાલભાઈએ મને કીધું હતું કે આ લખનાર પુરુષ બુદ્ધિમાન છે.

## 'હું કયાં પ્રતિબંધ કરું'–મોહના કારણોને શા માટે વધારું?

સંવત્ ૧૯૪૬ની સાલમાં ભાઈ સુંદરલાલ માણેકચંદનું ફરીથી લગ્ન થયું હતું. તેમની સાણંદ જાન જવાની હતી. તે જાનમાં હું તથા અંબાલાલભાઈ ગયા હતા. ત્યાંથી છગનલાલભાઈને ત્યાં લગ્નનો પ્રસંગ હતો તેથી અમો અમદાવાદ ગયા. અમોને જૂઠાભાઈને મળવાની આકાંક્ષા રહેતી હતી, જેથી અમો પછી જૂઠાભાઈને ત્યાં ગયા. જૂઠાભાઈની શરીર પ્રકૃતિ નરમ રહ્યા કરતી હતી. તેઓશ્રીમાં વિનયનો ગુણ ઘણો અદ્ભુત જોયો. તેઓની સરળતાએ અમો બંન્નેના ચિત્ત હરણ કર્યા. કેટલીક ધર્મ સંબંધી વાતચીત થઈ. પછી અમો જમવા ગયા. જમીને ફરીથી અમો જૂઠાભાઈ પાસે ગયા. જૂઠાભાઈને લગ્નના વરઘોડામાં આવવા કહ્યું ત્યારે જવાબમાં તેઓએ જણાવ્યું કે ''હું કયાં પ્રતિબંધ કરું?'' આ વચન સાંભળતા અમારા હૃદય કંપાઈ ગયા. તે દિવસે છગનલાલભાઈને ત્યાં મોટો વરઘોડો ચઢવાનો હતો. તેથી અમોને તેડવા માટે માણસ આવ્યો. અમારે જવાનું મન બિલકુલ નહોતું છતાં જવું પડ્યું હતું. રસ્તામાં ચાલતાં ચાલતાં ઘણી ઉદાસ વૃત્તિ રહ્યા કરતી, અને જૂઠાભાઈનું વચન બહુ જ ખટકતું હતું કે આને કેવો ભાગ્યનો ઉદય!

## તમારી સાથે પૂર્વભવનો સંબંધ હોવો જોઈએ

ત્યારપછી સાંજના અમો બન્ને જૂઠાભાઈને ત્યાં જવા નીકળ્યા. રસ્તામાં જતાં પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરીને ત્યાં ગયા. જતાં જ શ્રી જૂઠાભાઈએ અમોને પ્રીતિપૂર્વક બોલાવ્યા અને કહ્યું કે તમારી સાથે મારો પૂર્વનો સંબંધ હોવો જોઈએ, એમ લાગે છે. એમ કહ્યા પછી સાહેબજીના સંબંધી કેટલીક હકીકત કહી. કેટલાંક સાહેબજીના પત્રો અમોને વંચાવ્યા. તેમાંના કેટલાંક પત્રો અમને આપ્યા. અમુક ચોકડીના આકારમાં, અમુક ત્રિકોણના આકારમાં લીટીઓ કાઢેલ પુસ્તક આપ્યું. શ્રી અંબાલાલભાઈને ત્યાં ઘણું કરી તે વિદ્યમાન હશે.

## પત્ર લખી પ્રશ્નોના ઉત્તરો મંગાવતા

ત્યાંથી અમો ખંભાત આવ્યા. ત્યારપછી અમોએ સાહેબજી સાથે પત્ર વ્યવહાર ચલાવ્યો હતો. સ્થાનકવાસીના અપાસરે શ્રી ભગવતીજી સૂત્ર વંચાતું હતું તે સાંભળવાને અમે બન્ને જતા હતા. અપાસરામાં નીચે આવી અમો બન્ને પાના વાંચતા અને તેમાંથી સંશય કરતા. પછી શંકાઓનું નિવારણ કરવા સારું અમો સાહેબજી પ્રત્યે પત્ર દ્વારા લખી જણાવતા અને તે પ્રશ્નના ઉત્તરો સાહેબજી લખી જણાવતા હતા. જે હાલ શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત વચનામૃત પત્રાંક : ૧૧૫, ૧૨૨, ૧૩૧, ૧૩૯માં છપાયેલ છે.

## સાહેબજી ઘણા ભાગે મૌન

ત્યાર પછી સંવત્ ૧૯૪૬ના ફાગણ માસમાં ભાઈ છોટાલાલ માણેકચંદની બેન પસીની શરીર



પ્રકૃતિ નરમ રહેવાથી મુંબઈ દવા કરવા સારું તે બેન તથા તેના માતુશ્રી તથા મારા ભાઈ સુંદરલાલ અને હું મુંબઈ ગયા હતા. ત્યાં ગયા બાદ હું તથા સુંદરલાલ જ્યાં સાહેબજી હતા ત્યાં મળવા ગયા. તે વખતમાં સાહેબજી ઘણા ભાગે મૌન રહેતા. કાર્ય જેટલી વાત કરતા. અમો જ્યાં ઊતર્યા હતા તે ઘણી અકિકનો (પથ્થરનો) વેપારી હતો. તે સંબંધી અમોએ સાહેબજીને કીધું હતું.

### ''ધ્યાન તરંગરૂપ છે''

પછી હું ફરીથી એકલો સાહેબજી પાસે ગયો. સાહેબજી પોતે એક નાની પથારી અને એક નાનો તકીયો નાખી બેઠેલ હતા. કાળો કરીને એક રસોઈયો ત્યાં હતો. થોડીવાર પછી મેં સાહેબજીને ધ્યાન સંબંધી પ્રશ્ન પૂછ્યો; પણ જવાબ આપ્યો નહીં. મેં બે ત્રણવાર પાંચવાર પૂછ્યું હશે. ત્યારે સાહેબજીએ કીધું કે પાંચવાર પૂછ્યું? મેં કીધું મને બરોબર સ્મૃતિમાં નથી. પછી સાહેબજીએ કીધું : ''ધ્યાન તરંગરૂપ છે?''

તે વખતથી મને ધ્યાનનો આગ્રહ હતો તે જતો રહ્યો. તે એવો કે તે પછીથી ઇચ્છા ઉત્પન્ન થઈ નથી. મેં જૂઠાભાઈ સંબંધી કેટલીક વાત કરી.

### યોગ્યતા પ્રમાણે બોધ મળશે

સાહેબજીએ કીધું કે તે શ્રી જૂઠાભાઈની ભલામણથી અમો તમોને બોધ આપીએ તેમ નથી. અને તે ના કહે તેથી કાંઈ ના આપીએ તેમેય નથી.

થોડીવાર પછી સાહેબજીએ મને કીધું કે કેમ અમે કહીએ તે પ્રમાણે કરશો? મેં કીધું કે હા જી. આપ જે કહેશો તે યોગ્ય જ હશે. સાહેબજીએ કીધું કે—''અમે કહીશું કે જાવ મસ્જીદમાં.'' મેં કીધું આપ જે કહો છો તે યોગ્ય જ છે. પછી સાહેબજીએ કીધું : ''કાલે આવજો.''

હું કોઈ કારણથી બીજે દિવસે જઈ શક્યો નહીં. તેથી ત્રીજે દિવસે સાહેબજી પાસે જઈ ક્ષમા માગી. થોડીવાર પછીથી સાહેબજીએ કહ્યું—

### અમારે હજારો વર્ષનો અભ્યાસ

અમારે હજારો વર્ષનો અભ્યાસ છે એમ કહી કહ્યું કે લ્યો, આ દસ વચનો. આ વચનો એવા છે કે હજાર પાનાં ભરાય તેટલું એમાં રહસ્ય છે. તેમાં પ્રથમ વાક્ય ''સત્પુરુષના ચરણનો ઇચ્છક''. ઇત્યાદિ ૧૦ વચનામૃતો હતા. તે 'શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત વચનામૃત'માં પત્રાંક ૧૦૫માં છપાયેલ છે.

### વિના ઘડિયાળ એક મિનિટનો પણ ફેર નહીં

ત્યારપછી સાહેબજીને નમસ્કાર કરી ઉતારે આવ્યો. ફરી એક બે વાર ગયો હતો, એવી યાદી છે. સાહેબજી બપોરના વખતમાં પથારીમાં સૂઈ જતા હતા. કાળા રસોઈયાને કહેતા કે અમો અમુક વખતે ઊઠીશું. સાહેબજી તે જ ટાઈમે કહ્યા પ્રમાણે ઊઠતા. એક મિનિટ પણ ફેરફાર થતો નહીં. પાસે ઘડિયાળ કે ઘડી કંઈપણ રાખતા નહીં. પણ જે વખતે ઊઠે તે તે વખતે કહ્યા પ્રમાણે ટાઈમે ઊઠવું થતું હતું.

### પરમકૃપાળુદેવે જે આપ્યું તે કૃપા કરી જણાવો

પછી હું અમદાવાદ ગયો હતો. ત્યાં હું પવિત્ર જૂઠાભાઈને મળ્યો. ત્યારે જૂઠાભાઈ મને વારંવાર પૂછવા લાગ્યા કે ભાઈ તમને પરમકૃપાળુદેવે શું આપ્યું? તે તો મને કૃપા કરી જણાવો તો ખરા! પછી મેં



જે જે વાત અને બીના બની હતી, તે સર્વ કહી સંભળાવી.

શ્રી જૂઠાભાઈની તબિયત નરમ રહેતી હતી તેથી તેમને જોવા માટે હું ફરીથી વૈશાખ માસમાં અમદાવાદ ગયો. એમના સમાગમથી મને ઘણો જ આનંદ થતો હતો. શ્રી જૂઠાભાઈએ અષાઢ માસમાં સમાધિ સહિત દેહ મૂક્યો.

હું તે સાલમાં શ્રાવણ માસમાં મુંબઈ ગયો હતો. ત્યાં નાગદેવીના રસ્તા ઉપર, ઉપરના મકાનમાં સાહેબજી રહેતા હતા...દુકાન કરવાની વાતચીત કરતા હતા.

## જૂઠાભાઈ ક્યારે દેહ મૂકશે તે પ્રથમથી જ જાણકારી

સાહેબજીએ કેટલાંક પત્રો લખેલા મને આપ્યા હતા તેમાં જૂઠાભાઈ આ જન્મમાં ક્યારે દેહ મૂકશે તે સંબંધી સાહેબજીએ પ્રથમથી જ લખી રાખ્યું હતું, તે મને વંચાવ્યું હતું. તથા પત્ર અથવા બુક મને આપી હતી. તે પત્રો 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત'માં પત્રાંક ૧૧૬, ૧૧૭માં છપાયેલ છે.

પછી સાહેબજી શ્રી વવાણિયા બંદરે પધાર્યા હતા. કેટલાંક પત્રોનો ખંભાત આવ્યા પછીથી ઉતારો કરાવ્યો હતો.

## ''સત્સંગ શોધો''

સંવત્ ૧૯૪૬માં ખંભાત આસો માસમાં પધારવા સંબંધી પત્ર આવ્યો ત્યારે શ્રી અંબાલાલભાઈ આણંદ તેડવા ગયા હતા. સુંદરલાલભાઈ, નગીનભાઈ તથા હું ફેણાવ તેડવા સામા ગયા. ત્યાં એક ટેકરી ઉપર સાહેબજી બિરાજ્યા હતા. સાહેબજીને દીઠા કે તુરત જ અમે નમસ્કાર કર્યા. ત્યાં સાહેબજીને છોટાલાલ કપુરચંદે જમવાને માટે અતિ આગ્રહ કર્યો હતો. તેથી સાહેબજી ત્યાં જમ્યા. પછી ખંભાત તરફ પધાર્યા. તે વખતે સાહેબજી એટલો જ બોધ કરતા કે ''સત્સંગ શોધો.''

## જે કોઈ આ વિદ્યા ફોરવશે તે અનંતકાળ પરિભ્રમણ કરશે

મારા પાસે જ્યોતિષનો પાંચ વરસથી વરતારો હતો. તે સંબંધી મેં સાહેબજીને કીધું. તેમણે માગ્યો. મેં આપ્યો. પછી એ સંબંધી તુચ્છભાવ થાય તેવો સાહેબજીએ બોધ આપ્યો જેથી મને તે ઉપર તિરસ્કાર થયો અને મેં કીધું કે ફાડી નાખું? ત્યારે સાહેબજીએ કીધું, ''ના, છો રહ્યો.'' પછી એકવાર સાહેબજી ચંદપન્નતિ અથવા સૂર્યપન્નતિ બેમાંથી એક વાંચતા હતા, તેમાંથી મારી પાસે છેલ્લા ભાગમાંથી વંચાવ્યું અને સાહેબજીએ કીધું કે ''જે કોઈ આ વિદ્યા ફોરવશે તે અનંતકાળ પરિભ્રમણ કરશે.'' ત્યારપછીથી મને તે જ્યોતિષનો મોહ ઓછો થયો.

## આ જીવ પોતાને જ ભૂલી જાય છે

એક વખત સાહેબજીએ દશ ઓરડી સંબંધી દૃષ્ટાંત આપ્યું કે જીવ પોતાની ઓરડીને ભૂલી ગયો છે. તેથી નવ ગણે છે. અને આંગળીનો ઈશારો પોતા તરફ કરી સાહેબજીએ જણાવ્યું કે '' 'આ દશમી હું' તેને પોતે ભૂલી જાય છે.''

## 'અબ હમ અમર ભયે ન મરેંગે'

ફરીથી હું એકવાર સાહેબજી પાસે સવારમાં ગયો હતો. ત્યારે હિંચકા ઉપર બિરાજ્યા હતા. તે વખતે સાહેબજી શ્રી આનંદઘનજીનું પદ બોલતા હતા. ''અબ હમ અમર ભયે ન મરેંગે'' એ જ પદ



વારંવાર બોલતા હતા. જે દિવસે સાહેબજી ખંભાત પધાર્યા તે દિવસે બહાર ગાદી ઉપર બિરાજ્યા હતા. તે વખતે સાંયકાળ હતો.

### જન્મ, તિથિ, વાર વગેરે કહી આપ્યા

સાહેબજીએ એકવાર લાલચંદભાઈને કીધું કે તમારો જન્મ શ્રાવણ માસમાં, વદમાં, ફલાણી તિથિ, ફલાણો વાર, ફલાણા સમયે થયેલ છે? લાલચંદભાઈએ કહ્યું હા, જી સાહેબ!! તે પ્રમાણે જ છે.

ત્યાર પછી ત્રીજે દિવસે ભાઈ અંબાલાલને કીધું કે આજે અમારે ત્યાં સાહેબજી જમશે. અતિ આગ્રહથી સાહેબજી અમારે ત્યાં જમવા પધાર્યા હતા. આગલે દિવસે સાહેબજી એકવાર જમ્યા હતા. મારે ત્યાં જમવા પધાર્યા ત્યારે ૧૦, ૧૧નો સુમાર થયો હતો. મેં સાહેબજીને રસ્તામાં કીધું કે સાહેબજી! ગઈ કાલે આપે તો એક વખત આહાર કર્યો હતો. સાહેબજીએ કીધું કે ''ના, સાંજના પછીના ભાગમાં ભાઈ અંબાલાલ સાથે આહાર ગ્રહણ કર્યો હતો.''

### સત્પુરુષની કૃપાથી જ આત્માનંદ પ્રાપ્ત થાય

સંવત્ ૧૯૪૭ની સાલમાં કારતક સુદ-એકમના બેસતા વર્ષે મારા ભાઈ છોટાલાલભાઈને ત્યાં સાંજના પધાર્યા હતા. તે વખતે ઉપરના માળે આ પદ સાહેબજી બોલતા હતા કે.....

**''દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે હો, મલ્લિજન૦''**

એમ વારંવાર ગંભીર, ગીરાથી ધૂન સહિત ઉચ્ચાર કરતા હતા. બીજા બીજા વખતમાં કાંઈ કાંઈ વાતચીત થઈ હશે પણ તે હાલ સ્મરણમાં રહેલ નથી. પણ સાહેબજી વારંવાર કહેતા કે ''સત્સંગ શોધો.''

### ભયને કૂવામાં નાખો

તે વખતમાં લલ્લુજી સ્વામી સાહેબજી પાસે વખતો વખત આવતા હતા અને એક વખત સાહેબજીએ મુનિશ્રીને કીધું કે ''ભયને કૂવામાં નાખો.'' આ વચનો મેં લલ્લુજી સ્વામી પાસે સાંભળ્યા હતા. એક વખત સાહેબજી ઢુંઢિયાના ઉપાશ્રયે પધાર્યા હતા. ત્યાં હરખચંદજી મુનિશ્રીના સમક્ષ અષ્ટાવધાન કર્યા હતા. હરખચંદજી મુનિશ્રી ઘણો જ આનંદ પામ્યા હતા અને સાહેબજીના ગુણ ગાવા માંડ્યા. તે વખતે લાલચંદભાઈ તથા મારા પિતાશ્રી ઉપાશ્રયમાં હતા. કારતક સુદ-બીજના દિવસે પોતે મુંબઈ પધાર્યા હતા. અને અંબાલાલભાઈ આણંદ સુધી સાહેબજીને મૂકવા ગયા હતા.


### પરમકૃપાળુદેવ પ્રત્યે બહુ જ ઉત્તમ ભક્તિ

શ્રી અંબાલાલભાઈની ભક્તિ બહુ જ ઉત્તમ હતી. અંબાલાલભાઈ પ્રગટપણે વારંવાર બોલતા કે—

**''મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતવરાત્મજમ્**
**રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્.''**

આ શ્લોક બેસતાં ઊઠતાં હરઘડીએ ઉચ્ચાર કર્યા કરતા. સ્મરણ ભક્તિ તેમને બહુ જ ઊગી હતી. મને કોઈક સંશય થયો હતો. તેનું તેમણે નિવારણ કર્યું હતું.

ફરીથી સંવત્ ૧૯૪૭ના પર્યુષણ પર્વમાં શ્રી રાળજ પધાર્યા હતા. ત્યાં સાહેબજીની સ્થિતિ ૧૮ દિવસ લગભગ થઈ હતી. ત્યાં મુખ્ય બોધ કુલાગ્રહની નિવૃત્તિનો ચાલતો હતો.



## સાહેબજીના બોધની સચોટ અસર

એક દિવસ સાહેબજીએ બુદ્ધના ચરિત્રનું વર્ણન કર્યું હતું. તે વખતે સાંભળનારાઓના રૂંવાડે-રૂંવાડા ખડાં થઈ ગયા અને ઘણાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી હતી.

પ્રવિણ સાગરની કવિતા ગાતા હતા.

**''જાગી હૈ જોગ કી ધૂની, બરસત બૂંદસેં દૂની.''**

શ્રીમદ્ ભાગવતમાં ગોપીઓની ભક્તિ જે વર્ણવી છે તે વાંચતા હતા અને વાંરવાર બોલતા હતા કે—

**''વળવળે વૈકુંઠનાથ ગોપી, મને મારશે મારી માત;**
**મને જાવા દે આણી વાર ગોપી, તારો બહુ માનીશ ઉપકાર, ગોપી.''**

(અર્થ :—વૃત્તિરૂપી ગોપી વિભાવરૂપ સંસારમાં રાચી રહે છે તેને શ્રી કૃષ્ણરૂપ આત્મા કહે છે કે મને તું સ્વભાવમાં જાવા દે, હું તારો બહુ ઉપકાર માનીશ. નહીં તો મને વારંવાર સંસારના દુઃખો ભોગવવા પડશે.) એમ બોલતાં મુખ પર આનંદ જણાતો હતો.

## સાહેબજીની આત્મામાં અખંડ તન્મયતા

એક વખત સાહેબજી નાહીને ઉપર જતા હતા. ત્યાં સાહેબજીને બારી વાગી. મેં સાહેબજીને કીધું કે સાહેબજી વાગ્યું?

સાહેબજીએ કીધું કે ''ના નથી વાગ્યું.''

મેં કીધું સાહેબજી વાગ્યું હશે!

સાહેબજીએ કીધું ''અમે શું ખોટું કહેતા હશું?''

ત્યારે જાણ્યું કે અહો! સાહેબજીનો આત્મ ઉપયોગ કેટલો જાગૃત હતો.

સાહેબજી જેટલી વાર બોલતા તેટલી વખત નાવઈ જેવું લાગતું.

## છાયાની લંબાઈ ફરે તેમ કાયાની લંબાઈ પણ ફરે

એક વખત સાહેબજી તળાવ ઉપર બિરાજ્યા હતા. તે વખતે શ્રી સૌભાગ્યભાઈને શ્રી સાહેબજીએ કહ્યું કે ''એક માણસ અમારી પાસે આવ્યો હતો. તેણે અમોને કીધું કે આગળના કાળમાં જાુગલીયા મોટી કાયાવાળા હતા. તે વાત મને બેસતી નથી. અમોએ કીધું તારે એની શી જરૂર છે. ત્યારે તેણે કહ્યું કે જ્યાં જાઉં છું ત્યાં મને કોઈ સમાધાન કરતું નથી અને સમાધાન થયા વિના મારા આત્મામાં આ વાત ચોક્કસ બેસતી નથી. ત્યારે અમે તેને કહ્યું કે ''માણસ સવારમાં ઊભો રહે છે ત્યારે તેનો કેટલો પડછાયો પડે છે? બપોરે કેટલો પડે છે? અને સાંજના કેટલો પડે છે? તે આ પ્રમાણે ફરતાં ફરતાં કાળમાં તેમ હોય.'' તે માણસને તે વાત ઉપરથી સમાધાન બરાબર થયું, સંતોષ થયો અને અમને કીધું કે આવી રીતે મારી વાતનું સમાધાન કોઈપણ કરી શક્યું નહોતું.

મારા પિતાશ્રીને સાહેબજીએ બાર વ્રતનું સ્વરૂપ કહી સંભળાવ્યું હતું. મને તે વખતે ગુમડાંની વ્યાધિ હતી. તેથી સત્સંગમાં અમુક વખતે અંતરાય પડતો હતો. તે વખતમાં જે જે બોધ થયેલ તે શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાં છપાયેલ છે.



**ઉંદરને છત્રીએ ચઢાવી કોરે મૂક્યો** ચિત્ર નંબર ૧

સંવત્ ૧૯૪૮ની સાલમાં હું તથા મારા ભાઈ છોટાભાઈ અમો કાપડ લેવા સારું મુંબઈ ગયા હતા. ત્યાં અમારે સાહેબજીનો સમાગમ થયો હતો. એક વખત સાહેબજી તથા હું રસ્તે થઈ જતા હતા. રસ્તામાં એક ઉંદર જતો સાહેબજીની નજરે પડ્યો. તરત જ સાહેબજી ઘસ્યા ઘસ્યા તે ઉંદર પાસે જઈ પહોંચ્યા અને ઉંદરને છત્રીએ ચડાવીને એક કોરે મૂકી દીધો.

હું સાહેબજીથી પાછળ રહી ગયો. પછી મારા જાણવામાં આવ્યું હતું. મેં વિચાર કર્યો કે સાહેબજીમાં કેટલી બધી ઉત્તમ દયા છે.

**કષાયનો આટલો બધો ઉદય!!!** ચિત્ર નંબર ૨

એક વખત સાહેબજી જ્ઞાન સંબંધી વ્યાખ્યા કરતા હતા. તે વખતે નીચે કેટલાંક કૂતરા લડતા હતા. તે સાંભળી ધોરીભાઈ બોલ્યા કે 'હુક્કા ગગડ્યા' એમ કહી બહુ જોશમાં ધોરીભાઈ હાંકવા જવા લાગ્યા. તે સાંભળી સાહેબજી બોલ્યા ''ધોરીભાઈ, કષાયનો આટલો બધો ઉદય!!! એટલે ધોરીભાઈ હાંકવા જતાં અટકી ગયા.

**કુગુરુ પોતે બુડે અને બીજાને પણ બુડાડે** ચિત્ર નંબર ૩

એકવાર કહ્યું કે અસદ્ગુરુ પોતે રખડે અને તેના આશ્રયે આવેલા જીવો હોય તે પણ રખડે. ઇત્યાદિ વાતો કર્યા પછી કહ્યું કે શ્રી રામચંદ્રજી જ્યારે કૈલાસ પધાર્યા હતા, ત્યારે દેવોને કહ્યું કે ''અયોધ્યામાંથી જે જે દુઃખી મનુષ્યો હોય તેઓને લાવો. દેવો લાવ્યા. પછી ફરીથી રામચંદ્રજીએ કીધું કે હવે કોઈ ત્યાં છે? ત્યારે દેવોએ કહ્યું કે હવે કોઈ ત્યાં નથી રહ્યું પણ એક કૂતરો છે. તેના શરીરમાં બહુ કીડા પડ્યા છે. તેથી તે બહુ દુઃખ પામે છે. ત્યારે રામચંદ્રજીએ કહ્યું—જાઓ તેને સાચવીને લાવો. એક કીડો પણ બહાર પડી જાય નહીં, તેવી રીતે તે કૂતરાને લાવો. દેવો તેને સાચવીને લાવ્યા. રામચંદ્રજીએ તે કૂતરા પર પાણી છાંટ્યું એટલે કૂતરા પર જે કીડા હતા તે મનુષ્યો થઈ ગયા. તેને રામચંદ્રજીએ પૂછ્યું કે તમે આ કૂતરાને કેમ પીડો છો? ત્યારે તેણે રામચંદ્રજીને કહ્યું—આ કૂતરાનો જીવ તે પૂર્વે અમારો ગુરુ હતો અને અમે તેના શિષ્ય હતા. અમો એના આધીન વર્તતા હતા અને અમે એને તન, મન, ધન અર્પણ કર્યા હતા. તેણે અમારું કલ્યાણ કર્યું નહીં, પણ અમારું તન, મન, ધન હરણ કરી ગયો. તે લેણું અમે આ પ્રકારે લઈએ છીએ. અને અમે આવા અવતાર ધારણ કરીએ છીએ.

**સત્યુગ કળિયુગમાં આભ જમીનનો ફેર** ચિત્ર નંબર ૪-૫

ત્યાર પછી ફરી તે ભાઈએ પૂછ્યું કે હે કૃપાનાથ, કળિયુગ એટલે શું? અને સત્યુગ તે શું? શ્રી કૃપાનાથે જવાબમાં કહ્યું કે એક ગામમાં ખેતર ખોદતાં ધનનો ઘડો નીકળ્યો. તે ધન લઈ ખેડૂત ખેતર વેચનાર ધણી પાસે જઈને કહેવા લાગ્યો કે મેં તો મફતના ભાવે જમીન લીધી છે એટલે આ ધન તમારું છે. ત્યારે તે વેચનાર ધણીએ કીધું કે મેં તો બધુંયે તમને સુપ્રત કર્યું માટે મારે લેવા દેવા નથી.

પછી બન્ને રાજા પાસે ગયા. અને તે ધન લેવા રાજાને વિનંતી કરી. પણ રાજાએ તે ધન લેવા ના પાડી અને કહ્યું કે તમે કાલે આવજો. હવે બીજે દિવસે કળિયુગ બેસવાનો હતો એટલે રાત્રે ત્રણેયની વૃત્તિ ફરી ગઈ. ખેતર વેચનારે વિચાર કર્યો કે મારે જ તે ધન લેવું જોઈએ કારણ કે અસલમાં ખેતર મારું છે. લેનાર ધણીએ વિચાર્યું કે હવે હું તેને શાનો આપું? હવે તો ખેતર મારું છે. રાજાએ વિચાર્યું કે મને ધન



(૧) ઉંદરને છત્રીએ ચઢાવી કોરે મૂક્યો

(૨) કષાયનો આટલો બધો ઉદય!!!

(૩) કુગુરુ પોતે બૂડે અને બૂડાડે

(૪-૫) સતયુગ કળિયુગમાં
આભ જમીનનો ફેર



શ્રી ત્રિભોવનભાઈ માણેકચંદ



સામેથી આપવા આવે છે તો શા માટે ન લેવું? એમ ત્રણેની વૃત્તિ ફરી ગઈ. માટે સત્ યુગ અને કળિયુગમાં આ ફેર છે. બીજા પણ દૃષ્ટાંતો આપ્યા હતા. તે મને સ્મૃતિમાં નથી.

## મનની સઘળી વાત જાણનાર

ખંભાતવાળા પ્રેમચંદ દેવચંદ તપાગચ્છમાં પ્રવીણ ગણાતા. તેઓ સાહેબજી પાસે ૨૫ પ્રશ્ન પૂછવાની ઇચ્છાએ આવ્યા હતા. તે વખતે સાહેબજી ધર્મસંબંધી બોધ કરતા હતા. તેમાં તે ૨૫ પ્રશ્નોનું સમાધાન થયું હતું. સાહેબજીને તે પ્રશ્ન તેઓએ પૂછ્યા નહોતા છતાં તેમના મનની શંકાઓ દૂર થઈ હતી. તેથી તેઓ ઘણો જ આનંદ પામ્યા હતા અને કીધું કે અહો! તમે અમારા મનની સઘળી વાતો જાણી. આપને ધન્ય છે.

## મુમુક્ષુએ મુમુક્ષુની દેહ જતાં સુધી સેવા કરવી

એક વખત રસ્તામાં જતાં સાહેબજીએ મને કીધું કે ''મુમુક્ષુએ મુમુક્ષુને આ દેહ અર્પણ કરવા સુધીમાં અડચણ ગણવી નહીં.''

એક વખત સાહેબજી તથા હું સાથે ફરવા ગયા હતા. પછી ત્યાં બેઠા. સાહેબજીએ બેઠા બેઠા મને કીધું કે ''શ્રી મહાવીર સ્વામી શરીરે પાતળા હતા, અને તે કાંકરામાં બેસતા હતા.''

## ગુરુગમ વિના શાસ્ત્ર તે શસ્ત્રરૂપે પરિણમશે

એક વખતે મારા ભાઈ છોટાભાઈએ મને કીધું કે સાહેબજી સિદ્ધાંત વાંચવાની આજ્ઞા આપે તો ઠીક. મેં સાહેબજીને ખાનગી રીતે વાત કરી. ત્યારે સાહેબજીએ કીધું કે તે ''ઝેર રૂપે પરિણમશે.

તે વખતમાં જે જે બોધ થતો હતો તેથી અમોને આનંદ થતો હતો. તે બોધ હું પત્ર દ્વારા શ્રી અંબાલાલભાઈને લખી જણાવતો હતો એવું મને યાદ છે.

## અમારા આત્માને આ દેહ શોભતો નથી

એક વખતે સાહેબજી સાંજના ફરવા ગયા હતા. ત્યાં બેઠા હતા. સાથે ગાંડાભાઈ, હું તથા બીજા ભાઈઓ હતા. તેવામાં ગામની ભૂંગળ વાગી. તે સાંભળી સાહેબજી બોલ્યા કે આ ભૂંગળ બરાબર વાગતી નથી. ગાંડાભાઈએ કીધું કે આ ગામમાં દરજી વગાડે છે. સાહેબજીએ કીધું કે તેના કુળનો અભ્યાસ નથી. માટે તે તેને શોભતી નથી. તેમજ આ આત્માને દેહ શોભતો નથી. થોડીવાર પછી સાહેબજી બોલ્યા :

**''સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે. શ્રી શ્રેયાંસ જિન૦''**

એ ગાથા કહી હતી અને તે ગાથાનો અર્થ ઘણો જ વિસ્તારથી કર્યો હતો.

સાહેબજી બહાર ફરવા જતા ત્યારે એકલા જતા અને કોઈ ખાડામાં પદ્માસનવાળી સમાધિસ્થ થતા.

## મોહની સામે થવું. એમ કરતાં જય થાય

એક વખતે ભાદરણવાળા ધોરીભાઈ સાથે સાહેબજી મોહનીય કર્મ સંબંધી વ્યાખ્યા કરતા હતા, ત્યારે કહ્યું કે ''મોહનીય કર્મની પ્રકૃતિઓ જોર કરી જાય ત્યારે તેની સામે થવું. એમ કરતાં જય થાય.

## બહુ ડાહ્યો થાય તે પરિભ્રમણ કરે

ધોરીભાઈએ સાહેબજીને કીધું કે મેં એક સિદ્ધાંતમાં એવું વાંચ્યું છે કે 'ડાહ્યો વિચક્ષણ બહુ પરિભ્રમણ કરે તે કેમ હશે?'



સાહેબજીએ કીધું કે ''આ સંસારમાં જે બહુ ડાહ્યો થાય તે પરિભ્રમણ કરે'' ઇત્યાદિ વ્યાખ્યા સાહેબજીએ કરી હતી.

### જ્ઞાનદર્શનાદિ વિષે ઘણો જ બોધ

સંવત્ ૧૯૫૧માં ગામ ઉંદેલ ખંભાતથી ત્રણ ગાઉ છેટે છે, ત્યાં પધાર્યા. ત્યાં દિવસે જ્ઞાન-દર્શનાદિ વિષે ઘણો જ બોધ કર્યો હતો. અને તે બોધ રાતના ત્રણ વાગ્યાથી પોતે દોહરારૂપે ઉચ્ચારતા હતા. તે વખતે મારી આંખ ઊઘડી ગઈ. બીજા ભાઈઓની પણ આંખ ઊઘડી ગઈ. પછી મેં સાહેબજીને સાડા પાંચ વાગ્યાના સુમારે પૂછ્યું કે હું લખી લઉ? ત્યારે સાહેબજીએ ના કહી.

### બોધથી બીડીનું વ્યસન ત્યાગ્યું

બીજે કે ત્રીજે દિવસે બીડીઓનું વ્યસન ત્યાગવા સંબંધી ઘણો જ બોધ કર્યો હતો. તેમાં કહ્યું હતું કે બીજા ભાઈઓના સાંભળવામાં આવ્યું હોય, તો બે ઘડીમાં સંસારનો ત્યાગ કરી દે, પણ તમને અત્યાર સુધી બોધ કર્યો તે જેમ ભીંતને કર્યો હોય તેમ છે. એમ બહુ જોશભેર કહ્યું હતું. ત્યારથી બીડીનું વ્યસન ત્યાગ્યું હતું. પછી સાહેબજી ફરવા પધાર્યા હતા.

### દરેકની પ્રથમ ભૂમિકા મુશ્કેલ

ત્યાં વડનું ઝાડ જોઈ કહ્યું કે ''આ ઝાડ ઉપર પ્રથમ ચઢતાં તો મહેનત પડે. પણ ઉપર ચઢ્યા પછીથી ડાળખે, ડાળખે સુગમતાથી ફરી વળાય. તેમજ પ્રથમ જીવને કઠણ પડે, પણ પછીથી સુગમ પડે છે. ઇત્યાદિ કહી, પરમાર્થ સત્ય અને વ્યવહાર સત્ય વિષે વ્યાખ્યા કરી હતી. તે બોધ શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત વચનામૃતમાં ઉપદેશનોંધ ૩૪માં છપાયેલ છે.

સંવત્ ૧૯૪૯ની સાલમાં કંસારીએ પધાર્યા હતા. ત્યાં કીડીઓનો ઉપદ્રવ બહુ હોવાથી સાહેબજી ખંભાત પધાર્યા. તે વખતે ખંભાતમાં ૧૮ દિવસની સ્થિરતા કરી હતી.

પ્રથમ આવ્યા તે જ દિવસે હુકમ મુનિના ગ્રંથમાંથી કેટલોક ભાગ સાહેબજીએ વાંચ્યો હતો.

### ચૌવિહાર કરવો પણ સાથે કષાય ઘટાડે તો ખરું ફળ થાય

એક ભાઈ મોહનલાલ મગન જેની મહિયાની અટક હતી. તે દશા શ્રીમાળી શ્રાવક હતા. તેમણે સાહેબજીને પ્રશ્ન કર્યો કે ચૌવિહાર કરવાથી બહુ ફળ થતું હશે?

સાહેબજીએ તેઓને જણાવ્યું કે''એક જણ રોજ ચૌવિહાર કરે છે અને કષાય કરે છે બીજો એક જણ કારણસર નથી કરતો પણ કષાય મંદ છે. તે બન્નેમાં વધારે ફળ કોને?

તેણે કહ્યું કે કષાયાદિ જેના મંદ હોય તેને વિશેષ ફળ હોય.

એકવાર સાહેબજી મારા ભાઈ છોટાલાલભાઈને ઘેર અગાસીમાં પધાર્યા હતા. ત્યાં સાહેબજી યશોવિજયજી કૃત સાડા ત્રણસો ગાથાની ઢાળમાંથી કેટલીક ઢાળો બોલ્યા હતા.

કોઈ કોઈ લોકો સાહેબજીને પ્રશ્નો પૂછે તેનું સમાધાન તુરત કરતા.

### 'માર્ગને પામેલો માર્ગને પમાડશે'

એક વખત સાહેબજી સાથે કેટલાંક ભાઈઓ બહાર ફરવા ગયા હતા. આવતી ફેરા સાહેબજીએ ડુંગરશીભાઈને કહ્યું—ગામમાં ક્યાંથી જવાશે? ડુંગરશીભાઈ રસ્તો જાણતા નોતા છતાં કીધું કે ચાલો



મારી સાથે.

સાહેબજી જાણતા હતા કે આ રસ્તો નથી. છતાં તેમની સાથે ગયા. ડુંગરશીભાઈ રસ્તો ભૂલ્યા એટલે સાહેબજીએ કીધું કે ''આવી રીતે જે રસ્તો નથી જાણતા તે મોક્ષમાર્ગ બતાવી શકે નહીં.'' તે ઉપર બહુ વ્યાખ્યા કરી હતી.

**જીવો બિચારા સદા ભયભીત**

એક વખત સાંયકાળે સાહેબજી દરિયા પર ફરવા પધાર્યા ત્યાં બીજા ભાઈઓ સાથે હતા. સાહેબજી પોતે ઊઠી મસાણભૂમિ તરફ પધાર્યા. ને આવતી ફેરા સાગરની બહાર કેટલાંક જળ જંતુ હતા, તે અંદર પેસી ગયા. પછી સાહેબજીએ કહ્યું કે—''અમે બહુ ધીરજથી ચાલતા હતા, તો પણ આ જીવો ભય પામી પાણીમાં પ્રવેશ કરી ગયા.''

**સત્પુરુષ પ્રત્યે કહેતા કહેતી રાગ પણ કલ્યાણ આપે**

આ કથા સાહેબજીએ અમોને કહી સંભળાવી અને પછી કહ્યું કે એક સત્પુરુષ પ્રત્યે જેનો ઓઘે રાગ હોય તે પણ કલ્યાણ પામે. તે ઉપર એક ગાથા કહી.

**''ઓઘે જેને તેનો રાગ**
**એ વિના નહીં બીજો લાગ**
**સુમતિ ગ્રંથે અર્થ અગાધ.''**

તેવી ગાથા કીધા પછી કહ્યું કે તમો અમારી પૂર્ણ ખાતરી કરજો. અમે અમારા અર્થે કંઈ સ્વાર્થ ઇચ્છીએ ત્યારે તમે જાણજો કે તે માર્ગ ભૂલ્યા છે. આ ભવિષ્યમાં સ્મરણ રહેવા તમને કહીએ છીએ. ઇત્યાદિ પ્રકારે કહ્યું હતું.

**આત્મજ્ઞાનીના ખોળામાં સિંહ આવી બેસે તોય ભય પામે નહીં**

એકવાર સાહેબજી સમયસાર નામનો ગ્રંથ વાંચતા હતા. તે વખતે જાણે એકલો આત્મા જ બોલે છે, એવો ભાસ થતો હતો. તે વખતે ખંભાતમાં રહેનાર એક શ્રાવકભાઈ લોકમાં વિદ્વાન તરીકે ગણાતો હતો. તે હુકમ મુનિના ગ્રંથ વાંચતો હતો. તેને વેદાંતનો આશ્રય હતો. કેવળજ્ઞાન સુધીની માન્યતા કરી હતી. તે ભાઈ સાહેબજી પાસે આવ્યા હતા. તે વખતે સાહેબજી આત્માના ઘરની વ્યાખ્યા કરતા હતા. સાહેબજીએ કીધું કે ''આત્મજ્ઞાન તેને કહેવાય કે ખોળામાં આવીને સિંહ બેસે, સર્પ બેસે પણ કિંચિતમાત્ર રૂંવાડામાંય પણ તેને ભય થાય નહીં, તે જ્ઞાન છે.''

તે વખતે તે પેલાભાઈ સાહેબજી પ્રત્યે હાથ જોડી વારંવાર બોલ્યા કે હું તેવો નથી ઇત્યાદિ બોલ્યા હતા. તે પછીથી તે ભાઈનો મદ ગળી ગયો, અને તે ભાઈ સાહેબજી પાસેથી ગયા પછીથી સાહેબજીના વખાણ કરતા હતા. એમ તેમના ચિરંજીવી પુત્ર હીરાભાઈથી વાત જાણી હતી. તેઓ હાલ શ્રી સુબોધક પુસ્તકાલયમાં આવે છે.

**જીવનું ખરું સ્વરૂપ શું? સહજાત્મસ્વરૂપ**

એક વખત સાહેબજી લાલચંદભાઈને ત્યાં પધાર્યા હતા. તે વખતે હું તથા બેન ઉગરીબેન અને લલ્લુભાઈ વિગેરે હતા. તે વખતે કેટલાંક ઢુંઢિયાના શ્રાવકો વ્યાખ્યાનમાંથી ઊઠી ત્યાં આવ્યા હતા.



સાહેબજી ગાદી ઉપર બિરાજ્યા હતા. તે વખતે લાલચંદભાઈ સાહેબજી પ્રત્યે ઘણા જ આક્રોશ શબ્દથી બોલ્યા કે મારા ઘરમાંથી નવકારનું નામ કાઢી નાખ્યું ઇત્યાદિ ઘણું જ બોલ્યા હતા. પછી સાહેબજીએ લાલચંદભાઈને કહ્યું ''તમોએ સાઈઠ, સાઈઠ વર્ષ થયાં અભ્યાસ કર્યો છે, તો કહો જીવનું સ્વરૂપ શું?''

ત્યારે લાલચંદભાઈ ગુંચાયા એટલે બોલ્યા કે હું કંઈ તેવી વકીલાત જાણતો નથી. એમ કહી ઢુંઢિયાના શ્રાવક ભણી જોયું અને કીધું કે આ જવાબ દેશે. તેને સાહેબજીએ પૂછ્યું તે પણ જવાબ દઈ શક્યા નહીં. પછી સાહેબજી થોડો વખત બેઠા અને મારા ભાઈ છોટાલાલભાઈના ઘરે પધાર્યા. થોડા વખત પછી લાલચંદભાઈને શરીરે પીડા થઈ અને પાંચ કે સાતમે દિવસે દેહ પડ્યો.

### લાલચંદભાઈને અમારા પ્રત્યે પ્રેમ હતો

તેમને મરણ વખતે પ્રત્યાખ્યાન વિગેરે ઉદય આવ્યું હતું. તેમની અગ્નિદાહની ક્રિયા કર્યા પછી અથવા તો બીજા દિવસે મેં સાહેબજીને કીધું કે, સાહેબજી! બિચારા લાલચંદભાઈએ થોડા જ દિવસ ઉપર નિંદા કરી દેહ મૂક્યો. તેથી તેમની ગતિ બગડી હશે?

સાહેબજીએ જણાવ્યું કે—''એમને અંતરમાં અમારા પ્રત્યે પ્રેમ હતો.''

### કોઈ વિકથા કરે તો અમને ઊંઘ આવે

એક વખત સાહેબજીએ શ્રી સૌભાગ્યભાઈને જણાવ્યું કે ''અમારી પાસે કોઈ વિકથા કરે, ત્યારે નિંદ્રા આવે, નીકર ન આવે.''

### સત્પુરુષ કદી અન્યાય કરે નહીં

એક વખત શ્રી કાવિઠામાં ખેતરમાં બિરાજ્યા હતા. ત્યાં શ્રી અંબાલાલભાઈ તથા હું બેઠા હતા. ત્યારે એકાંતમાં શ્રી અંબાલાલભાઈએ સાહેબજીને પૂછ્યું કે અમુક માણસે મને કહ્યું કે શ્રી રેવાશંકર જગજીવનની કાં. શાહુકારી રીતે જો અમારું કામ કરે તો અમે તેમની આડત કરીએ. તે વખતે શ્રી પરમકૃપાળુદેવે ઉત્તરમાં જણાવેલ કે તેમાં અમોને શું પૂછો છો. તેનો ઉત્તર તો તમારે પરભારો આપવો જોઈતો હતો.'' સત્પુરુષ અન્યાય કરશે તો આ જગતમાં વરસાદ કોના માટે વરસશે? સૂર્ય કોના માટે ઊગશે? વાયુ કોના માટે વાશે?'' વગર પૂછે સમજી લેવું કે સત્પુરુષો કદી અન્યાય કરે નહીં.

### મુમુક્ષુનો એક બીજા પ્રત્યે નિસ્વાર્થ પ્રેમ

શ્રી અંબાલાલભાઈનો વિનય જોઈને મુમુક્ષુઓમાં માંહોમાંહે જગતમાં બીજે સ્થળે ન મળે તેવો ભક્તિભાવ રહેતો હતો. ઘણા પ્રેમભાવથી મુમુક્ષુ એક બીજાને ચાહતા હતા. અંબાલાલભાઈના પ્રતાપથી મુમુક્ષુમાં વિનયગુણના બીજ રોપાયેલ.

### સત્‌યુગમાં સારા આચરણવાળા જીવો ઘણા

સંવત્ ૧૯૫૨માં કાવિઠા પધારેલા, એક અવસરે શ્રી કૃપાનાથ એક વૃક્ષ નીચે બિરાજ્યા હતા. ત્યાં એક વૃદ્ધ પાટીદારે પૂછ્યું કે હે કૃપાનાથ મેં સાંભળ્યું છે કે આગળ સત્‌યુગમાં સુદર્શન ચક્ર (ધર્મચક્ર કે ચક્રવર્તીનું ચક્ર) ફરતું. તે કળિયુગમાં તો દેખાતું નથી ત્યારે કૃપાનાથે કહ્યું કે સત્‌યુગમાં સારા આચરણવાળા જીવો ઘણા હતા તેથી તેમ હતું. જેમ કુટુંબમાં અથવા ખડકીમાં સારા મનુષ્યો હોય અને કોઈ કોઈ માઠા



આચરણવાળા હોય, તેવી રીતે છે. કૃપાળુદેવનો બોધ સાંભળી પટેલ ઘણું હર્ષ પામ્યા.

### પેટ તો આત્મકલ્યાણમાં સાધનરૂપ

પટેલે ફરીથી પૂછ્યું—હે ભગવાન, આ પેટ ન હોત તો બહુ સારું થાત. ત્યારે કૃપાનાથે કહ્યું—પેટનો કંઈ વાંક નથી. જેમ તમારા હાથમાં લાકડી છે પણ તે લાકડીથી તમે કુતરા વિગેરેને મારો તો તેથી તમને દોષ લાગે, તેમાં લાકડીનો વાંક નથી. તમે તેનો અવળો ઉપયોગ કર્યો. તેમ પેટ તો મળ્યું છે પણ તે પેટ ભરવાની રીતિએ ભરો તો દુઃખ નથી. કેમકે કલ્યાણમાં તે સાધનરૂપ છે.

### 'આત્માનુશાસન' શ્રેષ્ઠ ગ્રંથ

કાવિઠામાં શ્રી કૃપાનાથ 'ઠાણાંગસૂત્ર' વાંચતા હતા. થોડા વખતમાં ઘણા પાનાં ફેરવી જતા, છતાં બીજાને બરાબર સમજણ પડતી હતી. બપોરના 'આત્માનુશાસન' વાંચતા હતા અને કહેતા કે શ્રી 'ગુણભદ્રસ્વામી તે ગુણભદ્ર જ છે.' એમ 'આત્માનુશાસન'ના કર્તા પુરુષની શ્રીમુખે સ્તુતિ કરી હતી.

### કૃપાળુદેવના વચનબળે તુરત વ્યસનનો ત્યાગ

પેટલાદના સંન્યાસી શ્રી કૃપાનાથ પાસે આવતા હતા. તેને હુકો-બીડી પીવાની ટેવ હતી. કૃપાળુદેવે તે વ્યસનનું તુચ્છપણું તેને સમજાવ્યું હતું. તેથી તેણે બેઉ વ્યસન તરત છોડી દીધા હતા.

### ધારે તો બહેનો માટે કલ્યાણ ઘણું સહેલું


એક અવસરે બોરસદથી કેટલીક જૈન બહેનો દર્શન કરવા માટે આવી હતી. તેમણે શ્રી કૃપાળુદેવને પૂછ્યું કે સાહેબજી, અમારું કલ્યાણ કેવી રીતે થાય? કૃપાનાથે કહ્યું કે—તમારે તો ઘણું સહેલું છે. તમારે પુરુષની પેઠે કમાવાની કે લેવડ-દેવડની તોડ નથી, હુંડી બીડવાની તોડ નથી, વાયદો થયો માટે આપવા જવું, લેવા જવું, માલ વેચવો, તેના પૈસા છૂટા કરવા વિગેરે તમારે કંઈ તોડ નથી. પરંતુ જીવ વિકથામાં પડી જઈ બીજી વૃત્તિએ ચડી જાય છે. બાકી તમારે તો ઘણું સહેલું છે.

### આત્મા અનુભવાય પણ દેખાય નહીં

એક વખત કોઈએ પૂછ્યું કે સાહેબજી, આત્મા તો દેખાતો નથી માટે આત્મા ક્યાં છે? ત્યારે શ્રી કૃપાળુદેવે કહ્યું : ભૂખ લાગે છે તે દેખાય છે? ત્યારે તેણે કહ્યું ભૂખ દેખાતી નથી પણ લાગે છે. ત્યારે કૃપાનાથે કહ્યું—આત્મા છે. જેમ નિદ્રા દેખાતી નથી પણ આવે છે, એનો જેમ અનુભવ છે તેમ આત્મા પણ અનુભવાય કે દેખાતો નથી. પછી પૂછ્યું કે આત્મા કેમ પમાય? ત્યારે એકદમ કૃપાનાથ પગ પર પગ ચડાવી પદ્માસન વાળીને યોગમુદ્રામાં સ્થિર થઈ ગયા. તે વખતની કૃપાનાથની મુદ્રા તો કોઈ ઓર જ થઈ ગઈ. કેવળ આત્મારૂપ સ્થિતિ થઈ ગઈ હતી. કેટલીક વાર પછી પગ છૂટા કરીને કહ્યું કે—''આત્મા આમ પમાય.'' (આવી મન, વચન,કાયાના યોગની સ્થિરતાથી પમાય)

### શ્રી વનમાળીભાઈ પવિત્ર, સરળ અને ભદ્રિક

એકવાર ગોધાવીવાળા વનમાળીભાઈએ કૃપાનાથ પાસેથી અસદ્ગુરુના બોલાવ્યા વિના બોલું નહીં એ નિયમ લીધો હતો. તે ભાઈ બહુ પવિત્ર હતા. સરળ અને ભદ્રિક હતા. તેમને બોધનું કારણ પૂ.શ્રી અંબાલાલભાઈથી થયું હતું. તેઓ પ્રથમ સાંસારિક કામોથી ખંભાત પધાર્યા હતા. તેમને શ્રી અંબાલાલભાઈના સમાગમથી કૃપાળુદેવના દર્શનનો લાભ મળ્યો હતો.



### શ્રી અંબાલાલભાઈની કૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિ

શ્રી અંબાલાલભાઈમાં ઉદારતાનો ગુણ સારો હતો. શ્રી કૃપાનાથના સમાગમથી તેમની પણ દશા અદ્ભુત વર્તતી હતી. શ્રી કૃપાળુદેવની ભક્તિ તેમણે અનન્ય કરી હતી. જેમ પતિવ્રતા સ્ત્રી ભક્તિ કરે એવી અખંડ વિનયથી ભક્તિ સેવા કરતા હતા. તેમનામાં વિનયગુણ અનન્ય હતો. રસોઈ પણ પોતે કરતા હતા.

### શ્રી અંબાલાલભાઈ રૂડા આચરણવાળા, દયાળુ અને ઘણા જ નમ્ર હતા

તેમનામાં રસોઈની આવડત પણ વિશેષ હતી. તે પવિત્ર શ્રી અંબાલાલભાઈ જન્મથી રૂડા આચરણ-વાળા હતા. કૃપાળુદેવના પરમ ભક્ત, દયાળુ અને ઘણા જ નમ્ર સ્વભાવવાળા હતા. તેઓનું ચિત્ત શ્રી નગીનભાઈ પ્રત્યે વિશેષ હતું. એમના સમાગમમાં બેસી કેટલીક વાતો કરતા હતા. કાળ દોષે કરીને બન્ને પવિત્ર આત્માનો વિયોગ થયો છે. શ્રી અંબાલાલભાઈ એકાંતવાસમાં ઊઠતા બેસતા હતા.

### અનીતિના પૈસા ગટરમાં નાખવા હતા, કચરા ભેગો કચરો

એક વખત શ્રી માકુભાઈએ વેપારમાં રૂા.૧૦૦ આશરે નફો કર્યો હતો. તેને કૃપાનાથે પૂછ્યું કે કેમ કર્યું? તેમાં સહેજ અનીતિ થઈ હતી તે માટે માકુભાઈને ઠપકો આપ્યો હતો. અને કહ્યું કે ''તે પૈસા ગટરમાં નાખવા હતા.'' કચરા ભેગો કચરો પણ આમ અનીતિ કેમ થાય. ઇત્યાદિ કહ્યું હતું.

### 'એ દુષ્ટ અહિંથી જતો રહે'

એક વખત જમીને ઊઠ્યા પછી મુખવાસ ખાધા પછી બધા બેઠા હતા. તે વખતે રસોડામાં એકદમ કોલાહલ થયો અને માકુભાઈ વિ. ઊઠ્યા. રસોઈયાએ એક ઘાટીને માર્યો હતો અને તેનો પગ ભાંગ્યો હતો તેથી લોહી નીકળ્યું એટલે સાહેબજીએ કહ્યું કે ''એ દુષ્ટ અહિંથી જતો રહે.'' તે પછી તે તુરત જ જતો રહ્યો હતો. તેવામાં બીજા ઘાટીઓ એકદમ દોડ્યા આવ્યા અને તે બામણને ખોળે પણ તે જતો રહ્યો હતો. પછી સાહેબજી દુકાને પધાર્યા હતા. ત્યાં મને કહ્યું કે અમે રસોઈયા ઉપર ક્રોધ કેમ કર્યો હશે? મેં કહ્યું કે મને ખબર નથી. પછી પોતે જણાવ્યું કે—''જો તે વખતે તેને વિદાય કર્યો ન હોત તો ઘાટી લોકો તેને મારી નાખત એવા જોસમાં હતા. તેથી અમે આકરા શબ્દથી તેને જતા રહેવાનું કહ્યું હતું. મને તે વખતે તેઓશ્રીનો આશય અદ્ભુત લાગ્યો હતો.

### સુધારવાની રીત જુદી હોય

એક વખત ઘાટીનો છોકરો ડૉ.પ્રાણજીવનદાસના ઘોડાને ખવડાવવા ચણા હમેશાં લઈ જતો, તેમાંથી કાઢી લેતો. તે વાત ડૉ.ને કોઈકે કહી. તે વખત સાંજનો સમય હતો, ડૉક્ટર તેને મારતા હતા. તે વખતે કૃપાનાથે કહ્યું કે એમ તે કંઈ સુધરતો હશે? પછી તેને મારવાનું બંધ કર્યું અને તે ચાલ્યો ગયો હતો.

### હજારો જીવો સત્યમાર્ગને પામશે

એક વખતે હું તથા છોટાલાલભાઈ શ્રી પરમકૃપાળુદેવ સાથે ફરવા સ્ટેશન પર ગયા હતા, ત્યારે કહ્યું કે પાંચથી દશ હજાર જીવો માર્ગ પામશે. કેટલાંક તો અમોને શોધતા આવશે અને આવો પુરુષ બીજો નહીં થાય એમ કહેશે. કૃપાનાથ સમયસારનો આ દોહરો બોલતા હતા.

**''ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;**
**મત મદિરા કે પાનસેં, મતવારા સમજૈ ન.''**



### પુસ્તકમાં છે તે સત્પુરુષના હૃદયમાંથી આવેલ છે

મુંબઈમાં શ્રી કલ્યાણજીભાઈ કરીને મુમુક્ષુ આવતા હતા તે ગુણપર્યાય સંબંધી ઘણું પૂછતા. તેમનું સમાધાન થતાં તે બહુ આનંદ પામતા હતા. કેટલીક વખત ખીમજીભાઈ પણ ત્યાં આવતા હતા. ખીમજીભાઈ સંબંધી વાત કરી હતી કે તે પૂર્વના સંબંધી હતા. તેણે એક વખત કોઈ પુસ્તક વાંચ્યું તે ઉપરથી તેને એમ થયું કે બધું પુસ્તકમાં છે એટલે તે પુસ્તક લઈ ગિરનાર પર જતા રહ્યા. અમુક વખત ત્યાં રહી પાછા આવ્યા. આશય એ કે જીવ એમ જાણે છે કે બધું પુસ્તકમાં છે પરંતુ બધું સત્પુરુષના હૃદયમાં સમાયું છે. તેમ આશય જાણવા માટે કૃપાનાથે મને (ત્રિભોવનને) કહ્યું.

એક વખત હું કોણ છું? ક્યાંથી થયો? આ ગાથાનો અર્થ કરવા આપ્યો હતો. મેં તે લખીને સાહેબજીને આપ્યો હતો. પોતે મૌન રહ્યા હતા.

### જ્ઞાનીપુરુષના જ્ઞાનમાં બધું જણાય

એક વખતે શ્રી કૃપાળુદેવ પધાર્યા ત્યારે ખંભાતના કેટલાંક ભાઈઓ સમીપમાં બેઠા હતા. ઘણા વખત સુધી શ્રી કૃપાળુદેવ મૌન રહ્યા. અંગરખું પહેરેલું હતું અને જાણે પરમયોગી દેખાતા હતા. થોડીવાર પછી બોલ્યા કે—"જ્ઞાનીપુરુષ ૫૦ કે વધુ માણસ બેઠા હોય તે વખતે એમ જાણે કે આમાંથી આટલા જીવ અમુક વખતે આટલા ભવે બોધ પામશે, જ્ઞાન પામશે અને અમુક અમુક જીવોનું આમ ગતિ વિગેરે ભવિષ્યમાં થશે ઇત્યાદિ વ્યાખ્યા કરી હતી." શ્રી કીલાભાઈ વિગેરે હાજર હતા.

### ઉપવાસ કોને પૂછીને કર્યો?

એક વખત રાળજમાં બિરાજેલ. સંવત્સરીના દિવસે કેટલાંક ભાઈઓએ ઉપવાસ કરેલો અને બીજે દિવસે રાબડી વગેરે તૈયાર થઈ ગયેલ. પણ પરમકૃપાળુદેવે સવારે બોધ શરૂ કર્યો તે નવકારશી થયા છતાં બોધ ચાલુ રાખ્યો ત્યારે પૂ.શ્રી સૌભાગ્યભાઈએ વિનંતી કરી કે સાહેબજી, આ બધાને ઊઠવા દ્યો, કાલનો ઉપવાસ છે. ત્યારે પરમકૃપાળુદેવે કરુણા કરી કહ્યું કે કોને પૂછીને કર્યો? આજ્ઞા વગર કર્યાનું ભાન થતાં સર્વે શરમાઈ ગયા અને ઉપવાસ કર્યાનું માન ગળી ગયું.

### જીવ દેહ સાથે એકમેક થઈ ગયો છે

સાહેબજી અશાળીયાનું દૃષ્ટાંત આપતા કે અશાળીયો સેળભેળ થઈ ગયો. એક ગરીબ ભાઈનો છોકરો, નામ અશાળીયો. તેને મેળો જોવાનું મન થયું. પણ તે ભૂલકણો હોવાથી તેની માએ તેને કહ્યું લાવ, તને દોરો બાંધી આપું. જેથી તું ખોવાય નહીં. એમ કહી નાડાછડીનો દોરો બાંધી આપ્યો. પછી તે મેળામાં ગયો. ત્યાં રમત ગમ્મતમાં ફરતાં ફરતાં દોરો છૂટી ગયો એટલે ઘેર આવી તેની માને કહે કે મા, હું ખોવાઈ ગયો. ત્યારે તેની મા સમજી ગઈ કે આ ભૂલકણો છે તેથી તેને કહ્યું કે લાવ, તને દોરો બાંધી આપું. એમ સમજાવી દોરો બાંધ્યો એટલે તે કહેવા લાગ્યો કે મા, હું હવે જડી ગયો. તેમ જીવ દેહમાં સેળભેળ થઈ ખોવાઈ ગયો છે અને દેહને જ પોતાનું સ્વરૂપ માને છે.

ઉપર મુજબ સ્મૃતિમાં રહેલ તે સંક્ષેપમાં લખ્યું છે. આ લખવામાં જે કાંઈ ભૂલચૂક હોય તે જણાવશો. જેથી બતાવનારનો મોટો આભાર માનીશ.